## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| | | | **રાગ દ્વેષ કરાવે કલેશ** | |
| ૧. | ૨૪ | ૩૮ | નિશ્ચય-વ્યવહાર | ૧ |
| ૨. | ૨૪ | ૩૯ | સત્યકી-ઉમાનું દૃષ્ટાન્ત | ૧૦ |
| ૩. | ૨૪ | ૪૦ | શુભાશુભ ભાવના પરભવે ગુણાકાર | ૧૯ |
| ૪. | ૨૪ | ૪૩ | રાજપુત્રથી વાનરને દગો | ૩૦ |
| ૫. | ૨૪ | ૪૭ | રાજાને કુમારનો પત્તો | ૫૪ |
| ૬. | ૨૫ | ૨ | ક્રોધના વિચાર અટકાવવા ઉપાય | ૬૮ |
| ૭. | ૨૫ | ૩ | રાજા નંદને મંત્રી માર્ગ સુઝાડે છે | ૭૪ |
| ૮. | ૨૫ | ૬ | નરસિંહની કથા | ૯૪ |
| ૯. | ૨૫ | ૯ | ભિખારી પ્રભુદર્શનથી શું શું પામે | ૧૧૫ |
| ૧૦. | ૨૫ | ૧૦ | માળણને આનંદ : બ્રાહ્મણીને પોક | ૧૨૨ |
| ૧૧. | ૨૫ | ૧૨ | નંદરાજાના મારાને સદ્‌વિચાર | ૧૩૭ |
| ૧૨. | ૨૫ | ૧૨ | નરસિંહયક્ષનું શેઠને સ્વપ્ન | ૧૪૦ |
| ૧૩. | ૨૫ | ૧૩ | બાળકનું નામ નરસિંહ | ૧૪૪ |
| ૧૪. | ૨૫ | ૧૪ | રાજાની માંગણી | ૧૫૧ |
| ૧૫. | ૨૫ | ૧૪ | નરસિંહનો વિજય | ૧૫૭ |
| ૧૬. | ૨૫ | ૧૫ | યક્ષ સહાયે | ૧૬૪ |
| ૧૭. | ૨૫ | ૧૭ | નરસિંહ બચી શકે | ૧૭૭ |
| ૧૮. | ૨૫ | ૧૮ | કુદરત એટલે પાંચ કારણોનો સમવાય છે | ૧૮૨ |
| ૧૯. | ૨૫ | ૨૦ | દાનધર્મ | ૨૦૧ |
| ૨૦. | ૨૫ | ૨૧ | ધર્માત્મા ધનસારની કથા | ૨૦૬ |
| ૨૧. | ૨૫ | ૨૩ | નમુનેદાર કુટુંબ | ૨૨૨ |
| ૨૨. | ૨૫ | ૨૪ | માનસશાસ્ત્રની પદ્ધતિ | ૨૩૦ |
| ૨૩. | ૨૫ | ૨૮ | મૂર્તિ કેમ સન્માનને યોગ્ય | ૨૪૮ |
| ૨૪. | ૨૫ | ૨૯ | સુપાત્રમાં દાન એટલે સન્માન | ૨૫૩ |
| ૨૫. | ૨૫ | ૩૦ | રાણકપુર-પ્રતિષ્ઠામાં મારવાડી | ૨૬૪ |
| ૨૬. | ૨૫ | ૩૨ | સર્વ પાપનો શિરોમણિ મિથ્યાત્ત્વ છે | ૨૭૭ |
| ૨૭. | ૨૫ | ૩૩ | ધનદત્ત શેઠને રાગનો ભય | ૨૮૬ |
| ૨૮. | ૨૫ | ૩૪ | **શ્રાવક ધર્મનું મહત્ત્વ શાથી ?** | ૩૦૦ |

# રાગ દ્વેષ કરાવે કલેશ

(ગતાંકથી ચાલુ...)

**આત્માની સિદ્ધિ :-**

**પ્ર.**- આત્મા જ દેખાતો નથી, પછી ભાવી અનંતા મૃત્યુ કોને ?

**ઉ.**- અંતરમાં કેઈ જાતની ઉથલપુથલ ચાલે છે એ કોણ કરે છે ? મગજ કરે છે ? મગજ કોણ ચલાવે છે ? કાયા ? કાયા બિચારી જડ, જ્ઞાનશક્તિ વિનાની, એ મગજને શું ચલાવી શકે ? મગજને ચલાવનાર, મનને વિચાર કરાવનાર, અરે ! મગજને એક વિચારણામાંથી ચાહીને બીજી વિચારણામાં ફેરવનાર કોણ છે ? જ્ઞાનશક્તિવાળો આત્મા છે, કાયા નહિ. કાયા ય પાંગળી છે. પરવશ છે, એને એના હાથ-પગ-મોંને પણ ચલાવનાર અંદર રહેલો આત્મા છે, એનું સ્વયં ચાલવાનું ગજું નહિ. અંદરમાંથી જો આત્મા નીકળી જાય ને, તો પછી કાયા ધબ બંધ, જાતે ચાલી રહી.

**અંદરમાં 'હું' એવો હુંકારો ઊઠે છે, એ કાયાનો નહિ, પણ આત્માનો.**

માટે તો જમાડનાર આગ્રહથી વધારે પીરસવા ખવરાવવા જાય તો શું બોલાય છે ? આ જ કે 'હવે હું વધારે ખાઉં તો મારું શરીર બગડે.' ખાનાર આત્મા; એને લાગે છે કે વધુ ખાવાથી શરીર બગડે શરીર જ આત્મા હોય, અને અને બીજા કોઈ જુદા આત્માના અસ્તિત્વ વિના શરીર જ ખાનારું અને બગડનારું હોય તથા શરીર જ બોલનાર હોય, તો તો એમ બોલે કે વધું ખાઉં તો હું બગડી જાઉં.' એમ ન બોલતાં મારું શરીર બગડે' બોલે છે તે બોલનાર શરીર નહિ,પણ શરીરની માલિકીવાળો આત્મા બોલે છે. 'હું ખાઉં, હું જોઉં, હું બોલું'એ હુંકાર જ આત્માની સાબિતિ છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૪,અંક-૩૮,તા.૫-૬-૧૯૭૬

**નિશ્ચય-વ્યવહાર**

**કાનજીભાઈ મૂઢ :-**

બોલનાર-જોનાર-સાંભળનાર-ખાનાર કોણ ? શરીર નહિ, પણ આત્મા છે; જે શરીરમાંથી નીકળી ગયે શરીર હજી હાજર છતાં બોલવાનું-જોવાનું-સાંભળવાનું-



ખાવાનું બધું જ બંધ. નિશ્ચયપંથી કાનજીભાઈ છે, તે કહે છે 'પુદ્‌ગલ (શરીર) પુદ્‌ગલને ખાય છે. આત્માને શી લેવા દેવા ?' આ માનવું એ મૂઢતા છે. જો આત્મા ખાતો ન હોય, ખાવાનું બંધ ન કરતો હોય, તો એ શરીરમાંથી નીકળી ગયે શરીર કેમ ખાતું નથી. અડધો કોળિયો હજી મોંમાં હોય અને હાર્ટફેઈલ થઈ જાય, તો પછી એ પહેલાંની જેમ ચવાતો રહે ? શરીર ઊડી ગયું છે ? ના, હજી તો મૃત્યુ થયાને એકજ મિનિટ થઈ હોય એટલે શરીર તો હજી ઊભું જ છે. તો પછી એટલામાં કેમ ખાવાનું બંધ ? કહો, ખાનારો, જડબું ચલાવનારો આત્મા છે, એ ઊપડી ગયો, તેથી જડબું ચલાવવાનું ખાવાનું બંધ કહે છે,-

**પ્ર.**- આત્મા તો વ્યવહારથી ખાનારો ને ? નિશ્ચયથી ખાનાર તો શરીર ને ?

**ઉ.**- હજી કઈ વસ્તુનો કયો નિશ્ચય એની ય ગમ નથી લાગતી એટલે આવા અણસમજના પ્રશ્ન ઊઠે છે. ખરેખર હજી વસ્તુના સ્વરૂપની જ ગમ નથી. પ્રસ્તુતમાં 'ખાવું' એટલે શું ? શું 'મોં-જડબાનું હલન ચલન એ ખાવું કહેવાય ? તો તો માનો કે મડદાના મોં જડબાને કોઈ મશીનથી ઊંચું નીચું કરવામાં આવે તો એને 'ખાવું' કહેવાય ? ના, તો પછી ખાવું એટલે શું ? કહો, કોળિયો મોંમાં લઈ જડબાથી ચાવી ગળે ઉતારવાનો પ્રયત્ન કરવો એનું નામ 'ખાવું' વસ્તુનું સ્વરૂપ એ નિશ્ચય; તેથી નિશ્ચયપંથીને 'ખાવું' એટલે મોં-જડબાની ક્રિયા તથા કોળિયો નીચે ઉતારવા થતી ગળું સંકોચવાની ક્રિયા. આમાં નિશ્ચયથી ખાવું એ પ્રયત્ન છે અને એ પ્રયત્ન-પુરુષાર્થ એ ચેતન આત્માનો ધર્મ છે, જડ શરીરનો નહિ. નિશ્ચયના ઊઠાં ભણેલા અને ભોળાને ઊઠાં ભણાવનાર બનાવટી નિશ્ચયપંથીને આની ગમ નથી તેથી કહે છે.' નિશ્ચયથી પુદ્‌ગલ (શરીર) પુદ્‌ગલને ખાય છે.' જ્યારે ખરી રીતે પૂર્વે કહ્યું તેમ શરીર તો વ્યવહારથી ખાય છે, બાકી નિશ્ચયથી ખાનાર તો સંસારી આત્મા છે.

બિચારા નિશ્ચયમૂઢને આ ભાન નહિ તે માત્ર મોંની ક્રિયા સામે જ જોયું અને નિશ્ચયથી ખાવું એ શરીરની ક્રિયાને માન્યું. જરાક જો બીજે હિંસાદિ સામે જોયું હોત તો ભાન થતે કે શાસ્ત્ર નિશ્ચયથી હિંસા જીવ નાશની ક્રિયાને નથી કહેતું. પરંતુ એ નાશના આત્મ-ભાવને કહે છે.

નિશ્ચયથી હિંસા શું ? તો કે આત્માના હિંસક પરિણામ. બીજાને મારું એવી બુદ્ધિ, એવા ભાવ, એવા ભાવવાળો વીર્યોલ્લાસ યાને પુરુષાર્થ-પ્રયત્ન એ હિંસા. યાવત્ પ્રમાદ અર્થાત્ જીવરક્ષાની પરવા વિનાની હલનચલનાદિ પ્રવૃત્તિ એ નિશ્ચયથી હિંસા છે; પછી ભલે એમાં જીવ ન પણ મર્યો હોય તો ય એ હિંસા છે. માટે તો કહ્યું,-

**अजयं चरमाणो उ पाणभूयाइं हिंसइ ।**

અર્થાત્ અ-યતનાથી ચાલનારો એ જીવનો હિંસક છે. શું એમાં જીવ મરે તો

જ હિંસક; ? ના, ન મરે તો પણ હિંસક; કેમકે એને યતના નથી, જીવરક્ષાની પરવા નથી, કાળજી નથી અયતના છે, પ્રમાદ છે.

એટલે તત્ત્વાર્થ મહાશાસ્ત્રે વ્યવહારથી પણ હિંસા ભેગી લઈ કહ્યું,-

**'पमत्तयोगात् प्राणव्यपरोपणम् हिंसा'**

**કેવળજ્ઞાનીથી જીવ મરે છતાં હિંસક નહિ. :-**

પ્રમાદવાળા યોગે પ્રાણનો નાશ કરવો એ હિંસા છે, આમાં પ્રમાદની મુખ્યતા છે, કેમકે કેવળજ્ઞાની ભગવાનને પ્રમાદ નથી, તેથી એમના પગ નીચે સહસા કુદેલી દેડકી આવી કચરાઈ, મરી છતાં એ હિંસક નહિ, એમને હિંસાનું પાપ નહિ, કેવળજ્ઞાનથી પહેલેથી જાણતા હોય કે આ પગ નીચે આવવાની, છતાં એ પણ જાણતા હોય કે ભવિતવ્યતા જ એવી છે કે પગ ઉપડવાનો અને દેડકી પગ નીચે આવવાની. આ ભવિતવ્યતા અનિવાર્ય છે, નિવારી શકાય એવી નહિ, એ પણ પહેલેથી જાણતા હોય. સારાંશ, એમનામાં પ્રમાદ નથી, બેપરવાઈ નથી, બીજા વિષયના રાગાદિ નથી; માટે જીવ મરતો છતાં એમને હિંસા નહિ. અને બિનકાળજીથી ચાલતા છદ્મસ્થ સાધુને જીવ ન મરવા છતાં હિંસાનું પાપ છે.

આ શું બતાવ્યું ? નિશ્ચયનયથી હિંસા એટલે પ્રમાદ, આત્માના ભાવ, પરિણામ, પ્રયત્ન. વ્યવહારથી હિંસા જીવના પ્રાણનો નાશ. બસ, એ રીતે ખાવું એ શું ? નિશ્ચયનયથી ખાવું એટલે આત્માના એવા ભાવ, એવો પ્રયત્ન. તો કહો,

**નિશ્ચયથી કોણ ખાય છે ? આત્મા કે પુદ્‌ગલ (કાયા) ?**

જૈનશાસન, જૈનમત સમજનારો તો આ જ કહે કે 'આત્મા ખાય છે' પણ કાનજીમતમાં અજ્ઞાનનું ઘોર અંધારું છે, તેથી એ કહે છે નિશ્ચયથી પુદ્‌ગલ પુદ્‌ગલને ખાય છે. આવા મૂઢ અજ્ઞાનીની સુફિયાણી વાતોમાં મુંઝાવાનું મોહિત થવાનું હોય ? પણ ખરા તત્ત્વને નહિ જાણનારા ભોળા માણસો એમાં મોહિત આકર્ષિત થનારનું પણ સમકિત નહિ. **'લોભી ગુરુ લાલચુ ચેલા, આવો ભાઈ બંને નરકમાં ઠેલંઠેલા,'** જેવા ઘાટ થાય.

**બનાવટી નિશ્ચયપંથમાં લોભી ગુરુ લાલચુ ચેલા.**

પેલાને કુમત પ્રસારી ફિરસ્તા બનવાનો લોભ છે, અને આ મોહિત થનાર ભોળા જીવો જિનશાસને કહેલ કષ્ટવાળા તપસ્યા, ત્યાગ, ક્રિયા, દાન-વ્રત નિયમાદિથી છટકી વિલાસ અને આરામના ધર્મનો લાલચુ છે. લોભી-લાલચુ બે ભેગા થાય, શું પરિણામ ? એક બીજાને ડૂબાડે. મિથ્યામતિની પ્રશંસા કરો સમર્થન કરો એટલે જાતે તો ડુબો પણ પેલાને ય ડૂબાડનારા બનો. અસ્તુ.

આપણી વાત આ હતી કે બોલનાર-ખાનાર-જોનાર કાયા નહિ, પણ અંદરનો



આત્મા છે.

**અંદરમાંથી 'હું' ઊઠે છે એ આત્મા જ ઊઠાવે છે. કાયા નહિ.**

માટે તો આતમરામ નીકળી ગયા પછી કાયા એની એ હયાત છતાં ખાવા બોલવા જોવાનું કશું નહિ, 'હું' કારો ય નહિ. આત્માની આનાથી વધારે સાબિતિ શું જોઈએ છે ?

માટે બોલશો નહિ કે 'આત્મા જ દેખાતો નથી, પછી અહીંના વિષયરાગથી ભાવી અનંતા ભવો કોના ?' ના, આત્મા સિદ્ધ છે, સાબિત છે, ને એને અનંતાભવ જોવા પડે છે. ત્યાં ભવે ભવે મૃત્યુ આવે છે ત્યારે એનાથી બચાવનાર કોઈ જ શરણભૂત નથી હોતું ન કોઈ વિદ્યા-મંત્રાદિથી સાધેલ દેવતા બચાવી શકે કે ન કોઈ જડીબુટ્ટી-રસાયણ બચાવ આપી શકે. તો પછી એવા મૃત્યુના નામનિશાન ને ઉડાવનાર શ્રી જિનધર્મનું શરણું કેમ ન પકડવું ? જિનધર્મે કહેલા એના અનન્ય ઉપાયભૂત સર્વત્યાગરૂપ અતિપવિત્ર ચારિત્રની ઝંખના કાં ન કરવી ?

**શાંતસુધારસ શાસ્ત્ર આગળ કહે છે, -**

**'वपुषि चिरं निरुणद्धि, समीरं....'**

**અર્થાત્ ગમે તેટલા વિદ્યા-મંત્ર-રસાયણે મૃત્યુથી તો બચાવ શરણ શું મળે ? પરંતુ પ્રાણાયામ વગેરે છતાં ઘડપણથી ય બચાવ શરણ ન મળે.**

શરીરમાં પ્રાણવાયુ દીર્ઘકાળ સુધી રોકવાનું કરે, યા સમુદ્રને પેલે પાર જઈને ઊતરે, અથવા પર્વતના શિખર ઉપર ઝપાટાબંધ ચડી જતો હોય. છતાં ય એ ઘડપણથી ઘસાય છે.

કહો, ઘડપણને આવતું અટકાવવા આમાનું કોઈ સમર્થ ખરું ? ઘડપણથી બચવા કોઈ શરણ આપી શકે ? ના,

**જીવ મૃત્યુમાં ય નિરાધાર અને ઘડપણમાં ય નિરાધાર. બંનેને કોઈ નિવારી ન શકે.**

છતાં જીવને ઊછળતી યુવાની વખતે આની જાણે કલ્પના જ નહિ કે 'મને ખોખરું કરનારું ઘડપણ આ આવીને ઊભું રહેશે.' આ ખ્યાલ જ નહિ તે પામર જીવ યુવાનીની શક્તિનું ગુમાન કરે છે ! અને યુવાનીની શક્તિથી સાધી શકાય એવા, ધર્મને ભારોભાર અશક્તિવાળા ઘડપણના વાયદે મૂકે છે ! અથવા એ સમજે છે 'મારે મારી શક્તિઓ એમ જ ઊભી રહેવાની છે, એટલે વૃદ્ધ ઉંમરે ધર્મ સાધીશ.' પરંતુ જ્યાં ઘડપણના ઘસારા આવીને ઊભા, ત્યાં રાંકડો જીવ શો ધર્મ કરી શકવાનો ? ઘડપણના ઘસારાને અટકાવવા કોણ શરણ આપવાનું હતું ?

મોટા પ્રાણાયામ કરી શકનારા યોગીઓ પણ કેમ ઘડપણે ઘસાયા ? સમુદ્ર

પાર કરી જનારા અને પર્વત શિખરે જઈ વસનારા પણ કેમ જરાથી જર્જરિત થયા ? ઘડપણની આ અશરણદશા ચેતવણી આપે છે કે 'એ આવશે એ એ ચોક્કસ છે. પછી કેમ યુવાનીમાં ચેતી જઈ મળેલી મહાકિંમતી શક્તિઓને ધર્મસાધનામાં ન લગાવી દેવી ?

**માનવને શક્તિ અનુપમ : દેવતાને નહિ :-**

બોલો, માનવશક્તિ જેવી શક્તિ પશુને ખરી ? અરે ! મોટા દેવતાને પણ ખરી ? ના, શાસ્ત્ર ના કહે છે. દેવતાને એક નવકારશીનું પચ્ચક્ખાણ કે એક દિવસના પણ બ્રહ્મચર્યનો નિયમ કરવાની શક્તિ નહિ. એવી અણમોલ શક્તિ તમને અહીં મળી, એ આજે જુઓ તો અનાર્ય માણસોને ય નથી મળી. જાઓ જો એની પાસે, અને એને ત્યાગ તપ કરવાનું કહો, જો કરવાની વાત તો ક્યાં ? ત્યાગની ઠેકડી ન ઉડાવે તો સારું. તો પછી આપણને મળેલી એવી અનન્ય અનુપમ શક્તિનો યુવાનીમાં ધર્મ સાધવામાં ઉપયોગ કાં ન કરવો ?

ઘડપણની અશરણદશા તો એવી આવીને ઊભી રહે છે કે જીવ એ વખતે બિચારો લાચાર બની જાય છે. ત્યાગ-તપની તો શું પણ સંસારના ભોગોની કે સંસારિક કામોની પણ શક્તિ રહેતી નથી. સારું ભારે ખાવાનું પચતું નથી; મોતિયાની આંખે સારું જોવાનું જોઈ શકાતું નથી; વાસના જોરદાર છતાં ભોગની શક્તિ નથી. દોડધામથી થઈ શકે એવા લાભદાયી કામો સામે છતાં દોડધામની શક્તિ નથી. આવા ઘડપણમાં કષ્ટ સાધ્ય ધર્મ તો શું ય કરી શકે ?

શું શાલિભદ્ર-ધનાજી-ધન્નો-મેઘકુમાર ગાંડા હતા તે યુવાનીમાં જ કષ્ટમય ચારિત્ર અને તપ સાધવા મંડી પડ્યા ? જોયું એમણે કે

**સંયમ અને તપ નહિ કરીએ ઓ અનંતા મૃત્યુ સામે છે. અને યુવાનીમાં નહિ કરીએ તો અશક્ત ઘડપણમાં કરી રહ્યા.**

ભગવાન ઋષભદેવ સ્વામીની પાટપરંપરાએ અસંખ્ય રાજાઓએ રાજ્યપાટ મૂકી સંયમ અને તપની સાધના કરી. એમની પાસે સત્તા-વૈભવ-કાયાના જોર હતા, પરંતુ એથી બીજાઓને દબાવવાનું ન કરતા, પોતાના આત્માને દબાવવાનું કર્યું, આત્માની જુગજુની ચાલી આવતી વિષયાસક્તિ અને કષાયોને દબાવવાના એના પર વિજય મેળવવાનો પુરુષાર્થ કર્યો. નમિરાજર્ષિ પણ એ પુરુષાર્થ કરવા નીકળી પડ્યા છે. એટલે જ ઇંદ્રને કહે છે.

'હજારો સુભટ પર વિજય મેળવવા કરતા પોતાના આત્મા પર વિજય મેળવે એ જ સાચો વિજેતા છે.





**મનુષ્ય જન્મમાં શા માટે આવ્યા છીએ ? વિષયોની આસક્તિ અને કષાયો પોષવા અને વધારવા માટે ? કે એને તોડવા માટે ?**

**કોઈ મરણતોલ આફતમાંથી બચી હવે જીવતા રહ્યા છીએ શા માટે ? શું કરવા ?**

આ સવાલ રોજ પ્રભાતે ઊઠીને વિચારો. મનુષ્ય જનમ અસંખ્ય જનાવરો અને કીડા-કીડી કરતાં ઘણો ઉચ્ચ કોટિનો મળ્યો છે એ તો સમજો છો ને ? તો આવો જનમ શું કરવા માટે હોય ? ક્યારેક સામેથી ઝડપભેર આવતી મોટર બહુ નજીકમાં આવી ત્યારે જ ધ્યાન ગયું અને સફાળા ખસી ગયા, અથવા માત્ર ચાર આંગળના છેટે પાસે થઈને મોટી તોતીંગ ટ્રક ચાલી ગઈ, ત્યાં હૈયે ફાળ પડે છે 'હાય ! મરી જ ગયો તો !' અથવા ક્યાંક સીડી પર લથડ્યા, યા તોફાની ગાય-ભેંસ સામેથી દોડતી આવી પડ્યા નીચે પણ આબાદ બચી ગયા કે હુલ્લડ-તોફાન વગેરેના મામલામાં ક્યાંક ગલી આદિમાં ફસાયા પ્રબળ ભાગ્યયોગે બચી ગયા... આવા આવા અનેક પ્રસંગો કે એકાદ પ્રસંગમાંથી બચી જતા મનને થયું કે 'હાય ! મરી જ ગયા'તા ! ચાલો સારું થયું પ્રભુકૃપાએ જીવી ગયા' તો હવે આ વિચારવાનું કે નહિ કે 'જીવતો રહ્યો છું એ શા માટે ? શું કરવાં ? દુર્ગતિમાં ઘસડી જનાર વિષયોની ગુલામી કરવા ? કે ગુલામી તોડવા ? પાછા એના એ જ મજેના ખાનપાન અને રંગરાગ યથેચ્છ ખેલતા રહેવા ? કે એના પર કાપ મૂકી ત્યાગના વ્રત નિયમ-તપસ્યામાં આવી જવા માટે ?

પેલા રાજા નંદ વિષયાંધ તે રાણીને સભામાં સાથે બેસાડતો, અને હવે ચિત્ર વારંવાર જોવા મળશે એના પર ખુશી માને છે ! ભગવાનનું ચિત્ર જોવા તરફ જરા ય દૃષ્ટિ છે ? તો આ વિષયાંધતા પોષવામાં મન નિઃસત્ત્વ બને છે, અને શરીર અનંદરખાને વીર્ય ક્ષીણ થતું રહેવામાં સત્ત્વહીન બને છે. એનું ય ભાન ખરું ? ના, કામરાગ-વિષયરાગ આંધળા છે.

નંદરાજા કામરાગના સંકલેશથી પીડાઈ રહ્યો છે, તેથી પહેલાં રાણીને રાજ-સભામાં સાથે બેસડાતો; હવે મંત્રીએ એના બદલે એનાં ચિત્રને ત્યાં ગોઠવવાની વાત કરી, તો વધુ ખુશી થઈ જાય છે કે ચાલો, હવે બરાબર સામે જ મોભ પર એ ચિત્ર રાણીનું વારેવારે દર્શન મળશે !'

**ઉંચા આર્યમાનવભવમાં આવીને સ્ત્રીનાં રૂપમાં લુબ્ધ સ્પર્શની લંપટતા આવું જ બધું કરવાનું ને ? કે ત્યાગ, ઈંદ્રિય-સંયમ મનોનિગ્રહ, તત્ત્વરમણતા પરમાત્મ-**

ચિંતન.....વગેરે કરવાનું ?

**માનવતા કેમ ઊઘડે ? :-**

જીવન લક્ષ્ય શું ? આ જીવન જીવીને શું સાધવું છે ? આનો ગંભીરતાથી વિચાર નહિ થાય, તો કોઈ દિ' માનવતા નહિ ઊઘડે, પશુતા નહિ મીટે. ડગલે ને પગલે લક્ષ્યશુદ્ધિ જોઈએ; ઊંચા પવિત્ર લક્ષ્યનો ખ્યાલ જોઈએ. 'આ જીવનમાંથી મારે શું સાધવું છે.' એનો હૃદયસ્પર્શી વિચાર જોઈએ. નહિતર મોહનાં ને રાગનાં સાધનોનો આસપાસ એટલો બધો ઘેરાવો છે કે જીવ એથી મોહ અને રાગનાં પોષણ કર્યે જવાનો.

દિવાને નિષ્ણાત ચિત્રકાર પાસે રાણીનું શૃંગારી ચિત્ર કરાવ્યું રાજા એ જોઈને મુગ્ધ થઈ જાય છે. વિચારે છે 'વાહ ! જીવતી રાણી મને આંખના કટાક્ષ અંગમરોડ અંગ પ્રત્યંગ દર્શન ક્યાં સતત દેખાડે છે ? ત્યારે આ ચિત્રમાં હવે એ બધું સતત જોવા મળશે !' છે ને પાગલતા ?

**દુનિયા છાકટા વિષયોમાં જ મરી રહી છે.**

એટલે જ આજે ત્યાં માલની જાહેરાત દુકાનનું આકર્ષણ વગેરેમાં સ્ત્રીનાં શૃંગારી ચિત્રોનો રાફડો ફાટ્યો છે. કહે છે, લોભિયા હોય ત્યાં ધુતારો ભૂખે ન મરે ? લોક આવા શૃંગારી રૂપનાં દર્શનનું ભૂખ્યું છે. એનો લોભ છે, એટલે ધુતારા માલ બનાવનારા ને માલ વેચનારા ફાવી જાય એમાં નવાઈ નથી.

**આજના જમાનામાં સાધનોએ લોકની વિષયભૂખ-વિષયલંપટતા વધારી દીધી છે.**

**વિષયલુબ્ધ મન ધર્મમાં-પ્રભુમાં ન ઠરે :-**

આજના લોકોને રેડિયોના ગીત જોઈએ છે, બિભત્સ પિક્ચરનાં દર્શન જોઈએ છે બેઠા ટેલીવિઝનમાં એવા દર્શનની કારમી ભૂખ વધી છે; રેફ્રિજરેટરનાં ઠંડા ખાદ્ય-પેયનો રસ વધી ગયો, મનોહર ફરનીચરનો મોહ લાગ્યો છે. સુગંધિદાર કિંમતી હેર ઓઈલ-પફ પાવડરની લોલુપતા વધી. તકલેદી ફરસાણનાં ટેસ્ટ વધ્યાં સુંવાળા અને નગ્નતા દેખાડનારા નાઈલોનની હેવા લાગી છે. પાંચે ઇંદ્રિયોના છાટકા વિષયોની શોધોએ દાટ વાળ્યો છે. માણસનાં મન મહેકી ગયાં; એમાં સત્ત્વહીન બની ગયો; સંયમ અને સાદાઈના સત્ત્વ રહ્યા નહિ; પરમાત્મામાં એકતાન બનવાનાં સત્ત્વનો નાશ થઈ ગયો. છાકટા ઉદ્ભટ વિષયોની જીવે લોથ ઉપાડી, પછી એમાં લુબ્ધ મન એની વિકથા એ વિષયો જોવાનાં ડાફોળિયા, એના અન્ટસન્ટ વિચારો,...આ બધું મનને પરમાત્મામાં ને ધર્મમાં શી રીતે સ્થિર એકતાન થવા દે ?

**શેઠની કુટુંબ હિત ચિંતા :-**

પેલા શેઠ, ખબર છે ને, બાજુના ઘરમાં રાજાના નવા સંગીતકારોનો મુકામ



થયો અને સંગીત ગીતના સૂરો વાતાવરણમાં રેલાતા થયા, તો એમને ત્યાંથી ખસેડવાનો કિમિયો કર્યો કેમ વારુ ? શેઠ ગભરાયા કે 'હાય ! અહીં આ ગોઝારા ગીત સંગીત ? જીવનમાં આવા ગીત-સંગીતની જરૂર નથી, કેમકે માણસના મનને એ મોહિત કરે છે, તેથી મનને ધર્મ અને સદાચાર પ્રત્યે સત્ત્વહીન બનાવનારા છે આમાં નાનડિયાનું શું થાય ?'

બસ, આ ચિંતાથી શેઠે રાજા પાસે જઈ નજરાણું ધરી નમસ્કાર કર્યા. રાજા કામકાજ પૂછે છે એટલે કહે છે- 'મારે કુટુંબ મોટું , તેથી ઘરમાં ભગવાનનું નાનકડું મંદિર રાખવું છે, તો આપ રજા આપો'

રાજા કહે 'અરે ! એમાં રજાની શી જરૂર ? ભગવાનનું મંદિર થાય એ તો ઉત્તમ વાત છે. ખુશીથી કરો ને,'

શેઠ કહે પણ સાહેબ ! પ્રભુનું મંદિર હોય એટલે એમાં ઢોલ-નગારાં વાગે; ને એમાં આજુબાજુના કોઈ આપની પાસે ફરિયાદ લઈ આવે તો હું ગુનેગાર ન ઠરું, તેથી આપની રજા લીધી હોય તો સારું.'

રાજા કહે, 'જાઓ, જાઓ, એવી તે કોઈ ફરિયાદ એ શું ન્યાયયુક્ત ફરિયાદ કહેવાય ? ભગવાનના મંદિરમાં વાજાં વાગે એમાં ખોટું શું છે ?'

શેઠે રજા લંબાવી લીધી. ઘરે જઈ નાનકડું ગૃહ મંદિર ઊભું કરી એના પ્રારંભ મહોત્સવના નગારાં વારંવાર વગડાવવા માંડ્યા. પેલા સંગીતકારોને તો આમાં ફાવે જ શાનું ? એમના મધુર મુલાયમ સ્વરે ગીત-અભ્યાસનો અવાજ તો ઢોલ-નગારાના ભારે સૂરમાં ક્યાંય ઢંકાઈ જતો ! તેથી એ ગયા મંત્રી પાસે, હકીકત કહી, મંત્રીએ રાજાની સલાહ લીધી, રાજા કહે 'મેં શેઠને રજા આપી છે. તો હવે એમ કરો, સંગીતકારોને મુકામ બદલાવી આપો.'

બસ, પત્યું શેઠને આ ઉદ્ભટ ગીત-વિષયની લપ દૂર કાઢવી હતી તે કુનેહથી કાઢી. નાનડિયાઓ, જો આ ચાલુ રહી હોત તો, આ સાંભળવામાં લુબ્ધ થતાં પરમાત્માની ભક્તિ તથા બીજી ધર્મસાધનામાં રસ વિનાના જ બની જાત, તે અનર્થ અટકાવ્યો. શેઠની એમાં દીર્ઘદૃષ્ટિ હતી.

**માનવજીવનમાં છાકટા ઉદ્ભટ વિષયોની લુબ્ધતા જીવને ધર્મમાં શુષ્કતા લાવી દે છે.**

એટલે જ આજના કાળે નવનવી શોધોથી, નવનવા જડ પદાર્થોની વધી ગયેલ સગવડો પર ઓવારી જવા જેવું નથી. કેમકે એથી માણસોની વિષય લુબ્ધતા વધી ગઈ, હૈયામાં એના વિચાર ભરપૂર વધી ગયા. એ તરફનું ખેંચાણ વધ્યું એમાં રાગની મીઠાશ વધી ગઈ. પછી દેવદર્શનાદિ ધર્મમાં અંતરમાં ભીનાશ શે આવે ?

હૈયુ ગદ્‌ગદ શે થાય ? જગતમાં શ્રેષ્ઠ કોટિનો નમસ્કાર-મહામંત્ર મળવા છતાં, એનું સ્મરણ ગદ્‌ગદ દિલે શી રીતે થાય ? ઉદ્‌ભટ વિષયોની લુબ્ધતા એ ઝેર છે.

**રાજા ગુરુને પૂછે છે :-**

પેલા નંદ રાજાને રાણીનું શૃંગારી ચિત્ર જોતાં આનંદનો પાર નથી. છતાં એ બરાબર છે કે નહિ એ જોવા માટે પોતાના ગુરુ શારદાનંદનને એ દેખાડે છે, ને પૂછે છે કેમ લાગે છે ?'

ગુરુ જાણકાર છે, એટલે પોતાની વિદ્વત્તા દેખાડવા કહે છે, -'ચિત્ર સુંદર આબેહુબ બન્યું છે, પરંતુ એમાં એક ખામી છે. રાણીના સાથળમાં તલનું સુલક્ષણ છે, એ આમાં બતાવવું રહી ગયું છે.

વાત સાચી હતી, તો એ સાંભળીને રાજાને ગુરુની વિદ્વત્તા પર માન થાય કે નહિ ? કેવા મારે વિદ્વાન ગુરુ ! ઝીણામાં ઝીણું જાણે ! ધન્ય એમની વિદ્વત્તા !' આવું મનને ન થાય ? પરંતુ એવું કોઈ ન થતા રાજાને વહેમ પડ્યો કે આ ગુરુનું ચારિત્ર્ય સારું નથી લાગતું. નક્કી એ રાણી સાથે ખોટા વ્યવહારમાં હોવો જોઈએ. નહિતર આવી વાત એ કેમ જાણે ?'

રાજાને ગુરુ ઉપર ગુસ્સો ચડી ગયો, 'હેં ? મારો ગુરુ થઈને આવી બદમાશી કરે છે ? બસ, એને એવી જ સજા થવી જોઈએ.' ગુરુને રવાના કરી મંત્રીને આજ્ઞા કરે છે,-

**ગુરુને મૃત્યુ દંડ :-**

આ શારદાનંદનું ચારિત્ર ભયંકર લાગે છે. રાણીનો એ યાર બની ગયો લાગે છે; નહિતર આવી ગુપ્ત વસ્તુ એ કેમ જાણે ? એને મારી નાખવો' જુઓ, ગુપ્તપણે આ કામ કરાવજો જેથી લોકમાં આપણી નિંદા ન થાય કે 'રાજાએ ગુરુને મારી નખાવ્યા.'

મંત્રીએ અવસર પરખી લઈ કહ્યું. 'ભલે મહારાજા ! હું પતાવી દઉં છું. એવી ગુપ્તતાથી કામ થશે કે કોઈને ખબર જ ન પડે.'

બોલો, ગુરુએ વિદ્વત્તા બતાવવાની લાલસા કરી, તો પરિણામ કેવું આવ્યું ? તો આ જગતમાં વિદ્વત્તાનું પ્રદર્શન લાભકારી છે ? એ બતાવીને માન મેળવવાની આકાંક્ષા કરવી એ વ્યાજબી છે ?

**માન લેવાની લાલસા ભયંકર નીવડે છે. ધોતલીના ધોળ આગળ ગવાશે :-**

માણસ માનાકાંક્ષામાં ભૂલો પડે છે. બીજા તરફથી માન મળે એ લાલસામાં સાહસ કરીને એવું કરી કે બોલી બેસે છે જેમાં એને પોતાને જોખમ ઊભું થાય છે, ન ધારી આફત ખડી તાય છે. પોપટ મીઠા બોલ કાઢે છે તો પાંજરે પૂરાય છે.



માન લેવા માટે જ્યાં ને ત્યાં કોઈની ગુપ્ત રાખવા જેવી વાત બહાર ફેલાવનારા એ ધણીના વૈર-વિરોધનું પાત્ર બને છે. ધોતલીના ધોળ આગળ ગવાશે' વાળી વાત આવે છે ને ?

વાણિયે પોતાના ઘરમાં ખાતર પાડી પેસનાર ચોરને કાપી નાખ્યો પણ જમાદારને બોલાવી એને તલવાર આપીને ચોર મારવાનો જશ લેવા કહ્યું. જમાદારને લાંબી પહોંચ નહિ કે આ કેમ મને જશ અપાવે છે તેથી ખુશ થઈ ગયો પછી જમાદારે ચોરનું મડદું ઉપડાવી રાજા આગલ લઈ જઈ પોતે ચોરને પકડી મારી નાંખ્યાનો જશ લીધો. રાજાએ સવારે રાજસભામાં જમાદારને બોલાવી એની પ્રશંસા કરી સારી ધોતલી ભેટ આપવાનું સન્માન કર્યું. આખા ગામમાં જમાદારની પ્રશંસા ફેલાઈ.

વાણિયણે એ સાંભળીને ધણીને કહ્યું આ તમે કેવા મૂરખ કે પરાક્રમ તમે કરીને જમાદારને જશ અપાવ્યો ? જાતે રાજમાન લેવાનું ગુમાવ્યું ? જુઓ જમાદારને ધોતલી ભેટ મળી, ને આખા ગામમાં જમાદારના ગુણ ગવાય છે !

વાણિયો કહે 'હજી જુઓ તો ખરા, ધોતલીના ધોળ આગલ ગવાશે.' વાણિયણ એમાં સમજી નહિ, પૂછે છે 'એટલે ?' વાણિયો કહે 'ચાર દિવસ પછી પૂછજો.'

ત્રણ-ચાર દિવસ પછી સાંભળવા મળ્યું કે 'મરેલા ચોરના કોઈક સગા-સાગ્રીતે જમાદારનું ખૂન કર્યું. એ વાત પણ નગરમાં ફેલાઈ.

વાણિયો પત્નીને કહે 'જોયું ? હવે જમાદારને મળેલા સન્માનની ધોતલીના ધોળ કેવા ગવાય છે ? આ તમારી લાંબી અક્કલ નહિ દીર્ઘદૃષ્ટિ નહિ એટલે વિચાર ન આવ્યો કે ચોરને મારવાનું માન મેળવ્યાં પછી ચોરના સગા-સાગ્રીત મારનાર પ્રત્યે વૈર ધારણ કરે કે નહિ ? ને વૈર ધારણ કરે તો પછી મારનારની કેવી દુર્દશા કરે. હવે બોલો રાજમાન મેં લીધું હોત તો શું થાત ? તમારે ચૂડીઓ નંદાત ને.

**માન મળે એ લાગે મીઠું, પણ એના પ્રત્યાઘાત મહા કડવા.**

**સત્યકી-ઉમાનું દૃષ્ટાન્ત :-**

સત્યકી વિદ્યાના બળે તે તે રાજાનાં રૂપ કરી એની રાણીઓના અંતઃપુરમાં ઘૂસી રાણીઓના શીલ બગાડતો. રાણા શ્રેણિકે એનું કાટલું કાઢવા ઉમા વેશ્યાને કહ્યું 'તું એને પ્રેમથી વશ કર, અને જાણી લે કે એ વિદ્યાઓ ક્યારે આઘી મૂકે છે. એ વખતે એને ખત્મ કરાય' ઉમાએ મગધ સમ્રાટ તરફ આનું મોટું માન મળે એ આકાંક્ષામાં સત્યકીને વશ કરી જાણી લીધું કે 'વિષયસંગ કાળમાં વિદ્યાને બિલકુલ યાદ નથી કરતો, આઘી જ રાખે છે.' તે એણે રાજાને જણાવીને કહ્યું 'જો

જો ભાઈસાહેબ ! એનું કાટલું કાઢતાં મારું મોત ન થાય.'

રાજા એને કહે છે ખરો કે 'તું ગભરાઈશ નહિ.' પરંતુ અહીં તો રાજાને ઉમા-સત્યકીના યોગ વખતે જ સત્યકીનો એકાએક ઝટપટ ઘાત કરાવવો હતો, તે જુએ છે કે 'માણસ જો ઉમાને બચાવવાનું લક્ષ રાખવા જાય તો સત્યકી પર અણધાર્યો જોરદાર ઘા ન લગાવી શકે' તેથી એવો એકદમ જ જોરદાર ઘા લગાવવા જતાં સત્યકીની સાથે ઉમા ય મરે, એમાં રાજાને અફસોસી નહોતી. મુખ્ય વાત સત્યકીને ખત્મ કરવાની હતી. એટલે ઉમાના મુકામમાં માણસને ગુપ્ત રીતે રખાવી એ કામ કરાવ્યું ને એમાં સત્યકીની સાથે ઉમા પણ મરી.

ઉમા વેશ્યા રાજાનું માન લેવા ગઈ તો શું પામી ? 'મારી કુનેહથી ભારે જોરદાર પણ સત્યકી-વિદ્યાધરને વશ કરી લઉં અને રાજાના માણસ પાસે ખત્મ થવા દઉં, જેથી મોટા રાજાઓની દૃષ્ટિમાં મારું માન વધી જાય; ને મગધસમ્રાટ તરફથી જબરદસ્ત ઈનામ સન્માન મળે,' આ લાલચમાં ઉમા પડી, ને પ્રાણ ગુમાવ્યા.

**લિંગપૂજા કેમ ચાલી ? :-**

આ પ્રસંગમાં પ્રાસંગિક એટલું જાણી લેવા જેવું છે કે સત્યકી મરીને દેવ થયો, જ્ઞાનથી પૂર્વની સ્થિતિ જાણી રાજા અને પ્રજા પર ખૂબ ગુસ્સે ભરાયો, ને એણે આખા નગર પર મોટો ઉપદ્રવ વિકુર્વ્યો લોક પૂજા કરી પ્રાર્થના કરે છે 'અમારો જે અપરાધ હોય તે ક્ષમા કરો, અને બચવાનો ઉપાય બતાવો.'

દેવતા કહે 'તમે આ રીતે બંને નિર્દોષને હણાવા દીધા છે, પણ તમને ખબર નથી કે બેમાં એક હું ૧૧મો રુદ્ર મહાદેવ છું. અને બીજી વ્યક્તિ ઉમા મારી પત્ની છે ને એના યોગથી સૃષ્ટિનું સર્જન કરું છું માટે તમે જો અમો બંનેની એ સંભોગ અવસ્થાની મૂર્તિઓ બનાવી પૂજવા લાગો તો આ ઉપદ્રવથી બચશો.' ઉપદ્રવથી ત્રાસેલું લોક આ ન માને તો શું કરે ? બંનેની એવી બિભત્સ અવસ્થાવાળી મૂર્તિ બનાવીને પૂજવા લાગ્યા. પછીથી લોકની વિનવણીથી એમાં નમતું મૂક્યું, તે આખું શરીર જતું કરી, માત્ર લિંગ યોનિની પૂજા રખાવી; ને એમ દેવતાએ સંતોષ માન્યો કે ભલે લોક આમ ઉલ્લું બને.' એમાં તો પછી એના પર જોડકણાં ચાલ્યા.

**માનાકાંક્ષામાં સાવદ્યાચાર્ય બન્યા :-**

વાત આ હતી કે માનાકાંક્ષા ભૂંડી છે એની પાછળ સાહસ કરી મહા આફત વહોરવી એના કરતાં એ થોડા માનની લાલચ જતી કરવી એ જ ડહાપણ ભર્યું છે. માનાકાંક્ષામાં તો કમલપ્રભાચાર્ય સાવદ્યાચાર્ય બન્યા, કેમકે ઉત્સુત્ર ભાષણ કર્યું; અને એમાં પૂર્વે પ્રવચન-આરાધનાથી બાંધી મૂકેલું તીર્થંકર નામકર્મનું મહાપુણ્ય ગુમાવ્યું ! એની સાથેના બીજા કેઈ ઉચ્ચ કોટિના યશ-આદેય-સૌભાગ્ય વગેરે



નામકર્મોના પુણ્ય ખોયાં છે.

**તીવ્ર માનાકાંક્ષા એ રાગ સંકલેશ છે એ કેવો ભયાનક પ્રસંગ જાણો છો ને ?**

**કમલપ્રભાચાર્ય-સાવદ્યાચાર્યનો પ્રસંગ :-**

મહાનિશીથ સૂત્રમાં આ પ્રસંગ બતાવ્યો છે.

કમલપ્રભાચાર્ય એક મોટા પ્રભાવક આચાર્ય, વિશાળ પરિવાર સાથે એક ચૈત્યવાસીઓના નગરમાં પધાર્યા છે ત્યાં ચૈત્યવાસી સાધુવેશધારીઓ મંદિરમાં રહેનારા અને મંદિરની આવક ખાનારા બન્યા છે. એ લોકો કમલપ્રભાચાર્ય પાસે આવી એમની પ્રભાવકતાના ગુણ ગાય છે, અને કહે છે, 'આપ સમર્થ છો, લોકોને અહીં જિનમંદિરો બનાવવાનો ઉપદેશ આપો તો બહુ લાભ થશે, જિનશાસનની પ્રભાવના થશે.'

કમલપ્રભાચાર્ય જિનશાસનના એટલે કે જિનાજ્ઞાના ચુસ્ત રાગી છે; એટલે જુએ છે કે 'અહીં મંદિર બનાવવું એટલે આ દેવદ્રવ્ય-ભક્ષકોને સગવડ કરી આપવા જેવું થાય, ને

**દેવદ્રવ્યનાં ભક્ષણનાં અખાડારૂપ જ થાય એવા મંદિરને બનાવરાવવાથી તો પવિત્ર જિનમંદિરની મહાન આશાતના કરાવવાનું થાય.**

જિનાજ્ઞાથી આ તદ્દન વિરુદ્ધ છે. દેવદ્રવ્યનું જાતે ભક્ષણ તો મહાપાપ છે જ, પરંતુ બીજા પાસે ભક્ષણ કરાવવું કે ભક્ષણની સગવડ કરી આપવી એ પણ મહાપાપ છે. એમ જિનમંદિરને આશાતનાનું ભોગ બનાવવું એમ પણ મહાદોષરૂપ છે. તેથી અહીં તો એવું જિનમંદિર બંધાવવાનો ઉપદેશ ન જ અપાય. તો જ જિનાજ્ઞાના આરાધક બન્યા રહેવાય, અને શાસનરક્ષા બની રહે.'

બસ, આ વિચારથી કમલપ્રભાચાર્યે ચૈત્યવાસીઓને રોકડું પરખાવ્યું કે 'અહીં જિનમંદિર બનાવરાવી શું તમારી પાપલીલાનો અખાડો ઊભો કરાવું ? એ હરગીજ ન બને.'

પેલાઓ લલચાવે છે, 'પણ ભગવંત ! લોકોને જિનમંદિર બનાવરાવવાનું જિનમૂર્તિ ભરાવવાનું, તથા દેવદર્શન પૂજન ગુણગાન કરવાનું મહાન સુકૃત પ્રાપ્ત થશે. એ લાભ ક્યાં ઓછા છે ?'

કમલપ્રભાચાર્ય કહે,

**'સુકૃત ધર્મરૂપ તો જ થાય કે એમાં જિનાજ્ઞા સચવાતી હોય,**

અને એની પાછળ દેવદ્રવ્યભક્ષણ આદિ મહાપાપ ન નીપજતાં હોય. અહીં તો સ્પષ્ટ જિનાજ્ઞાભંગ છે. સ્પષ્ટ દેવદ્રવ્યભક્ષણ અને જિનમંદિરની આશાતના ચાલુ થઈ જાય છે. માટે અહીં જિનમંદિર નિર્માણ એ ધર્મ નહિ, મહાઅધર્મ છે.'

બોલો, તમારા હૈયામાં આ વાત બેસે છે ? જિનમંદિર નિર્માણ એ

અધર્મ ? હા,

**જ્યાં દેવદ્રવ્યની આવક ચવાઈ જવાની સગવડ થતી હોય એ અધર્મ જ છે, ધર્મ નહિ.**

**તો પછી જ્યાં દેવદ્રવ્યની શક્ય એવી મોટી આવકને ધક્કો પહોંચે એવી વ્યવસ્થા થાય એ ધર્મ ? કે અધર્મ ?**

**તીર્થંકર નામકર્મ કેમ ઉપાર્જ્યું :-**

**પ્ર.**- પણ એવી વ્યવસ્થામાં સામાન્ય લોકોને લાભ મળે એ ધર્મ નહિ ?

ઉ.- જો એમ ધર્મ થતો હોય તો તો પેલા ચૈત્યવાસીઓ જે કહેતા હતા કે 'અહીં જિનમંદિરથી હજારો લોક દેવદર્શન પૂજા વગેરે ધર્મ કરશે, એ શું ખોટું કહેતા હતા ? ધર્મ એમ ઉપલક દૃષ્ટિએ ન જોવાય. સામાન્યસ્થિતિનો જૈન પણ એમ તો માનનારો હોય ને કે મારા દેવાધિદેવની ભક્તિનું દ્રવ્ય વધુ ઊભું થાય ? નહિતર તો માનો કે જ્યાં દેવદ્રવ્યની બોલી બોલાવા માંડી હોય, ત્યાં આંકડો વધતાં વધતાં વચમાં વચમાં જ કોઈ મારતે મિંયા કહે 'બસ, આ મારા આંકડાની જય બોલાવી લો,' ને આગળ આંકડો વધુ બોલનારને અટકાવે, તો એ ધર્મ કહેવાય ? કેમ નહિ ? એને પોતાની સ્થિતિમાં પ્રમાણમાં લાભ મળે ને ? પણ ના પ્રભુનો સાચો ભક્ત પ્રભુની ભક્તિનું દ્રવ્ય વધુ માં વધુ ઊપજે એમાં જ રાજી હોય અને એની અનુમોદના પણ મહાન ધર્મ સમજે.

જોજો, કમલપ્રભાચાર્ય દેવદ્રવ્યભક્ષણનું સાધન બનનાર જિનમંદિર ન બનાવવાનો આગ્રહ રાખી ચૈત્યવાસીઓની લાલચ-માનસન્માન-ભય-નિંદા વગેરેની પરવા નથી કરતા, ને જિનાજ્ઞાપાલન તથા શાસન-રક્ષા પર ભારે મુસ્તાક છે, તો એમાં એમણે તીર્થંકરનામકર્મ બાંધવા માંડ્યું ત્યારે, એમાં જિનાજ્ઞાપ્રીતિ શાસનપ્રીતિ કેટલી બધી ઉચ્ચ કોટિની હશે ?

શું તીર્થંકર-નામકર્મ ઉપાર્જવું સસ્તું છે ? એવો મહાવિશુદ્ધ સમ્યગ્દર્શન જોઈએ. કમલપ્રભાચાર્યને અહીં ચૈત્યવાસીઓના નગરમાં જિનમંદિર બંધાવવામાં પાપ હોવાનું લાગ્યું ત્યાં ઉત્કટ જિનરાગ જિનાજ્ઞારાગ હશે ને ત્યારે તીર્થંકર નામકર્મ જેવું ઉત્કૃષ્ટ પુણ્ય બાધ્યું હશે ને ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૪૦,તા.૧૯-૬-૧૯૭૬**

શાસ્ત્રના આદેશો અર્થાત વિધાનો અને નિષેધો સૂક્ષ્મતાથી અને નિપુણતાથી સમજવા જેવા છે તો જ ધર્મ સમજાય માટે તો અહિંસા એ ધર્મ હોવા છતાં



જિનમંદિર-નિર્માણ અને જિનભક્તિ-ઉત્સવ-ઉજવણીમાં આરંભ સમારંભની હિંસા છતાં ધર્મ કહ્યો. એટલે જ જિનાજ્ઞામાં કહ્યો.

**'ધમ્મો આણાએ પડિબદ્ધો.' જેટલા આપણે શાસ્ત્રને વળગેલા એટલા ધર્મી. ને જેટલા શાસ્ત્રની ઉપેક્ષાવાળા એટલે અધર્મી.**

આપણી વાત માનાકાંક્ષા કેવી ભૂંડી છે એ કમલપ્રભાચાર્યના દૃષ્ટાન્તમાં જોવું છે, તે પ્રસંગ હવે આવે છે. બન્યું એવું કે એકવાર કમલપ્રભાચાર્યને સમુહમાં સાધ્વીનો સ્પર્શ થઈ ગયો, અને તે પેલા ચૈત્યવાસીના જોવામાં આવ્યું. આમે ય એ લોકો આચાર્ય મહારાજ ઉપર રોષે ભરાયેલા હતા, તે એમને હલકા પાડવા કાંઈક ને કાંઈક છિદ્ર શોધતા હતા, એમાં આ નજરે ચડ્યું એટલે ખીલ્યા. બીજે દિવસે વ્યાખ્યાન-સભામાં આચાર્ય મહારાજને પ્રશ્ન કરે છે.

**'સાધુથી સ્ત્રીને અડાય ?'**

કમલપ્રભાચાર્ય આગલા જ દિવસનો પ્રસંગ હતો એટલે સમજી ગયા કે આ લોકો મને હલકો પાડવા માગે છે. જો હું કહું કે ન અડાય, તો તરત મને કહે 'તો પછી તમે ગઈ કાલે કેમ સાધ્વીને અડેલા ? સિદ્ધાંત જુદો ને આચરવાનું જુદું ?' જો કહું કે 'અડાય તો લોકોને ઉભગાવે કે જુઓ આ જૈનાચાર્ય કહે છે કે સાધુ સાધ્વીને અડી શકે !' આમ બંને જવાબમાં હલકાઈ કરવા માગે છે. તેથી એમને સીધો જવાબ જ ન દેવો,' આમ વિચાર કરીને આચાર્ય મહારાજે એમને ચાલુ વ્યાખ્યાનમાં બીજા જ વિષયમાં તાણ્યા. શું કહ્યું હશે ? આવું જ કાંઈક, કે 'જુઓ આમનો તત્ત્વનો સવાલ છે. જીવને તત્ત્વની જિજ્ઞાસા થાય તો તત્ત્વનો સવાલ ઉઠે; પરંતુ સંસારમાં તત્ત્વની જિજ્ઞાસા થવી મુશ્કેલ છે...' આમ વિષયને લંબાવી વ્યાખ્યાન પૂરું કર્યું.

છતાં પેલા ખંધા છે તે બીજે દિવસે પણ એ જ પ્રશ્ન કર્યો. આચાર્ય મહારાજ કુશળ વક્તા હતા એટલે સીધો જવાબ ન કરતાં બીજા વિષયમાં વિવેચન લઈ ગયા. પણ પછી તો રોજ એ પ્રશ્ન અને જવાબમાં આડેઅવળે તાણવાનું ચાલ્યું, છેવટે ચૈત્યવાસીઓ સમજી ગયા કે આચાર્ય સીધો જવાબ ટાળે છે, તેથી એક દિવસ કહે,

'અમને આડાઅવળા ન તાણો. અમારો સવાલ એ છે કે તમે તે દિવસે સાધ્વીને કેમ અડેલા ? સાધુથી સાધ્વીને અડાય ?

**કમલપ્રભાચાર્ય ભૂલ્યા : કેટલું ગુમાવ્યું ? :-**

અહીં આચાર્ય મહારાજને માન નડ્યું માનાકાંક્ષામાં લાગ્યું કે 'જો ના કહું કે હું નથી અડ્યો, તો મને જૂઠો ઠરાવે અને જો કહું કે પ્રમાદથી અડાઈ ગયેલું. તોય તરત કહે આવા મોટા તમે આચાર્ય છતાં આવી મહત્ત્વની બાબતમાં ય તમને

આમાં પ્રમાદ નડે, તો પછી અહીં મંદિર ન બંધાવવાની પ્રરૂપણામાંય પ્રમાદ કેમ ન અડતો હોય !' ગમે તેમ પણ આચાર્ય મહારાજને સત્ય જવાબ દેવામાં માનહાનિ થતી લાગી તેથી લોકમાં માન અખંડ રાખવાની આકાંક્ષામાં જવાબ દઈ દીધો છે.

'શું પૂછો છો ? શાસ્ત્રમાં ઉત્સર્ગ અપવાદ ઘણા છે.'

અલબત્ત આ વાત સાચી કે ઉત્સર્ગમાર્ગે સાધુથી સાધ્વીને અડાય. પણ સાધ્વી પાણીના પ્રવાહમાં ડૂબી તણાઈ જતી હોય, અને એને બચાવી લેનાર કોઈ ન હોય તો અપવાદમાર્ગે સાધુ એને પકડીને બહાર કાઢી બચાવી લે પરંતુ આ અપવાદમાર્ગને અહીં અવકાશ નહોતો, એટલે એવો જવાબ દેવા પાછળ આશય ખોટો હતો, ભૂલથી થયેલ પ્રમાદને પાછળ આશય ખોટો હતો, ભૂલથી થયેલ પ્રમાદને અપવાદ માર્ગ મનાવવાનો આશય હતો; તેથી એક બાજુ ચૈત્યવાસીઓએ એમને પાપવચન બોલનારા સાવદ્યાચાર્ય તરીકે જાહેર કર્યા અને બીજી બાજુ એમને મિથ્યાત્વ લાગવાથી તીર્થંકર નામકર્મનાં દળિયાં વિખેરાઈ ગયા ! મૂળ આ માનાકાંક્ષા પાપના લીધે.

**માનાકાંક્ષામાં રાવણનો સર્વનાશ :-**

બોલો, ત્યારે, માનાકાંક્ષા કેવી ભૂંડી ! કેવી ખતરનાક ! જીવ માનની આકાંક્ષામાં, હું, બીજાની દૃષ્ટિમાં હલકો ન પડું, મારી માનહાની ન થાય.'....'હું બીજાને સારો લાગું એવી લાલસામાં જરૂર પડ્યે કેવા પાપ નથી આચરતો ? રાવણે સીતા પોતાના શીલપાલનમાં મક્કમ રહ્યાથી એના અંગે હાથ ખંખેરી નાખ્યા. હતા. એને નિયમ હતો કે 'પરસ્ત્રી પોતે ન ઈચ્છે તો એનો સંબંધ ન ખપે.' એટલે એને બળાત્કાર કરવો નહોતો. હવે જ્યારે સીતા માનતીજ નથી તો એને રામને પાછી સોંપી દેવી એવું રાવણે નક્કી કર્યું પરંતુ અહીં માનાંક્ષા નડી કે આને જો એમ ને એમ સોંપી દઉં તો લોકમાં મારી હલકાઈ થાય કે 'જોયું ? છેવટે રામ-લક્ષ્મણના ભયથી સોંપી દેવી પડી !' માટે સોંપુ તો ખરો, પરંતુ રામ-લક્ષ્મણ સાથે લડીને એમને હરાવી અહીં પકડી લાવીને સભાની વચમાં એમ તિરસ્કારીને સોંપુ કે 'લ્યો જંગલના રખડતાઓ ! આ લઈ જાઓ સીતાને; હું તમને ગરીબડાને એનું દાન કરું છું.

'બસ, આ માનાકાંક્ષા પાછળ રાવણે યુદ્ધમાં ઝુકાવ્યું અને અંતે પોતાના જ સુદર્શન-ચક્રથી પોતે લક્ષ્મણના હાથે કપાઈ મર્યો. જગતમાં વિજેતાનું માન લેવાની લાલસામાં કેવી કરુણા દશા !

પેલા નંદરાજા આગળ શારદાનંદન ગુરુએ પોતાની વિદ્વત્તાનું માન લેવાની આકાંક્ષામાં રાણીના ચિત્રમાં તલ ન બતાવ્યાની ખામી દેખાડી તો શું પામ્યો ? રાજાએ એને રાણી સાથેના દુર્વ્યવહારમાં હોવાનું કલ્પી મંત્રીને ખાનગીમાં કહી દીધું



કે 'આ ગુરુને ખત્મ કરો.'

મંત્રી ડાહ્યો હતો, એણે તરતમાં તો 'જેવી આજ્ઞા' એમ કહી આજ્ઞા સ્વીકારી લીધી પરંતુ જોયું કે રાજા ખોટી કલ્પના પર ક્ષણિક આવેશમાં આમ કહે છે, પણ પાછળથી ગુરુની જરૂર પડશે ત્યારે એને પસ્તાવાનો પાર નહિ રહે; માટે સાહસ ન કરવું' એમ વિચારી ગુરુને વાત સમજાવીને પોતાના ઘરના ભોંયરામાં ગુપ્ત રાખ્યો.

**સહસા પગલું માંડતા પહેલાં ૩ ગુણ વિચારો :-**

વાત પણ સાચી છે, માણસ સહસા કોઈ અયોગ્ય કાર્ય યોગ્ય માની કરી બેસે છે, પરંતુ પાછળથી પસ્તાય છે કે 'ક્યાં મેં આ કરી નાખ્યું ?' એટલા માટે તો માર્ગાનુસારી જીવનના ૩૫ ગુણોમાં **'દીર્ઘદૃષ્ટિ' 'વિશેષજ્ઞતા', અને 'બલાબલની વિચારણા'** એમ ત્રણ ગુણો બતાવ્યા જે સહસા કોઈ કામ કરતા પહેલાં ઉપયોગમાં લેવાના છે.

**દીર્ઘદૃષ્ટિથી** એ જોવાય કે કરવા ધારેલા કામનું તત્કાલમાં તો સારું રૂપક દેખાય; પરંતુ આસપાસના સંભવિત સંયોગો યા પ્રત્યાઘાતોથી આગળ ઉપર શું પરિણામ આવે ?' અથવા 'કરવા નહિ ધારેલા કાર્યના તત્કાલ કડવા-અણગમતા પરિણામ દેખાય, પરંતુ આગામીકાળે એના કેવા સુખદ ફળ આવે ?' એ જોવું જોઈએ.

આ વસ્તુ વ્યવહારના દાખલાથી જુઓ. દા.ત. માસિક કે વાર્ષિક આવક બધી જ ખાનપાનાદિમાં ખરચી નાખે તો તત્કાલમાં સારું સગવડભર્યું જીવન જીવ્યાનો સંતોષ રહે. પરંતુ દીર્ઘદૃષ્ટિએ જોતાં કશો બચાવ ન રાખવાથી ભવિષ્યમાં બિમારી કે પુત્રાદિ લગ્ન, ઘર રીપેર, વગેરેના મોટા ખરચ આવી પડતાં કે ધંધામાં આવક ઓછી થતાં દેવામાં ઊતરવું પડે,....વગેરે મુશ્કેલી ઊભી થાય.

એમ, સારી હોજરી પર ભારે ખોરાક દાબીને ખાતા રહેવામાં તત્કાલ સ્વાદનાં સુખ લાગે, પણ લાંબે ગાળે હોજરી નબળી પડી જાય, ખાધું પચે નહિ, રોગો સુલભ થાય. દીર્ઘદૃષ્ટિથી વિચાર ન રાખતાં આવા સાહસ કરવામાં પાછળથી પસ્તાવું પડવાનો અવસર આવે.

(૨) **વિશેષજ્ઞતા એટલે** કે સાર-અસાર, ઓછા મહત્ત્વનું વધારે મહત્ત્વનું, લાભકારી, નુકસાનકારી, વગેરેનો વિવેકભરી સમજ એ જો ન રાખે ને સાહસિક પગલું ભરે, તો પણ પાછળથી પસ્તાવાનો અવસર ઊભો થાય. દા.ત. ઘરનાં માણસે કાંઈ ભૂલ કરી, હવે એને તત્કાલ રોફથી ઠપકો આપવામાં એ કદાચ દબાઈ જઈ માફી માગે, એટલે ઠપકો આપનાર ધણીને એમ લાભ તો દેખાય કે મારી સત્તા કેવી સારી ચાલે છે !' પરંતુ આમાં એ જોવું ભુલાઈ ગયું કે 'તત્કાલ તીખા ઠપકાથી ઘરવાળાના હૈયાના તારને ધક્કો લાગ્યો' એમ વારે વારે ધક્કો લાગતાં

પત્નીનાં હૈયામાં ધણી પ્રત્યે જે સદ્‌ભાવ હતો એ તૂટી જાય; દુર્ભાવ એવી વિવેકભરી સમજ રહેત કે પત્ની પર પોતાની સત્તા ચાલી એ ઓછું મહત્ત્વનું છે, પણ એ ન ચલાવતાં પત્નીનાં દિલમાં પ્રેમ-સદ્‌ભાવ-બહુમાન બન્યું રહેત એ વધારે મહત્ત્વનું છે. માટે સાહસ કરી નાખી તરત તીખા ઠપકા દઈ દેવા એ પાછળથી સંતાપકારી બને. સામાને પણ દિલ છે ને ? એ ઘવાતાં, પછીથી અરુચિ અભાવભર્યું મોં રાખે, કદાચ સામે તીખા જવાબ પણ દઈ દે. અભાવના લીધે બીજા આગળ નિંદા હલકાઈ પણ ગાય,...આ બધું ધણીને સંતાપ જ કરાવે ને ? પછી એમાં સત્તા ચાલી એથી શી વિશેષતા ? માટે જ

**બીજા પર સત્તા ચાલે એનાં કરતાં એના હૈયામાં આપણા પર સદ્‌ભાવ બહુમાન રહે એ મહત્ત્વનું છે.**

**આ વિશેષ સમજવો એ વિશેષજ્ઞતા તો સુંદર જીવન અને યશની ચાવી છે.**

**સીતાએ શામાં સાર દેખ્યો ? :-**

સીતાજીને રામે વનમાં ધકેલ્યા. વનમાં મૂકવા જનાર સેનાપતિ રામચંદ્રજીને કહેવાનો સંદેશો માગે છે. મહાસતી જુએ છે કે આ કર્મે બનેલી નિર્ધારિત સ્થિતિમાં રામને ઠપકાના બોલ મોકલવામાં કોઈ સાર નહિ. એ અસાર છે, એટલું જ નહિ પણ હૈયામાં સ્વામી પ્રત્યે દુર્ભાવ ને કષાય ઊભો કરવો એ પણ અસાર છે, કેમકે એમાંથી કશું સારું નીપજવાનું નહિ. એના બદલે હૈયામાં સદ્‌ભાવ ઊભો રાખવામાં હૃદય સ્વચ્છ રહે એ સારભૂત છે, તેમજ સંદેશો સ્વામીનું કશું વાંકું કહેતો નહિ, પણ એમનો અપરાધ ન હોવાનું જણાવતો તથા એમના હિતને બતાવતો કહેવડાવવો એ સારભૂત છે.

બસ, મહાસતીએ આટલા બધા, વનમાં ગર્ભિણી અવસ્થામાં એકલા અટુલા તરછોડવાના, કપરા સંયોગમાં પણ સંદેશો આ કહેવડાવ્યો કે 'આમાં તમારો કે લોકોનો વાંક નથી. વાંક મારા કર્મનો છે. પરંતુ મારી તમને એક વિનંતી છે કે લોકો મારી નિંદા કરી તેથી તમે મને છોડી તો ભલે છોડી, એથી તમારો મોક્ષ નહિ અટકે, પરંતુ કાલે ઉઠીને લોક કદાચ તમારા ધર્મની નિંદા કરે તો તેથી તમે ધર્મને છોડતા નહિ; નહિતર તમારો મોક્ષ અચૂક અટકી જશે.'

**રામ-સીતામાં સાર-અસાર દર્શનથી તફાવત :-**

આ સંદેશો કહેવડાવાનું ફળ શું આવ્યું ? રામને પોતાનું મહાસતીને તરછોડવાનું કૃત્ય હવે ભયંકર ગોઝારું લાગ્યું પારાવાર સંતાપ થયો, અને તરત સીતાજીને વનમાંથી પાછી લઈ આવવા મારતે રથે ઊપડ્યા. રામે સાર-અસારનો વિચાર ન કરતાં લોકના બોલ પર તરત સાહસ કરી નાખવાનું કર્યું તો સંતાપ



ઊભો થયો. ત્યારે સીતાજીએ એ વિવેક કર્યો તો સંતાપ ઊભો થયો. ત્યારે સીતાજીએ એ વિવેક કર્યો અસાર મૂકી સારભૂત પકડ્યું, તો (૧) રામના હૃદયનું પરિવર્તન થયું, ને (૨) સીતાજી ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાઈ ગયા. અને (૩) એ પ્રસંગમાં સીતાજીના વૈરાગ્યની વૃદ્ધિ થઈ, જેણે (૪) અગ્નિ પ્રવેશનું દિવ્ય કર્યા પછી સીધા ચારિત્રે ચડાવ્યા. વિશેષજ્ઞતા ન વાપરતાં સાહસ કર્યું હોત તો કષાય વધત, કષાય પોષાત ત્યાં ક્યાંથી આ ઉત્તમ ફળો આવત ?

**(૩) બલાબલની વિચારણા :-**

જીવનમાં ખોટાં સાહસ ન કરવા માટે આ પણ એક ગુણ છે કે કોઈ પણ કાર્યમાં પગલું માંડતા પહેલા પોતાના બલાબલની વિચારણા કરવી કે 'આ કામ કરવામાં મારી પાસે બળ કેટલું છે ? યા બળનો અભાવ છે ?' દીકરીના લગ્ન કરવા નીકળ્યા પોતાની પાસે ધનનું બળ એવું છે નહિ. અને લોકમાં વાહ વાહ માટે વધારે ખર્ચ કરી નાખે, દેવું કરે, પછી કઈ દશા ? કાં તો એનું વ્યાજ અને હપ્તા ભરતાં ભરતાં ઘર ખર્ચમાં ભારે તંગી અનુભવવી પડે, યા ન ભરતાં શરમ યા ધિટ્ઠાઈ અનુભવવી પડે. ત્યારે પૈસા ધીરનાર કાંઈ આજે એવા દાનવીર કે ઉદાર નથી હોતા એટલે ઉઘરાણી કર્યા કરે, રકમ ન મળતાં બહાર બીજાને વાત કરે, એથી હલકાઈ થાય. એ વાત ન કરે તો પણ સ્નેહના સંબંધ મોળા પડે, ને વિશ્વાસ ઉઠી જાય. લગ્નમાં પૈસા ઉડાવવાનું સાહસ કરી નાખ્યું એનું પછી કેટલાય વખત સુધી કેવું વેઠવું પડે ? માણસ સારો હોય તો વરસો સુધી દેવું ભરપાઈ ન થઈ શકવામાં રોજના સંતાપે હૈયું બાળ્યા કરવું પડે.

વિચાર આ જોઈએ કે કાંઈ પણ કાર્ય કરું કે બોલ બોલું એનું સંભવિત ફળ કેવું ? અને એ સહન કરવાનું મારું ગજું કેટલું ?

પરલોકનો વિચાર હોય તો પોતાની વર્તમાન બોલ-બાલાનું પરલોકમાં ફળ વિચારે કે એ પોતાની કેમ સહ્યું જશે ? દા.ત. જૂઠ અનીતિ કરીને પૈસા મળતા દેખાતા હોય ત્યાં આ વિચાર આવે કે 'અહીં એમ કરીને પૈસા તો મળી જતા દેખાયા, પરંતુ જે પાપકર્મ ઊભા થયાં એનાં ભાવી કટુ દુઃખ શે સહ્યા જશે ?'

વસુભૂતિએ પોતાના સત્યવાદીપણાની ખ્યાતિના વિશ્વાસે પર્વત અને નારદના વિવાદ વચ્ચે અસત્ય લલકાર્યું કે "ગુરુજીએ 'અજૈર્યષ્ટવ્યમ્' એ વાક્યમાં 'અજ' નો અર્થ બોકડો કર્યો છે." તો તરત ત્યાં ક્ષેત્રદેવતાએ એને એના ઊંચી સ્ફટિકની શિલા ઉપરના આસન ઉપરથી નીચે એવો પટક્યો કે પટકાતાં જ એ મર્યો અને નરકમાં ગયો. આવા ભાવી અનર્થને વેઠવાનું માણસ જો પોતાનું બળ માપે, તો લાગે કે 'આ વેઠવાનું મારું ગજું નથી,. માટે મને પહેલેથી જ એવા જૂઠ એવા

વિશ્વાસઘાત, કે એવી અનીતિનું પાપ કરવું રહેવા દે.'

માણસ નિંદા કરવા પ્રેરાય છે ત્યાં જો બળાબળનો વિચાર કરે કે, "આ નિંદા સાંભળનારો કદાચ સામાને જઈને કહે કે 'તમારા માટે ફલાણા આવું હલકું બોલતા હતા,' તો એ સામો માણસ સારો કેવો વિરોધી થાય ? પછી વિરોધમાં કેવુ વલણ લે ? ને મારા અંગે કેવો વર્તાવ રાખે ?" જો આ વિચાર હોય તો નિંદા કરતાં અટકી જવાય. મનને થાય કે એવા ભાવી નુક્સાન વેઠવાનું મારું ગજુ નહિ; માટે રહેવા દે કોઈની નિંદા કરવાનું.

**બળાબળની વિચારણા આસક્તિને તોડે :-**

**શુભાશુભ ભાવના પરભવે ગુણાકાર :-**

બળાબળની વિચારણા હોય તો માણસ બહુ કામાસક્ત કે વિષયાસક્ત બનતાં વિચાર કરતો થઈ જાય. એનું કારણ છે,-

**આ મનુષ્ય અવતાર એક એવો ભવ છે કે એમાં અત્યંત લીન બનીને જે સારા નરસા ભાવને પોષો, એના પરભવે મોટા ભાગે ગુણાકાર થાય છે.**

**ત્યાગના ભાવના ગુણાકાર :-**

શાલિભદ્રના જીવે પૂર્વ ભવે સંગમ તરીકે મુનિના પાત્રે વહાલામાં વહાલી અને જીવનમાં પહેલી જ વાર મેળવેલ ખીરનું દાન કર્યું ખીરની મૂર્ચ્છાનો ત્યાગ કર્યો, તો શાલિભદ્રના ભવે ત્યાગવૃત્તિના ગુણાકાર એવા થયા, કે (૧) પહેલાં તો રોજની આવતી દેવતાઈ નવાણું પેટીના દિવ્ય ઝવેરાત વગેરેના માલનો સંગ્રહ કરી રાખવાના બદલે બીજે જ દિવસે એ એંઠવાડીયા કૂવામાં ત્યાગ કરાવી દેતો ! અને (૨) મોકો આવ્યે જીવનભર માટે એ માલ ઉપરાંત બત્રીસ યુવાન અપ્સરાસમી પત્નીઓ તથા વહાલસોયી માતા વગેરે સમસ્ત સંસારનો ત્યાગ કરી ચારિત્રમાર્ગ અપનાવ્યો ! પૂર્વ ભવના ત્યાગનો કેટલો મોટો ગુણકાર !

**સંગમની ગુરૂ અંગે ભાવના :-**

એમ, પૂર્વભવે સંગમે એક જ વખત ગુરુ મળ્યા એમને ખીરનું દાન કરી એવા અપનાવ્યા કે 'અહો ! ગુરુએ કેટલો બધો મહાન ઉપકાર કર્યો કે મારા જેવા રાંકની આટલી ખીર સ્વીકારી મને દાનધર્મ કરાવ્યો ? મને તાર્યો ? વાહ રે દયાળું મારા ગુરુ ! તમારા વિના બીજું કોણ આ દયા કરે ? તમે જ તારણહાર છો, તમે જ દીન દુખિયાના ઉદ્ધારક છો, તમે જ મારા આત્માના ખરેખરા સગા છો'....આ ભાવના એ જ દિવસની રાત્રે આવેલા મોત સુધી અર્થાત્ જીવનના અંત સુધી સાચવી, પેટના શૂળની અસહ્ય મરણાંત પીડામાં પણ સગી માતાને ભૂલી ગુરુ પ્રત્યેની અથાગ કૃતજ્ઞતા અને ભક્તિથી ગુરુનું જ સંસ્મરણ કરતો રહ્યો.....



'અરે ! મારે મરવાનું આવ્યું લાગે છે; એમાં ભલું થજો ગુરુનું કે મને દાનધર્મ કરાવવાનો ઉપકાર કર્યો, તો એ મને પરભવ જતાં ઓથ આપશે ! બાકી સંસારની બધી ચેષ્ટા બધી લોથ તો કશી ય ઓથ આપે નહિ અરે ! ગુરુને અત્યારે દિલમાં ધારી રાખું એ પણ મને સદ્ગતિ દેખાડે; બાકી સગી માતા પણ હૈયે વસાવી રાખવાથી સદ્ગતિમાં ન જવાય. માટે મારે તો ગુરુ જ શરણ છે.'

**ગુરુભક્તિના ભાવનો ગુણાકાર : એ વખતની ભાવના :-**

આવા સંગમના ગુરુભક્તિ-ગુરુશરણના ભાવનો શાલિભદ્રના ભવે ગુણાકાર કેવો થયો કે માતા પાસેથી શ્રેણિક એ આપણા માલિક રાજા છે, એવું જાણવા મળતા એમના મનને થયું કે 'શ્રેણિક મારા માલિક શાના ? માલિક તો એકમાત્ર પ્રભુ મહાવીર પરમાત્મા. પરંતુ આ નાશવંત અને અસાર વૈભવ તથા ભોગોની ગુલામીમાં છું ત્યાં સુધી તો વ્યવહારથી એ માલિક રહે જ; માટે મારે હવે આ સર્વનો ત્યાગ જ ખપે ને ચારિત્ર લઈ એમનો શિષ્ય બની એમને મારા ગુરુ કરું. સહે, તો શું માટે સુખ ભોગવવા ? ના, માટે પણ સુખનો ત્યાગ મુબારક હો; મારે પણ કષ્ટ કેવા એ પ્રભુ સાચા સ્વામી બની સેવકના યોગક્ષેમ કરનારા ! સેવકોને સમ્યગ્દર્શનાદિ પમાડવા દ્વારા સેવકોનું કર્મવિટંબણાથી રક્ષણ કરનારા એ પ્રભુ જ છે. રાજા શ્રેણિકમાં યોગક્ષેમ કરવાનું ગજુ જ ક્યાં છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૪,અંક-૪૧,તા.૨૬-૬-૧૯૭૬**

બસ, પૂર્વભવના ગુરુશરણના ભાવનો ગુણાકાર એવો થયો કે અહીં અથાગ મબલખ વૈભવ-વિલાસનો પણ ત્યાગ કરી ગુરુ મહાવીર ચરણે જીવન સમર્પ્યું ! એટલું જ નહિ પણ પછી ય 'મારા ગુરુએ પૂર્વભવે અને આ ભવે કાળી તપસ્યા કરેલી, તો મારે પણ એ જ ખપે એમ કહી પ્રખર તપસ્યામાં લાગી ગયા ! સુશીલ પ્રેમાળ પત્નીમાં સમર્પિત થતાં પતિએ અપનાવેલ ત્યાગને પોતે પણ વધાલી લે છે ને ? રાજા નળ પોતાના જુગારના પાપે રાજ્યભ્રષ્ટ થઈ વનમાં જતાં રાણી દમયંતીને એના પિયેર ચાલી જવા કહે છે, પરંતુ દયમંતી ઘસીને ના કહી નળની સાથે જ વનનાં કષ્ટ સહવાની તૈયારીપૂર્વક નળની સાથે જ ચાલે છે. ત્યારે રાત્રિના નળ એને એકલી મૂકી ચાલી જાય છે જેથી એ પિયેર ચાલી જાય, તો પણ દમયંતી પિયેર ન જતાં આગળ વધી ગુફામાં સાતવરસ પસાર કરે છે. સુશીલ સ્ત્રીને એક હિસાબ કે મારા પતિ કષ્ટ ખપે,'- એટલી બધી એને પતિમાં લીનતા છે. એમ શાલિભદ્રને ગુરુ મહાવીર ભગવાનમાં લીનતા-સમર્પિતતા આવી ગઈ. પૂર્વભવે

ગુરુમાં આટલી બધી લીનતા સમર્પિતા નહોતી, પરંતુ દિલથી જે શરણભાવની વૃત્તિ હતી. એનો એહીં ગુણાકાર થઈ ગયો, અર્થાત્ એ પૂર્વ કરતાં અહીં કેટલા ગુણી વધી ગઈ.

**નરસાભાવનો ગુણાકાર :-**

નરસાભાવમાં પણ આવું છે. એમાં ય આ ભવે લીન બનીને કરેલો ખરાબ ભાવ ભવાંતરે ગુણાકાર પામે છે. ચંડકૌશિક સાપને આવું જ થયું. પૂર્વે સાધુના ભવે નાના સાધુ પર ગુસ્સો ઊઠ્યો ને અંધારે એને બરડામાં જરા લાકડી ફટકારવા દોડ્યા, વચમાં થાંભલા સાથે જોસથી ટકરાયા ને ત્યાં જ મર્યા; ગુસ્સો પ્રમાણમાં આમ થોડો, માત્ર જરાક ડંડુકી લગાવી ચમચમ કરાવવાનો, પરંતુ એ લીન બનીને કર્યો. પાપનો-કષાયનો કોઈ ભય રાખ્યા વિના અંતર સળગાવીને કર્યો, તેથી એના ગુણાકાર વધતાં ચંડકોશિક સાપના ભવે પોતાની દૃષ્ટિમાં ચડે એનાં મડદાં પાડવાના ગુસ્સા સુધી પહોંચ્યો.

ક્યાં પૂર્વે એક જ સાધુ પર ગુસ્સો ? ને ક્યાં અહીં જે નજરે ચડે એના ઉપર ગુસ્સો ?

ક્યાં પૂર્વે એક જ વાર ડંડુકી મારવાનો ગુસ્સો ? ને ક્યાં અહીં વર્ષો સુધી મારવાનો ગુસ્સો ?

ક્યાં પૂર્વે માત્ર ડંડુકીથી ચમચમ કરાવવાનો ગુસ્સો ? ને ક્યાં અહીં ઝેર નાખી જાનથી મારી નાખવાનો ગુસ્સો ?

આ બધું પૂર્વે કરતાં કેઈ ગુણું વધ્યું એ ગુણાકાર જ છે ને ?

**માનવભવે તલ્લીન તન્મય થઈને કરાતા શુભ-અશુભ ભાવોના ભવાંતરે ગુણાકાર થવાનું ધ્યાનમાં રહે તો**

**શુભ ભાવો કેટકેટલા વધારે અને તલ્લીન થઈને કરાય ? ને**

**અશુભ ભાવોનો બને ત્યાં સુધી કેવો સરસ ત્યાગ કરાય ?**

**ને કરવા જ પડતા કે થઈ જતાં અશુભભાવોમાં લીનતા ન આવવા દેવાનું કેવું સચોટ ધ્યાન રહે ?**

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૪, અંક-૪૨,તા.૨૪-૪-૧૯૭૬**

બોલો, ભાઈ-ભાંડુ સાથે કોઈ કારણે ખટરાગ થાય છે ત્યાં એ કરતાં પાપનો ડર રહે છે ? કે પાપના વિચાર વિના લીનતા જ રહે છે ? વેપારમાં ક્યારેક જૂઠ અનીતિથી બહુ લાભ દેખાતો હોય ત્યાં એ કરતાં લીનતા ? કે પાપનો અને



પરભવે પાપના દારુણ વિપાકનો ફફડાટ રહે ? કર્માદાનનો મહાઆરંભ સમારંભમય જીવહિંસાનો ધંધો કરતાં સારો ધનલાભ થતો હોય. ને લોકમાં માનવંતુ સ્થાન રહેતું હોય. ત્યાં એ ધંધાના ભાવમાં લીનતા રહે ? કે મહાપાપનો ડર રહે ? અરે ! પોતાની વાત તો દૂર, પણ બીજો કોઈ જૂઠ-અનીતિ-કર્માદાન વગેરે કરીને ખૂબ કમાતો હોય, ને એ જોઈને એની દયા આવે ? કે અનુમોદના થાય ? અરે ! અનુમોદના ય થઈ જતી હોય કે 'વાહ ! કેવો ભાગ્યશાળી ! કેટલો સરસ ધંધો, કેવી જબ્બર કમાણી !' એ અનુમોદનામાં લીનતા રહે ? કે પાપનો ફફડાટ રહે ?' 'હાય ! ક્યાં મને આ ગોઝારા ધંધા ને ગોઝારી કમાણીની ભયંકર અનુમોદના થઈ ગઈ !' આવો પાપનો ફફડાટ રહે ? જો આ ફફડાટ નહિ, તો જિંદગીમાં એવી અનુમોદનાના નરસાભાવ કેટલીવાર ચાલે ? ને કેવી લીનતાથી ચાલે ? તો એના પરભવે કેવા ગુણાકાર થાય એ વિચારવાને જગા છે ? તંદુલિયોમચ્છ હિંસાના માત્ર વિચારથી નરકમાં જઈ ઘોર હિંસા કરે છે.

**મોટા દુઃખની વાત તો એ છે કે જીવનમાં નરસાભાવ અઢળક કરવા જોઈએ છે; ને તે પણ લીન બનીને ! ત્યારે સારા શુભ ભાવ બહુ ઓછા, અને તે પણ લીન બનીને નહિ, કિન્તુ ઉપલકિયા જેવા કરાય છે !**

તપાસો, વીતરાગ પરમાત્માનાં દર્શને સારો ભાવ કેટલો સમય ? ને કેવો લીન બનીને ? જીવનમાં ત્યાગ તપ કરાય એના શુભ ભાવ કેવા જોરદાર ? ને કેવા લીન બનીને કરો ?

દયા-દાનની વખતે એનો શુભ ભાવ જોરદાર ને લીન બનીને થાય છે ખરો કે 'અહો ! કેવું મારું અહોભાગ્ય કે આ બિચારા દુઃખી જીવની દયા કરવાના ધન્ય અવસર મળ્યો ! મારું કેવું અહોભાગ્ય કે આટલું ધન અવસર મળ્યો ! મારું કેવું અહોભાગ્ય કે આટલું ધન ષટ્કાયજીવ-સંહાર અને વિષય વિલાસમાં જતે, તે શુભ માર્ગે ઉપયોગી થયું !'

અઢારે પાપસ્થાનકના ભાવ અને નરસાભાવો છે એ અઢળક કરવા જોઈએ ! ને દયા-દાન-ક્ષમા-નમ્રતા નિર્લોભતા, પ્રભુભક્તિ, સાધુસેવા, જિનવાણીની ઉપાસના, સત્ય-નીતિ, સંઘસાધર્મિક ભક્તિ, મૈત્રી-કરુણા-પ્રમોદ-માધ્યસ્થ્ય, વગેરેના ભાવ એ શુભ ભાવ એ બહુ જ ઓછા કરાય ! અને તે પણ તલ્લીન-તન્મય થઈને નહિ ! તો ભવાંતરે ગુણાકાર શાના પામવાના મળે ?

**શું વિચાર નથી આવતો કે આ મોંઘેરું માનવજીવન જીવને શું ઊભું કરવાનું ? ગુણાકાર પામે એવા અઢળક શુભ ભાવ ? કે અશુભ ભાવ ?**

આ વિચાર ન આવવા દેનાર કોણ છે ? જગતના પદાર્થોના રાગનો સંકલેશ.

સંસારના વિષયોના આંધળા રાગમાં આ વિચાર કરવાને જગા જ નથી, પછી એનો અમલે ય ક્યાં ? જો જો, લાખેણો ભવ પાણીના રેલાની જેમ જોતજોતામાં વહી જશે, ને આ અમૂલ્ય કાર્ય, નરસાભાવો બહુ ઓછા કરી નાખવાનું અને કરવા દે તે ય લીન બન્યા વિના જ કરવાનું, તેમજ શુભ ભાવો ખૂબ ખૂબ કરવાનું અને તે પણ લીન બનીને કરવાનું, મહા કિંમતી કાર્ય રહી જશે.

બલાબલની વિચારણા પર આ વાત છે અશુભ ભાવો ગુસ્સા-માયા-મદ વિષયાસક્તિ વગેરે લીન બનીને કરીને પરભવે એના ગુણાકાર થાય એ ઉપાડવાનું મારું ગજું નથી. એમાં તો જીવ કેટલો બધો પાપિષ્ઠ થાય ? એ પાપિષ્ઠ થવા વખતે વળી જીવની સ્થિતિ કોઈથી સમજવાની એને પાછા વળવાની ય ન હોય. એ તો ચંડકૌશિક સાપને ભગવાન મહાવીરપ્રભુ મળ્યા તે કોઈ એવી ભવિતવ્યતા; બાકી સેંકડે શું, હજારે-લાખે એક દાખલો આવો ન મળે કે સાપ જેવો અતિ ક્રૂર બની બેઠેલાને જાતિસ્મરણ જ્ઞાન કરાવનાર ને પાપથી પાછો વાળનાર મળી આવે. એ નહિ એટલે પાપિષ્ઠતા જાલિમ વધેલી કેવા નરકાદિ ભવોની પરંપરા ચલાવે ? જીવને આ ચલાવી લેવાનું અસહ્ય છે. માટે મનને એમ થાય કે 'આ સહવાનું મારું ગજું નથી તેથી કષાયોના નરસાભાવ લીન બનીને કર્યે જવાનું હું ન કરું.'

**દીર્ઘદૃષ્ટિ, વિશેષજ્ઞતા. અને બલાબલની વિચારણા. આ ત્રણ માર્ગાનુસારી જીવનના ગુણ એવા મહત્ત્વના છે કે જીવને એ સહસા પાપ કાર્ય કરી નાખવાથી કે પાપિષ્ઠ ભાવ કરી નાખવાથી અટકાવે.**

પેલો નંદરાજા આ ગુણ ચૂક્યો એટલે મંત્રીને સહસા કહી દે છે કે 'ગુરુ શારદાનંદન દુરાચારી લાગે છે માટે એને મારી નખાવો.'

મંત્રી શાણો છે તે ગુરુને પોતાના આવાસમાં ગુપ્ત રખાવી દે છે. એ સમજે છે કે એક તો આવા નિર્દોષ જીવનો સહસા ઘાત કેમ થાય ? તેમજ બીજું એ કે અવસર આવ્યે રાજા ગુરુના અભાવમાં ભારે પસ્તાવો કરવાનો છે.

**નંદરાજાનો પુત્ર વનમાં :-**

બન્યું પણ એવું જ. રાજાનો પાટવી પુત્ર એકવાર ઘોડે ચડીને શિકાર કરવા ગયેલો તો એક સુવરની પાછળ પડી ગયો. એમાં એ એકલો વનમાં ઊંડે પહોંચી ગયો, સુવરનો શિકાર તો થઈ શક્યો નહિ, પણ ઊલટું, સૂર્યાસ્ત થઈ ગયો, અંધારું પડવા આવ્યું. હવે અંધારે ક્યાં ટીચાવું ? પોતાના નગરનો માર્ગ શે જડે ? તેથી ત્યાં રહેલ એક સરોવરમાં સ્નાન કરીને બાજુના એક ઝાડ પર વીસામો કરવા ચડ્યો.

ઘોર અંધારી રાત છે, જંગલનો પ્રદેશ છે, રાજકુમારને મન ભારે મુંઝવણ



છે, કે રાતનો વાઘ વરુથી ઘોડાનું બિચારાનું રક્ષણ શી રીતે થશે ? અને મારે પણ કોઈ ભુત પિશાચથી બચવું શી રીતે ? રાત કદાચ ક્ષેમકુશળ પસાર થઈ તો ય આવા ગીચ વનમાંથી મારે માર્ગ પણ શી રીતે કાઢવો ? અને નગરે શી રીતે પહોંચવું ?' રાજકુમારને પસ્તાવાનો પાર નથી કે 'હાય ! ક્યાં મેં આ શિકારનો શોખ કર્યો ! આ એક શિકારના સુખની પૂંઠે ન પડ્યો હોત તોય મારે બીજા સુખોમાં ક્યાં કમી હતી ? આ એક શિકારના આનંદના ચડસમાં અત્યારે મેં કેટકેટલા રાજાશાહી સુખો ગુમાવ્યા !' આ ઉપરથી સમજી શકાય એવું છે કે,

**સંસારના સુખ એવા ગોઝારા છે કે એના એક સુખનો ય ચડસ અર્થાત્ રાગનો સંકલેશ અવસરે બીજા અનેક સુખોથી વંચિત કરી પારાવાર સંતાપ કરાવે છે.**

**એક સુખના ચડસમાં વિનષ્ટના દાખલા :-**

સંસાર સુખ જ ગોઝારું કે જીવને એનો ચડસ લગાડે, એ સુખના રાગનો સંકલેશ જગાવે, રાગની આંધળી તીવ્રતા કરાવે, ને પછી એમાં તણાયો જીવ બીજા સુખ ગુમાવવાની સ્થિતિમાં આવી જાય છે. જુઓ વિલાયતનો રાજા એડવર્ડ આઠમો અમીર કુળની નહિ એવી લેડી સીમ્પસેનના સુખના ચડસવાળો બન્યો તો બ્રિટિશ સલ્તનતની ગાદી ગુમાવી ! સીતાની પાછળ રાવણ ૪ થી નરકમાં કેવા સુખના ચડસમાં કેટલું ગુમાવ્યું ? દુનિયામાં ય શી કિંમત રહી ? એક સુખના ચડસ યાને રાગના સંકલેશમાં વિનષ્ટ થનારના આવા દાખલા તો ઢગલાબંધ જોવા મળે.

**એક સુખના ચડસમાં નષ્ટના દાખલા :-**

કેઈ સટોડિયા પાયમાલ થઈ ગયા, કારણ ? બજાર અવળો પડ્યો થોડું ગુમાવ્યું,...એક વાર...બીજી વાર,...તો ય ગુમાવેલા હજારો પાછા ઘર ભેગા કરી લઉં' એવા એ એક પૈસાના સુખના ચડસમાં જોયું નહિ કે 'હમણાં આપણે ભાગ્યસિતારો નબળો લાગે છે. તો લાવ વેપાર બંધ કરી ઘરે બેસવા દે, એમાં હાથમાં જે મૂડી બચેલી છે એનાં સુખ તો ઊભા રહેશે ? વળી સર્વનાશના કાળમાં સંતાપથી ય બચી જવાશે ને ? નહિતર જો બધી મૂડી ગુમાવી તો એની પાછળ બીજા કેટલાં ય સુખ ચાલ્યા જશે. ના, આ કાંઈ જોયું નહિ, વિચાર્યું નહિ, ગુમાવેલ મૂડીને ઘરભેગી કરવાના આ સુખના ચડસમાં આગળ ને આગળ વેપાર કર્યે ગયા ને છેવટે બધુ ધન ગુમાવવા ઉપરાંત માથે ભારે દેવું ચડી ગયું ! તો હવે હિસાબ માંડો, કેટકેટલા બીજા સુખોથી ભ્રષ્ટ થયા ? કેવી કરુણદશા !

રાજા યુધિષ્ઠિર અને રાજા નળને જુગારના સુખનો ચડસ લાગ્યો, રાગસંકલેશ થયો, તે એની પાછળ સર્વસ્વ ગુમાવી વનવાસી બની ગયા ને ?

રાવણ સીતા માનતી નથી તેથી હવે એને જવા દેવી એવા સારા વિચારમાં

આવવા છતાં એને ચડસ લાગ્યો, આમ હારી થાકીને સીતાને જવા દઉં તો માનહાનિ થાય કે જોયું ? કશું ચાલ્યું નહિ એટલે રાવણને સીતા મૂકી દેવી પડી ને ?' માટે રામ-લક્ષ્મણને યુદ્ધમાં હરાવી બાંધી લાવીને સભાની વચ્ચે સીતાનું દયાદાન કરું કે લ્યો, આ મારી દયા છે કે સીતા તમને પાછી મળે છે. લ્યો, લઈ જાઓ સીતાને. આમ રાવણ ને આટલું માનસુખ લેવાનો ચડસ લાગ્યો તો એમાં પછીથી કેટલું બધું ગુમાવ્યું ? રામ-લક્ષ્મણ સાથે યુદ્ધ કર્યું અને એમાં કપાઈ મર્યો ! માટે કહો,-

**સંસારનું સુખ ભયંકર, અરે ! સંસાર જ ભયંકર કે એનાં એક સુખનો ચડસ ચડાવી બીજાં અનેક સુખોને નાશ કરાવે !**

સંસારનું સુખજ એવું ગોઝારું છે કે જીવને એનો ચડસ ચડે છે, એ સુખના રાગનો સંકલેશ થાય છે. કદાચ કહો,

**પ્ર.**- પણ સુખનો ચડસ ન રાખીએ તો તો વાંધો નહિ ને ?

ઉ.- આ એના જેવી વાત છે કે 'કાળજ ભરેલી કોટડીમાં રહીએ પણ એક પણ ડાઘ ન લાગવા દઈએ તો વાંધો નહિ ને ?' શક્ય છે આ ? 'દાઢ ઝેર ભરેલો સાપ રમાડીએ પણ એનો ડંખ લાગવા ન દઈએ તો વાંધો નહિ ને ?' કરવું છે આ ? ના, કેમકે ખબર છે કે ઝેરી સાપનો આ સ્વભાવ જ છે કે એની છેડતી કરો એટલે ડંખ મારે જ. એમ સંસાર સુખનો સ્વભાવ જ કે એનો રાગ કરવા જાઓ એટલે અવસરે એનો ચડસ ચડે, રાગનો સંકલેશ ઊભો થાય.

**નહિતર એ કહો કે**

**જીવ સંસાર-સુખની પૂંઠે શું કામ તણાય ? એનો રાગ છે માટે જ ને ?**

તો જ્યારે રાગથી તણાય છે, તો પછી રાગ અવસરે પ્રબળ કેમ નહિ થાય ? સુખના રાગમાં ભયાનકતા નથી દેખાતી. તેથી હોંશે હોંશે એ રાગ રાખવા જોઈએ છે, તો પછી એ નીડર રાગ અવસરે વધી કેમ નહિ જાય ?

હા, રાગને ભયંકર દેખે એ તો હજી ય રાગ પર અંકુશ રાખી શકે, પરંતુ એવા જીવો કેટલા ? તમારી જાતનો જ વિચાર કરો ને કે સંસારના ધન-સ્ત્રી-પુત્ર-પ્રતિષ્ઠા-માનસન્માન વગેરે વહાલા લાગે છે, એના પર રાગ રહે છે, તે શું એ રાગ-વહાલ ભયંકર હોવાનું સમજાય છે ખરું ? રાગ કરાવનાર ધન-સ્ત્રી વગેરે સુખ જ ભયંકર છે એવું સમજાય છે ખરું ? જગતના જો એ સુખ જ ન હોત તો તો એનો ગોઝારો રાગ જ શાનો થાત ? સર્પ જ નહિ, તો એનું ડંખવાનું શાનું ? માટે ડંખ ભયંકર, એમ ડંખ દેનારો સાપ પણ ભયંકર જ મનાય છે. એવી રીતે સંસાર સુખનો રાગ ભયંકર, કરાવનાર સુખ પણ ભયંકર છે.

**સંસાર કેમ અસાર ?**



**સર્પ જેવા સંસારસુખો રાગના ડંખ દઈ જીવની શુદ્ધ ચેતના ખત્મ કરે છે. ને સંસારના સુખનો ચડસ રાગ સંકલેશ બીજાં સર્વ સુખોને નષ્ટ કરે છે, માટે સંસાર અસાર.**

જુઓ ને, તમને પૂછીએ કે તમે ચારિત્ર કેમ લેતા નથી ? તો સાચું આ જ કહેવું પડે કે સંસારના એક યા બીજા સુખનો ચડસ છે. તીવ્ર રાગ છે. માટેસ્તો, શું ખબર નથી 'આ સુખના ચડસમાં જીવનના અંતે બધું ફના થવાનું છે, બધું જ છૂટી જવાનું છે ? ખબર તો છે જ છતાં એ સુખ કેમ મૂકાતું નથી. કહો, એનો ચડસ છે, રાગ-સંકલેસ છે તેથી એક સુખનો ચડસ બીજા કેટલાય સુખોનો અને સારી તકોનો નાશ કરાવશે છતાં એ ચડસ મૂકવો નથી.

**કુમારને ભૂત સહાય :-**

પેલા નંદ રાજાના પુત્રને એક રીંછના શિકારના સુખનો ચડસ લાગ્યા પછી જંગલમાં ભૂલા પડવું પડ્યું, અંધારું થઈ ગયું, હવે આગળ વધાય એમ નથી,. એટલે પસ્તાવો થઈ રહ્યો છે કે હું ક્યાં આ શિકારના ચડસે ચડ્યો ? હવે જંગલી પશુથી મારે અને ઘોડાએ બચવું કેવી રીતે ? નજીકમાં એક ઝાડ દેખી કુમાર એના પર ચડ્યો, ત્યાં એક વાનર ભૂતાવિષ્ટ હતો. એ ભૂતે કુમારને ગુણિયલ ધારીને આશ્રય આપ્યો, અને થાકેલા એને પોતાના ખોળામાં સુવાડ્યો. ભાગ્યશાળીને ભૂત રળે.

રાજકુમારને આ 'જંગલમાં મંગલ' લાગ્યું. ભારે આશ્વાસન મળ્યું તે વાનરના ખોળામાં ઘસઘસાટ ઊંઘી ગયો. અડધી રાત વીત્યે કુમાર જાગીને પ્રત્યુપકાર રૂપે પોતે બેઠો થઈ જઈ હવે વાનરને પોતાના ખોળામાં સુવાડે છે.

**ભૂતની કુમાર પરીક્ષા :-**

અહીં ભૂતને કુમારની સજ્જનતાનું પારખું કરવાનું મન થયું. એટલે એણે બીજું એક વાઘનું રૂપ કરી ઝાડની નીચે આવી કુમારને કહે છે,- 'હું રાતભર ભટક્યો, ખોરાક મળ્યો નથી, તેથી ભૂખ્યો ડાંસ છું મારી પર દયા કર, અને તારા ખોળામાં સૂતેલા વાનરને નીચે પટક.'

કુમાર કહે છે, પણ આ વિશ્વાસમાં સૂતેલાને દગો કેમ દેવાય ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૪૩,તા.૧૦-૭-૧૯૭૬**

વાઘ બોલ્યો, 'તો મારે શું ભૂખે મરી જવાનું ? અને તું આને બચાવવા જાય તો ય કેટલો બચાવી શકવાનો ? જ્યાં મારી તમો બંને પર ફાળ પડી, ત્યાં તું ય કેટલો બચાવી શકવાનો ? ને આ વાનર પણ ક્યાં બચી શકે ? માટે આપી

દે વાનરને હું બહુ ભૂખ્યો છું, તારો ઉપકાર માનીશને વળી તને અવસરે કામ લાગીશ.'

શું કરે કુમાર ? વાનરને ન આપે ને ? પરંતુ

**આ જગતમાં એક સ્વાર્થ માયા અને બીજું અજ્ઞાન-મિથ્યાજ્ઞાન ભયંકર છે.**

જીવને વિશ્વાસઘાત જેવા પણ ઘોર પાપ કરાવનાર સ્વાર્થ-માયા અને અજ્ઞાન છે. એથી બીજાં પણ કેવા પાપ ન થાય એ કહેવાય નહિ. સ્વાર્થમાયામાં ચુલણીએ સગા દીકરા બ્રહ્મદત્તને લાખના ઘરમાં બાળી મૂકવાનો પેંતરો રચેલો, અજ્ઞાનદશામાં હલ્લ વિહલ્લે સેચનક હાથીના પ્રાણ ખોંવરાવ્યા.

સેચનક હાથી અવધિજ્ઞાની હતો. તેથી એની પર સ્વાર થઈ હલ્લ-વિહલ્લ રોજ રાતના બહાર નીકળતા, તથા લડવા માટે કિલ્લા બહાર ધામો નાખી પડેલી કોણિકની છાવણીમાં વિનાશ સરજી આવતા. કોણિકે આ જોઈ તાજી રેતી પર પગલાં જોઈ નક્કી કર્યું કે રાતના અંધારે પણ કોઈક આવે છે. એણે કિલ્લાના દરવાજાની બહાર ખાઈ ખોદાવી એમાં ધગધગતા અંગારા ભરાવી ઉપર આછી રેતી પથરાવી દીધી; જમીન સમલેવલ કરી દીધી.

હલ્લ-વિહલ્લ રાતના હાથી પર જેવા આ ખાઈના કિનારે આવ્યા કે હાથી તરત પાછો વળી ગયો એ અવધિજ્ઞાની હતો ને ? એણે જ્ઞાનથી જોઈ લીધું કે આ ઉપરથી દેખાતી રેતીની નીચે સળગતા અંગારા ખચ ભરેલા છે.' તેથી શાનો એ આગળ વધે ? આગળ વધે તો તરત અંગારાની ખાઈમાં જ ઊતરી જાય અને બળી જ મરે.

હાથી કેમ પાછો વળે છે. એ હલ્લ-વિહલ્લ સમજતા નથી, તેથી હાથીને પાછો પ્રેરે છે, પણ હાથી જઈ જઈને ખાઈના કિનારેથી પાછો વળી જાય છે. બે ત્રણ વાર હાથી પાછો વળવા છતાં હલ્લ-વિહલ્લને સૂઝ પડતી નથી કે આ કેમ આજે આમ કરે છે. એમને તો લોભ છે કે રોજની જેમ આજે પણ કોણિકની છાવણીમાં જઈ કચ્ચરઘાણ કાઢીએ. લોભ-સ્વાર્થમાયા અને અજ્ઞાન ભૂંડા હલ્લ-વિહલ્લ ફરીથી પણ હાથીને આગળ વધવા પ્રેર્યો.

હવે હાથી વિચારે છે કે મને જ્ઞાનથી અહીં રેતી નીચે ધખધખતા અંગારા સ્પષ્ટ દેખાય છે, પણ આ લોકો અજ્ઞાન છે, તેથી એ દેખી શકતા નથી. તે માત્ર નક્કર જમીન જ જુએ છે. તેથી મને એના પર ચલાવવા મથી રહ્યા છે. હું વારંવાર પાછો વળું છું તો ય એ સમજતા નથી મારી પાસે એવી વાચા નથી કે એમને હું આનું જ્ઞાન કરાવી શકું પરંતુ જો હું એના પર હવે ચાલું તો અમો ત્રણે ય બળી મરવાના કિન્તુ શા માટે મારે આ બંનેને બળી મરવા દેવા ? ભલે હું



એકલો જ બળી મરું એમ વિચાર કરી સેચનક હાથીએ પહેલાં તો પાછો વળી નીચે બેસી જઈ સુંઢના ઇસારે હલ્લે વિહલ્લ બંનેને નીચે ઉતાર્યા, ને પછી પોતે સ્વયં ખાઈ પર ચાલ્યો.

હાથી એક જનાવર હોવા છતાં એનો કેટલો ઉંચો વિવેક ! ત્યારે અફસોસ છે કે આજે માણસ બીજાની આડાઈ જ જુએ છે તો એને નુક્સાનમાં ઉતરવા દે છે ! અલબત એને રોકી શકતો હોય, પરંતુ એની આડાઈ પર ખુનસમાં ચડે છે કે માળો આડાઈ જ કરે છે તો ભલે નુક્સાનમાં ઊતરે !' દા.ત. કોઈ આપણું વાંકું બોલતો હોય પછી કદાચ એ આગલ જતાં કુટાયાં, તો આપણે મનને ખુનસથી એમ થાય ને કે ભલે કુટાયાં, એ જ દાવનો છે.'

**ખુનસ કેટલી બધી ખરાબ વસ્તુ છે કે આપણને બીજાના દુઃખ પર રાજીપો કરાવે છે !**

બીજાના દુઃખ પર રાજીપો એટલે નિર્દયતા, નિષ્ઠુરતા, ક્રૂરતા ગણાય. ખુનસના માર્યા એ અપનાવવામાં વાંધો નથી લાગતો ! બચ્ચું ૨-૩ વાર રોકવા છતાં જઈ જઈને સીડી પાસે બેસે, તો કાં માતા હવે ગાંઠ નથી વાળતી કે ભલે ત્યારે હવે એ સીડી પાસે જઈ પડે નીચે.' માતા બાળકનું અજ્ઞાન જુએ છે, ને તેથી દયા ખાય છે, નિર્દય-નિષ્ઠુર નથી થતી. તો પછી આપણાથી અજ્ઞાન અબુઝ જીવ પર નિર્દય કેમ થવાય ? પરંતુ ખુનસ આપણને નિર્દય બનાવે છે. ખરી રીતે હૈયામાં જીવ પર એવું હેત નથી, તેથી આ ખુનસની ગાંઠ વળાય છે બાળક પર માતાને અપાર હેત છે, તો ખુનસની ગાંઠ વાળતી નથી. સમજે છે કે બચ્ચુ નાદાન છે, અજ્ઞાન છે, તેથી આડાઈ-અવળચંડાઈ કરે, પરંતુ મારાથી એને નુક્સાનમાં કેમ ઊતરવા દેવાય ? માતાનું આ દિલ છે.

આપણને જો જીવો પ્રત્યે ઊછળતો મૈત્રીભાવ હોય તો આપણે પણ સામા જીવની અવળચંડાઈ છતાં તેની અજ્ઞાનદશા જોઈ એના પર ખુનસવાળા ન બનીએ. જોજો દિલમાં કોઈ ને કોઈ ભાવ તો જાગતો જ હોય છે, તો પછી સારો ભાવ જ કેમ ન રાખીએ ? એથી સારા કેમ ન બનીએ ?

સેચનક હાથી જનાવર છતાં એનામાં આ વિવેક અને દયા આવી કે આ લોકોને મને ચલાવવો જ છે. તો ભલે ત્યારે હું ચાલું ને બળું, પરંતુ મારા ભેગા એમને શા માટે બળવા દઉં ? એમની અજ્ઞાનતાભરી અવળચંડાઈ પર મારાથી એવા નિષ્ઠુર ન થવાય કે ભલે ત્યારે એ પણ ભેગા મરે.

**જીવનની આ સુવાસ છે કે અજ્ઞાન જીવની આડાઈ પર એના પ્રત્યે ખુનસ ન પ્રગટે મૈત્રીભાવ જ રખાય.**

જીવન ઘણી બદબોથી દુર્ગન્ધમય છે, એમાં શું આવી કોઈક સુવાસ લાવવાની જરૂર નથી ? ખુનસ રાખ્યે શું વળે ? માનો આડાઈથી સામો નુક્સાનમાં ઊતર્યો, તો તેથી આપણને શો લાભ ? જો એને રોકીએ તો એ બચી જાય, ને આપણને મૈત્રીભાવ ખરે અવસરે કમાવાનો મળે. ખુનસમાં તો આપણે ગુમાવવાનું જ છે.

હાથી હલ્લ-વિહલ્લ બંનેને નીચે ઉતારી ચાલ્યો આગળ, અને જેવો ખાઈની રેતી પર આવ્યો કે ધરરર કરતો અંદરમાં ઊતરી ગયો અને ત્યાં એનાં ભડકા ઊઠ્યા ભડકા ! હલ્લ-વિહલ્લ આ જોતાં જ ચોંકી ઊઠ્યા કે આ શું ? દુશ્મન નીચે અંગારા ને ઉપર રેતીનો પેંતરો રચ્યો લાગે છે ! અરરર ! તો શું હાથી અવધિજ્ઞાથી પહેલેથી જોઈને આટલા જ માટે પાછો ફરતો હતો ? ને અમે મૂઢ અજ્ઞાન એ સમજ્યા નહિ ? છતાં હાથી કેટલો ડાહ્યો કે અમારી આટલી અવળચંડાઈ છતાં અમને એણે બચાવી લીધા !

ક્યાં સજ્ઞાન એની દયા ? ને ક્યાં અજ્ઞાન અમારી અવળચંડાઈ ?

**ખરેખર જ્ઞાનની બલિહારી છે ! અજ્ઞાન શ્રાપરૂપ છે.**

હલ્લ-વિહલ્લ આગળ વિચારે છે, કે-

'તો પછી આ સંસારમાં અજ્ઞાનતાવશ કેટલીય અવળચંડાઈઓ અમારા હાથે થતી હશે ? અજ્ઞાનતા શ્રાપરૂપ છે. આવા સંસારને ઓળખ્યા પછી હવે અમારે સંસાર પણ શ્રાપરૂપ છે આવા સંસારને ઓળખ્યા પછી હવે અમારે સંસાર રાખીને શું કામ છે ? હાથી જનાવર છતાં કેટલો બધો ડાહ્યો કે અમારી આડાઈનો ભોગ બનવા છતાં અમને બચાવી લીધા ! જાતે હોમાઈને અમને જ્ઞાન કરાવ્યું કે આ રેતી નક્કર જમીનની નહિ, પણ નીચે અંગારાને ઢાંકનારી છે.' જીવનની વિશેષતા તો આ જનાવરની ગણાય, અમારી માનવ છતાં શી વિશેષતા ?

**આ સંસાર જ એવો છે કે માનવપણાની સત્તાગીરી ઉપર અવળા ધંધો કરાવે.**

માટે અજ્ઞાનતા અને સત્તાગીરીથી શ્રાપરૂપ સંસારથી સર્યું. બિચારા આ નિર્દોષ જીવનો અમારાથી ઘાત થયો ! સંસારમાં આવા કેટલાય નિર્દોષ જીવોને અમારાથી નુક્સાન પહોંચતું હશે ! ધિક્કાર છે આ ગોઝારા સંસારને ! સંસારવાસને ! આ હાથીએ આજ સુધી અમને કેટકેટલી સેવાઓ આપી, આવાનો અમે વિશ્વાસ-ઘાત કર્યો ? અમારી અજ્ઞાન મૂઢ દશામાં આને જીવતાં બાળવાનું કરાવ્યું ? બસ, આનું પ્રાયશ્ચિત્ત હવે સંસાર ત્યાગ જ હોય.'

હલ્લ-વિહલ્લ બે શ્રેણિકપુત્રો અહીં વિરક્ત બની ગયા છે, 'કોણિકના સંકજામાં સપડાયેલી વિશાલા નગરીમાંથી ક્યારે છૂટકારો મળે ને ચારિત્ર લઈએ' એ ભાવનામાં ચડ્યા. એથી જ્યારે કોણિકે વિશાલા પાડી એનો કચ્ચરઘાણ આરંભ્યો ત્યારે દેવતાએ



હલ્લ-વિહલ્લને ઉઠાવી સાધુ પાસે મૂક્યા, ને એમણે ચારિત્ર લીધું.

વાત આપણી આ હતી કે લોભ-સ્વાર્થમાયા અને અજ્ઞાન ભયંકર છે, વિશ્વાસઘાત જેવાં ઘોર પાપ પણ કરાવે. હલ્લ-વિહલ્લ અજ્ઞાન હતા. તો હઠની અવળચંડાઈથી નિર્દોષ સેવાકારી હાથીને અજાણ્યે આગમાં હોમનારા બન્યા. શું તમારા જીવનમાં લોભથી સ્વાર્થમાયાથી કે અજ્ઞાનદશાથી કોઈ નિર્દોષને નુક્સાન નહિ પહોંચતું હોય ? છતાં આવા પાપિષ્ઠ જીવન પર અફસોસી નથી થતી ? સંસારી જીવન છોડી દેવાની વાત તો બાજુએ, પરંતુ જીવનમાંથી લોભ અને સ્વાર્થમાયા ઓછી કરવાનું પણ મન નહિ ? અજ્ઞાનદશા મિટાવવા થોડું થોડું ય સમ્યગજ્ઞાન નિયમિત રીતે પ્રાપ્ત કરવાની તમન્ના નહિ ? ગરજ નહિ ?

**રાજપુત્રથી વાનરને દગો :-**

પેલો રાજકુમાર, નીચેના વાઘે એક બાજુ દમ મારતાં અને બીજી બાજુ કાલાવાલા કરતાં, ભૂલો પડ્યો. છેવટે તો બંને આગળ પર નીચે ઊતરતાં મારાથી મરવાના જ છો, તેથી ભાઈ સાહેબ ! આ વાનરને હેઠો નાખી દે જેથી મારી ભૂખ શમે, ને તું બચી જાય.' વાઘના આ બોલવા પર રાજકુમાર ફસાયો ને એણે પોતાના ખોળામાં વિશ્વાસે ઊંઘતા વાનરને નીચે ધકેલ્યો. આમાં ભય પણ કામ કરી ગયો રાજકુમારને ભય લાગ્યો કે વાનરને ન ધકેલું તો આ વાઘ પૂંઠે પડ્યો છે એટલે રાત વીતી ગયા પછી પણ અમને બંને માથે એના હલ્લાનો ભય છે, તો આમેય વાનર તો ખત્મ થવાનો જ છે, એના કરતાં જો અત્યારે જ આને સોંપી દઉં તો પછી વાઘ ચાલ્યો જાય, ને હું બચી જાઉં છું, માટે આ શા સારુ મારા માથે ભય ઊભો રાખું ?' એમ ભયની સંજ્ઞાથી પણ વાનરને એણે નીચે ધકેલ્યો.

**ભયસંજ્ઞા ખતરનાક :-**

શાસ્ત્રકારોએ આહારસંજ્ઞા, વિષયસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞાની જેમ ભયસંજ્ઞાને પણ ખતરનાક કહી છે. એ પણ આ ભવચક્રમાં ભ્રમણનું કારણ છે; કેમકે ભયસંજ્ઞા પર હિંસાદી દુષ્કૃત્યો અને ક્રોધાદિ કષાયોને અવકાશ મળે છે. અહીં જ જુઓ કે વાનરની હિંસા થતી હોય તો ભલે થતી એમ રાજકુમારે ભયના માર્યા વાનરની હિંસામાં પ્રેરક બનવાનું મન થયું. જો પોતાના જીવનના નાશનો ભય ન રાખ્યો હોત તો મોંમાં ધકેલવાનું મન શાનું થાત ? કે ભૂખ્યા વાઘની ખોટી દયા ખાવાનું મન શાનું કરત ?

ત્યારે તમારા જીવનમાં પણ જુઓ કે ભયના માર્યા હિંસા તરફ પ્રેરાઓ છો કે નહિ ? મોટી બિમારીમાં ડાક્ટર કહે કોડલીવર ઓઈલ અર્થાત કોડ નામની માછલીના કલેજાનું તેલ પીઓ, લીવરના ઈંજેક્શન લઈ લો, તો બચી જશો, નહિતર

આ રોગમાં ખત્મ થઈ જશો,' તો એ લેવાનું મન થઈ જાય ને ? શું મનને એ હિંમત રહે ખરી કે ભલે મારું જીવન પૂરું થાઓ, પણ હું બીજા જીવોની ઘોર હિંસાથી નીપજતી દવા તો ન જ લઉં. ?' ના, ભય હોય ત્યાં આ હિંમત ક્યાંથી રહે ?

આજે આર્યકુળનાં છોકરા ડાક્ટરી વિદ્યામાં દેડકા, વાંદા વગેરેની જાતે હિંસા કરવાનું કેમ સ્વીકારી લે છે ? ભય છે કે બીજી લાઈન લઉં અને એવા પૈસા ન મળે તો ? એટલું સમાજમાં માનવંતુ સ્થાન ન મળે તો ?' આવો ભય છે માટે.

**ભયસંજ્ઞાથી હિંસાના વિચાર સસ્તા :-**

ભયસંજ્ઞા કેવી ખતરનાક છે કે હિંસા કરવા કરાવવાનું તો પછી, ઘણ હિંસાના વિચાર સસ્તા સુલભ કરી દે છે ! દા.ત. સાપ વગેરેનો ભય ઊઠે ત્યાં મનને સહેજે એમ થઈ જાય છે કે મારા પર સાપ વગેરે દોડી આવે તો હું લાકડીથી એને ખત્મ જ કરી નાખું. 'કદાચ સાપ વગેરેનું આક્રમણ ન ય થવાનું હોય છતાં ભયના માર્યા આવો હિંસાનો વિચાર આવી જવો સંભવિત છે. ત્યારે ભયસંજ્ઞા કેવી જુલ્મગાર !

**સિનેમા જોતાં ભયસંજ્ઞા શી ખરાબી સરજે ? :-**

સિનેમાના પિક્ચર જોનારને ઘણું બધું જોવા મળે છે, એમાં એવું ય જોવામાં આવે કે જ્યાં પોતાને કલ્પના થાય કે મારે કદાચ આવો પ્રસંગ ઊભો થાય તો ?' એથી પોતાને ભય ઊભો થાય. અહીં કોણ કહી શકે એમ છે કે એ ઊભા થયેલા ભયના માર્યા પોતાને કોઈ હિંસાનો વિચાર નથી આવતો ?' સહેજે મનને એમ થાય કે અમારે આવું બને તો હું સામે આવો બચાવ કરી આને ઠોકી પાડું.' અથવા કોઈ બચાવનાર પોલીસ વગેરે આ દુષ્ટને ઠોકી પાડે તો સારું.' જમાનાએ હિંસાના સાધનો પણ ભરપૂર ઊભા કર્યા છે, તેથી કલ્પિત ભયના પ્રસંગમાં ભયના માર્યા એવું એક યા બીજું હિંસાનું સાધન વાપરવાનું મન થઈ જાય. ભયસંજ્ઞા કેવી છે કે ખરેખર ભયનો પ્રસંગ ન ઊભો થયો હોય તો ય એની કલ્પનામાત્રમાં ય ભય લગાડી દે ! ને પછી ભયનો માર્યો જીવ હિંસાદિ પાપના વિચારમાં ચડી જાય છે. જાણે ખરેખર માનસિક હિંસા જૂઠ અનીતિ વગેરે કરવા ન લાગતો હોય ? પછી એ હિંસાદિના પ્રમાણનો ય વિચાર નથી રહેતો. કે ક્યાં સુધીની હિંસા વગેરે આચરાય.

દા.ત. પિક્ચરમાં જોયું કે 'ચોર સિફતથી કોઈ શ્રીમંતના ઘરમાં પેસી શ્રીમંતને રાઈફલ કે ખંજર તાકી તિજોરીની ચાવી કઢાવી તિજોરી ખોલે છે. તિજોરીમાં લાખોનું ઝવેરાત છે, એ લઈ શ્રીમંતને ખત્મ કરવો છે ને ભાગી જવું છે.' આ દૃશ્ય જોતાં પોતાને એવું કાંઈ બનવાની કલ્પના પર ભય ઊભો થાય છે. પછી ભયમાં



બચાવનો માર્ગ કાઢવા શું પોતાને કોઈ હિંસાનો વિચાર નહિ આવે ? આમાં તે પહેલેથી જ તિજોરીને ઇલેક્ટ્રીફાઈડ જ રાખવી જોઈએ જેથી ચોર એને અડતાં જ ખત્મ થાય,'- આ અગર આવો કોઈ બીજી રીતની ચોરની હિંસાનો વિચાર આવવો સુલભ છે.

**ભયસંજ્ઞામાં વેદાન્તમતની માફક શૂન્યમાં ઘોર સર્જન થાય છે !**

ભયસંજ્ઞાની ખૂબી કેવી છે ? પ્રસંગ ખરેખર બન્યો નથી, પ્રસંગની માત્ર કલ્પના જ છે, છતાં એમાં ભય ખરેખરો ઊભો થઈ જાય છે. ને હિંસાની વિચારણા ખરેખરી થઈ આવે છે ! સિનેમાના પિક્ચરો જોનારને આવા કેટલાય પાપ વિચારો આવતા હશે; તો બોલો, પિક્ચરે શું આપ્યું ? ગાંઠના પૈસા ખોઈને આ ખરીદવાનું ને ? એવા હિંસાદિના વિચારે કેવી ઘોર નરકાદિના દુઃખની અશાતાનાં કર્મ બંધાય ? બીજા ય જ્ઞાનાવરણ આદિનાં કેવાં પાપ કર્મ બંધાય ? હિંસાદિના વિચાર લીન તરબોળ બનીને કરેલા છે એટલે એનાથી બંધાતા પાપકર્મ પાછા કેવા પાપનુબંધવાળા એટલે કે કેવાં પાપાનુબંધી પાપકર્મો બંધાય ?

**આ પાપ અનુબંધ એટલે ?** સમજો છો ને ? ભવિષ્યમાં એ ઉદય પામીને જીવને પાપબુદ્ધિ-દુષ્ટબુદ્ધિ કરાવે. મનમાં પાપિષ્ઠવૃત્તિ  સંસ્કાર કહો, કે પાપિષ્ઠવૃત્તિનાં સંસ્કાર કહો, એક જ વસ્તુ છે. અગ્નિશર્માએ રાજા ગુણસેન ઉપર વૈર ઊભું કરી તીવ્ર ક્રોધ અને હિંસાના વિચારમાં ભયંકર પાપાનુબંધ ઊભા કર્યા, તો એને જનમ-જનમ એ ગુણસેન એટલે કે સમરાદિત્યના જીવ પર દ્વેષ અને એને મારી નાખવાની દુષ્ટબુદ્ધિ થયે જ ગઈ. જનમ જનમ આ દુષ્ટબુદ્ધિ અને મારી નાખવાની પ્રવૃત્તિએ એને અનંતકાળનું સંસાર ભ્રમણ ઊભું કરી આપ્યું !

**પાપી ભાવો શાથી ? :-**

વિચારવા જેવું છે કે જીવનમાં ભયસંજ્ઞાવશ કેટલાય પાપવિચારો એવા લિનતાભર્યા આવતા હશે કે જેમાં કર્મબંધમાં પાપાનુબંધો પણ સીલપેક થતા હશે તો એના દુઃખદ પરિણામ કેવા ? અહીં જ જુઓને કે વારે વારે સહેજે પાપવૃત્તિઓ ઊભી થાય છે એ શાથી ? કહો કે પૂર્વના પાપાનુબંધોના પ્રભાવે, એ લીનતાભર્યા પાપવિચારો અને પાપીભાવો કરેલા એના પ્રતાપે. તો અહીં પણ એ થયા કરવાથી નવા પાપાનુબંધો કેટકેટલા સંગૃહીત થાય ? ને પરલોકે એના દુઃખદ પ્રત્યાઘાત કેવા ?

જમાનાના વધેલા સાધનોમાં કશું મોહવા જેવું નથી; છાપાઓ વાંચનારા કેટલા એવા મળે કે જે રાગદ્વેષ કષાયો અને બીજા આર્તધ્યાન રૌદ્રધ્યાન વગેરે અશુભ ભાવોથી બચી શકતા હશે ? છાપામાં તો કેટલીય મોકાણો આવે, એને વાંચનારો રસથી વાંચે છે, તેથી સહેજે એની અસર લીધા વિના રહે નહિ. અસર

લે એટલે તેવા તેવા અશુભ ભાવથી લેપાયા કરવાનો. તે પણ કેટલીક વાર પોતાને લેવા દેવા વિનાના અને નિષ્ફળ ભાવોથી ખરડાવાનો.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૪,અંક-૪૪,તા.૨૪-૭-૧૯૭૬**

દા.ત. છાપામાં વાંચ્યું કે પાકિસ્તાન કે ચીનના સરહદી સૈનિકોએ ભારતની છાવણી પર હલ્લો કર્યો. ભારત સરકારે એનો સખ્ત વિરોધ નોંધાવ્યો.' હવે આવું વાંચતાં જો મનમાં સહેજે એની અસર લઈ એમ થાય કે આ તે ભારત સરકાર કેવી બાયલી છે ? આવાઓને તો સીધા જ ઠોકી પાડવા જોઈએ.' તો આ શું કર્યું ? રૌદ્રધ્યાનના હિંસાના વિચાર, પોતાને લેવા દેવા છે ? દેશની દૃષ્ટિએ લેવા દેવા હોય તો ય આ વિચારથી કાંઈ ઉપજવાનું છે ? આ વિચારનું કશું ફળ આવવાનું ? કાંઈ જ નહિ કિન્તુ,

**ભયસંજ્ઞા વગેરે સંજ્ઞાઓ જ એવી છે કે કેટલાય પાપ વિચારો કરાવે, પાપભાવો જગાવે, પાપ બોલ બોલાવે, ને પાપપ્રવૃત્તિ ઊભી કરે.**

ભયસંજ્ઞાવશ હિંસાના વિચારની વાત થઈ. ભયસંજ્ઞા જૂઠ પણ બોલાવે છે. નોકરની ભૂલ થઈ હોય પણ શેઠના ઠપકાના ભયથી નોકર જૂઠ બોલી ભૂલ છુપાવે છે. એમ છોકરો માબાપના ઠપકાના કે મારના ભયથી યા ધણિયાણી ધણીના ગુસ્સાના ભયથી જૂઠ બોલે છે. ભયસંજ્ઞા કેવી ખતરનાક છે કે કોરટમાં કેસ હારી જવાના ભયથી માણસ એમ જ ઘરે બેઠો બેઠો જૂઠના વિચારો કરે છે ? કે કોરટમાં આમ અસત્ય કહીશ, ને આમ સત્ય કહીશ. જરૂર પડ્યે કોરટમાં એવા સવાલ જ ન પૂછાય તો એને એવું સત્ય બોલવાનો અવસરે ય ન આવે. છતાં **ગોઝારી ભયસંજ્ઞા વિચારમાત્ર કરાવી તત્ક્ષણ અઢળક પાપકર્મ અને સાથે પાપાનુબંધ બંધાવે છે.**

ભયસંજ્ઞા ચોરી અનીતિ અપ્રમાણિકતા પણ કરાવે છે. 'રખે ઘરાક ચાલ્યો જાય તો ?' એ ભયથી ખોટો માલ સફાઈબંધ રીતે એને પકડાવે છે. વેપારમાં કે બીજી રીતે નાણાં ખોયા, હવે આબરૂ જવાનો ભય લાગે છે, તો ભયનો માર્યો ધર્માદાના કે બીજાનાં નાણાં કામચલાઉ ઉપયોગમાં લઈ લે છે. આ અનીતિ છે.

એમ 'વખત ખરાબ આવે તો ?'- એવા ભયથી માણસ પરિગ્રહ પણ વધારે પડતો ભેગો કરે છે. અધિક પરિગ્રહ એ મહાપાપ છે, એ ન ભૂલશો. માટે તો મમ્મણ સાતમીએ ગયો. અધિક પડતો પરિગ્રહ મનને એવું પકડે છે કે એમાં ઓતપ્રોત મન એક બાજુ પરમાત્મામાં ભળી શકતું નથી, ને ધર્મની હોંશ થતી નથી, અને બીજી બાજુ પાપવિચારો બહુ આવે છે. આમાં મૂળ કારણ ? ભય-



સંજ્ઞાની પકડ, વાતવાતમાં 'આમ થાય તો ?' એવો ભયભરી ફિકર.

ત્યારે જીવનમાં ભયસંજ્ઞાને જીતવી એ કેટલું મહાન ઉન્નતિનું સાધન બને ? ભયસંજ્ઞા જીત્યા પછી મનને ફિકર નહી કે આમ બગડી જાય તો ? માન ઘવાય તો ? પૈસા ખોવાય તો ?...' એ નહિ એટલે ભયથી થતી હિંસા, ભયથી બોલાતું જૂઠ, ભયથી આચરાતી અનીતિ-અપ્રમાણિકતા...કશું કરવાની જરૂર નહિ; એના વિચાર પણ નહિ, 'ફલાણાને આપી આપત્તિ આવી. આપણે આવે તો ? આપણે તો સામાને આમ જ કરી નાખીએ, એવો હિંસાદીનો વિચાર શું કામ કરે ? કેમકે આપણે આવી આપત્તિ આવે તો ?' એવો ભય જ રાખ્યો નથી.

**પ્ર.**- આપત્તિ દેખાય ને ભય કેમ ન લાગે ?

**ઉ.- ભય ન લાગવામાં અનેક ઉપાય છે,-**

(૧) એક તો એમ થાય કે અત્યારે તો આપત્તિ નથી ? તો પછી ખોટા ઉચાળા લેવાનું કામ છે ? આમ થશે તો ? તેમ થશે તો ?' એવા ભય ભરેલા ખ્યાલ કાયર માણસો કરે. એથી વળતું કાંઈ નથી, ને મન નકામું વ્યથિત રહે છે. થવાનું હશે તે થશે, ને થશે, ત્યારે જોયું જાશે. ભયના ખ્યાલ કરતાં છતાં ય બનવાનું તો બને જ છે, તો એવો ખ્યાલો કરવાથી શો લાભ ? એમાં ઊલટું સત્ત્વનો નાશ થાય છે મન ચંચળ રહે છે.

ઘણાની ફરિયાદ રહે છે કે ધર્મક્રિયા વખતે અમારું મન સ્થિર નથી રહેતું. આડાઅવળા વિચારોમાં પડી જાય છે. શું કરવું ? હવે અહીં જો તપાસ કરવામાં આવે તો દેખાશે કે એક કારણ ભયસંજ્ઞા છે. એથી આ ને તે ભયની લાગણીમાં મન ચકડોળે ચડે છે. માટે ભયના વિચારો જ ખોટા, ભયની સંજ્ઞા જ વાહિયાત, એ અટકાવવા આ વિચારવાનું કે ભય સેવવામાં સત્ત્વ હણાય છે અને મન ચંચળ બને છે માટે ભય શા માટે સેવું ?

બીજો વિચાર આ છે કે જેનાં અંગે ભય સેવાય છે એ બધું લગભગ કર્માધીન હોય છે; અથવા ભવિતવ્યતા આધીન હોય છે. એમાં ભય રાખવાથી કાંઈ સુધારો થતો નથી કે ફેરાફર થતો નથી. માટે ભયની લાગણી ઊભી થતાં જ મારે આ વિચારવાનું કે કર્મ અનુસાર કે ભવિતવ્યતા વશ બનવું હોય તે બનવા દે એ નિર્ધારિતમાં ભયથી કશો ફેરફાર થવાનો નથી માટે ભય પડતો મૂકું આમ ભય અટકાવવામાં કર્મ અને ભવિતવ્યતાની શ્રદ્ધા વધે છે. એ વધવાથી કર્મ ભવિતવ્યતાના અકાટ્ય સિદ્ધાંતને કહેનાર તીર્થંકર ભગવાન પર અને ભગવાનના વચન પર શ્રદ્ધા વધે છે. ભય રોકીને આવા મહાન લાભ શા માટે ગુમાવું ?

**કર્મ અને ભવિતવ્યતા પર અટળ શ્રદ્ધા થાય એ મામૂલી ચીજ નથી; એ**

**શ્રદ્ધા એક મહાન ગુણ છે, ને જીવને એ દુઃખમાં પણ દુઃખી નથી બનવા દેતો, ને સુખમાં છકી નથી જવા દેતો.**

રાજા હરિશ્ચંદ્ર, તારામતી, નળરાજા ને દમયંતી, રામચંદ્રજી ને સીતાજી, પાંડવો, ને દ્રૌપદી,...એમને દુઃખ મોટા આવ્યા, રાજાશાહી ઠાઠ મૂકી વનમાં ભટકવાનું ! છતાં એ મનથી દુઃખી દુખિયારા નહોતા થયા, 'અરેરે ! અમારે બધુ લુંટાઈ ગયું, કેવી અમારી દુર્દશા ! કેટલા દુઃખ !' આવી લાચારી નહોતા અનુભવતા, કારણ એક જ કે એમને કર્મ ઉપર આ અટલ શ્રદ્ધા હતી, કે કર્મ કરે તે થાય. કર્મના ઉદય નિર્ધારિત તે એનું ફળ દેખાડે જ, ત્યાં રોવાનું શું ?' મનથી દુઃખી દુખિયારા નહિ, એટલે ચિત્તમાં શાન્તિ સમતાભાવ સારો, તેથી દુશ્મન પર એવો દ્વેષ નહિ, મનમાં એનું રૌદ્રધ્યાન નહિ. કર્મ પર શ્રદ્ધા ન ઝગમગે, તો તો મનને કેટલું ય આર્તધ્યાન થયા કરવાનું. વળી પાપી વિચારો-વિકલ્પો ય ચાલવાના, બીજા પર દ્વેષ ધમધમાટે ય થયા કરે.

શ્રેણિક રાજા કેમ નરકે ગયા ? આમ તો પુત્ર કોણિકે એમને કેદમાં પૂરેલા, અને રોજ ફટકા મરાવાનું રાખેલું, તો ય ત્યાં શ્રેણિક કર્મ પરની શ્રદ્ધાના બળ પર કોણિક ને દોષ નહોતા દેતા પરંતુ પોતાના પૂર્વોપાર્જિત કર્મનો જ વાંક ગણતા, ને કોણિક પર દ્વેષ નહિ, તેમ જે લાયક પુત્ર અભયકુમારે રાજયગાદી ન સ્વીકારતાં દીક્ષા લઈ લીધી એને પણ દોષ દેતા નથી કે આ અભયકુમારે દીક્ષા લીધી એટલે મારે એ એક સમ્રાટપણામાંથી ભયંકર અપમાનિત અને દુઃખદ કેદીની સ્થિતિમાં મૂકાવું પડ્યું, એણે જો રાજયગાદી સ્વીકારી હોત તો કોણિક વા ખાત, ને મારે રાજપિતા તરીકે સન્માનભરી સાહ્યબીમાં મહાલવાનું રહેત. પણ અભયે દીક્ષા લઈને આ દુઃખદ દુર્દશા મારે ઊભી થઈ.' ના, અભયકુમારને આવો કોઈ દોષ દેવાની વાત નહિ, કેમકે કર્મશ્રદ્ધાથી મનને એ નક્કી હતું કે મારા પોતાના પૂર્વ કર્મ જ એવા ખંધા હોય ત્યાં એને અટકાવવા રદ કરવાનું અભય શું કરી શકે ? એવાં નિકાચિત કર્મ તો એનો નિર્ધારિત ઉદય પામે જ, ને એ આજુબાજુના ગમે તેવા સંયોગોને પણ નકામા ઠેરવી પોતાનું ફળ દેખાડે જ. તેથી આ વિષમ સ્થિતિ જયાં એવાં મારાં કર્મ જ સરજી રહ્યો છે ત્યાં અભયકુમારની દીક્ષા એમાં કશું જ કારણ નથી. સારું થયું એ બિચારો આવા સંસારથી છૂટ્યો, ને હું નિઃસત્ત્વ સંસારમાં ખૂંચ્યો રહ્યો.

જુઓ, હજી સુધી કરમ પરની અટળ શ્રદ્ધામાં શ્રેણિક એવા સારા અધ્યવસાય ને સારી લેશ્યામાં નરકના દરવાજા ખખડાવે એમ નથી. તે ઠેઠ અંત સમય નજીક આવી લાગ્યો ત્યાં સુધી કર્મશ્રદ્ધામાં કોણિક પર દ્વેષ નહિ, અને મેઘકુમાર નંદીષેણ



અભયકુમાર વગેરેએ ચારિત્ર લઈ કર્મક્ષયનો માર્ગ લીધો એને ધન્યવાદ આપી એની અનુમોદના કરે છે. તો હજી સુધી શ્રેણિકને નરકની લેશ્યા પકડે એમ નથી.

સામાન્ય રીતે એવો નિયમ છે કે 'સ્વર્ગ-નરકની લેશ્યા લેવા આવે છે ને મૂકવા જાય છે;' અર્થાત્ અહીંથી જીવ જો નરકમાં જવાનો હોય તો નરકની કૃષ્ણ લેશ્યા અહીં અંતસમયે પ્રગટ થઈ જાય છે, અને જો દેવલોકમાં જવાનો હોય તો એને યોગ્ય શુભ લેશ્યા અહીં અંતસમયે ઊભી થઈ જાય છે. એમ દેવતા જો મરીને એકેન્દ્રિયપણામાં પણ જવાનો હોય તો દેવપણાની શુભ તેજોલેશ્યા ત્યાં જનમતાં ક્ષણભર પ્રગટ રહે છે, અલબત તીર્થંકરનો આત્મા નરકમાંથી નીકળી અહીં મનુષ્ય અવતારે આવે ત્યારે કૃષ્ણલેશ્યા સાથે નહિ જન્મે; પરંતુ એમને ય પૂર્વના ત્રીજા ભવેથી જો નરકમાં જવાનું હોય તો અંતસમયે કૃષ્ણલેશ્યા આવી જાય છે. શ્રેણિકને નરકમાં જવાનું છે કિન્તુ હજી જયાં સુધી કર્મશ્રદ્ધા ઊભી છે ત્યાં સુધી એમનામાં કૃષ્ણલેશ્યા ઊભી થઈ શકતી નથી; પણ હવે જયાં બરાબર અંતિમ અંતર્મુહૂર્ત સમય આવ્યો ત્યાં શ્રેણિકની વિચારસરણી કોણિક ધ્યાન પર આવતાં એના પર દ્વેષ ભભૂકી ઊઠ્યો; કેમકે ત્યાં કર્મ પરની શ્રદ્ધાનો ખ્યાલ દબાઈ ગયો. પ્રશ્ન થાય,

**પ્ર.**- શ્રેણિકને તો ક્ષાયિક સમ્યક્ત્વ હતું, ને એ તો હવે એમને શાશ્વત થઈ ગયેલું, તો એમાં જિનોક્ત કર્મતત્ત્વની શ્રદ્ધા તો કાયમની જ હોય ને ? એમને ક્યાં મિથ્યાત્વ આવવાનું હતું કે તત્ત્વશ્રદ્ધા ઊડે ?

ઉ.- વાત સાચી, કે એમને તત્ત્વની શ્રદ્ધા કાયમની, પરંતુ એ દર્શન મોહનીયના ક્ષયનો પરિણામ છે. કિન્તુ એનો ઉપયોગ અર્થાત્ તત્ત્વનો યથાર્થ નિર્ણય એ મતિજ્ઞાનનો અપાય નામનો પ્રકાર છે, એ મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમરૂપ છે. એ કાંઈ ક્ષાયિક પરિણામ નહિ, એટલે કાયમનો ઊભો રહેનારો નહિ. કોઈ વાર ઉપયોગ ન પણ હોય. એટલે જ અહીં એ દબાઈ જતાં કોણિક પર દ્વેષ ઝળહળ્યો; નરકની કૃષ્ણલેશ્યા ભભૂકી ઊઠી અને શ્રેણિક ત્યાં કાળ કરતાં નરકમાં ઘસડાઈ ગયા.

પૂછો,-

**પ્ર.**- આટલે બધે ઠેઠ અંતસમયની નજીક સુધી કર્મશ્રદ્ધા વગેરેના શુભ ભાવ સાચવ્યા, તો હવે છેવટે સહેજ અંતસમયે કેમ બગડી ગયું ? તો પછી આપણો ય શો ભરોસો કે ઠેઠ સુધી સારા ભાવ ટકાવીએ ને- અંતસમયે બગડી ય જાય ?

ઉ.- આ પ્રશ્નના સમાધાનમાં પહેલી આ વાત સમજી રાખવાની છે કે ગુણસ્થાનક-ક્રમારોહ નામનું શાસ્ત્ર કહે છે કે

**જે ભાવે પરભવનું આયુષ્ય બાંધ્યું હોય, એ ભાવ અહીં મૃત્યુ સમયે આવીને ઊભો રહે છે.**

ત્યારે, શ્રેણિક રાજાએ પૂર્વે નરકનું આયુષ્ય બાંધેલું એ વખતે કૃષ્ણલેશ્યાના ભાવમાં રહીને બાંધેલું એટલે હવે મૃત્યુસમયે એ ભાવ આવીને ઊભા થઈ ગયા. પરભવનું આયુષ્યકર્મ એ ભાવમાં બાંધી મૂક્યું છે, ને હવે એ આયુષ્યકર્મ અહીંનું આયુષ્યકર્મ તૂટી જતાં જ તરત જ ઉદયમાં આવવાનું છે, એટલે સહેજે એનો ભાવ ખેંચી લાવે.

ગોશાળાએ જો અંતસમયે પરભવનું આયુષ્યકર્મ ન બાંધ્યું અને પૂર્વે બાંધી મૂક્યું હોય. તો બારમા દેવલોકનું આયુષ્યકર્મ હોવાથી શુભભાવમાં જ બાંધ્યું, હોય એટલે પાપી પણ ગોશાળાને છેવટે ભગવાન મહાવીરપરમાત્માને તેજોલેશ્યાથી બાળી મૂકવાના અતિ ભયંકર અશુભભાવ જાગેલા છતાં અંત-સમયે સારા પાપસંતાપના ભાવ જાગી ગયા ને પોતાના શિષ્યોને સાચું કહી દીધું કે 'હું જિન સર્વજ્ઞ નથી, પરંતુ પાપાત્મા ગોશાળો, છું, ને મેં મારા એક વખતના ધર્માચાર્ય ગુરુ વર્ધમાન સ્વામીજિનની મેં ઘોર આશાતના કરી. એનું, આ મારી જ એમના પર મુકેલી તેજોલેશ્યાથી હું બળી રહ્યો છું તેથી હું તમને કહું છું કે કોઈ ધર્માચાર્ય-ધર્મગુરુની આશાતના કરશો નહિ, ને આખી શ્રાવસ્તિની પ્રજાને આ મારો સંદેશો સંભળાવજો. લોકોને આ સંદેશા પર વિશ્વાસ બેસે એટલા માટે મારા મડદાને દોરીએ બાંધીને કૂતરાના મડદાની જેમ શ્રાવસ્તિની શેરીઓમાં અને રાજમાર્ગ પર ઘસડજો એના પર તમે થુંકજો અને આ સંદેશો જાહેર કરતાં કહેજો કે ધર્માચાર્યની આશાતના કરે એના અહીં પણ આ હાલ થાય કે એક તો મહા રિબામણનું મોત પામે અને બીજું એના જ ભક્તો એના મડદા પર થુંકતાં એને કૂતરાના મડદાની જેમ બજાર વચ્ચેથી ઘસડતા લઈ જાય.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૪,અંક-૪૫,તા.૩૧-૭-૧૯૭૬**

અલબત, શિષ્યોએ એમ કરવાનું સ્વીકારીને ગોશાળાનું મોત થતાં બહારમાં એમ કર્યું નહિ, પરંતુ સ્વીકારેલું પાળવાનું મન મનાવવારૂપે મકાનની અંદર જ શ્રાવસ્તિ ચિત્તરી એ ચિત્રમાં દોરેલા માર્ગો ને શેરીઓ પર મડદાને ફેરવી બહુ ધીમા સાદે એ સંદેશો ઉચ્ચાર્યો. જો પ્રમુખ શિષ્યોએ ગોશાળાએ કહ્યા મુજબ શ્રાવસ્તિ નગરની શેરીઓમાં અને માર્ગો પર એના મડદાને ઘસડતાં અને એના પર થુંકતાં એ સંદેશો જાહેર કર્યો હોત તો જગતમાં જે ભ્રમણા ચાલી હતી કે ગોશાળો પણ જિન-સર્વજ્ઞ છે, એ ભ્રમણા કદાચ દૂર થાત અને એનો આજીવકમત નિયતિવાદ સર્વજ્ઞના મત તરીકે કદાચ પ્રચાર ન પામત. પરંતુ અહીં ભવિતવ્યતા બળવાન છે



કે શિષ્યોને એમ કરવું રુચ્યું નહિ, પોતે પણ એ મતના દષ્ટિરાગવાળા બનેલા એને સત્ય જ માની કદાચ ગોશાળાના આ અંતિમ કથનને અસ્વસ્થ મગજનું કથન લેખ્યું હશે. ગુરુને અસહ્ય વેદનાની રિબામણમાં અસ્વસ્થ મગજવાળા બની ગયેલા સમજ્યા હશે. ગમે તેમ પણ એમણે ગોશાળાનો સાચો જનહિતકારી સંદેશો જગતને કહ્યો નહિ, ને અંદરખાને પતાવ્યું. આ એક તથા પ્રકારની ભવિતવ્યતાનો ભાવ ગણાય, કે ગુરુનો સચોટ આદેશ છતાં શિષ્યોએ એનો અમલ ન કર્યો. દષ્ટિરાગ કેવો ભયંકર છે ! કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી મહારાજ કહે છે. **'द्रष्टिरागस्तु पापीयान् दुरुच्छेदः सतामपि ।'** અમુક કુમાન્યતાનો રાગ એવો પાપિષ્ઠ છે કે સારા સારા માણસોને ય એ છોડવો મુશ્કેલ !

ખેર; શિષ્યો મિથ્યાભાવમાં રુલતા રહ્યા, પરંતુ ગોશાળો અંતે પામી ગયો, પાપસંતાપના શુભભાવમાં આવી ગયો. એ પ્રતાપ આ નિયમનો કે -

**'પરભવનું આયુષ્યકર્મ બાંધતી વખતે જે શુભ કે અશુભભાવ હો તે ભાવ મૃત્યુ વખતે આવીને ઊભો રહે.'**

ત્યારે જો ગોશાળાએ પરભવનું આયુષ્યકર્મ અંતસમયે જ બાંધ્યું હોય, તો એ બાંધવામાં કારણ તરીકે શુભભાવ જાગ્યા એ કારણ સમવાયનો પ્રતાપ. કારણ સમવાય વેદનાની અસહ્ય રિબામણ, બીજા પર પોતાનું જ કરેલું પોતાને ભોગવવું પડ્યાનો પ્રસંગ, તેવી ભવિતવ્યતા પોતાનો શુભ પુરુષાર્થ...વગેરે આવે.

અહીં એક વસ્તુ ખૂબ ધ્યાનમાં રાખવા જેવી આ છે કે ગોશાળાને હું ચારિત્ર લઉં, અનશન કરું શીલ પાળું તપ કરું, ત્યાગ કરું, આવા કોઈ ધર્મના ભાવ નથી જાગ્યા, છતાં બારમાં દેવલોકમાં લઈ જાય એવા ઉચ્ચ શુભભાવ આવ્યા તે શેના ? પાપસંતાપના, પાપના પશ્ચાત્તાપના. મનને એમ ભારે બળતરા ઊભી થઈ કે 'અરેરે ! મેં મારા ધર્માચાર્યની ક્યાં આ આશાતના કરી ? ને ત્યાં મેં જગતમાં મારું સર્વજ્ઞપણાનું જૂઠ ચલાવ્યું ?' પાપના આ સાચા પશ્ચાત્તાપે એને જગતને સાચું કહી દેવા તરફ પ્રેર્યો; અને બારમા દેવલોકની શુભલેશ્યા આપી !

**જૈનધર્મ કહે છે પાપનો સંતાપ-પશ્ચાત્તાપ એ એક જબરદસ્ત શુભ ભાવ છે; ને એથી જ પ્રતિક્રમણનું ભારે મહત્ત્વ છે.**

**પાપ ચાલુ છતાં પ્રતિક્રમણનો શો અર્થ ?**

તેથી જે લોકો એમ કહે છે,

**પ્ર.-** રોજ ને રોજ પ્રતિક્રમણ કરવું અને પાપ તો પાછા કરતા રહેવું છે, તો એવા પ્રતિક્રમણનો શો અર્થ ?'

**ઉ.-** આવું કહેનારા અજ્ઞાન છે. એમને ખબર નથી લાગતી કે પાપ ભલે

કદાચ છોડી ન શકાયા, છતાં પ્રતિક્રમણમાં પાપનો જે ભારે સંતાપ પશ્ચાત્તાપ કરાય છે, એ મહાન શુભ ભાવ છે. પ્રતિક્રમણનો આ મહાન લાભ છે કે એ પાપસંતાપનો મહાન શુભભાવ જગાવી આપે છે. તો પૂછો,-

ઉ.- ચાલવા ન ચાલવાની વાત તો પછી, પણ પાપસંતાપ કરવા માટે પાપોની ઓળખ જોઈશે કે આને પાપ કહેવાય...આને પાપ કહેવાય...' જો ઓળખ જ નહિ હોય, તો સંતાપ શાનો કરવાનો ? દા.ત. ન્યાય પુરસ્સર પૈસા કમાઈ એનાથી કોઈ ચીજ લાવ્યા, ને તે ખોવાઈ ગઈ એના પર દુઃખ થયા કરતું હોય કે 'આ ન્યાયપ્રાપ્ત ચીજ ગઈ !' તો આ દુઃખ કરવા પર સંતાપ કરવાનો હોય ખરો કે 'અરેરે ! મેં આવું દુઃખ ક્યાં કર્યું !' આવું દુઃખ કરવું એ પાપ છે, આર્તધ્યાનનું પાપ છે,' એવી એની પાપ તરીકેની ઓળખ જ ન હોય, એ પાપ છે એવું સમજાયું જ ન હોય તો એવું દુઃખ કર્યાનો સંતાપ શાનો કરે ?

પ્રતિક્રમણનાં સૂત્ર આવાં પાપની સમજ આપે છે.

બીજી વાત એ છે કે દિવસભરમાં ઢગલાબંધ પાપ કાયાથી વચનથી તો શું, પણ મનથી થયા કરે છે. એટલા બધા પાપ વ્યક્તિશઃ યાદ કરવાનું પ્રતિક્રમણ સૂત્રો વિના શી રીતે બની શકવાનું ? ત્યારે પ્રતિક્રમણમાં સૂત્રોની એકેક ગાથા આવા પાપોના સમૂહ પૈકી દરેક પાપને અલગ અલગ ગણી બતાવે છે. દા.ત. દેવસિઅં આલોઉં ?' સૂત્ર જુઓ, એમાં 'ઇચ્છામિ પડિક્કમિઉં જો મે દેવસિઓ અઈઆરો કઓ' થી શરૂ કરી આ રીતે પાપનો પ્રકાર બતાવ્યા.-

○ 'કાઈઓ, વાઈઓ, માણસિઓ'-કાયિક, વાચિક માનસિક. તે પણ

○ 'ઉસ્સુત્તો, ઉમગ્ગો'- ઉત્સુત્ર, ઉન્માર્ગ અર્થાત્ શાસ્ત્રવિરુદ્ધ બોલ્યા કે આચર્યું,

○ 'અકપ્પો અકરણિજ્જો'- અકલ્પ્ય, અકરણીય, અર્થાત્ શ્રાવક કે સાધુપણાને કલ્પે નહિ એવું યા કલ્પે છતાં સંયોગવશ કરવા યોગ્ય નહિ. એવું.'

○ 'દુજ્ઝાઓ દુવ્વિચિંતિઓ'- દુર્ધ્યાન, દુર્વિચિંતિત, અર્થાત્ ખોટું-દુર્ધ્યાન, એકાગ્રચિંતન કર્યું અથવા ખોટા વિકલ્પો-વિચારો કર્યા,

○ 'અણીયારો અણિચ્છિઅવ્વો' અનાચાર, અનિચ્છનીય, અર્થાત્ આચાર-વિરુદ્ધ કર્યું અથવા આચારરૂપ છતાં શ્રાવકપણાને માટે ઇચ્છનીય નહિ એને છાજે નહિ એ રીતે કર્યું, દા.ત. શ્રાવક મિથ્યાદેવના મંદિરમાં જાય એ આચારવિરુદ્ધ કહેવાય અનાચારરૂપ કહેવાય; પરંતુ જિનમંદિરમાં જાય એ આચારરૂપ છે, કિન્તુ એમાં અવિધિએ જાય એ અનિચ્છનીય છે.

'અસાવગપાઉગ્ગો' શ્રાવકને યોગ્ય નહિ એવો દરેક પ્રયત્ન, આ શ્રાવકપણાને



અયોગ્ય જે કોઈ વિચાર વાણી વર્તાવ.

આ તો બધા પાપના પ્રકાર બધે લાગુ પડે એવા ગણ્યા; પરંતુ તે પાપો શાના શાના અંગે ? તો કહ્યું,-

'નાણે-દંસણે-ચરિત્તારિત્તે-સુએ સામાઈએ'

(૧) જ્ઞાન અંગે, (૨)દર્શન-સમ્યગ્દર્શન અંગે, (૩) ચારિત્રાચારિત્ર-દેશવિરતિ અંગે (૪) શ્રુત-શાસ્ત્ર અંગે અને (૫) સામાયિક સમભાવ અંગે, અર્થાત્ જ્ઞાન આદિ દરેકના સંબંધમાં જે કોઈ કાયિક-વાચિક-માનસિક અતિચાર, જે કાંઈ ઉત્સૂત્ર-ઉન્માર્ગ, જે કાંઈ કલ્પ્ય અકરણીય, દુર્ધ્યાન-દુર્વિકલ્પ, અનાચાર-અનિચ્છનીય અને અશ્રાવક-પ્રાયોગ્ય 'જો મે અઇયારો કઓ' મેં જે કાંઈ ઉલ્લંઘન કર્યું.

તેમજ 'તિણ્હં ગુત્તીણ'...બારસવિહસ્સ સાવગ ધમ્મસ્સ' ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત એમ બાર પ્રકારના શ્રાવક ધર્મનું 'જં ખંડિયં જં વિરાહિયં' જે કાંઈ ખંડન કર્યું કે જે કાઈ વિરાધ્યું, 'તસ્સ મિચ્છામિ દુક્કડં' તે અંગેનું મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

હવે વિચારો, પ્રતિક્રમણના આ સૂત્રના આધાર વિના આટલા બધા દોષો-પાપોનો ખ્યાલ કેમ આવે ? ને ખ્યાલ જ ન આવે, પછી એનો સંતાપ-પશ્ચાત્તાપ શી રીતે કરાય ?

એમ, આખું 'વંદિત્તુ' સૂત્ર જેની પચાસ ગાથાની દરેક ગાથામાં અનેક પ્રકારના અતિચારો-દોષો-પાપો ગણાવ્યા છે, તે એ સૂત્રના આધાર વિના ખ્યાલમાં જ શી રીતે આવી શકે ? ખ્યાલ આવ્યા વિના એનો એનો સંતાપ પશ્ચાત્તાપ શી રીતે કરી શકાય ?

એટલે હવે સમજાશે કે 'પ્રતિક્રમણ ન કરે અને પાપનો સંતાપ કરે તો શું ન ચાલે ?' એ સવાલ વાહિયાત છે. કેમકે સૂત્રના પદો વિના એટલા બધા પાપ યાદ જ શી રીતે આવે ? પ્રશ્ન થાય,

**પ્ર.**- પણ એમ તો સૂત્રનો આધાર લઈને પાપ સંતાપ થઈ શકે ને ? પ્રતિક્રમણ ક્રિયાનું શું કામ છે.

ઉ.- અહીં એક મહત્ત્વની વસ્તુ સમજવાની છે. પાપનો ખરેખરો સંતાપ કરવા માટે દિલને ઘડીભર પાપથી મુક્ત અને સમભાવવાળું કરવું જોઈએ. દિલમાં પાપનું મમત્વ હોય તો પાપ પર તિરસ્કાર અને નિંદા-ગર્હા-સંતાપ શી રીતે થઈ શકવાનો ? દા.ત. પાંચમે પરિગ્રહ પાપની ઘૃણા પશ્ચાત્તાપ કરવા છે, કે 'અરે ! મેં પરિગ્રહ ક્યાં સેવ્યો ! અને એ વખતે પરિગ્રહની મતા રાખી છે, તો એનો સંતાપ કેવો થવાનો ? એટલા માટે પાપ સંતાપ અને થયેલા પાપથી પાછા વળવારૂપી

પ્રતિક્રમણ ખરેખરું કરવા માટે બે ઘડી પૂરતું પાપત્યાગની પ્રતિજ્ઞા અને સમભાવમાં આવવું જોઈએ. આનું નામ સામાયિક છે. પ્રતિક્રમણ ક્રિયામાં આ સામાયિક એ પહેલી ક્રિયા છે.

સામાયિક 'કરે મિ સામાઈઅં' સાવજ્જં જોગં પચ્ચકખામિ' એટલે કે 'સમભાવ-લાભની ક્રિયા કરું છું. પાપવ્યાપારોનો ત્યાગ કરું છું એવી બે ઘડી માટેની પ્રતિજ્ઞા કરવામાં આવે છે. એમાં આરંભ સમારંભ વગેરે પાપ વ્યાપારોનો ત્યાગ થઈ જાય છે, એટલે એ ત્યાગ કર્યા પછી જે પાપ સંતાપ થાય કે 'અરે ! મેં જીવહિંસામય આરંભ-સમારંભ ક્યાં કર્યા !' એ સચોટ પાપસંતાપ થાય; આ હિસાબે જ આ સામાયિક આદિ ક્રિયાવાળી પ્રતિક્રમણની ક્રિયા જરૂરી છે.

પાપ પશ્ચાત્તાપની મહાન ક્રિયા કરવી છે, તો એ માટે આટલેથી બસ નથી કે માત્ર સામાયિકની ક્રિયાપૂર્વક જ પાપસંતાપ પ્રતિક્રમણની ક્રિયા કરાય, હજુ બીજુ પણ વચમાં કરવું જરૂરી છે.

પાપસંતાપ-પાપપ્રતિક્રમણ એ શુભ કાર્ય છે, ને

**દરેક શુભકાર્ય દેવ-ગુરુને વંદનાપૂર્વક જ કરવું જોઈએ.**

શુભ કાર્ય કરતા પહેલાં દેવાધિદેવને વંદન અને ગુરુવંદન કરો. કારણ એ છે કે,

(૧) શુભ કાર્યને બતાવનાર દેવ અને ગુરુ છે. મૂળ પાયામાં દેવાધિદેવે અને વર્તમાનમાં ગુરુએ એ ચિંધ્યા ત્યારે જીવને એની ગમ પડી કે એ કરવા જેવા કાર્ય છે. એટલે જ જીવ એનો પ્રયત્ન કરવા પ્રેરાય છે. માટે જ દેવ અને ગુરુનો એમાં અપરંપાર ઉપકાર છે. તો શુભ કાર્ય કરતા પહેલાં ઉપકારીને કેમ ભૂલાય ? ભૂલીએ તો કૃતજ્ઞતા જ ઊડી જાય. એટલે એ ઉપકારીને યાદ કરવા પૂર્વક એમને વંદના કરવાનું પહેલું જરૂરી; એ હિસાબે પાપનાં પ્રતિક્રમણ પહેલાં દેવ-ગુરુવંદન કરવાનું.

ત્યારે, આપણા જીવનમાં તપાસવા જેવું છે કે કોઈ પણ સારું કામ કરતાં પહેલાં દેવાધિદેવ અને ગુરુને યાદ કરી એમને વંદના કરીએ છીએ ખરા ? નવા જમાનાની રીતરસમે આ ભૂલાવી દીધું છે. જમાનાએ માણસના મગજમાં રાઈ ભરી દીધી છે. તેથી એ માને છે કે હું જે કહું તે બધું મારી હોશિયારીથી કરું છું. આ મિથ્યાઅભિમાન હોય ત્યાં ઉપકારી શાના યાદ આવે ? એમને યાદ કરી શાનો પ્રણામ કરે ? આજના વિદ્યાર્થીની દશા જુઓ કે એ નિશાળમાં ને તે પીરિયડના માસ્તર કલાસમાં આવે ત્યારે પહેલા એમને પ્રણામ કરે ખરો ? ને ઘરે લેસન શરૂ કરતા પહેલાં માસ્તરને યાદ કરી નમસ્કાર કરે ખરો ? તેમ પરીક્ષાનું પેપર લખતા પહેલાં એમ કરે ખરો ? એ નહિ, તો પછી દેવ-ગુરુને યાદ કરવાની ને નમન



કરવાની વાતે ય ક્યાં ?

**વિદ્યાર્થીનું પરીક્ષા વખતે નવકાર સ્મરણ શા માટે ?**

હજી જૈનવિદ્યાર્થી કદાચ પરીક્ષાનું પેપર લખવાનું શરૂ કરતા પહેલાં નવકારમંત્ર યાદ કરશે. પરંતુ એમાં શું પંચપરમેષ્ઠીને એ નમસ્કાર કરે ખરો ? કે માત્ર મંત્ર તરીકે નવકાર યાદ કરે છે ? તે પણ શા માટે ? એના પ્રભાવથી પેપર સારું લખાઈ જાય એટલા જ માટે ને ? કે દેવગુરુ ઉપકારી છે, ને ઉપકારીને પહેલાં યાદ કરવા જોઈએ ને એમને નમસ્કાર કરવો જોઈએ એટલા માટે ?

**દેવગુરુએ અત્યાર સુધી આપણું કર્યું એ જોવાનું નહિ, ને નવનવું ઉઘરાણું ચાલુ ?**

તમારી જ સ્થિતિ તપાસી જુઓ ને કે તમે દરેક કામ કરતા પહેલાં ઉપકારી તરીકે દેવ-ગુરુનું સ્મરણ અને એમને નમસ્કાર કરો છો ખરા ? કદાચ નવકાર મંત્ર યાદ કરતા હો તો કામ સફળ થાય એટલા જ માટે ને ? ઉપકારી પ્રત્યેની કૃતજ્ઞતા બજાવવા માટે ? કોરી સ્વાર્થની જ માયા ? દેવ-ગુરુએ અત્યાર સુધી મારું ઘણું કર્યું એ જોવાનું નહિ, પણ હજી ય દેવગુરુ મારું નવું નવું કામ કરી આપો, એમજ ને ? ઉપકારીના અત્યાર સુધીના લખલૂટ ઉપકાર ભુલાય એ કેવી નિષ્ઠુરતા ? કેવી ધિઠ્ઠાઈ ને શુષ્કતા ? બાપે અત્યાર સુધી દીકરાને પૈસા આપ આપ કર્યા, પણ છોકરો એ કશું યાદ ન કરે, યાદ કરી બાપને પ્રણામ ન કરે, ને નવી નવી ઉઘરાણી કર્યા કરે' લાવો પૈસા,' તો એ છોકરો નિષ્ઠુર હરામી જ ગણાય ને ?

**કૃતજ્ઞતા હેતુ એ નિરાશંસભાવ :-**

ધંધા માટે ઘરેથી નીકળતાં નવકાર યાદ તો કરતા હશો પણ તે નવકાર-પરમેષ્ઠી પાસેથી સારું આંચકવા માટે જ ને ? ભૂલો છો, એ તો એટલી કોરી સ્વાર્થ માયા છે, 'અમારે જુનું યાદ નથી કરવું નવું નવું અમને આપ્યા કરો' આ જ ને ? પણ હવે રાહ બદલો. હવેથી નવકાર યાદ કરી પરમેષ્ઠીને જે નમસ્કાર કરો તે મહાઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા બતાવવા માટે કરો,-'અહો ! મારા પર પરમેષ્ઠી દેવ ગુરુનો અપરંપાર ઉપકાર છે, લાવ એને હું યાદ કરી વંદના કરું; પછી મારું કામ, નવકારમંત્ર આ માટે યાદ કરાય, તો દેવગુરુ નમસ્કારની સાધના નિરાશંસભાવની વિશુદ્ધ સાધના બને; કેમકે આ નમસ્કાર કઈ આશંસાથી કર્યો ? કશાની આશંસાથી નહિ; માત્ર ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા અદા કરવા માટે કર્યો; તેથી નમસ્કાર નિરાશંસભાવે થયો.

**દેવ-ગુરુવંદનના બે હેતુ :-**

આ હિસાબ છે, -પાપનો સંતાપ પાપનું પ્રતિક્રમણ એ એક ઉત્તમ કાર્ય છે,

એ દેવ- ગુરુની કૃપાથી પ્રાપ્ત થયું છે. માટે ઉપકારીનાં સ્મરણપૂર્વક અને એમને વંદનાપૂર્વક કરવું જોઈએ તેથી દેવવંદન-ગુરુવંદન કરી લેવાનુ.

બીજો હિસાબ આ છે,- દરેક શુભકામ મંગળપૂર્વક કરવું જોઈએ. એ મંગળના હિસાબે દેવવંદન અને ગુરુવંદન કરવાનું પછી પાપસંતાપ-પ્રતિક્રમણ કરવાનું. આવો પ્રશ્ન થાય,-

**મંગળની શી જરૂર ? :-**

**પ્ર.**- સારું કામ કરવું છે તે કરી લેવાનું, એમાં મંગળની શી જરૂર ?

ઉ.- કહેવત છે ને કે સારાં કામમાં સો વિઘ્ન, ખોટું કામ કરવું હોય તો વિઘ્ન નહિ નડે, ચોરી, અનીતિ, અસત્ય, વિશ્વાસઘાત કરનારને ક્યાં વિઘ્ન નડે છે ? કંજુસને ધનસંગ્રહ કરી રાખવામાં અંતરાય ક્યાં નડે છે ? પરંતુ દાન કરવું હોય તો વિઘ્ન આવીને ઊભું રહે છે, ખાવામાં વિઘ્ન નથી નડતું, તપસ્યા કરવી હોય તો વિઘ્ન નડે છે. કહેવાતા દયાળુ ફાંસ ઘાલે છે, જુઓ તમારું શરીર ક્યાં સારું છે ? તપ રહેવા દો; આઘા જઈને પાછા પડશો.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૪,અંક-૪૬,તા.૭-૮-૧૯૭૬**

મતલબ, સારા કામમાં સો વિઘ્ન. માટે વિઘ્ન ટાળવા મંગળની જરૂર છે. મંગળમાં તાકાત છે કે વિઘ્ન દૂર કરે. દેવવંદન ગુરુવંદના એ મંગળરૂપ છે. અલબત શ્રદ્ધા જોઈએ કે આ મંગળથી વિઘ્નનો નાશ થાય.

**મંગળથી વિઘ્નનાશ થવાનું કારણ છે;-**

વિઘ્ન લાવનાર અશુભ કર્મ છે. પોતાનાં નરસાં કર્મ વિના આપત્તિ આવે નહિ. એ અશુભ કર્મ અશુભ ભાવથી બાંધેલા. તેથી સહજ છે કે શુભભાવ, શુભ અધ્યવસાય એને તોડી શકે. ત્યારે, મંગળરૂપે દેવ-ગુરુને વંદન ખરેખરા દિલથી કરવામાં ચિત્તમાં ઉત્તમ અધ્યવસાય શુભ ભાવ જાગે છે. એથી વિઘ્નનાં અશુભ કર્મ તૂટે એ સહજ છે.

**મંગળ છતાં ક્યારેક વિઘ્નનાશ કેમ નહિ :-**

**પ્ર.**- પણ કેટલીકવાર આ વંદના મંગળરૂપ કરવા છતાં વિઘ્ન તો આવે જ છે. તો મંગળથી અશુભ કર્મ ક્યાં તૂટ્યા ?

ઉ.- અહીં બે વાત સમજવાની છે. (૧) મંગળ બળવાન પ્રબળ કરાવું જોઈએ. એ જો તેવું પ્રબળ ન હોય તો પ્રબળ અશુભ કર્મ ન તુટે. (૨)બીજી વાત એ છે કે અશુભ કર્મ નિકાચિત હોય તો એ ભોગવ્યા વિના ન છૂટે. મંગળ એને



રદ ન કરી શકે; મંગળથી એ કર્મ ન તૂટે.

આ શું સૂચવે છે ? આ જ કે ક્યારે મંગળ કદાચ નિષ્ફળ જાય, મંગળ કર્યા છતાં વિઘ્ન ઊભા રહી નડતર કરી જાય, તેથી નિરાશ ન થાઓ કે 'મંગળ કરીને ય શું ? વિઘ્ન તો આવ્યા.' તમે મંગળ પરનો વિશ્વાસ ન ગુમાવો કે 'કોને ખબર મંગળથી વિઘ્નો ટળે કે ન ય ટળે.' નિરાશા અને અવિશ્વાસ ન થવા દેવા માટે એમ વિચારવું કે

'નિકાચિત કર્મો થોડા હોય છે; જ્યારે ઘણાં તો અનિકાચિત કર્મો હોય છે, જેનો મંગળ જેવા શુભ અધ્યવસાયથી નાશ થઈ શકે છે. તેથી આપણે વિઘ્નના કર્મ નિકાચિત માની લેવાની જરૂર નથી, તેમજ એમ માની લઈ મંગળમાં આળસ બેપરવાઈ કરવા જેવી નથી.

**અનિકાચિત કર્મો ઘણા જે મંગળથી તૂટે.**

**મંગળ બીજાં શુભ ફળોના હિસાબે કદી નિષ્ફળ નથી જતું :-**

કદાચ કોઈક વિઘ્ન કર્મ નિકાચિત નીકળી આવ્યું તો ત્યાં કરેલું મગંળ બધી વાતે નિષ્ફળ નથી, કેમકે એથી વિઘ્ન નાશ ન થવાના હિસાબે ભલે નિષ્ફળ નથી, કેમકે એથી વિઘ્ન નાશ ન થવાના હિસાબે ભલે નિષ્ફળ ગયું પરંતુ મંગળ કરવામા જે દેવ-ગુરુ પ્રત્યે વિનય ભક્તિ બહુમાનના શુભ અધ્યવસાય થયા એ સામાન્યથી પાપક્ષય, પુણ્યબંધ અને શુભ સંસ્કારોપાર્જનનો લાભ અવશ્ય કરી આપે છે. આ લાભ કાંઈ કમ નથી. શુભ અધ્યવસાય એટલે શુભ ભાવ; અને નિયમ છે કે અશુભભાવે અશુભકર્મ બંધાય, શુભ ભાવે શુભકર્મ, એટલે શુભ ભાવમાં સાતા વેદનીય, ઉચ્ચ ગોત્ર અને યશ-આદેય-સૌભાગ્ય વગેરે નામકર્મનાં કેટલાં ય શુભકર્મનો જથો બંધ થાય.

ત્યારે, મંગલ કરવામાં શું ખોવાનું ? ખોવાનું કશું જ નહિ, બલ્કે કમાવાનું જ છે. કોઈ વિઘ્નકર્મ નિકાચિત હોય ને એ મંગળથી ન તૂટે તો ય મંગળ કર્યું મહાન લાભો માટે થાયે છે. અનેકવાર મંગળ કરવામાં એ શુભ અધ્યવસાયના સુસંસ્કારોનો સમૂહ આત્માના ખજાને પડે છે, જે ભવાંતરે આત્માને સહેજે સહેજે શુભ ભાવ સુલભ બનાવી દે છે, મનને બળાત્કાર વિના સહજ ભાવે શુભ ભાવવાળું પવિત્ર કરી આપે છે. આ કેવી સુંદર સિદ્ધિ ! આજે આપણને મન અપવિત્ર-અશુભ ભાવોમાં સહેજે જતું દેખાતું હોય અને મનમાં શુભ ભાવ તો બળાત્કારે અર્થાત્ ખાસ જાગૃતિ-પ્રયત્ન રાખીને લાવવા પડતા હોય, તો એનું કારણ શું ? આ જ કે પૂર્વભવેથી આપણે શુભ ભાવના તેવા સંસ્કાર નથી લઈ આવ્યા; ને એનું કારણ, પૂર્વભવે તેટલા ભરચક પ્રમાણમાં આવા મંગળ વગેરેથી તેવા શુભ અધ્યવસાય કર્યા નથી.

**એકાદ શુભ ભાવના જબ્બર સંસ્કાર અનુમોદનાથી :-**

અરે ! એકાદ વાર પણ જો દિલથી તેવો કોઈ પ્રબળ શુભ અધ્યવસાય કર્યો હોય, ને પછી તેની અસર તદ્દન નષ્ટ કરે તેવા અશુભ ભાવ ન સેવ્યા હોય પણ શુભની અનુમોદના રાખી હોય તો એ એકાદવારનો શુભ અધ્યવસાય અને એની પાછળની અનુમોદના જબરદસ્ત સંસ્કાર ઊભા કરી ભવાંતરે સારો જબાવ આપે છે. શુભભાવને સહજ જેવો બનાવી દે છે.

શાલિભદ્રનો દાખલો વિચારો-પૂર્વભવે શાલિભદ્રના જીવ સંગમે એક જ વાર મુનિને ખીરનું દાન દેવાના અને મુનિને મહાઉપકારી માનવાના શુભ અધ્યવસાય કર્યા, પછી એક બાજુ એવી અનહદ અનુમોદનાના શુભ અધ્યવસાય કર્યે રાખ્યા, અને બીજી બાજું ખીર ખાવામાં હવે રસ નથી લેતો, પેટમાં દુઃખવા આવ્યું તો કાયાની એવી મમતા ને હાયવોય નથી કરતો, મરવાનું આવ્યું તો વહાલસોયી માતા ઉપર પણ રાગ નથી કરતો, માત્ર આટલું રાખ્યું છે,- અહો ! કેવો મહાન ઉપકારી ગુરુ મળ્યા ! મુશીબતે મળેલી ખીરનો મહાત્માના પાત્રે કેવો સુંદર ત્યાગ થયો !' આ અનુમોદના પર પેલા એકવારના ત્યાગના અને ગુરુ ઉપકારના શુભ અધ્યવસાયને એવા પ્રબળ કરી દે છે કે એનાં સુખદ ફળરૂપે પછીના શાલિભદ્રના અવતારે સહજભાવે શુભભાવો સ્ફૂર્યા રહે છે. કેવા ? રોજ ઝવેરાતના દાગીના ભરી ૩૩ પેટી, રેશમી ઝરિયાન વસ્ત્રો અને દિવ્ય સામગ્રી ભરી ૩૩ પેટી, અને દિવ્ય ખાનપાન ભરી ૩૩ પેટીઓ એમ કુલ ૯૯ પેટી, તો હવે ગઈકાલની ૯૯ પેટીના હીરા માણેક મોતીના દાગીના વગેરે માલનું શું કરવાનું ? માલને એંઠવાડિયા કૂવામાં નાખવાનો ! નહિ ગોદામ નહિ તિજોરી; માત્ર જેમાં ફેંકી દેવાનું ભરાય એવો ખાડો ભરવાનો. મમતાનાં પાપ કેટલા બધા ઓછાં હશે ? એક વાલની વીંટી ન છૂટે, રસ્તામાં ક્યાંક પડી ગઈ હોય તો શોધવા જવાતું હોય. અથવા મરનારની આંગળિયે વીંટી સાથે મર્યો તો પોક પછી મૂકે, વીંટી પહેલા કાઢી લેવાતી હોય, તો અહીં ૩૩ પેટીઓનું ઝવેરાત કૂવામાં ઠાલવી દેતાં આંચકો નહિ ? અધ્યવસાય કેટલા બધા કોમળ, બહુ આછી-પાતળી મમતાના હશે કે આટલા બધા મહા કિંમતી ઝવેરાતના જથાને કૂવામાં પધરાવી દેવાય !

આ શેનો પ્રતાપ ? પૂર્વભવે મુનિના પાત્રે વહાલી બધી ખીરનો ત્યાગ બહુ ઉંચા ભાવથી કર્યો, એમાં ત્યાગના ઊંચા અધ્યવસાયના સુંસ્કાર ઊભા થઈ ગયા, એનો આ પ્રતાપ કે અહીં સહજભાવે મહાઝવેરાતનો બીજે જ દિવસે ત્યાગ કરી દેવાય છે.

**નિઃસ્વાર્થભાવે કરેલા દયા-દાન-શીલ-વ્રત-તપના અને જિનભક્તિ-ગુરુભક્તિ**



**વગેરેના ઉછળતા શુભ અધ્યવસાય ભાવી કલ્યાણ માટે મહા પ્રભાવક સંસ્કાર મૂકી આપે છે.**

મંગળ કરવાથી કદાચ નિકાચિત વિઘ્નકર્મ ન તૂટ્યા, તો પણ એ મંગલમાં દેવાધિદેવને અને ગુરુને જે ભાવભર્યો નમસ્કાર-સ્તુતિ ગુણગાન થાય એનાથી એ શુભભાવના સુસંસ્કાર કમાવાનું થાય છે. બાકી અ-નિકાચિત અંતરાય કર્મો તો તૂટે જ છે. તેથી કોઈપણ કામ કરતાં પહેલાં દેવ-ગુરુનો ઉપકાર યાદ કરવા રૂપે, કૃતજ્ઞતા અદા કરવા રૂપે, એમને નમસ્કારનું મંગળ કરાય એ એકાન્તે લાભમાં છે. એટલે જ એ બહુ ઊંચા ભાવથી એ મંગળ કરાવું જોઈએ.

પ્રતિક્રમણનું શુભ કાર્ય કરવા માટે પણ પહેલાં દેવાધિદેવને સ્તુતિ-નમસ્કારરૂપે 'ચતુર્વિંશતિ-સ્તવ' ચઉવી-સત્થો, 'લોગસ્સ' બોલાય છે, તેમજ ગુરુને નમસ્કારરૂપે દ્વાદશાવર્ત વંદન કરાય છે, વાંદણાં દેવાય છે. આ બંને ઊંચા ઊછળતા ભાવથી કરાવા જોઈએ.

આપણી વાત આ હતી કે પાપનો સંતાપ એમ ને એમ કરવાને બદલે પ્રતિક્રમણની વિધિથી કરવામાં શી વિશેષતા ?

આનો જવાબ અહીં મળી રહે છે કે પાપસંતાપ પશ્ચાત્તાપ-પ્રતિક્રમણ એ પણ એક મહાન શુભ કાર્ય હોઈ દેવવંદન-ગુરુવંદનના મંગળપૂર્વક થવું જોઈએ, ને તે પ્રતિક્રમણની વિધિમાં સુલભ બને છે. માટે જ શ્રાવકને પણ રોજ ઉભયકાળ પ્રતિક્રમણનું કર્તવ્ય છે.

પ્રતિક્રમણમાં વળી વિશેષતા આ છે કે એ રીતે સામાયિક તથા ચઉવીસત્થો-દેવવંદન અને વાંદણા ગુરુવંદન કરવા પૂર્વક પાપસંતાપ ભર્યું પ્રતિક્રમણ કર્યું ને તે ય વિસ્તારથી ઝીણાં ઝીણાં પણ પાપ યાદ કરીને કર્યું, પરંતુ એટલેથી બસ નથી,- કિન્તુ એના ઉપર કાયોત્સર્ગ કરવાના છે. એથી પ્રતિક્રમણ દ્વારા પાપ નષ્ટ થવામાં જે કોઈ વિસ્મૃત સૂક્ષ્મ પણ દોષ-પાપ રહી ગયા હોય એનો નાશ થાય છે. પ્રતિક્રમણ વિધિ વિના કરાતા એકલા પાપસંતાપમાં આ લાભ ક્યાંથી મળે, એ તો પ્રતિક્રમણની વિધિમાં જ મળે.

**કાયોત્સર્ગ-પચ્ચક્ખાણ શા માટે ? :-**

વળી, પ્રતિક્રમણ-વિધિમાં આ એક વિશેષતા છે કે પાપશલ્યથી આત્મામાં જે ઘા પડી ગયા, એ શલ્ય તો દૂર કર્યા, પરંતુ ઘાની ઉપર રૂઝ માટે મલમપટ્ટી જોઈએ, ને તે અહીં પ્રતિક્રમણ વિધિમાં છેલ્લે પ્રત્યાખ્યાન પચ્ચક્ખાણથી થાય છે. પ્રતિક્રમણવિધિ એકલો પાપસંતાપ કરવામાં આ લાભ પણ ક્યાંથી થાય ?

તાત્પર્ય, પ્રતિક્રમણ એ મહાયોગ છે, એથી ભવ્ય વિધિસર પાપસંતાપ-

પાપનિવર્તન થાય છે ને એમાં બીજા કેટલાય સુંદર શુભયોગો સધાય છે. આમાં મુખ્યપણે જે પાપસંતાપ-પ્રતિક્રમણનો યોગ સંધાય, એ મહાયોગ છે; કેમકે એમાં પાપક્ષય-દોષક્ષય કરનારો શુભ અધ્યવસાય વર્તે છે.

શું ? પાપસંતાપ એ શુભ ભાવ છે. એટલે જ જોયું કે ગોશાળો મહાપાપી છતાં અંતે આ ભાવ ઉપર બારમાં દેવલોકે ગયો. આ પરથી સમજાય છે.

**પાપનો સંતાપ શી રીતે આવે ? પાપનો ભય લાગે તો પાપનો સંતાપ ઊભો થાય.**

જેને પાપનો ભય જ નથી કે 'અરે ! આ પાપ કરું છું તો મારું શું થશે ? પરલોકમાં પાપના કેવા કટુ ફળ મારે ભોગવવા પડશે ?' એવો પાપનો ભય નથી, એ પાપનો સંતાપ શાનો કરે ? ત્યારે પાપનો સંતાપ જ નહિ, અફસોસી જ નહિ, એ પાપચરણ, રાચીમાચીને કરવાનો, અને પાપને છોડવાનો નહિ. હૈયું જ નિર્ધ્વંસ પરિણામવાળું થવાથી પાપ જાણે સ્વભાવમાં ઊતરી ગયું, પછી તો પાપનો ત્યાગ અશક્ય જેવો થઈ જાય માટે, પાપનો ભય જોઈએ. બીજા ત્રીજા ભય રાખવામાં જીવ ભયનો માર્યો પાપ તરફ પ્રેરાય છે, ને કેટલીયવાર કર્મસત્તા આપત્તિ તો આપે જ છે, ને ત્યાં ભય રાખેલો નકામો જાય છે.

પેલો નંદરાજાનો પુત્ર જંગલમાં શિકાર પાછળ ચડી ગયેલો રાત પડવાથી ઝાડ પર રાત ગાળવા ચડેલો અને ભૂતાવિષ્ટ વાનરે એને ખોળામાં સુવાડી હુંફ આપી. એને ઊંઘ આવી ગઈ, અને હવે જ્યારે જાગી પોતે વાનરને ખોળામાં સુવડાવી ઉપકારનો બદલો વાળે છે ત્યારે ભુત નીચે વાઘનું રૂપ કરી એની પરીક્ષા કરે છે એમાં એ રાજકુમારને આજીજી કરે છે કે પોતે ભૂખ્યો છે માટે વાનરને નીચે ફેંકી દે.' સાથે ભય દેખાડે છે કે સવાર પડ્યા પછી ક્યાં જવાનો ? બંનેને ખલાસ કરીશ. એના કરતાં વાનરને દઈ દે તો હું પેટ ભરીને ચાલ્યો જઈશ.

રાજકુમાર ભયનો માર્યો વાનરને નીચે ધકેલે છે. ભય પોતાને મોત આપે, એનો લાગ્યો, પણ વાનરને ધકેલે તો એનું બિચારાનું શું થાય એ ભય ન લાગ્યો. તેમ, પોતે વિશ્વાસઘાતનું પાપ કરે ને બીજાને મોતના મુખમાં હડસેલવાનું પાપ કરે તો શું થાય ? એ ભય ન લાગ્યો, પછી પાપનો સંતાપ શાનો થાય કે અરેરે ! મેં ક્યાં આ પાપ કર્યું !' કે 'અરે ! મારે ક્યાં આ પાપ કરવું પડે છે !'

રાજકુમારને પાપનો ભય નહિ, સંતાપ નહિ, એટલે વાનરને વાઘની તરફ ધકેલી દીધા. પછી હુંફ અનુભવે છે કે 'હાશ ! મારે સવાર પડ્યા પછી વાઘનો ભય નહિ,' જીવની આ કેવી ઘેલછા છે કે પાપ કર્યા પછી હાશ અનુભવે છે ! કારણ જીવને સ્વાર્થની માયા એટલી બધી કોટે વળગેલી છે. એ સિદ્ધ થતાં, ભલે



એમાં પાપ ઘોર ક્યાં હોય છતાં, હરખનો પાર નથી રહેતો. ત્યારે આ પરથી સમજાય છે કે,

**પાપનો ભય પાપનો સંતાપ ઊભો રાખવો હોય તો દુન્યવી સ્વાર્થની લાલસા પર કાપ પડવો જોઈએ.**

દુન્યવી સ્વાર્થ બહુ ગમતો રહે ત્યાં એની ખાતર ગમે તેટલા પાપ આચરતા સંકચો જ નહિ રહે, પછી પાપનો ભય શાનો રહે ? કરેલાં પાપનો ભારે સંતાપ શે થાય ? આજે જુઓ છો ને કે મોટા કારખાના વગેરે કર્માદાનના ધંધામાં ધીખતી કમાણી થતી હોય ને લોકમાં મોટા ઉદ્યોગપતિ શેઠ તરીકે માન મળતું હોય છે ત્યાં એમાં આચરવા પડતા પાપનો ભય ક્યાં હોય છે ? તમે આચરેલા પાપોનો સંતાપ ક્યાં થાય છે ?

એટલે જ ખરું કામ આ કરવા જેવું છે કે દુન્યવી પૈસાટકા-બંગલા-બગીચા-ખાનપાન વગેરે સ્વાર્થની લાલસા પર કાપ મૂકાય. સમજી જ રાખવાનું કે.

**પૌદ્ગલિક સ્વાર્થની લાલસા પાપનું મૂળ છે.**

જીવનમાં ભરચક પાપો જોઈએ છે ? ના, તો પૌદ્ગલિક લાલસાને દબાવ્યા વિના નહિ ચાલે, કેમકે પાપને કરાવનાર જ એ લાલસા છે. કુમારને પોતાને જીવવાની લાલસા એવી જોર કરી ગઈ કે એમાં પછી વાનરનો જીવ જાય એની એને અફસોસી રહી નહિ. તેથી પોતાને જીવવાની લાલસાએ વાનરને વાઘના મુખમાં ધકેલવાનું ઘોર પાપ કરાવ્યું.

**પ્ર.-** પણ સ્વાર્થની લાલસા છૂટતી નથી ને ?

**ઉ.-** છૂટતી નથી કે છોડવી નથી ? મનથી નિર્ધાર કરો કે મારે સ્વાર્થની લાલસા જોઈએ જ નહિ, તો એને છોડતાં વાર નહિ લાગે, અંતરમાં એના પ્રત્યે નફરત જાગવી જોઈએ. ડૉક્ટર કહે કે તમને ટી.બી.ની અસર છે તો એ ટી.બી. પ્રત્યે કેવી નફરત જાગે છે ? કેવું મનને થાય છે કે 'મારે ટી.બી. ? ભય લાગે છે કે આ ટી.બી.માં તો હું હેંડ્યો ? એમાં વળી ડૉક્ટરે કહ્યું કે આ તમારી અતિ વિષય સેવનને લીધે ટી.બી. થયો છે માટે હવે તદ્દન બ્રહ્મચર્ય પાળજો જીવતા રહેવું હોય તો. તો તરત એ પાળવા લાગે છે.

એમ અહીં જો નફરત જાગી જાય કે મારા જીવનમાં આ જાલિમ પાપો ? આમાં તો હું ક્યાંય દુર્ગતિના રવાડે ચડી જઈશ. અને જ્ઞાનીના વચનથી સમજાયું કે અતિ વિષયલાલસાને લીધે આ જાલિમ પાપચરણ છે, તો તરત વિષયલાલસા પર કાપ મૂકતા વાર ન લાગે. સ્વાર્થની લાલસા ઓછી કરતી અવાય. રાજકુમારે સ્વાર્થની લાલસામાં વાનરને નીચે ધકેલ્યો. નીચે વાઘના મોંમાં વાનર જઈ પડતાં

વાઘ હસી રહ્યો છે અને વાનર રોઈ રહ્યો છે.

વાઘ કહે છે 'મૂરખ ! શરણે રહેલા ઊંઘતા આ વાનરનો વિશ્વાસઘાત ?

**પરજાતિના વિશ્વાસે કેવી દુર્દશા ? :-**

ત્યારે વાનર બોલે છે 'અરે ! હું મારા દુઃખને નથી રોતો, પરંતુ પરજાતિ પર વિશ્વાસ મૂકનારની કેવી દુર્દશા થાય એનું રોવું આવે છે.

વાનરે આ માર્કાની વાત કરી પોતે તિર્યંચ જાતિ, એની અપેક્ષાએ રાજકુમાર મનુષ્ય એ પરજાતિ. એના પર વિશ્વાસ મૂકવાથી પોતાની દુર્દશા થઈ એ દૃષ્ટાન્તથી સૂચવ્યું કે મનુષ્યમાં પણ પુરુષ પુરુષ એ સ્વજાતિ, એને સ્ત્રી એ પરજાતિ. તો પુરુષ સ્ત્રીના વિશ્વાસે રહે તો એની કેવી દુર્દશા થાય ?

જગતમાં જુઓ કે પુરુષ સ્ત્રીના ભરોસે પડી જવાય, સ્ત્રી એને કેટલો ભૂલાવે છે ? એ સ્ત્રી એને માતાપિતાના પરનો આદર ઘટાડી નાખે છે, માતાપિતાના ઉપકારને ભુલાવે છે.

એક પ્રશ્ન થાય,-

**પ્ર.**- એમ તો મલ્લિનાથ ભગવાન સ્ત્રીરૂપે હતા, તો શું એમના વિશ્વાસે રહેનારની દુર્દશા થાય ?

ઉ.- વાત સાચી, એ ભગવાન સ્ત્રીરૂપે હતા, પરંતુ એમનો જે વિશ્વાસ આપણે કરીએ છીએ, એ એમને સ્ત્રી તરીકે માનીને નહિ, કિન્તુ અરિહંત તીર્થંકર તરીકે માનીને. એટલે જ ત્યાં પરજાતિ તરીકેનો સવાલ ઊભો થતો નથી; માટે જ દુર્દશા થવાનું નિમિત્ત નથી,

હા, એ સવાલ થઈ શકે,-

સવાલ-જેને ધર્મિષ્ઠ પત્ની મળી હોય એ પત્નીના વિશ્વાસે રહી ધર્મસાધનામાં જોડાય તો શું એની દુર્દશા થાય ? જો ન થાય તો પરજાતિના વિશ્વાસે દુર્દશાનો હિસાબ ક્યાં રહ્યો ?

જવાબ-અહીં પણ આ ધ્યાન રાખવાનું છે કે, -

જ્યાં સુધી એક ધર્મિષ્ઠ સ્નેહી તરીકેનો વિશ્વાસ રાખી પ્રેરણા લે ત્યાં સુધી એ પરજાતિનો વિશ્વાસ નથી, પરંતુ જો એ પત્નીને સ્ત્રી તરીકે જોઈને વિશ્વાસ મુકે તો એ પરજાતિનો વિશ્વાસ થયો, એમાં કામનો સંબંધ આવવાથી દુર્દશા થાય એમાં નવાઈ નથી.

એટલા માટે તો પેથડશાહ ૩૨ વરસની ઉંમરે જીવનભરનું બ્રહ્મચર્ય ઉચ્ચર્યા પછી પત્નીને સ્ત્રીપત્ની તરીકે જોતાં જ નહોતા, ભોગ્ય તરીકે નિહાળતા જ નહોતા, કિન્તુ એક ધર્મ-સહચારી આત્મા તરીકે જોતાં હતા. માટે જ એમના



નૈષ્ઠિક બ્રહ્મચર્ય-પાલનથી લબ્ધિ ઊભી થયેલી, એમનો પસીનો બીજાને ઔષધનું કામ કરતો. રાજાની પટ્ટરાણીને રાજાએ તાવમાં રીબાતા, પેથડશાની પસીનાવાળી કાંબળ ઓઢીને સૂતાં તરત એમનો તાવ મટી ગયેલો !

**પ્ર.**- સ્ત્રીપત્ની તરીકે ન જુએ, અને ધર્મિષ્ઠ આત્મા તરીકે માને, તો પછી એનું રૂપદર્શન કે સ્પર્શ કરવામાં વાંધો ?

ઉ.- જરૂર વાંધો, કેમકે એનું રૂપ જોવાનું કે એનો સ્પર્શ કરવાનું મન થયું એ અંદરખાને એને સ્ત્રી તરીકે માનીને થયું એટલે ત્યાં એમ માને કે હું તો પત્નીને કે બીજી સ્ત્રીને માત્ર ધર્મિષ્ઠ આત્મા તરીકે જ માનું છું ને રૂપદર્શન કે સ્પર્શ કરું છું, તો એ ખોટો સવાસલો છે. એમાં તો કામસંજ્ઞા કામ કરી જાય, ને ત્યાં દુર્દશા થાય. માટે જ આ ધ્યાન રાખવાનું છે કે

**પત્ની અંગેની તકેદારી :-**

ધ્યાનમાં રહે કે જો કે બ્રહ્મચર્ય ન લીધું હોય, તો પણ પત્નીનાં ય રૂપનું વારંવાર દર્શન નથી કરવાનું, કે એનો વહાલથી સહજ સ્પર્શ પણ નથી કરવાનો. નહિતર એમાં કામસંજ્ઞા જોર કરી જશે. અરે ! જાણો છો ખરા કે પત્ની અંગે આમનું શરીર સારું ઘાટિલું' એટલો પણ વિચાર કામસંજ્ઞાના ઘરનો થશે. જીવનમાં પૂર્ણ બ્રહ્મચર્ય પાળવું શક્ય નથી લાગતું માટે તો પત્ની કરી; પણ એનો એ અર્થ નથી કે વારંવાર કામસંજ્ઞાથી વિડંબાયા કરવું. જો એ ન વિડંબાવું હોય તો સ્વસ્ત્રીના પણ વારંવાર રૂપદર્શન-સ્પર્શનથી યુક્ત ન રહેવું જોઈએ. નહિતર વારંવારની કામસંજ્ઞાની ઉદીરણાથી અને રસપૂર્વકનાં રૂપદર્શન સ્પર્શનથી એવા ઘેરા સંસ્કાર ઊભા થશે કે જેની અસર દુર્ગતિના જન્મો સુધી ચાલ્યા કરશે. 'સ્ત્રીનું રૂપ જોવામાં શું જાય ? સ્ત્રીને સ્પર્શવામાં શું બગડે ?' એવા વિચારમાં તો સ્ત્રીના ખોટા વિશ્વાસે રહેવાનું થાય છે.

આમ, બોલો, દુર્ગતિઓના અવતારોમાં અને ત્યાં હલકટ રૂપદર્શન-સ્પર્શનના કૃત્યોમાં કોણ ભમાવે છે ? કહેવું જ પડશે કે પરજાતિ જે સ્ત્રી એના વિશ્વાસે રહેવાય, ને એનાં વારંવાર મીઠાશથી રૂપદર્શન-સ્પર્શન કરતા રહેવાય, એ જ હલકા અવતારો અને હલકા કૃત્યોમાં રખડતા રાખે છે.

એટલે જ પેલો વાઘના મુખમાં ફેંકાયેલ વાનર રોવાનું આ કારણ રાજકુમારને બતાવી રહ્યો છે કે "તું મારા માટે પરજાતિ, એના વિશ્વાસે હું રહ્યો, તો આ દુર્દશા પામ્યો, એટલે જ 'જે પરજાતિના વિશ્વાસે રહે છે તેની બિચારાની કેવી દુર્દશા થશે?' એ વિચાર પર મને રોવું આવે છે."

ત્યારે વાઘ હસી રહ્યો. કેમ વારું ? રાજકુમારની મૂર્ખાઈ પર. શું કુળવાન

ખાનદાન માણસ આવો જન્મેલા વાનરના ખોળામાં સૂતેલો ત્યાં તો એને વિશ્વાસઘાત કરે ! પોતે એક અધમ તિર્યંચ જાતિમાં સારું રક્ષણ મળ્યું. પણ હવે પોતાના ખોળામાં વિશ્વાસે સૂતેલા એ વાનરને પોતે ઉત્તમ કુળમાં જન્મેલો માનવ છતાં એનો વિશ્વાસઘાત કરી નીચે વાઘ જેવા ભયંકર શિકારી પ્રાણીને સોંપી દે છે ! ક્યાં ગઈ કુળની ખાનદાની ?

**ઉત્તમ કુળમાં જનમ્યાની શી વિશેષતા જો શરણે રહેલાનું જતન ન કરવાનું હોય ?**

**વિશ્વાસઘાતી ઘરડી બિલાડી :-**

પેલી ઘરડી બિલાડીની વાત આવે છે ને ?

ઝાડના ઊંડા દર આગળ ઘરડી બિલાડી માળા ફેરવતી બોલ્યા કરે છે 'પ્રભુ ! ઉંદરો મારી બહુ પાપ કર્યા, હવે તારા નામની માળા ફેરવું છું મને માફ કરજે હવે મારે ઉંદર મારવાનું શું કામ છે ?' અંદરના ઉંદરો ભરોસે રહ્યા બહાર નીકળે છે, એને બિલાડી કહે છે 'જાઓ જાઓ સુખેથી ફરો. હવે મારે ઉંદર મારવાના નથી. મારાથી ડરશો નહિ.' તેથી ઉંદરોની હાર બહાર નીકળી ફરીને પાછી આવી અંદરમાં જાય છે ત્યારે બિલાડી છેલ્લા ઉંદરને પકડી ખત્મ કરે છે.

ઘરાકને વિશ્વાસમાં લઈ ખોટો માલ પકડાવે ખોટા ભાવ નીચોવે, એની આ ઘરડી બિલાડી જેવી દશા છે. ખોળામાં સૂતેલા વાનરને વાઘના મુખમાં ધકેલનાર રાજકુમાર પણ આ દશામાં છે; તો ઉત્તમ ભવ ને એમાં ય ઉત્તમ કુળ મળ્યાની રહી કોઈ વિશેષતા ? શું કુળની ખાનદાનીનું કશું મહત્ત્વ નથી ?

કુળની ખાનદાનીનું પૂર્વકાળે એવું મહત્ત્વ હતું કે એ અન્યાય વિશ્વાસઘાત જેવા અધમ પાપ ન આચરે. આજે કુળની મર્યાદાઓ લોપી નાખવી છે. ઉત્તમકુળના માણસ પણ ઉત્તમકુળના માણસ જેવા ! આ ય માણસ ને પેલો ય માણસ, વળી અધમકુળના ય માણસોની વચ્ચેનો ભેદ ભૂંસી નાંખવો છે, એટલે અધમકુળ જ શાના ? અધમકુળના એમાં ભેદ શો ?' 'સબ સરખા' કરી ઉત્તમ સ્થાનોમાં અધમને મુકવા છે. પરિણામ શું ? આજે જુઓ, એવા અધમકુળના માણસો આજની પદ્ધતિએ વધુ પૈસા કમાતા થયા એથી એમનામાં મદિરાપાન, રેડિયો સિનેમા, શોખ વગેરે ખૂબ વિકસ્યુ. બદીઓ વધી ગઈ. બીજી બાજુ ઉત્તમકુળના માણસો પર અંકુશ આવી ગયા, આવક ઘટી ગઈ તેથી એમનામાં સહજ એવા પરોપકાર વગેરે સુકૃતો ઘટી ગયા, ને અધમની દેખાદેખી બદીઓ ચાલી. પરિણામ ? માનવસમાજમાં ગુણો સુકૃતોની બહુ તંગી આવી, અને દોષ-દુષ્કૃત્યોની બોલબાલા થવા લાગી.

**કુળભેદનો લોપ થતાં દોષ-દુષ્કૃત્યોની બોલબાલા અને ગુણ-સુકૃતોની તંગી**



**ન થાય તો બીજું શું થાય ?**

**બદીઓથી બચવા કુળગૌરવનો ખ્યાલ :-**

દારૂ વગેરે વ્યસનો, ખુનરેજી દુરાચાર-ભ્રષ્ટાચાર વગેરે ભયંકર બદીઓ આજે વધારે ? કે પૂર્વે ? આ વર્તમાન વિષમ દુઃખદ પરિસ્થિતિ જોઈ સાવધાન થવા જેવું છે જેથી જાતે એવી બદીઓના ભોગ ન બનાય અને આશ્રિતો કે સ્નેહી-સંબંધીઓને બદીઓના ભોગ ન બનાવાય. આનો પહેલો ઉપાય આ, કે જાતે વારંવાર પોતાના ઉત્તમકુળનું ગૌરવ મનમાં લાવતા રહેવાય કે 'અહો ! મહાન પુણ્યે મને આવું ઉચ્ચકુળ મળ્યું ! હું કેવા સુંદર ઉચ્ચ આર્યકુળનો !' આ ગૌરવ મન પર રહ્યા કરે તો વ્યસનો અન્યાય વિશ્વાસઘાત જેવી બદીઓ એની સાથે બિલકુલ અસંગત લાગે, અછાજતી-અશોભતી લાગે.

દેશનું ગૌરવ હોય છે એને શું થાય છે ? આ જ કે દા.ત. હું જર્મન, હું જાપાનીસ, મારા દેશની આબાદી અર્થે કામચોરી ન કરું, પ્રામાણિક પરિશ્રમ ખૂબ કરું ને દેશદ્રોહી ભ્રષ્ટાચારથી મુક્ત રહું.

**દેશગૌરવ-કુળગૌરવના પ્રભાવ :-**

આ દેશગૌરવના હિસાબે જુઓ કે જાપાન અને પશ્ચિમ જર્મની જેવા દેશ બીજા વિશ્વયુદ્ધમાં પાયમાલ થઈ જવા છતાં થોડા જ વર્ષોમાં સ્વાશ્રયતા-સમૃદ્ધિ વગેરેમાં કેટલા બધા આગળ આવી ગયા ? નાના દેશ છતાં દુનિયામાં એના માલની બોલબાલા અને ચાહના વ્યાપી ગઈ. અલબત, આ કાંઈ આધ્યાત્મિક ઉન્નતિ નથી, માટે વખાણવા જેવી નથી, પણ એ બધું શાના ઉપર ? પ્રજાના દિલમાં વિકસી ઊઠેલા દેશના ગૌરવ ઉપર, ભારતની પ્રજામાં આ છે ? ના, કેમકે જ્યાં મૂળ પાયામાં કુળના ગૌરવનો જ નાશ કરવામાં આવ્યો ત્યાં પછી દેશનું ગૌરવ શી રીતે હૈયે રહે ?

ધ્યાનમાં રહે કે જે આ દેશના ગૌરવની અને સમૃદ્ધિના વિકાસની વાત કરી તે તો માત્ર દૃષ્ટાન્તરૂપ છે. આત્માની આધ્યાત્મિક ઉન્નતિમાં એ કાંઈ પ્રેરક નથી; છતાં એના દૃષ્ટાન્તથી આ સમજાવવું કે એની જેમ ઉત્તમકુળનું ગૌરવ હૈયે વસી જાય તો દિલને એમ રહે કે 'હું ઉંચા કુળનો તે અધમ કુળવાળા આચરે એવા મદિરા વગેરેનાં વ્યસન હલકા ધંધા, દ્રોહ, વિશ્વાસઘાત, ભારે કલેશ રગડાઝગડા, દુરાચાર, ભ્રષ્ટાચાર વગેરે કેમ આચરું ? આચરું તો ઢેડ-વસવાયા અને મારામાં ફરક શો ?'

**કુળભેદ હટાવવાનાં નુકસાન :-**

ઊંચા નીચા કુળનો ભેદ જ મિટાવી દેવાય તો આ ગૌરવ ક્યાંથી આવે ? ને કુળગૌરવ-ખાનદાનીના હિસાબે એવા અધમ કૃત્યોથી જે બચવાનું શક્ય છે, તે

પણ ક્યાંથી બને ? એટલે જ સમજવા જેવું છે કે આજની રીતરસમો પ્રજાને પરિણામે ક્યાં લઈ જાય છે ? સદ્‌ગુણ-સુકૃતના વિકાસ તરફ ? કે દુર્ગુણ-દુષ્કૃત્યોની બોલબાલા તરફ ? આજે શું શું વધ્યું છે એ જગ-જાહેર છે. તો પછી આજના યુગને વિકાસપંથી કહેવો કે વિનાશપંથી ? દુરાચાર-ખુનરેજી-લાંચરુશ્વત-બેફામ અસત્ય-અનીતિ ધૂમ હોટલો સિનેમાઓમાં દેખાતી વિષયલંપટા,...વગેરે વગેરે વધી ગયું એ વિનાશના જ પંથે કહેવાય ને ? માટે ભૂલેચૂકે આજના યુગની સાયન્સની શોધો, રેડિયો-તાર-ટેલિફોન-પ્લેન-યંત્રો વગેરે જોઈને યુગને વિકાસનો કાળ કહેતા નહિ, માનતા નહિ; નહિતર સમ્યગ્દર્શન પામી નહિ શકો.

**સમ્યગ્દર્શનમાં શું જોઈએ ? :-**

સમ્યગ્દર્શન વસ્તુના આત્મહિતનાશક કે આત્મ-હિતકારક સ્વરૂપ જોવા તરફ પ્રેરે છે, ને આત્મહિત નાશકને હેય-ત્યાજ્ય માનવા લેખવા. જો એના પ્રત્યે અરુચિ-નિર્વેદ-નફરત રાખવા પ્રેરે છે, તેમજ આત્મ હિતકારકને ઉપાદેય-આદરણીય માનવા લેખવા તરફ અને એના ઉપર રુચિ આકર્ષણ રાખવા પ્રેરે છે.

હવે વિચારો, આજની ભૌતિક શોધની વસ્તુઓ આત્મહિતકારક છે ? કે આત્મહિતનાશક ? પહેલું તો એ જુઓ કે જીવને એ વિષયરાગ વધારી આપે ? કે વિષયવૈરાગ્ય ? ત્યારે જ્યાં કારમો વિષયરાગ-રાગસંકલેશ પોષાયો ફાલ્યો ફુલ્યો ત્યાં શા શા પાપ નહિ આચરાય ? અને કેવા કેવા દુર્ગુણો નહિ ઊઠે ?

**રાગનો સંકલેશ ભયંકર છે. કેમકે એ બેહદ પાપો અને દુર્ગુણોને પોષે છે, તથા સંયમ અને દેવ-ગુરુ-સંઘભક્તિ વગેરે ધર્મને ભૂલાવે છે.**

જર્મની જાપાનને સામ્રાજ્યવૃદ્ધિના રાગનો સંકલેશ ઊઠ્યો, તો બીજા વિશ્વયુદ્ધને જગાવ્યું ને કારમા પાપતાંડવ ખેલાયા. અને ભયંકર ખુવારીઓ થઈ. આજના ઉદ્યોગપતિઓએ અને ઉદ્યોગલક્ષી સરકારે લક્ષ્મી વેપાર અને પ્રતિષ્ઠાના જાલિમ રાગસંકલેશમાં કરોડો નાના માણસોના ધંધા ખત્મ કર્યા, બેકારી ધૂમ વધારી, અભૂતપૂર્વ કારમી મોંઘવારી ઊભી કરી. કેટલી ભયંકર સ્વાર્થલંપટતા ! કેવી નિર્દયતા ! ત્યારે આધુનિક બેફામ વિષયસગવડોના રાગસંકલેશથી પીડાતી પ્રજા સત્યનીતિ દયા વગેરે કેટકેટલું ભૂલી ? કેવાં કેવાં પાપો સસ્તા કરી નાખ્યા ! અને ત્યાગ-સંયમ-ભક્તિ વગેરે ધર્મ કેવો ભૂલી ? આ બધો અનર્થ મૂળમાં દુન્યવી વસ્તુના રાગ સંકલેશના પાપે.

**કુળગૌરવવાળો બેફામ રાગસંકલેશ ન કરે :-**

કુળની ખાનદાની ગૌરવવાળો એ ગૌરવના હિસાબે એ કારમા રાગસંકલેશને અટકાવે છે માટે તો ઉત્તમ કુળવાળો પુરુષ પરસ્ત્રીને મા-બેન-દીકરી સમાન લેખી



એની સામે નજર નહિ નાખે. શું એને કામરાગ નથી ? છે, પરંતુ મર્યાદાવિરુદ્ધના કામરાગને એ દબાવે છે. એવા રાગસંકલેશને એ પોષતો નથી. એમ એ અધમ વિશ્વાસઘાત વગેરે પાપ આચરતો નથી.

એટલે તો પેલા રાજપુત્રથી વાઘના મુખમાં વાનર ફેંકાવા પર વાઘ હસે છે ને રાજપુત્રને એનું કારણ પૂછવા પર કહે છે, 'આશ્ચર્ય થયું કે તું ઉત્તમ કુળનો અને આ ઘોર વિશ્વાસઘાતનું પાપ કર્યું ? એના પર હસવું ન આવે ?' પછી તો વાઘ અલોપ, ને વાનર ભાગ્યો. પરંતુ રાજકુમાર વિમાસણમાં પડી ગયો, અને ત્યાં ભૂત એના મગજમાં 'વિસેમિરા વિસેમિરા' કરતો ઘૂમે છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૪૭,તા.૧૪-૮-૧૯૭૬**

**રાજાને કુમારનો પત્તો :-**

ત્યાં એનો બાપ રાજા નંદ ચિંતામાં છે કે રાજકુમાર કેમ પાછો ન આવ્યો ? એમાં રાજકુમારના ઘોડાએ જંગલમાં જોયું કે માલિક રાજકુમાર પોતાને ગ્રહણ કરતો નથી, તેથી એ આપમેળે રાજધાનીમાં રાજમહેલે આવી ગયો. એ ઘોડાને જોઈ રાજાને લાગ્યું કે રાજકુમાર ક્યાંક ફસાઈ ગયો લાગે છે, તેથી ઘોડો પાછો આવ્યો છે એટલે એ જ ઘોડા સાથે પોતાના માણસોને મોકલી જંગલમાંથી ભટકતા રાજકુમારનો પત્તો મેળવ્યો ને રાજપુત્રને ઘરે લઈ આવવામાં આવ્યો.

રાજા-રાણી બંને ઉદ્વિગ્ન હતા તે રાજપુત્ર મળી આવવાથી શાંતિ તો થઈ કે 'હાશ ! કલેજાની કોર જેવો દીકરો મળી ગયો. સારું થયું, પરંતુ સંસારની શાન્તિ કેટલી વાર સુધી ?

**કરમના પનારે પડેલા સંસારીને કાયમી હરખ શા ? એ તો હરખ-ઉદ્વેગના હીંચકે હીંચે છે.**

**કરમ ! તારી કળા ન્યારી, કેવો નરને નચાવે છે !**

**કુમારનો એક જ બોલ 'વિસેમિરા' :-**

કર્મે એક સરખું આપ્યું ત્યાં માણસ રતિઆનંદનો નાચ કરે છે, પરંતુ જ્યાં બીજું અણગમતું આવ્યું, ત્યાં માણસ તરત ઉદ્વેગનો નાચ કરે છે. રાજાને આવું જ બન્યું.

રાજા હમણાં પુત્ર મળી ગયાથી ખુશીમાં આવી ગયો, પરંતુ જ્યાં એને પૂછે છે 'ભાઈ ! ક્યાં ફસાયેલો ?'

ત્યાં રાજપુત્ર કહે છે, 'વિસેમિરા,'

'અરે ! આ તું શું બોલે છે ?'

જવાબમાં 'વિસેમિરા.' પછી તો જે કાંઈ પૂછ્યું એનો જવાબ એકમાત્ર 'વિસેમિરા' મળ્યો.

આ જોતાં રાજાને હવે હરખ શાનો ઊભો રહે ? ભારે ખેદ થયો કે 'આ શું ? શું ત્યારે રાજપુત્ર હંમેશા માટે પાગલ થઈ ગયો ?'

**કર્મસત્તાની સાબિતિ :-**

બોલો, રાજા જેવા રાજાને પણ સંસાર તેવા તેવા કર્મ સંયોગે કેવા હરખ-ખેદમાં નચાવે છે ! ત્યારે તમારું શું ગજું કે તમે માત્ર અનુકૂળ કર્મ ભોગવતાં નિરંતર આનંદમાં રહી શકો ? છે ને ત્યારે હરખ અને ખેદના હીંચકા ? કોણ હીંચાવે છે ? હમણાં મનધાર્યું બની આવ્યું પછી અણધાર્યું અનિષ્ટ બની આવે છે એ એવું કેમ બની આવે છે ? કહો, શુભ અશુભ કર્મના પ્રતાપે.

ત્યારે અહીં અદૃશ્ય કર્મસત્તા સાબિત થાય છે. હમણાં જુગતું બની આવ્યું, તો પછી કેમ અજુગતું બની આવે છે ? કોણ આ તંત્ર ચલાવે છે ? કહો કર્મસત્તા એટલે ? કહો, શુભ-અશુભ કર્મ. જુગતું અજુગતું, ગમતું-અણગમતું, સારું-નરસું આપ્યા કરે છે. હમણાં ગરમી છે, અશાતા થાય છે, એ અશુભવેદનીય કર્મ આપે છે. પછી ઠંડા પવનની લહેરી આવી ને શાતા લાગી, તો એ કોણે આપી ? શુભ શાતાવેદનીય કર્મે. આમાં જીવનું શું ચાલે છે ? કર્મ કરે તે થાય. જીવ કર્મને પનારે પડ્યો છે. માટે જ્ઞાની કહે છે,-

**'સવ્વે જીવા કમ્મવસ, ચઉદહ રાજ ભમંત !**

સંસારના સમસ્ત જીવો કર્મને પરાધીન છે, ને એ પરાધીનતામાં ચૌદ રાજલોકમય આ વિશ્વમાં ભમ્યા કરે છે. જીવ કર્મની આગળ બિચારો છે. જેમ સત્તાધીશના લાયક શેઠને પરવશ પડેલો નોકર બિચારો છે. તે એને શેઠ જે સારી ખોટી વેઠ કરાવે એ કરવી પડે છે, એમ જીવ બિચારાને કર્મની ગુલામીમાં કર્મ નચાવે તેમ નાચવું પડે છે.

એટલા માટે ભૂલભાલ કરતા, પાપ કરતા ક્રોધમાં ધમધમાટ અને અભિમાનમાં રોફ કરતા જીવ પર દ્વેષ નહિ, દયા કરવા જેવી છે; કેમકે એ બધું એને કરાવનાર એનાં એવાં ખંધા કર્મ છે; એનાં કર્મ એને પીડી રહ્યા છે, હવે આપણે વળી એને દ્વેષથી શા પીડવા ? કર્મના ગુલામ જીવ બિચારા છે. બિચારાની તો દયા જ ચિંતવાય કે 'આ બિચારાને કર્મ પીડે છે. દુર્બુદ્ધિ કરાવે છે, કેવું દુઃખદ ! પ્રભુ કૃપાએ એને સદ્‌બુદ્ધિ મળો.'

'સવ્વે જીવા કમ્મવસ...' આ સૂત્ર આપણે યાદ નથી રાખતા એટલે કમાવાના સંયોગમાં ગુમાવવાનું કરીએ છીએ. ભૂલતા જીવ પર દ્વેષ કરીએ એમાં



આપણે તારણહાર ઉપશમલાભ ગુમાવ્યો; એના બદલે એ જીવ પર દયા કરીએ એની દયા ચિંતવીએ તો આપણું દિલ દ્વેષથી ઉકળે નહિ, અને ઉપશમ દયા કમાવાનું થાય. પ્રસંગ એનો એ જ એ ખોટની ય તક ને લાભની ય તક છે. તક પ્રમાણે વર્તતા આવડવું જોઈએ, એ સનાતન કાળના સૂત્રથી દયાનો લાભ મેળવી શકીએ. તકની ઓળખ જોઈએ.

**વસ્તુની ઓળખ હોવા ન હોવા પર દૃષ્ટાન્ત જુઓ :-**

ધનાજી એકવાર વેપાર કરવા નીકળ્યા, તે પહોંચ્યા દરિયાકાંઠે. ત્યાં એક વહાણ ઊતરેલું, પરંતુ એના માલિક રસ્તામાં મરી ગયેલો, તેથી રાજાએ એ વહાણનો કબજો લઈ વહાણમાંનો માલ વેચાવ્યો. ધનાજીના જતા પહેલાં બીજા વેપારીઓ પહોંચી ગયેલા, અને દરેકે પોતપોતાને ઠીક લાગતો માલ ખરીદી લીધેલો. હવે ધનાજી પહોંચ્યા એટલે વેપારીઓ હસતાં હસતાં કહે છે,-

**ધનાજીએ માટીના થેલા ખરીદ્યા :-**

'લ્યો, લ્યો આ મોટા શેઠ આવ્યા, એમને સારો માલ આપો. જુઓ પેલી તળિયે માટીની ગુણીઓ પડી છે એ એમના મહાન ભાગ્યે પડી રહી છે, તો એ આપો.'

ધનાજીએ માટી તપાસી ઓળખી લીધી, એટલે કહે છે, 'ભાઈસાહેબો ? મશ્કરી કાં કરો ? હું તો તમો સૌથી નાનો માણસ, એટલે મુજ ગરીબના ભાગ્ય પ્રમાણે ભલે આ બરાબર છે. લાવો આ માલ મને ખપે.'

એમ કહી ધનાજી પાણીના મૂલ્યે એ માટીની ગુણીઓ ખરીદી લઈ ગયા. આમાં શું ધનાજીએ ફોફાં ખાંડ્યા ?

**ભાગ્યશાળીને ભૂત રળે :-**

ના, વાત એમ બનેલી કે વહાણના માલિકને બંદરો બંદર ફરતાં ફરતાં ક્યાંકથી તેજંતુરી માટી મળી આવેલી. એ માટીનો પ્રભાવ એવો કે લોઢું તપાવી ઓગાળીને એમાં આ માટી ભેળવાય, તો લોઢું નગદ સોનું થઈ જાય. કોઈ દયાળુએ માત્ર એને આ માટીની ઓળખ કરાવેલી, તેથી એ વહાણના માલિકે એની ગુણીઓ ભરાવી લીધેલી. પછી એને લાગ્યું કે જો આને બહુ સંભાળ પૂર્વક રાખું તો કોઈને વહેમ જાય કે આમાં માલ હશે ! તેથી કદાચ ગમે તે પ્રપંચ કરીને એ ઉપાડી જાય. અગર એને ઉપાડવા હોઈયાં કરી જવા માટે મારું ખૂન પણ કરી નાખે. તેથી એની બહારથી બહુ પરવા નહિ દેખાડવાની.' આમ વિચારી વાહણના તળિયે એ બધી ખુલ્લી નજરે ચડે એ રીતે ગોઠવાવી દીધેલી. જોનારને એમ જ લાગે કે 'આ તો વહાણને સમતોલ રાખવા માટે માટીની ગુણીઓ રાખી છે.'

બસ, એમ મહાકિંમતી માટીની પણ ગુણીઓ એમ જ ખુલ્લી રીતે માલિક

વહાણમાં બંદરથી બંદર ક્ષેમકુળશ લઈ જઈ રહ્યો હતો. ધંધો પતાવી ઘરે જઈને ખાનગીમાં એ માટીથી સોનાના ઢગ કરી લેવાનું રાખેલું. પરંતુ વિધિની કર્મની વિચિત્રતા કેવી કે એ માલિકના મનોરથ મનમાં જ રહ્યા અને આયુષ્ય ખૂટ્યે માર્ગમાં જ પરલોક ઊપડી ગયો.

**માનવીના મનોરથ કેટલા કામ લાગે ?**

વિચારો, કરોડોની કિંમતનું સોનું સહેલાઈથી બનાવી શકાય એવી માટીની ગુણીઓ હાથ પર થવાનું પુણ્ય તો ઉદયમાં આવી ગયુ; પરંતુ કેમ એ સોનું ન બનાવી શક્યો ? અહીં કર્મસત્તાની બળવત્તા આગળ આવે છે. કહે છે ને કે 'નસીબ બે ડગલાં આગળ ?

**તે માટીમાંથી સોનું બનાવે એ પહેલાં અભાગિયો પોતે જ જીવતા સોના જેવો તે મરીને માટી થઈ ગયો.**

શું ? આપણે જીવતા છીએ ત્યાંસુધી આપણો આત્મા સોના જેવો છે; આ સોના જેવા માનવ અવતારને સારા ધર્મયોગમાં જોડીને પરલોક અજવાળે એવા મહાકિંમતી પુણ્યાનુબંધી પુણ્યરત્નો શુભ ભાવ-રત્નો, ને શુભ સંસ્કારરત્નો ઊભા કરી શકીએ છીએ. જો એ કાંઈ ન કર્યું ને માટીનું ધન માટીના વિષયોમાં રાચ્યા માચ્યા, તો અંતે એની મૂર્ચ્છાથી કદાચ એકેન્દ્રિય પૃથ્વીકાય વગેરેમાં જનમવું પડે; આત્મા પણ માટી, ને અહીં સોના જેવા ભવની કાયા પણ અંતે માટી થઈ જવાની.

**ધન માટી, વિષયો માટી, માટીના ખેલથી માટી થવાય.**

મોટા દેવતા જેવા પણ રત્નોના ખેલથી મરીને રત્નમાં પૃથ્વીકાયમાં ચાલ્યા જાય છે. ત્યારે પેલા વહાણ માલિકનું મર્યા પછી શું થયું હશે ? 'હાય ! કરોડોની કિંમતનું સોનું કરવાની આ માટીને મૂકીને મારે અધવચ્ચે મરવાનું આવ્યું ? આમ કદાચ માટીની આ મૂર્ચ્છામાં એકેન્દ્રિયમાં કોઈ સોનું આદિ પૃથ્વીકાયમાં પૂરાઈ જવું પડ્યું હોય તો ના નહિ; એટલે શું ? માટી જ થયો ને ? ને અહીંથી તો ડિસમિસ થયો જ ? ક્યાં રહ્યા મનોરથ ? ને ક્યાં રહ્યું મનોરથ મુજબ સોનાના ઢગ કરવાનું ?

**પુણ્ય-પુરુષાર્થના ભરોસે સુકૃતના પુરુષાર્થ ગુમાવવાનું થાય :-**

કર્મસત્તાના હાથની વસ્તુનો, પુરુષાર્થના ભરોસે, મોહ કરવામાં કેવી પછાડ ખાવી પડે ? 'આપણે તો આવી તેજંતુરી માટી એટલે મહાન પુણ્યોદય છે. હવે એને સીફતથી બચાવવા યત્ન રાખીશું એટલે તો બસ એનો ઢગલો સોનું બનાવી દઈશું એટલે' આમ પુણ્યોદયનો ને પુરુષાર્થનો ભરોસો રાખી માટી-સોનાનો મોહ કરવા જતાં, કરવા જેવા સુકૃતનો પુરુષાર્થ ગુમાવવાનું થાય. મન આ ભરોસે સોનું બનાવવાના તરંગમાં અટવાઈ ગયું એટલે સુકૃતો કરવાના વિચાર પણ ક્યાંથી કરે ? અને માટી-



સોના પર ક્ષણ ભંગુરતાના તથા વૈરાગ્યના વિચાર પણ ક્યાંથી કરી શકે ?

એ તો જો એમ વિચારાય કે 'શુભ કર્મનો કશો ભરોસો નહિ કે એ આપણા ધાર્યા પ્રમાણે આપણને સુખ દેખાડ્યા કરે. માટે એને આધીન વસ્તુના મોહ ખોટા. એ મોહથી એના જ વિચારમાં મન પરોવવું એ ય ખોટું આવી સમજ રહે, તો મનને બિનભરોસાની વસ્તુમાં રોકવા કરતાં ભરોસાની વસ્તુ જે આત્મહિતકારક સુકૃતાદિ, એમાં પરોવી દેવાનું થાય; અર્થાત્ વિચારો દુન્યવી વિષયોને બદલે દેવ-ગુરુ-ધર્મ-વૈરાગ્યાદિના કરવા.

પેલો વહાણ માલિક મરી ગયેલો, ને એની વહાણમાં સંગ્રહેલી કિંમતી માટીની વહાણના નોકર માણસોને ય ગમ નથી, અને મોટા વેપારીઓને ય ગમ નથી, ઓળખ નથી, એટલે ધનાજી જાણકાર છે, તેથી એમણે એને ઉપડાવી ઘર ભેગી કરી, અને એમાંથી ઢગલો સોનું બનાવ્યું. વેપારીઓ એને પડતી મૂકી માલ લઈ ગયા એથી કેટલું પામ્યા ? ને ધનાજી આને ઓળખીને આ લઈ ગયા તો કેટલું બધું પામ્યા ?

**વસ્તુ એની એ, પણ વસ્તુની ઓળખ જોઈએ, તો લાભ લખલુટ.**

**એમ, પ્રસંગ એનો એ, એમાં રહેલી સારી ગુણ કે સુકૃતની તકને ઓળખી લેવી જોઈએ તો એના પર લાભનાં લેખાં નહિ.**

એટલે જ સામા જીવે કર્મવશ ભૂલ ખાધી વાંકો ચાલ્યો, એમાં આપણા માટે 'સવ્વે જીવા કમ્મવસ...' એ સૂત્રથી દયાની તક સમજી, એ તકનો લાભ લેવા ત્યાં એના પર દયા ચિંતવવી જોઈએ. તો લાભનાં લેખાં નહિ; પરંતુ જો દયાની તકને ન ઓળખી, ને દયા ન કરી, તો દ્વેષમાં ફસાવાનું થાય. 'લેવાના દેવા' જ ને ?

બાપે છોકરાને કોઈ વેપાર કરવા સો રૂપિયા આપ્યા, ને છોકરો એવો અવળો ધંધો કરી આવ્યો કે જેમાં સોના સાઠ કરીને ઘરે આવ્યો. તો હવે બાપ એને શું કહે ? આ જ ને કે ભાઈ ! આ તો તું લેવાના દેવા કરી આવ્યો' સો ઉપર બીજા રૂપિયા બજારમાંથી લેવાના-લાવવાના હતા, એના બદલે સોમાંથી જ ચાલીસ રૂપિયા બજારને દઈ આવ્યો બસ એ જ પ્રમાણે,

**તક ઓળખી શુભ ભાવનો લાભ ન લે તો અવળા ધંધાની જેમ લેવાના દેવા થાય.**

**દરેક પ્રસંગમાં શુભ ભાવની તક હોય છે.**

જીવનમાં ધ્યાન રાખીએ તો એવા કેટલાય પ્રસંગો બની આવે છે જેમાં દયાદિ શુભભાવ કમાવવાની તક હોય છે, પણ મૂર્ખ અને હઠી જીવને શુભ ભાવ ચૂકીને અશુભ ભાવ કરવા જોઈએ છે.

દા.ત. જમણનો પ્રસંગ છે. એના પર અજ્ઞાન જીવને ભારે રાગનો હરખનો અને પ્રશંસાનો ભાવ થાય છે. હવે અહીં એ જો તક ઓળખાય કે આ રાગાદિભાવ તો એક પશુ ય કરી શકે છે, એટલે પશુબુદ્ધિથી કરી શકાય એવા એ ભાવ છે. ત્યારે મને માનવ અવતારે વિશિષ્ટ બુદ્ધિ મલી એનાથી વૈરાગ્યભાવ સમત્વભાવ-ઉદાસીનભાવ કરી શકવાની તક મળી છે. આવા જમણ વગેરે અ-સામાન્ય વિષયોના પ્રસંગે જ આ તક હોય; સામાન્ય વિષયોમાં તો બહુ રાગ હરખના ઊછાળા નહિ તેથી એ વૈરાગ્યાદિની તક નહિ ગણાય. આમ વિશિષ્ટ માનવબુદ્ધિના કાળે એ વૈરાગ્યાદિની તક ઓળખાય તો એ વૈરાગ્યઆદિ ભાવ કરી લેવાય.

એમ, ભાઈભાંડુંના તરફથી આપણી વિરુદ્ધ કાંઈક વર્તાવ થયો, તો એ પ્રસંગમાં વિશિષ્ટ આર્ય માનવ બુદ્ધિની રુએ ક્ષમા-નમ્રતા-મૈત્રીભાવની તક કહેવાય. અનાર્ય માનવ અવતાર મળ્યો હતો તો આ ક્યાં તક હતી ? અનાર્ય અવતાર જ એવો છે કે એમાં તો ગુસ્સો-ધમધમાટ વગેરે કરાવે એવી બુદ્ધિ મળી હતી. ત્યાં ક્યાં ક્ષમાદિ ભાવની તક ગણાય ? તો આર્ય અવતારે આવા વિષમ પ્રસંગે મળતી ક્ષમાદિની તક ન ગણાય. સારાસારીમાં રોષ ઉઠતો જ નથી પછી શી ક્ષમા વિચારવાની હોય ? કાંઈક અણગમતું બની આવે ત્યાં ક્ષમા વિચારવાની તક કહેવાય.

એમ પાસે બે પૈસા છે, તો ત્યાં દાનની તક છે, આ તકની ઓળખ થાય કે 'પાસે પૈસા છે, તો દાન કરી શકું; પૈસા જ ન હોય તો દાન શી રીતે કરી શકવાનો હતો ? માટે અત્યારે દાનનો ખરેખરો અવસર સમજી એ કરી લઉં.' આમ,

**'પ્રસંગ પ્રસંગ પર સારા ભાવ, સારા વિચાર સારા બોલ સારા વર્તનની તક છે,'**

એ ધ્યાનમાં આવવું જોઈએ, એની ઓળખ જોઈએ, તો પછી એ તકનો સદુપયોગ થાય; તેથી જીવન ઉન્નત બને.

**સારા ભાવની તકની ઓળખ અને સદુપયોગથી જ અનંત અનંત કાળના પોતાના પતિત આત્માને ઊંચો લાવી શકાય.**

જુઓ, જ્યારે દેવપરીક્ષામાં લક્ષ્મણજીનું મૃત્યુ થયું, ને રામચંદ્રજી પાગલ જેવા થઈ ગયા, ત્યારે રામના સુયોગ્ય પુત્રો લવણ-અંકુશને મંત્રીઓએ રાજ્ય સંભાળી લેવાનું કહેતાં એમણે શું કર્યું ? રાજ્ય નાનુસૂનું નથી,. લક્ષ્મણજીએ વાસુદેવ તરીકે ત્રણ ખંડનું સામ્રાજ્ય જમાવેલું છે, એની હકુમત હાથમાં લઈ લેવાનું મંત્રીઓ કહે છે. આ પ્રસંગ આવ્યો તો હવે ત્યાં શું કરવું ? સામાન્ય જીવ તો એ ઝટ હાથ કરી લે. મોટા સમ્રાટ રાજા બનવાનું કોને ન ગમે ? તે વળી સહેજે સહેજે અને સામેથી ખૂબ આગ્રહપૂર્વક સામ્રાજ્ય અપાય છે.

પરંતુ લવણ-અંકુશે અહીં તક ઓળખી. એમને લાગ્યું કે આ પ્રસંગે



સમ્રાટગીરીનો લહાવો લઈ લેવાની તક નહિ, પણ વૈરાગ્ય અને સર્વપાપત્યાગરૂપી આત્મહિતના માર્ગે ચડી જવાની તક છે, કેમકે મોટું સામ્રાજ્ય પાસે છતા કાકા એકાએક મરી ગયા, ને બાપુજી પાગલ થઈ ગયા, તો સામ્રાજ્યની મમતાએ એમને એવા પકડી રાખ્યા કે પરલોકના હિત તરફ કાંઈ જ પ્રયત્ન ન થયો અને પરલોકહિત સાધી લે એ પહેલાં જ આયુષ્ય પૂર્ણ થઈ ગયું. જો એમના જીવનનો ભરોસો નહિ, તો અમારા જીવનનો પણ શો ભરોસો કે ક્યારે તૂટે ? અને એ તૂટતા પહેલાં જો અમે આત્મહિત ન સાધી લઈએ, તો અમે મરીને ક્યાં જઈએ ? ઠેઠ મોક્ષસુધીનાં આત્મહિત સાધવાની તક મનુષ્ય ભવમાં જ છે, તે ચૂકીને ભવચક્રમાં ભટકતા રાખનાર રાજ્યસમૃદ્ધિની તક ઝડપી લેવામાં શી બુદ્ધિમત્તા ?

મંત્રીઓને એમણે આ વિચારણા બતાવી, મંત્રીઓએ ઘણું ઘણું સમજાવ્યા કે આવા મોટા સામ્રાજ્યને સંભાળવા તમારા જેવા સમર્થ કોઈ છે નહિ, તેથી હમણાં તો આ જ સંભાળી લો.'

પરંતુ લવણ-અંકુશ કહે છે; 'જ્ઞાનીઓનું ફરમાન છે, ને વિવેકની બુદ્ધિ પણ કહે છે, કે સૌથી પહેલાં પોતાના આત્માની સંભાળ કરવી. એ સાચવીને બીજાની સંભાળ થઈ શકતી હોય તો કરવાની. અમારા આત્માની કાળજી-રક્ષા સર્વપાપના ત્યાગથી જ થઈ શકે, ને તે જ અમારે કરવાની છે, માટે રાજ્ય અમને ન ખપે.'

શું અહીં મંત્રીઓ ન પૂછે,-

**પ્ર.-** પરંતુ પિતાજીની આ સ્થિતિમાં સંભાળ નહિ કરવાની ?

**ઉ.-** અહીં લવણ-અંકુશ કહે શી રીતે કરવાની ? પિતાજીના આત્માની સંભાળ જો અમારાથી શક્ય હોય તો તે અમારા આત્માની સંભાળ રૂપ સર્વ પાપત્યાગના માર્ગે ચડી ગયા પછી જ શક્ય છે. ત્યારે, પિતાજીની કાયાની સંભાળ તો જટિલ કર્મસત્તાની સામે થઈને કરવાનું અમારું ગજુ નથી, તેમ જનમ જનમ એજ કરવાની ? સ્વજનની કાયાની સંભાળ કરતા બેસવામાં અમારો મહાકિંમતી આત્મ-સંભાળ ચુકવાનું થાય; જેમાં ન અમારા આત્માનું ભલું, ન પિતાજીના આત્માનું ભલું.

**આ જગતમાં સંભાળ કરવા જેવી હોય તો પહેલાં નંબરમાં પોતાના આત્માની સંભાળ કરવાની.**

આત્માને છોડીને કાયા સુદ્ધા બીજીત્રીજી વસ્તુ તો નાશવંત છે એની સંભાળ શી બહુ ઉપયોગી થાય ? ત્યારે બંનેના આત્માની સંભાળની ખોટ પડતી હોય ત્યાં ડાહ્યાં માણસ પોતાના આત્માની ખોટ તો જરૂર કરી લે. બે મહત્ત્વની વસ્તુની ખોટ પડે એવું હોય ત્યાં ડાહ્યો માણસ એક મહત્ત્વની વસ્તુની ખોટ નિવારી શકાતી હોય

તો જરૂર નિવાર્યા વિના ન રહે.

વૈરાગ્ય પામીને સર્વપાપત્યાગ કરવો એ પોતાના આત્માની મોટી સંભાળ છે, રક્ષા છે. આનું સૌથી ઊંચું મહત્ત્વ છે, માટે ઇતર શાસ્ત્ર પણ કહે છે,-

**यदहरेव विरजेत, तदहरेव प्रवजेत'**

'જે દિવસે વૈરાગ્ય પ્રગટ્યો એ દિવસે સંસારમાંથી ચાલી નીકળવું જોઈએ, પ્રવ્રજ્યા સ્વીકારી લેવી જોઈએ.' આમાં એમ ન કહ્યું કે સગાસ્નેહીને સમજાવી એમની સંમતિ હોય તો જ પ્રવ્રજ્યા લેવી.' કેમ આવું ન કહ્યું ? કારણ કે વૈરાગ્ય એ બહુ નાજુક વસ્તુ છે, વૈરાગ્ય ઝળહળી ઊઠ્યા પછી રાગના નિમિત્તોમાં બેસી રહે તો વૈરાગ્ય મોળો પડતાં વાર નહિ અને પછી તો એ ઊડી ય જાય.એના બદલે જો વૈરાગ્ય ઝળહળતાં જ પ્રવ્રજ્યા લઈ લીધી, એટલે કે ઘરવાસ છોડતાં રાગનાં નિમિત્તો છોડી દીધાં, તો પછીથી પ્રવ્રજ્યામાં વૈરાગ્ય વિશેષ મહેકતો જવાનો, જે એને વીતરાગભાવ સુધી પહોંચાડી દે, અને એ જ જનમ પૂરો થતાં મોક્ષ થાય. ઇતર શાસ્ત્રમાં કહ્યું છે,-

**'वीतरागजन्मादर्शनात्'**

વીતરાગને હવે પછી જનમ લેવો પડે એવું દેખાતું નથી, યુક્તિયુક્ત નથી; કેમકે જન્મનું કારણ પ્રારબ્ધ ભાગ્ય છે, અને એ રાગથી જ પેદા થાય છે. વીતરાગ બનતાં રાગ ગયો એટલે ભાગ્યોત્પત્તિ બંધ, એટલે જનમ બંધ, અને મોક્ષ-અવસ્થા પ્રગટ થાય. આત્માને આનાથી વધીને શ્રેષ્ઠ બીજું પ્રાપ્ત કરવા જેવું છે જ શું ? ત્યારે એવો વીતરાગ બનાવનાર કોણ છે ? વૈરાગ્યનો વધતો જતો વેગ છે, ને એ કાર્ય સર્વપાપત્યાગરૂપી પ્રવ્રજ્યામાં લઈ શકે. પાપભર્યા ઘરવાસમાં તો વૈરાગ્યનો વેગ મોળો પડી ઊડી જાય.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૪,અંક-૪૮,તા.૨૮-૮-૧૯૭૬**

આવું ઇતર અનુભવીઓને પણ લાગ્યું તેથી આ વિધાન કર્યું કે જે દિવસે વૈરાગ્ય થાય એ જ દિવસે પ્રવ્રજ્યાનો માર્ગ લઈ લેવો જોઈએ. આ વિધાનમાં સ્પષ્ટ છે કે પોતાના આત્માની સંભાળ પહેલી કરી લેવી; પણ ત્યાં મોહના સંબંધીઓને સંભાળતા નહિ બેસી રહેવાનું. વૈરાગ્યના દિવસે જ એમને ત્યાગ કરીને પ્રવ્રજ્યા લઈ લેવાની, સંસારમાંથી નીકળી જવાનું.

આ તમને વધારે પડતું લાગે છે ને ? 'હેં ? આજે વૈરાગ્ય થયો ને આજે જ સંસાર મૂકી દેવાનો ? પરણેલાને પાળવાના નહિ, જણેલાને જાળવવાનો નહિ ?'



આવો ચમકારો થાય છે ને ? તો સમજો કે નજર સામે કાયા જેટલી તરવરે છે એટલો આત્મા નથી તરવરતો. માટે આત્માને ભૂલીને કાયાની દલાલી કરવાનું મન થાય છે.

પૂછો,-

**પ્ર.**- બધા ય વડિલો પોતાના આત્માનું સંભાળવા બેસી જાય, તો પછી આશ્રિતોની કાયાનું કોણ સંભાળશે ?

ઉ.- અસત્ કલ્પના કરો નહિ. બધા ય વડિલો આત્માનું સંભાળવા બેસી જાય એવું બનવાનું નથી. ને માનો કે એમ બન્યું, તો એ કાળ બહુ જ પ્રભાવવંતો સમજી રાખો, ને ત્યારે તો આશ્રિતો ય પોતાના આત્માનુ સંભાળવા તૈયાર થઈ જવાના. જો આ ન બને, તો પેલું પણ શાનું બને ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૫,અંક-૧,તા.૪-૯-૧૯૭૬**

વાત આ છે કે આત્માનું ઊંચું મહત્વ ધ્યાન પર નથી, તેથી કાયાની દલાલી કરવાનું મન થાય છે. આર્યદેશના ઇતર પણ આસ્તિક શાસ્ત્રકારો આત્માને મહત્વ આપનારા હતા, તેથી એમણે આત્માની રક્ષા અર્થે આ લખ્યું કે વૈરાગ્યના દિવસે જ સંસાર ત્યાગ કરે, જેથી પોતાની આત્માની રક્ષા થાય.

ધર્મિપણાનો દાવો રાખો છો ને ? આસ્તિક કહેવરાવવું ગમે છે ને ? તો શું આ વૈરાગ્ય-પ્રવ્રજ્યાનું સૂત્ર દિલમાં જચે છે એ તપાસો. જો એ જચતું હોય તો જાતે કોઈ વાર પણ વ્યાખ્યાન શ્રવણ આદિમાં વૈરાગ્ય જાગ્યો નથી ? જાગ્યા પછી કેમ સંસારમાં બેસી રહ્યા છો ? જોજો, ઉપાધિ, બહાનું, ધર્યું હશે, એમાં પોતાના આત્માની અનંત અનંત કાળથી ચાલી આવતી દુઃખદ સ્થિતિ પર હૃદય ભારે કંપતું રહેલું ? કહો ને કે જો એ કંપારો હોય તો પોતાના દુખિયારા આત્માની સંભાળ પહેલી અને મુખ્ય કરી લેવાય.

ત્યારે જો પેલું વૈરાગ્ય-પ્રવ્રજ્યાનું સૂત્ર દિલમાં જો જચતું ન હોય તો આશ્રિતોના આત્મા માટે પણ મનમાં આ કયાંથી આવવાનું કે આમને વૈરાગ્ય પમાડવાના ભરચક સંયોગ કરી આપું ? અરે, તમે તો એવું ન કર્યું ને વૈરાગ્ય ન જગાડ્યો, પરંતુ આશ્રિત જો પોતે જાતે જ વૈરાગ્ય પામ્યો, તો એને તરતમાં સંસાર-ત્યાગની સગવડ શાના કરી આપો ? ધર્મી છો ને ? આસ્તિક છો ને ? છતાં સ્વ-પરના અનંત અનંત કાળના દુખિયારા અને નિરાધાર આત્મા નજર સામે મુખ્યપણે નથી રાખવો ?

મેઘકુમાર, શાલિભદ્ર, ધન્નો, ધનાજી, જંબુકુમાર વગેરેને વૈરાગ્ય ઝળહળતાં જ ચારિત્ર લેવાની વાત કરી તો પહેલાં તો માતા વગેરેએ વાત ન વધાવી લીધી, પરંતુ એમનો દૃઢ નિર્ણય દેખ્યા પછી તરત સંમતિ આપી ચારિત્ર અપાવ્યું. ક્યારે વૈરાગ્ય, ને ક્યારે દીક્ષા ? વૈરાગ્યના બીજા જ દિવસે દીક્ષા !

**આત્મા અને પરલોકની શ્રદ્ધાની અહીં પારખ થાય છે, કે વૈરાગ્યના દિવસે જ ચારિત્રની વાત મનને જચે છે ?**

ચારિત્ર તમે હમણાં લો છો કે નહિ એ વાત નથી, કોઈ ચારિત્ર લઈ લે તો એ બરાબર જ કરે છે એવું તમારા મનને જચે છે ખરું કે એના બદલે ચમકારો થાય, હેં ? આટલામાં ચારિત્ર ? આમ તે વળી એકાએક ચારિત્ર ? આમ તે વળી એકાએક ચારિત્ર લેવાતું હશે ? ઘડી પહેલાં તો કાંઈ નહોતું, ને એમ એકદમ વૈરાગ્ય થઈ જતા હશે ?....' આવું મનને થાય ને ? એનો અર્થ એ કે એ વાત મનને જચતી નથી, રુચતી નથી. ન જચવા-રુચવાનું કારણ આ, કે નજર સામે જેવી કાયા અને માયા તથા એનાં હિત મુખ્યપણે તરવરે છે એવો પોતાનો આત્મા અને એનાં હિત મુખ્યતાએ તરવરતા નથી.

**જેવો આ જનમ ને એની સુખ દુઃખ નજર સામે તરવરે છે એવો પરભવ અને એનાં સુખ દુઃખ નજરની સામે તરવરતા નથી ત્યાં આસ્તિકતા કયાં ?**

મીઠાઈ ખાઉં, મઝા આવે એવું મનને ઝટ થાય પણ મીઠાઈ ખાતા આત્માને બહુ રાગ થાય, આત્માનું અહિત થાય, પરભવે એના મહા કટુફળ ભોગવવાં પડે, એવું મનમાં સ્ફુરતું જ નથી મનને ભડક જ નથી લાગતી. આ સૂચવે છે કે મીઠાઈથી જીભને આનંદ આવે એ કાયાનો આનંદ છે, પરંતુ આત્માને રાગની મલિનતા વધે એ ખટકતું નથી. અહીં આ જીવનનો આનંદ રુચે છે, પરંતુ પરભવનું મહા દુઃખ ખટકતું નથી!

કાયાને બદલે પોતાનો આત્મા અને આ ભવને બદલે પરભવ નજર સામે તરવર્યા કરે એ કેટલું બધું મુશ્કેલ છે ! 'હું આસ્તિક છું આત્માને પરલોકને માનનારો છું' એવું બોલવું સહેલું છે પરંતુ વાતવાતમાં એ નજર સામે તરવર્યા કરે એ કઠિન છે. એટલે જ વાણી-વિચાર-વર્તાવ એના ન ચાલતાં કાયા માયાના ને આ ભવ અંગેના ચાલે છે. આમાં સાચુ આસ્તિક પણું અર્થાત્ માત્ર વાણીમાં આસ્તિકપણું નહિ, કિન્તુ દિલમાં ઠસેલું આસ્તિકપણું કયાંથી હોય ? આવા ઊંચા આર્યમાનવ ભવમાં આ ન આવે તો શું કમાયા ?

પૂર્વના મહાપુરુષોમાં આ હતું, ભલે એ મોટા રાજ્યપાટ લેવાનો પ્રયત્ન કરતા ને ભોગવતા કે મોટી શ્રીમંતાઈ ભોગવતા હતા, પરંતુ દિલમાં આસ્તિકપણું



જચેલું હતું તેથી જીવનમાં એવા અનીતિ, વિશ્વાસઘાત વગેરેનાં મહાપાપને સ્થાન નહોતું મળતું, તેમજ એવો કોઈ અવસર આવી લાગ્યો કાયાનાં હિત પડતા મૂકી એકાએક જ આત્માનું હિત સાધવા નીકળી પડતા.

**યુદ્ધભૂમિ પર પરલોક યાદ :-**

વાલી રાજા સાથે રાવણ એમને આજ્ઞામાં લેવા લડવા આવ્યો છે, લડીને વાલીને હરાવી આજ્ઞામાં લઈ લેવા છે, છતાં એમાં રાવણને એ કહી દે છે, 'જો ભાઈ ! તું શ્રાવક હું પણ શ્રાવક, વિવાદ આપણા બે વચ્ચે છે, તો આપણે બે એકલા જ સામસામા લડી લઈએ, પણ આ નિર્દોષ લશ્કરના માનવીઓનો હત્યાકાંડ શા સારુ થવા દેવો ? આ કોણ બોલાવે છે ? દિલમાં તરવરતી આસ્તિકતા; નજર સામે તરવરતો આત્મા અને પરલોક તે ય કયાં ? યુદ્ધભૂમિ પર ! શું ? પરલોક નજર સામે, જો આને બદલે માત્ર આ જ જીવન હિસાબમાં હોત તો શું કામ આ વિચારે કે 'આ બિચારા હજારો માણસ ફોગટના મરે ? ત્યાં તો મનને એમ થાય કે, એ તો લડાઈનો મામલો છે એટલે મરે, એમાં શું થઈ ગયું ?'

હજી આગળ જુઓ, રાવણ પણ દિલનો આસ્તિક છે, એટલે લશ્કરની લડાઈને બદલે એકલાની લડાઈ મંજુર કરી. જોજો હોં, એની પાસે લશ્કર સામગ્રી વાલી કરતાં મોટી છે, તેથી એના આધાર પર જીતવાની ઈચ્છાથી એ લશ્કરની જ લડાઈ પસંદ કરે એ સહજ છે. પરંતુ સામેથી શ્રાવકપણાનો અને એની મર્યાદાનો ખ્યાલ આવ્યો પછી તો જરૂર આંખ સામે સ્પષ્ટ છે કે પોતાના જ માનેલા સૈનિકો-પશુઓ નિર્દોષ છતાં હજારો કપાઈ મરે, એવું કેમ ચલાવી લેવાય ? ઊંડે ઊંડે રહેલ દયાની લાગણી અને ભગવાનના વચન પર આદર, આ બે ગુણો લશ્કરની લડાઈનો મોહ જતો કરાયો, એ રીતે થતી જીતનો લોભ પડતો મુકાવ્યો.

વાલી રાવણ બંને એકલા લડ્યા, એમાં અંતે વાલીની જીત થઈ, હવે રાવણની કઈ દશા થાય ? વાલીએ મિત્રાચારીનો સંબંધ રાખવાની તૈયારી બતાવેલી છતાં રાવણને સ્વામિસેવકભાવનો સંબંધ જોઈતો હતો તેથી વાલીને આજ્ઞાંકિત સેવક બનાવવો હતો તેથી હઠે ચડીને મોટો ઊપાડો કરીને આવેલા તો વાલી એને હરાવ્યા પછી હવે એને ભારે સેવા કરતો ન બતાવી દે ? પરંતુ ના,

**વાલીએ અહીં તક ઓળખી.**

વાલીએ જોયું કે હું જેમ રાવણને શિખામણ આપું છું કે 'આ તું પુણ્યના ભરોસે ચાલ્યો તો ઠગાયો, માટે હવેથી પુણ્યના ભરોસે ન ચાલવું,' એમ મારે પણ અહીં મારા જીવન સામે જોવાની તક છે કે હું ય કાંઈ પુણ્યના ભરોસે નથી બેઠો ? વળી જેમ અત્યારે રાવણના આખા રાજ્ય ઉપર મારો વિજયધ્વજ લહેરાવવાની તક

છે. આ તકને ઓળખી એને વધાવી લીધી તો દુન્યવી અદ્‌ભુત લાભને પળવારમાં ફગાવી દેતાં વાર ન લગાડી.

'રાવણને એના પુણ્યે દગો દીધો, અંધારામાં રાખી કુટાવ્યો, તો મને મારું આયુષ્ય-બળ-પરિવારનાં પુણ્ય અંધારામાં રાખી કુટાવે તો ? તો તો એમજ આરાધના વિનાનો રહી જાઉં, માટે હવે તો આ રાવણના દૃષ્ટાન્તથી મૂક આ મોહમાયા અને ચડી જા ચારિત્રમાર્ગે,' આ વિચારે વાલીએ ત્યાં યુદ્ધભૂમિ પર જ ચારિત્ર લીધું.

**લવણ-અંકુશે પણ તક ઓળખી.**

કર્મના અણધાર્યા હલ્લા આવવાની સ્થિતિ હોય ત્યાં આત્મરક્ષાની તક કેમ ન ઓળખવી ? લવણ-અંકુશ આ વિચારે છે,-

'કાકા લક્ષ્મણજીને મૃત્યુએ અચાનક ઝડપી લીધા, અને ચારિત્રધર્મની આરાધનાં કર્યા વિના એ ગયા. નહિતર ચારિત્રધર્મની તો માનવજીવનમાં જ તક હતી, પણ જીવન હાથમાં હતું ત્યાં સુધી તક સાધી લીધી નહિ, અને જીવનનો અંત તો ધારણા વિનાજ આવી ગયો; પછી હવે કયાં ધર્મ-સાધના કરે ? તો આ જોઈને અમે કર્મથી ઠગાઈએ એ પહેલાં ચારિત્ર-ધર્મ-સાધનાની અહીં મળેલી તકને સફળ કાં ન કરી લેવી ?'

આ વિચાર પર લવણ-અંકુશ મોટું સામ્રાજ્ય મળતું જોઈ લલચાયા નહિ. ઊલટું આ અવસરે ઊભા થઈ ગયા, સંસાર છોડી ચાલી નીકળ્યા, મુનિદીક્ષા લઈ લીધી કારણ ? છતે સામ્રાજ્યે કાકાના થયેલા અકાળ મૃત્યુ તથા પિતાના નીપજેલા એકાએક ગાંડપણે એમની આંખ ખોલી નાખી,

**સ્થૂલભદ્રે તક ઓળખી :-**

શકડાલ મંત્રીના મૃત્યુ પર એમના મોટા પુત્ર સ્થૂલભદ્રજીને રાજા મંત્રી મુદ્રા ધરે છે. મંત્રીપણું સ્વીકારવા સામેથી માનભેર માગણી આવી સ્વીકારી લીધું ? ના, સ્થૂલભદ્રે જોયું કે 'આ મંત્રીમુદ્રાની પાછળ પિતાએ અકાળ મોત દેખ્યું, તો મને પણ એ શું દેખાડે ? પિતાજી એમાં ચારિત્રધર્મની સાધના કર્યા વિના ગયા. જે ચારિત્રધર્મની તક આ મનુષ્યભવમાં જ મળે એ તક એમણે મળેલી છતાં ખોઈ નાખી, તો આવું જોઈને હું શા સારુ આ તકને એળે જવા દઉં ? બસ ઊભા થઈ ગયા ! હજી હમણાં તો વેશ્યાને કોલ આપીને આવ્યા છે કે 'આ નંદરાજાનું તેડું આવ્યું છે, પણ બહુ વાર નહિ કરું, જલ્દી વાત પતાવીને આવું છું,' તે હવે એ બધું ભૂલી ગયા, પ્રેમાળ વેશ્યાનાં સુખ અને મંત્રિપણાના મોટા હોદ્દાનાં સુખ ઊભા પડતા મૂક્યા ! તક ઓળખાઈ, તક સાધી લેવાની તમન્ના જાગી, તે હવે ઝાલ્યા રહે ? ત્યાંથી મુનિ બનીને નીકળી ગયા.



વાત આ છે,-

**કર્મના ચારેકોરના ઘેરાવા વચ્ચે રહેતાં શુભ તકને ઓળખી લઈ સફળ કરી લેવી જોઈએ.**

નગરની બહાર દુશ્મન રાજાના લશ્કરનો ઘેરાવો પડ્યો હોય તો નગરનો રાજા નિશ્ચિન્ત બેસી શકે ? ના, એને તો રાતદિવસ અજંપો હોય કે 'કોને ખબર આ ઘેરો નાખી પડેલું લશ્કર ક્યારે કેવો હલ્લો કરે ? માટે જાગતા અને સાવધાન રહેવું' એમ, 'આપણા પર કર્મશત્રુનો ઘેરાવો પડ્યો છે કોને ખબર એમાંથી ક્યારે કેવાં કર્મ ઉદય પામીને હલ્લો કરી દે ?' આ જાગૃતિ રાખી પવિત્ર તકને સાધી લેવી, સારી પુણ્યાઈ ચાલી રહી હોય તેથી ભરોસે નહિ રહેવું; શો ભરોસો કે સારું જ ચાલશે ?

પેલા નંદ રાજાને, જોયું ને ? જંગલમાંથી દીકરો જડી આવ્યો છતાં પાગલ જેવો થઈ ગયો છે, 'વિસેમિરા વિસેમિરા' બોલ્યા કરે છે. આમાં શું કરે ? રાજાએ આવા વિષયના જાણકારો અનુભવીઓને બોલાવ્યા, પણ કોઈ આનો ઉકેલ નથી શોધી શકતું.

**રાજાને શારદાનંદનની યાદ :-**

અહીં કોઈનું કાંઈ વળ્યું નહિ ત્યારે રાજાને શારદાનંદન ગુરુ યાદ આવ્યો. મનને થયું કે 'જો અત્યારે ગુરુ હાજર હોત તો આનો ઉકેલ સમજાવત. ત્યારે, મેં એ કેવી ભયંકર મૂર્ખાઈ કરી નાખી કે વગર વિચાર્યે ગુરુને બિચારાને મરાવી નાખ્યો ! રાજાને હવે અફસોસી થાય છે.

લાંબો વિચાર કર્યા વિના કરતા શું કરી નાખ્યું પણ હવે એના બુરા પરિણામ જોવાના આવ્યા એક અફસોસી વિના બીજું શું મળે ? એટલા જ માટે

**દીર્ઘદૃષ્ટિનો વિચાર એક મહાન રક્ષણ છે, મહાન ગુણ છે.**

**ધોતીના ધોળ આગળ ગવાશે :-**

પ્રસંગ આવ્યો હોય, ને ત્યાં લાંબી દૃષ્ટિ નાખી વિચારવાનું કરાય કે 'આના આગળ ઉપર કેવાં પરિણામ આવવા સંભવ છે ?' એમાં જો લાગે કે પરિણામ ખરાબ આવવા સંભવ છે, તો પહેલેથી જ ચેતી જવાય, અને એવું ખરાબ પરિણામ લાવનારું કાર્ય ન કરાય. તેથી એવા બૂરા પરિણામથી બચી જવાનું થાય, રક્ષણ મળી જાય.

જુઓ,'ધોતલીના ધોળ આગળ ગવાશે' વાળા દૃષ્ટાન્તમાં શું થયું ? વાણિયાએ ખાતર પાડી અંદર પેસતા ચોરને મારી નાખ્યા પછી જોયું કે 'ટૂંકી દૃષ્ટિથી જોતાં રાજા આગળ આ જાહેર કરવામાં શાબાશી તો મળે, ઇનામ પણ મળે, પરંતુ લાંબી

દૃષ્ટિ પહોંચાડે તો ખ્યાલ આવે કે 'મરાયેલા ચોરના સગાને ખબર પડી જાય કે અમારા સગાનું અમુક જણે ખૂન કર્યું પછી એ ઝાલ્યો રહે ? ના વૈરનો બદલો લેવા આ ચોરના મારનારને ઝુડી જ પાડે ને ? ખત્મ જ કરે ને ? ભલું પુછવું કદાચ વૈરીના બીજાય સગાને ઝુડી પાડે ! અથવા એની બીજી કશી વસ્તુને ય નુક્સાન કરે !'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૫,અંક-૨,તા.૧૧-૯-૧૯૭૬**

વાણિયાએ દીર્ઘદૃષ્ટિથી આ જોયેલું તેથી રાજા આગળ જઈ ચોરને મારવાનો જશ પોતે ન લીધો, ને બચી ગયો; અને જમાદારને કહ્યું 'જુઓ આ ચોરને મેં માર્યો છે, પરંતુ જશ તમે લો; જમાદાર ભોળો તે એણે લાંબી દૃષ્ટિ પહોંચાડી નહિ, ને રાજા પાસે જશ લીધો; તો રાજાએ જાહેર સભામાં એનું ચોરના મારનાર તરીકે ઈનામમાં ધોતલી આપીને સન્માન કર્યું. બસ, મરનાર ચોરના સગાએ આ જાણી ચાર દિવસ પછી ગલીમાં લાગ મળ્યે જમાદારનું કાટલું કાઢી નાખ્યું. '

વાણિયાએ દીર્ઘદૃષ્ટિ પહોંચાડેલી, તેથી મહાનાશથી બચી ગયો. દીર્ઘદૃષ્ટિના વિચારે કેટલા બધા રક્ષણના લાભ આપ્યા ! (૧) પોતાની ક્રૂર કત્લ અટકી; તો (૨) જીવનના મહાન લાભ ઊભા રહી ગયા; (૩) પત્ની વિધવા બનતી અટકી; (૪) પોતાને કદાચ ક્રૂર કત્લમાં અધ્યવસાય રૌદ્ર બની નરકાદિ જેવી ગતિ અને પછી દુર્ગતિભ્રમણ થાય તે અટક્યું ! દીર્ઘદૃષ્ટિએ કેવા સંરક્ષણ ! માટે જ,

**દીર્ઘદૃષ્ટિનો ગુણ જીવનમાં ખૂબ વ્યાપક બનાવવા જેવો છે.**

**વિચારણા પર દીર્ઘદૃષ્ટિનો પ્રભાવ :-**

એની ખરી મજા અહીં છે,- વિચારણા પર દીર્ઘદૃષ્ટિનો પ્રભાવ કેટલો બધો છે એ જોવા જેવું છે. આપણે કોઈ ને કોઈ વિચાર તો કરતા જ હોઈએ છીએ.હવે ત્યાં જ વિચારતા હોઈએ, એના અંગે આ જોવાનું કે 'દીર્ઘદૃષ્ટિથી જોતાં આ વિચારનો સરવાળે લાભ કે ગેરલાભ કેટલો ?' અલબત્ત પ્રશ્ન થાય-

**પ્ર.**- માત્ર વિચારણાથી તો કાર્ય થઈ જતું નથી, એટલે પછી વિચારણા માત્રથી શું બગડવાનું હોય કે એ અટકાવવા દીર્ઘદૃષ્ટિ વાપરવી પડે ? આવો સવાલ થાય છે.

**ઉ.- પરંતુ વિચારણાની તો પ્રવૃત્તિ પર અસર પડે છે.**

તેથી ત્યાં દીર્ઘદૃષ્ટિ વાપરવી પડે. જુઓ દા.ત. માણસ ઘરવાળા ઉપર ક્રોધના વિચાર કરતો કરતો ઘરે આવ્યો; હવે એમની સાથે જે કાંઈ વાત થશે. તેમાં ક્રોધભર્યા બોલ નીકળશે. એમાં સામેથી એવા બોલ સાંભળવા મળતાં પોતાનો



ગુસ્સો વધી જવાનો પરિણામ, કડવાશ જોવા મળવાની. અહીં જો ક્રોધના વિચાર કરતી વખતે પહેલેથી જ દીર્ઘદૃષ્ટિએ જોયું હોત કે 'ક્રોધભર્યા વિચારોનું પરિણામ શું ? તો એના કરતાં ક્રોધના વિચાર જ ન કરવા શું ખોટા ? પૂછો,'

**પ્ર.**- પણ એવા વિચાર થોડા જ કર્યા કરાય છે ? એ તો સહેજે આવી જાય છે. એ કેમ અટકે ?

ઉ.- એ અટકાવવાના ઉપાય છે.

**ક્રોધના વિચાર અટકાવવા ઉપાય :-**

**(૧) સામામાં સારું તત્વ જોવું :-**

(૧) પહેલો ઉપાય તો આ, કે જેના પર ક્રોધ સળવળ્યો હોય, એનામાં કોઈ સારું તત્વ શોધી કાઢવું. એ વિશેષતાને મુખ્ય કરી એની અનુકૂળ વિચારણા શરૂ કરવી. ચિત્ત આમાં લાગ્યાથી પેલા ક્રોધના વિચાર અટકી જશે.

જુઓ શ્રીપાલકુમારે શું રાખેલું ? ધવલશેઠના કૃત્ય એવા હતા કે શ્રીપાલને ગુસ્સો ચડે અને ગુસ્સાભર્યા વિચાર આવે. પરંતુ શ્રીપાલકુમારે રાખેલું જ એવું કે ધવલનું ઝીણું પણ સારું તત્વ જ જોવું તેથી એમને દુષ્ટ ધવલ અંગે ક્રોધના વિચાર જ ચાલતા નહિ, એટલે જ એમણે મોકા મોકા પર ધવલને બચાવવાનો પ્રયત્ન કર્યો, એમ માનીને કે 'આ તો મને પ્રવાસમાં સાથે લાવનાર ઉપકારી છે, આ તો મારા સ્નેહી છે....'

ગુસ્સાના જ વિચાર ચાલ્યા કરતા હોય તો ધવલ માટે આવા ઉપકારી તરીકે યા સ્નેહી તરીકેના વિચાર આવે ખરા ? ધવલની રક્ષા અને મિત્રાચારીના પ્રયત્ન કોઈ કરે ? શું ભયંકર નુકસાન કરનારા પર ગુસ્સાના વિચાર ન આવે ? એનું બગડતું હોય તો ઉપેક્ષા ન થાય ? પણ શ્રીપાળમાં આ બંને નથી આનું નામ નવપદનું સેવકપણું છે. ધવલે અવસરે અવસરે શ્રીપાળનું ઓછું નથી બગાડ્યું, પરંતુ,

**શ્રીપાલે ધવલથી પોતાનું બગડવા પાછળ માત્ર પોતાના પૂર્વકર્મને જવાબદાર માનેલા, તેથી ધવલમાં બગાડનારપણું જ ન જોયું. પછી શું કામ એના પર ગુસ્સો ?**

**(૨) અનિષ્ટમાં કર્મ કારણ, સામો નહિ, એ જોયું :-**

(૨) એટલે જ ગુસ્સાના વિચાર અટકાવવા બીજો ઉપાય આ, કે જેના અનિષ્ટ વર્તન પર ગુસ્સો ચડવા જતો હોય, આપણાં એ અનિષ્ટમાં જવાબદાર જ ન લેખવો. નજર સામે રહે કે 'આપણને અનિષ્ટિ કરનાર મુખ્યપણે આપણાં પૂર્વ અશુભ કર્મ જ છે.' આ તત્ત્વ પર અખૂટ શ્રદ્ધા હોય, ભરચક શ્રદ્ધા હોય, એટલે પછી કોઈકે આપણું કાંક બગાડ્યું દેખાય ત્યાં ઝટ આપણી દૃષ્ટિ આપણાં પોતાના

પૂર્વનાં અશુભ કર્મ પર દોડી જાય, ને એજ લાગે કે એ મારાં ખંધા કર્મે જ આ બગાડ્યું.' ગુસ્સો ચડે તો એ કર્મ પર ચડે. એટલે જ્યાં સામા ધણીને બગાડનાર જ ન માન્યો, પછી શું કામ એના પર ગુસ્સાના વિચાર ચાલે ?

**દૃષ્ટિનો બગાડો : 'સામો બગાડનાર' એવી દૃષ્ટિ :-**

આપણી દૃષ્ટિ જ બગડેલી છે, તેથી આપણે આપણાં અશુભ કર્મને બદલે સામા જીવને આપણું બગાડનાર તરીકે જોઈએ છીએ, પછી એના પર ખોટી રીતે ગુસ્સાના વિચાર કેમ ન ચાલે ? ત્યાં પછી વિચાર નથી રહેતાં કે 'આ મારું અનિષ્ટ થયું એ જુના કરમનો માર તો ખાઈ રહ્યો છું, પાછું આ ગુસ્સાના વિચારથી સમયે સમયે કેટકેટલા નવા કર્મનાં બંધન મારા આત્મા પર લાદી રહ્યો છું ?

**ક્રોધ આપણને આંધળા કરનારો અંધાપો છે.**

**(૩) ભરચક કર્મબંધથી ભડકીએ :-**

અંધાપો થાંભલો ન જોવા દે, ને માથે થાંભલાનો માર ખવરાવે; એમ,ગુસ્સો કર્મબંધ ન દેખવા દે, અને આગળ કર્મનો માર ખવરાવે માટે જ,

(૩) ગુસ્સાના વિચાર અટકાવવા આ એક ઉપાય છે કે આપણે આવા વિચારથી સમયે સમયે થતા ભરચક કર્મબંધથી ભડકીએ,- 'હાય ! આટલા બધા અશુભ કર્મ સમયે સમયે બંધાતા જાય ? એના ભયંકર વિપાક કેવા ભોગવવા પડે ? કદાચ એમાં દુર્ગતિનું આયુષ્ય બંધાઈ ગયું તો મારે ક્યાં જઈ પટકાવાનું ? ત્યાં મારો કોણ બેલી ? ત્યાં કેવાં પાપી જીવન !' આ વિચાર ઝગમગતો રહે તો ગુસ્સાના વિચાર ઓસરી જાય; અટકી જ જાય. અલબત પરલોકની શ્રદ્ધા જોઈએ અહીંથી મરીને મારે પરલોકમાં ક્યાંય પણ જનમવાનું જ છે, એ નજર સામે તરવરતું હોવું જોઈએ. તો અહીંના ગુસ્સાના પરલોકમાં દુઃખદ મહાદુઃખદ પરિણામનો ભય લાગી ગુસ્સો અટકાવવાનું થાય. આવા બીજા પણ ઉપાય છે.

પેલો નંદ રાજા હવે પસ્તાવો કરે છે કે 'અરે ! મેં ખોટા ગુસ્સામાં ચડી એ શારદાનંદન ગુરુનો ક્યાં ઘાત કરાવી નાખ્યો ! એ જો આજે હયાત હોત તો આ રાજકુમાર ગાંડાની જેમ 'વિસેમિરા વિસેમિરા' નો લવારો કેમ કરી કહ્યો છે એનો તાગ લાવત. ખેર ! હવે શું થાય ? એ કાંઈ મરી ગયેલા પાછા આવે નહિ. પણ લાવ. ઢંઢેરો પિટાવવા દે; વળી કોઈ માડીનો લાલ આનું રહસ્ય ખોલી આપે !' આમ વિચારી રાજાએ ઢંઢોરો પિટાવ્યો 'રાજકુમારની આ વિષમતાનો ઉકેલ કોઈ શોધી આપે ?' નગરમાંથી કોઈ ઉકેલ આપનાર ન મળી આવ્યું, ત્યારે હવે દિવાન જુએ છે કે 'ચાર દિવસથી આખા નગરમાં ઢંઢેરો પિટાયા છતાં કોઈ જાણકાર નથી મળતો એટલે રાજાને હવે બરાબર સમજાશે કે ત્યારે ગુરુની કેટલી કિંમત ?



**વસ્તુની મહત્તા વસ્તુના અભાવમાં સારી ઓળખાય છે. પણ ત્યારે મોડું થઈ ગયું હોય છે,**

રાજાને ગુરુની મહત્તા ગુરુના અભાવમાં સમજાઈ, પણ હવે ગુરુ એની સમજ મુજબ મૃત્યુ પામેલ હોઈ ગુરુનો સમાગમ રાખી ગુરુ પાસેથી અણઉકલ્યા રહસ્ય મેળવવાનું મોડું થઈ ગયું હતું. જ્યારે ગુરુ પાસે હતા ત્યારે એમની મહત્તા ન સમજાઈ ને તેથી તેવી સેવા ઉપાસનાનો લાભ ઉઠાવવામાં મોડું થઈ ગયું. રસ્તામાં વાત કરતાં ઊભા રહેવામાં સ્ટેશનેથી ગાડી ઊપડી ગઈ અને ભાઈ પછી સ્ટેશને પહોંચ્યા, તો એ મોડું થઈ ગયું ગણાય. ભલે બે મિનિટ જ મોડું, પણ એ સ્ટેશને પહોચવાનું શું કામનું ? એમ ગુરુનું મહત્ત્વ સમજાયું, પણ હવે એ શું કામનું હવે મોડું થઈ ગયું.

આ મનુષ્ય જનમનું પણ એવું જ છે. જનમ હાથમાં છે. ત્યાં સુધી એનું મહત્ત્વ ન સમજાયું અને હવે અહીંથી પરભવે ચાલવાનો અવસર આવી ઊભો ત્યારે મનુષ્ય જન્મની મહત્તા સમજાણી, પણ હવે શું કામનું ? હવે મોડું થઈ ગયું ગણાય.

આવું કેટલાય માણસોને મૃત્યુ કાળે સમજાય છે, અને ત્યારે તે પસ્તાવો કરતા હોય છે કે 'હાય ! જનમ વ્યર્થ ગુમાવ્યો. કેટલા સરસ ત્યાગ, તપ કરવા જેવા હતા ! કશું કર્યું નહિ, હવે શું થાય ? આ શું છે ? મનુષ્યભવની મહત્તા પહેલાં સમજ્યા નહિ, ને હવે ભવ હાથમાંથી જઈ રહ્યો છે ત્યારે સમજાય છે. તે શું કામ લાગે ? મોડા પડ્યા.

એટલે, વસ્તુની મહત્તા, વસ્તુ સારી હાથમાં છે ત્યારે જ સમજી લેવા જેવી છે, જેથી એ મહાન વસ્તુનો લાભ ઉઠાવવામાં મોડા ન પડીએ.

**પ્ર.**- કદાચ આપણને મહત્ત્વ ન સમજાતું હોય તો ?

**ઉ.**- તો ય બીજાના દાખલાથી તો સમજી શકીએ ને ? મરતા આદમી જોવા નથી મળ્યા ? બહુ વૃદ્ધ થઈ ગયેલા જોવા નથી મળતા ? એ મહાન જિંદગી વ્યર્થ ગુમાવ્યાનો કેવો પસ્તાવો કરે છે એ જોવા મળે છે ને ? તો એ પરથી પોતાના હજી હાથમાં રહેલ માનવજિંદગીનું મહત્ત્વ ન સમજાય ? કેટલાક કહે છે,

**માનવભવ પછી સુખ નહિ મળે તો લહેર કાં ન કરી લેવી ? :-**

**પ્ર.**- મહત્ત્વ તો સમજાય છે પણ એ સમજાય છે કે આ મનુષ્ય જનમમાં જે જાતનાં સુખસાધન અને એનાથી ખાનપાન-રંગરાગનાં સુખ મળ્યાં છે એ મર્યા પછી ક્યાં મળવાના છે ? માટે અહીં લહેર કાં ન કરી લેવી ?

**ઉ.**- પણ આ ખોટો હિસાબ છે. કેમકે એમ તો એક કૂતરાને કૂતરી મળી

છે તો માણસ કરતાં એ યથેચ્છ પણે સુખ ભોગવી શકે છે. દહાડે શું કે રાતે, ગલીના ખૂણામાં શું કે રસ્તા વચ્ચે શું, આમ ગમે ત્યાં ગમે ત્યારે મોજ કરી શકે છે, ત્યારે માણસને તો મર્યાદા છે. તેથી કૂતરા-કૂતરી કરતાં સુખ ઓછું ભોગવવાનું મળ્યું આમાં માનવજન્મની વિશેષ મહત્તા ક્યાં આવી ? શું મોટરનું સુખ માણસને વધારે છે ? વિલાયતની રાણીના કૂતરાને ય એ લહેર ક્યાં નથી મળતી ? તો શું માણસને પૈસાનું દાગીનાનું સુખ વધારે છે ? એ સુખમાં ભય-સંપત્તિ-ચિંતાનાં મિશ્રણ કેવાં ? ભય છે ત્યાં અજંપો છે, ત્યાં સુખ શુ ?

બીજી વાત એ છે કે જ્યારે એમ લાગ્યું કે 'અહીંથી મર્યા પછી ક્યાં આવાં સુખ મળવાનાં છે ?' તો એનો અર્થ એ કે ત્યાં સાથે એ લાગ્યું કે મર્યા પછી જનાવરના કે કીડા મંકોડાના અવતાર મળે એમાં ક્યાં એવું સુખ મળવાનું છે ?' આનો અર્થ એ કે ભલે માની લઈએ ત્યાં અહીં જેવું સુખ નથી મળવાનું પરંતુ તો પછી ત્યાં દુઃખ કેવાં મળવાનાં ? તે કેટલા કાળ માટે ને કેવા કેવા અવતારોમાં ? અગર જો અહીંના સુખની પછી દીર્ઘકાળ દુર્ગતિનાં દુઃખ મળવાના હોય તો અહીંના સુખમાં રાચવા જેવું છે ? કે સાવધાન બની અહીંના સુખોથી ભાગવા જેવું છે ? જો રાચવામાં ડહાપણ લાગતું હોય તો તો રસ્તા પરથી જતી કોઈ અપ્સરા જેવી યુવાન સ્ત્રીને ભેટી લઈ સુખ કેમ લૂંટતા નથી ? સમજો છો કે પછી એમાં તો લોકોના ધોલ-મુક્કા-પાટુ ખાવા પડે. કદાચ સરકારી જેલ ભેગાય થવું પડે એટલે આ નિયમ સમજો છો,

**જે સુખની પાછળ વધારે દુઃખ હોય એ સુખ ગોઝારું છે, એમાં રાચવામાં મૂર્ખતા છે. દા.ત. પર સ્ત્રી પર બળાત્કારનું સુખ.**

આ નિયમ જો સમજાય છે, અને ! પોતાની સ્ત્રી સાથેપણ રસ્તા પર એવી છૂટનું સુખ લેવા હિંમત નથી ચાલતી, કેમકે એમાં લોકમાં થુથુ થવાનું મોટુ દુઃખ દેખાય છે. તો પછી જો આ માનવભવનાં સુખ પછી દુર્ગતિનાં મોટા દુઃખ છે, તો અહીંના સુખ કેમ લેવાય ? કેમ ભોગવાય ? કહે છે,

**પ્ર.**- પણ અહીંથી મર્યા પછી ખા ગયા ખો ગયા સુખ અને જનમવાનું પૂરું થઈ ગયું, પછી ક્યાંય જનમવાનું દેખાતું જ નથી ને?

ઉ.- તો પછી જનાવરના સુખ કરતાં અહીંના સુખ સારાં, એમ તુલના કરવાનું મન કેમ થાય છે ? કહો, અંદરખાને લાગે છે કે 'અહીંથી મર્યા પછી જનાવર થયા તો અહીં જેવાં સુખ નહિ મળે. માટે અહીંના સુખ ભોગવી લો.' એટલે અહીંથી મર્યા પછી જનમવાનું ઊભું છે. વળી જાતિસ્મરણના દાખલા પણ આ જ સાબિત કરે છે. અહીં જનમનારાઓમાં સંસ્કાર-સ્વભાવ-શોખ વગેરેની



તરતમતા પણ આજ પૂરવાર કરે છે કે પૂર્વના નિરનિરાળા જીવનમાંથી એ સર્જન થયા; એનાં બંડલ અહીં લઈ આવ્યાં એટલે અહીં તરતમતા છે. એવી જ તરતમતા આગળ પરના જનમમાં રહેવાની. એટલે અહીંના મૃત્યુ બાદ ક્યાંય જનમવાનું પણ સાબિત થાય છે. તો પછી આ જનમ અને એમાં અહીંના આચરણના આગળના ભવે પડનારા પ્રત્યાઘાતોનો વિચાર કેમ નહિ કરવાનો ? તો શું અહીં સારી રીતે સુખોમાં રાચવામાચવાથી પછી સારો સુખમય અવતાર મળે છે ?

ત્યારે જો એમ દલીલ કરો, કે

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૫,અંક-૩,તા.૧૮-૯-૧૯૭૬**

**પ્ર.**- અહીં સુખ ભોગવવાથી સુખનાં સંસ્કાર જામે એટલે પછી સુખનો જ અવતાર મળે ને ?

ઉ.- આમાં થાપ ખાશો. વિચારો કયા સુખના સંસ્કાર ? સ્ત્રી ભોગના ? તો તો પછી કુદરત કર્મસત્તા કહેશે, 'આવ અહીં કૂતરા તરીકે; જેથી એ સુખ સારું મળે; કેમકે અહીં જાહેર-ખાનગી કે દિવસ-રાતના ભેદ વિના સુખ માણવા મળે.' રાત્રિભોજન કરવામાં ખૂબ સુખ લાગે છે ને ? તો આવ અહીં બિલાડાના અવતારમાં; જેથી રાતના ઉંદર પકડી પકડીને ખાવામાં અનેરું સુખ લાગશે.' 'દહાડે પણ 'ગોળ સારો, સાકર સારી' ના સુખ ગમે છે ને ? આવ અહીં તને કીડી-મંકોડા બનાવું એટલે ગોળ-સાકરની દુકાનમાં આખો દિવસ એનાં સુખ બહુ મળશે,' સુખના સંસ્કારથી પછી આવા સુખમય કૂતરા-બિલાડી-કીડી મંકોડાનાં જનમ જોઈએ છે ? પસંદ છે ને ?

અહીં જ મોટી ભૂલ થાય છે,

**સુખ ભોગવવામાં સુખના સંસ્કાર નહિ, પણ ભોગવૃત્તિના સંસ્કાર પુષ્ટ થાય છે; ને પછી અગણિત તિર્યંચના અવતારમાં એ ભોગવૃત્તિ કેટલાય ક્રૂર, મોત આપે છે.**

માટે આ 'અહીં સુખ મળ્યા છે, તો ભોગવી લો પછી આવા મનુષ્યભવ જેવા સુખ ક્યાં મળવાના છે ? એ બાલિશ ગણતરી પડતી મૂકો. જે ભોગવૃત્તિના સંસ્કાર પછીના અગણિત તિર્યંચ-અવતારોમાં ભયંકર મોત આપે છે, એ ભોગવૃત્તિને અહીં તિલાંજલિ આપી દો, જેથી પછીથી એવા તિર્યંચના અવતાર ન કરવા પડે અને એવા ક્રૂર મોત ન પામવા પડે, કેમકે ભોગવૃત્તિને અહીં દબાવતા ચાલો, અંશે એનો ત્યાગ અને અંશે એના પર સંયમન ખૂબ કરતા ચાલો, એટલે એ ત્યાગ-સંયમના ખૂબ સંસ્કાર પડે, ને પછી એને યોગ્ય સારા અવતાર મળે ને એ ત્યાગના

એ સંયમનના સારા સંસ્કારથી એ ત્યાગ એ સંયમનની અધિક પ્રવૃત્તિ ચાલે.

**જીવનમાં ભરચક વ્રત-નિયમનું આ મહત્ત્વ છે કે એથી ભોગવૃત્તિના ત્યાગ-સંયમનના સુખદ સંસ્કારો જમા થતા જાય; જેથી આગળ ખરાબ ભવ અને ભોગની વિટંબણા ન આવે.**

સંસારમાં સુખો મળ્યાં એથી એમાં લલચાઈ જશો નહિ. 'એ ભોગવી જ લેવા' એવી લાલચમાં પડશો નહિ. કેમકે એમાં જેમ જેમ એકેક સુખને ભોગવતા જશો તેમ તેમ જાલિમ ભોગવૃત્તિ પોષાતી જશે, એના ગોઝારા સંસ્કાર આત્મા પર પડતા જશે. એના ખતરનાક પ્રત્યાઘાત પડશે. અહીં દેખાય છે કે એ ભોગવૃત્તિ બહુ કરી, એના બહુ સંસ્કાર જમા થતા ગયા, પછી રીઢ થયેલી ભોગવૃત્તિને લીધે ત્યાગ-તપ-સંયમ માટે આત્મા સાવ ગળિયો થઈ જાય છે. ભોગવૃત્તિના પુષ્ટ સંસ્કાર દૃઢ ભોગવૃત્તિ જ દેખાડે એમાં નવાઈ નથી.

**જીવનનું કર્તવ્ય :-**

માટે કામ આ કરતા ચાલો કે સારાં રૂપદર્શન, સારા રસાસ્વાદ, સારા શબ્દ-શ્રવણ, બને એટલા ટાળતા જઈએ. એ માટે ત્યાં ખ્યાલ જોઈએ કે 'દરેકે દરેક સારું રૂપદર્શન વગેરે કરતાં તે ય રાજી થઈને ચાહીને કરાતાં, એ દરેકે દરેક દર્શન આદિ ભોગવૃત્તિનો-ભોગરાગનો સંસ્કાર નાખ્યે જ જાય છે; ભોગવૃત્તિને દૃઢ કર્યે જ જાય છે. તેથી કદાચ એ વિષયદર્શન કદાચ સર્વથા ન છૂટે તો પણ કેટલાં ય રૂપદર્શન વગેરેને જતા તો કરું ? તો એટલા એના કુસંસ્કારથી બચી જઈશ, અને એટલી ભોગવૃત્તિ-ભોગરાગ દૃઢ થવાનું અટકશે. આ ખ્યાલ રહ્યા કરે એટલે એનો પ્રયત્ન થાય.

ડાહ્યા માણસો આટલા માટે જ સ્વસ્થ અને ગંભીર હોય છે. એ સ્વસ્થ હોવાથી ડાફોળિયાં મારતા નથી, જે તે વિષયમાં મોઢું ઘાલતા નથી. એ સમજે છે કે 'એવી રૂપદર્શન આદિની આતુરતા થાય, ખણજ ઉઠે એ અસ્વસ્થતા છે. વળી એ ગંભીર પુરુષ હોઈ ક્ષુદ્ર રૂપદર્શન આદિમાં એને રસ નથી હોતો.

**ગંભીરતા ન હોય છીછરાપણું હોય ત્યાં ક્ષુદ્ર ભોગના રસ હોય, અભખરા હોય કે આ જોઉં, તે જોઉં, આ ખાઉં, પેલું ખાઉં, ઓલું ખાઉં...'**

**ગંભીર પુરુષને ઓરતા-અભખરા થાય તો દેવ-ગુરુ-ધર્મની સાધનાના થાય, આ પ્રભુભક્તિ કરું, પેલી પ્રભુભક્તિ કરું, આ ત્યાગ કરું, પેલો ત્યાગ કરું.**

આવા ઓરતા કરવા કઠિન નથી, મનને સમજ જોઈએ કે વીતરાગ ભગવાનનું ઉત્તમ શાસન મળ્યું છે, એનાં આલંબને અને એને પામેલા પૂર્વ પુરુષોનાં આલંબને એ ઓરતા રાખવા સહેલા છે. મનને એમ થાય, કે



જૈનશાસન નહિ પામેલ પામર માણસો તો ક્ષુદ્ર ભોગ ક્ષુદ્ર રૂપદર્શન વગેરેમાં રાચે અને એના ઓરતા ઇંતેજારી કરે, પણ હું કેમ એ કરું ? મને જિનશાસન મળ્યું છે એ મને ભવ ઓછા કરવા માટે મળ્યું છે; અને ભોગવૃત્તિ ઘટે તો ભવ ઘટે. શું ?

**ભોગવૃત્તિ ઘટે તો ભવ ઘટે. ભોગવૃત્તિ વધવામાં તો ભવનો વધારો થાય.**

ઇન્દ્રિયોના વિષયોની આતુરતા રાખી એ મેળવી ભોગવી લેવા જતા, ભોગવૃત્તિના સંસ્કાર વધતા જાય છે. એ સંસ્કાર આગળ શું કરવાના ? ભોગવવાની વૃત્તિને સજાગ રાખવાના; એથી જીવ વિષયભોગ તરફ ખેંચાવાનો એને પાછા આતુરતાથી ભોગવ્યે જતાં, વળી એના સંસ્કાર પોષાવાના ! આમ ભવની પરંપરા ચાલવાની ત્યારે અહીં તુચ્છ વિષયોના ભોગની આતુરતા ન મટે તો ઉદાર કિંમતી વિષયોના ભોગની આતુરતા શી રીતે મિટવાની હતી ?

બસ, પહેલું કામ તો આ કરવાનું છે કે તુચ્છ મામૂલી વિષયોના ભોગની આતુરતા બંધ કરી દઈએ ધર્મ સાધવાનું કંઈ કામ લઈને બેઠા, એમાં આડા-અવળા ડાફોળિયા મારીએ એ આંખના તુચ્છ વિષયની આતુરતા છે. એમ રસ્તે ચાલતાં ડાફોળિયાં મરાય એમાં પણ એવું જ. એવા શ્રવણના પણ તુચ્છ વિષયોની આતુરતા અને શ્રવણ પણ ભોગવૃત્તિને પોષે છે. વાતોચીતો, ગામગપાટા કૂથલી સાંભળવાનો રસ પણ લગભગ તુચ્છ વિષયોનો ભોગવટો કરાવે છે. એમાં પણ ભોગવૃત્તિ મહેકતી રહે છે. ત્યારે ખાનપાનના પણ કેટલાય તુચ્છ વિષયોના રસમાંય એવું જ બને છે.

**જીવને જ્યાં સુધી આવા તુચ્છ વિષયોની ભોગવૃત્તિ જાગતી રહેતી હોય ત્યાં સુધી એને પોતાના આત્મા તરફ દૃષ્ટિ જ શાની જાય ? જીવન નિષ્ફળ !**

આમાં જન્મારાના જન્મારા વહી ગયા, છતાં પામર જીવને એની તૃપ્તિ નથી અને એથીજ પોતાના આત્માનો વિચાર જ નથી. હવે અહીં આ ઉત્તમભવ અને જૈન શાસનના સહકારથી તુચ્છ ભોગવૃત્તિને હટાવવાનો એ ઉદાર વિષયની ભોગવૃત્તિ વ્રતનિયમથી દબાવવાનો સોનેરી અવસર મળ્યો છે, છતાં એની કદર નથી, તો જીવન જીવ્યાની કેવી સરાસર નિષ્ફળતા ? જીવન આમ નિષ્ફળ વીતાવ્યા પછી અંતે કેવો પસ્તાવો થવાનો ? ભવ અને શાસન બેય સારા; સારી વસ્તુનો સદુપયોગ ન કરી લીધો તો પછી એ હાથમાંથી ગયે કેવો પશ્ચાત્તાપ ?

**રાજા નંદને મંત્રી માર્ગ સુઝાડે છે. :-**

પેલા નંદરાજાએ ગુરુ શારદાનંદનનો સદુપયોગ કરી લેવાને બદલે હાથે કરીને એને ગુમાવ્યો, તો હવે પશ્ચાત્તાપ કરે છે કે 'આ મેં કેવું ખોટું સાહસ કરી નાખ્યું કે એને મરાવી નાખ્યો ! એ આજે હાજર હોત તો દીકરાના આ 'વિસેમિરા' રટણનો ઉકેલ લાવત. નગરમાંથી જાણકાર ન મળ્યો એટલે હવે દિવાનને પૂછે છે

'આનું કેમ કરશું ? આ ગુરુ ગુમાવ્યો એ કેવું ખોટું થયું ?'

દિવાન કહે છે, 'મહારાજા ! મુંઝાશો નહિ, મારી છોકરી કંઈક જાણે છે. એને પૂછીએ પરંતુ એ પડદામાં રહીને જ જવાબ આપશે.

રાજા કહે 'એમ સહી, જવાબ તો મળશે. આપણે જવાબ સાથે કામ છે. પછી એ ભલે ગમે તે રીતે મળો.'

રાજા દિવાનને ઘેર જાય છે; સાથે કુમારને પણ લીધો. અહીં દિવાન પડદા પાછળ પોતે ગુપ્ત રાખેલા શારદાનંદનને બેસાડે છે.

હવે રાજા પૂછે છે કે 'આ છોકરો આ શું બોલી રહ્યો છે ? કેવું ઢંગધડા વિનાનું ? એનું કાંઈ થાય નહિ ? 'વિસેમિરા' એટલે શું ? પડદામાંથી જવાબ મળે છે;-

**विश्वासप्रतिपन्नानां वंचने का विदग्धता ? ।**

**अङ्कमारूह्य सुप्तानां हन्तुं किं नाम पौरूषम् ? ॥**

અર્થાત્ વિશ્વાસે રહ્યા હોય એમની વંચનામાં ઠગાઈમાં શી હોશિયારી ? શું ડહાપણ હોય ? ખોળે ચડીને સૂતેલાને હણવામાં શી મરદાનગી છે ?

રાજાને આ ખુલાસાનો સંબંધ ન સમજાયો, પરંતુ કુમારના શરીરમાં પેઠેલ ભૂત સમજી જાય છે કે 'વિસેમિરા'નો પહેલો અક્ષર 'વિ' આણે પકડ્યો છે, અને એમાં રાજકુમારે જે ભૂલ કરી છે એનો નિર્દેશ પણ છે.

કહેવું આ છે કે આપણા પર વિશ્વાસ મૂકી બેઠા હોય એમને ઠગવામાં ડહાપણ નથી પણ મૂર્ખતા છે, મૂઢતા છે; પુરુષત્ત્વ નથી નામર્દપણું છે. રાજકુમારના ખોળામાં વાનર એ વિશ્વાસે ઊંઘ્યો હતો કે 'આ મારી સલામતી જાળવશે.' હવે કુમારે એને વાઘના મોંમાં મરવા ધકેલ્યો, એ શું ડહાપણ કર્યું ? શું મર્દાનગી કરી ? જરાય નહિ, હજી સામાને સાવધાન કરી કહીને કરે કે 'હું આમ કરવાનો છું' તો તો એ મર્દાનગી ગણાય. સિંહ શિકારની સામે આવી ગર્જનાથી એને જગાડી પછી હલ્લો કરે છે. એક જંગલી પશુ આ મર્દાનગી કરે, ને માણસ એક ઉચ્ચ પ્રાણી સામાને વિશ્વાસમાં રાખીને ઘા કરે, ઠગે એ કેટલું બધું શરમજનક ?

**વિશ્વાસીને ઠગવામાં મૂઢતા છે.**

**વિશ્વાસે રહેલાને ઠગવામાં મન મેલું બને છે.**

ચોરી, અનીતિ, દ્રોહ, વિશ્વાસઘાત એ બધાં એવાં પાપ છે કે જેમાં મન ભારે અપવિત્ર બને. માટે સાધુના ૧૦ પ્રકારના યતિધર્મમાં એક ધર્મ આ બધાના ત્યાગ અર્થે 'શૌચ' ધર્મ મૂક્યો. શૌચ એટલે હૃદયની મનની પવિત્રતા. તમે બીજાને સહેજ ઠગવા જાઓ, બીજાનું સહેજ હડપવા જાઓ, અરે ! સભામાં બેઠેલો કોઈક



લઘુશંકા અર્થે સહેજ બહાર જઈને હમણાં પાછો આવવાનો છે એટલામાં એની જગા બથાવી પાડો, તો એમાં ય મન અપવિત્ર બન્યું. છોકરો તમારા વિશ્વાસે છે કે બાપાજી મારું સારું જ કરે, ને તમે એને અયોગ્ય માર્ગે જોડો, તો એનો વિશ્વાસઘાત કર્યો કહેવાય. એમાં તમારું મન મેલું થયું.

ત્યારે વિચારો જીવનમાં અપવિત્રતાથી બચવા કેટ-કેટલીક સાવધાની રાખવાની છે. ખરી રીતે તો જેનું દિલ તદ્દન સ્વચ્છ છે, અપવિત્ર ભાવથી ડરનારું છે, એને ચોરી-અનીતિ-દ્રોહ વગેરે સહેલાઈથી દૂર રાખતા આવડે છે. એને એ દુર્ગુણો ગમતા જ નથી.

આજનાં જીવન જુઓ.

ઘરાક આગળ સાફ સ્વચ્છ દિલ રહે છે ? એ વિશ્વાસે રહે છે કે 'આ વેપારી મને ઠગશે નહિ;' તો એને ન જ ઠગો ને ? તે ય વારેવારે જૂઠ-અનીતિ-વિશ્વાસભંગ ? આવું ઘરાકે ઘરાકે, એટલે એક દિવસમાં કેટલીવાર આ પાપોનું સેવન ? મહિનામાં કેટલીવાર ? વરસમાં અને જીવનભરમાં કેટલીવાર ? તો એવું સંસારી જીવન કેટલું બધું ગોઝારું ?

**આટલા માટે સંસાર અસાર છે કે એમાં ડગલે ને પગલે જૂઠ-અનીતિ વગેરે કરવા જતાં મન મેલું કર્યા જ કરવાનું.**

ત્યારે અનીતિ વિશ્વાસભંગ વગેરે એવા જાલિમ દોષ છે કે તમે એકવાર કોઈના પ્રત્યે એ આચર્યા, અને એને પાછળથી એની ખબર પડી ગઈ, તો જિંદગીભર માટે એનો તમારા પરથી વિશ્વાસ હોય પરંતુ આપણે એવું કાંઈ બોલીએ દા.ત. મિત્રને આપણાં પર વિશ્વાસ હોય પરંતુ આપણે એવું કાંઈ બોલીએ. સામાની ખાનગી વાત બહાર પાડી દઈએ એ વંચના છે. અથવા એવો કોઈ વર્તાવ કરીએ. દા.ત. ભાગીદારથી ખાનગી વેપાર કરી લઈએ એ ઠગાઈ કરી કહેવાય. એમાં પેલાને જાણ થતાં આપણા પરથી વિશ્વાસ સદ્ભાવ ઊઠી જાય. આ આપણે ઠગાઈ કરી એનું પરિણામ. હવે આપણે ચાપલુસીના બે બોલ બોલી સામાને સારું લગાડવા પ્રયત્ન કરીએ પરંતુ એથી પેલાને સદ્ભાવ ન થાય. એ આપણા બોલમાં એને આપણું ડહાપણ ન લાગે તો આવી ઠગાઈ-વંચના કરવામાં શી મરદાનગી ?

દુનિયામાં આ દેખાય છે,-એક વાર વિશ્વાસ ઊઠી જાય એવું કાંઈક ઠગવાનું કર્યા પછી ગમે તેટલું સારું બોલવા-કરવામાં આવે પણ સામાને વિશ્વાસ ઊઠ્યો તે ઊઠ્યો, પછી વિશ્વાસ જામતો નથી; તેમ વિશ્વાસે રહેલાને ઠગવામાં પુરુષત્વ ખત્મ થઈ જાય છે, પવિત્રતા ઊડી જાય છે.

**મનુષ્યજીવન બહુ નાજુક જીવન છે. સહેજમાં એના પવિત્ર ભાવ તૂટતાં વાર**

**ન લાગે.**

એટલા જ માટે જીવન બહુ સાવધાનીથી જીવવા જેવું છે. સ્વાર્થભાવના પર અંકુશ રાખવા જેવો છે, જેથી દિલની પવિત્રતાના તાર ન તૂટે. પૈસાટકા-પરિવાર અને માન-સન્માનના સ્વાર્થમાં સહેજ અપવિત્ર ભાવ દિલમાં લાવો ત્યાં એ પવિત્ર ભાવને ટકરાતાં પવિત્રતાના તાર તોડી નાખે છે. વિશ્વાસભંગનો ભાવ આવો એક અપવિત્ર ભાવ છે, એ દિલની પવિત્રતાને તોડી નાખે. એમ નહિ કહેતા કે પવિત્રતા તૂટે તો તૂટે, એમાં શું બગડી ગયું ? બગડી આ જાય કે વાઘ-વરુ ગિરોલી-બિલાડીના અવતારમાંથી નરકાદિ ગતિઓમાં ભટકતાં માંડ છૂટીને ચડતાં ચડતાં આ આર્ય મનુષ્ય અવતારે મુશીબતે આવ્યા છીએ, ને કેટલુંક સહેજે ને કેટલુંક શિષ્ટ વ્યવહારના દબાણથી પણ પવિત્રતા જાળવવાનું મુશીબતે પામ્યા છીએ; તો શું હવે અહીં એ પવિત્રતાના નાજુક તાર દુન્યવી તુચ્છ સ્વાર્થના માર્યા સહેજમાં તોડી નાખવાના ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"      વર્ષ-૨૫,અંક-૪,તા.૨૫-૯-૧૯૭૬**

**સિનેમામાં પવિત્રતા નાશ :-**

જુઓ, વ્યવહારના દબાણમાં રસ્તા પર, શેરીમાં કે સભામાં પરસ્ત્રી ઉપર આંખો માંડીને તાકીને જોતાં રહેવાનું નથી કરી શકાતું; અને જો જુઓ તો બીજાની નજરમાં હલકા પડવાનું થાય છે. વ્યવહાર એ પવિત્રતાને જાળવી રાખવાનું કરાવે છે. પરંતુ સિનેમા-પિક્ચરમાં પરસ્ત્રીદર્શન ડોળા ફાડીને જોતાં આંચકો નથી. તાકી તાકીને જોઈ રહેતાં કોઈ ટોકતું નથી, ને ત્યાં આ નાજુક પવિત્રતા તૂટી જાય છે. કેવું ભયંકર સાહસ ! જન્મોની તપસ્યા પછી અહીં પવિત્રતા મળી જેના પર સદ્‌ગતિના રિઝર્વેશન થાય, સારા દેવ-માનવના અવતાર મળે, એ પવિત્રતાનો નાશ કર્યો એ ભયંકર સાહસ ક્યાં લઈ જાય ? કેવા જાલિમ કુસંસ્કારોનો જથ્થો આપશે ? જાલિમ ભોગવૃત્તિને પોષશે ?

શું ત્યારે એમ માનો છો કે 'ભોગવૃત્તિ જોરદાર થશે. તો સારું જ ને ? એમાં ભોગસુખોની મજા સારી આવશે ?' આવું માનતા નહિ, કર્મસત્તા સુંવાળી નથી, અહીં ભોગવૃત્તિમાં ડૂબેલાને એટલા બધા પાપોથી બાંધે છે કે ભવાંતરે ભોગસુખ અલ્પ અને ભયંકર વેદનાનાં દુઃખ અપાર, જુઓ માછલાની સ્થિતિ દરિયામાં એને ભોગસુખ મળતું હશે, પણ મોટા માછલાથી ગળાઈ ચવાઈ જ જવાનો ભય કેટલો ? માછીમારના હાથે ચડ્યો દશા કઈ ? ખાનારના હાથે કાં તો



ભાતની જેમ આંધણમાં ઓરાય, યા જીવતો છોલાય, ઉપર મીઠુ-મરચું-હળદરના પાણીનાં છંટકાવ થાય, પછી ય જીવતો છતાં તેલના ભજિયાની જેમ તળાય. કહો, ભોગસુખ સારાની મજાહ ખરી ?

**પવિત્રતા ગુમાવી ભોગવૃત્તિ મહેકાવીને માનવભવમાંથી ભ્રષ્ટ થયેલ આવા તો કેઈ ક્રોડો અબજો જાતિના જીવોની દુર્દશા જુઓ તો ત્રાસ છુટે.**

સિનેમા-ચિત્રપટો-બિભત્સચિત્રો જોવામાં કોઈ જ સાર નથી; જન્મોની કમાયેલી પવિત્રતાના એમાં ભુક્કા બોલે છે. અશ્લીલ ભૂંડું એમાં તાકીને જોવાય જ છે ત્યાં પવિત્રભાવ ક્યાં ટકે ?

શું ત્યારે આવાં સિનેમાદર્શન કરતાં કરતાં 'પર-સ્ત્રીને તાકીને જોવાય જ નહિ' એ પવિત્ર ભાવ ટકી રહે છે ? શું પિક્ચર જોતાં જોતાં એમાં પરસ્ત્રી દર્શન આવ્યું તો ફટ આંખ મિંચાઈ જાય છે ? શું અયોગ્ય વિષયની ભોગવૃત્તિ ત્યાં દબાયેલી રહે છે ? કે ઉશ્કેરાય છે ? દબાયેલી રહે શાની ? શું એવા નૃત્ય વગેરેના પ્રસંગમાં સ્ત્રી શરીરના હાવભાવ, કટાક્ષ, કે કપડું લાજ મૂકી ખસી જતાં એનાં ખુલ્લા થતાં અંગને આતુર નયને જોવાનું નથી થતું ? આ બેફામ પોષાતી ભોગવૃત્તિને શાની ઊભવા દે ? હૈયાના ગયા પવિત્ર ભાવ.

એકવાર પણ અયોગ્ય ભોગવૃત્તિમાં અયોગ્ય દર્શન કરવા ગયા, યા અયોગ્ય સ્વાર્થવૃત્તિમાં વિશ્વાસભંગ કરવા ગયા, ત્યાં દિલનો પવિત્ર ભાવ નંદાવાનો.

**જનમ જનમની તપસ્યાથી આટલા ઊંચા પવિત્રભાવ પામેલા આર્ય માનવભવે આવ્યાની કદર જાગતી રખાય તો અનુચિત ભોગવૃત્તિ કે પરદ્રોહકારી સ્વાર્થવૃત્તિને અંકુશમાં રખાય, દબાવી જ દેવાય.**

પેલા રાજકુમારે વાનરનો વિશ્વાસભંગ કરેલો એ હવે અહીં રાજાને પડદામાંથી આમ સાંભળવા મળ્યો કે 'ખોળામાં સૂતેલાને હણવામાં શી મરદાનગી હતી ?' આ સાંભળતાં ભૂતના પ્રભાવ હેઠળ અત્યારસુધી રાજકુમાર જે 'વિસેમિરા' શબ્દ બોલ્યા કરતો હતો તે હવે એમાંથી 'વિ' ભુલીને 'સેમિરા' 'સેમિરા' રટવા મંડયો. ત્યારે હવે પડદામાંથી કહે છે,

**सेतुं गत्वा समुद्रस्य गंगासागरसंगमे ।**
**ब्रह्मघ्नो मुच्यते पापैर्मित्रद्रोही न मुच्यते ॥**

અર્થાત્ સમુદ્રનો સેતુ પાર કરીને કે ગંગા અને સમુદ્રના સંગમે જઈને ન્હાઈને હજી બ્રહ્મહત્યા કરનારો એના મહાપાપથી મૂકાય છે, પરંતુ મિત્રનો વિશ્વાસઘાત કરનારો એ પાપમાંથી છૂટકારો નથી પામતો.

કેવી મોટી વાત કરી ? ઇતર ધર્મમાં બ્રાહ્મણની હત્યા એ મોટું પાપ ગણાય

છે. કોઈએ આવેશમાં આવી જઈને કોઈ બ્રાહ્મણને મારી નાખ્યો, ને પછી એ પસ્તાવો થતાં એના વિદ્વાનને પૂછશે તો વિદ્વાન કહેશે, 'ભાઈ ! તું હવે લંકાના દરિયામાં રામે બાધેલા સેતુ પાર કરી જા, તો તારું આ ઘોર પાપ નાશ પામે; યા ગંગા જ્યાં સમુદ્રને મળે છે એ સંગમમાં જઈને સ્નાન કરે તો પાપથી છૂટકારો થાય.' પણ એ તો એટલા મુશ્કેલ ઉપાયે પણ નાશ પામી શકે એવું પાપ બ્રહ્મહત્યાનુંય પાપ છે, કિન્તુ મિત્રદ્રોહ-મિત્રવિશ્વાસઘાતનું પાપ એવું નહિ. એવા પ્રબળ પ્રાયશ્ચિત્તથી પણ એ પાપનો નાશ નથી થતો; એવું આ શ્લોકનું કથન છે. સવાલ થાય.

**પ્ર.- બ્રહ્મહત્યા કરતાં મિત્રદ્રોહ એ મોટું પાપ કેમ ?**

ઉ.- દેખીતું લાગે કે બ્રહ્મહત્યામાં તો મનુષ્ય અને તે પણ પવિત્ર અને ઉચ્ચ મનાતા બ્રાહ્મણની હત્યાનું પાપ એ તો બહુ ભયંકર પાપ ગણાય ! પરંતુ કોઈ અધમ માણસ એ પાપ કરે તો ક્યારે કરે ? કોઈ વૈરના લીધે ક્રોધના આવેશમાં આવીને કરે, યા કશા લોભને વશ કરે; પરંતુ એમાં સામાને ખબર પડે છે કે આ મને મારવા આવ્યો; જ્યારે મિત્રદ્રોહ કરે છે એમાં તો વિશ્વાસે રહેલા મિત્રને ખબર જ નથી પડતી કે 'આ મને ધોખો દઈ રહ્યો છે.' દ્રોહ કરનારની મનોવૃત્તિ એવી જ છે કે 'આને ખબર જ ન પડવા દઉં, ને ફસાવું આ મારા વિશ્વાસે છે એટલે એને ધોખો દેવાનું સારું ફાવશે.' આમ આમાં મિત્રદ્રોહીની મનોવૃત્તિ અત્યંત નીચ કોટિની છે. મિત્રને મોટું નુકસાન કરે છે એટલે હિંસક વૃત્તિ તો છે જ, વધારામાં દ્રોહ-પ્રપંચ-માયાની નીચ ક્લિષ્ટવૃત્તિ છે, માટે મિત્રદ્રોહ એ ભયંકર પાપ છે.

**પાપિષ્ઠપણું અંતરની અત્યંત નીચ પાપવૃત્તિ ઉપર નીચ કોટિનું બને છે.**

**કિંમત કાર્ય કરતાં હૈયાની છે :-**

માટે જ સાવધાન રહેવા જેવું છે કે સંયોગવશ કદાચ કોઈ પાપ આચરવું પડતું હોય, તો પણ ત્યાં અંતરમાં અધમ પાપવૃત્તિ ન રાખવી. પાપનો પાકો તિરસ્કાર હોય એ અંતરને નીચ પાપવૃત્તિથી ખરડે નહિ.

વધારે કિંમત કાર્ય કરતાં હૈયાની છે. માતા પોતાના પેટના પુત્રને સુધારવા માટે સારી શિક્ષા કરે, મારે, તો ય એ કઠોર નથી ગણાતી, પરંતુ પોતાના ઓરમાયા પુત્રને ઈર્ષ્યાથી માત્ર છણકા કરે તો ય એ કઠોર ગણાય છે.

કિંમત અંતરની, અંતરની વૃત્તિની. પેટમાં છરી તો દુશ્મને ય મારે અને ડાક્ટરે ય મારે; પરંતુ દુશ્મનનું હૈયું દુષ્ટ, તેથી એ પાપી ખૂની ગણાય છે, ત્યારે ડોક્ટરનું હૃદય દરદીની દયાનું તેથી એ દયાળુ લેખાય છે.

સાધર્મિકની ભક્તિ અર્થે શ્રાવક મોટા આરંભ સમારંભ કરે તો પણ ધર્માત્મા ગણાય, અને મોહનાં પોષણમાં અર્થાત્ સાંસારિક મમતાથી કુટુંબ માટે નાના આરંભ



સમારંભ કરે છતાં એ મોહાત્મા છે. એક બાજુ હિંસા આરંભ સમારંભનું કાર્ય મોટું પણ અંતરમાં વૃત્તિ સાધર્મિક ભક્તિની, તેથી એમાં ધર્મિષ્ઠપણું લેખાય છે. આ હિસાબે.

**જીવન જીવતાં પોતાના હૈયા પર ખૂબ ધ્યાન રાખવા જેવું છે.'** આચારાંગ સૂત્ર જે કહે છે 'આસવા તે પરિસ્સવા પરિસ્સવા તે આસવા,' એ હૈયાની વૃત્તિના હિસાબે છે. હૈયે ધર્મવૃત્તિ હોય તો આશ્રવ એ પરિશ્રવ બને; પાપવૃત્તિ હોય તો પરિશ્રવ એ આશ્રવ બને. 'આસવા' આશ્રવો એટલે પાપ બંધનાં કારણ; અને 'પરિસ્સવા' પરિશ્રવો એટલે સંવર અર્થાત્ પાપ અટકાયતનાં ને નિર્જરા અર્થાત્ પાપક્ષયનાં કારણ, દા.ત. સ્નાન કાયાને રૂપાળી શોભિતી કરવા માટે સ્નાન કરો, એમાં કાચા પાણીના જીવોની હિંસા અને પુદ્ગલની શોભાના મોહનું પોષણ છે; તેથી એ સ્નાન આશ્રવ છે. પરંતુ એ જ સ્નાન માત્ર પ્રભુ પૂજા અર્થે હોય તો એ પરિશ્રવ-સંવર બને. ફરક ક્યાં પડ્યો ? હૈયાની વૃત્તિમાં-એકમાં પાપવૃત્તિ, બીજામાં ધર્મવૃત્તિ, આ ફરક પડ્યો.

એમ, કર્મક્ષય અર્થે તીર્થંકર ભગવાનની પૂજા એ પરિશ્રવ યાને સંવરની ક્રિયા ગણાય; પરંતુ એમાં જો હેતુ સારા પૈસા કમાવવાનાં હોય તો એ જ પૂજા આશ્રવ બની. ઉપવાસ એ સંવર છે, પરંતુ જો એ ઘરવાળા ઉપરની રીસથી 'જાઓ, આજે ખાવું જ નથી' એમ કરીને કર્યો, તો એ આશ્રવ બન્યો; કેમકે એ ઉપવાસ અંતરમાં રીસ-ક્રોધમાનનું પોષણ કરનારો બને છે. માટે જ

**જીવન જીવવાની હોશિયારી આ, કે કોઈપણ પ્રવૃત્તિ કે પ્રસંગમાં હૈયામાં ધર્મવૃત્તિ-શુભભાવ-શુભહેતુ રાખીએ.**

શ્રાવક ધંધો કરે પરંતુ તે દેવદર્શનાદિ ધર્મચર્યા સારી રીતે સમાધિપૂર્વક થાય માટે આજીવિકા અર્થે કરે તો એ એને મહા આશ્રવરૂપ ન થાય. ભાઈ સાથે અટંસ પડ્યું, પછી એને રીસથી ન બોલાવો એ આશ્રવ બન્યો; પરંતુ એની અને આપણી સમાધિ ન ઘવાય, બંનેને કષાય ન વધે અસમાધિ ન થાય, માટે એને બોલાવવા-છંછેડવાનું બંધ કર્યું તો એમાં આશય શુભ છે. તેથી એ એવો આશ્રવ ન થાય. અલબત હૈયામાં એના પ્રત્યે પણ મૈત્રીભાવ જોઈએ; દ્વેષ પરિણામ નહિ, પણ સ્નેહપરિણામ-સ્નેહભાવ જોઈએ.

એટલું ધ્યાન રાખવાનું છે કે હૈયું સારા ભાવથી ભર્યું રાખવા માટે પ્રવૃત્તિ પણ બને તેટલી સારી જોઈએ. 'ના, પ્રવૃત્તિ ગમે તે કરીયે એનો વાંધો નહિ, હૈયામાં ભાવ સારા રાખવા' એવું નથી. મોંઢેથી ગાળો, જેવી ભાષા બોલાયા કરાતી હોય, ને કહે કે 'મારા હૈયામાં તો સામા માટે સારો ભાવ છે, તો એ ઢોંગ થાય. પ્રવૃત્તિ દિવસ-રાત ધંધાધાપા અને સાંસારિક જળોજથા તથા મોજમજાહની

રાખે અને કહે કે મારા હૈયામાં ભાવ તો ધર્મના જ છે, તો એ ઢોંગધતુરો થાય. હૈયામાં ભાવ ધાર્મિક રાખવા છે, શુભ રાખવા છે, તો એ માટે શક્ય ધર્મપ્રવૃત્તિ પણ જોઈએ. જ્ઞાનીઓએ શ્રાવકજીવનમાં ભરચક ધર્મ-આચાર-અનુષ્ઠાન અને શક્ય આધ્યાત્મિક બોલ જરૂરી શા માટે કહ્યા છે ? આટલા જ માટે કે એથી દિલમાં પવિત્ર ભાવ રમ્યા કરે.

જેના જીવનમાં આ પવિત્ર આચાર-અનુષ્ઠાન નથી. આધ્યાત્મિક બોલ નથી, એના જીવનમાં દેખાય છે કે પાપભરી ભૌતિક પ્રવૃત્તિ એટલે કે પાપભર્યા-મોહભર્યા-વિચાર વાણી-વર્તાવ કેટલા બધા ચાલ્યા કરતા હોય છે ! સંસારમાં પાપનાં નિમિત્તો તો સામે પડેલાં જ છે. તમારી કાયા-ઇન્દ્રિયો, વાણી અને મન જો શુભ વિષયમાં રોકાયેલ નથી, તો એને સામેના પાપ નિમિત્તો પાપમાં તાણી જવાના. સિંહ ગુફાવાસી મુનિ ગુરુકુલવાસમાં નિરાંતે બેઠા હતા, તે વેશ્યાને ત્યાં ચોમાસુ કરવા ગયા, સામે વેશ્યા-દર્શનનું પાપનિમિત્ત આવ્યું તો મન-વચન-કાયાથી કેવા પાપમાં પડ્યા ! હાડકાં ખોખરા થઈ ગયા; મહાવ્રત એક સાજું રહ્યું ? ના,

**મુનિને કામવાસનામાં કેટલાં મહાવ્રત ખલાસ ? :-**

સિંહ ગુફાવાસી મુનિ વેશ્યાને ખુશ કરવા રત્ન-કાંબળ લાવવા માટે ભર વરસાદે નેપાળ તરફ ચાલ્યા ! પહેલું મહાવ્રત ક્યાં સચવાયું ?

નેપાળના રાજા પાસે જઈ ઊભા અને રાજાએ પૂછ્યું હશે કોણ છો ? તો કહ્યું હશે ને કે હું જૈનસાધુ છું ? વેશ્યા સાથે પાપ કરવાના નિર્ણય અને એ માટેની પ્રવૃત્તિવાળા બનેલા એમનામાં સાધુપણું ખરું ? ના, તો પછી અહીં મૃષાવાદ થયો ને ?

સાધુ થઈને આ કામ કરવા નીકળ્યા એમાં ભગવાનની આજ્ઞા કે ગુરુની રજા ખરી ? ના, તો તીર્થંકર અદત્ત અને ગુરુ-અદત્તનાં પાપ સેવ્યાં, ત્રીજું મહાવ્રત ક્યાં રહ્યું ?

ચોથું મહાવ્રત મનથી તો ઊપડી જ ગયું ! ને રાજા પાસેથી રત્નકંબળ લઈ આવે છે એમાં પરિગ્રહત્યાગનું મહાવ્રત પણ ખીંટીએ મૂકાઈ જ ગયું ને ? વેશ્યાને એક કિંમતી વસ્તુ ભેટ આપવા માટે પહેલાં પોતાની તરીકે કાંબળ લઈ આવે છે માટે એક પરિગ્રહ થયો. પાંચેય મહાવ્રતોને ધક્કો લગાડ્યો.

આ બધુ શાથી ? સારા નિમિત્તમાંથી ખોટા નિમિત્તમાં ગયા એથી. સાંજ પડ્યે પ્રતિક્રમણ-સ્વાધ્યાયને બદલે વાતોચીતો ટહેલટપ્પામાં પડો તો કેટલા ધૂમ પાપોમાં પડવાનું થાય ? કેટલા અઢળક પાપવિકલ્પો અને રાગ-દ્વેષ ચાલે ? નાસ્તિકને અને કાનજીમતવાળાને ધર્મક્રિયાઓ નથી જોઈતી. એટલે એ દિવસ-રાત પાપક્રિયાઓ રાખીને પણ શુભ વિકલ્પોમાં જ રમતા હશે ? ભાઈ વેપાર કરે, બાઈ ભઠિયારું



કૂટે, એમાં આરંભસમારંભનો વિચાર નહિ ? પૈસા મળે તે લઈ લે એમાં પરિગ્રહનો ભાવ નહિ ? કેવો દંભ !

ખેર, પણ નાસ્તિકની જેમ જેનાથી સામાયિક પ્રતિક્રમણ જ્ઞાનધ્યાન વગેરે ન આચરાય, અને ખુશ-મિશાલ વાતોચીતો ટહેલટપ્પા લગાવાયા, ને એમાં કશું દુઃખ ન લાગે તો અંતરમાં આસ્તિકપણું રહે ખરું ?

પૂછો, તો શું પ્રતિક્રમણ ન કરે એ બધા નાસ્તિક ? ના, ઉતાવળા ન થાઓ, જુઓ, આસ્તિક, પ્રતિક્રમણ વગેરે બધી આવશ્યક ધર્મક્રિયા કરે જ એવો નિયમ નથી; ન ય કરી શકતો હોય, પરંતુ ન કરી શકવાનું એને દુઃખ હોય. એટલે જ એ છોડીને વાતોચીતો ટહેલટપ્પા લગાવે તે ખુશમિશાલ નહિ, પણ અંતરના દુઃખ અફસોસી સાથે કહે-

અરે ! આ હું આત્માને માનનારો કાયાનાં બધા હિત આનંદ ઉડાવું છું અને એમાં મોટો સમય ગુજારું છું, ત્યારે આત્માના હિતને થોડો સમય પહેલાં પણ, સાધતો નથી ? કાયાના હિતમાં મહિને સેંકડો રૂપિયા ખરચું છું પણ આત્માના હિત માટે નાનકડો પણ ખરચ નથી રાખતો ? તો હું આત્માને માનનારો શી રીતે ?

આમ દિલને ખેદ હોય એ આસ્તિક જ છે. પરંતુ આ કશો જ ખેદ નથી, ને જેમ પ્રગટ નાસ્તિક લહેર ભોગવે, એમજ દુન્યવી સુખવિલાસ જ લહેરથી ભોગવવા છે તો આસ્તિકતા એટલે શું ? શું એ પ્રચ્છન્ન (ગુપ્ત) નાસ્તિક નથી ?

**આત્મહિતની લેશ પણ ચિંતા વિનાની લહેર નાસ્તિકની હોય.**

પ્રગટ નાસ્તિક ખુલ્લુ કહે છે 'હું આત્મા-ધર્મ-પુણ્ય-પાપ-પરલોક કશું માનતો નથી;' ત્યારે પ્રચ્છન્ન (ગુપ્ત) નાસ્તિક એવું ખુલ્લં ખુલ્લા કહેતો નથી, કહેવામાં તો 'હું એમ રાખ્યું છે, પરંતુ આત્મા-ધર્મ વગેરેને માનનારો છું.' એમ રાખ્યું છે, પરંતુ વિચાર-વાણી-વર્તાવની કોઈ પ્રવૃત્તિમાં આત્મા સામે જોવું નથી, કશું જ આત્મહિત આચરવું નથી, ને ન આચર્યાનું કશું દુઃખ પણ નથી. તો હું આત્માને ધર્મને-પરલોકને માનું છું' એ માત્ર મોઢેથી બોલવાનું જ રહ્યું ને ? કે હૈયામાં એની માન્યતા રહી ?

**ભરતચક્રીની આસ્તિકતા :-**

મોટા ભરત ચક્રવર્તી અલબત પ્રતિક્રમણ સામાયિક વગેરે ધર્મપ્રવૃત્તિ નહિ કરી શકતા હોય પરંતુ એનો રાગ કેટલો બધો હતો કે લાખો સાધર્મિક એ ધર્મપ્રવૃત્તિ કર્યા કરે એ માટે એમને જમવા-કરવાની ચિંતા પોતે ઊઠાવી લીધી હતી; તેમજ પોતે આત્માનાં હિતને બદલે કાયાના રંગવિલાસમાં પડેલા હતા એનું એમને ભારે દુઃખ હતું તેથી એ મહાન આસ્તિક હતા.

આસ્તિકને માથે આસ્તિકતાનાં શિંગડા નથી હોતા, પરંતુ હૈયે આસ્તિકતા એવી કે કાયા કરતાં આત્મા પર મુખ્ય દૃષ્ટિ હોય. એ સમજતો હોય કે 'કાયા તો એક દિવસ પડી જવાની, અને મારા આત્માને તો આગળ જવાનું છે. કાયાના રંગવિલાસ તો અહીં પતી જવાના, પરંતુ એની પાછળ સેવેલાં પાપનાં ભયંકર ફળ મારા આત્માને ભોગવવા પડવાનાં માટે મોટી ચિંતા આત્માની.'

નાસ્તિકને આવું કશું માનવું નથી એટલે કાયાની મોજમાં તરબોળ રહેવામાં એના હૈયે કશું દુઃખ નથી. ત્યારે જો આસ્તિકને ય કાયાના રંગવિલાસમાં જ તરબોળ રહેવું હોય અને એનું હૈયે કશું દુઃખ ન હોય, તો પછી હૈયે આસ્તિકતા શી રહે ?

**બ્રહ્મહત્યા કરતાં મિત્રદ્રોહ કેમ મોટું પાપ ? :-**

કથામાં બ્રાહ્મણના ઘાતકને મહાપાતકી કહ્યો પરંતુ મિત્રદ્રોહીને તો એથી ય ચડિયાતો એવો પરમ પાતકી કહ્યો કે 'પેલો સમુદ્રસેતુ ઓળંઘી જાય તો એને હજી પાતક છૂટે. ત્યારે મિત્રદ્રોહનું પાતક તો છૂટે જ નહી.' આમ શાથી કહ્યું ? એક કારણ આ, કે બ્રહ્મહત્યા કરનારે કોઈ લાલચવશ આવેશમાં આવી જઈને એ હત્યા કરી તો નાખી પરંતુ એનું એને દુઃખ લાગી શકે છે. ત્યારે મિત્રદ્રોહ કરનારને હૈયે કશું દુઃખ જ નથી. મિત્રદ્રોહ કરીને સ્વાર્થ સધાઈ ગયો એનો આનંદ જ રહે છે, પણ વિશ્વાસે રહેલા મિત્રને ધોખો પહોંચ્યો એનું કશું દુઃખ નહિ. માટે આ પાપ મોટું.

એટલે જ આ સાવધાની રાખવા જેવી છે કે આવા મિત્રદ્રોહ, વિશ્વાસે રહેલાની ગરદન કાપવી, એને ધોખો પહોંચાડી વિશ્વાસભંગ કરવો, એવા માયા કપટ કરવા,...વગેરે પાપ ભયંકર છે, એમાં ફસાવવાનું ન થાય. કેમકે એમાં પાપનો કશો રંજ અફસોસી નહિ રહેવાની. માટે જ કહ્યું ને કે

**"સાચામાં સમકિત વસેજી,**
**માયામાં મિથ્યાત્વ રે પ્રાણી, ધરિયે સમકિત રંગ."**

ઘરસંસાર ચલાવતો હોય એમાં પાપો થતા હોય છે, પરંતુ એનો આસ્તિકને ખેદ રહી શકે છે 'આ ઉત્તમ માનવ જીવનમાં આ શી પાપની લોથ ? મારા આત્માનું આમાં શું સધે છે ?' ત્યારે દ્રોહ વિશ્વાસઘાત-માયા જેવાં પાપ કરનારને એની કશી અફસોસી નથી રહેતી ! ત્યારે તો એ ખુશમિશાલ એ આચરે છે, નહિતર આવું નીચ પાપ આચરે શાનો ? એટલે અહીં કથામાં કહે છે કે મિત્રદ્રોહનું પાપ સમુદ્રસેતુ લઈ જાય તો ય છૂટતું નથી.

રાજા નંદને પડદામાંથી જ્યાં આ સાંભળવા મળ્યું ત્યાં પાગલ થયેલા રાજકુમારના દિલના ભૂતે હવે એ કુમારને 'સેમિરા' લવતો હતો તેમાંથી 'સે'



અક્ષર ભુલાવી દીધો, એટલે કુમાર હવે 'મિરા' 'મિરા' બોલ્યા કરે છે. ત્યાં વળી પડદામાંથી બોલાયું,-

**मित्रद्रोही कृतघ्नश्च स्तेयी विश्वासघातकः ।**
**चत्वारो नरके यान्ति यावच्चन्द्रदिवाकरो ॥**

અર્થાત્ મિત્રદ્રોહી, કૃતઘ્ની, ચોર અને વિશ્વાસઘાત કરનારો એ ચાર યાવચ્ચંદ્રદિવાકર નરકમાં જાય છે.

મિત્રનો દ્રોહ કરનાર કેવો પાપી છે એ આપણે જોયું. એની અહીં નરકગતિ કહી એટલું સમજી રાખો કે નરકમાં કોણ લઈ જાય છે ? પાપ ? ના, માત્ર પાપ નહિ, પરંતુ

**પાપમાં નિષ્ઠુરતા રહે, રૌદ્રતા રહે, કાળી લેશ્યા રહે, એવાં પાપ જીવને નરકે લઈ જાય છે.**

એટલે હવે એમ ન પૂછતા કે

**પ્ર.-** તો પછી નિષ્ઠુરતા-રૌદ્રતા-કાળીલેશ્યા ન રાખીએ, અને પાપ કરીએ તો વાંધો નહિ ને ?

**ઉ.-** પહેલી વાત તો આ, કે,

**પાપમાં વાંધો ન લાગે એજ નિષ્ઠુરતા છે.**

દિલની કોમળતા હોય, તો પાપમાં મોટો વાંધો લાગે.

**બીજો વાંધો** - વાંધો મોટો આ, કે પાપનો સ્વભાવ એવો છે કે જીવને નિષ્ઠુર બનાવી દે; પછી આ સમજીને બહુ સાવધાન હોય અને નિષ્ઠુરતા ન આવવા દે, એ નરકથી બચી જાય એમ બને. પણ ત્યાં એને પાપનું પારાવાર દુઃખ હોય ત્યારે એને નિષ્ઠુરતા નથી આવતી, એ ન ભુલશો. જાતમાં વિચારી જોજો કે પાપમાં પારાવાર દુઃખ રહે છે ને ? વેપાર ધંધો ચૂલો-હોલો વગેરેમાં અસંખ્ય સ્થાવર જીવો અને બીજા કેટલાય ત્રસ જીવો મરે છે, એનું પારાવાર દુઃખ ખરું ? સારાં સારાં ખાનપાન-કપડાં-દાગીના ઠઠારા, સારા સારા ફરનીચર-રાચરચીલું, બંગલો-મોટર વગેરે, તેમજ રૂપાળી સેવાકારી પત્ની-પુત્ર વગેરે કે જેમાં વિષયવિલાસનાં રંગનાં પાપ રહે છે એમાં પારાવાર દુઃખ ખરું ? સારા પૈસા પ્રતિષ્ઠા-સત્તા-સન્માન મળતા જાય કે જેમાં લોભ-મમતા-આસક્તિ અહંકાર વગેરેના પાપ રહે છે એમાં પારાવાર દુઃખ ખરું ? જો એ નહિ હોય તો એ પાપહેતુઓ અને પાપમાં નિષ્ઠુરતા આવતાં શી વાર લાગવાની ?

**પ્ર.-** તો દુનિયામાં મોટા ભાગ પાપના દુઃખ વિનાનો છે તો શું એ બધા નરકે જવાના ?

**ઉ.-** ઉતાવળા ન થશો, આપણે કોઈ જ નરકે જાય એવું ઈચ્છતા નથી, પરંતુ વસ્તુસ્થિતિ અને આપણી આત્મદશા વિચારવાની છે. પાપનું દુઃખ ન હોય ત્યાં પાપમાં મનના પરિણામ નિષ્ઠુર બને છે. એ નિષ્ઠુરતામાં તરતમતા હોય છે. કોઈને થોડી, કોઈને વધારે. પોતાને પણ ક્યારેક થોડી નિષ્ઠુરતા અને ક્યારેક વધારે નિષ્ઠુરતા. ત્યારે ક્યારેક વળી એથીય વધારે હોય. દા.ત. ગુસ્સામાં,લોભમાં, રાગમાં....વગેરેમાં આ તરતમતા દેખાય છે. એમાં જોરદાર નિષ્ઠુરતા હોય, કશું પાછું વળીને જોવાનું ન હોય ત્યાં કૃષ્ણલેશ્યા આવે છે, આત્માના અતિસંક્લિષ્ટ પરિણામ બને છે, ને એ નરકમાં પાપ બંધાવે છે.

આપણે બીજાઓ સામે ન જુઓ, આપણું વિચારો, કે આપણામાં આવી સ્થિતિ ક્યારેય પણ નથી બની જતી ને ? ક્યારેક પણ બને તો કર્મને શરમ નથી, ઉધારો નથી, એ જ વખતે જો કદાચ આયુષ્ય બંધાય, તો નરકનું આયુષ્ય બંધાય, અને આયુષ્ય ન બંધાય, તોય બીજા કર્મ નરકગતિને યોગ્ય બંધાય, અર્થાત્ તીવ્ર અશાતાવેદનીયકર્મ, અતિ હલકું નીચગોત્રકર્મ, તીવ્ર અપયશ-દૌર્ભાગ્ય-અનાદેય વગેરે અશુભનામકર્મ, યાદ છે ને,-

**'अट्टेण तिरियगई रुद्दज्झाणेण गम्मइ नरयं ।'**

**આર્તધ્યાનથી તિર્યંચગતિનાં પાપ અને રૌદ્રધ્યાનથી નરકગતિનાં પાપ બંધાય.**

**રૌદ્ર પરિણામ રાગનો કેવી રીતે ? :-**

અહીં ધ્યાન રાખવાનું છે.-રૌદ્રધ્યાન અને રૌદ્ર પરિણામ માત્ર ધમધમાટવાળા ગુસ્સામાં જ હોય એવું નથી, ચિકણા લોભમાં ય હોય ને તીવ્ર રાગમાં ય હોય. કોઈ વસ્તુનો લોભ લાગ્યો કે 'મારે આ જોઈએ,' એમાં મનને જો એમ થાય કે 'બસ, ગમે તે ભોગે ગમે તેવું કૃત્ય કરીને ય આ વસ્તુ મારે મેળવવાની જ' તો એ ચિકણો લોભ થયો. એમાં મનનાં રૌદ્રપરિણામ બને. આવું પેલા રાજકુમારને ઝાડ પર થયું ને ? પોતાના ખોળામાં વિશ્વાસે સૂતેલા વાનરને 'વાઘના મોંઢામાં ફેંકીને પણ હું વાઘને વહાલો થાઉં, ને સવારે અહીંથી જતાં વાઘના આક્રમણથી બચી જાઉં. આવો... ચિકણો વિચાર થયો આમાં શું થયું ? બીજાને વહાલા થવાનો લોભ અને પોતાના પ્રાણ બચાવવાનો લોભ, બેય લોભ મિત્રદ્રોહનું ઘોરકૃત્ય કરીને પણ સતેજ-ઉગ્ર-ચિકણો બની ગયો. એ રૌદ્ર પરિણામ કહેવાય. એમાં કૃષ્ણલેશ્યા આવી જાય. માટે કહ્યું મિત્રદ્રોહી નરકે જાય.



અતિ સંક્લિષ્ટ રાગમાં પણ રૌદ્રપરિણામ બને. કોઈ વસ્તુ પર રાગ-પ્રેમ-આસક્તિ થઈ, પરંતુ એવો જોરદાર રાગ કે બસ, એ જ વસ્તુ કે વ્યક્તિ સર્વે-સર્વા લાગી; જેમ મમ્મણશેઠને રતનનો બળદિયો, પછી એની પાછળ બીજા કશાની પરવા નહિ, 'આજ મારું જીવન, આજ મારા પ્રાણ,'-તો એ રાગના રૌદ્ર પરિણામ કહેવાય. જેવું વસ્તુ પર એવું વ્યક્તિ પર બને. રૂપાળી સેવાકારી પત્ની પર મારું સર્વસ્વ' ત્યાં ન ધર્મની પરવા, ન માબાપની પરવા, એટલો બધો એનાં પર ઉત્કટ રાગ ઊભરાય, પ્રેમ ઊછળે, એ રાગનો રૌદ્ર પરિણામ. રાગનો આ ઉગ્ર સંકલેશ છે. એમાં નરકના પાપ બંધાય.

**બ્રહ્મદત્તને રાગ સંકલેશ :-**

બ્રહ્મદત્ત ચક્રવર્તી આવા રાગના સંકલેશમાં પોતાને અતિપ્રિય પટ્ટરાણી કુરુમતિને સંભારતો કે સંબોધતો 'હે કુરુમતિ હે કુરુમતિ' કરતો મર્યો, ને સાતમી નરકે ગયો. ત્યાં સાતમી નરકમાં પણ પેલાના સંસ્કાર કેટલા જોરદાર કે જાતિસ્મરણથી કુરુમતી યાદ આવતાં ત્યાં ય, 'હે કુરુમતી ! હે કુરુમતી !' પોકારતો રહ્યો અલબત ચક્રવર્તીપણામાં બ્રાહ્મણે એની આંખો ફોડાવી ત્યારે દુનિયાભરના બ્રાહ્મણોની આંખો ફોડાવવાના રૌદ્ર પરિણામ, અતિ દ્વેષસંકલેશ થયેલા, પરંતુ અંતે કુરુમતી પરનો રાગસંકલેશ સવાર થઈ ગયો હશે તે નરકમાં કુરુમતીની રટણા લાગી, એ સૂચવે છે કે રાગનો સંકલેશ અતિ ઉત્કટ બની ગયેલો.

**રાગ દ્વેષ-લોભ વગેરેના ઉત્કટ સંકલેશ રૌદ્ર પરિણામ શાથી ?**

**કહો પાપમાં લેશમાત્ર દુઃખ નહિ, અફસોસી નહિ, એથી.**

એટલે જ જીવન જીવતાં સાવધાન રહેવાનું છે કે નાના પણ પાપમાં ખુશી ન થઈ જાય, કિન્તુ ભારે દુઃખ રહે. તો જ મોટા પાપ વખતે દુઃખ રહેશે પત્ની સાથેનું વિષયનું પાપ પરસ્ત્રી સાથેના વિષયના પાપ કરતાં નાનું પાપ છે; પરંતુ સ્વસ્ત્રી પાપમાં જેને કશું દુઃખ નથી, કશું ખોટું નથી લાગતું, એ એવો જ અવસર આવી લાગ્યો તો પરસ્ત્રીગમનનાં મોટાં પાપમાં દુઃખ નહિ માને. તેથી એમાં લલચાઈ જતાં વાર નહિ લગાડે સ્વસ્ત્રીનાં રૂપાળા અંગોને વગર ધરાયે જોયા જ કરે છે, ને એમાં કશું દુઃખ નથી લાગતું, એને પછી વિશેષ રૂપાળી પરસ્ત્રીનાં દર્શનનાં મોટા પાપમાં દુઃખ શાનું લાગવાનું ? તો પરસ્ત્રી જોયા વિના શી રીતે રહેવાનો ? સમજી જ રાખવાનું કે

મોટા પાપમાં દુઃખ, નાનાં પાપમાં નહિ, એ ન બની શકે

**નાના પાપમાં દુઃખ લાગશે તો જ મોટા પાપમાં દુઃખ લાગવાનું.**

**'તિંહા રાત્રિભોજન કરતાં થકારે લો, માંજાર ઘુવડ અવતાર જો'**

એમ કેમ કહ્યું ? એટલા જ માટે કે માંજાર બિલાડાના અવતારનાં પાપ કરતાં અહીં રાત્રિભોજનનું પાપ નાનું; પરંતુ એમાં દુઃખ ન લાગે પછી બિલાડાના અવતારમાં રાત્રે ફરી ફરી જીવતા ઉંદર ખાવાનાં પાપમાં દુઃખ શાનું લાગે ? રાત્રિભોજનથી બિલાડાનો અવતાર ? હા, રાત્રિભોજન ખુશી થઈ થઈને કરે છે એમાં કશું ખોટું નથી લાગતું, કશું દુઃખ નથી થતું અફસોસી નથી થતી માટે એમાંથી મોટા પાપના બિલાડાના અવતાર મળે છે. જો દુઃખ થાય કે 'અરેરે ! આ કેવા ધંધા-નોકરીના લોભમાં પડ્યો છું કે રૂડા શ્રાવકના અવતારે રાત્રિભોજનનું ગોઝારું પાપ કરવું પડે છે !' તો તો હજી બચે. બાકી

**નાના પાપમાં દુઃખ નહિ, એ મોટા પાપને આમંત્રણ છે.**

છોકરાને એક પૈસાની પણ ચોરી કરતા ન રોકયો, તો એને એટલા નાના પાપમાં દુઃખ નહિ લાગવાનું, અને ત્યાં મોટી ચોરી વિશ્વાસઘાતનાં મોટા પાપના આંધણ મૂકાયા એ સમજી રાખો. પરસ્ત્રી-પરકન્યા સાથે સહેજ સ્પર્શનું અડપલું કરનારા પછીથી મોકો આવ્યે ઠેઠ દુરાચારના મોટા પાપ કરતા અચકાતા નથી. કેમ વારુ ? પેલાં અડપલાનાં નાના પાપમાં એને દુઃખ જ ન લાગ્યું. અરે ! જાતે સ્પર્શનું અડપલું શું, પણ કોઈના અડપલાના દર્શન જેવું ય નાનું પાપ પણ રાજી થઈને કર્યુ, ને એમાં દુઃખ ન લાગ્યું, તો એમાં પણ પછીથી મોટા પાપને આમંત્રણ મળવાનું.

**આજના સિનેમાદર્શન ભયંકર કેમ છે ?**

આટલા જ માટે કે એમાં સ્ત્રી-પુરુષોના અડપલાં આલિંગન, અને પરસ્ત્રીના હાવભાવ અંગોપાંગ વગેરે હોશથી જોવાય છે. પોતે અડપલું કરે એ પાપ કરતાં બીજાનું અડપલું જુઓ એને કદાચ નાનું પાપ કહીએ, તોય તે મોટા પાપને આમંત્રણ છે કેમકે એ જોવાના પાપમાં દુઃખ નથી લાગતું, પછી દુરાચારની બુદ્ધિ અને દુરાચાર કેમ દોડ્યા ન આવે ? એટલા માટે તે આવા સિનેમા એવા રવિવારના છાપાના અશ્લીલ ચિત્ર જોનારી આજની છોકરીઓ માટે સાંભળવા મળે છે ને કે પર્સમાં નિરોધનાં સાધન લઈને ફરે છે ? કેમ પાપ વિફર્યા ? એટલા જ માટે કે પહેલાં નાનાં પાપમાં દુઃખ જ ન લાગ્યું તે એ રાજી થઈ થઈને કર્યા. માટે તો આજના સિનેમા-શોખીન દિયરિયા ઘરમાં ભાભીની એટલી ચાપલુસી કરે છે કે એવી સગી માતાની નહિ. કેમ વારૂ ? અંતરમાં મોટા પાપની બુદ્ધિ રમી રહી છે.

**આજના વિલાસી જીવનમાં કેટલી ગટર ચાલી રહી છે ?**

પ્રભુના મંદિરમાં ય જીવનની ગટર ! પરસ્ત્રી દેખતાં ઝટ આંખ એના પર નાચ્યા કરે ! અને સ્ત્રીઓ કુમારિકાઓને પણ પોતાના અંગોપાંગ પુરુષોને દેખાડવાની તમન્ના કેટલી ? આ લતની ગટર જ છે ને ? વીતરાગના મંદિરમાં આ ? હા,



બહારના એ નાના ગણાતાં પાપ હોંશે હોંશે કરવા જોઈતા હોય, એને કશું દુઃખ ન લાગતું હોય, એ પછી પવિત્ર પ્રભુના દરબારમાં પરસ્ત્રીદર્શન અને પરપુરુષને અંગોપાંગ પ્રદર્શનનું મોટું પાપ કરતાં આંચકો શાનો થાય ?

વિલાસી અને માનપાનના ભૂખ્યા જીવનની આ એક જ ગટર નથી. જે પ્રભુના પ્રતાપે અહીં બધું રૂડું રૂડું પામ્યો, એ પ્રભુની કૃતજ્ઞતારૂપે મંદિરમાં કંઈક અર્પવાનું હોય, પણ ત્યાંય પોતાની ભેટની તકતી ચડાવવા જોઈએ છે, બોર્ડ પર લખાવવા જોઈએ છે. બીજાઓને ખબર પડે કે આ ભાઈએ પ્રભુને દાન કરી મહાન ઉપકારનું કામ કર્યું. પ્રભુ બિચારા નિર્ધન ઓશિયાળા, તે આ પ્રભુને દાન કરવા નીકળ્યો, પ્રભુ પર પાડ ચડાવવા નીકળ્યો ! એટલે એની જાહેરાત કરવા જોઈએ છે. દિલની આ કૃતજ્ઞતા ભૂલી આ પાડ કરવા જોઈએ છે. દિલની આ કૃતજ્ઞતા ભૂલી આ પાડ ચડાવવાની વૃત્તિ એ ગટર નથી તો શું છે ?

પાસે પૈસાના નશા પર અભિમાનથી નસકોરાં ફુલેલાં રહેતા હોય, નીચેનાઓને દબડાવવા જોઈતું હોય, ધર્મના બેફામ ખર્ચાને બદલે વટ-વિલાસના બેફામ ખરચ કરવા જોઈતા હોય, રાત્રિભોજનનો વાંધો નહિ, અભક્ષ્યની પાર્ટીનો વાંધો નહિ ! પણ મંદિર વહીવટમાં કંજુસાઈ કરવા વગેરે જોઈતું હોય, એ ગટરો નથી તો બીજું શું છે ?

સવાલ આ છે કે નાના પણ પાપમાં દુઃખ લગાડવાનું ગયું, પછી મોટાં પાપ ફાલેફૂલે અને એમાંય અફસોસી દુઃખ ન લગાડે એમાં નવાઈ નથી પછી એમાં રૌદ્ર પરિણામ અને કાળીલેશ્યા ય હૈયે રમતી રહે એ સહજ છે.

એટલે જ અહીં,

**રૌદ્ર પરિણામ ને કાળીલેશ્યા કરાવતા હોવાથી મિત્રદ્રોહ, કૃતઘ્નતા, ચોરી અને વિશ્વાસઘાત એ ચાર પાપને નરકમાં લઈ જનારા તરીકે ઓળખ્યા.**

નંદ રાજાને પડદામાંથી આ ઓળખ મળી. એ ચાર પાપ નરકનાં કારણભૂત રૌદ્ર પરિણામ-કાળી લેશ્યા કરાવનારા એટલા માટે કે પ્રાયઃ એમાં હૈયે દુઃખ લગાડવાનું હોતું નથી કે 'હાય ! મારે ક્યાં આ મિત્રદ્રોહ વગેરે પાપ કરવાનું આવ્યું !' દુઃખ નહિ એટલે નિષ્ઠુરતા રૌદ્ર પરિણામ; અને એ નરકનાં પાપ બંધાવે એમાં નવાઈ નથી.

શું કહ્યું ? કૃતઘ્ન એ નરકે જાય છે. પ્રશ્ન થાય,

**પ્ર.-** તો શું આ સત્યવચન છે ? શું બધા જ કૃતઘ્ન નરકે જાય છે ?

**ઉ.-** સત્ય વચનના અનેક પ્રકાર છે.

નાના છોકરા બે પગ વચ્ચે લાકડી રાખી દોડતાં બોલે છે 'એ ય ! જો મારો ઘોડો કેવો દોડી રહ્યો છે !' હવે ત્યાંથી જવું હોય અને આપણે કહીએ 'એ બાબા !

તારો ઘોડો આઘો લે,' તો શું આપણે અસત્ય બોલ્યા ? ના, સ્થાપના સત્ય તરીકે આમાં મૃષાભાષણનો દોષ નથી. પ્રતિમામાં કહીએ જ છીએ ને કે 'સિદ્ધગિરિ પર આદીશ્વર દાદા બિરાજે છે ?' છે આદીશ્વર દાદા ત્યાં ? એ તો મોક્ષમાં બિરાજે છે; પણ અહીં મૂર્તિમા એ સ્થાપિત છે માટે કહેવાય કે અહીં દાદા છે. એ સ્થાપના સત્ય છે.

ગુજરાતમાં 'નવરા' શબ્દો અર્થ ફુરસદવાળા યા આળસુ બેસી રહેનારો એવો કહીએ છીએ. પરંતુ મહારાષ્ટ્રમાં એનો અર્થ ધણી-પતિ એવો થાય છે તો ત્યાં એ અર્થમાં 'નવરા' શબ્દ વાપરીએ તો શું એ અસત્ય છે ? ના, એ જનપદ સત્ય (દેશ સત્ય) છે.

એમ ભયવચન પણ સત્યવાન હોય છે. દા.ત. કઠેડો વિનાનો રેલ્વેનો પૂલ ઓળંઘતાં કહેવાય 'સાવધાનીથી ઓળંઘજો. જો ગફલત કરનારાં નીચે જ પડે છે ? ના, કોઈક ગફલત કરે, ઠોકર ખાય, પડવા જાય, પણ કદાચ પાટા કે પાટિયાને પકડી લેતાં બચી ય જાય છે. છતાં ગફલત કરનારા પડે પણ છે ને ? માટે 'ગફલત કરશો તો પડશો' એ ભયવચન છે ને એ સત્યવચન છે.

બસ, એ જ રીતે અહીં કૃતઘ્નતા કરનારા નરકે પણ જાય છે. તેથી કૃતઘ્નતાનું પાપ ન કરવા 'કૃતઘ્ન નરકે જાય છે.' એ ભયવચન છે, ને એ સત્ય વચન છે. એ સાવધાની આપે છે કે ભલે બધાજ કૃતઘ્ન નરકે ન ગયા હોય, પરંતુ કૃતઘ્નતા પાપ કરવામાં આત્માના મનના પરિણામ એવા નિષ્ઠુર રૌદ્ર બનવા સંભવ છે કે જેથી નરકનાં પાપ બંધાય, માટે કૃતઘ્નતા ન કરશો, કૃતઘ્ન ન બનશો. કોઈએ કરેલા ઉપકારની સામે એના પ્રત્યે અપકાર કરનારા ન બનશો.' આ સામે એના પ્રત્યે અપકાર કરનારનાં પાપ બંધાય, માટે કૃતઘ્નતા ન કરશો, કૃતઘ્ન ન બનશો, આ સાવધાની આપવા માટે જે આ બોલાય કે કૃતઘ્ન નરકે જાય છે એ અસત્ય વચન નથી.

આ પરથી આ સમજવાનું છે કે કૃતઘ્ન બનવામાં નરકગતિ સુધીનાં કર્મ બંધાવે એવા કઠોર રૌદ્ર ભાવ બનવાનો સંભવ છે. માટે કદી કૃતઘ્ન ન બનવું આપણા પર કોઈએ મોટો કે નાનો કશો ઉપકાર કર્યો તો આપણું કર્તવ્ય છે કે એ ઉપકાર લક્ષમાં રાખી એનો બદલો વાળવા પ્રયત્ન કરવો જોઈએ.

**વ્યવહારમાં કૃતજ્ઞતા :-**

વ્યવહારમાં શું કરાય છે ? કોઈની કપ ચા પીધી હોય તો એને પાવાનું મન રહે છે, મોકો ન મળ્યો તો મેળવીને ય એનો પ્રયત્ન થાય છે. પાડોશીના ઘરમાંથી વાડકો વસ્તુ આવી હોય તો અવસરે આપણે ત્યાંથી વાડકો વસ્તુ એને ત્યાં મોકલવાનો પ્રયત્ન કરાય છે. અરે ! સ્નેહીએ આપણને મળવા માટે આપણે ત્યાં



ધક્કો ખાધો, તો આપણે મોકે એને ત્યાં ધક્કો ખાવાનું કરીએ છીએ. કેમ વારું એમાં કૃતજ્ઞતા સમજીએ છીએ. અને કૃતજ્ઞતાને કર્તવ્ય લેખીએ છીએ.

એટલા માટે તો દા.ત. આપણે સ્નેહીને ઘરે આવે ત્યારે ચા પાતા હોઈએ, એના કામ માટે ધક્કો ખાતા હોઈએ પણ એ ઘંટ ઘરાક સામેથી એવું કશું ન કરતો હોય તો આપણને ગમે ? એમાં વળી એણે આપણું કશું કરવાની વાત તો નહિ, પણ ઉપરથી બહાર આપણી નિંદા કરતો હોય તો આપણને કેટલું ખરાબ લાગે ? મનને એમ થાય ને કે 'કૃતજ્ઞતા દાખવવી તો દૂર રહી, પણ ઉપરથી એ કૃતઘ્ન બને છે ? કેટલી બધી નીચતા ? ખાય એનું ખોદે ? માણસ જેવો માણસ થઈને આટલો બધો કઠોર અને હરામી ?'

**માબાપ પ્રત્યે કૃતજ્ઞતા ભૂલનાર કેવો ? :-**

અગર આપણી જાત પ્રત્યે બીજાની કૃતઘ્નતા ખટકે છે, ને નીચતારૂપ લાગે છે, તો બીજા પ્રત્યે આપણી કૃતઘ્નતા નીચતારૂપ નહિ ? આજના કેટલાય પુત્રો માબાપના પ્રત્યે શું કરી રહ્યા છે ? કૃતજ્ઞતા બજાવે છે ખરા ? માબાપના ઉપકાર કેટલા બધા ? એક ચાનો કપ મિત્રનો પીધો તો મિત્રને પાયા વિના ચેન ન પડે, અને અહીં માબાપના અગણિત ઉપકાર લીધા પછી એનો બદલો વાળવાનું મન ન થાય, એમના એ ઉપકારો પ્રત્યે કૃતજ્ઞતા ન દાખવાય, એ હૃદય કેટલું બધું ધિઠ્ઠું નિષ્ઠુર ને અધમ ? એમાં વળી,

માબાપના દોષ જ કાઢ્યા કરે, એમને જેવા તેવા બોલ સંભળાવી એમના હૈયા તાર તોડે એ કૃતઘ્નતામાં નરકદાયી રૌદ્ર પરિણામ ન આવે ? આવી કૃતઘ્નતામાં મનના પરિણામ કેટલા બધા દ્વેષના તીવ્ર સંકલેશવાળા થાય ? ત્યાં શું પોતાને લાગે ખરું કે 'હું આ કેટલું અધમાધમ કાર્ય કરી રહ્યો છું ? મારા પર માતાપિતાના કેવા કેવા અને કેટકેટલા બધા મહાન ઉપકાર, અને હું એમનાં દિલને ભારે દુઃખ કરાવી રહ્યો છું ? એમની નિંદા અવગણના અને તિરસ્કાર કરી રહ્યો છું ? કેવી મારી નીચતા ? આવું શું એના મનને લાગે ખરું ? ના, તો પછી આવા કૃતઘ્નતાના જાલિમ પાપમાં કશું ખોટું ન લાગતું હોય બલ્કે ઠીક કરું છું' લાગતુ હોય, તો ત્યાં સમ્યક્ત્વ પણ રહે ખરું ? કે મહામિથ્યાત્વ આવે ? એની સાથે રૌદ્ર પરિણામ હોય પછી નરકના પાપ કેમ ન બંધાય ?

**કોણિક કેમ નરકે ?**

કોણિકને કેમ નરકે જવાની તૈયારી થઈ ? પિતા શ્રેણિકની સામે કૃતઘ્ન બન્યો એમાં. કેટલી હદની કૃતઘ્નતા ? પિતાને રાજ્યભ્રષ્ટ કરવા માટે અમલદારોને ફોડ્યા, બધાને દમ ભીડાવ્યો કે ‘હવે હું રાજા થવાનો છું એમાં જો કોઈએ કાંઈ ગરબડ કરી છે તો એને કુટુંબ સાથે ખેદાનમેદાન કરી નાખીશ, રીબાવી રીબાવીને મારી નાખીશ; અને પિતા પર ઓચિંતો હુમલો લઈ જઈ એમને બેડી પહેરાવી દીધી, ને પોતે રાજ્યગાદી પર ચડી બેઠો. આટલેથી બસ નહિ, તે કાળા બિહામણા જેલખાનામાં નાખી રોજના પચાસ ફટકા મરાવવાનું શરૂ કર્યું. બોલો આ કૃતઘ્નતા કરવામાં એના દિલને જરા ય ખોટું લાગ્યું હશે ? આ ઘોર પાપ કરતાં કોઈ અફસોસી ખરી ? હજી રાજ્યનો લોભ હોય તો લોભી લાગતા બાપને જેલમાં પૂરી રાજ્યગાદી પડાવી લે, પરંતુ ફટકા મરાવે એ શા માટે ? એ એમ સમજીને કે ‘તેમને અભિમાન છે કે મગધદેશ પર મારું જ રાજ્ય ચાલે છે ? તો લ્યો જુઓ ત્યારે તમારો જ પાળેલો-પોષેલો એક હવાલદાર પણ તમને ગેરબન ઝીંકે છે કે નહિ ?’ આ ભાવ આવે ત્યાં બાપ પ્રત્યે કૃતઘ્ન બનવામાં અફસોસી ક્યાં રહે જ ? ઊલટું અભિમાનના પારા પર મન ધાર્યું થતું દેખાય ત્યાં ભારે રાજીપો હોય બસ, અહીં જોરદાર મિથ્યાત્વ કામ કરી જાય છે.

કૃતઘ્ન માણસ નરકે જાય એ અમસ્તુ નથી કહ્યું. કૃતઘ્નતા જીવમાં એવા અતિ નિષ્ઠુર ભાવ કરાવે છે, એવા રૌદ્ર પરિણામ જગાવે છે કે એ લોભ-અભિમાનના સાથે જોરદાર મિથ્યાત્વને પગભર કરે છે. એમાં માનની સાથે જોરદાર મિથ્યાત્વને પગભર કરે છે. એમાં નરકગતિનાં પાપ બંધાય એમાં શી નવાઈ ?

**મૂળ પાયામાં કોઈના ઉપકાર ભૂલો એટલે સમજી રાખવાનું કે અવસર આવ્યું મહામિથ્યાત્વ નિષ્ઠુરતા અને રૌદ્ર પરિણામ સુધીનાને નોતરું મળ્યું.**

બધે જ આવું થતું હશે ? એમ પૂછતા નહિ. અવસર નથી મળ્યો ત્યાં સુધી આવી નિષ્ઠુરતા ન આવે એ જુદી વાત; પરંતુ ઉપકારીનો ઉપકાર ભૂલવામાં નિષ્ઠુરતાના બીજ પડેલા છે. એક વાર ઉપકારીના ઉપકારને વિસાતમાં ન ગણ્યો પછી, કોઈ એવો જ સ્વાર્થ ઊભો હોય કે એવું અભિમાન ચડ્યું તો એ ઉપકારી સામે એને કૃતઘ્ન બનવા જેવો નિષ્ઠુર અને રૌદ્ર પરિણામી બનતાં વાર નહિ લાગે.

આજે કેટલા છોકરાઓએ માબાપને રઝળતા રાખ્યા છે ? શું એ મનના કઠોર પરિણામ વિના ? પારકા ઘરની દીકરી ઘરમાં વહુ થઈને આવી એટલે માબાપ ખોટા



થઈ ગયા ? પછી એ પત્નીના ચડાવ્યા ક્યાં સુધી પહોંચે છે ? બસ, પત્નીનો રાગ હૈયે ચડી બેઠો. એ માબાપના ઉપકારને ભૂલનારા એમને કેવી દુર્દશામાં મૂકે છે ? જો એમનો મહાન ઉપકાર યાદ હોય તો પેલો રાગ શું કરી શકે ? આવા માબાપના ઉપકારને નહિ ભૂલનારા એવા પણ યોગ્ય છોકરા જોવા મળે છે કે જેમની રૂપાળી મનગમતી પણ પત્ની જો એમ કહે છે કે ‘ચાલો આપણે જુદા રહીએ, પૈસા જોઈશે તો મારા બાપને ત્યાંથી લાવીશ; તો છોકરા કહી દે છે ‘એ બિલકુલ નહિ બને. મારા ઉપકારી મા-બાપને તરછોડું ? તારા માબાપને તારો ભાઈ આમ તરછોડે તો તને કેવુ લાગે ? માટે અહીં આ વાત નહિ બની શકે.’

પરંતુ આવા કૃતજ્ઞ છોકરા કેટલા ? આંગળીના વેઢે ગણાય એટલા. શું એને પત્ની પર રાગ નથી ? છે, પરંતુ ઉપકારી માબાપના ઉપકારની હૈયે મોટી કદર છે તેથી ત્યાં રાગનું એવું ચાલતું નથી.

ઉપકારની કદર ન હોય તો રાગે ય તાણી જાય, ને લોભે ય તાણી જાય, કે અભિમાને ય તાણી જાય; તાણી જાય તે એવા કે નિષ્ઠુર અને રૌદ્ર બનાવી કૃતઘ્નતા આચરાવે. પૂછો,-

**પ્ર.- અભિમાન શી રીતે કૃતઘ્નતા કરાવે ?**

ઉ.- કોણિકે અભિમાનમાં બાપને ફટકા મરાવવાનું કર્યું ને ? આજે પણ જુઓ કે દીકરો માબાપનો ઉપકાર ભૂલી જુદો રહેતો હોય, અને ધારો કે અકળાયેલા માબાપ કોઈના આગળ પોતાનું આ રોદણું ગાય, એમાં સંભવ છે દીકરાની કોઈ હલકી વાત બોલી નાખે, ને એ દીકરાની જાણમાં આવે તો દીકરાને અભિમાન ચડે ને ? ‘હેં ? તમે મારી નિંદા હલકાઈ કરો છો ? તો હવે હું ય બતાવી આપીશ.’ આ અભિમાનના નશામાં અને કાંઈ માબાપના અથાગ ઉપકાર યાદ કરવા છે ? ના, શું કામ યાદ કરે ? ઉપકાર તો પહેલેથી ભૂલ્યો છે, હવે શાનો સંભાળે ? એ તો હવે સામે મોરચો માંડવાનો...

**ઉપકારની બેકદર પર અભિમાન કૃતઘ્નતા લાવે છે.**

બાયડી મળી, સારું રળતા આવડ્યું જમાવટ સારી થઈ, પછી ઉપકાર ભૂલતાં શી વાર ? એમાં આવું અભિમાન ઉઠ્યું ‘હેં ? માબાપ મારી હલકાઈ કરે છે ? આવી જાઓ તમે પણ સપાટામાં.’ પછી શું નું શું એ નહિ કરે ? એને કોણ સૂઝાડે કે ‘અલ્યા ? તારી હલકાઈનું નુકસાન મોટું ? કે તારા પર માબાપે અથાગ ઉપકાર કરીને જે નુક્સાનોથી તને બચાવ્યો એ નુકસાન મોટા ? આ એને કોઈ સૂઝાડે તો એને સૂઝે ખરા ? મન પર આવે ? ના. ત્યારે વિચારો,-

**ઉપકારી પર અપકાર કરવા જતા કૃતઘ્ન બને, એના અભિમાનવશ કેટલા**

નિષ્ઠુર પરિણામ હોય ? માટે જ શાસ્ત્ર કહે છે કે કૃતઘ્ન માણસ નરકે જાય.

**ગર્ભ પ્રવેશમાં લાખમાંથી માત્ર આપણને કોણે બચાવ્યા ? :-**

આ પ્રસંગે આ પણ વિચારવા જેવું છે કે અનાર્ય પણ માબાપનો ઉપકાર નહિ ભૂલે, તો તમે તો આર્ય એટલે માબાપ ઉપરાંત પરમાત્માના ઉપકારને યાદ રાખવાનો છે, એની કદર કરવાની છે.

માતાનો ઉપકાર છે ગર્ભમાં આવ્યા પછી આપણને સાચવ્યા એ. (૧) પરંતુ પહેલું તો આ માનવ ગર્ભમાં જ આપણને કોણ લઈ આવ્યું ? તેમાં ય (૨) બીજું એ, કે આપણી સાથે બેથી નવ લાખ આપણા જેવા ગર્ભજ મનુષ્ય આવેલા એમાંથી માત્ર આપણે જ બચ્યા, અને બાકી બધાના શુટીંગ થઈ ગયા ! મોત થઈ ગયા ! ત્યાં માત્ર આપણને કોણે બચાવ્યાં ? બંને વાતમાં માતા-પિતા અસમર્થ હતા. એમની ગુંજાયશ નહિ કે આપણે આ જગતમાં ભટકતા રામ તે આપણને ગમે ત્યાંથી ઊંચકીને ગર્ભમાં લઈ આવે; તેમ એ પણ તાકાત નહિ કે સંયોગમાં જ્યાં બે થી નવ લાખ ગર્ભજ મનુષ્યના સંહાર થતા હોય ત્યાં એમાંથી શોધી કાઢીને માત્ર આપણને બચાવે આ એમની તાકાત નહિ.

તો પછી આપણે કોના પ્રભાવે અહીં આવ્યા અને કોના પ્રભાવે બચી ગયા ?

આપણા પુણ્યના પ્રતાપે કહેશો. પરંતુ પુણ્ય શી રીતે ઊભું થયું ? કોઈના આલંબને સારું કરીને ? કે કોઈના આલંબન વિના આપણી હોશિયારી ને આપણીજ સૂઝથી સારું કરીને ?

કહેવું જ પડે પરમાત્માના આલંબને જ સારું કરેલું. એમાંથી માનવ ભવમાં આવવાનું અને ગર્ભમાં ટકી જવાનું પુણ્ય ઊભું થયું વિચારી જુઓ,-

**ભગવાનનો ઉપકાર શી રીતે ?**

દાન કરીને પુણ્ય ઊભું થયું, પરંતુ એ દાન મૂળમાં બતાવ્યું કોણે ? ભગવાને જ એનો ઉપદેશ કરેલો, તેથી આપણને દાન સૂઝ્યું. જુગલિયાને કોઈએ દાન શીખવેલ નહિ, તેથી ઋષભદેવ ભગવાન દીક્ષા લઈને સાધુ તરીકે ભિક્ષા માટે ઘરે આવે છે, છતાં જુગલિયા હીરા, માણેક વગેરે ધરે છે, પરંતુ આહાર ધરતા નથી. કેમકે એ ધરવાની ખબર જ નથી. એ તો શ્રેયાંસે એકવાર સાધુને ખપે એવો ઈક્ષુરસ ભગવાનને દઈ બતાવ્યો અને લોકોને પોતાના પૂર્વ ભવની વાત કરી, 'આવું સાધુને કલ્પ્ય આહારનું દાન કરવું' એ સમજાવ્યું ત્યારે જુગલિયા દાન શીખ્યા.

**શ્રેયાંસ પર ભગવાનનો ઉપકાર શી રીતે ? :-**

**પ્ર.**- તો આ તો શ્રેયાંસે શીખવ્યું ને ? ભગવાને ક્યાં શીખવ્યું ?

**ઉ.**- શ્રેયાંસ પણ ક્યાંથી શીખ્યા ? પૂર્વભવે ભગવાને દાન-શીલ આદિનો



માર્ગ બતાવેલો તેથી એને શીખવા મળેલું એટલે મૂળમાં દાનાદિ બતાવનાર ભગવાન જ છે. માટે દાનનું સારું કામ આપણે કરી શક્યા એ પ્રભુના ઉપકારે. મૂળમાં તો આપણે લેવાનું જ જાણતા હતા દેવાનું નહિ; પરિગ્રહસંજ્ઞામાં સંસારમાં ભટકતા હતા, એમાં પ્રભુએ દાનધર્મ બતાવી દાનની બુદ્ધિવાળા કર્યા. એટલા માટે દાનનાં સુકૃતમાં મુખ્ય ઉપકાર પ્રભુનો એથી પુણ્યની ચિઠ્ઠી ફાટી અને એ ચિઠ્ઠી દ્વારા આપણે માનવભવમાં આવ્યા અને ગર્ભમાં ટકી ગયા. મૂળમાં ઉપકાર પ્રભુનો.

એમ પૂર્વે જો વીતરાગ પ્રભુનાં દર્શન કરીને પુણ્ય ઊભું કરવા દ્વારા અહીં આવ્યા, તો એમાં ય મુખ્ય પ્રભાવ કોનો । આપણી દર્શન ક્રિયાનો ? કે દર્શનીય પ્રભુનો ? દર્શન મોહાંધોના નહિ, પણ દેવાધિદેવનાં જ કરાય, તો જ એ આર્ય માનવ બનવાનું પુણ્ય આપે છે. એ સૂચવે છે કે દર્શનની એવી મહત્તા નથી, પરંતુ દર્શનીયની દર્શનના વિષયની મહત્તા છે. મહત્તા, ઉપકાર કોનો એ ઓળખતા ય નથી આવડતું.

**નરસિંહની કથા**

શાસ્ત્રમાં આવે છે કે, નરસિંહ એક બ્રાહ્મણને ત્યાં જન્મેલો, અને હજી નાનો બાળ છતા બાપ એને રાજાને પગે પાડવા રાજસભામાં લઈ જાય છે. પગે પડતાં ત્યાં બેઠેલો જ્યોતિષી એને જોઈ ચમકી ઊઠે છે ! રાજાના પૂછવા પર કહે છે. 'અહો ! આ બાળક કેટલો બધો ભાગ્યશાળી કે આપની ગાદીએ રાજા થશે ! એમ એની રેખાઓ કહે છે.,

રાજાને આ વાત સીધી ન પડતાં ઊંધી પડે છે કે 'હેં ! મારો પુત્ર નહિ, ને આ દક્ષિણા માગી ખાનાર મારો વારસદાર ? મરાવી નાખું આને.' એમ વિચારી ખાનગીમાં મારો ઊભો કરી એને મારી નખાવવાનો પ્રયત્ન કરે છે. તે ય પ્રયત્ન એક વાર નહિ, પણ ચાર ચાર વાર એવો કરે છે ! છતાં આ નરસિંહ મરતો નથી ! એ કોણે બચાવ્યો ? ચારે ય પ્રસંગમાં બાળક પોતે તો એવી સ્થિતિમાં છે કે મરાઈ જ જાય, બચી શકે જ નહિ, છતાં ગેબી રીતે બચી જાય છે એ કોના પ્રતાપે ? રાજાની એને મારી નખાવવાની ચાર ચાર વાર યોજનામાંથી એક પણ યોજનાની અને રાજાની મારી નાખવાની દાનતની ખબર નથી, રાજાએ એટલું વહાલ દેખાડ્યા કર્યું છે, અને ગુપ્ત યોજના મારી નખાવવાની કરી છે, છતાં નરસિંહનો વાળ વાંકો થતો નથી. એ કોના પ્રભાવે ?

કહો, મોતમાંથી બચી જવામાં પોતાની કશી હોશિયારી નહિ, પરંતુ પૂર્વના પોતાના ભિખારીના ભવમાં વીતરાગ ભગવાનના દર્શન બહું કરેલાં એના પુણ્યે એ અહીં માનવભવમાં આવવાનું અને વારે વારે કમોતથી બચી જવાનું થયું

**નરસિંહને કોણે બચાવ્યો ?**

**પ્ર.**- તો આ દર્શને બચાવ્યો ને ? પ્રભુનો એમાં શો પ્રભાવ ?

ઉ.- પ્રભુનો પ્રભાવ એ રીતે કે ત્યાં નગરમાં અનેક મંદિરોમાં વીતરાગ ભગવાન હતા ત્યારે એ ભગવાનોનાં વારે વારે દર્શન કરી કરી એ અદ્ભુત પુણ્યસમૂહ ભેગો કરેલો. ત્યાં અનાર્ય દેશની જેમ વીતરાગ ભગવાન જ ન હોત, તે પણ અનેક મંદિરો અને એમાં અનેક ભગવાન ન હોત તો ઉલ્લાસે ચડી ચડીને શાનો અનેક વીતરાગ-દર્શન કરવા પામત ? એટલે મૂળ પ્રભાવ મુખ્ય પ્રભાવ વીતરાગ પરમાત્માનો કે એ એમનાં દર્શન પામ્યો, અને પુણ્યના થોક બાંધી અહીં માનવભવે આવી ચાર ચાર વાર ખૂનના પ્રયત્નનો ભોગ થતો બચી જઈ રાજા થાય છે.

પૂર્વ ભવે હતો એ ભિખારી, તે ય અભાગિયો કે ભીખ માંગતા એઠું જૂઠું ય મળતું નહોતું તેથી બીજે ગામ જવા નગરની બહાર નીકળી જવાનું કરતાં સાધુ મળ્યાં એમને એ આજીજી કરે છે કે હું ભિખારી ત્રણ ત્રણ દિવસનો ભૂખ્યો છું, મારા પર કંઈક દયા કરો.'

સાધુ કહે 'જો ભાઈ ! પૂર્વ ભવે આ તેં ધર્મ નથી કર્યો એટલે અહીં ખાવાનું ય સુખ નથી મળતું માટે ધર્મ કર.'

પ્રભુ ! હું શું ધર્મ કરું ? ધર્મ કરવા મારી પાસે એક રાતો પૈસો ય નથી, કે જેથી કોઈને એનું દાન કરું તો ધર્મ થાય ?

આર્યદેશનો ભિખારી પણ આટલું સમજે છે કે આપણું આપણે જે ભોગવીએ કે આપણા કુટુંબને ભોગવાવીએ એમાં કશો ધરમ ન થાય. એ તો બીજાને દાનમાં દઈએ તો જ ધર્મ થાય.

તમારે આટલી સમજ છે ?

જાતે ખાઈએ તો ધર્મ નહિ, ખવરાવીએ તો ધર્મ. આપણી જાતે મોજ ઉડાવીએ એમાં ધર્મ નહિ, પરંતુ બીજાના દુઃખ નિવારવા કે પૂજ્યોની ભક્તિ કરવામાં એ નાણાં એ ચીજ વાપરીએ તો ધર્મ કર્યો કહેવાય.

**નાણું લાવીને આપણી તિજોરીમાં મૂકીએ એમાં ધર્મ નહિ. પણ શુભ ક્ષેત્રોમાં નાખીએ એ ધર્મ.**

આ સમજ પાકી ? તો સવારે ઊઠીને દૂધનો કટોરો લઈ પીવા બેસો, અને કુટુંબને કટોરો પાવા બેસો, એ ધર્મ ન લાગે ને ? અને દૂધ પ્રભુના પ્રક્ષાલમાં લઈ જાઓ એ ધર્મ લાગે ને ? જાતભોગમાં ને કુટુંબભોગમાં ધર્મ નહિ તો શું ? મોહ-પોષણનું પાપ જ ને ?



તમારા ને કુટુંબના ખાખરા પર ઘીના ૧૦ ગ્રામ ચોપડો એ પાપ ને ભગવાનની આગળ પ્રભાતે એક ઘીની બત્તી લઈ જાઓ એ ધર્મ. એક બત્તીમાં કેટલા ગ્રામ ઘી જાય ? ૧૦-૨૦ ગ્રામ ? ના રે ના, માત્ર ૧-૨ ગ્રામ; એટલું પણ પ્રભુ આગળ લઈ જઈ દીવો પ્રગટાવો એ ધર્મ. આ ખ્યાલમાં ને ? એટલે તમે અને કુટુંબનો એકેક જણ માત્ર ઘીની બત્તી પણ પહેલી પ્રભુ પાસે ન લઈ જતાં તમે બધા જાતે ઘી ખાવા બેસી જાઓ ત્યારે દિલને આંચકો લાગે ને કે,

'આ હું શું કરી રહ્યો છું ? મારા પ્રભુનો મને આ ઉત્તમ જૈન માનવભવ અને ઘી વગેરે પમાડવાનો કેટલો બધો ઉપકાર ? ને હું હરામી અ-કૃતજ્ઞ આ હું શું કરી રહ્યો છું ?

**ઉપકારી પ્રભુના મહાઉપકારની સામે લેશ માત્ર પણ કૃતજ્ઞતા કરવાની વાત નહિ ? ને આ મારી કાયા તથા આ કુટુંબીઓ જેમણે મારા પર પૂર્વ ભવે કશો ઉપકાર નથી કર્યો એના તરભાણામાં ઢગલો વરસાવવાનું ?'**

આવો કોઈ આંચકો લાગે ? તો જાતભોગ-કુટુંબભોગ કરતાં પહેલાં રોજ મંગળ પ્રભાતે મંગળમય પ્રભુની પૂજામાં મંગળમય દીવો ન થાય ? મંગળદાન ન થાય ? ત્યારે જ્યાં આંચકો નથી લાગતો ત્યાં એ હરામી ભોગ હરામનાં ભોજન હરામના કપડા લત્તા વગેરે ભોગવતાં મનના પરિણામ કેટલા બધા ચિકણા રાગસંકલેશ ભર્યા બની રહ્યા હોય ?

પેલો ભિખારી કહે છે. 'પ્રભુ ! મારી પાસે રાતો પૈસો નથી, હું શી રીતે ધર્મ કરું ? કોઈને આપું તો ધર્મ થાય ને ?'

**પહેલો ધર્મ 'દાન' શાથી ? :-**

ભિખારીની આ સમજ છે કે 'દાન એટલે કે એક પૈસો ય બીજા કોઈને આપીએ નહિ, તો આપણે ધર્મ શો કર્યો ?' આ સમજ ક્યાંથી આવી ? આ અવસર્પિણી યુગમાં આ ભરતક્ષેત્રમાં ઋષભદેવ ભગવાને પહેલ પહેલો ધર્મ શીખવ્યો. એમાં દાનધર્મનો નંબર પહેલો રાખ્યો. ધર્મના ચાર પ્રકાર, દાન-શીલ-તપ-ભાવના, એમાં દાન ધર્મ પહેલો મૂક્યો ને ? પોતે પણ સ્વયં ધર્મ પુરુષાર્થ કરવા નીકળ્યા ત્યારે પહેલું કામ વરસીદાન દેવાનું કર્યું; પછી બીજું શીલ એટલે ચારિત્ર ધ્યાવવા લાગ્યા. એ કરતાં કરતાં કેવળજ્ઞાન પામ્યા, અનંતજ્ઞાની સર્વજ્ઞ બન્યા ત્યારે જગતને એ ધર્મના ચારે પ્રકારનો ને એમાં પહેલો પ્રકાર દાનધર્મનો ઉપદેશ કર્યો. આમ ત્યારથી દાનધર્મ પહેલો, એ સંસ્કાર આર્યદેશમાં ચાલી આવે છે, તેથી પેલો ભિખાલી સમજે છે કે 'કશું બીજાને દેવાનું ન હોય તો ધર્મ શો થાય ?'

અહીં એને મળેલા મુનિમહારાજ સમજાવે છે કે 'જો ભાઈ ! એ તો જેની

પાસે કાંઈક દેવા જેવું હોય એણે પહેલું દાન કરવાનું. પરંતુ પાસે કાંઈ હોય જ નહિ, તો શું એ કશો ધર્મ જ ન કરી શકે ? એવાને માટે પણ કરી શકે એવો મહાન ધર્મ છે,-'જિનેશ્વર ભગવાનનાં રોજ દર્શન કરવા.' આ નગરમાં જિન-મંદિરો કેટલા ? એ બધે તું દર્શન કરે તો તારે કેટલો બધો ધર્મ થાય ?

**'ધર્મ કરે એને સુખ સામેથી દોડતું આવે.'**

ભિખારી આ આશ્વાસન મળતાં ઉલ્લાસમાં આવી ગયો, ને કહે છે કે 'એમ સાહેબ ? તો તો એ તો હું અહીં બહુ દર્શન કરી શકીશ. આપે મને આ બતાવીને મારા પર ઘણો ઉપકાર કર્યો. આજ સુધીમાં હું અંધારે જ કુટાયો. ભીખ માંગવા ઘર ઘર ભટક્યો,પણ દર્શન કરવા પ્રભુના મંદિરે નહિ. મહાનિધાન તુલ્ય પ્રભુદર્શન હાથવેંતમાં છતાં મેં ગુમાવ્યાં. ખેર, ફિકર નહિ હવે આપે એની જાણ કરાવી તો એમાં મંડી પડીશ. વારંવાર આપનો ઉપકાર માનું છું.

હવે ભિખારી શું કામ બાકી રાખે ? નગરમાં અનેકાનેક જિનમંદિરો તે ખૂબ ભાવથી દર્શન કરવા ફરવા લાગ્યો.

ભિખારી દર્શન કરતાં થાક્તો નથી, સમજે છે કે

**'પેટને ટૂકડો રોટલાની કમાઈ થાય એ માટે નગરમાં રોજ ઘણું ભમતો રહ્યો છું, તો આત્માને ધર્મની કમાઈ થાય એ માટે હવે પ્રભુદર્શન કરવા કેમ મંદિરોએ ચક્કરો ન કાટું ?'**

બસ, ભિખારી દર્શનનો જ ધરમ કરતો રહ્યો, એમાં પરભવે રાજા થાય, રાજવી વૈભવો મળે, ને ધર્મ મળે એવો પુણ્ય કમાતો ગયો; સાથે સાથે મોતની આપત્તિમાંથી પણ બચાવ મળી જાય એવાં પુણ્યની પણ કમાણી થતી ગઈ. એનો પ્રભાવ હતો કે પછીના નરસિંહના અવતારમાં કોઈ પોતાના તેવા બીજા અશુભ કર્મના ઉદયે કમોત થવાની આપત્તિ રાજાએ ખડી કરેલી, એમાં એ આ પુણ્યના જ બળે ચારે વાર આબાદ બચી જાય છે.

ત્યારે અહીં વિચાર કરો કે મોટો સાધન સંપન્ન અને સત્તાધીશ રાજા જેવો એને મારી નખાવવાની વારે વારે પેરવી કરતો હોય ત્યાં બચવું સહેલું છે ? તેય પોતાને ખબર હોય કે આ મારા માથે મોતની આપત્તિ આવવાની છે, તો તો હજી ય ભાગાભાગ કરી બચવાનો પ્રયત્ન ય કરે; જ્યાં એવી ખબર જ નથી, એટલે બચવાનો પ્રયત્ન પણ નથી કરાતો, ત્યાં બચાવ મળી જાય એવા ગેબી સંયોગ બની આવે એ કોના પ્રતાપે ?

**ગેબી રીતે બચાવ મળે એ ઉપકાર પ્રભુનો :-** આનો બીજો કોઈ જવાબ નથી, સિવાય કે પૂર્વનાં પુણ્ય જ એને બચાવી લે છે નહિતર રાજાએ સંયોગ તો



એવા ઊભા કરેલા કે એમાં અચૂક નરસિંહનું મોત જ થાય છતાં બચી જાય છે. એમાં પુણ્ય ઊભું કરી આપનાર પ્રભુ દર્શનનો તે ય વીતરાગ પરમાત્માનાં દર્શન કરેલાં, બીજા દેવદેવીનાં દર્શન નહિ, એનો પ્રભાવ હતો, અર્થાત્ દર્શનનો વિષય એવો અચિંત્ય પ્રભાવી અને અખૂટ પુણ્ય બંધાવે એવા વીતરાગ પરમાત્મા હતા. તો જ એ પુણ્ય ઊભાં થયાં માટે મૂળ મુખ્ય ઉપકાર એ પ્રભુનો.

**પ્રસિદ્ધ બાપનો પુત્ર ટીપ એકત્રિત કરે એમાં ઉપકાર કોનો ? :-**

આ કદી ન ભૂલશો સારા કાર્યમાં તમારી ગમે તેટલી હોશિયારી હોય, પરંતુ જે સારું ફળ આવતું હોય એ જો તમારા પિતાના પ્રસિદ્ધ શ્રીમંતનો દીકરો હોય, અને હોંશિયાર પણ હોય, ને એ કોઈ ધર્મની ટીપ લઈને નીકળે અને એની હોશિયારીના બોલથી લાખો રૂપિયા ભેગા કરી લાવે, એમાં મુખ્ય વડાઈ કોની ? એના બાપની કે જેના સામે જોઈને લોકે રૂપિયા ભરાવ્યા. હમણાં બીજા કોઈ સામાન્ય એની હોશિયારીની નહિ, પરંતુ માણસનો બોલવામાં હોશિયાર પણ દીકરો ટીપ કરવા નીકળી તો પડે ? એ શું લાખો રૂપિયા ભરાવી લાવી શકે ? ના, 'તને માન નહિ, તારી પાઘડીને માન છે. તું સામાન્ય માણસનો દીકરો છે. એટલે ગમે તેટલી બોલવાની તારી હોશિયારી હોય, પરંતુ તને લોક બહુ પરખાવે નહિ.'

**સારી ખરીદી ય પ્રસિદ્ધ બાપ કે શેઠના પ્રભાવે :-**

એમ ખરીદી કરવાની ગમે તેટલી આવડત હોય, પરંતુ મોટા પ્રસિદ્ધ વેપારીના માણસ તરીકે બજારમાંથી જે મોટમોટી ખરીદી કરી લાવી શકે; એ એમનાથી છૂટો થઈને ન લાવી શકે. તો પછી આવડત એની એ છતાં એકમાં ન કરી શકે અને બીજામાં કરી શકે એવી મોટી ખરીદીઓમાં મુખ્ય કયા તત્વે કામ કર્યું ? માણસની હોશિયારીએ ? કે શેઠની શેઠાઈએ ?

બસ, સમજી શકવાને ભેજું હોય તો સમજી શકાશે. એ જ પ્રમાણે વીતરાગ પ્રભુનાં દર્શનથી મોટાં પુણ્ય અને એનાં મોટાં ફળ મળે છે, એમાં મુખ્ય કારણ વીતરાગ પ્રભુ જ છે. આ પ્રભુનાં દર્શન જ મોટાં ફળ. માટે જ એમનો અનન્ય ઉપકાર કોનો ? પુણ્યનો ય નહિ, ને પુણ્ય ઊભું કરી આપનાર તમારા પૂર્વભવના કોઈ દર્શનાદિ ધર્મ પુરુષાર્થનો ય નહિ, પરંતુ એમાં મુખ્ય આધારભૂત પરમાત્માનો જ મુખ્ય ઉપકાર, અસાધારણ ઉપકાર છે.

આ તમને એટલા માટે યાદ કરાવવું પડે છે. ઘૂંટાવવું-ગોખાવવું પડે છે, કે ડગલે ને પગલે વીતરાગ પરમાત્મા પરમ ઉપકારી તરીકે યાદ આવે, ને એમનો વારે વારે આભાર માનવાનું મન થાય. સવારે ઊંઘમાંથી સુખરૂપ જાગી શક્યા ત્યારથી આ યાદ આવે કે 'અહો પ્રભુ ! તમારો કેટલો બધો ઉપકાર છે ! આ

ઊંઘમાં ને ઊંઘમાં અહીંથી મરીને ચાલ્યો ગયો નહિ, અને ક્ષેમકુશળ જાગવા પામ્યો ! એમ દિવસના કેટલીય સરખાઈ બનતી આવે, એમાં પ્રભુનો ઉપકાર યાદ આવ્યા કરે ! ત્યારે એમ પૂછતા નહિ,

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૫,અંક-૭,તા.૧૬-૧૦-૧૯૭૬**

**પ્ર.- (૧) પ્રભુના ઉપકાર વારે વારે યાદ કરવાથી શું ?**

ઉ.- માબાપનો જેમ મહાન ઉપકાર વારે વારે યાદ કરનાર દીકરો પોતાની ખામીઓ પર રડે છે, અને માબાપના જેવા ગુણ લાવવા મથે છે. એમ વીતરાગ પ્રભુના અનંત ઉપકારને વારે વારે યાદ કરાય તો પ્રભુના ગુણો સામે જોઈ જોઈ પોતાની ખામીઓ પર રડવાનું કરાશે. મનને થશે કે 'અથાગ ઉપકાર કરનાર આવા ગુણિયલ પ્રભુના ઉપકારના ભાર નીચે દબાયેલો હું આવી ખામીઓવાળો અધમ? અને એ ખામીઓ ટાળવાનો અને ગુણો કેળવવાનો પ્રયત્ન થશે. વળી,

(૨) માબાપના આટલા ઉપકારને સમજનારો પુત્ર હૈયે ખાનદાની એવી રાખશે કે એ અપકૃત્યોમાં નહિ પડે. એના મનને થશે કે 'આ માતાનો પુત્ર હું આવું અધમકૃત્ય કરું ? મારી મા કોણ ? મારા પિતા કોણ ? હું આવા અપકૃત્ય ન કરું' એમ પ્રભુના અનંત ઉપકારને વારે વારે યાદ કરતાં આ ખાનદાની હૈયે રમશે ને એના પ્રભાવે એ અપકૃત્યથી બચશે. મનને થશે કે 'મારા ઈષ્ટ આરાધ્ય દેવ કોણ ? અનંત ઉપકાર કરનાર ત્રિભુવનતારક અરિહંત ભગવાન એમનો સેવક હું એવા અપકૃત્ય કરું ? એવો નીચ હરામી થાઉં ?'

પ્રભુના ઉપકારનો ભાર મન પર વારે વારે લે એની આ વાત છે. અનુપમ ઉપકાર યાદ કરવા નથી, એથી હૈયું ગદ્‌ગદ નથી કરવું એને આ અનુભવ નહિ થાય કે વારે વારે ઉપકાર યાદ કરવાથી કેવા મહાન લાભ છે ! આ સવાલ થાય છે ને કે પ્રભુના ઉપકાર વારે ને વારે યાદ કરવા ? એથી શો લાભ ? એ ઉપકારનું સ્મરણ અને હૈયે ગદ્‌ગદતાનો અનુભવ નથી એટલે થાય છે.

**સ્વયં પહોંચ નહિ તે પ્રભુના આલંબને બચાય માટે પ્રભુ ઉપકારી :-**

ખબર નથી કે આમ તો આપણી ખામીઓ ટાળવા ઓછી કરવા તેમજ અપકૃત્યથી બચવા આપણું ગજું નથી. તો પછી બચવાનું શી રીતે ? એ તો ઉપકારી પ્રભુના આલંબને બચાય. 'મારા ઉપકારી પ્રભુ સ્વયં આવા ગુણિયલ, અને બીજાને અપકૃત્યો ટાળવાનો ઉપદેશ કરનારા, અને હું એવા ઉપકારી પ્રભુ મળવા છતાં રોબડ રહું ?'



સ્વયં સુધરવાના ગજા વિનાના આપણા માટે ઉપકારી પ્રભુ એ મહાન આલંબન છે જેના સહારે સુધરી શકાય, અરે ઠેઠ પ્રભુના જેવા થઈ શકાય. કવિ કહે છે ને, -

**'પ્રભુજીને અવલંબતાં**
**નિજપ્રભુતા હો પ્રગટે ગુણરાશિ, કે ઋષભ જિણંદશું પ્રીતડી'**

એમ કહેતા નહિ કે

**પ્ર.-** 'પ્રભુનું આલંબન તો લેવાય, પણ પ્રભુના ઉપકાર વારે વારે શું કામ યાદ કરવા ?'

ઉ.- માબાપનું દૃષ્ટાંત ભૂલો નહિ. સમાજમાં ગુણિયલ તો ઘણા છે, પરંતુ એ ગુણવાનનું આલંબન પકડી ગુણ માટે જે પુરુષાર્થ નથી થતો એવો પુરુષાર્થ ઉપકારી ગુણવાન માબાપનું આલંબન લઈને થાય છે. મારી મા આવી ગુણિયલ અને એનો દિકરો હું ગુણવાન ન બનું ?' ત્યાં લગભગ એમ નથી થતું કે 'ફલાણા આવા ગુણિયલ, અને હું અવગુણી રહું ?' જેટલું માતાપિતાનું આલંબન લઈને થાય છે એમાં કારણ આ જ છે કે માતા પિતા ઉપકારી છે, પુત્ર એમના ઉપકાર વારે વારે યાદ કરે છે, અર્થાત્ માબાપના એ ઉપકારનો ભાર પુત્રના હૈયા પર હોય છે, તેથી પુત્ર એમનું આલંબન ઝટ પકડે છે.

માબાપનું આલંબન ઝટ પકડાય માટે તો મા બાપે સાવધાન બની રહેવાનું છે કે સંતાનના હિત ખાતર પણ પોતે મર્યાદા ચૂકી આડા અવળા ન ચાલે; નહિતર સંતાન ઝટ એમનું આલંબન પકડશે. માબાપ જો ઝગડાખોર મિજાજી અને અભિમાની હશે, તો દીકરા-દીકરી પર એના જ સંસ્કાર પડવાના, માબાપનું આલંબન સારા હશે તો સંતાન કાંઈ પાડોશી ઝઘડાખોરનું આલંબન નહિ પકડે, એથી ઊલટું પાડોશીનું આલંબન નહિ પકડે. આ સૂચવે છે કે ઉપકારી માબાપનું આલંબન સંતાન ખાસ પકડે છે. માટે માબાપે સાવધાનીથી જીવવાનું છે.

**જુઓ, આ વસ્તુને સમજનારી જયપુરની મહારાણીએ શું કર્યું ?**

જયપુરના રાજાની મહારાણીને એના બે વરસના બાબાના દેખતાં મહારાજાએ અડપલું કર્યું. ત્યાં રાણી ખીજાઈને રાજાને કહે,

'આ શું કરો છો ? જોતા નથી કે આ ગભરું બાળક જોઈ રહ્યું છે ? એનું ઘડતર કેવું ખરાબ થાય ?

રાજા કહે 'એ હજું શું સમજે ?'

મહારાણી કહે 'સમજે નહિ, પણ આપણી ક્રિયાનો એના મગજ પર ફોટો પડી જાય. સંસ્કાર પડી જાય, ને એવા કેટલાય ફોટા-સંસ્કાર ભેગા થઈ એ મોટો

થતાં એનું જીવન બગાડે. આ બાળક તો અત્યારે આપણા પનારે પડ્યું છે. તો આપણા મોહના આવેશમાં આ બાળકની દયા નહિ ખાવાની કે એ બિચારાનું જીવન બગડે ?

મહારાણીએ સુંદર તત્ત્વ સમજાવ્યું, પરંતુ રાજા બહુ સુંદર રૂપાળી રાણી પરના મોહના આવેશમાં આંધળો હતો તેથી મહારાણીએ સમજાવેલ તત્ત્વ પર ધ્યાન દેતો નથી ને બાળકની દયા જોતો નથી, ને મોહના આવેશમાં બીજું અડપલું કરવા જતાં કહે છે,

'નાં, નાં એવું કાંઈ નહિ. અત્યારે તો બાળક સાવ અજ્ઞાન છે એને આ કશી સમજ ન પડે.'

આમ કહી જ્યાં અડપલું કરવા જાય છે ત્યાં મહારાણી ઊભી થઈ આઘી ખસી જાય છે, પણ એના મનમાં એમ થાય છે કે 'પતિ મોહમાં મૂઢ છે, એ મોહમાં મૂઢતાના ચાળા કરી આ બાળકનું જીવન રદ્દી કરશે તો શું હું મારા જ બાળકના અહિતમાં નિમિત્ત થાઉં ? તો હું એની માતા શેની ?'

બસ, આ આઘાત લાગવા પર બીજે જ દિવસે રાણીએ ઝેર ખાધું, ખત્મ થઈ ગઈ !

**આજની બેનોને શું ગમે છે ? :-**

આ હતી આર્યબાળાઓની ઉત્તમતા. આજની સિનેમા જોવાના રસવાળી બેનો આવી શી ઉત્તમતા દાખવી શકવાની ? સિનેમાના દૃશ્યની જેમ એને મોહના આવેશમાં આ ગણિત જ શાની સમજે કે જેથી બાળકને એ કુસંસ્કારથી બચાવી શકે ? એને તો વળી નાના બાળકોને ય સિનેમા જોવા લઈ જવાનું મન થાય છે. સિનેમામાં કેવાય અશ્લીલ બિભત્સ દૃશ્યો શું બાળકના કુમળા મન પર સંસ્કાર નથી પાડતા ? પરંતુ વિષયની લંપટ આજની બેનોને જાતે એવાં દૃશ્ય જોવા ગમે છે, એવાં રવિવારનાં છાપાનાં બિભત્સ ચિત્રો અને લખાણો ગમે છે, એમાં એને કશું ખોટું લાગતું નથી, પછી પોતાના સંતાનની હિતચિંતા શાની કરે ? એ તો બચ્ચામાં ય આવાં ઘેલાંને હિત સમજતી હશે !

સિનેમા જોવા વગેરેની વિષયલંપટતામાં આર્ય સંસ્કૃતિ-સભ્યતાનું રક્ષણ ક્યાં રહેશે ? જૈનકુળ તો ઘણું ઊંચું કુળ, એમાં જન્મેલી અમારી બેનો સંસ્કૃતિની રક્ષા નહિ કરે, તો પછી રક્ષા કોણ કરવાનું ? ચંદનબાળા-સુલસાની વારસદાર હું લબાડી બતાવનારા બિભત્સ સિનેમા જોવા જઉં ? એ જોઈ વિષયંપટતા પોષું ? સંસ્કૃતિનું ખૂન કરું ? હું તે કાંઈ બીબી ભંગિયણ-ઢેડડી છું ? હું તો મહાવીર પ્રભુની શ્રાવિકા છું' આવું ગૌરવ સિનેમારસિક બેનો રાખે ખરી ?



જર્મનીમાં હિટલર સત્તા ઉપર આવ્યો ત્યારે એણે આ કામ કર્યું - સરકારી નોકરીઓમાં જેટલી યુવાન સ્ત્રીઓ લાગી ગઈ હતી એ બધીને રાજીનામાં અપાવી ઘેર બેસાડી દીધી, પરંતુ એમના દિલમાં આ ગૌરવ જગાડી ને કે, -

'તમે તો લોખંડી જર્મન પ્રજા પકવનારી છો, દુનિયામાં જે પ્રજાનો જોટો ન મળે એવી શૂરવીર જર્મન પ્રજાની તમે માતા થનારી; તમારે આ નોકરી કરવાની હોય ? નોકરી કરો તો લોખંડી નહિ, નમાલી પ્રજા પકવશો, કેમકે અહીં ઓફિસમાં બેઠેલી તમને જોઈ જોઈને પુરુષો નિઃસત્ત્વ થઈ જવાના. તમારા મીઠા લાગતાં દર્શન કરી કરીને એમનાં વીર્ય ટકી શકે નહિ. પછી એવા નિઃસત્ત્વ બનેલા પુરુષોનાં નિઃસત્ત્વ વીર્યથી તમે પ્રજા કેવી પકવશો ? નમાલી અને નિઃસત્ત્વ જ ને ? માટે જાઓ, લોખંડી જર્મન પ્રજા પકવી એની ગૌરવશાળી માતા થવા નોકરીમાંથી રાજીનામાં મૂકી દો.

બસ, આ ગૌરવ બેનોના હૈયે વસાવી દઈ એમને નોકરીમાંથી છૂટી કરી દીધી, અમારી મહાવીર પ્રભુની શ્રાવિકા, બેનો કાંઈ ગૌરવ લેશે ? 'હું મહાવીર ભગવાનની શ્રાવિકા તે જાતે વિષયલંપટ બની પતિને ય એવો બનાવું ? સંતાનને એવા બનાવું ? ના ના, હું ય મહાશીલવંતી બનું, અને પતિને તથા પુત્રનેય શીલવંતા બનાવું. હું ભગવાનની શ્રાવિકા છું લેભાગુની ભક્તા નહિ, અનુયાયિની નહિ'

હિટલરના મંતવ્યમાં કેવી સચોટ ટંકશાળી વાત હતી ?

**પુરુષો યુવાન સ્ત્રીઓને જોઈ જોઈ નિઃસત્ત્વ બની જાય છે.'**

**પરસ્ત્રીદર્શને શારીરિક નુક્સાન :-**

પુરુષના માટે સ્ત્રીનું દર્શન ખોટું, ખરાબ એ વીર્યને પાતળું કરી દે, અને ખળમાર્ગેથી બહાર વહેતું કરી દે. કહ્યું હતું ને ? મુંબઈના વૈદ્યોની કોન્ફરન્સમાં એક ભાઈના પ્રશ્ન પર વૈદ્યો તરફથી આ જવાબ મળેલો કે આયુર્વેદની દૃષ્ટિએ પરસ્ત્રી-દર્શનનું નુક્સાન આ, કે પરસ્ત્રીદર્શને એક એવી ગુપ્ત ઝણઝણાટી ઊભી થાય છે કે એમાં ઉષ્ણતા વધી જાય છે, લોહી ઉષ્ણ બને છે, ને એ પાસેની નાડીમાંના ઘટ્ટ વીર્યને ઓગાળી દે છે. પછી એવું ઓગળેલું પાતળું પડેલું વીર્ય બહાર વહી જવાનો રસ્તો કરી લે છે, મળ-મૂળ-કફ-લાળ વગેરે કોઈને કોઈ માર્ગે વહી જાય છે. શરીર એથી શક્તિહીન બનતું જાય છે, પછી એ રોગો વગેરેનો સામનો કરી શકે નહિ; તેમ ઉચ્ચ ભાવનાઓ, હિંમત, સત્સાહસ વગેરે માટે લાયક નહિ રહે, પ્રજા સાત્ત્વિક પકવી શકે નહિ.

હિટલરે આ તત્ત્વ જોયું હતું, માટે પરસ્ત્રીદર્શન ખોટું માની સ્ત્રીઓને નોકરીમાંથી ઘરે બેસાડી દીધેલી.

**પુરુષને પુરુષ તરફ કામરાગ :-**

સ્ત્રી એટલે પુરુષ માટે વિજાતીય કહેવાય, તેથી એનું દર્શન ખોટું. પરંતુ પુરુષ પણ જ્યારે બીજા રૂપાળા પુરુષના અંગને કામની દૃષ્ટિએ જુએ ત્યારે એના માટે પુરુષહેંય દર્શન ખોટું. એ કામરાગ પોષે છે. છોકરો ફુલેલા ગાલવાળો બટાકા જેવો છે, તેથી એનો ગોરો ગાલ પકડવાનું મન થાય, એ ય કામનો એક પ્રકાર બની જાય છે. એમ પુરુષને પુરુષનું ગુહ્યાંગ જોવાનું મન થાય, સુંવાળા શરીરનો છે માટે જોવાનું ભેટવાનું મન થાય, જોવાય-ભેટાય, એ પણ કામનો પ્રકાર છે. આ બધા ચાળાથી બચવાનું છે; નહિતર એમાંય કામનો ઉન્માદ અને વીર્યનો નાશ ચાલુ. તેમજ નાનડિયાને ખોટું આલંબન આપવાનું થાય. ભૂલાય નહિ, જયપુરની મહારાણીએ બે વરસના બાળને પોતે પતિના અસદવર્તને ખોટું આલંબન ન બને એ માટે આપઘાત કર્યો.

વાત આ હતી,-ઉપકારીનું આલંબન ઝટ લેવાય. માટે જ માબાપે સંતાનને ખોટું આલંબન ન બનવા સાવધાન રહી ગુણસુવાસિત જીવન જીવવાનું છે. તેમ સંતાને ઉત્તમ ગુણવાળા માબાપનું આલંબન લેવાનું છે કે 'હું આવા સારા માબાપનું સંતાન, મારાથી દુર્ગુણ ન સેવાય, અપકૃત્ય ન કરાય.' એથી ય વધુ આલંબન પરમાત્માનું લેવાનું કે 'મારા ભગવાન કેવા સર્વોચ્ચ ! કેવા ભગવાનનો હું સેવક ?'

આલંબનની મોટી કિંમત છે માટે જ આપણે પ્રભુના દર્શન-પૂજન-ભક્તિ બધું જ કરીએ એમાં આલંબનભૂત એ પ્રભુનો જ સૌથી મોટો ઉપકાર છે. અરે ! કઠોર તપ-સંયમ આચરીએ એમાંય મોટો ઉપકાર પ્રભુનો, વડાઈ એમની; કેમકે એમનું જ કહેલું તરીકે આચરીએ તો અનેરા ફળ મળે છે. 'કેવાં મારા અહોભાગ્ય કે મને જિનાજ્ઞા પાળવાની મળી ! પ્રભુનો કેટલો ગજબ ઉપકાર કે આવો અત્યુત્તમ કલ્યાણમાર્ગ બતાવી મને તારવાનું કર્યું.'

**વડાઈ કયાં લઈ જવાની ? ભગવાનના ફાળે; પણ નહિ કે આપણી હોશિયારી-ઉદ્યમના ફાળે.**

એટલા માટે તો શ્રીપાળકુમાર જ્યાં જ્યાં બચાવ પામ્યા ત્યાં ત્યાં ઉપકાર નવપદ-સિદ્ધચક્રનો માને છે. અલબત આરાધનાની મહેનત પોતે કરી છે, પરંતુ એ પ્રભુ મળ્યા તો ને ? નવપદ મળ્યા તો ને ? મૂળ ઉપકાર એમનો. ત્યારે એવા વીતરાગ પરમાત્માનો અચિંત્ય ઉપકાર કેવો કે પેલો ભિખારી ફરી ફરીને એ પ્રભુના દર્શન માત્ર કરનારો, તે ભવાંતરે રાજાની એને ગુપ્ત રીતે મારી નખાવવાની ચાર ચાર વારની પેરવીમાંથી અજબ રીતે બચી જાય છે.

આજે બુદ્ધિની ભ્રષ્ટતાનો ભારે વાયરો વાયો છે. પં. રૂપવિજયજીના શિષ્ય



મોહનવિજયજીએ ધર્મનાથ ભગવાનના સ્તવનમાં પ્રભુને પોકાર કર્યો,-

'વાયો રે નવિ જાણ્યો કળિયુગ વાયરો રે લો.'

પ્રભુ ! કલ્પનામાં નહિ એવો કળિયુગનો પવન વાયો છે, જેમાં બુદ્ધિ ભારે ભ્રષ્ટ થવા માંડી છે. તેથી

'અંતરજામી જીવન પ્રાણાધાર જો.'

હે અંતર્યામી પ્રભુ ! મારે તો તું જ જીવન છે, તું જ મારા ભાવપ્રાણનો આધાર છે.

**બુદ્ધિની શી ભ્રષ્ટતા :-**

આ, કે આંખે ન દેખાય એવા અતીન્દ્રિય તત્ત્વો ન માનવાની ભ્રષ્ટતા. દા.ત. આત્મા, કર્મ, પરમાત્મા, એમનો અચિંત્ય પ્રભાવ... વગેરે ન માનવાની બુદ્ધિની ભ્રષ્ટતા, અને એથી જ ઈન્દ્રિયોના વિષયોમાં ચિત્તને રાતદિવસ લીન રાખવાની બુદ્ધિભ્રષ્ટતા.

એમ દાવો કરવાની ઉતાવળ કરશો નહિ કે અમે તો અતીન્દ્રિય તત્ત્વો માનીએ છીએ; કેમકે એ માન્યાનું અરમાન શું ? માન્યાનો દિલ પર ભાર શો ? જીવન જીવીએ છીએ. ઢગલો વિચારો કરીએ, વાણી બોલીએ, વર્તાવ કરીએ, એ બધામાં આત્મા પર મુખ્ય દૃષ્ટિ રહે છે ખરી ? કર્મ પર ? પરમાત્મા પર ?

**જો આત્મા માન્યો તો આત્મ પર મુખ્ય દૃષ્ટિ રહે.**

આત્મા પર મુખ્ય દૃષ્ટિ આ, કે કોઈ પણ વિચાર કરતાં પહેલાં એ જોવાય કે આ વિચાર હું કરું એમાં મારા આત્માને જનમ-મરણથી લાગેલા વિષય-કષાયોના મલિન ભાવના સંસ્કારોમાં વધારો થશે કે ઘટાડો ? જનાવરના અને અનાર્ય માનવના અવતારે તો એવા પાપી વિચારો કરી મલિન ભાવોના સંસ્કારોનો ઢગ વધાર્યો પરંતુ હવે અહીં સારા આર્ય માનવના અવતારે તો એવા પાપી વિચારો કરી મલિન ભાવોના સંસ્કારોનો ઢગ વધાર્યો પરંતુ હવે અહીં સારા આર્ય માનવના અવતારે ય આ ?

પવિત્ર વિચારોથી એ કુસંસ્કારોના આત્મા પર લાગેલા ઢગને ઓછો કરવા માટેનો જે આ સુંદર તકવાળો ઉત્તમ અવતાર એમાં તદ્દન ઊંધું કામ કરવાનું ?

**શું આર્ય માનવભવે જનાવરની જેમ વિષયોમાં લુબ્ધ-લંપટ થઈ એના જ વિચારો રાચીમાચીને કરવાના ? ક્રોધ-માન-માયા-લોભના જ વિચારો કરવાના ? ને એના કુસંસ્કારોના ઢેર વધારવાના ? આવી કોઈ ચોંકામણ ખરી ?**

**જેને આત્મા નજર સામે નહિ, એને ભુંડાઈ નજરમાં નહિ.**

પોતાનો આત્મા જ દૃષ્ટિ સામે ન આવતો હોય પછી એના ભલા-ભૂંડાનો

વિચાર જ શાનો આવે ? અને રાતદિવસ ભુંડાઈ આચરવાની 'હાય ! આટલી બધી ભૂંડાઈ ! એવી ચોંકામણ પણ શાની થાય ? એકલાં વિચારોની જ ભુંડાઈ છે ? ના, વાણી શબ્દો પણ ઢગલાબંધ એવા જ બોલવાનું કરાય છે ! ભૂંડા કેવા ? કેવળ વિષયો અને કષાયોના જ પોષક ! અને વર્તાવ પણ કેવા ? કહો, ઈન્દ્રિયો લગભગ કયાં દોડાવાય છે ? કાયાથી પ્રવૃત્તિ શાના અંગેની ? કેવળ મોહ માયાની. કયાંય આત્માની ચિંતા ?'

**વિષયો અને કષાયોના જ ધરખમ વિચારો વાણી અને વર્તાવથી આત્માનું ભુંડુ થઈ રહ્યું છે કે ભલું ?**

ડગલે ને પગલે એ ભુંડાઈ થઈ રહ્યાનું મન પર આવે છે ? ચોંકામણ થાય છે કે 'અરે ! આ ઊંચા જનમમાં ઊંધા ખેલ ? આ ભુંડાઈ ?'

પણ મોટી વાત આ છે કે જેમ પોતાની કાયા પળે પળ નજર સામે તરવરે છે, એમ પોતાનો આત્મા દૃષ્ટિ સામે તરવરતો જોઈએ ને ? આજના શ્રદ્ધાભંગના અને કુબુદ્ધિવાદના ભયંકર યુગમાં બુદ્ધિની ભ્રષ્ટતા એવી થઈ છે કે અતીન્દ્રિય આત્માદિ તત્ત્વ નજરમાં નથી આવતા ! કહે છે,-

**પ્ર.**- કાયાની જેમ આત્મા દેખાતો નથી ને ?

**ઉ.**- આ જ બુદ્ધિની ભ્રષ્ટતા છે.

**આત્મા દેખાતો નથી માટે કેમ મનાય એ બુદ્ધિની ભ્રષ્ટતા છે.**

હાથે પગે ગોરાશ કે કાળાશ નજરે દેખાય છે, એમ કહો તો ખરા કે તમારી અક્કલ નજરે દેખાય છે ? ના, તો તમારામાં અક્કલ નથી એમ માનવું ને ? નજરે ન દેખાય એ ન હોય એમ જ માનવાનું હોય તો અક્કલ હોવાનું પણ નહિ મનાય. કહો,-

**પ્ર.**- પણ અક્કલનું તો કાર્ય સારી બોલચાલ દેખાય છે ને ? તેથી અક્કલ હોવાનું તો સાબિત થાય છે.

**ઉ.**- તો પછી આત્માનું કાર્ય નથી દેખાતું ? જે આ વિષયોનાં રાગદ્વેષ, ગમવા ન ગમવાપણું વગેરે ભાવો થાય છે તેમજ ક્રોધ-માન-માયા-લોભાદિ કષાયના ભાવ થાય છે, એ કોનું કાર્ય છે ? કહો, જેમ રૂપ-રંગ-સુંવાળશ, કર્કશતા, જાડાઈ, દુબળાઈ વગેરે એ કાયાના ધર્મ છે, એમ વિષયોના રાગ દ્વેષ અને કષાયોએ કાંઈ કાયાના ધર્મ નથી, નહિતર તો મડદામાં એ ભાવો દેખાવા જોઈએ. પરંતુ આત્માના જ એ ધર્મ હતા તે આત્મા મડદામાંથી ચાલી ગયા પછી કાયામાં એ શાના દેખાય ?

**અક્કલની જેમ આત્મા સાબિત :-**

અરે ! અક્કલ પણ કોનું કાર્ય ? કોનો ધર્મ છે ? મગજને ? તો મગજ તો હજી એનું



એ જ ઊભું છે, અને કોઈએ સારી વાતો સમજાવી તો એ સાંભળીને અક્કલ વધી ગઈ એ શી રીતે બન્યું ? મગજ તો માંસ મજ્જા જ્ઞાનતંતુઓ વગેરેનું જે બનેલું હતું. એ એનું એ જ ઊભું છે; એમાં અક્કલ શી રીતે વધી ? ત્યારે કહેવું જ પડે કે અક્કલ મેદ-માંસ-મજ્જાનો ગુણધર્મ જ નથી, હા, મગજ એમાં સહાયક થાય. પણ એ મગજની વસ્તુ નહિ. એ એનાથી જુદી જ વસ્તુ આત્માનો ગુણ-ધર્મ છે. એ કાંઈ આંખે દેખાય નહિ, કે જીભે ચાખી શકાય નહિ. આમ અક્કલ ન દેખાતી છતાં, અક્કલનું કાર્ય સારા સમજદાર બોલ એ બોલરૂપી કાર્ય પરથી અક્કલ સાબિત થાય છે, એ જ પ્રમાણે એ અક્કલ કોનો ગુણધર્મ, અર્થાત્ એનો આશ્રય કોણ ? એ વિચારતાં આત્મા અલગ સાબિત થાય છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૫,અંક-૮,તા.૨૩-૧૦-૧૯૭૬**

**ખેદ ઉદ્વેગાદિથી આત્મા સાબિત :-**

એવું જ જ્ઞાન, ઈચ્છા, રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ, મદ-માયા, ખેદ-ઉદ્વેગ...વગેરે વગેરે ગુણધર્મોનો આશ્રય કોણ ? જડ શરીર નહિ, માંસ-મેદ-મજ્જાનું બનેલું મગજ નહિ. શરીર-મગજ તો એના એ ઊભા છતાં અર્થાત શરીર-મગજના માલ એના એ ઊભા છતાં રાગ-દ્વેષ આદિમાં ફરક પડે છે. કેમ પડે ? દા.ત. વિવેક નહોતો તેથી મામૂલી બાબતમાં હર્ષખેદ કરતા હતા, પરંતુ ગુરુ-ઉપદેશથી વિવેક આવ્યા પછી હરખ-ખેદ નથી થતા, અગર થાય છે તો ક્ષણ વારમાં એને અટકાવી દેવાય છે. આ કોણ અટકાવે છે ? મગજ પોતે ? મગજ તો હરખ-ખેદ કરવા પર લાગ્યું હતું, તે હવે એને શું કામ અટકાવે ? કહો, આત્માના વિવેકે, સમ્યગ્બુદ્ધિએ અટકાવ્યા. માટે સાબિત થાય છે કે હરખ-ખેદ-રાગ-દ્વેષ વગેરે ગુણધર્મોનો આશ્રય મગજ નહિ, કિન્તુ આત્મા જ કહેવો પડે. એ બાહ્ય ઈન્દ્રિય આંખ વગેરેથી જણાય નહિ, માટે આત્મા અતીન્દ્રિય છે.

જીવનમાં ઘણાય અતીન્દ્રિય પદાર્થ આંખે ન દેખાવા છતાં માનીએ છીએ.

**નાસ્તિક પણ ન દેખાય એવું કેટલું ય માને છે.**

(૧) ઝાડા થઈ ગયા, તો લાગે છે કે અંદર કાંઈક બગડ્યું છે. પરંતુ એ બગડેલું ન દેખાવા છતાં ચોક્કસરૂપે મનાય જ છે ને ?

(૨) પાડોશી ઊકળીને બોલવા લાગ્યો તો એના અંતરનો ગુસ્સો આંખેથી ન દેખાવા છતાં માનીએ જ છીએ કે એને અંદરમાં ગુસ્સો ચડ્યો છે.

(૩) બાળક ભૂખ્યું છે, પણ એની અંદરની ભૂખ માતાને આંખે ક્યાં દેખાય છે ? છતાં એ રડે છે એ પરથી નાસ્તિક પણ મા સમજી જાય છે ને ?

(૪) અહીં બેઠા અમેરિકા ક્યાં દેખી શકો છો ? છતાં નક્શા પરથી સમજાય છે કે અહીંથી પશ્ચિમમાં છે.

(૫) સ્વીચ દાબી દીવો થયો, ત્યાં અંદરમાં વહેતો વિજળી-પાવર દેખાતો નહિ છતાં માનવો જ પડે છે કે છે.

(૬) માણસના શરીરમાં ભૂતનો પ્રવેશ હોય તો એ ભૂત કાંઈ દેખાતું નથી, પરંતુ ભૂતપ્રવેશ પહેલાની માણસની રીતભાત બોલચાલ કરતાં પછીથી વિલક્ષણ રીતભાત બોલચાલ જોતાં ચોક્કસ માનવું જ પડે છે કે અંદરમાં ભૂતનો પ્રવેશ છે.

(૭) વેપારી વધારે માલ કે વધારે ભાવનું બીલ મોકલે તો તે પરથી સમજો છો કે એના દિલમાં લુચ્ચાઈ છે. શું એના અંતરની આ લુચ્ચાઈ નજરે દેખાય છે ? દેખાતી હોત તો તો માલ લેતી વખતે જ તોલભાવ એના ચોપડામાં અંકે ન લખાવત ? પરંતુ લુચ્ચાઈ નજરે ન દેખાતાં એના વિશ્વાસે રહી નોંધ ન કરાવતાં સીધો માલ ઘરે લઈ આવ્યા. આમ લુચ્ચાઈ અતીન્દ્રિય છતાં પાછળથી બીલ મોટું જોઈ લુચ્ચાઈ હોવાનું નક્કી થાય છે.

**નાસ્તિક સત્તરમી પેઢી માને ? :-**

આટલા બધા અતીન્દ્રિય પદાર્થ નાસ્તિકને પણ એના કાર્ય પરથી નિશ્ચિતપણે માનવા છે. તો પછી અતીન્દ્રિય આત્મા, કર્મ, પુણ્ય-પાપ પરલોક પરમાત્મા વગેરે માનવામાં કેમ આંચકી આનાકાની ? આજનો વાયરો વિલક્ષણ છે. નાસ્તિકને ઝટ બોલી નાખવું છે 'આત્મા-બાત્મા શેનો ? ક્યાં દેખાય છે ?' પણ એને પૂછો 'આજથી સતરમી પેઢીના તારા દાદા તને દેખાયા ? તો એ થયેલા કે નહિ ?' જો એ નહિ, તો એના દીકરા શી રીતે થયા ? જો એ ય કોઈ નહોતા થયા, તો પછી એમ જ કહે ને કે મેં મારા બાપાને જોયા છે માટે એ થયેલા, બાકી એમના કોઈ બાપ-દાદા મેં જોયા નથી માટે થયા જ નથી ?'

**બાપાજીનું કહેલું માનવાનું ને મહાવીરનું કહેલું નહિ ?:-**

ત્યારે જો બાપાજી કહેતા હતા કે 'દીકરા ! મારા બાપાજી બહુ સારા હતા, પરંતુ તારા જનમ પહેલાં ગુજરી ગયા, તે તને જોવા ન મળ્યા,' તો એ બાપાજીના વચન પરથી એમના બાપા સારા હતા એ માનવું છે, ને મહાવીર ભગવાને કઠોર તપસ્યા કરી કેવળજ્ઞાન પ્રગટ કરીને આત્માને જોયો, ને એ આપણને કહે કે 'જો ભાઈ તારી પાસે કેવળજ્ઞાનની ચક્ષુ નથી તેથી તને આત્મા પ્રત્યક્ષ ન દેખાય, પરંતુ મને કેવળજ્ઞાનથી એ સાક્ષાત્ દેખાય છે કે શરીરમાં એ કેદ પૂરાયેલો અને શરીરથી તદ્દન જુદો હયાત છે, તો એ વચન માનવું નથી ને લવારા કરવા છે કે આત્મા-બાત્મા શું ?



**પરલોક કેમ મનાય ? :-**

**પ્ર.-** કહે છે 'પરલોક ક્યાં દેખાય છે ? શી રીતે એ મનાય ?'

ઉ.- એને કહો, 'અલ્યા ! આજેય સેંકડો જાતિસ્મરણના દાખલા છે, એમને પોતાનો પૂર્વભવ આબેહુબ જેવો દેખાય છે, અને એની વિગતો એ કહે છે તે બરાબર પ્રત્યક્ષમાં મળતી આવે છે. તો એના અંગે શું કહીશું ? 'ના એ જૂઠુ, પરલોક જેવું કાંઈ છે જ નહિ, હજી ય એજ કહેવું છે ? આવો ઈન્કાર કરનારા એ વિચારક છે ? અક્કલવાળા બુદ્ધિમાન છે ? કે વિચાર શૂન્ય, અક્કલ વિનાના બેવકૂફ છે ? આવાના રવાડે કાં ચડો ?'

**ઘણા અતીન્દ્રિય પદાર્થ માનીએ તો આત્મા-કર્મ-પરલોક-પરમાત્મા-મોક્ષ વગેરે તો જરૂર માનીએ.**

અરે અત્યારના મનાતા કેટલાય અતીન્દ્રિય પદાર્થ તો આપણા જેવાએ કોઈએ નજરે જોયા નથી, દા.ત. અણુ, અણુના ૧૧૩ તત્ત્વ, વગેરે, છતાં એ હોવાનું બરાબર મનાય છે, તો આત્મા, કર્મ પરલોક વગેરે તો મહાવીર ભગવાને પ્રત્યક્ષ જોયેલ છે, તો એ હોવાનું માનવામાં શો વાંધો નડે છે ? મહાવીર પ્રભુનાં શાસ્ત્રો આ સાફ સાફ બતાવે છે. કહે છે,-

**મહાવીરે જ કહ્યાની શી ખાતરી ? :-**

**પ્ર.-** શી ખાતરી કે મહાવીર પ્રભુએ કહેલું જ શાસ્ત્રમાં લખાયું છે ? પાછળથી ઉમેરાયો ન હોય ? તને તારા માતા-પિતાએ જનમ આપેલો નહિ, એવું કેમ ન મનાય ? કદાચ કહે કે મેં નહિ, પણ પાડોશી બાઈએ મારી માતાને મને જનમ આપતાં જોયો છે,' તો ય હવે એ કહે કે આ જ તારા પિતા એ શી રીતે કહી શકે ? એમનાથી જ તું ગર્ભમાં આવ્યો એની શી ખાતરી ? ત્યાં કશો ઉઠાવો નથી કરવો, અને અહીં શાસ્ત્રની વાતોમાં ઉઠાવા કરવા છે કે એ મહાવીર પ્રભુએ જ કહેલા એની શી ખાતરી ?

જો મહાવીર ભગવાને આત્મા કર્મ પરલોક વગેરે નથી કહ્યું, તો એમણે શું કહ્યું, એ કહે. કહે છે,

**મહાવીર પ્રભુ થયાની શી ખાતરી ? :-**

**પ્ર.-** અમને તો મહાવીર એ પરમાત્મા થયા એની જ ખાતરી નથી થતી ને ?

ઉ.- પણ એ તો વિચારો કે તો પછી મહાવીર પરમાત્માની ભારતમાં ઠામ ઠામ આટલી બધી મૂર્તિઓ શાથી ? ક્ષત્રિયકુંડમાં બે હજાર વર્ષથી ય જુની મૂર્તિ કહે છે નાંદિયા ગામની મૂર્તિ ભગવાનના ભાઈ નંદીવર્ધને ભરાવેલી ગણાય છે. આટઆટલી મહાવીર ભગવાનની મૂર્તિઓ ભરાવનારા બધાજ મૂર્ખ અને મૂઢ હતા

તે મહાવીર પરમાત્મા નહિ થયેલા ને કાલ્પનિક મૂર્તિઓ બેસાડી લાખોક્રોડોના ખર્ચ કર્યા એ મૂર્તિઓને પરમાત્મા તરીકે પૂજનારા પણ બધાજ મૂર્ખ હતા ?

**આજે તો હજારો વર્ષ પહેલાંની મૂર્તિ ય મળી આવે છે. પરમાત્માની એ મૂર્તિ ભરાવનારા અને એને પૂજતા આવનારા બધાજ ગાંડિયા ? કે મૂર્તિને અને મૂર્તિપૂજાને ઉડાવનારા ગાંડિયા ?**

કેવો કળિકાળ ! કેવો હળાહળ કળિયુગ આવ્યો છે ? ગુરુને પોતાનો ફોટો ભગત રાખે ને એને રોજ વંદન કરે એ ગમે છે, પણ ભગવાનની મૂર્તિનાં દર્શન વંદન કરે એ નથી ગમતું ! એની બાધા કરાવવી છે કે 'ભગવાનના મંદિરમાં ન જવું, મૂર્તિનાં દર્શન ન કરાવા !

**ગાંડપણની હદ ?**

ખબર છે ને કે એક નાક કટ્ટાએ 'નાક ગયું એટલે નારાયણ દેખાય છે' એમ નાચી ખીલીને કેટલાયના નાક કપાવ્યા ? એમ પોતાની મૂઢતા ભોળામાં ફેલાવવી છે કે 'મૂર્તિ ન માનતા'

કેવો ઝેરી કાળ ? પરસ્ત્રીઓનાં બિભત્સ ફોટા દેખાડનારા છાપાં ન જોવાની બાધા પ્રતિજ્ઞા નહિ, એવા સિનેમા ન જોવા એ બાધા નહિ, ને વીતરાગની મૂર્તિ ન જોવી એ બાધા ?

**પરસ્ત્રીનું ચિત્રપટ જોવાની બાધા નહિ, પ્રભુ મૂર્તિ જોવાની બાધા એ ઝેરી કાળ છે. કહો,-**

**પ્ર.-** ના, અમે તો એ ય બાધા કરાવીએ છીએ કે એવાં છાપાં-સિનેમા ન જોવા.

ઉ.- તો તો પકડાયા, છાપા સિનેમામાં ક્યાં ખરેખર સ્ત્રીઓ છે જ ? એમાં તો માત્ર ફોટો જ છે. તમારા હિસાબે તો મૂર્તિદર્શનથી કશું નહિ, તો ફોટા જોવાથી ય શું થવાનું હતું ? ને જો કહો કે સ્ત્રીના ચિત્ર પણ રાગ કરાવે, ને એમાં ય અશ્લીલ બિભત્સ ચિત્ર તો ઉન્માદ જ કરાવે,' તો તો પછી વીતરાગ પરમાત્માની મૂર્તિ અને એમની શાંત રસભરી મુદ્રા વૈરાગ્ય ન પમાડે ? કામીને સ્ત્રીનો ફોટો જોતાં ઝણ-ઝણાટી થાય છે, તો ભક્તને પરમાત્માની મૂર્તિ જોતાં ઝણઝણાટી થાય એમાં શી નવાઈ ?

નાનો ભાઈ બાપાજીના ફોટાની અવગણના કરતો હોય તો ડાહ્યા મોટા ભાઈને કહેવાનું મન થાય કે 'પાપી ! કપૂત ! બાપાજીની અવગણના કરે છે ? તો પછી અહીં મૂર્તિની અવગણના કરનારને શું ડાહ્યો માણસ નહિ કહે 'પાપી ! કપૂત ! અનંત ઉપકારી પ્રભુની અવગણના કરે છે ? સવાલ કરે,-



**પ્ર.-** અમે મૂર્તિ તો માનીએ છીએ, પરંતુ મૂર્તિની પૂજા નથી માનતા.

ઉ.- એમ કહેવું ય બરાબર નથી, કેમકે દુનિયામાં ય કેટલાય પ્રતીકોની પૂજા થાય જ છે. ને એ ખોટું નથી મનાતું...પરણવા જાઓ ત્યાં કેટલાય પ્રતીકોની પૂજા કરો છો ને ? માન સ્તંભની પૂજામાં સામે કઈ પૂજ્ય વ્યક્તિ છે ? કુળદેવીની પૂજા કરે ત્યાં સામે ક્યાં સાક્ષાત્ કુળદેવી હાજર છે ? એમાં કશું ધતીંગ નથી લાગતું, ને જિનેશ્વર ભગવાનની શાંતસુધારસભરી મુદ્રાવાળી પ્રતિમાને ભગવાન માનવા અને એની પૂજા કરવી એ ધતિંગ લાગે છે ?

**પ્રતિકોની પૂજાના દાખલા :-**

વફાદાર પ્રજાજન કે સૈનિકો રાષ્ટ્રધ્વજનો આદર કરે, એને વંદન કરે, ફુલહારથી પૂજન કરે, એ ધતિંગ નહિ, કેમકે એ સમગ્ર રાષ્ટ્રનું પ્રતીક છે એનાં વંદન-પૂજન આદરમાં રાષ્ટ્ર પ્રત્યે જ આદર બહુમાન છે, ને એ દિલમાં એ રીતે, ધ્વજવંદનાદિથી, ઊછળતું રાખવાથી યુદ્ધમાં ઝનૂનથી લડાય છે, ને અવસર આવ્યે ખપી જઈને રાષ્ટ્રની રક્ષા કરાય છે. આવું મહાન કાર્ય કરી આપનાર એ રાષ્ટ્રધ્વજનાં વંદન-પૂજન-આદરને ધતિંગ કહેવાય ? તે પછી વીતરાગ પ્રત્યેના આદરને જગાવી આપનાર જિનપ્રતિમાનાં દર્શન પૂજનને ધતિંગ કહેવામાં બુદ્ધિમત્તા છે ? કે મૂર્ખતા ?

ક્ષત્રિયાણી ક્ષત્રિયપતિના પરદેશ-ગમન પર એનું કોઈ પ્રતિક તલવાર-કટારી-મોજડીનું પૂજન-પ્રણામ કરી પ્રાર્થના કરે છે, 'નાથ ! તમે જ મારે આ જીવનમાં એક આધાર છો, આરાધ્ય છો,. તો રાતદિવસ તમેજ મારા દિલમાં વસ્યા રહેજો, જેથી બીજો કોઈ પુરુષ મારા દિલમાં પેસે નહિ, ને બીજા કોઈ પુરુષ પરમારી દૃષ્ટિ ય જાય નહિ' બોલો આ પ્રમાણે પતિની તલવાર-કટારી-મોજડીની પૂજા-પ્રાર્થના કરી પોતાનું શીલની ભાવના મજબૂત રાખે અને પાકું શીલ પાળે એવા મહાન લાભને કરાવી આપનાર એ પ્રતીકપૂજાને ધતિંગ કહેવાય ? કે એને એ ધતિંગ કહેવું કે ધતિંગ કહેવાય ?

તમને કદાચ ખબરનહિ હોય કે રાષ્ટ્રરક્ષાર્થે ખૂનખાર લડાઈ લડાતાં રાષ્ટ્રધ્વજને અણનમ ઊભો જોઈ જોઈ સૈનિકોને એના પ્રત્યેના અતિશય આદરથી ઘણું ઝનૂન ચડે છે, ને જીવન સટોસટનાં સંગ્રામ ખેલી વિજય મેળવીને રાષ્ટ્રની રક્ષા કરે છે; તો શું ધ્વજ પ્રત્યેનો આદર એ ધતિંગ છે ? મૂર્ખતા અજ્ઞાનતા છે ? કે ધતિંગ કહેનારમાં મૂર્ખતા છે ?

એમ, ક્ષત્રિયાણી પતિનાં એક મોજડી જેવા પણ પ્રતીકની રોજ પૂજા-પ્રણામ-પ્રાર્થના કરી કરી શીલની ભાવના એટલી બધી મજબૂત કરે છે કે પછી દિયર, જેઠ કે અન્ય પુરુષ તરફથી ગમે તેવી લાલચ કે ભય આવે તો પણ એનો સામનો કરી

શીલપાલનમાં અત્યંત મક્કમ રહે છે. તો શું એવા મહાલાભને કરાવનાર પ્રતીકની એણે પૂજા-આદર કરાય ત્યાં મૂર્ખતા-અજ્ઞાનતા કહેવી છે ? પત્થરની પૂજા કહી મૂઢતા કહેવી છે ?

ધર્મ તો બોડી બામણીનું ખેતર એટલે જેમ ફાવે તેમ એના પર તૂટી પડાય ? 'લ્યો આમને પત્થરમાં પરમાત્મા આવી ગયા !' એમ મશ્કરી કરી શકાય ? જરા પેલા સૈનિકો આગળ જઈને બોલે તો ખરા કે 'લ્યો આમને રાષ્ટ્રધ્વજ એટલે એક ચિથરામાં રાષ્ટ્ર આવી ગયું તે એને વંદન કરવા મંડ્યા,' આવું બોલે તો શું થાય, ખબર છે ? ત્યાં જ એ સુભટોનો તલવારનો સીધો ઘા જ આવી પડે.પેલી ક્ષત્રિયાણી આગળ જઈને બોલો તો ખરા કે 'લ્યો આ ઘેલીને ચામડાની મોજડીમાં પતિ આવી ગયા !' ક્ષત્રિયાણી કે એને સિપાઈ ઊઠીને બોલનાર મશ્કરી કરનારના પેટમાં કટારી જ ખોસી ઘાલે.

એ તો ધર્મના રાજ્યમાં કોઈ નતીજો દેખાડતું નથી એટલે 'પત્થરમાં પરમાત્મા' એવો લવારો કરી શકાય છે ! ખબર લેનાર હોય તો ઝટ સાન ઠેકાણે આવી જાય.

**ધર્મની મશ્કરીને ધોળકામાં ખબર પડી ગઈ.**

એકવાર ધોળકામાં બેનો સવારે ઝટપટ દેરાસર જતી હતી ત્યારે એક જુવાનિયો બોલ્યો, ભગવાનને વળી ખીચડી ઓરવાની શી એટલી બધી ઉતાવળ હતી તે આ ઘેલીઓ ચોખા લઈ લઈ દોડતી દહેરે ચાલી ?' બેનોના મનને બહુ દુઃખ થયું કે 'આ નાદાન ઉદ્ધત માણસ ભગવાનની મશ્કરી કરે છે ? એ વખતે તો એ કાંઈ ન બોલી, પરંતુ દહેરે જઈને પછી નગરશેઠને જઈને આ વાત કરી.

નગરશેઠે શું કર્યું જાણો છો ? શું બેનોને એમ કહ્યું કે તમે દોડતી દોડતી જાઓ એટલે શું ખોટું કહ્યું એણે ? ના, તો શું એમ કહ્યું કે 'હોય, એનું પાપ એને ભારે ? ના ત્યારે શું એવું કહ્યું કે 'આપણે શું કરીએ ? સૌ સૌના મનની વાત છે, પોતાને ગમે તે બોલે.' કહ્યું આવું કાંઈ ? ના, નગરશેઠે તો કહ્યું, 'એમ ? જાઓ શાંતિથી બેસો, એને ખબર પડી જશે.' બેનો ગઈ, અને નગર શેઠે આખા ગામમાં સંઘમાં હુકમ ફેરવી દીધો કે, 'એ જુવાનિયો આવું બોલ્યો છે, ને એમ કરી એણે વીતરાગ ભગવાનની મશ્કરી કરી છે, માટે કોઈએ એની સાથે સંબંધ રાખવો નહિ.'

બસ, નગરશેઠનો હુકમ ફરી વળ્યો. એટલીજ વાર બીજા બધાએ તો એ ઝીલી લીધો એટલું જ નહિ, પણ એ જુવાનિયાના ઘરવાળાએ પણ એને કહી દીધું કે 'જા હવે અહીંથી અમારે પણ તારી સાથે સંબંધ ન રાખી શકાય. નહિતર અમે



ય સંઘ બહાર ફેંકાઈ જઈએ.'

હવે એ જુવાનિયો ક્યાં જઈને ઊભો રહે ? ઘરમાં જ એને ન ઊભો રાખે, તો કાકા-મામા તો શાના જ ઊભો રાખે ? આખા ગામમાં થુ થુ થઈ ગયો એ સજા વધાવી લેવાની એની તાકાત હતી ? શું રાખ તાકાત ? ગળિયો ઘેંસ થઈ ગયો, અને દીનહીન બનીને ઝટ દોડ્યો નગરશેઠને ત્યાં, ને જઈ શેઠના પગમાં પડી કહે છે 'શેઠ સાહેબ ! મારી મોટી ભૂલ થઈ ગઈ છે, મને માફ કરો. હવે પછી જિંદગીમાં આવું કશું નહિ બોલું.'

શેઠ કહે 'ચાલ્યો જા નાલાયક ! ગળું કાપીને હવે માફી માગવા આવ્યો છે ?' અમારા તરણતારણ ભગવાનની

મશ્કરી અમારે સાંભળવી પડે એમાં તો અમારું ગળું કપાઈ ગયાથી ય વધારે છે. અમારું ગળું કપાઈ ગયું, હવે અમે માફી કરવા જીવતા જ ક્યાં છીએ તે તને માફી આપી શકીએ ? ઊઠ હાલ્યો જા અહીંથી.'

જાય એ ? ક્યાં જાય ? પગે પડી રોતો કકળતો ફરીથી આજીજી કરે છે, 'હું ભયંકર ગુનેગાર છું મને માફ કરો, દયા કરો મારા ઉપર.'

શેઠ કહે 'માફી ? તારાં અવળાં વેણ ગામ આખાએ જાણ્યાં, ને માફી હું એકલો જ જાણું ? ગામના ઘરે ઘર માફી માગી આવે છે ?

પેલો કહે 'શેઠ સાહેબ ! ઘરે ઘર માફી માગી આવું, ભૂલ કબૂલી આવું. પણ મારા પર દયા કરો.'

બોલો, આ જિંદગીમાં હવે ધર્મમાં મશ્કરી કરી શકે ? પણ ક્યારે આમ નમ્યો ? ચમત્કાર જોયો ત્યારે. નગરશેઠ એ કયારે કરી શક્યા ? મશ્કરા જુવાનિયાના પક્ષમાં કોઈ જ ન ઊભું ત્યારે ને ? એવું બોલ્યો એટલાંમાં શું થઈ ગયું ?' એમ એની દલાલી કરનારા સગા-સ્નેહી કે દયાના, દેવતા નીકળ્યા હોત તો ? પણ કોઈ કરતાં કોઈ જ એનું ઉપરાણું લેનાર નહોતું; ત્યારે નગરશેઠ બરાબર ડંડો બતાવી શક્યા, ને એ જિંદગીની ખો ભૂલી ગયો.

અહીં 'લ્યો પત્થરમાં પરમાત્મા !' એવી જિન મૂર્તિની-જિનની ને જિનભક્તસંઘની મશ્કરી કરનારને કોઈ ડંડો દેખાડનાર છે ? પરંતુ એ ખબર નથી કે આવા ઘોર પાપથી દારુણ સજામાં કર્મનાં ડંડા ભવાંતરે ઠોકાશે ત્યારે ડંડા સહ્યા જાય એવા નહિ હોય. શાસ્ત્ર કહે છે,

**'જિણપુઆ વિગ્ઘ કરો....'** અર્થાત્ જિનપૂજામાં અંતરાય કરનારો ઘોર લાભાંતરાય ભોગાંતરાય વીર્યાંતરાય વગેરે કર્મ બાંધે છે. એ અંતરાય કર્મોનાં ફળમાં શું આવવાનું ? પોતાને જે ઇષ્ટ વસ્તુના લાભ અને મનગમતા સુખના ભોગ તથા

વીર્ય તાકાત જોઈએ છે તે મળવાનું અટકી પડવાનું. એટલે જ ઉત્તમ આત્માઓને એવા કોઈ અંતરાય નડતા ત્યારે એ સમજી જતા કે પૂર્વ ભવે જિનભક્તિમાં ખામી રાખી છે, અગર બીજાને અંતરાય કર્યો છે તેથી આ સ્થિતિ છે. માટે એ ખામી દૂર કરું, જાતે જિનભક્તિ ખૂબ કરું અને બીજાને એમાં પ્રેરું.' સમજે છે કે,

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૫,અંક-૯,તા.૬-૧૧-૧૯૭૬**

**પૂજામાં વિઘ્નથી અંતરાયકર્મ બંધાય એનો હેતુ :-**

**પ્ર.**- જિન પૂજામાં આડે આવવાથી એવા ઈષ્ટલાભ સુખ ભોગ વગેરેમાં અંતરાય કેમ ઊભા થાય ?

**ઉ.**- એટલા જ માટે કે સામો જો જિનેશ્વર ભગવાનની પૂજા-ભક્તિ કરત તો એને એવા પુણ્યલાભ થાત કે જેથી ઈષ્ટના લાભ થાય, સુખ ભોગ મળે. એટલે સ્પષ્ટ છે કે એની જો આપણે જિનપૂજા અટકાવી તો એથી એને થતા ઈષ્ટલાભ-સુખભોગ અટકાવ્યા એટલે પછી આપણને પણ એ અટકે, એ અટકાવનારાં અંતરાયકર્મ બંધાય એમાં નવાઈ નથી. કુદરતી હિસાબ છે કે,

**બીજાનું સુખ લૂંટો તો તમારું સુખ લૂંટાય.**

પછી એ સુખ લૂંટવાનું સીધી રીતે કરો કે આડકતરી રીતે; પણ સુખ લૂંટો છો માટે તમારું સુખ લૂંટાય; અર્થાત્ તમારા સુખની આડે અંતરાયકર્મ ઊભા થઈ જાય. કોઈની જિનપૂજા અટકાવાનું ઊભું થાય છે. એ અટકવામાં આ પૂજા અટકાવનારો માણસ નિમિત્ત થયો. કહો, સીધી રીતે બીજાના સુખ-લાભ લૂંટનારો નહિ, પૂજામાં વિઘ્ન કરવા દ્વારા એ અટકાવનારો સુખ-લાભ લૂંટનારો એક પ્રશ્ન થાય,-

**દીક્ષા આપનાર સુખ નથી લૂંટતા :-**

**પ્ર.**- તો એમ તો સાધુ કોઈને દીક્ષા આપે, તો શું એને સંસારનાસુખ-ભોગથી વંચિત કરી અંતરાય કર્મ બાંધે ?

**ઉ.**- ના, સાધુ એને વૈરાગ્ય પમાડે છે, સંસારના સુખભોગ એ રાગાદિ અને હિંસાદિ પાપ કરાવનારા હોવાથી ભવચક્રમાં ભમાવનારા હોવાનું સમજાવે છે, એથી જીવ પોતે એને ભયંકર સમજી એનાથી ઊભગી જઈ સ્વેચ્છાથી એને છોડે છે, અને ઉચ્ચ ચારિત્ર જીવનમાં જાય છે, જઈને રાગાદિ-હિંસાદિ પાપોથી રહિત એવી દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્નત્રયીની આરાધનાનું મહાઉત્તમ જીવન જીવે છે. આ સ્થિતિએ પહોંચાડવામાં દીક્ષા આપનાર ગુરુએ એને સુખભોગથી વંચિત કર્યો,



એમ ન કહેવાય, બિચારાના સુખભોગ લૂંટી લીધા' એમ ન બોલાય, ઊલટું એ ચારિત્રથી જ, જ્યાં સુધી એ જીવનમાં સર્વ કર્મક્ષય કરી મોક્ષે જવાની તાકાત ન આવે ત્યાં સુધી, ઊંચા પુણ્ય બંધાવી સ્વર્ગનાં સુખભોગનો ભાગી કરે છે.

અલબત્ત દેવતાઈ સુખ-ભોગ કાંઈ ઉપાદેય નથી, કિન્તુ જ્યાં સુધી તમારામાં વીતરાગચારિત્રે પહોંચાવાની શક્તિ નથી, ત્યાં સુધી કર્મસત્તા કાંઈ તમને દુર્ગતિ દુઃખ-દારિદ્રમાં સબડતા ન રાખે, તમારા સરાગચારિત્રના પ્રતાપે ઊંચી દેવની સદ્ગતિ પમાડે છે. અસંક્લિષ્ટ સુખ-ભોગ પમાડે છે; એવા એ સુખભોગ કે જેમાં તમને એવા રાગાદિના સંકલેશ ન થાય, પરંતુ વિરક્ત દશા ઊભી રહે.

ચારિત્ર આ કામ કરે છે. ત્યારે જિનપૂજામાં અંતરાય એ જીવને પાપભર્યા ગૃહસ્થજીવનમાં જિનપૂજા દ્વારા પરમાત્માને ચરણે જે કાંઈ પોતાના તન-મન-ધન યથાશક્તિ અર્પિત કરવાનો અવસર હતો ને તેમ કરીને ઉત્તમ પુણ્ય ઉપાર્જન કરવાની તક હતી, તે ચૂકાવે છે, ને ચૂકાવીને તેનાથી નીપજતા સુખ-ભોગ ચૂકાવે છે. માટે એ સુખ-ભોગના અંતરાય કર્મ અર્થાત્ લાભાંતરાય ભોગાંતરાય વગેરે કર્મ બાંધે એ સહજ છે.

માનવજીવનમાં અનેકાનેક હિંસાદિ અને વિષય-વિલાસાદિના જાલિમ પાપોમાંથી કાંઈક પણ પાછા વાળનાર જિનપૂજા છે. જિનપૂજામાં બેસે એટલો સમય એ પેલા જાલિમ પાપોથી બચે છે, જે એનામાં વીતરાગતાનાં બીજનું વાવેતર કરે છે, વૈરાગ્યને પોષે છે, જો સિનેમાની એક્ટ્રેસનો શૃંગારી વેશ-ચેન-ચાળા બતાવનારો ફોટો જોઈ જોઈ રાગ પોષાય, તો શું જિનમૂર્તિમાં વૈરાગ્યનું પોષણ ન થાય ?

કહે છે 'જિનમૂર્તિનું દર્શન બરાબર છે, પણ જડ મૂર્તિનું પૂજન શા માટે ?'

**બાવલાં પૂજાય, જિનમૂર્તિ નહિ ? :-**

આમ કહેનારને ખબર નથી લાગતી કે 'અરે ! જડ બોલતા જીભ કેમ ઉપડે ?' મૂર્તિ કોની છે ? ત્રણ લોકના નાથ અને આપણા અનંત ઉપકારીની. રક્ષક ભડવીરના બાવલાંને નમસ્કાર અને પૂજન કરી નવલોહિયા સુભટો દેશસેવાની સંસ્કૃતિરક્ષાની ભવ્ય પ્રેરણા મેળવે છે, જો આ બાવલા-મૂર્તિનાં પૂજન વૈરાગ્ય-ઉપશમભાવની પ્રેરણા ન આપે ? ક્ષત્રિયાણીની એના પતિની પ્રતિકૃતિ શું,પતિની મોજડીની પૂજા એને શીલ રક્ષાનું જોમ આપે છે.

માનસશાસ્ત્ર સમજે એને આ બધું સમજાય એવું છે. માનસવિજ્ઞાનની ગમ ન હોય, એ આ ક્યાંથી સમજી શકે ? મૂર્તિપૂજાનો વિરોધ, વ્યવહાર-ધર્મક્રિયાનો વિરોધ, વગેરે વિરોધ કરનારા બિચારા માનસવિજ્ઞાનની અણસમજના કારણે ઘોર

પાપ કરી સ્વયં ડૂબે છે, બીજાને ડૂબાડે છે.

**મૂર્તિપૂજાના લાભ :-**

માટે સમજી રાખો, મૂર્તિપૂજા અને વ્યવહાર ધર્મક્રિયાઓમાં મહાન મનોવિજ્ઞાન કામ કરી રહ્યું છે, (૧) એ મૂર્તિ અને એ ક્રિયાનાં આલંબને જીવનમાં અપ્રશસ્ત ભાવો અટકીને સુંદર પ્રશસ્ત ભાવો દિલમાં રમતા રહે છે. (૨) મૂર્તિપૂજામાં જિનાજ્ઞાપાલનનો મહાલાભ છે. (૩) કૃતજ્ઞભાવ કરાતા ધનવ્યયમાં ઉપકારી પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞભાવ અદા થાય છે. દિલમાં કૃતજ્ઞભાવ પોષાય છે. પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞતા અદા કરાય, એ શું જેવું તેવું સુકૃત છે ? એને દુષ્કૃત્ય કહેવાય કે મહાસુકૃત ?

જે પરમાત્માના અચિંત્ય પ્રભાવે આ ઉત્તમ મનુષ્યભવ અને બીજી અનેક વાતની પુણ્યાઈ મળી, હવે એ પરમાત્માની મૂર્તિપૂજાની વાત આવી ત્યારે કહેવું કે 'ના એ પૂજામાં હું પૈસા વેડફી નહિ નાખું, હું તો સામાયિક કરીશ, તપ કરીશ;' તો એ બચેલા પૈસા ક્યાં નાખવાનો ? કહો ને જાત ભોગ-કુટુંબભોગમાં

'બાયડીના ખોખા પર હીરા-માણેકના કે સોનાના દાગીના ચડાવવામાં લેખે પડ્યું લાગે છે, ને ભગવાનની મૂર્તિ પર દાગીના ચડાવવાનું વેડફાઈ જતું દેખાય છે !' કેવી અજ્ઞાનદશા ! એ ખબર નથી કે

**દાગીને શણગારેલી સ્ત્રીને જોઈ જોઈ જાતે પાપોથી ખરડાય છે, અને બીજાઓ પણ જોઈ જોઈ પાપો બાંધે છે; ત્યારે ભગવાનને આંગી-આભૂષણ પૂજા કરી જાતે વીતરાગ પ્રત્યેનો ભાવ અને પુણ્ય વધે છે, ને બીજાઓ પણ દર્શન કરી મહાન એવા શુભ ભાવ ને પુણ્ય ઉપાર્જન કરે છે.**

પેલા ભિખારીએ સાધુવચનથી મંદિરે મંદિરે વીતરાગપ્રભુનાં માત્ર દર્શન કરી કરીને પણ એવું પુણ્ય ઊભું કર્યું કે ભવાંતરે મરણાન્ત ઉપદ્રવ આવવા છતાં એમાંથી આબાદ રક્ષણ મેળવ્યું, અને છેવટે રાજ્ય સમૃદ્ધિ પ્રાપ્ત કરી. એને જે ચાર ચાર વાર મરણાન્ત આક્રમણમાંથી બચાવ મળ્યા છે, એ જો જાણે તો કહેવું પડે કે એમાં પોતાની હોંશિયારી કામ નથી લાગી, પરંતુ પૂર્વનાં પ્રભુદર્શનના પુણ્યે એને બચાવ્યો છે.

જુઓ એને કેવા કેવા પ્રસંગમાં કેવો ગેબી બચાવ થઈ ગયો !

**ભિખારી પ્રભુદર્શનથી શું શું પામ્યો ?**

ભિખારી પ્રભુદર્શનના પુણ્યથી માનવ અવતાર પામ્યો બ્રાહ્મણ પુરોહિતનો પુત્ર થયો. પાંચ છ મહિનાનો થયો ત્યારે એક વાર બ્રાહ્મણ એને રાજાને પગે નમવા સાથે બાળકને રાજાના પગે પાડે છે. રાજા દેવકુંવર જેવાં આ બાળકને જોઈને પ્રસન્ન તો થાય છે. પણ ત્યા રાજાનો નિષ્ણાત જોષી બેઠેલો, એ આ



બાળકની રેખા જોતાં ચમકીને બોલી ઉઠે છે 'ઓહો ?'

રાજા પૂછે છે 'કેમ જોષીજી ! ચમકી ઊઠ્યો ?

જોષી કહે, 'મહારાજ,' બાળક બડો ભાગ્યશાળી લાગે છે. આપની ગાદીનો વારસદાર બનશે ! રાજાને ભારે આઘાત લાગ્યો કે હેં ? આ દક્ષિણા-ભીખ માગી ખાનારા બ્રાહ્મણનો દીકરો મારો વારસદાર ?' મારી આબરુના કાંકરા જ થાય, કે કેવો નમાલો આ રાજા કે એના દીકરામાં રાજા થવાનું કૌવત કેળવ્યું નહિ, તે એ વારસદાર ન બનતાં એક ભિખારી એની ગાદીનો વારસદાર બન્યો !' રાજા અંતરમાં તો ભારે ઉદ્વિગ્ન થઈ ગયો, પરંતુ બહારથી પ્રસન્નતા દેખાડે છે, 'એમ ? રાજા થશે ? બહુ સરસ.'

**અંતરમાં ખેદ છતાં બહાર પ્રસન્નતા એ વિવેક કે કુટિલતા ? :-**

રાજાએ શું આ વિવેક દાખવ્યો ? ના, કુટિલતા દાખવી. શી કુટિલતા ? આ જ કે એના મનને થયું કે 'આને વારસદાર ન થવા દઉં. આ તો મારે વિષવૃક્ષ, એ મોટું થાય એ પહેલાં જ ઊખેડી નાખું. આ બાળકને હમણાં જ મરાવી નાખું પછી શાનો આ મારી ગાદીએ આવે ? પરંતુ જો અત્યારે નારાજી દેખાડું ને પછી બાળક બેપત્તા થાય, તો એના બાપને ને બીજા અહીં બેઠેલાને વહેમ જાય કે રાજાએ નારાજી દેખાડેલી, તેથી એણે જ કાં એને બેપત્તા કર્યો હોય ? માટે અત્યારે તો ખુશી ખુશી જ દેખાડવાની, ને થોડા દિવસમાં આનો નિકાલ કરી નખાવવાનો.'

બોલો, રાજાનું આ હૃદય હોય અને બહારથી બીજા સભાસદો સાથે પ્રસન્નતા દેખાડે, તો એ વિવેક કર્યો કે કુટિલતા ? માટે, આપણા જીવનમાં આ ધ્યાન રાખવા જેવું છે ક્યારેક દિલમાં બીજું હોય, ને બહાર વિવેક ખાતર દેખાડ જુદો કરવો પડે. ત્યાં કુટિલતા-માયામાં ફસાઈ ન જઈએ. ત્યારે પૂછો, -

**પ્ર.-** અંદર બીજું ને બહાર બીજું એ માયા તો થઈ જ ગઈ, હવે માયામાં ન ફસવાનું અને વિવેક ગુણ દાખવવાનું કયાં રહ્યું ?

ઉ.- શુદ્ધ વિવેક દાખવવાનું આ રીતે બને,-

જો અંતરમાં ઔચિત્યદૃષ્ટિ-ધર્મદૃષ્ટિ સ્વ-પર હિતદૃષ્ટિ જ રાખીને અંતરમાં જુદું છતાં બહારમાં અમુક રીતે વર્તી લેવું પડે તો એ વિવેક છે, કુટિલતા નથી.

દાખલા તરીકે જુઓ કે, તમે બજારમાં બેઠા છો, ને એસોસીએશનવાળા કોઈ જલસો ઉજવવા તમારી પાસે ટીપમાં પૈસા ભરાવવા કાગળિયું લઈને આવે છે, તમારું ધર્મી હૃદય આવા જલસામાં માનતું નથી, એટલે આમાં ધનવ્યય નિરર્થક સમજે છે. છતાં એસોસીએશનના એક સભ્ય હોવાથી ઔચિત્યની દૃષ્ટિએ ટીપમાં રકમ આપવી પડે છે, તો એ માયા નહિ, વિવેક છે. પૂછો,-

**પ્ર.**- એમાં વિવેક શો ? એવું ઔચિત્ય જાળવવામાં પાપનું પોષણ નથી ?

**પાપના પોષણ કરતાં ધર્મરક્ષાનું પોષણ માટી ચીજ :-**

ઉ.- પાપના પોષણ કરતાં ધર્મરક્ષાનું પોષણ મોટી ચીજ છે; ને ધર્મરક્ષા કરવી એ વિવેક છે. ત્યાં રકમ આપતાં આ વિચાર છે કે 'જો હું રકમ ન આપું આ તો લોકો મને કંજુસ ગણી મારા ધર્મને નિંદે કે જુઓ ! આ લોકોનો ધર્મ જ એવો છે કે મખ્ખીચુસપણું શીખવે' આમ ધર્મનિંદા ન થાય એ દૃષ્ટિથી અંતર ના પાડવા છતાં, બહારથી રકમ આપવાની ઉદારતા દેખાડે એ વિવેક છે, ઔચિત્ય છે. માયા કરી ન કહેવાય.

**ઔચિત્યદાનથી ધર્મની વાહવાહ :-**

પૂર્વના કાળમાં મોટા ખર્ચે ધર્મ કાર્ય કર્યા પછી ઔચિત્યદાનમાં હજારો રૂપિયા ઉછાળતા. અચળગઢ પર, રાણકપુરનું ભવ્ય મંદિર બંધાવનાર ધરણશાહ શેઠના ભાઈએ મંદિર બંધાવ્યું. એની પ્રતિષ્ઠા કરવા છ'રી પાળતો મોટો સંઘ લઈને આવ્યા. ધામધૂમથી પ્રતિષ્ઠા કરી. એ કર્યા પછી એ કાળના એક લાખ રૂપિયા યાચકોમાં વહેંચ્યા. કેમ ? એથી ઇતરોમાં જૈન ધર્મની વાહ વાહ થાય.

પેથડશા મંત્રીએ દિગંબરો સામે ૫૬ ઘડી સોનું ઊછરામણીમાં બોલી ગીરનાર તીર્થ પર શ્વેતાંબરોનો હક ઊભો રાખ્યો. પછી એટલું પોતાનું સોનું દાદાના ભંડારમાં નખાવી ચાર ઘડી સોનું યાચકોમાં વહેચ્યું.

બોલો આ બંનેએ યાચકોમાં વહેંચ્યું એ પાત્રમાં સુપાત્રમાં કે પરમપાત્રમાં દાન થયું ? ના, કિન્તુ ધર્મનો જયજયકાર કરાવનાર ઔચિત્યદાન થયું. યાચકોને અને લોકોને એમ થાય કે 'અહો ! આમનો ધર્મ કેટલો બધો ઊંચો કે આવા ધર્મકાર્યની પાછળ કોરીકડાક ખુશાલી નહિ પણ ઉદારતાભરી ખુશાલી શીખવે છે!' આમ એ લોકોને જૈનધર્મ પ્રત્યે જે આકર્ષણ રુચિ ઊભી થાય એ એમના દિલમાં ધર્મબીજનું આધાન-વાવેતર થયું એ જ જૈનધર્મનો જયજયકાર છે.

**જૈનધર્મનો જયજયકાર એટલે શું ?**

'બોલો જૈન ધર્મકી જય' એમ જૈનો જૈનો બોલે એ જૈનધર્મનો જયજયકાર ? ના. દાન-શીલ-તપ વગેરે ધર્મ પર શ્રદ્ધા વિનાના નામ જૈનોના દિલ પર એ ધર્મનો વિજય તેમજ જૈનેતરોના હૃદય પર જૈન ધર્મનો પ્રભાવ પડે, આકર્ષણ થાય, એ જૈનધર્મનો જયજયકાર છે. દિલ પર હૃદય પર ધર્મનો વિજય એટલે દિલમાં-હૃદયમાં ધર્મનું આકર્ષણ-રુચિ પ્રશંસા નહોતી તે ઊભી થાય, અર્થાત આ આકર્ષણ સ્વરૂપ ધર્મબીજનું વાવેતર થાય.

આ ધર્મના આકર્ષણ-પ્રશંસારૂપી ધર્મનો જય-જયકાર ક્યારે થાય ? કોઈ



વિશિષ્ટ તપ કરો ત્યારે થાય. ધર્મનો જયજયકાર કરાવનારું વિશિષ્ટદાન એટલે ? માત્ર ઊંચા ખર્ચે કોઈ મંદિર-પ્રતિષ્ઠા ઊજવો એ નહિ. પણ એના પર વળી મોટું ઔચિત્યદાન કરાય એ. એથી ત્યાં ઇતરોમાં ધર્મનો જયજયકાર ધર્મનો વિજય થાય. અચલગઢ મંદિર નિર્માણ અને પ્રતિષ્ઠા કરાવનાર આ સમજતા હતા. ૫૬ ધડી સોનું આપી દઈને ગીરનાર તીર્થનો હક ઊભો રાખનાર આ સમજતા હતા કે.

**ઔચિત્યદાન પાછળ કેવી સમજ ? :-**

ઔચિત્ય મહાદાનથી જૈનધર્મનો સાચો જય જયકાર થાય, અર્થાત ઇતરોના દિલમાં જૈનધર્મ પ્રત્યે આકર્ષણ થાય. ધર્મબીજનું વાવેતર થાય. એ કાંઈ 'પેટમાં કૂવો ને વરઘોડો જૂઓ' એવા નિર્ધન જેવા ભૂખ્યા ઇતરોને વરઘોડાનું લુખ્ખુ દર્શન કરાવી દીધાથી ન થાય પણ સાથે એનું પેટ ઠારવાથી થાય, માટે પ્રતિષ્ઠા અને તીર્થરક્ષામાં લાખો-ક્રોડોનો વ્યય કર્યા પછી ઉચિત દાનમાં લાખો ઉછાળ્યા. 'લાલ! લાખ તો થવા દે સવા લાખ' ઘાણ ભેગો ઘસરકો' આ સમજ હતી.

તમે લાખ-પોણાલાખમાં કોઈ ઉછરામણી બોલી પ્રતિષ્ઠા-ધ્વજાદિ ધર્મકાર્ય કર્યા પછી આવું કાંઇ ઉચિત દાન કરો છો ખરા, કે જેથી ઇતરોમાં ધર્મનો જય જયકાર થાય ? ઉપધાન યાત્રા સંઘ વગેરેમાં એવો ખર્ચ કર્યા પછી ધર્મનો સાચો જય જયકાર કરાવનારું આવું મોટું ઉચિતદાન આવડે છે ? શું એ ભારે પડે છે ? ધર્મ કાર્યમાં લાખને બદલે સવા લાખ લાગ્યા હોત તો નભાવત કે નહિ ? તો પછી લાખમાં પત્યા પછી ૧૦-૨૦ હજાર ઉચિતદાનમાં ઉછાળી શકાય ? પહોંચ નથી? કે નકામું લાગે છે ?

**ઔચિત્યદાન નકામું સમજે એ જૈનધર્મ સમજ્યો નથી.**

**નાના સુકૃતમાં ય ઔચિત્ય દાન :-**

માત્ર મોટાં સુકૃતમાં જ આ લાગુ પડે એમ નહિ, પણ નાનાં સુકૃતમાં ય આ લાગુ પડી શકે. અમદાવાદમાં હરકોર શેઠાણી દેરાસરે દર્શન કરવા નીકળે ત્યારે રોજ ભિખારીઓને પૈસા વહેંચતા જતા.

ભગવાનની આંગી રચાવી, રૂા. ૩૧) ખરચ્યા, તો એના પર પાંચ રૂપિયા ઔચિત્યદાનમાં ખરચવા ભારી પડે ? અરે ! બીજા કોઈને નહિ, પણ પૂજારીને પાંચ રૂપિયા આપી જુઓ જો. એના દિલમાં એમ થશે કે 'વાહ ! આ ધર્મ કેવો સરસ કે એમાં આવી ઉદારતા કહી હશે ! બસો રૂપિયા ખરચી પૂજા ભણાવી, તો ઉપર ૨૫) રૂપિયા ઔચિત્યદાનમાં ખરચવા ભારી પડે ? મંદિરની આજુબાજુના ઇતર ઘરોમાં પાંચ પાંચ પેંડાના પડિકાં મોકલી આપો જો. મંદિરના દરવાજે એકત્રિત થયેલ જૈનેતર બાળકોને ખાસ પ્રભાવના આપો જો, જુઓ એમના દિલમાં જૈનધર્મનો

જય જયકાર.

એટલો નિયમ કરો કે 'જે કાંઈ સુકૃત કરાય, એના ખર્ચની ૧૦ ટકા રકમ ઔચિત્યદાનમાં ખરચવી...' ભારે પડે ? દા.ત. સો રૂપિયા ખરચ્યા, તો ૧૧૦ ખરચવાનો હિસાબ માંડતાં ભારી પડે ? તો કદાચ પૂછશો,-'

**પ્ર.**- એ તો ભારી ન પડે, પરંતુ માનો કે ઉપધાન પ્રતિષ્ઠા જેવા કાર્યમાં રૂા. ૭૦,૦૦૦ ખરચ્યા, તો ઉપર રૂા. ૭૦૦૦, ખરચવા ભારી ન પડે ?

**ઉ.**- તો શું ૭૦ હજાર ખરચ્યા તે તણાઈને ખરચ્યા ? મૂડી સાવ ખાલી કરી નાખીને ખરચ્યા ? જવા દો એ વાત. ૭૦ હજાર ખરચનારો મોટા ભાગે ડબલ-ત્રબલ-ચોબલ દાબીને બેઠો હોય છે. અને ! દસગુણા રાખીને કામ કરતો હોય છે. એ પણ હકીકત છે કે કાર્ય કરતાં ૭૦ ના ૮૦ હજાર લાગતા હોય તોય તેની તૈયારી હોય છે. એને ભાઈ ! સાત હજાર ખરચવામાં શું ભારી પડે છે ?

**પ્ર.**- પણ તે એટલા બધા ઔચિત્યદાનમાં જૈનેતરોમાં ખરચવાથી શો લાભ ? એમ ફેંકી દેવાના ?

**ઉ.**- ફેકી દેવાના ન બોલો. જૈનધર્મના જય-જયકારમાં Invest - રોકાણ કરી મૂકવાના છે. એમાંથી એ જૈનેતરોનાં દિલમાં જૈનધર્મ પ્રત્યે માન આકર્ષણ ઊભું થશે. એમનામાં બોધિનું બીજ વાવી દેવાશે, જેમાંથી અહીં નહિ તો ભવાંતરે એમનાંમાં જૈનધર્મ રૂપી પાક આવશે. આ મહાન લાભની આગળ સાત હજાર રૂપેડી શી વિસાતમાં હતી ? ઔચિત્યદાનનો મહિમા સમજો-

**ઔચિત્યદાન એ બોધિબીજનું મહાદાન છે.**

**ઔચિત્યદાનથી ધર્મની નિંદા અટકે.**

વાતવાતમાં ઔચિત્યદાન કરતા શીખો, પછી જોજો એનાથી તમારો ધર્મઉલ્લાસ કેટલો વધી જાય છે !

વાત આ હતી કે બજારમાં એસોસિએશન તરફથી ટીપ આવીને એમાં અલબત્ત ધર્મનું કામ નહોતું છતાં દેવું પડ્યું તો એ એમ સમજીને કે 'ન દઉં તો લોકો, મને કંજૂસ સમજી મારા ધર્મની નિંદા કરે; માટે ભૂતને બાકળા દેવા દે' આ સમજીને દે તો એ ઔચિત્યદાન છે, એથી ધર્મ નિંદા અટકાવવા બહારથી દીધું, તો શું એમાં 'અંદરમાં જુદું બહારમાં જુદું' એમ માયા કરી ? ના, માયા નહિ. ઔચિત્ય જાળવ્યું. માયા ત્યાં કે જ્યાં ધર્મનું લક્ષ્ય જ નહિ,. ધર્મની દૃષ્ટિ જ નહિ, ત્યારે પેલા રાજા અંદરથી પેલા બ્રાહ્મણ બાળકને પોતાનો વારસદાર થવાનો છે એ સાંભળી અંદરમાં એના પ્રત્યે દ્વેષ-નારાજી ઊભી થઈ, અને મારી નખાવવાનો વિચાર કરે છે, પરંતુ બહારથી રાજીપો દેખાડે છે કે 'વાહ ! બહુ ભાગ્યશાળી



બાળક !' આ માયા છે. કહો,-

**જે અંદરમાં જુદું અને બહારમાં જુદું એમાં સરવાળે ધર્મ હોય, ધર્મ રક્ષા હોય, ધર્મ પ્રભાવના હોય, એમાં માયાનું પાપ ન ગણાય.**

રાજાને અંદર કરતાં બહાર જુદું દેખાડવામાં સરવાળે ધર્મ નહિ, પણ નિર્દોષ બાળકને મારી નખાવવાની જ કુટિલ બુદ્ધિ છે. બહાર દેખાવ તો કર્યો કે 'વાહ ! સરસ ! આ બાળક આ ગાદી પર આવશે બડો ભાગ્યશાળી ! પરંતુ અંદરમાં સળવળ્યું કે 'આ ભિખારીનો પુત્ર શાનો મારો વારસદાર બને ? મરાવી નાખું આને,' એટલે ૪-૮ દિવસ પછી એક મારો તૈયાર કર્યો, અને સીફતથી સંધ્યાકાળ પછી એને ઉપાડી જઈ જંગલમાં ઠેકાણે પાડી દેવા કહી દીધું.

અહીં ત્રણ જણા છે, રાજા, મારો, અને બાળક. હવે જુઓ ત્રણેયનાં તત્ત્વ શું કામ કરે છે ! રાજા પાસે રાજ્ય સત્તા છે, એ રાજસત્તા એને બેફિકરપણે પોતાની નિર્દોષ પ્રજાનું જ કાટલું કઢાવી નાખવા કેવો અંધ બનાવે છે ! કેવો ક્રૂર અને કેવો ઘોર પાપમાં નિર્ભય બનાવે છે !

**સત્તા ભૂંડી, કેમકે અવસરે ગોઝારું કૃત્ય કરાવે.**

તમે કહેશો 'સત્તાથી સારાં કામ પણ થઈ શકે ને ?' પરંતુ તમને ખબર નથી કે એ ક્યારેક જે ગોઝારું કૃત્ય કરાવે છે, એ એટલા બધા રાગ કે દ્વેષના સંકલેશવાળું હોય છે. પાપમાં એટલી બધી નિર્ભયતાવાળું હોય છે, અને પાપ એવું અત્યંત અધમ હોય છે, કે એ બીજાં બધા સારાં કામ પર કૂચડો ફેરવી નાખે છે.

રાવણ કેમ મર્યો ? કેમ મરીને ચોથી નરકમાં ગયો ? રાજા સારો હતો, સારાં કામ કરનારો પરંતુ એક સીતાના મોહમાં પડ્યો, અને પાછળથી સીતાની શીલની મક્કમતા પર એનો મોહ ઊતરી ય ગયો, સીતા પાછી આપવી એવા નિર્ણયવાળો બન્યો પણ ખરો, તો પણ રાજ્યસત્તાની રૂએ અભિમાનમાં ચડ્યો કે 'આને એમ ને એમ ન જવા દઉં, પણ રામ લક્ષ્મણને યુદ્ધમાં હરાવી અહીં પકડી લાવીને રાજ્ય-સભાની વચ્ચે એમને સીતાનું દયાદાન કરું' બસ, આ અભિમાન પર લડ્યો, અને અંતે યુદ્ધમાં કપાઈ મરી પહોંચ્યો નરકમાં ! ક્યાં ગયું બીજૂં સારાપણું ? સારાં કામો ? કહો, રાજ્યસત્તાની રૂએ કરેલા એક ગોઝારા કૃત્યે બીજાં સારાં કામો પર એકવાર તો લેલો ફેરવી નાંખ્યો. રાજ્યસત્તા ભૂંડી.

અહીં રાજા રાજસત્તાનાં પાપે નિર્દોષ બાળકને મારી નખાવવા મારો તૈયાર કરે છે. રાજામાં આ અભિમાન અને ક્રૂરતાનું તત્ત્વ.

ત્યારે મારો પૈસાના લોભમાં એવું ગોઝારું કૃત્ય કરવા તૈયાર થાય છે. એનામાં લોભતત્ત્વ.

**ધન ભૂંડુ કામ ભૂંડો એ લોભ કરાવી અવસરે વિશ્વાસઘાત ઘાતકીપણું ઉપકારી પર અપકાર વગેરે ગોઝારું કામ કરાવે.**

કોણિકે રાજ્યસંપત્તિના લોભમાં ઉપકારી પિતા શ્રેણિકને જેલમાં પૂર્યા, અને એક સેચનક હાથી અને દિવ્યકુંડળના લોભમાં દાદા ચેડા મહારાજ સામે ખૂનખાર લડાઈ લડતો રહ્યો. આજે ય જુઓ છો ને કે ધનની પાછળ કેવાં કેવાં ગોઝારા કામ થાય છે. જૂઠ અનીતિ માયા, વિશ્વાસઘાત, મહાકર્માદાનના ધંધા, વગેરે ચાલે છે ને ? 'આજે ડાક્ટર બનીએ તો ધીકતી કમાણી' એ લોભમાં જૈનોના છોકરા પણ જીવતા પંચેદ્રિય દેડકા અને બીજા વિકલેંદ્રિય વાંદા વગેરે જીવતા જીવને સોયા ભોંકી ભોંકી ચીપિયાથી એની ચામડી વગેરે ઊંચી ઊખેડી એના શરીરની અંદરનું હલનચલન જુએ છે ને ? પોતે પોતાના શરીર પર આવા પ્રયોગ કરાવવા તૈયાર થાય ? માત્ર એક વાર પણ અંદર ઊંડે સોયો ભોંકાવી ચીપિયાથી ચામડી અને અંદરનું બહાર ઊંચકાવી જોવરાવવા તૈયાર થાય ? ના, ત્યારે પેલા જીવને બિચારાને તો અનેકવાર સોયા ભોંકે છે ! આ ગોઝારું કૃત્ય નથી ? ધનનો લાભ ભૂંડો

એમ કામ ભૂંડો, કામ વાસનામાં અંધમાણસ પત્નીનેખુશી રાખવા માબાપને દ્રોહ કરે છે. મહા ઉપકારી માબાપ પર પણ અપકાર કરે છે !

રાજાને સત્તાએ ભુલાવ્યો. મારાને ધને ભૂલવ્યો.

**સત્તા અને ધન બે ય તત્ત્વ ભૂંડા, પણ ધર્મ એ તારણહાર તત્ત્વ.**

**મારાનો વિચારપલટો :-**

જુઓ, પેલું બાળક પૂર્વેથી દેવદર્શનના ધર્મ તત્ત્વનું શરણું લઈને આવેલ છે, તેથી એ અહીં એ એને કેવો બચાવી લે છે. મારો સમી સાંજે બાળકને એના ઘર આગળ એકલું બેઠેલું જોઈ સહેજ લલચાવીને ઉપાડીને ઊઠાવી જાય છે.

મારો પહોંચ્યો ઝટપટ નગરની બહાર, ને અંધારું થઈ ગયેલું પણ ચાંદનીનો પ્રકાશ પ્રસરી ગયેલો, એમાં બાળકનું મુખ જુએ છે, ત્યાં એના મનને વિચાર આવ્યો કે 'અહો ! કેવું રમણીય મુખ ! કેવો નિર્દોષ ચહેરો ! શું આ બાળકે રાજાનું કશું બગાડ્યું હોય ? આવા નિર્દોષ બાળકને મારાથી કેમ મરાય ? રાજાના મનમાં ગમે તે હોય, પણ હું આવા નિર્દોષ જીવને મારવાનું ઘોર પાપ કાં કરું ? આને અહીં જ મૂકી દઉં, અને રાજાને કહી દઈશ કે 'કામ પતાવી નાખ્યું.'

મારાના મનમાં આ વિચાર શી રીતે આવ્યા ? રાજાએ જીવતા બાળકને મારી નાખવાનું જેને સોંપ્યું હશે તે માણસ જોઈને જ ને ? એવો ક્રૂર ઘાતકી જેવા



માણસ વિના ગભરું બાળકને કોણ મારી નાખે ? એવો આ માણસ અહીં દયા ખાય છે 'કેવું નિર્દોષ બાળક ! આને બિચારાને કેમ મારી નંખાય ?' આ દયાનો વિચાર ઘાતકી જેવા માણસને ?

**ઘાતકીને કોણ આ દયાનો વિચાર કરાવે છે ?**

બાળકે કોઈ આજીજી નથી કરી, રોકકળ કરી નથી, તેમ કોઈ ગુરુ મારાને ભેટ્યો નથી કે એને કશો ઉપદેશ આપ્યો નથી, તો દયાનો વિચાર કોણે કરાવ્યો? કહો,

બાળકના પૂર્વના પ્રભુદર્શનથી ઊભા થયેલા પુણ્યે આના દિલને દયાથી પીગળાવી નાખ્યું. પુણ્યેજ મારાને એવી છૂપી પ્રેરણા કરી કે મારો એને ઉદ્યાનમાં માળીના ઘર પાસે મૂકીને ચાલ્યો ગયો.

પુણ્ય કેવી ગેબી સહાય કરે છે ! સામા ઘાતકીને પણ દયાળુ બનાવી દે ! મોટા...રાજાના પણ હુકમને બાજુએ મુકાવી દે ! આ એકવાર બચવાનું થયું.

**હવે બચવાનો બીજો પ્રસંગ જુઓ.**

માળી ઘરની બહાર નીકળ્યો, ને આ બાળકને જુએ છે, જોતાં જ રૂપાળું બાળક જોઈ આકર્ષાઈ જાય છે. એના મનને એમ થાય છે કે 'અહો ! આ બાળક અહીં ક્યાંથી ? કોનું હશે ? આજુબાજુમાં જોઈ આવે છે. તો કોઈ દેખાતું નથી. 'લાગે છે કે કોઈએ એને ગમે તે કારણે ત્યજી દીધું હોય. ખેર ! પણ મારે તો ભાવતું હતું ને વૈદ્યે કહ્યા જેવું થયું. મારા દીકરા તરીકે જ રાખી લઉં.'

**માળણને આનંદ : બ્રાહ્મણીને પોક :-**

માળી બાળકને ઉપાડી લઈ આવ્યો ઘરમાં, અને બૈરીને આપતાં કહે છે 'લે તું ઓરતા કરતી હતી ને કે મારે છોકરું નહિ ? લે આ તારે છોકરો. જો કેવો આ દેવકુંવર જેવો છે ! આ ભગવાને જ તારા માટે અહીં મોકલી આપ્યો છે. ભગવાનનો પાડ માન કે તારે નવ મહિના પેટમાં વેઠવાની મહેનત વિના તૈયાર દીકરો મળ્યો.'

બસ, માળીની પત્નીને હરખનો પાર નથી, ઝટ બચ્ચાને લઈ છાતી સરસો ચાંપે છે, બચ્ચીઓ ભરી લે છે, પ્રભુનાં ઓવારણાં લે છે 'વાહ રે મારા દયાળુ ભગવાન ! કેવી તમારી દયા ! દેવકુંવર જેવો દીકરો આપ્યો ! પ્રભુ ! તમારા ઓવારણાં લઉં છું.'

ત્યાં બ્રાહ્મણના ઘરે પોક પડી છે;-'હાય ! બાળક ક્યાં ગયું ? આજુબાજુ તપાસ કરતાં ન મળી આવ્યું એટલે વિમાસણામાં પડ્યા કે શું કૂતરું બલાડું તાણી ગયું હશે ? બસ રોઈને મન વાળીને બેસી રહ્યા કે આ પણ આપણા ભાગ્યમાં નહિ.

આ પણ બાળકનું તેવું કર્મ કરાવે છે કે રાજદરબારે ધા નાખવાનું મન ન

થાય, ઢંઢેરો પિટાવાનું ન કરાવે, આખા નગરમાં હો-હા ન મચાવા દે. બધું એમજ પતી ગયું, ને બાળક માળીને ત્યાં ઊછરી રહ્યું છે.

**માળણપુત્ર રાજા થવાની ભવિષ્યવાણી :-**

એમાં વળી એ જરા મોટો થયો ત્યારે એક દિવસ માળણ રાજાને ફૂલો આપવા જાય છે ત્યાં આ બચ્ચાને સાથે લઈ જાય છે, ને એને રાજાને પગે પાડે છે. બરાબર એ વખતે પેલો જોષી સાથે બેઠેલો બાળકને જોઈ હરખી ઊઠીને કહે છે,- વાહ કેવો રાજયોગી બાળક !'

રાજા પૂછે 'કેમ જોષીજી ! હરખ્યા ?'

'મહારાજ ! આ બાળક અહીં રાજા થાય એમ લાગે છે.'

પાછો રાજા ચોંક્યો, 'હેં માળણનો દીકરો મારો વારસદાર ? બહારથી રાજીપો દેખાડ્યો, 'ઓહો ! તો તો આ બડો ભાગ્યશાળી !' પણ અંદરખાને સળવળાટ છે,-

'હેં ? શું ત્યારે ૩-૪ વર્ષ પહેલાં શું પેલા મારાએ બાળકને મારી નાખ્યો નહિ હોય ? અગર એ તો મરી ગયો, પરંતુ શું આ નીચા કુળનો બાળક મારી રાજ્યગાદી પર બેસવાનો ? તો તો મારી ઈજ્જત જ ખલાસ ! ને શું મારો વહાલો લાયક દીકરો મારી પછી રાજા નહિ થાય ? એ કાંઈ ચાલે નહિ, આ બાળકને ખત્મ કરાવી દઉં.'

**એક મનની અસત્ ગણતરી માણસને કેવો પછાડે છે !**

**જ્યોતિષ સામે વિચારમાં ઉભયથી ખોટી ગણતરી :-**

રાજા કેટલી કનિષ્ટ અધમાધમ વિચારણામાં ઊતરી જાય છે ! નિર્દોષ બાળકને મારી નખાવવો છે. સદ્ વિચારણામાંથી આ કેવી ભયંકર અસદ્ વિચારણામાં પછાડ ખાધી ? શાથી ? પોતાના મનની ખોટી ગણતરીના લીધે જ્યોતિષ બોલી રહ્યું છે કે 'આ બાળક રાજા થશે.' હવે જો એ ખોટું હોય તો ય એમ વિચારવું કે 'આ રાજા થાય એ બરાબર નથી' એ ખોટી ગણતરી છે; કેમકે રાજા થવાનો નથી ને વિચાર્યું કે કદાચ રાજા થાય, ને જો એ જ્યોતિષ સાચું હોય, તો હું એને મારી નખાવીને એને રાજા ન થવા દઉં' એ પણ ખોટી ગણતરી છે. આમ ઉભયથી ખોટી ગણતરી એને નરસા ભયંકર વિચારમાં પછાડે છે.

માણસ ચાલુ જીવનમાં પણ ખોટી ગણતરીમાં સારાથી નરસા વિચારમાં કેટલી પછાડ ખાતો હશે ?

**ચાલુ જીવનમાં ખોટી ગણતરીથી નરસા વિચારમાં કેટલી પછાડ ? :-**

મનને માન્યું કે 'આ મારો ભાઈ કે કાકો-મામો મારાથી વિરુદ્ધ વર્તી મારું



ખરાબ કરે છે માટે એનો સંબંધ તોડી નાખું એની સાથે સારાસારી રાખવાનું કામ નથી' આ શું કર્યું ? આ જ, ખોટી ગણતરી પર દ્વેષનો વિચાર. ગણતરી ખોટી એટલા માટે કે કદાચ ખરેખર તો પેલો વિરુદ્ધ ન વર્તતો હોય, પરંતુ પોતેજ ખોટી સુણી-સુણાઈ પર ઝેરિલી દૃષ્ટિ પર કે સ્વાર્થની દૃષ્ટિ પર ખોટું માની લીધું હોય. તો શું આ ખોટી ગણતરી નહિ ? પેલાની પરિસ્થિતિ પહેલાં સારી હોય એટલે એ કામમાં આવતો હોય, પણ હવે એના સંયોગ બદલવાથી એ આપણા કામમાં ન આવતો હોય, આમ આપણો સ્વાર્થભંગ થવાથી માણસ માની લે છે કે એ મારી વિરુદ્ધ વર્તે છે. અથવા પેલા વિશે ક્યાંકથી કશું બનાવટી સાંભળ્યું તેથી માની લે છે કે આ મારી વિરુદ્ધ વર્તે છે. અહીં કદાચ પૂછશો,-

**પૈસાથી કેટલી જાતની ઝેરિલી દૃષ્ટિ ?:-**

**પ્ર.-** પૈસા વધે એ ઝેરિલી દૃષ્ટિ કરાવે છે ?

**ઉ.-** હા, મારી પાસે કોઈ દુખિયારો માગવા આવે તો ? આ ભય એ ઝેરિલી દ્રષ્ટિ છે. એ 'મારા પૈસા કેમ પરોપકારમાં જાય, સુકૃતમાં જાય' એ અમૃતમય દૃષ્ટિ ન આવવા દે.

(૨) થોડા પૈસા વધતાં બીજા સારું કમાતા દેખીને ઈર્ષ્યા થાય છે કે આ શાનો વધારે કમાઈ જાય છે ? કરતો હશે કાંક ઓઠકોઠ. આ ઝેરિલી દૃષ્ટિ છે. એથી પ્રમોદભાવની અમૃતમય દૃષ્ટિ ન આવે. પ્રમોદ ભાવનો વિચાર આ, કે ભલે ને એ વધારે કમાયો મારો ભાઈજ છે ને ? એનાં પુણ્યે એ કમાય છે. મારું પુણ્ય દૂબળું હોય તેથી મને ઓછું મળે, એ યુક્તિયુક્ત છે. એમાં વળી ઈર્ષ્યા કરું તો પૂર્વના પુણ્ય કર્મની સ્થિતિ કપાય; ને નવું પાપ બંધાય એ વધારામાં. નિયમ છે,-

**અશુભ ભાવ જેમ (૧) અશુભ કર્મ બંધાવે (૨) પૂર્વબદ્ધ શુભ કર્મને અશુભમાં ફેરવી નાખે, સંક્રમણ કરે, તેમ (૩) સિલકમાં રહેલ શુભકર્મના સ્થિતિ-રસ ઘટાડી નાખે, સ્થિતિ રસની અપવર્તના કરે.**

કષાયના ભાવ ક્રોધ-અભિમાન માયા-લોભ મમતા તૃષ્ણા જડ પુદ્ગલના રાગ, પત્ની-પુત્રાદિના રાગ, વૈર વિરોધ અંટસ ઈર્ષ્યા-નિર્દયતા-અવિનય...વગેરે વગેરે ભાવો અશુભભાવ છે એ દિલમાં ઊભા કરો એટલે પાપબંધ, પાપસંક્રમણ પુણ્યના રસ-સ્થિતિમાં કાપ (અપવર્તન) થયા સમજો. વળી એના કુસંસ્કાર વધે એ જાુદું. ભૂતકાળમાંથી એવા કુસંસ્કારોનો જથ્થો તો લઈ આવ્યા છીએ. એમાં અહીં અશુભભાવ કરવાથી નવા કુસંસ્કારોનો વધારો થતો જવાનો.

પૂર્વના મહાન શ્રાવકો અશુભભાવોના આ મોટાં અનર્થ-નુક્સાન સમજતા હતા, તેથી જ જીવન એવું જીવતા, એવા શુભ ભાવોથી ભર્યું ભર્યું જીવતા, કે

અશુભભાવને જગા જ ન મળે, અશુભ ભાવ કરાવે એવા સંયોગો તો આવે, પરંતુ સમજતા હતા કે 'આ અનિષ્ટ સંયોગના બહાના હેઠળ સામા પ્રત્યે અશુભભાવ કરીશ તો મને બચાવ નહિ મળે; પણ મારા આત્મામાં અશુભકર્મના બંધ વગેરે ચાલવાનું તો શા સારું એવી મૂર્ખાઈ કરું કે બીજાના વાંકે હું દંડ લઉં ?'

**"સંયોગો પુણ્ય-પાપને આધીન છે. શુભા-શુભ ભાવ આત્માના પુરુષાર્થને આધીન છે."**

**"આત્મા સંયોગ મળવામાં પરાધીન છે. પણ અશુભ ભાવ રોકી શુભ ભાવ કરવામાં સ્વતંત્ર છે."**

**નુકસાનમાં કયાં શુભ ભાવ ?:-**

તો શા માટે મારા હાથની શુભ ભાવની સારી વસ્તુ જતી કરું જેના લાભ અપરંપાર છે ?

જોજો, ખરાબ સંયોગનાં નુક્સાન નહિવત છે, એની સામે એ નભાવી લઈ શુભ ભાવ રખાય તો લાભ અપરંપાર છે.

કોઈ લાખ રૂપિયા લૂંટી ગયું, યા ભાગીદારોએ દગો કરીને આંચકી લીધા, એનું નુક્સાન કદાચ માનો ને જીવનભરની શ્રીમંતાઈ ગઈ, એટલું જ નુક્સાન, પરંતુ ત્યાં દિલમાં જો ધન અને શ્રીમંતાઈ પર વૈરાગ્ય આવે, સામા પર ક્ષમા કરુણા ઊભરાય કે બિચારો મારા પૈસાના નિમિત્તે ઘોર પાપકર્મ બાંધી ગયો ! એના આ ઘોર પાપના ઉદય વખતે એનું બિચારાનું શું થશે ?' આવી કરુણા ઊભરાવી અને 'ભગવાન સાચું જ કહે છે કે પૈસા ભૂંડા,' આમ વૈરાગ્ય જાગતો કર્યો, ક્ષમા, કરુણા જિન વચન પર શ્રદ્ધા...વગેરે શુભ ભાવ કર્યો, એના લાભનાં લેખાં નહિ.

**રામના શુભ ભાવ :-**

કૈકેયીએ ભરત માટે રામને મળતું રાજ્ય પડાવી લીધું, તો રામચંદ્રજીએ શું કર્યું ? એના પર ગુસ્સો કર્યો ? પોતાના રાજ્યહકનો દાવો (અભિમાન) ઉઠાવ્યો? જોઈએ, ભરત કેવું રાજ્ય કરે છે,' એવો એના પર દ્વેષ...ઈત્યાદિ કષાય અશુભભાવ કર્યા ? ના, એમણે તો ઉપરથી વનવાસ માગી લીધો. કેમ વારુ ? જાણે છે, પોતાની અહીં હાજરીમાં ભરત ગાદી નહિ લે, તે ભરત રાજ્યગાદી સ્વીકારે એટલા માટે જાતે વનવાસ માગી લીધો ! ચાલ્યા વનમાં ને ત્યાં એક દિવસ પણ યાદ ન કર્યું કે 'હાય ! મારે રાજ્ય ગયું ! કૈકેયી-ભરત પર દ્વેષ તો નહિ કિન્તુ લેશ પણ શોકનો ય અશુભ ભાવ નહિ.

હવે જાુઓ બનેલા સંયોગથી પોતાને નુક્સાન કેટલું ? રાજ્ય ગયું અને રાજ્ય સાથે સાહ્યબી-વિલાસ ગયા એટલું. પણ શુભ ભાવથી લાભ કેટલો (૧)



મહાન ત્યાગ થયો, અને (૨) પિતાના મહાન વિનયથી ઈતિહાસમાં અમર થઈ ગયા. (૩) કુટુંબમાં કલેશ ન થવા દીધો. માતા કૌશલ્યા રોતા હતા 'હાય ! મારો છોકરો રાજા બનવાને બદલે જંગલમાં ભટકતો ફરે ?' એને રામે હસતા કરી દીધા ! શી રીતે ? શુભ ભાવના બળ ઉપર.

**રોતા કૌશલ્યાને રામે શું કહ્યું ? :-**

રામ કહે છે, 'મા ! આ તું શું કરે ? ગૌરવ લઈ રાજી થવાને બદલે રોવાનું ? આપણા ઈક્ષ્વાકુંવંશમાં એક પણ રાજા બેવચની બન્યો નથી. બોલેલાં વચન પાળ્યાં છે. આ મારા પિતાજીએ કૈકેયીને પૂર્વે આપેલા વર મુજબ એના વર માગવાના હિસાબે ભરતને રાજ્ય દઈ દીધું, પણ ભરત મારે અહીં છતે રાજ્યગાદી સ્વીકારવા તૈયાર નહિ.' તો શું એમનું વચન ફોક જાય ? પિતાજીનું વચન બરાબર પળે એટલા એટલા માટે મેં વનવાસ માગી લીધો. એટલે હવે ભરતને રાજ્ય લેવું જ પડશે, ને પિતાજીનું વચન પળાશે. તો પછી તારે તો ગૌરવ લેવું જોઈએ કે 'હવે ભરતને રાજ્ય લેવું જ પડશે, ને પિતાજીનું વચન પળાશે. તો પછી તારે તો ગૌરવ લેવું જોઈએ કે 'વાહ મારો દીકરો વનમાં જાય છે તેથી મારા પતિનું વચન ફોક નહિ જાય,. અને ઈક્ષ્વાકુ વંશની પ્રતિષ્ઠા અખંડ જળવાઈ રહેશે !'

આ સાંભળતાં જ કૌશલ્યા હસી પડ્યાં, રામની પીઠ થાબડી, પણ આ બધું કયારે ? રામના દિલમાં કૈકેયી પ્રત્યે દ્વેષ નહિ, પણ પિતાનું વચન બરાબર પળાવું જ જોઈએ,' એવો વિનય-વિવેકનો શુભભાવ જાગ્યો ત્યારે. ને એમાં વનવાસ સ્વીકારી મહાત્યાગનો શુભભાવ અપનાવી લીધો ત્યારે.

આજે તમારે જાુઓ, ક્યાંક ભાઈ બેન બનેવી કાકા મામા સાથે સંઘર્ષનો પ્રસંગ ઊભો થયો, એમાં જો આ રામનું દૃષ્ટાંત નજર સામે લાવો, તો કોઈ એના જેવો મહાત્યાગ મહાખોટ વહોરી લેવા જેવું નથી. તો પછી જે કાંઈ થોડા ત્યાગ કરો, એમની અપેક્ષાએ થોડું જતું કરવાનું કરી શુભભાવ ટકાવી રાખો એમાં શું બહુ આત્માનું બગડી જાય ?

**શુભભાવોની મહાકિંમત સમજાવી જોઈએ.**

અરે ! બગડી ન જાય, પણ શુભભાવો સારો પુણ્યબંધ, પાપનું પુણ્યમાં સંક્રમણ (પરિવર્તન), શુભરસનું ઉદ્‌વર્તન, અશુભના રસનાં અપવર્તન (કતરામણ), શુભના સંસ્કારોનો સંચય, વગેરેના મહાન લાભ નજરમાં આવવા જોઈએ. આટલું જ નહીં વિચારો, 'જે આ ભવમાં જ અશુભ સંસ્કારો તોડવાની અને શુભ સંસ્કારોનો જથ્થો ભેગો કરવાની અનુપમ તક છે શું એ જ ભવમાં ઊંધા વેતરણ કરવાના ? અશુભ સંસ્કારો જ વધારે એવા અશુભભાવ કરવાના ? શુભભાવની અણમોલ તક

ગુમાવવાની ? તક વેડફી નાખવાની ?

**પૈસા ઝેરિલી દૃષ્ટિઓ આપે છે.**

અનેકાનેક પ્રકારના આરંભસમારંભ કરવાનું મન શાના ઉપર થાય છે ? પૈસા ઉપર. પાસે પૈસા ન હોય, તો શું કરે ? કહે છે ને કે 'મિયાં મશાલા વિના શું કરે ?' તો ય જીવ ઘેલિયો છે. પાસે પહોંચતું ન હોય તો ય બેઠો બેઠો આરંભ-સમારંભના તરંગો કર્યા કરે છે, તે ય શાની ખાતર ? પૈસા ખાતર. અરે ! પોતાને મળવાની આશા જ નહિ હોય તો પણ વિચારશે કે 'આણે બંગલો સરસ બાંધ્યો!' 'ફલાણાને વેપાર કરતાં નથી આવડતો એટલે શું રળે રાખ ? વેપાર તો આમ કરવો જોઈએ.' આ ફલાણે મૂડી નકામી એમ ને એમ રાખી બેઠો છે. આજે તો ધંધા ઘણા. આવી આવી જાતના થઈ શકે' આવા વિચાર શાના અંગે ? પૈસા માલ-મિલકત અંગે. પૈસા ચીજ જ એવી છે કે આરંભ-સમારંભ વગેરે પાપના વિચાર એના અંગે જ કરાવે.

**માણસ મનની ખોટી ગણતરી પર આવા પાપના ભયંકર વિચારો કરે છે.**

મનથી માની લે છે કે 'આમ કરીએ એટલે આમ લાભ થાય.' આ ખોટી ગણતરી છે કેમકે એને ખબર નથી કે 'માથે કર્મસત્તા મોટી બેઠી છે. એમાં કર્મ જો નરસા હોય તો ધારેલું કશું સીઝે નહિ, ને પાપ માટે પડે, એ જુદું,

જાુઓ, પેલો રાજા માની લે છે કે 'હું આ હલકા કુળના બાળકને મારી ગાદીએ ન આવવા દઉં. એને આવી રીતે મરાવી નાખું' અને એ માટે પ્રયત્ન કરે છે. પરંતુ બાળકનું જિનદર્શનથી ઉપાર્જેલ પુણ્ય જબરું છે, તેથી રાજાનો પ્રયત્ન નિષ્ફળ જાય છે. એટલે શું થયું ? રાજાને પાપ તો માથે જ પડ્યું ને ?

રાજાએ માળણનો છોકરો પોતાનો વારસદાર થવાનો છે એ સાંભળી એ મહેલમાં જઈ વિચાર કર્યો 'શું ત્યારે પેલો બ્રાહ્મણનો જ છોકરો આ તો નહિ ? શું મારાએ એમ જ છોડી દીધો હશે ? અથવા એ તો મરાઈ ગયો પણ હવે આ નવો વારસદાર પાક્યો ? ગમે તે હો, પણ હવે આને જીવતો ન રહેવા દેવાય.'

બસ, એમ વિચારી એક વિશ્વાસુ લાગતા કઠોર દિલના માણસને આ માળણના છોકરાને દૂર જંગલમાં ઉપાડી જઈ મારી નાખવાનું કામ સોંપ્યું.

રાજા પોતાના મનની ખોટી ગણતરી પર બાળકને મારી નખાવવાના ભયંકર કૃત્ય પર જાય છે, પરંતુ કહે છે ને રામ રાખે તેને કોણ ચાખે ? રામ એટલે પરમાત્મા, પરમાત્માની ભક્તિથી ઊભું થયેલું પુણ્ય. એ રખેવાળ હોય ત્યાં કોણ શિકારી પશુ એને જીભ પણ અડાડી શકે ? કોણ એનો વાળ વાંકો કરનાર છે ?

બાળક ભલે ને બીજા મારાને સોંપાયો, પરંતુ એ જ્યાં બાળકને માળીના



આંગણમાંથી છૂપી રીતે ઉઠાવી ઘોડા પર લઈ જંગલમાં ચાલ્યો, ત્યાં દૂર માઈલો નીકળી જતાં બાળક ભૂખ્યું થયું, તે રોયા કર્યા વિના મોંઢું ફેરવી એની દાઢીમાં હાથ ઘાલી કાલી ભાષામાં કહે છે 'કાકા ભૂખ લાગી છે. લાડુ મળશે ?'

ઘોડેસ્વાર એનો નિર્દોષ પ્રેમાળ સુંદર ચહેરો, અને એની મીઠી વાણી સાંભળી પીગળી જાય છે, એના મનને થાય છે કે 'અરે! આવા નિર્દોષ બાળકને મારી નાખવાનું ઘોર પાપ મારે કરવાનું ? આ તો ભગવાનનું સ્વરૂપ લાગે છે, આને કેમ મારી નખાય ? હા, રાજાએ મને સોંપ્યો તે સારું કર્યું, નહિતર કોઈ નાદાન માણસને સોંપ્યો હોત તો આ બિચારાને મારી જ નાખત. પરંતુ બાળકનું ભાગ્ય જ જોર કરતું હોય ત્યાં એવાને શાનો સોંપાય ? મને આની દયાનો વિચાર આવે છે એ સૂચવે છે કે આનું ભાગ્ય જોર કરે છે. તો પછી આને અહીં ક્યાયં ઠીક સ્થાને મૂકું તો એના ભાગ્યના જોરે કોઈ પાલક મળી જશે.

ઘોડેસ્વાર સીધી લાઈનનો વિચાર કરે છે, પોતે દયા કરીને પોતાની વડાઈ નથી માનતો, પરંતુ બાળકના સદ્ભાગ્યની વડાઈ, ભાગ્યવંતા બાળકની વડાઈ માને છે.

**દયા-પરોપકાર-સેવા કરવા સહેલા; પરંતુ એમાં સામાની વડાઈ માનવી કઠિણ.**

પૂર્વ પુરુષો એવા હતા, યાચકને દાન કરીને યાચકની વડાઈ માનતા; કહેતા કે 'ભાઈ તેં ઠીક ઉપકાર કર્યો કે મને દાન ધર્મનો લાભ કરાવ્યો. તારા જેવો લેનાર ન હોત તો હું છતે ધને કયાંથી દાન કરવા પામત ?

વીર ભામાશાએ દરિદ્ર બની ગયેલા રાણા પ્રતાપને વર્ષો સુધી લશ્કર નભે એટલું ધન આપ્યું. કેટલો મોટો પરોપકાર ! છતાં એ કરીને ભામાશા રાણાને શું કહે છે ? આ જ

'આપ આનાથી આર્ય સંસ્કૃતિનું રક્ષણ કરવાના. એમાં નિમિત્ત બનવાનો મને લાભ આપો છો એ આપનો હું મહાન ઉપકાર માનું છું.

પરોપકારમાં સામાનો ઉપકાર માનવાની વાત હતી. એના બદલે જો સામા પર પોતાના ઉપકાર મનાવવા અભિમાનથી દયા દાન કરવાની વાત હોત તો કદાચ રાણો પ્રતાપ એના ધનને સ્વીકારત કે કેમ એ સવાલ છે. અને ન સ્વીકારે તો દાન ક્યાંથી થાય ? પરોપકાર ઝીલનાર ન મળે તો પરોપકાર શી રીતે કરી શકવાનો ?

**લેનાર વિના દાન અશક્યનો દાખલો :-**

અમેરિકાના મહાકંજુસ તરીકે પ્રસિદ્ધ અબજોપતિ રોકફેલરને અંત સમયે બુદ્ધિ ફરી, મનને થયું કે 'અરે ! હું આ અબજોનું ધન એમ જ મૂકીને મરીશ ? એના કરતાં લાવ એને ચેરીટીમાં - ધર્માદામાં આપી દઉં.'એમ વિચારી અમેરિકાના લોકહિતકારી સંસ્થાઓના લિસ્ટ મંગાવી એકેક સંસ્થાના નામના ૫-૫ હજાર ડોલરના ચેક ફાડ્યા, અને તે સંસ્થાઓને મોકલી આપ્યા. પરંતુ દરેક દરેક સંસ્થાવાળાએ Refased with honour માન સાથે ઇન્કાર કરી ચેકો પાછા વાળ્યા. બોલો આ સ્થિતિમાં રોકફેલરને પરોપકારનું ઘણું મન હોવા છતાં પરોપકાર શી રીતે કરે ?

આ વાત છે પરોકાર કરી સામાનો ઉપકાર સામાની વડાઈ માનવાની છે.

એવું સેવા કરવામાં,-

**જેની સેવા કરી એના પર પોતાનો પાડ નહિ ચડાવવાનો; પોતાનો ઉપકાર નહિ મનાવવાનો, પણ પોતે એનો ઉપકાર માનવાનો, એની વડાઈ માનવાની.**

સાધુને વહોરાવીને શું બોલો છો ? 'મેં આપને સારો લાભ આપ્યો' એવું ? કે 'આપે મને સારો લાભ આપ્યો.' એવું ? સાધુની સેવા તમે કરી, સાધુને આપ્યું તમે, છતાં સાધુને કહો છો 'આપે મને બહુ સારો લાભ આપ્યો, આપનો ઉપકાર માનું છું.' કેમ વારુ ? સમજો છો કે લેનાર સાધુ જ ન હોત તો છતી વસ્તુએ સુપાત્રદાનનો લાભ આવું બધે માનવાની તૈયારી છે ? માબાપની સેવા કરીને માનો ખરા કે 'માતાપિતાએ મને સેવાનો લાભ આપી મારા પર બહુ ઉપકાર કર્યો ? કે એમ મનાવો 'આ તો હું તમારું આટલું કરું છું. બીજા તમારા છોકરા કોણ તમારું કરે છે ?' બેમાં ફરક કેટલો ?

**સામાની વડાઈ અને જાતવડાઈમાં ફરક :-**

સેવામાં પોતાની વડાઈ માનવા જતાં કરકસર બાદબાકી કરાશે, અને અવસરે સેવા બંધ થઈને ઊભી રહેશે; ત્યારે સેવામાં સામાની વડાઈ માનવામાં સરવાળો ઉદારતા રહેશે છતે સાધન-સંયોગે સેવા કદી મૂકાશે નહિ.

આનું કારણ સ્પષ્ટ છે કે સેવા કરી પોતાની વડાઈ લેવામાં તો કરકસરથીય સેવા કરવામાં વડાઈ તો મળે જ છે, પછી ઉદારતા શા માટે કરવી ? અને સામેથી કદાચ કડવો બોલ આવ્યો તો સેવા પડતી ય મૂકાય, મનને એમ થાય કે 'કરીએ કરીએ ને ઉપરથી સાંભળવાનું ? ઘેર ગયું એ કરવાનું. બીજાનું કરીશું તો વડાઈ મળશે.' માત્ર આ લોકનાં હિત પર, આ જનમની વડાઈ પર દૃષ્ટિ છે. તેથી



સેવાને કરકસરનો રોગ અને મોત લગાડી દે છે.

સેવામાં સામાનો ઉપકાર માનવામાં પરલોકહિત નજર સામે છે 'મને આ સેવાનો લાભ આપે છે તેથી મારે કૃતજ્ઞતા ગુણપૂજા અને પુણ્યનો લાભ મળે છે.' આ ભાવ હોય એટલે સેવામાં સારી ઉદારતા રહે.

**સેવામાં તુચ્છ પૈસા જઈને મહાન કૃતજ્ઞતા મહાન ગુણપૂજા ને મહાન પુણ્યનો લાભ મળતો હોય, તો ઉદારતા કેમ ન કરવી ?**

અત્યાર સુધી સ્વાર્થની માયામાં કરેલા ઊંધા વેતરણને ફેરવીને સીધાં વેતરણ કરો તો જ આ ભાવ આવે.

સીધું વેતરણ આ,-

**સેવામાં પોતાનું મહાન પરલોકહિત સધાવી આપવાનો સામાનો ઉપકાર માનો**

પરમાત્મા જેવાની સેવા કરવામાં પણ આ લક્ષ્ય નથી એટલે ભગવાનની વડાઈને બદલે આપ-વડાઈનાં નાટક કરાય છે. પૂજા-આંગીમાં પોતાનું નામ બોર્ડ પર ચડાવો છો એ શું છે ? મંદિરમાં પોતાના નામની તકતી લગડાવો છો એ શું છે ?

**પ્ર.**- બીજા અનુમોદના કરે ને ?

**ઉ.**- અરે ! એ તો અનુમોદના કરીને તરશે ત્યારે ખરા, પણ તમે આપવડાઈ અને ભગવાન પર ખોટો ઉપકાર મનાવી ડૂબી જશો એનું કેમ ? તમારે બીજાને અનુમોદના જ કરાવવી છે ને ? તો બોર્ડ પર લખાવો 'એક ભગવાનના દેવાદાર તરફથી આંગી-પૂજા થશે.' તકતી લગાવે,-'ભગવાનનો ઘણો માલ દાબી થોડું કાઢનાર એક મુફલીસ તરફથી આ દેવાનું થોડું વળતર.' શું આમાં અનુમોદના નહિ થાય ? તમારું નામ લખાવો તો જ અનુમોદના થાય ? ચાળા છે ચાળા; અંતરમાં નામ લખાવી જાતવડાઈ જોઈએ છે, ને બહાનું કાઢવું છે અનુમોદનાનું, મનની ચોરી છે. ત્યારે વિચારો, 'આ જીવનો ઉદ્ધાર ક્યારે થશે ?

**ભગવાનની સેવા-ભક્તિ કરો એમાં ભગવાનનો પાડ નથી માનવો તો ઉદ્ધારની દૃષ્ટિ દૂર છે.**

**ભગવાનનો પાડ ઉપકાર આ રીતે કે-**

(૧) સામે અરિહંત ભગવાન છે તો જ જગતમાં ઉચ્ચ ગણાતી અરિહંત ભક્તિનો લાભ મળે છે; માટે આલંબનભૂત અરિહંત પરમ ઉપકારી છે.

(૨) અરિહંતે આ તારણહાર ભક્તિનો માર્ગ બતાવ્યો તો જ ભક્તિ કરવાની ગમ પડી; માટે માર્ગદર્શક અરિહંત પરમ ઉપકારી છે.

(૩) અરિહંતદેવના પ્રતાપે આ સારા માનવભવમાં આવ્યા, તો જ આ ભક્તિ કરી શકીએ છીએ. માટે ઉચ્ચભવ અપાવનાર અરિહંત પરમ ઉપકારી છે.

(૪) અરિહંતને પોતાને તમારું કશું જોઈતું નથી એટલે જ અધિકાધિક ભક્તિ કરવાનું મન રહે છે. એ જો સ્પૃહાળુ હોત તો તમારા ભક્તિના ભાવ એવા ટકત કે વધત નહિ. નિઃસ્પૃહી ત્યાગી તરફ લોકદિલથી ઝૂકે છે.

આટલું જો મન પર લો, તો પ્રભુની સેવા-ભક્તિ કરીને પોતાની વડાઈનું બોર્ડ લગડાવતાં કે જાહેરાત કરતાં શરમ આવે, પાગલતા લાગે. જાતનાં બોર્ડ, પ્રશંસા વગેરેમાં પડનાર બેશરમ છે, અજ્ઞાન છે, મૂઢ છે. વાત આ છે,

**સેવા કરીને સામાનો ઉપકાર માનો, એ ચમત્કારનું કાર્ય કરશે.**

દીકરાને કહો 'જો ભાઈ ! આ અમે તારા પર ઉપકાર નથી કરતા, પરંતુ એક સારો ધર્મી આત્મા તૈયાર કરવાનો લાભ તું અમને આપી રહ્યો છે;' તો એની દીકરા પર ચમત્કારિક અસર પડશે. દીકરા પર બધો ખરચ કરતાં કહેતા રહો 'જો આ બધો ખરચો કરીએ છીએ એ તું સારો ધર્માત્મા બને એટલા માટે;' તો એ દીકરો ધર્માત્મા બનવા પ્રયત્ન કરશે, કેમકે એ સમજે છે કે 'હું ધર્માત્મા બનું એથી માતાપિતા રાજી થાય છે.' એમ પ્રારંભે લાલચથી પણ ધર્મ કરતાં કરતાં એ ધર્મથી ભાવિત થવાનો એમ કરતાં સાચો ધર્માત્મા બનશે.

પાડોશીનું કોઈ કામકાજ સેવા કરી એને કહો 'આ તમે મને સારો સેવાનો લાભ આપ્યો, તમારો આભાર માનું છું. તમારી મારા પર દયા છે, મહેરબાની છે;' તો એ પાડોશીના દિલમાં તમે કોતરાઈ જશો.

સેવા ધર્મને આટલા માટે જ પરમગહન કહે છે.

**'सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ।'**

**સેવાધર્મ પરમ ગહન કેમ ? :-**

સેવા ધર્મ અત્યંત ગહન છે, જે યોગીઓને પણ ન સમજાયા, ન લભ્ય થાય એવો છે. કેમ વારુ અત્યંત ગહન ? એટલા જ માટે કે એમાં આપણે બીજાની સેવામાં તન-મન-ધનથી તૂટી મર્યા પછી પણ માનવાનું છે કે 'એણે આપણા ઉપકાર કર્યો, બોલો, બીજાનું આપણે ઘણું કર્યું ? તો ત્યાં શું આપણે એના ઉપર ઉપકાર કર્યો ? કે એણે આપણા પર ? આપણે ઘણું, પૈસે ટકે ઘસાયા આપણે, છતાં આપણા પર ઉપકાર એણે કર્યો !' આ વાત ગળે ઊતરે એવી વાત નથી. એટલે જ સેવા ધર્મ પરમ ગહન છે. યોગીઓ બીજાને ઉપદેશ આપે, છે પતિતમાંથી પાવન કરે, પછી 'મેં એનું ભલું કર્યું' એમ મનને લાગવાને બદલે એણે મારું ભલું કર્યું. એવું યોગીઓને ય લાગવું મુશ્કેલ છે.

**યોગીઓને અગમ્ય કેમ ? :-**

**પ્ર.**- વાત તો સાચી ને કે યોગીએ પતિતનું ભલું કર્યું ? દીવા જેવું એ સ્પષ્ટ



દેખાય છે. ત્યાં પતિતે યોગીનું શું ભલું કર્યું ?

ઉ.- પતિતની દૃષ્ટિએ એ બરાબર છે કે 'મારું યોગીએ ભલું કર્યું.' આપણી દૃષ્ટિએ પણ એ બરાબર છે કે 'પતિતનું યોગીએ ભલું કર્યું.' પરંતુ યોગીએ પોતાની દૃષ્ટિએ આ માનવાનું છે કે 'પતિતે મારા પર ઉપકાર કર્યો,' કેમકે મહર્ષિઓએ મારા સુધી પહોંચાડેલ હિતમાર્ગ હું આગળ ચલાવું તો કૃતાર્થ થાઉં એટલે મારી પાસેથી હિતમાર્ગ પતિતે ઝીલી મને કૃતાર્થ કરવાનો ઉપકાર કર્યો. મહર્ષિઓ તરફથી હિતમાર્ગ મને મળ્યો એ એટલો બધો એમનો મારા પર ઉપકાર થયો, તો હવે મેં શું કર્યું ? હું એને આગળ વહેતો રાખું તો હું કૃતકૃત્ય થાઉં. પણ વહેતો રાખવા એને ઝીલનાર તો કોઈ જોઈએ ને ? આ ભાગ્યશાળીએ એ ઝીલ્યો ને મને કૃતાર્થ બનાવ્યો.'

બોલો, યોગીને ય આવું મનમાં ઝટ કેમ બેસે ? પણ હકીકતે સાચું છે કે નહિ ?

**'સેવા ઝીલનારો એ ઉપકારી,' એ સાચું કેમ ?**

**પ્ર.**- આ તો ઊંચુ દેખાય છે. 'સેવાકારી એ ઉપકારી' ને બદલે સેવા ઝીલનારો ઉપકારી ?

ઉ.- હા, સેવા કરનારો એમ માને કે મેં આના પર ઉપકાર કર્યો.' તો એમાં ભલે સામાને તો ઉપકાર થયો એમ લાગે, પરંતુ આ સેવા કરનારને પોતાને 'મેં કર્યો' એમ અભિમાન આવ્યું; ને હિતમાર્ગ તો એ પરમાત્માએ આપ્યો' માનવું જોઈએ, એના બદલે એ મેં આપ્યો માનવું એ ખોટી માન્યતા છે. ત્યારે, સેવા કરીને એને જો એ સેવા કરવા પર જ અહંકાર અને મિથ્યા માન્યતા પોષાતી હોય તો 'સેવા કરી' એ જાતને ફળી કે ફૂટી ? કહો છો ને કે જેનું છેવટ સારું એ સારું ? અહીં સેવાનું છેવટે અહંકાર અને મિથ્યા કલ્પનામાં આવ્યું. તો એ પોતાને માટે સારું કયાં રહ્યું ?

એના બદલે જો સેવા કરીને એમ મનાય કે 'મેં શું કર્યું છે ? હિતમાર્ગ મારો થોડો છે ? એ તો પરમાત્માનો બતાવેલો છે, એટલે બારોબાર એમનું બંડલ સામાને પહોંચાડ્યું. એમાં એને હિતમાર્ગ મેં આપ્યો ને ઉપકાર કર્યો એમ કેમ મનાય ? જો આવું મનમાં આવે તો તો અહંકાર અને મિથ્યા કલ્પનાથી બચી જવાય.

વ્યવહારમાં જુઓ, ઘરેથી બહાર જતા હો, પાડોશીએ તમને સારા માણસ માનીને રૂા. ૧૦,૦૦૦નું બંડલ આપી કહ્યું બજારમાં અમુક વેપારીને આપી દેજો, તમે એ બંડલ લઈ જઈને એને પહોંચાડો, ત્યાં શું એમ માનો કે 'મેં એને દસ હજાર રૂપિયા આપવાનો ઉપકાર કર્યો ?' ના, ઊલટું સામો કદાચ કહેતો હોય કે 'સારું કર્યું અણીના અવસર પર તમે મને રૂા.૧૦) હજાર આપ્યાં,' તો સજ્જનતાની

રૂએ તમારે કહેવું પડે કે 'ના ભાઈ ના, આ મેં નથી આપ્યા આ તો પાડોશીએ આપ્યા છે. સારું કર્યું તમે જમે કરીને મને જોખમથી મુક્ત કર્યો તમારો ઉપકાર.'

**યોગી શું માને ? :-**

બસ, એવી રીતે યોગી માને કે 'આ હિતમાર્ગ તો પરમાત્માનું બંડલ, એ સામા ધણીને પહોંચાડ્યું એણે મને પરમાત્માના મારા પરના ઉપકારના ભારથી કાંઈક મુક્ત કર્યો, પરમાત્માની પ્રત્યે કૃતજ્ઞતા અદા કરવા મને તક આપી, મારી પાસે કૃતજ્ઞતા અદા કરાવી, એ એનો મારા પર ઉપકાર.' આ માને તો જરાય અહંકાર ન થાય.

**અહંકાર-મિથ્યા કલ્પનાથી કેમ બચાય ? :-**

આમ, હિતમાર્ગનો ઉપદેશ યોગીએ કર્યો, ને પતિતને પાવન કર્યો, પણ યોગી પોતે માને કે 'સામાએ મને પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞ બનવાનો ઉપકાર કર્યો, તો ત્યાં પછી અહંકાર શી રીતે ઊભો રહે કે મેં એનું ભલું કર્યું ? મિથ્યા કલ્પના શાની ઊભી રહે કે પરમાત્માનો નહિ, પણ મારો હિતમાર્ગ મેં એને આપ્યો ?'

**ધનથી સેવામાં શું માનવું ?:-**

બસ, હિતમાર્ગની જેમ ધન-ખાનપાન-ચાકરી-દવા વગેરેથી સેવા કરવામાં પણ આ માનવાનું છે કે 'સામાએ મારા પર ઉપકાર કર્યો.

**પ્ર.-** આપણું ધન આપણે સામાને આપ્યું એમાં ઉપકાર એણે કર્યો ?

**ઉ.-** મૂળમાં આ જ મોટી ભૂલ છે. ધન આપણું શાનું ? ધન તો પરમાત્માનું પૂર્વભવે પરમાત્માની ભક્તિ કરી હશે, પરમાત્માની આજ્ઞાનું પાલન કર્યું હશે. તેથી અહીં ધન મળ્યું, એ પરમાત્માના પ્રભાવે મળ્યું. એમાં ય પરમાત્માની ભક્તિમાં તો પૂર્વે કેટલું ખરચેલું ? ને અહીં મળ્યું કેટલું બધું ? એ શું આપણે દેવાના બદલામાં મળ્યું ? શું શાલિભદ્ર એમ માને છે કે 'મારી થાળી ખીરના દાનનો આ દેવતાઈ વૈભવ એ બદલો છે એ મારા દાનની વડાઈ મારી વડાઈ છે ?' આ માનવું મૂર્ખતા છે. વડાઈ ગુરુની, ઉપકાર ગુરુનો કે એમણે જ દાન સ્વીકાર્યું તો આ ફળ મળ્યું એમ વડાઈ પરમાત્માની, ઉપકાર પરમાત્માનો.

હવે જ્યાં અહીં મળેલું ધન પરમાત્માનો જ માલ છે, ત્યાં માનવું કે 'મારું ધન' એ જ પહેલી મિથ્યા કલ્પના છે. પછી 'આપણું ધન સામાને આપીએ એ સામા પર ઉપકાર આપણે કર્યો' એ માનવું એ બીજી મિથ્યાકલ્પના છે. જો આને ઉડાવી દઈએ, ને એ કલ્પના કરીએ કે,

**"પરમાત્માનું ધન આમ તો મારે હાથે ષટ્કાયજીવ સંહાર અને વિષયવિલાસ તથા સંરક્ષણના અહંત્વ-મમત્ત્વ તથા આર્ત-રૌદ્ર-ધ્યાન પોષવામાં જવાનું હતું, એમાં**



**સામાએ મારું દાન સ્વીકારી મને એ પાપોમાંથી એટલો બચાવી લીધો, મારા પર ઉપકાર કર્યો."**

જો આ કલ્પના કરીએ તો મિથ્યાકલ્પના-અહંકાર વગેરેથી બચી જવાય. માટે જ પૂર્વના દાતારો યાચકોનો ઉપકાર માનતા.

આવું સામાને ખાનપાન આપીએ, દવા આપીએ, રહેઠાણ આપીએ, કિંમતી સલાહ આપીએ, વગેરે વગેરેમાં ઉપકાર આપણે નથી કરતા, કેમકે એ બધું પરમાત્માનો માલ છે, કિંમતી સલાહ પણ પરમાત્માના પ્રભાવે આપણને એવું મન મળ્યું, બુદ્ધિ મળી, એવું માર્ગ-તત્ત્વજ્ઞાન મળ્યું, ત્યારે આપી શકીએ છીએ. સામો એ ઝીલીને આપણને પરમાત્મા પ્રત્યેની કૃતજ્ઞતા અદા કરાવી રહ્યો છે એ એના આપણા પર ઉપકાર છે. આ એક ઉપકાર.

**સેવા ઝીલનારનો આપણા પર બીજો ઉપકાર એ, કે**

સામો આપણી હિતશિક્ષા ઝીલે છે,-સાંભળે છે, આપણું ધન-ખાનપાન-દવા વગેરે સ્વીકારે છે, તો જ આપણને દાનધર્મ એના સુસંસ્કાર, અને મહાન પુણ્યનો લાભ મળે છે. આપણે દેવું જ છે, પણ સામો લે જ નહિ, તો દાનધર્મનો લાભ મળે ? દાનનું પુણ્ય મળે ? તો આપણું ધન વગેરે સ્વીકારીને આપણને આ મહાન લાભો કમાવી આપનાર સામો આપણો કેવો ઉપકારી ?

**વક્તા પર જડ શ્રોતાનો ઉપકાર :-**

**પ્ર.-** શાસ્ત્ર કહે છે 'ઉપદેશ આપ્યો ને સામાએ ઝીલ્યો નહિ, સાંભળીને કાન તળે કાઢી નાખ્યો, તોય હિતબુદ્ધિથી કહેનાર ઉપદેશકને તો એકાન્તે લાભ છે. તો આમાં સામાનો ઉપકાર શી રીતે માનવો ? સામાએ ઉપદેશમાંથી કાંઈક લીધું હોત તો તો બરાબર છે કે એના જીવન સુધારમાં નિમિત્ત બનવાનો આપણને લાભ આપ્યો એ એનો ઉપકાર.

**ઉ.-** ઉપકાર એ રીતે, કે સામો સાંભળવા બેઠો તો જ ઉપદેશક ઉપદેશ કરી શકે ને ? સાંભળનાર જ ન હોત તો ઉપદેશ કોની આગળ કરત ? ભીંતની કે થાંભલાની ? ભલે જડ શ્રોતાની જેમ જડ ભીંત કશું ગ્રહણ ન કરે, છતાં ત્યાં તો 'એ જડનું મારા બોલથી ભલું થાઓ' એવી ઉપદેશકને બુદ્ધિ જ ન આવી શકે, તો હિતબુદ્ધિથી બોલવાનું ય ક્યાં રહ્યું ? માટે ઉપદેશકને સાંભળનાર શ્રોતા મળે છે માટે એ લાભ થવામાં એણે શ્રોતાનો ઉપકાર માનવો એમાં શી મોટી વાત છે ?

**સેવાધર્મ યોગીને ય અગમ્ય કેમ ?**

તો હવે કહો, નિઃસ્વાર્થ બુદ્ધિએ કોઈ જાતની માનાકાંક્ષા વિના માત્ર સામાની હિતબુદ્ધિએ ઉપદેશ કરનારે ઉપદેશની સેવા તો આપી, પરતું એમાંય શ્રોતા પર

પોતાનો ઉપકાર નહિ, પણ પોતાના ઉપર શ્રોતાનો ઉપકાર માનનાર કેટલા નીકળે ?

એટલે જ કહેવાયું છે કે **સેવાધર્મ પરમ ગહન છે, યોગીઓને પણ અ-ગમ્ય.**

ખરેખર તો જો આમાં શ્રોતાનો ઉપકાર માનવાનો હોય તો પોતાને અહંત્વ જ ન આવે. કે 'હું આટલો ઉપદેશનો શ્રમ લઉં છું છતાં આ લોકો સમજતા જ નથી ?' મારું શ્રોતાએ માનવું જ જોઈએ' એવો હઠાગ્રહ ન ઊભો થાય. આ નિરહંકાર એક મહાન લાભ. તેમજ બીજો લાભ આ, કે સામાનો ઉપકારી માનવાથી એમ થાય કે

**એ શ્રોતાએ મને 'ધર્મકથા' નામના પાંચમાં મહાન સ્વાધ્યાયરૂપી આભ્યન્તર તપનો લાભ આપ્યો. નિર્જરાતત્ત્વની સાધના કરાવી; એની અનુમોદના થાય.**

ધર્મકથા ઝીલનાર જ ન હોત તો એ તપ ક્યાંથી થાત ?

સેવા કરીને ઉપરથી સામાનો ઉપકાર માનવા જતાં બે મોટા લાભ,- (૧) અહંત્વ-મિથ્યા કલ્પનાનો નાશ, અને (૨) મહાન ધર્મ, સંસ્કાર અને પુણ્યની કમાણી, એ લાભ જેવા તેવા નથી. પણ સેવા કરીને સામાનો ઉપકાર માનવો એ મહાકઠિન કામ છે. માટે તો સાચી સેવા સહેલી નથી. આનંદઘનજી મહારાજ કહે છે,

**'મુગ્ધ સુગમ સેવન આદરે, સેવન અગમ અનુપ.'**

અર્થાત્ ભોળા માણસ એમ માને છે કે 'સેવા ધર્મ તો સહેલો છે,' જ્યારે ખરેખર એ અગમ યાને ન સમજાય એવો, અનુપ-અનુપમ છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૫,અંક-૧૨,તા.૨૭-૧૧-૧૯૭૬**

**જ્ઞાન-તપ-ક્રિયાથી સેવા કેમ ચડે ? :-**

સેવા-વૈયાવચ્ચ એ જબરદસ્ત અપ્રતિપાતી-અવિનાશી ગુણ કહ્યો છે; કેમકે તપસ્વી મહાતપસ્યાથી ને જ્ઞાની જ્ઞાન આરાધનાથી જે ફળ પામે એના કરતાં અધિક ફળ અવસરે એમની સેવા-વૈયાવચ્ચ કરનારો પામી જાય છે. એમાં આ એક કારણ છે કે સેવા કરીને સામાએ જ્ઞાની-તપસ્વીનો ઉપકાર માને છે કે 'આમણે મને સેવાનો લાભ આપ્યો,' ને એમ પોતાનું અહંત્વ તોડે છે. જ્ઞાન-તપ-ક્રિયા વગેરેની આરાધનામાં તો માત્ર જાત પંડે છે, સેવાની આરાધનામાં સામે વ્યક્તિ છે, તેથી માનવાને અવકાશ મળે છે કે 'મેં કાંઈ સેવા કરી નથી, સેવા તો સામાએ મારી કરી, સામાએ મને લાભ આપવાનો ઉપકાર કરી મારી સેવા કરી છે. જ્ઞાન-તપની આરાધના શી રીતે માને કે 'મેં કાંઈ જ્ઞાનનો પ્રયત્ન કર્યો નથી, મેં તપ કર્યો નથી ?''

**ભરત-બાહુબળી પૂર્વની સેવાથી આગળ આવ્યા :-**



સેવાની આ વિશેષતા પર જાુઓ કે ભરત અને બાહુબળીના જીવ પૂર્વ ભવે બાહુમુનિ હતા. એ ૫૦૦ મુનિઓની ભક્તિ વૈયાવચ્ચથી કેટલા બધા ઊંચે આવી ગયા ? જેમની ભક્તિ - વૈયાવચ્ચ કરતા હતા એમાં કેટલાય તપસ્વી હશે, જ્ઞાન-આરાધક હશે, ધ્યાન કાયોત્સર્ગની આરાધના કરનાર હશે, એ કોઈના એટલા આગળ આવવા તરીકે નામ નથી સાંભળવા મળતા, ત્યારે બાહુ સુબાહુના નામ ભરત બાહુબલી તરીકે આગળ આવેલા તરીકે મળે છે, બંનેએ આવું જ કાંક કર્યું હશે,-ભક્તિ-વૈયાવચ્ચ કરતા જાય, ને સામા તપસ્વી-જ્ઞાની વગેરેનો ઉપકાર માનતા જાય; કહે કે, -'આપે અમને સારો લાભ આપ્યો, આપનો અમારા પર બહુ ઉપકાર.'

સેવા લેનારા એમ માને કે 'આ સેવા કરનારની કેવી વડાઈ છે ! અને સેવા કરનાર એમ માની રહ્યા છે કે 'આ અમને સેવા કરવા દેનારની કેવી વડાઈ છે!'

**જૈન શાસનની આ બલિહારી છે. પોત-પોતાને યોગ્ય ભાવના શીખવે છે.**

સેવામાં લેનારને યોગ્ય ભાવના આ, કે 'અહો ! આ સેવા કરનારને ધન્ય છે; 'ત્યારે સેવામાં તૂટી મરવા છતાં પોતાને યોગ્ય ભાવના આ, કે 'અહો ! આ મને સેવાનો અનુપમ લાભ આપનારની કેવી વડાઈ ! કેટલો બધો ઉપકાર !'

**અરિહંતના ઉપકારની વિચારણા :-**

ભગવાનનાં દર્શન કરો, વંદન કરો, પૂજન કરો, ઠાઠમાઠ કરો, બધે જ માનવાનું 'પ્રભુ ! તમારો કેટલો બધો ઉપકાર કે તમે અરિહંત ભગવાન થયા તો જ મને આ અમૂલ્ય અર્હદ્-દર્શન ને અર્હદ્-વંદનાદિનો લાભ મળે છે ! તમારો કેટલો બધો ઉપકાર ! લાખ રૂપિયાનો મુગટ રાજાને કે બીજા દેવદેવીને ચડાવું તો મામૂલી લાભ, માત્ર આ લોકનો લાભ, પરલોકનો મોક્ષ સુધીનો લાભ નહિ. ત્યારે પ્રભુ ! તમને ચડાવું તો અપરંપાર લાભ સદ્ગતિનો તે ઠેઠ મોક્ષ સુધીનો લાભ ! કારણ, તમે અરિહંત છો માટે, અહો ! અરિહંતનો કેટલો બધો અપરંપાર ઉપકાર ?'

જીવનમાં અનુકૂળ કેટલું ય બનતું આવે છે ને ? બધે જ 'આ મારા અરિહંતના પ્રભાવે બને છે, અરિહંતનાથ ! તમારો કેટલો બધો ઉપકાર ! શુભ ભાવ આપે, સારાં વ્રત - નિયમ દાનાદિ ધર્મ થાય એ બધે તમારો ઉપકાર છે !' મારું શું ગજું છે ? તમારો આભાર માનું છું.'

**આમ વારે વારે અરિહંતનો ઉપકાર મનાય, તો કેટલા લાભ ?**

(૧) જાતનો મદ ઓગળી જાય, 'હું કોણ માત્ર ?' એમ થાય.

(૨) ઘણું બધું સારું કરીને પણ જશ બીજાને આપવાનો અભ્યાસ પડે.

(૩) અરિહંતના આલંબને જ અનેક સત્પુણ્ય ઊભા થઈ સારું સારું મળે છે.

જેથી અરિહંતપણાને અચિંત્ય પ્રભાવ વારે વારે મનમાં આવવાથી અરિહંત એ જ જગતમાં સાચા ઉપકારી નાથ છે, સાચા દેવાધિદેવ પરમાત્મા છે, એવો અટલ વિશ્વાસ ઊભો થાય.

(૪) વારે વારે અરિહંત ઉપકારી છે એવું મનમાં આવ્યાથી એમની વારે વારે કૃતજ્ઞતા બજાવવાનું મન રહે.

(૫) 'પ્રભુ ! તમે મારું આટલું બધું કરો છો, તો હું પણ તમારી કાંઈ ને કાંઈ ભક્તિ કરું. કમમાં કમ તમારું નામ રટ્યા કરું' એમ થવાથી ભગવદ્ ભક્તિ-સ્મરણ થયા કરે.

(૬) અરિહંતની જ માયા લાગવાથી સંસાર પર વૈરાગ્ય થાય.

(૭) જો અરિહંતથી જ બધુ સારું છે, તો અરિહંતનું વારે વારે શરણ લેવાનું મન થાય, વારે વારે શરણ લેવાય, ને એથી ભવસ્થિતિ કપાય.

(૮) અરિહંતની આજ્ઞાનાં પાલનનો ઉમળકો રહ્યા કરે.

વાત આ છે કે સેવા-ભક્તિ કરીને પણ આપણી વડાઈ નહિ, સામાની વડાઈ સામાનો ઉપકાર માનવાનો છે.

**નંદ રાજાના મારાને સદ્‌વિચાર :-**

પેલા નંદ રાજાએ ઊભો કરેલો મારો માળીને ત્યાંથી છોકરાને મારવા લઈ ચાલેલો, એને નિર્દોષ બાળકનું મુલાયમ મોં અને 'કાકા ! ભુખ લાગી છે, લાડવો ક્યારે આપશો ?' એવા મીઠા કાલા બોલ જોતાં હૃદય પીગળી ગયું, મનને થયું કે 'રાજા મૂરખ છે તે આવા દેવના દૂત જેવા બાળકને મારી નખાવવા ઇચ્છે છે ! પણ હું મૂરખ છું ? સારું થયું બાલકનું સદ્‌ભાગ્ય કે એ બીજાને મારી નાખવા ન સોંપાયું, ને મને સોંપાયું ! ને એનું સદ્‌ભાગ્ય કે મને એના પર હેત ઊભરાય છે, આને ન જ મારવાનો વિચાર થાય છે !'

શું કરી રહ્યા છે આ ? બાળકને ન મારવાની બુદ્ધિ થવામાં જાતની વડાઈ નહિ, પણ બાળકના સદ્‌ભાગ્યનો મહિમા માને છે. એને મનોમન એમ થાય છે કે 'અહાહા ! બાળ ! તું કેવો ઉપકારી કે મને માનવહત્યાના પાપમાંથી બચાવ્યો ! તારું સદ્‌ભાગ્ય જ મારા દિલમાં દયા ઊભી કરે છે; દિલમાંથી હિંસાનો દાનવ કાઢી નાખી અહિંસા-કરુણાના દેવને વસાવે છે.'

બસ, જંગલમાં એક નરસિંહ નામના યક્ષનું મંદિર આવ્યું, ત્યાં મારાએ યક્ષની મોટી મૂર્તિ પાસે બાળકને બેસાડ્યું અને કહે છે 'તું અહીં બેસ, હું લાડવો લઈને આવું છું.' યક્ષને પગે લાગીને કહે 'દેવ ! સાચવજો આ બાળકને.' એમ કહીને ત્યાંથી જાય છે.



**દયાળુ મારો બાળકને કેમ વનમાં છોડે છે ? :-**

મારો દયાળુ બનેલો બાળકને આમ ભૂખ્યો નિર્જન વનમાં મૂકીને જાય ? પણ એ સમજે છે કે 'પાછો લઈ જવાય એમ નથી, ને બીજે શહેરમાં લઈ જાઉં તો કોને ખબર કેવી આપત્તિ આવે ? અહીં યક્ષ જાગતો દેવ છે, એ જ ગમે તે રીતે એનું સારું ઠેકાણું પાડશે. વળી બાળક પણ ભાગ્યવાન છે.' આ સમજથી એ બાળકને ત્યાં છોડીને જાય છે.

**બાળક કેમ નિર્ભય :-**

મારો ગયો, 'વાર થઈ છતાં પાછો કેમ ન આવ્યો ? એ વિચારમાં બાળક યક્ષની મૂર્તિના ખોળામાં બેસી લાડથી યક્ષની દાઢી પંપાળતા કહે 'કાકા ! ભૂખ લાગી છે, લાડવો ખાવો છે. લાડુ આપો.' યક્ષ જાગતો છે, આ સાંભળી પીગળી ગયો.

બાળક પૂર્વ ભવે ભિખારી, પણ એણે ખાવાનું મળશે કે નહિ ? એવા બધા ભય બાજુએ મૂકી મંદિરોમાં અરિહંતદેવનાં દર્શન કરવા લાગેલો, એણે આ પુણ્ય આપ્યું કે અહીં બાળકપણે પણ જંગલ જેવામાં ય એકલો પડેલો છતાં નિર્ભય છે ! રોતો નથી ! આ શું સુચવે છે ?

**અરિહંતદેવનાં દર્શન-પૂજન-સ્મરણાદિ જે મલિનભાવ બાજુએ મૂકી કરો, એ મલિન ભાવ પરલોકે ન નડે.**

**કુમારપાળને અપૂર્વ અર્હદ્‌ભક્તિ શાથી ? :-**

કુમારપાળ મહારાજના જીવે પૂર્વ ભવે પોતાની પાસેની માત્ર પાંચ કોડીની મૂડી એના ફૂલ લઈ ભગવાનને ચડાવતાં આ ભાવના કરી 'પ્રભુ ! હું રંક મહાપાપી, ને મને તું મળ્યો ! આ તારી ભક્તિ આગળ મને બધું તુચ્છ લાગે છે. તું અને તારો ધર્મ કેટલા બધા ઉત્તમ કે મારા જેવાં રંકને પણ સંઘરે છે !' આ ભાવનામાં એણે મિથ્યાત્વની મલિનતા હટાવી, અરિહંત અને અરિહંતના ધર્મ આગળ બીજી વસ્તુની મહત્તા માનવાની મલિનતા હટાવી. તો કુમારપાળ સમ્રાટના ભવે જૈન ધર્મ પામ્યા પછી ૧૮ દેશની ઠકરાઈ છતાં એ મલિનતા હટાવી, તો કુમારપાળ સમ્રાટના ભવે જૈન ધર્મ પામ્યા પછી ૧૮ દેશની ઠકરાઈ છતાં એ મલિનતા નડી નહિ, ને એ જંગે બહાદુર થઈને અરિહંત અને જૈનધર્મના અનન્ય ભક્ત બન્યા. જુઓ,

**રાજા કુમારપાળે કેવી કેવી પરાક્રમી અર્હદ્‌ભક્તિ કરી ?**

(૧) કલિકાળ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ શાસ્ત્રો રચી લહિયા પાસે તાડપત્ર પર લખાવતા હતા, તે તાડપત્ર ખૂટી ગયા, કુમારપાળને જાણ થતાં અભિગ્રહ કર્યો 'જ્યાં સુધી તાડપત્ર ન આવે ત્યાં સુધી મારે આહાર-પાણી ત્યાગ.' અરિહંતના જ્ઞાનની ભક્તિ કેવી !

(૨) ભગવાને આરતિ ઉતારતાં કુમારપાળને વિચાર આવ્યો કે 'પ્રભુએ મને અઢાર દેશનો સમ્રાટ બનાવ્યો, ને અઢળક સંપત્તિ આપી, અને શું હું પ્રભુને માત્ર એક ઋતુનાં જ ફૂલ ચડાવું ? જ્યાં સુધી છએ ઋતુનાં ફૂલ ન ચડાવું ત્યાં સુધી મારે આહાર પાણી ત્યાગ.' અરિહંત પ્રત્યેની કૃતજ્ઞતાભરી ભક્તિ કેવી !

(૩) સામાયિક પોષધમાં કુમારપાળને પગે મંકોડો ચોંટ્યો મુહપત્તિ-ચરવળાની મુલાયમ દશીઓના છેડાથી એને દૂર કરવા મથે છે પરંતુ ચામડીમાં ચોંટી પડેલો એ ખસતો નથી, તેથી તરત છરી મંગાવી, એ છરીથી પોતાની ચામડી જ ઊખેડી નાખી ચામડી સાથે અકબંધ મંકોડાને કોરાણે મૂકે છે ! અરિહંતના દયામય ધર્મની સાધના કેવી !

(૪) કંટકેશ્વરી દેવીએ નવરાત્રિમાં પ્રત્યક્ષ હાજર થઈ કુમારપાળને, 'બોકડાનો ભોગ આપે છે કે નહિ ? નહિતર મારી નાખીશ,' એમ ધમકી આપી છતાં કુમારપાળ અણનમ રહ્યા, દેવીએ લમણામાં ત્રિશૂળ મારી તીવ્ર વેદના અને આખા શરીરે કોઢ ઊભો કર્યો, છતાં દેવીનું માનવાની વાત નહિ. ઊલટું 'સવારે આ કોઢ જોઈ લોકો જૈનધર્મની નિંદા કરે,' માટે ચિતામાં બળી મરવાની તૈયારી રાખી ! અરિહંતની દયા અને અરિહંતના જૈનધર્મ ઉપર કેટલી બધી અનન્ય શ્રદ્ધા !

આ બધું કેમ બની શક્યું ? કહો, પૂર્વ ભવે અરિહંતની ભક્તિ કરતાં ભય, કાયરતા, મિથ્યાત્વ ધર્મ આગળ પ્રાણ વગેરે બીજી ચીજનું મહત્ત્વ માનવાનું, વગેરે મલિનતા હટાવી દીધેલ તે મલિનતા અહીં અર્હદ્ભક્તિ કરતાં નડી નહિ.

પરલોક માટે ઇચ્છો છો આવું કાંઈ ? તો અહીં એવી મલિનતાઓ ટાળીને અર્હદ્ભક્તિ કરો, અર્હદ્ ધર્મ આરાધો અરિહંતની ભક્તિ કરતાં જે મલિનતા ટાળો એ મલિનતા પરભવે નડે નહિ.

**ગઈકાલની દેવતાઈ ૯૯ પેટી પર આજે કેમ મમતા નહિ ? :-**

શાલિભદ્રના જીવે પૂર્વભવે સાધુને ખીરનું દાન કરેલું તે ખીર પરની પોતાની મમતાને મારીને કરેલું, તો એ મમતાની મલિનતા અહીં દેવતાઈ ઝવેરાત પર પણ નડી નહિ, તે આજની દેવતાઈ નવાણું પેટીનો માલ આવતી કાલે એંઠવાડિયા કૂવામાં પધરાવી દેવરાતા ! શું દેવતાઈ ઝવેરાત વગેરે માલ મમતાથી વખારમાં તિજોરીમાં નહિ સંઘરવાનો, પણ કૂવામાં પધરાવવાનો. કેમકે પૂર્વભવે મમતાની મલિનતા ટાળીને ભક્તિ કરેલી.

**માતાની મમતા મૂકેલી તે પરભવે એ નડી નહિ :-**

શાલિભદ્રને પૂર્વભવે મૃત્યુ આવતાં ગુરુ પર મમતા રાખી મમતાથી ગુરુ યાદ કર્યા, પાસે બેઠેલી જનમથી ઉછેરનારી વહાલસોયી માતાની મમતારૂપી મલિનતા



ટાળી, તો શાલિભદ્રના ભવે 'શું મારે ભોગનું પુણ્ય ખરું, અને સત્તાનું પુણ્ય નહિ ? ધિક્કાર છે આ પુણ્ય ને આના કરતાં મારા મહાવીરપ્રભુની ચરણસેવા સારી, જે સર્વ પ્રકારે કમાઈ શકું, એ વૈરાગ્યથી ચારિત્ર લેવા તૈયાર થયા, ને માતાની મમતા મૂકી. એ માતા વગેરેની મમતાની મલિનતા એમને નડી નહિ.

**નાગકેતુને અઢમમાં પ્રાણની પરવા કેમ નહિ :-**

નાગકેતુના જીવને પૂર્વભવે અઢમ ભાવના થયેલી. પણ ઓરમાન માતાના હાથે બળી મરવાનું આવ્યું. તો ત્યાં જીવનની કે પીડાની પરવા ન કરતાં અઢમ રહી ગયાની અફસોસી કરી, તો નાગકેતુ તરીકે જનમતાં જ જાતિસ્મરણ જ્ઞાન થયે અઢમ ઝુકાવ્યો, ને એમાં કારમી ભૂખ અને મરવા જેવી પીડા ન ગણકારી; કેમકે પૂર્વભવે શરીર અને પીડાની પરવારૂપી મલિનતા ટાળેલી.

આપણા આ બાળકે પૂર્વ ભિખારીના ભવે ખાવાનું મળશે કે નહિ વગેરે ભયની મલિનતા ટાળી ખૂબ દેવ-દર્શન કરેલા, તેથી અહીં જંગલમાં એકલો પડ્યો છતાં એને ભય નડયો નહિ, ને હસતો-ખીલતો યક્ષને કહે 'કાકા ! ભૂખ લાગી છે, લાડુ આપો.'

**નરસિંહયક્ષનું શેઠને સ્વપ્ન :-**

યક્ષ પીગળી ગયો, બાળકને લાડુ આપે છે, ને બીજી બાજુ એ જંગલમાં પડાવ નાખી પડેલા એક સાર્થવાહને સ્વપ્ન આપે છે. 'તારે છોકરો જોઈએ છે ? જા અહીં અમુક ઠેકાણે નરસિંહયક્ષનું મંદિર છે. ત્યાંથી તૈયાર દેવકુંવર જેવો છોકરો મળશે.'

નરસિંહ યક્ષના આ સ્વપ્ન પર શેઠિયો લોભાયો. અને ઊઠીને ચાલ્યો અને જંગલમાં શોધતો શોધતાં શોધતાં મંદિર મળી આવ્યું, એમાં જઈ જુએ છે તો બાળક બેઠો છે રમતો-હસતો-ખીલતો. શેઠિયો જોતાં જ હરખાઈ ઊઠે છે આહાહા! સ્વપ્નું સાચું ! શો દેવકુંવર જેવો આ છોકરો છે ! ભગવાને મહેર કરી. મારું વાંઝિયાપણું કલંક ટાળ્યું, હરખાતો અને હસતો હસતો બાળકની પાસે જઈ 'ઓહો ! બાબા ! તું અહીં બેઠો છે ? ચાલ ચાલ મારી સાથે !' એમ કહેતોક બાળકને બાથમાં લઈ ભેટી પડે છે, ચુમીઓથી નવરાવી દે છે.

બાળક બોલે છે 'કાકા ! પણ ભૂખ બહુ લાગી છે. લાડવો દ્યો'

શેઠિયો કહે 'એમ ? ચાલ ચાલ, તને ખૂબ લાડવા પેંડા આપીશ. મારી પાસે રહીશ ને ?'

બાળક ખુશી ખુશી બતાવે છે, કહે છે 'હા હા, જરૂર રહીશ.' બસ, શેઠિયો એને ઉપાડીને લઈ ચાલે છે. મનમાં એમ થાય છે કે 'કેટલું ગજબનું આ

બાળક ! ઘોર જંગલમાં કોણ જાણે ક્યાંથી આવ્યું ! જંગલમાં પણ આ રોતું નથી, તેમ મારા જેવા અજાણ્યા માણસ પાસે ખુશીથી રહેવાનું કહે છે !' શેઠિયાને આ આશ્ચર્ય થાય છે, પણ એને ક્યાં ખબર છે કે પૂર્વજનમમાં આણે જે વીતરાગનાં દર્શન વખતે આહારાદિ સંજ્ઞાને અટકાવી છે, આવા પ્રભુ મળ્યાથી બીજી ત્રીજી વાતનો ભય નથી રાખ્યો, એની એ દર્શનની વિશુદ્ધ સાધનાએ એવું પુણ્ય આપ્યું છે કે જેના ઉદયમાં કશી ચિંતા-ફિકર કે ભય-સંતાપ રહે નહિ.

**યોગદૃષ્ટિ-સમુચ્ચય** શાસ્ત્ર કહે છે કે જો સાધના વખતે.

(૧) સાધના પર અત્યંત ઉપાદેય બુદ્ધિ, કર્તવ્ય બુદ્ધિ હોય,

(૨) આહારાદિ અને ક્રોધાદિની સંજ્ઞાઓની અર્થાત્ ખણજની અટકાયત હોય, તથા

(૩) ફળની આશંસા ન હોય, તો સાધના વિશુદ્ધ કોટિની થાય છે.

**વિશુદ્ધ કોટિની સાધના વિશુદ્ધ પુણ્ય આપે છે.**

**વિશુદ્ધ કોટિનાં પુણ્યને શાસ્ત્ર અસંક્લિષ્ટ ભોગદાતા કહે છે.**

**'અસંક્લિષ્ટ ભોગ'** એટલે જે સુખ-ભોગ વખતે જીવને કશો રાગાદિનો સંકલેશ ન થાય, આંધળો તીવ્ર રાગ, તીવ્ર દ્વેષ. અને બીજા ત્રીજા આંધળા ભય-સંતાપ-ચિંતા વગેરે સંકલેશ છે. વિશુદ્ધ પુણ્યના ઉદય વખતે એ ન હોય. પણ એ પુણ્ય જન્મે શેમાંથી ? વિશુદ્ધ કોટિની સાધનામાંથી.

શેઠિયો બાળકને પોતાના મુકામે લઈ જઈ પત્નીને કહે છે, 'લે લે તારે દીકરો જોઈએ છે ને ? લે આ દેવનો દીધેલો તૈયાર દેવકુંવર જેવો દીકરો.'

સ્ત્રી તો બાળકુંવરશો બાળ જોઈ ચમકી ઊઠી. એ પણ હરખાતી હરખાતી બાળકને બે હાથમાં લઈ છાતી સરસો ચાંપતા માથે ચૂમી ભરી ભરીને કહે છે 'વાહ રે મારા બાલુડા !' હરખનો પાર નથી. દીકરા આગળ બીજું બધું એને ફિક્કું લાગે છે. ઝવેરાતના દાગીના શું, કે રથ-પાલખી વગેરે વાહનો શું, અરે ! પ્રેમાળ પતિ પણ શું, બધું કુછ નહિ, ને દીકરો લાખ રૂપિયાનો લાગે છે.

બોલો ત્યારે, દીકરાની જગાએ પરમાત્માને જે લાખ રૂપિયાના માને, ભગવાનને સર્વસ્વ માને, એને ભગવાનની અપેક્ષાએ સંસારના મોટાં સુખ લાડી-વાડી-ગાડી, ધનના ઢગલા હીરા-માણેકના મોટા દાગીના, વહાલસોયા પત્ની-પુત્ર પરિવાર બધું જ કુછ નહિ લાગે કે નહિ ? એમ કહો, સંસારનું બધું 'કુછ નહિ' લગાડવું રમતું હોય, એ ભગવાનને સર્વસ્વ માનવા મથતો હોય.

તમે કહો છો ને 'પરમાત્મા પર એવો ભાવ ચોંટતો નથી, ધર્મમાં એવો રસ નથી આવતો,' પણ આવે ક્યાંથી ?



**જ્યાં સુધી દુન્યવી વસ્તુ સર્વેસર્વા લાગતી હોય એને તુચ્છ લગાડવાનું મન ન હોય ત્યાં સુધી ભગવાન-ધર્મ વગેરે તો 'કુછ નહિ' લાગવાના.**

**સંસારનું બધું તુચ્છ લગાડવા વિચારણા :-**

માટે ભગવાન અને એના ધર્મને સર્વેસર્વા લગાડવા હોય તો દુનિયાનું બધુ 'કુછ નહિ' લગાડો, શી રીતે લાગે ? જીવને જો એટલો વિચાર આવે કે 'આ બધી દુન્યવી વસ્તુ આગળ મારી દશા મદારીના વાંદરા જેવી છે. એ બધા મને ફાવે તેમ નચાવે છે. હું ભગવાનની ખાનદાનનો તે કે હું શું દુન્યવી વસ્તુ આગળ આમ મદારીના વાંદરાની જેમ નાચું ?

હકીકત રૂપે વસ્તુ સ્થિતિ રૂપે જોઈએ તો આપણે મોહના નશાવશ દુન્યવી ચીજોરૂપી મદારીના નાચ નથી કરતાં શું કરીએ છીએ ? (૧) દુન્યવી સારી ચીજ આપણને ખુશીનો નાચ નચાવે છે, (૨) પ્રશંસાનો નાચ નચાવે છે, (૩) એ ગમે તે રીતે મેળવવાના ઉદ્યમનો અને (૪) મળી હોય તો ફુલાવાનો તથા (૫) સારી રીતે સાચવવાનો નાચ નચાવે છે. એ જરા બગડે, આઘી પાછી થાય તો (૬) હાયવોય-ઉદ્વેગ (૭) સંકલ્પ-વિકલ્પ ને (૮) આર્તધ્યાન વગેરેનો નાચ કરીએ છીએ. આમ ખુશી-પ્રશંસા ઉદ્યમ-ગર્વ-સંરક્ષણ-ઉદ્વેગ-સંકલ્પ-આર્તધ્યાન **આ બધુ કાંઈ આપણા શુદ્ધ આત્માનો સ્વભાવ નથી.** એ ભાડુતી છે, તે પણ કાંઈ આપણા આત્માને શોભા આપનારું નહિ. માટે એ નાચરૂપ છે. સારી મનમાની વસ્તુ પૈસાટકા, પત્ની, કે પુત્ર વગેરે એ કાંઈ ખરેખર આપણા નથી, આપણી સાથે ને સાથે કાયમ રહેનારા નથી, કાયમ આપણા થઈને પણ રહેનારા નહિ; છતાં એ મળવા પર રાજીના રેડ થઈએ એ પણ નાચ છે. અને એ જાય ત્યારે શોક-પોક-કલ્પાંત કરીએ એ પણ નાચ છે.

એમ આપણને અણગમતું નરસું આવવાનું દેખાય ત્યાં વિહ્વળતા-ભય વગેરે કરીએ એ પણ મોહના નાશનો નાચ છે. ત્યારે આપણા માથે એ આવી પડે અને ખેદ દુર્ધ્યાન હાયવોય કરીએ એ ય નાચ છે. એને હટાવવા મથીએ એ ય નાચ છે.

દુન્યવી શું જડ, કે શું ચેતન પત્ની-પુત્રાદિ, એની ખાતર ક્રોધ લોભ વગેરે કષાયો કરીએ એ પણ નાચ છે. તો દુન્યવી જડ-ચેતન કેટકેટલી વસ્તુ આપણને એવા બધા નાચ કરાવી રહી છે ?

**દુન્યવી વસ્તુ પાછળ નાચનું કારણ ! એને ભગવાનની આગળ તુચ્છ નથી માનતા, 'કુછ નહિ' નથી માનતા એ.**

જો એને તુચ્છ માનીએ, 'કુછ વિસાતમાં નહિ' એમ માનીએ, તો નાચ ઘણા ઓછા થઈ જાય. શેઠની, સરકારી ઓફીસરની, ચાપલુસીનો નાચ કોણ કરાવે

છે ? કિંમતી માનેલા પૈસા. કોઈનો બંગલો ! કેવી હાઈ કલાસ મોટર !' આમ ભારે રાગ અને હરખ કેમ થાય છે ? બંગલા-મોટરને કિંમતી માન્યા, મહત્ત્વના માન્યા એટલે, હમણાં જો એને પરમાત્માની પ્રાપ્તિ આગળ તુચ્છ માનીએ તો કાંઈ એવા રાગ-રતિના નાચ ન થાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"  વર્ષ-૨૫,અંક-૧૩,તા.૪-૧૨-૧૯૭૬**

**બંગલો સારો કેમ નહિ ? :-**

**પ્ર.-** પણ બંગલો વગેરે સારું દેખાય ત્યાં આકર્ષણ તો થાય ને ?

ઉ.- મૂળ પાયાની જ આ ભૂલ છે કે એને સારા માન્યા. બંગલો સારો ? કે જિનમંદિર સારું ? મોટર સારી ? કે પગે ચાલીને જે જીવજંતુની રક્ષા કરી શકીએ એ સારું ? પોતાનો સારો માનેલો બંગલો જ્યારે જ્યારે જુઓ કે જ્યારે જ્યારે યાદ આવે, ત્યારે ત્યારે આત્મામાં રાગના ઝેર પડે, અહંકારના ઝેર પડે, એમાં જરાક કોઈ વાંકુંચૂકું કરે એના પર કાયમનાં મમત્વ અને એના બાંધકામનો રાજીપો એટલે મહાઆરંભસમારંભ અઢળક જીવહિંસાના રાજીપાના ઝેર આ બધા ઝેર આત્મામાં પડે, એ બંગલો સારો ?

**મોટર પાછળ કેટલા પાપ ? :-**

ત્યારે જે મોટર બનવામાં પણ મોટા કારખાનાનાં મહાઆરંભસમારંભ-જીવહિંસા થયેલી, એની અનુમોદનાનાં ઝેર, વળી એ મોટર ચાલવામાં અસંખ્ય અગ્નિકાય જીવો મરે, મોટર દોડતી જાય એમાં અઢળક વાયુકાય જીવો મરે, નીચે રસ્તા પરના કેઈ કીડી-મંકોડા વગેરે જીવજંતુ જીવતા કચરાઈને સાફ થઈ જાય, આ બધી હિંસા, ઉપરાંત મોટર પર વારે ને વારે રાગ, મમત્ત્વ, અભિમાન વગેરેના ઝેર આત્મામાં પડે જેના પરલોકે પરિણામ ભયંકર, એ મોટર સારી ?

બસ, વાત આ છે કે બંગલો મોટર વગેરે સારા નહિ પણ ગોઝારા લાગે તો એના પર રાગના નાચ ન થાય, રતિ આનંદ-અભિમાન વગેરેના નાચ ન થાય, નહિતર તો એ બંગલો -મોટર મદારી છે, જીવ વાંદરાને નચાવ્યા જ કરે, નચાવ્યા જ કરે. માટે આ વિવિધ નાચથી બચવા આ જ ઉપાય, કે એને 'કુછ નહિ' લેખીએ.

**દુન્યવી જડ-ચેતન વસ્તુ 'કુછ નહિ' લાગે તો જ પરમાત્મા કિંમતી લાગે, પરમાત્મા સાથે સંબંધ બાંધવાનું મન થાય.**

**ભૂલશો નહિ, પરમાત્મા સાથે સંબંધ બાંધવવા માટે ઉત્તમ ભવ આ માનવ**



**ભવ છે.**

**અહીંના રાગાદિના કુસંસ્કાર ભાવી ભવે આ જ સુઝાડશે :-**

ભવિષ્યના વાયદે રાખશો નહિ કે 'હવે પછી કોઈ વળી સારો આર્ય માનવભવ મળશે ત્યારે પરમાત્મા સાથે સંબંધ બાંધીશું.' આ વાયદો ખોટો, કેમકે અહીં દુન્યવી વસ્તુની બહુ કિંમત આંકી આંકીને એવા જાલિમ કુસંસ્કાર ભેગા થશે કે એ ભવાંતરે પણ આ જ સુઝાડશે. માટે સારું કરી જવું હોય તો 'આજ આજ ભાઈ ! અત્યારે' કરો.

એકજ વિચાર જોઈએ કે 'દુન્યવી એવી કોઈ મનમાની ચીજ અણધારી આવી મળતાં જો અપૂર્વ આનંદ થાય છે, ને એના પર કંઈ મનોરથો ઘડાય છે, તો અહીં મને પરમાત્મા પણ અણધાર્યા મળી ગયાનો અપરંપાર આનંદ કેમ ન થાય ? 'હેં ? મોટા ઈન્દ્રોને મળે એવા ભગવાન મને રાંકને મળ્યા ?' એવો ચમકારો કેમ ન થાય ? એ મળવા પર મનોરથો કેમ ન ઘડું ?'

**બાળકનું નામ નરસિંહ :-**

પેલા અપુત્રિયા શેઠ-શેઠાણીને યક્ષ પાસેથી મન ગમતું દેવકુંવર જેવું બાળક મળી ગયું એની પારાવાર ખુશાલી છે. નરસિંહ યક્ષના પ્રતાપે બાળક મળ્યું એટલે એનું નામ 'નરસિંહ' પાડે છે.

પૂર્વભવનો ભિખારી દેવદર્શનનાં પુણ્યથી ગેબી રક્ષણ પામી આજે હવે મોટા શેઠિયાની ખોટના દીકરા તરીકે લાડકવાયો બની બેઠો ! શેઠિયો માલ નોકરો ચાકરો વગેરે લઈને દેશાવર નીકળેલો, ૨-૩ વરસ થઈ ગયેલા, ગામેગામ પુણ્ય પૈસા કમાયે જતો હતો. હવે મનને થયું કે 'બહું લોભનું શું કામ છે' બાબો આવી મળ્યો છે, ચાલ ઘરે જઈને નિરાંતે આનંદમંગળ કરું, અને છોકરાને સારી રીતે ઉછેરું, ને રમાડું. સૌથી મોટું ધન તો આ કમાઈ ગયો, હવે દેશ દેશ ભટકવાનું શું કામ છે?'

દેશદેશ ફરીને રૂપિયાના ઢગલા કમાનારને લોભ દબાય ? ના, પણ બીજું તત્ત્વ પેઠું એણે લોભને દબાવ્યો. પુત્રનું સુખ માણવાનો મનોરથ જાગ્યો, તો પૈસાના લોભને પડતો મૂક્યો. એમ, જીવનમાં જો ધર્મતત્ત્વને પેસાડો પરમાત્માના ભજન-પૂજન-સ્મરણના સુખ માણવાના કોડ રાખો, ને એ ભજન આદિ ખૂબ કરવાનું રાખો, તો ધનનો લોભ વેપારમાં લોભ પડતો મૂકાય, વહાલ વહાલેસરી સાથે ગપ્પા મારવાનું સુખ પડતું મૂકાય. પ્રભુ ભજન-પૂજન ચાલુ રાખી એના આસ્વાદ લે એને આ સમજાય.

**નરસિંહના માન :-**

શેઠિયો નગરમાં પહોંચી બહાર એવું ફેલાવે છે કે શેઠાણીને ગુપ્ત ગર્ભ હતો

તે રસ્તામાં બાળક જન્મેલો' લોકોને ક્યાં ખબર છે કે રસ્તામાં શું બનેલું ? લોકે સાચું માની લીધું કે 'આ શેઠનો જ દીકરો છે.' શેઠને વાંઝિયાપણાનું મેણું ટળ્યું. લોકમાં માન ચાહના વધી ગયા. નરસિંહના લાડકોડ વધી ગયા. લોકો ય ખૂબ ચાહના રાખે છે. સૌને એ મીઠો મીઠો લાગે છે. એને રમાડવાનું મન થાય છે. પૂર્વના પૂણ્યે એ આમે ય નીડર અને હસમુખો તો હતો જ , એમાં હવે શેઠનો દીકરો થયો, તે સગાસ્નેહી ઘરે આવી આવીને એને રમાડે છે, વહાલ કરે છે, નવી નવી ચીજ રમકડાં લાવીને એને આપી ખુશ કરે છે, એને જોઈ જોઈ રાજીના રેડ થઈ જાય છે. ત્યારે શેઠ-શેઠાણીને વળી આ બધું જોતાં બાબા પર સ્નેહરાગ ઓર વધી જાય છે; અને એના પર ભારે લાડકોડ કરે છે.

**પુણ્યાનુબંધી પુણ્યનો ચમત્કાર શેમાંથી ? :-**

ત્યારે, ખૂબી જુઓ, નરસિંહને એટલા બધા માન લાડ મળે છે, છતાં એને અભિમાન નથી, કોઈ વારે ય રીસ નથી ચડતી, એનું કારણ એ પુણ્ય એવું ચોક્ખું પુણ્યાનુબંધી લઈને આવ્યો છે. શાથી પુણ્યાનુબંધી કરેલાં, દુન્યવી કોઈ જ ચીજની આશા કર્યા વિના કરેલાં, તેથી આવું નિર્મળ પુણ્ય ઊભું થયેલું. ભિખારીપણાની સ્થિતિમાં હતો પરંતુ રોટલાની ય દર્શનથી મેળવવાની આશા નહિ કરેલી એકજ હિસાબ હતો. 'રોટલા વગેરે તો પૂર્વનું પુણ્ય હશે તે જ પ્રમાણે મળશે, તો નાહકના આવાં અમૂલ્ય પ્રભુદર્શનને રોટલા માટે શા સારુ વટાવું ? દુનિયામાં બધું મળે છે, પણ પ્રભુદર્શન ક્યાં મળે ? પ્રભુદર્શનથી પ્રભુ થવાનું મૂકી દુન્યવી વસ્તુનો ગુલામ કોણ થાય ?'

**આવી નિરાશંસભાવનાથી થોડો પણ ધર્મ થાય એ જબ્બર પુણ્યાનુબંધી પુણ્ય આપે.**

**પુણ્યની લીલા અજબ છે.**

આટલું બધું સૌભાગ્ય મળવામાં ભોગવવામાં પોતાની શી કળા કારીગરી છે ? નાનું બાળ છે એ આટલા બધા વહાલ મેળવવા માટે જાતે શી હોશિયારી વાપરી શકે ? મોટા મોટા કેઈ કળા કારીગરી હોશિયારી કરે છે છતાં બધા જ કાઈ એટલું સૌભાગ્ય નથી પામી શકતા કારણ ? એ તો પુણ્યનો પ્રભાવ છે, પુણ્યની કરામત છે. લીલા છે, એવું મહા સૌભાગ્યનું પુણ્ય ક્યાંથી આવ્યું ? કહો,

**પૂર્વ ભવમાં પરમ સોભાગી પરમાત્માને માત્ર દર્શન-સ્તુતિ દ્વારા વારે વારે ખૂબ ભાવથી ભજેલા તેથી સૌભાગ્ય નામકર્મનું મહાન પુણ્ય ઊભું થયેલું .**

આ પુણ્યે અહીં મહાસૌભાગ્ય ભોગવી રહ્યો છે. પરમ સોભાગી કેમ ન થવાય ?



નરસિંહ મોટો થાય છે, એટલે શેઠ એને પંડિત-માસ્તરને ને તે તે વિષયના ઉસ્તાદને રાખી જ્ઞાન-કળા-વિજ્ઞાન વગેરેમાં હોશિયાર કરે છે. અક્ષરજ્ઞાન, ભાષાજ્ઞાન, અંકશાસ્ત્ર-હિસાબ-ખિતાબ વગેરે ઉપરાંત કરિયાણાની પારખ, હીરામોતીની પારખ, ઘોડેસ્વારી, લાઠી-તલવારની પટ્ટાબાજી....વગેરે કેટલીય કળાઓ અને વિજ્ઞાનમાં નરસિંહને હોશિયાર બનાવે છે. ત્યારે નરસિંહને એ ગ્રહણ કરવામાં કશી વાર નથી લાગતી. મહાજ્ઞાની પ્રભુને ભજીને આવ્યો છે ને ? સોળ વરસનો થતાં તો એ ભારે હોશિયાર બની ગયો. આનું કારણ ?

**અનંતજ્ઞાની પરમાત્માને ભાવથી ભજેલા, એ એ મહાજ્ઞાનની શક્તિ પણ કેમ ન આપે ?**

તમારે પણ દુનિયાનું કંઈ કંઈ જાતનું સારું જોઈએ છે ને ? પરંતુ એ વખતે પરમાત્મા યાદ આવે છે ? પૈસા સારા જોઈએ છે, પણ મનને એમ વિચાર આવે છે કે 'અનંત ઉપકારી પરમાત્માના પ્રભાવે તો અહીં આ માનવભવ આદિ મહાપુણ્યાઈ પામ્યો છું તો એ અનંત વૈભવીના ચરણે કાંઈ ને કાંઈ ધરતો જાઉં ? એમણે જ આપેલા પૈસાથી એમની શોભા કરું ? દૂધ સારું જોઈએ છે તો પ્રભુને દૂધ ચડાવું ? ઘી જોઈએ છે તો પ્રભુ આગળ ઘીના દીવા કરું ?

**પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતાનો વિચાર :-**

જો જો હોં , પ્રભુને આ ઘી-દૂધ-પૈસા માટે ઘી-દૂધ-પૈસાથી નથી પૂજવાના. તો તો એ વિષક્રિયા થશે. આ તો સમજવા માટે છે કે વ્યવહારમાં કોઈનું લીધું હોય, ખાધું હોય, તો એને દેવાનો ખવરાવવાનો વિચાર આવે છે, તો મોટા દાતા પ્રભુ પ્રત્યે કેમ નહિ ? પ્રભુએ હાથોહાથ નથી આપ્યું એટલે ? સરકારે હાથોહાથ કાંઈ ન આપ્યું હોય, પરંતુ અહીં અછત હોય એવો સસ્તો માલ પરદેશથી બહુ આવવા દેવાની સગવડ કરી હોય, તો ય લોક સરકારનો પાડ માને છે. વિચારવાને હૈયું જોઈએ. જેમ આ કૃતજ્ઞતાનો વિચાર જોઈએ કે, -

**પ્રભુના ભાવી ઉપકારનો વિચાર :-**

'ભગવાન એવા અનંતજ્ઞાની છે, અનુપમ ઉચ્ચ ગોત્ર-યશ-સૌભાગ્ય-આદેયતાના ધરનારા છે. સર્વ લાભાંતરાયના ક્ષયથી અનંતલાભ-લબ્ધિના સ્વામી છે. એમ અનંત વીર્યલબ્ધિના ને અનંત દાનલબ્ધિના માલિક છે, તેમ પ્રભુ અનંત રાગના ક્ષયને કરનારા છે.

**આવા અનંત ગુણધારી ભગવાનને ભજતાં જો એ અનંતની પ્રાપ્તિ થઈ શકે છે, તો પછી એથી અલ્પની પ્રાપ્તિ તો અવશ્ય થાય,**

એમાં શી નવાઈ છે ? શા માટે બીજે ત્રીજે ફાંફા મારું ? એ અનંત જ્ઞાનાદિ

વૈભવને ધરનારાને જ ભજ્યું. બીજા ત્રીજાની સેવા-ગુલામી પડતી મૂકીએ પ્રભુની જ સેવા-ગુલામી કરું . એનાથી બધું મળશે.'

પૂર્વના મહાન આત્માઓના દાખલા જુઓ, આ પરમાત્માને અનન્ય સેવ્ય કરીને દુન્યવી સંપત્તિ ય અચિંત્ય પામ્યા, ને આત્મિક સમૃદ્ધિ ય અનંત પામ્યા.

નાગકેતુ મહાશ્રાવક પુષ્પપૂજા કરતાં કરતાં પુષ્પ કરંડિયાની અંદરના છૂપા સાપનો દંશ પામ્યા, શરીરે ઝેરથી તમતમાટ થયો, પરંતુ સામે પરમાત્મા મળ્યા છે. એટલે અનંતશક્તિના નિધાન મળ્યા છે, અનંતી નિર્મળતા-નીરોગિતા-સ્વસ્થતાનું ધામ મળ્યા છે, પછી શા સારુ ભાડુતી નાશવંત કાયા સામે જુએ ? અરિહંત પરમાત્માની પરમાત્માનાં સ્વરૂપની લગનમાં ચડી ગયા, કાયાની માયા જ મુકાઈ ગઈ પછી સર્પ દંશની પીડા શાની લાગે ? અરિહંતના ધ્યાનમાં બધીજ મમતા આસક્તિ મુકાઈ ગઈ, અનાસંગ યોગમાં ચડી વીતરાગ બન્યા કેવળજ્ઞાન-સર્વજ્ઞતા પામ્યા અનંતજ્ઞાની અનંત આત્મા. સમૃદ્ધિ સંપન્ન પાસેથી શું ન મળે ? અનંતજ્ઞાનાદિ અનંતી આત્મ-સમૃદ્ધિ મળી ગઈ ! સવાલ આટલો છે.

જો અરિહંત પરમાત્મા મળી ગયા છે, તો પરમાત્માની ભલે ગમે તે એક પ્રકારની ઉપાસના, પરંતુ એમાં દટાઈ જાઓ, ખોવાઈ જાઓ, ઓતપ્રોત થઈ જાઓ પછી એમની વાનગી તો સામે જ ઊભી છે. નરસિંહે પૂર્વ ભવે માત્ર અરિહંત પ્રભુનાં દર્શનની ઉપાસના કરેલી, પરંતુ એમાં ખોવાઈ જઈને, પછી અહીં હોશિયારી ય અવ્વલ મળે એમાં નવાઈ શી ? કળાવિદ્યાઓ બહુ સહેલાઈથી હસ્તગત કરી લીધી.

નરસિંહ હવે સોળ વરસનો થાય છે ત્યારે એનો પાલક પિતા શ્રેષ્ઠી હવે એને દેશાટનનો અનુભવ આપવા એને સાથે લઈને માલ રસાલા સાથે પરદેશ ઊપડે છે. ક્રમશઃ મોટા શહેરમાં વેપાર કરતાં કરતાં આગળ વધતાં, નરસિંહને મરાવી નાખવાનો બબ્બે વાર પેંતરો કરનાર પેલા રાજાની રાજધાનીમાં જઈ પહોંચે છે. નજરાણું લઈ નરસિંહની સાથે રાજાના દરબારમાં પહોંચે છે. રાજાને પગે પડે છે, નરસિંહની ઓળખ કરાવી એને પણ પગે પાડે છે, નજરાણું ભેટ કરે છે. રાજાએ પૂછતાં કહે છે 'વેપાર અર્થે આવ્યો છું આપની કૃપાથી અહીં સારો વેપાર થશે. આશીર્વાદ આપો' એટલામાં ત્યાં બેઠેલો જોષી મલકી ઉઠે છે. રાજા એ જોઈ લે છે, શેઠને યોગ્ય આસન પર બેસાડી જોષીને બોલાવી મલકાટનું કારણ પૂછે છે.

જોષી રાજાના કાનમાં કહે છે , 'મહારાજા ! કહો ના કહો, પણ આ શેઠનો છોકરો રાજા થાય એવા એનાં શરીર પર લક્ષણ છે.'

આ સાંભળતાં જ રાજાના હોંશકોશ ઊડી ગયા, મનમાં સમસમી ગયો કે



'હાય ! તો શું આ એજ બાળક તો નહીં હોય ? ગમે તેમ પણ વાણિયાનો દીકરો મારો વારસદાર?' ખેર; પણ એમ થવા ન દઉં.'

જોષીને તો કહે છે, 'એમ ? વાહ, બહુ સરસ !' પરંતુ મનમાં એનો ઘાટ ઘડી નાખવાનું નક્કી કરીને મનમાં વિચારી લે છે કે 'શેઠિયા સાથે ઘનિષ્ઠ સંબંધ બાંધુ, પછી કોઈક દિવસ છોકરાનો ઘાટ ઘડી નખાશે.'

રાજા દિવાનને કહે 'આ શેઠને સારું મકાન વગેરે વ્યવસ્થા કરી આપો એ સારો વેપાર કરી શકે એવી એમને બધી સગવડ આપજો. જુઓ એમને આપણા નગરના વાસી બનાવવાના છે.'

દિવાન સ્વીકારી લેતાં કહે છે, 'હાજી સાહેબ ! એમ કરી દઉં છું.'

શેઠ બહુ ખુશી થઈ ફરીથી રાજાને પગે પડતાં કહે છે. આપનો બહુ ઉપકાર. રાજા કહે, કરો ખુશીથી વેપાર, કેમ ચાલે છે એ મને જણાવતા રહેજો, જેથી કાંઈ જરૂર હોય તો સગવડ કરી અપાય. તમારો વેપાર વધે એ મારા નગરની જ શોભા છે.'

શેઠ નમીને જાય છે, અને દિવાન એને એક સુંદર મકાન વગેરે સગવડ કરી આપે છે.

**રાજાનો નરસિંહ માટે દુષ્ટ આશય :-**

શેઠના મનને ખુશીનો પાર નથી. લાગે છે કે 'વાહ ! આપણે કેવા પુણ્યશાળી કે મહારાજા સાહેબે આટલી બધી સગવડ આપી દીધી !' એને બિચારાને ક્યાં ખબર છે કે આ સગવડ પાછળ રાજાનો આશય નરસિંહનો ઘાટ ઘડી નાખવાનો છે ? એ તો એક બાજુ વેપાર જમાવે છે, ને બીજી બાજુ રાજાને અવરનવર મળતો જાય છે. રાજા પણ પ્રેમ દેખાડતાં, શેઠ સંબંધ વધારતો જાય છે, તે હવે તો રાજાના આમંત્રણથી મહેલ પર જઈને પણ મહોબત વધારે છે. એમાં વળી રાજા નરસિંહ પર પોતાના દીકરા જેવો સ્નેહ બતાવતાં, શેઠ માને છે કે 'વાહ ! આ દેવનો દીધેલો દીકરો ય કેવો ભાગ્યશાળી કે મોટા રાજા સાહેબ એના પર પ્યાર કરે છે !'

**દુષ્ટ રાજા જેવું પાપાનુબંધી પુણ્ય છે :-**

શું શેઠ જાણે છે કે આ બધી સગવડ અને પ્રેમની પાછળ છોકરાનો ઘાટ ઘડી નાખવાનો રાજાનો આંતરિક આશય દુષ્ટ છે ? ના, નથી જાણતો-સમજતો. બસ, ત્યારે જીવને પાપાનુબંધી પુણ્ય-કર્મથી જે સુખ-સગવડ મળે છે એમાં ય એવું છે, એમાં એ ભોળો જીવ પાપાનુબંધી પુણ્યના પણ આંતરિક ભયંકર સ્વરૂપને સમજતો નથી કે 'આમાં મારો ઘાટ ઘડાઈ જવાનો છે.' એ ખબર નહિ એટલે એ પુણ્યે

આપેલી સુખ સગવડ પર ખુશી ખુશી થઈ જઈ અઢળક પાપો કરે છે, ગાઢ મોહ કરે છે.

તમને થોડું ઘણું અનુકૂળ મળી ગયું એ પુણ્યથી મળ્યું લાગે છે, પરંતુ એ પુણ્યની ઓળખ છે ખરી કે એ પુણ્યાનુબંધી છે કે પાપાનુબંધી ! 'મહારાજ ! ઓળખ કરીને શું કામ છે ? મળ્યું છે તો ભોગવી લેવું' એમ કહેતા નહિ કેમકે જો એ પેલા રાજાની જેમ દુષ્ટ હશે, પાપાનુબંધી હશે તો ડૂચા કાઢી નાખશે. કોઈ મિત્ર થતો આવે તોય તમે તપાસો છો કે 'આ માણસ કેવો ? વિશ્વાસઘાતી તો નહિ નીવડે ?' તો પછી પુણ્ય માટે શું નહિ જોવાનું કે 'એ કેવી જાતનું ? અંતે ધોખો આપનારું ને દુર્ગતિમાં ઘસડનારું તો નહિ નીવડે ?' માટે તપાસ તો કરવી જ પડે કે પુણ્ય પુણ્યાનુબંધી છે કે પાપાનુબંધી ?

**પુણ્ય પાપાનુબંધી હોવાની ખબર આ રીતે પડે કે,**

એ પુણ્યના આપેલા ધન-માલ-માન-પરિવાર ઉપર

(૧) સદ્‌બુદ્ધિ ન સૂઝે, પણ દુર્બુદ્ધિ સૂઝે,

(૨) ધર્મની ભાવના ન થાય, સાંસારિક ધૂમ પાપો આચરવાનું મન થાય.

(૩) ક્ષમા-નમ્રતા-દયા વગેરે ન રહે, ગુસ્સો, ગર્વ, કઠોરતા વગેરે બહુ રહે, ને એમાં અફસોસી પણ નહિ.

(૪) એ ધન-માલ વગેરે પર મમ્મણશેઠની જેમ અતિશય ગાઢ મમત્વ રહ્યા કરે.

આ ઉપરથી પુણ્ય પાપાનુબંધી તરીકેની ઓળખ થાય. એવાં પુણ્યથી લહેર તો કરી લીધી, પણ પરભવે પરિણામ ? એજ કે એ પુણ્ય કર્મે આપેલી સગવડ પર જીવ અઢળક દોષ-દુષ્કૃત્યો કરી નરકાદિ દુર્ગતિઓના રવાડે ચડી જાય છે. દુનિયાનો રાજા લલચાવી ફસાવી બગાડે બગાડે તો કેટલું બગાડે ? ત્યારે આ કર્મસત્તા કેટલું નિકંદન કાઢે ? પણ મૂરખ જીવને આનો વિચાર જ નથી, પુણ્યે મળતાં સુખસાધન પર એને પાગલ થવું છે. ધૂમ પાપસ્થાનકો સેવવા છે; કદાચ ક્યાંય ધર્મ કરી લે, તો ય એ દુન્યવી માનપાનની લાલચે, એટલે એમ ધર્મ કરીને પણ દુન્યવી માન-સન્માન ધન-પરિવાર વગેરેનો રાગ જ મજબુત કરવો છે ! કે જેની પાછળ પછી અઢળક પાપ સેવતાં કશો જ આંચકો નહિ !

**ધર્મ કરીને ય સંસારવર્ધક દુન્યવી વસ્તુનો રાગ પોષવો એ કેવી મૂર્ખતા ?:-**

**પાપો કોણ કરાવે છે ? આ ધન-માલ પરિવાર-પ્રતિષ્ઠા વગેરેનો રાગ.**

**એવો રાગ શાથી ? એ ધનમાલ વગેરેના લીધે જ. તેથી ધનમાલ વગેરેનો વિષયો પણ ભયંકર, અને એનો રાગ પણ ભયંકર.**



કહેતા નહિ,

**પ્ર.**- ધનમાલ વગેરે મેળવીએ-રાખીએ પણ એના પર રાગ ન કરીએ તો તો વાંધો નહિ ને ? ભરત ચક્રવર્તીને ક્યાં વાંધો નડ્યો ? આરિસા ભવનમાં કેવળજ્ઞાન પામ્યા ને ? રાગ વિના ધન-માલ મેળવવા-રાખવામાં શો વાંધો ?

ઉ.- જો ધન-માલ વગેરે વિષયો પર રાગ નથી, તો પછી એને મેળવવા જ શું કામ જવાનું ? ને રાગ નથી તો એને રાખવા જ શા માટે ? શું રાગ એ કોઈ બહારની વાત-ગુમડા જેવી વસ્તુ છે કે બહાર દેખાય ? હા, બહારની ખુશી વગેરે એનાં લક્ષણ છે, પરંતુ મન ચોર હોય તો એ ન દેખાવા દે. બાકી અંદરના રાગ વિના વિષયો મેળવવા જવાનું શું ? ને રાખવાનું શેનું ? ડાહ્યા થાઓ,

**વિષયો પર અંદરખાને અતિ રાગ પોષી જીવનમાં વિષયોની ધૂન મચાવી પુણ્યને પાપાનુબંધી ન બનાવો; નહિતર આ દુષ્ટ રાજાની જેમ તમારું નિકંદન કાઢશે.**

પેલો પૂર્વભવનો ભિખારી સાધુના ઉપદેશથી જિન મંદિરોમાં હોંશેહોંશે ભગવાનનાં કરેલા દર્શનોનાં પુણ્યે અહીં હવે શ્રેષ્ઠિપુત્ર નરસિંહ બનીને રાજાને બહુ પ્રિય અવસ્થાએ પહોંચી ગયો છે. અલબત્ત રાજા કપટથી એનું કાટલું કાઢી નાખવા માટે જ પ્રેમ બતાવી રહ્યો છે, પરંતુ એ નરસિંહના લાભમાં ઉતરવાનું છે; કેમકે એને પૂર્વના વીતરાગ પ્રભુનાં અમૂલ્ય દર્શનનું પીઠ બળ છે.

**વીતરાગની ભક્તિનું પીઠબળ હોય એને અવળા પણ સવળા થઈ જાય.**

**રાજાની કરામત :-**

નરસિંહના બની બેઠેલા બાપ શેઠિયાને રાજા અવરનવર મહેલમાં નોંતરે છે, આનંદ મંગળની વાતોચીતો કરે છે. કોઈક કોઈક વાર શેઠિયાની સલાહ પણ લે છે, એની બુદ્ધિના ગુણગાય છે, અને સાથે નરસિંહની લાયકી અને ગુણોની પ્રશંસા પણ ભારોભાર કરે છે. એમાં વળી વાતચીતમાં શેઠિયાને સમય થયે એના મુકામે જવાનું થાય ત્યારે એને જવા દઈ રાજા પોતાના પુત્ર સાથે આનંદ મંગળ કરવા માટે નરસિંહને આગ્રહ કરી રોકી રખાવે છે, અને પછી નરસિહને ખુબ પ્રેમ દેખાડી ખિલાવે છે.

ત્યારે નરસિંહ પણ ભોળો ભદ્રક તે રાજાને સજ્જન સ્નેહાળ માની લે છે. એને બીજો વિચાર જ નથી આવતો કે આ રાજાને શો સ્વાર્થ કે અમો પરદેશીને આટલું બધું માન આપે ? અમારા પર આટલો બધો સ્નેહ દાખવે ? પ્રાયઃ દુનિયાનો માણસ સ્વાર્થ વિના પગલું માંડે નહિ,' ના, આ કશો વિચાર નથી, 'બીજા ય પરદેશી અહીં આવેલા હશે એને કોઈને રાજા કેમ આટલું માન આટલો સ્નેહ દાખવતા નથી ? ને અમને કેમ બહુ માન બહુ સ્નેહ ?' ભદ્રક સ્વભાવના નરસિંહને

આ વસ્તુ તરફ દૃષ્ટિ જ નથી જતી.

**શેઠ વતનમાં જવા રજા માગે છે :-**

એટલે હવે જ્યારે શેઠ નરહસિંહને હોશિયાર થયેલો જોઈ પોતાના વતનમાં જવાની તૈયારી કરી રાજાની રજા માગે છે, ત્યારે રાજા આગ્રહ કરે છે, કહે છે,-

'શું કામ ઉતાવળ કરો છો ? રહો ને અહીં જ . કેમ અહીં વેપાર-ધંધો બરાબર નથી ચાલતો ?'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૫,અંક-૧૪,તા.૧૧-૧૨-૧૯૭૬**

શેઠ કહે 'આપના પસાયે બધું સારું ચાલે છે.'

'તો પછી હવે ઘરે જવાની ઉતાવળ શા માટે ?'

'મહારાજા ! બીજા સગા-સ્નેહી બધા ત્યાં, એટલે હવે ઘરે જવું પડે. જંગમ-સ્થાવર મિલકતોય દેશમાં હોય, એ બધું ય સંભાળવું પડે ને ? એ બધું કાંઈ અહીં થોડું લવાય છે ? અને અનેક સગા સ્નેહીની વચ્ચે જે સુખ હોય, તે બહારમાં એકલ દોકલમાં ન હોય. દેશ એ દેશ. માટે કૃપા કરી હવે રજા આપો.'

રાજા જુએ છે કે 'આ તો બાજી હાથમાંથી જાય. પછી આ નરસિંહનો ઘાટ કેમ ઘડી નખાય ? માટે કમમાં કમ નરસિંહને તો અહીં રાખી જ લેવો જોઈએ.'

**રાજાની માગણી :-**

એમ વિચારીને રાજા શેઠને કહે, 'તમારી વાત તો બરાબર છે. પરંતુ મને ને મારા કુમારને નરસિંહ વિના ઘડી ય ગમતું નથી. તો નરસિંહને થોડો વખત અહીં રાખી જાઓ.'

શેઠ હસતાં હસતાં કહે, 'એમ તો સાહેબ ! મને ને એની માતાને પણ એના વિના ઘડી ય ગોઠતું નથી.'

રાજા કહે 'તે તમારી પાસે તો એ જિંદગીભર છે જ ને ? આ તો મને થાય કે 'આવો ગુણિયલ ને પ્રેમાળ નરસિંહ થોડો વખત અહીં હોય તો અમને આનંદ રહે'

રાજાએ બહુ આગ્રહ કર્યો અને એટલો બધો ભાવ દેખાડ્યો કે શેઠના મનને થયું, નરસિંહ છોકરો છે તો ભાગ્યશાળી કે એક રાજા આટલો બધો એના પર ઓવારી જાય ! વળી અહીં રાજા તરફથી ઘણી સગવડ મળી છે, તો હવે ઘસીને ના કેમ કહેવાય ? એમાં તો ધિટ્ઠાઈ થાય. થોડા વખતનું કામ છે ને ? ભલે એ થોડો વખત અહીં રાજા પાસે રહે.'



શેઠને દાક્ષિણ્ય નડ્યું. નહિતર નરસિંહ પર એને, હેતનો પાર નથી, એને મન એ હૈયાનો હાર છે, આંખની કીકી છે; એને અહીં છોડી જતાં જીવ ચાલતો નથી.

શેઠાણી ય રજા માગવા સાથે જ આવેલા છે, એટલે શેઠ એમને પૂછે છે, 'કેમ કરશું ?'

શેઠાણીને મન વળી નરસિંહ ખોટનો દીકરો, તે એના પર અથાગ પ્રેમ છે. પ્રાણ તુલ્ય તો શું, પણ પ્રાણથી ય અધિક વહાલો છે. એટલે કહે છે, હાય ! છોકરાને મૂકીને કેમ જવાય ? મને તો એના વિના ક્ષણ પણ ગોઠે નહિ.'

**જો જો મોહનું નાટક. વહાલા દીકરા વિના ક્ષણ ગોઠે નહિ; પરંતુ ભગવાન વિના ગોઠે ખરું !**

બોલો, તમારે કેમ છે ? ભગવાન વિના ગોઠતું નથી ને ? કહો ને 'ના સાહેબ ! ભગવાન વિના અમને ય નથી ગોઠતું, માટે તો અમે રોજ ભગવાનનાં દર્શને જઈએ છીએ.'

ખરેખર ! આ સાચું બોલો છો ? પ્રભુનાં દર્શને જાઓ ત્યારે ભગવાન વિના ચિત્તને ગોઠતું નહોતું, ચેન પડતું નહોતું, એટલે 'ક્યારે દર્શને જાઉં, ક્યારે દર્શને જાઉં,' એવી ઉત્કંઠાથી જાઓ છો ને ? બીજા માણસોનાં દર્શન વખતે મન લૂખું રહે છે ને ? તો જ કહેવાય કે પ્રભુદર્શન વિના મનને ગોઠતું નથી.

**ભગવાન પર પ્યાર કરવો છે ? તો આ કરો, ભગવાનનાં દર્શને ચિત્તને ગોઠે, બીજાનાં દર્શને ન ગોઠે, બીજાનાં દર્શન લુખ્ખા થાય, ભગવાનનાં દર્શન ઊછળતા હરખવાળાં થાય.**

આ પાલવે ? તો પછી બૈરીનાં દર્શન, દીકરા-દીકરીનાં દર્શન લુખ્ખા જ થાય ને ?

**પ્ર.-** થવું જોઈએ, પણ કેમ થતું નથી ?

ઉ.- કારણ છે, જ્યાં દર્શન મીઠાં લાગે છે, એના વિના ચેન નથી પડતું. પ્રભુનાં દર્શન લુખ્ખા છે, કેમકે પ્રભુ વિના ચેન પડે છે.

**જેને દુનિયાના વહાલા વિના ગોઠતું નથી, માત્ર, ભગવાન વિના ગોઠે છે, એને ભગવાન પ્યારા છે ?**

**શેઠ-શેઠાણી દાક્ષિણ્યમાં તણાયા :-**

પેલી શેઠાણીને નરસિંહ પર બહુ પ્યાર, એટલે નરસિંહને રાજા રોકી લેવા માગણી કરે છે ત્યારે એને એમ થાય છે કે 'હાય ! નરસિંહને અહીં રાખી જઈએ, તો પછી એના વિના ગોઠે કેમ ?' પણ પાછો વિચાર આવે છે કે 'આ રાજાએ અહીં ઘણી સગવડ આપી છે, ને તેથી ઘણું કમાયા છીએ; વળી રાજાએ પ્રેમ પણ

બહુ દાખવ્યો છે, તો એમનું વચન કેમ હડસેલાય ? કાંઈ નહિ, થોડા દિવસ પછી નરસિંહને બોલાવી લઈશુ.'

શેઠના મનને પણ એવું જ છે. તેથી એ પત્નીને ધીરેથી પૂછે છે 'કેમ કરશું ?'

બાઈ કહે 'મહારાજનું દાક્ષિણ્ય ન તોડાય. એમનો બહુ ઉપકાર છે. કાંઈ નહિ, નરસિંહને અહીં મૂકો, થોડા દિવસ પછી તેડાવી લઈશું ?'

**નરસિંહને મૂકી જવા માબાપ મંજૂર :-**

પત્યું, શેઠે રાજાને કહ્યું 'ભલે મહારાજા ! આપનો બહુ સ્નેહ છે એ અમારો અહોભાગ્ય છે ! આપનો આગ્રહ તો ભલે નરસિંહને રાખો. પણ ભાઈ સાહેબ ! આપ સમજો છો ને કે અમારે આ એકનો એક જ દીકરો હોઈ અમને એના વિના ગોઠે નહિ, તેથી થોડા દિવસ પછી એને મોકલી દેવા મહેરબાની કરશો.'

રાજાની દાનત ખોટી છે, તેથી મનમાં સમજે છે કે 'નરસિંહનું થોડા દિવસમાં જ યુક્તિ પૂર્વક કાટલું કાઢી નાખીશ, એવી રીતે કે આ લોકોના જાણમાં આવતાં એમ ન લાગે કે મેં મરાવી નાખ્યો, કે કોઈએ એનું ખુન કર્યું, મારી નાખ્યો. આ લોકો એને અહીં થોડા દિવસ એકલો મૂકીને જાય છે ને ? બસ એટલું ઘણું છે'

કપટી માણસના મનની ખબર પડે ? એ તો વાણીમાં ગોળ એવો પીરસે કે સામો એમાં જ અંજાઈ જાય, લોભાઈ જાય, સામાના માયાભાવની ગંધ જ ન આવે.

**રાજાનો સવાસલો :- (ખુલાસો)**

રાજા એવો જ ગોળ પીરસે છે, કહે છે, 'તમારી વાત સાચી છે, તમારે એકનો એક પુત્ર એટલે એના વિના તમને ન ગોઠે. પણ આટલું તમે મંજૂર કરો છો એ તમારી ઉદારતા છે, અમારા પર સ્નેહભાવ આદરભાવ છે. તો ફિકર ન કરશો, થોડા વખતમાં મોકલી દઈશું નરસિંહ ને. તે ય એકલાને જ નહિ, પણ જોડે અમારા કુમારને પણ મોકલવો પડશે, કેમકે બંનેને પ્રેમ એટલો બધો છે કે અમારો તમારાની સાથે આવ્યા વિના નહિ રહે. અહીં જાુઓ છો ને બંનેની સ્નેહની ગાંઠ !'

રાજાએ કેવો ગોળ પીરસ્યો ! આમાં કપટી રાજાના દિલની ગંધ પણ શાની આવે ? કપટીમાં દુનિયા ફસાય છે. શેઠ-શેઠાણી આ સાંભળી ખુશી ખુશી થઈ ગયા.

**ધુતારાઓ લોભી જગતને આમ જ ઠગે છે.**

જગત લોભિયું છે, એટલે લોભના અંધાપામાં ધુતારાની ઠગાઈ દેખાતી નથી. શાસ્ત્રકારોએ આટલા માટે તો લોભથી બચવાનું કહ્યું છે. લોભી થયા તો



ધુતારાનો ભોગ બનશો. લોભ જ ન હોય એને ધુતારો શું ઠગે ? આજે પૈસાના લોભી, પુત્રના લોભી, માન પાનના લોભી, કેટલાય ઠગાયાની પોક મૂકતા સંભળાય છે,-'માળો ફલાણો મોટી ફેકટરી મોટી પેઢી વગેરેનું નામ દઈ અમારા હજારો રૂપિયા પડાવી ગયો ! લુચ્ચો નહિ તો ?' આ પોક મૂકે; અલ્યાં પણ એનો વાંક કાઢે છે, કિંતુ તું લોભમાં પડ્યો એ તારો વાંક નહિ ? સીધું ૧૨ ટકા વ્યાજ આવતું હતું, તેના બદલે આ ફેકટરીમાં રોકી ૪૦ ટકા નફો ઉપજાવવાના લોભમાં કેમ પડ્યો ?

**જગતમાં સુખના લોભમાં જ જીવ સગા સ્નેહી વગેરેથી ય ઠગાઈ રહ્યો છે; એમની ખાતર પુણ્ય વેચીને પાપની ખરીદી કરી રહ્યો છે.**

તમે કહેશો,

**શું સગા-વહાલા એ ઠગારા ?**

પરંતુ એ જાુઓ કે આપણી પુણ્ય મૂડી ખત્મ કરાવી માથે અઢળક પાપનાં દેવાં ચડાવી આપે એ ઠગારા નહિ ? સગા ને વહાલા શું કરે છે ? આપણા તરફથી બધી વાતની અનુકૂળતા ઇચ્છે છે. એ પૂરી પાડવામાં આપણે આપણી પુણ્ય મૂડી વટાવવી પડે છે, અને એ ધંધા ધાપામાં પરિગ્રહ-મૂર્ચ્છા, જીવોના આરંભ સમારંભમાં કચ્ચરઘાણ, બીજા જૂઠ-અનીતિ વગેરે પાપો ક્રોધાદિ કષાયો, રાગ-દ્વેષ...વગેરે કેઈ દુષ્કૃત્યો આચરવા પડે છે. એમાં પાપની ધૂમ આવક. પુણ્યની મૂડી સાફ અને પાપનાં દેવાં માથે, આ બધું શાના લીધે ? શું પાડોશી કે રસ્તે જનારની ખાતર ? ના, પાપો થાય છે તે સગા-વહાલાનો લોભ-આસક્તિ-મમતા છે માટે જ.

**કુટુંબને રખડતું કરવું ? :-**

**પ્ર.-** તો શું સગા-વહાલાને રખડતા મૂકી દેવા ?

ઉ.- જો આવો પ્રશ્ન ઊઠે છે તો આની સાથે આ પ્રશ્ન કેમ નથી ઊઠતો કે 'તો શું આ બધાની વેઠમાં ને મોહમાં મારે મારી પૂર્વની બધી પુણ્યાઈ સાફ કરી નાખવાની ? ને અઢળક પાપના સંચય કરી દુર્ગતિઓની દુઃખદ જન્મ-પરંપરામાં મારી જાતને ફેંકી દેવી ? બાકી પહેલા પ્રશ્નમાં એમને રખડતાં એટલે કે સંસારની દુર્ગતિઓમાં રખડતા નહિ મૂકવાના, પણ ધર્મ પમાડી ઊંચે ચડાવવાના. કદાચ એ ધર્મ ન પામે, તો શું જાતને રખડાવવાની ? કદાચ સંસાર ત્યાગ ન કરો તો ય મનમાં તો સમજવાનું ખરું કે નહિ કે 'આ લોથમાં હું દુર્ગતિઓના ભવોની પરંપરામાં બેહાલપણે ભટકવાનું ઊભું કરી રહ્યો છુ ?'

**શું શાલિભદ્ર વગેરે એ કુટુંબને રખડાવનારા ? :-**

તેમ, શું મોટા શાલિભદ્ર પ્રેમાળ માતા અને વિનયી બત્રીસ (૩૨) પત્નીઓને મૂકી સાધુ થાય તે કુટુંબને રખડાવનારા કહેવાય ? એ મેઘકુમાર, અવંતીસુકુમાળ, નંદીષેણ, સુબાહુકુમાર વગેરે વગેરે બધાને કુટુંબને એવા નિર્દયપણે તરછોડનારા કહેવા છે ? કમમાં કમ અંતરના દિલથી વસ્તુતત્ત્વ સમજી રાખી દિલથી ન્યારા તો રહેવું કે નહિ ? કે 'સગાવહાલા મારા બહુ ઉપકારી; મારા બહુ વહાલા, 'એમ આંધળી એકમેકતા કરવી ?

સમકિતી જીવને કેવો કહ્યો છે ?

**સમકિત દૃષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ,**
**અંતરસે ન્યારો રહે, જિમ ધાવ ખેલાવત બાળ.**

ધાવમાતા આજીવિકા ખાતર રાજકુમારને ખેલાવતી હોય, હુલવતી-ફુલવતી હોય, પણ અંતરમાં એનાથી ન્યારી. એ પોતાના છોકરાની નહિ એટલી બધી સરભરા રાજકુમારની કરે છે; પરંતુ દિલ એનાથી ન્યારું, દિલમાં એ પોતાના પુત્ર તરીકે વસેલો નહિ. દિલ પોતાના પુત્ર તરફ ઢળેલું, એની સાથે એકમેક, રાજકુમાર સાથે નહિ. બસ, એ રીતે સમકિતી આત્માનું દિલ કુટુંબ વગેરેથી ન્યારું. દિલ એમને પોતાના તરીકે ન સમજે. પોતાના તરીકે તો પરમાત્મા અને ગુરુ તથા સંઘ સાધર્મિક જ અંતરમાં વસેલા હોય. ભલે આ બધા કરતાં કુટુંબની સરભરા ખૂબ વધારે કરતો હોય, છતાં સમજતો હોય કે 'સગાં ને વહાલા (૧) ખોટો મોહ, ને અપ્રશસ્ત રાગ કરનારા છે, (૨) પુણ્યની કોઠી ખાલી કરાવનારા છે, ને (૩) અઢાર પાપસ્થાનક આચરાવનાર છે. જેમાં સરવાળે સારું ખોવાનું ને નરસું માથે પડવાનું છે. આમાંના કોઈ રાગવશ દિલમાં હોય તો સદ્‌ગતિના પુણ્ય ન મળે, ને આયુષ્ય બંધાતા ને પરભવ જતાં એ દિલમાં હોય તો સદ્‌ગતિએ ન જવાય. એ તો

**સગા-સ્નેહી નહિ, પણ પરમાત્મા, ગુરુ કે સંઘ દિલમાં હોય તો પુણ્ય મળે, ને સદ્‌ગતિ મળે.**

આપણું દિલ કુટુંબથી ન્યારું, એટલે આ કર્તવ્ય બની રહે છે, કે જ્યારે કુટુંબ મોહ કરતું આવે, માન-સન્માન આપે, સેવા આપે, ત્યારે લહેવાઈ જવાનું નહિ કે 'અહાહા ! આ મારા કેવા હિતૈષી છે.' બધી સ્વારથની માયા - મહોબ્બત છે.' એમ સમજવાનું 'પ્રભુ ! બચાવજે મને મોહમાં પતનથી. તું જ મારો છે. તું જ સાચો તારણહાર સ્નેહી છે.' એમ પ્રભુને મનોમન પ્રાર્થના કરવાની.

**અંતરમાં જો ખરેખર દેવ ગુરુ-સંઘ વસેલા છે, તો એમની સેવાનું વ્યસન લગાડવાનું .**

ઉમળકો રાખવાનો કે 'એમની તન-મન-ધનથી વધુમાં વધુ સેવા કરું.'



વાત આ હતી જગત ઠગાય છે ધુતારાથી, એમ પેલા નરસિંહ રાજાના બહુ વહાલ અને પ્રશંસાથી ઠગાઈ રહ્યો છે. માને છે કે 'આવા મોટા રાજાનો મારા પર કેટલો બધો પ્રેમ !' તે રાજાનો પડતો બોલ ઝીલી લે છે. રાજા નરસિંહની કળા કુશળતા અને હોશિયારીની વારે વારે ખૂબ પ્રશંસા કરે છે; કેમકે એણે એનો ઘાટ ઘડી નાખવા માટે એક પેંતરો વિચારી રાખ્યો છે, એની આ ભૂમિકા છે.

**નરસિંહનો ઘાટ ઘડી નાખવા રાજાનો પેંતરો :-**

રાજાએ પેંતરો એવો ગોઠવ્યો કે પોતાના રાજ્યના સીમાડા રાજાને આજ્ઞામાં આવી જવા સંદેશ મોકલ્યો. પેલો રાજા એમ શાનો માની જાય ? એની તરફથી ઉદ્ધત જવાબ આવ્યો. એ જવાબને લઈને રાજા નરસિંહને કહે છે,-

'આ સામા રાજાનો ઉદ્ધત જવાબ આવ્યો છે, તો કુમારને એને વશ કરવા લશ્કર લઈને મોકલવો પડશે. પરંતુ ભલે રાજકુમારને મોકલું છું ખરો. પણ એની તારા જેટલી હોશિયારી નહિ; તારી તો અનેરી હોશિયારી છે. તેથી તારે એની સાથે રહી લશ્કરની દોરવણી કરવી પડશે.

નરસિંહ કહે, 'એમાં શો વાંધો છે ? એ તો આપ કહો છો એ સારું છે. બાકી મને એના વિના અહીં એકલા રહેવું ગોઠેય નહિ, એટલે એની સાથે જ જઉં. છતાં આપ કહો છો એટલે તો ખાસ હું અવશ્ય જઈશ, ને લશ્કરની દોરવણી કરીશ.'

'બહુ સારું બહુ સારું, તો તો હવે યુદ્ધનું સુકાન તારા હાથમાં રાખજે. એને પણ હું કહું છું. જેથી આગેવાની તારી રાખી એ તારા ચિંધ્યા પ્રમાણે કરે.'

'ચડ જા બેટા ! શૂળી પર,' જેવો ઘાટ છે. પરંતુ સાહસિક નરસિંહને આવું કાંઈ જ લાગતું નથી, ઊલટું એ તો જાુએ છે કે 'રાજા મારા પર વધારે વિશ્વાસ મૂકે છે, એ એમની કદરદાની છે.'

રાજાનું વચન હાથ જોડીને સ્વીકારી લે છે

**રાજાનો પુત્રને તથા સેનાપતિને આદેશ :-**

રાજા રાજકુમારને ખાનગીમાં કહી દે છે, જો તારે યુદ્ધમાં આગળ નથી રહેવાનું. નરસિંહ કાબેલ છે, કામ અવ્વલ કરશે; માટે એને જ આગલ રહેવા દેજે, જેથી યુદ્ધમાં જશ મળે.'

રાજપુત્ર એ સ્વીકારી લે છે. એને નરસિંહ પર અથાગ સ્નેહ છે, તેથી રાજાના પેટના પાપની એને ગંધ નથી આવતી, પણ એમજ સમજે છે કે 'પિતાજી નરસિંહની ભારે કદર કરે છે, એ સારું છે, મારા કરતાં એ યુદ્ધમાં વિજયી થવાની મોટી આશા.' રાજાનો ઉદ્દેશ 'આ વાણિયાનો દીકરો નરસિંહ યુદ્ધમાં મોખરે રહે

એટલે મરશે, ને સહેજે સહેજે કાંટો નીકળી જશે. પછી તો દુશ્મન રાજા સાથે સંધિ કરી લેવાશે.' એ ઉદ્દેશથી રાજા સેનાપતિને બોલાવી કહે છે, 'જાઓ યુદ્ધમાં આગેવાની નરસિંહને આપવાની છે, પણ નથી ને જો એનાથી આપણી હાર થતી દેખાય, તો તમારે સંધિ કરી લેવી.'

બસ, ગોઠવણ થઈ ગઈ. રાજકુમારી ઉષા પિતાને કહે છે, 'બાપુજી ! હું ભાઈની સાથે યુદ્ધ જોવા જાઉં ?'

રાજા મનમાં સમજે છે કે આ થોડી જ યુદ્ધમાં ઊતરવાની છે ? તેથી ભલે ને જાય ?' એમ વિચારી એને સંમતિ આપે છે. લશ્કર સાથે બધા ચાલ્યા, રાજકુમાર-કુમારી તથા નરસિંહ; અને પહોંચી ગયા સામા રાજાના સીમાડા પાસે. છાવણી પડી. સામો રાજા પણ ત્યાં લડાઈ કરવા આવી ઊભો. બીજી સવારે યુદ્ધ શરૂ થયું. નરસિંહ મોખરે છે.

**મોખરે નરસિંહ કેમ બચે ? :-**

બોલો, આમાં નરસિંહ બચી શકે ? પણ એ તલવાર ચલાવવી, ભાલો ચલાવવો બંદુક તાકવી, વગેરે કળા શીખેલો છે પરંતુ મોખરે જ હોય એટલે પહેલો ઘા એના પર આવી પડે. એમાં કદાચ પાંચ સાત ઘામાં બચી જાય તો પણ એકાદ ઘામાં તો પરલોક ઊપડી જ જાય ને ?

**સૌભાગ્ય-આદેયનું પુણ્ય શું કામ કરે છે ? :-**

પરંતુ અહીં એનું પૂર્વનું પરમાત્માનાં કરેલાં નિર્મળ નિરાશંસ દર્શનનું સૌભાગ્યનું પુણ્ય આડે આવે છે; તે લશ્કરના સુભટો પર અસર કરી જાય છે. એના સૌભાગ્યથી એના સુભટોને એના પર એવું હેત અને માન ઊપજે છે કે એ લોકો નરસિંહને વચમાં રાખી ઘેરાઈને રહી યુદ્ધ કરી રહ્યા છે, જેથી દુશ્મનનો કોઈ જ ઘા નરસિંહ ઉપર ન આવે નરસિંહ સુભટોને પાણી ચડાવતો રહે છે. **'યા હોમ કરીને લડો, ફત્તેહ છે આગે'** એમાં ય એનું પેલા પ્રભુદર્શનથી આદેય નામકર્મનું પુણ્ય ઊભું થયેલું તે એના પોરસ ચડાવનારાં વચનને સુભટો હોંશથી ઝીલી લેતાં ખૂનખાર જંગ ખેલી રહ્યા છે.

**નરસિંહનો વિજય :-**

એમાં ય વળી નરસિંહનું પુણ્ય જોરદાર છે એ સૈનિકોને જોમ પ્રેરે છે. તેથી એમના મરણિયા પ્રયાસમાં સામાના સૈનિકોનો કચ્ચરઘાણ નીકળતાં બાકીના સૈનિકો હતાશ જેવા થઈ જાય છે, અને નરસિંહ શત્રુ રાજાને પકડી લે છે. રાજા શરણે આવી જાય છે, ને નરસિંહનો વિજય જાહેર થાય છે. સામો રાજા મોટા સ્વાગત સાથે પોતાની રાજધાનીમાં લઈ જઈ નરસિંહને રાજ્યગાદી પર બેસાડે છે, પરંતુ



નરસિંહ ના કહેતાં સાથે આવેલા રાજકુમારને ગાદી પર બહુ આગ્રહ કરીને બેસાડે છે. રાજા તાબેદાર થઈને રહે છે.

જોયું ? પેલા રાજાની ઘણી ય બદદાનત હતી કે 'નરસિંહ લડાઈમાં કપાઈ મરશે, ને મારે કાંટો ટળશે.' પરંતુ અહીં તો ઊલટું નરસિંહને વિજેતા તરીકે માન મળ્યું ! કહે છે ને 'રામ રાખે તેને કોણ ચાખે ?' 'રામના રખોપા સામે માણસના જ શું, કુદરતા પ્રકોપ બેકાર બને છે. ધરતીકંપમાં કેઈ એથી આબાદ રીતે બચી જાય છે. અંજારના ધરતીકંપ વખતે ત્રણ દિવસ તપાસમાં એક ટોપલા નીચેથી કૂતરું આબાદ જીવતું મળી આવ્યું. ધરતીકંપ થતાં કૂતરા પર ઊંધો ટોપલો પડ્યો હશે અને એ ટોપલા પર ભંગાર પડેલો, તે ટોપલા નીચે કૂતરું આબાદ બચી ગયું. કોણે રક્ષણ આપ્યું ? રામનું રખોપું, પુણ્યે બચાવ્યું.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૫,અંક-૧૫,તા.૧૮-૧૨-૧૯૭૬**

એમ, નરસિંહને અરિહંત ભગવાનની ખૂબ દર્શન ભક્તિથી ભગવાનનું રખોપું મળી ગયેલું, ત્યાં સામે હજારો સૈનિકો પણ શું કરી શકે ? એ બધા ડઘાઈ જ ગયા, શરણે આવી ગયા,

સમજાય છે ? આવા કાર્ય શું માણસને આધીન છે ? એ ધાર્યું કરી શકે ? તો પછી એવા અચિંત્ય કામ કરી આપનાર કોણ ? એનો તમારે કેટલો ખપ ?

**ધર્મો રક્ષતિ રક્ષિત :-**

ભગવાનની શુદ્ધ દિલની ભક્તિ જોઈએ. પછી જાણે ભગવાન કહે છે 'હું બધું તારું સંભાળી લઈશ તું મને ભજ, હું તને સંભાળીશ.' અર્થાત્ ભગવાનની નિઃસ્વાર્થ ભક્તિ એવું પુણ્ય ઊભું કરી દે છે કે જે બધું સંભાળી લે છે, બધી સગવડ કરી દે છે. ફોટાવાળો શું કહે છે ? 'જી જરા તમે મોં રોતડ નહિ હસતું રાખો, બાકીનું અમે બધું સંભાળી લઈશું'. કહેવાય છે કે 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ' રક્ષણ કરાયેલો ધર્મ રક્ષા કરે છે. ધર્મની તમે સંભાળ કરો, ધર્મ તમારી સંભાળ કરશે.

**ધર્મે શ્રીપાળને શું શું આપ્યું ? :-**

શ્રીપાળકુમાર એકલા પરદેશ ચાલ્યા, સાથે ભાતાડબ્બો ય નહિ. ત્યાં પરદેશમાં ક્યાં પોતે તનતોડ પ્રયત્ન કર્યા છે ? છતાં સહજભાવે આપત્તિઓ ટળે છે, ને એમને સહજભાવે ઋદ્ધિસિદ્ધિ આવી મળે છે. કારણ ? ધર્મ એમનો બચાવ કરી રહ્યો છે, ધર્મ સામેથી લાવીને સુખસગવડ પીરસે છે ! એમનું ચરિત્ર જુઓ,

દેખાશે કે માણસના પુરુષાર્થ માત્રથી અસાધ્ય એવા મહાબચાવ એમને મળે છે, ને મહાસંપત્તિ તનતોડ પ્રયત્ન વિના મળ્યે જાય છે.

નહિતર, જો ધર્મ તરફથી સંભાળ ન હોત તો ધવળના સેંકડો સુભટો શ્રીપાળ પર તૂટી પડે, ત્યાં શ્રીપાળ બચે ? સુભટો ભોંયભેગા થાય ? એમ ધવળ શ્રીપાળને વહાણના વગર અટકણના ઝરુખા પર ચડાવે, ને ઝરુખો નીચો નમી જતાં શ્રીપાળ સીધા દરિયામાં પડે, ત્યાં એ નીચે દરિયામાં પડતાં બચી શકે ? પરંતુ 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ' તે નીચે પડ્યા ખરા, પરંતુ એમને ધર્મનું પીઠબળ છે તે એક મોટા મગરમચ્છની પીઠ પર જ પડ્યા ! કેમ જાણે ધર્મે માત્ર આટલું રક્ષણ નથી આપવું, પરંતુ આ નિમિત્તે શ્રીપાળને થાણાના રાજા કે જે રાહ જોઈને બેઠા છે એમની પાસે પહોંચાડી દેવા છે, ને એની કુંવરી પરણાવવી છે, તે મગરને તરાપારૂપે બરાબર એજ વખતે ત્યાં લઈ આવવાનો આ ગેબી બનાવ ન સર્જ્યો હોય ? શ્રીપાળનાં જીવનમાં એવા તો કેટલાય અજબ બનાવ બની ગયા. એમાં કોનો પ્રભાવ ? ધર્મનો.

અહીં નથી દેખાતું ? દુનિયામાં લાખો દીકરા જન્મે છે. પણ કેટલાક શ્રીમંતોને ત્યાં જન્મે છે. ગર્ભથી શ્રીમંત. એ જનમ કોની હોશિયારીથી ? શું જીવ પોતાની હોશિયારીથી પરભવથી ચાલી આવીને અહીં શ્રીમંતના ઘરમાં પેઠો ? જો એમ થતું હોત તો તો એવા તો કેટલાય હોશિયાર જીવો ગરીબને ત્યાં મધ્યમને ત્યાં જન્મે છે, તે કેમ બને ? શું જાતે ગરીબ-મધ્યમ કુળ પસંદ કર્યું ? એને પૂછો 'તમે જનમ્યા એમાં તમે ખુશી ? અહીં તમે તમારી જાતની હોશિયારીથી આવ્યા છો ?' એ કશું નહિ, ધર્મના જ પ્રભાવે શ્રીમંતને ત્યાં જન્મ મળે છે. માટે જ ,

**હજી આગળ સારો જન્મ સારી સગવડો અને સારો રક્ષણ જોઈતા હોય તો અહીં ધર્મ મૂડી ખૂબ ભેગી કરો.**

**પ્રભાવ ધર્મનો એટલે પરમાત્માનો :-**

એક જનમમાં ભિખારીએ ધર્મ તરીકે અરિહંત પ્રભુના દિલથી માત્ર ખૂબ દર્શન જ કર્યા છે, એમાં અહીં રાજાના સચોટ પ્રયત્ન એને મારી નખાવવાના છતાં, એને ગેબી રક્ષણ-બચાવ અને ઉત્તરોત્તર સારી સ્થિતિ પ્રાપ્ત થતી જાય છે. ત્યારે જેમનાં દર્શનથી આ બનતું આવ્યું એ અરિહંત પરમાત્માનો કેટલો બધો અજબ પ્રભાવ !! ઉત્તરોત્તર સારી સ્થિતિ કેવી કે બ્રાહ્મણ કરતાં માળીને ત્યાં ભગવાને આપેલા છોકરો તરીકે ખૂબ લાડકોડ અને એમાંથી વળી શેઠના ખોટના છોકરા તરીકે બન્યો ! એમાંથી વળી હવે રાજાનો અને રાજપુત્રનો વહાલસોયો બનીને રાજાના ચિંધ્યા પ્રમાણે યુદ્ધમાં ઊતર્યો તો રાજાએ એનું મોત ચિંતવેલું છતાં એ



વિજયની વરમાળ પહેરે છે ! એમાં પણ હવે જુઓ કે કેવા વિપરીત સંયોગમાં એને રાજકુમારી પરણવા મળે છે !

**રાજાની ધુંધવામણ :-**

બન્યું એવું કે આ નરસિંહ વિજય પામ્યાના સમાચાર રાજકુમાર તરફથી તાબડતોબ રાજાને પહોંચાડવામાં આવ્યા. એટલે રાજા મનમાં સમસમી ઊઠ્યો, ધુંધવાયો કે 'અરે ! આ શું થયું ? વાણિયાનો દીકરો અને વિજેતા ?' મૂરખને ખબર નથી કે વાણિયાનો દીકરો વાણિયાનો દીકરો શું કરે છે ? એનું પુણ્ય વિકસતુ છે. ને તારું પરવારતું છે.' રાજા બળે છે,- 'હું એને મરે એવી ગોઠવણ કરું છું. અને આ માળો ઉપરથી વધારે યશસ્વી થાય છે ? તો શું આ મારો વારસદાર થશે ? મારા દીકરાને બદલે શું આ મારી ગાદીએ રાજા ? ના, ના, ન થવા દઉં એને રાજા. એને મારી જ નખાવું પણ મારા મોકલીને નહિ. કેમકે પહેલાં બે વાર મારાને કામ સોંપેલું, પરંતુ મારાએ મારી નાખ્યો નથી લાગતો. એટલે અત્યારે ય શો ભરોસો કે મારા કામ કરી જ આવે ? માટે હવે તો દીકરા દ્વારા જ કામ લઉં. એ બરાબર મારી આજ્ઞા પાળે એવો છે.

જુઓ રાજાની ધુંધવામણ ને બળતરા. મનમાં એક વાત બેઠી કે 'નરસિંહ મારો વારસદાર ન બનવો જોઈએ.' પછી એને ખત્મ કરવાના કેટલા ભયંકર વિચારો અને એ માટેના ગોઝારા પ્રયત્ન કરે છે ! પોતાની પાટે કોણ રાજા થાય એ દુન્યવી બાબત છે. એણે મગજને પકડી લીધું પછી એ મગજમાં ક્રૂર વિચારો લઈ આવે છે.

**દુન્યવી બાબતો કેવી ભૂંડી કે એ ભયંકર કષાયના વિચાર લઈ આવે !**

રાજાના મનમાં બેઠું કે 'આ નરસિંહ મારો વારસદાર કેમ થાય' બસ, એ બાબત પર કેટલો ક્રૂર વિચાર ? એને મરાવી નાખવા મથી રહ્યો છે ! છોકરાના મનને આવ્યું કે આ માતા મારી પત્ની પર કેમ ટકટક કરે છે ?' બસ, એ બાબત પર જન્મદાતા અને વર્ષોની ઉપકારી માતાને તરછોડવાના વિચારમાં આવી જાય છે ! 'મોટો ભાઈ કેમ મોટાઈ રાખે છે ?' બસ, એ બાબત પર નાનો ભાઈ ઝગડવાનું બહાનું શોધે છે ! દુન્યવી બાબતો જ એવી ભૂંડી છે કે અયોગ્ય અણછાજતા વિચારમાં ચડાવી દે, ને પછી અયોગ્ય અણછાજતા વર્તન પણ કરાવે ! એટલે જ,

**અણછાજતા વિચાર-વર્તનથી બચવું હોય તો આ ઉપાય છે કે દુન્યવી બાબતને મહત્ત્વ જ ન દેવું.**

આમાં કઠીન કાંઈ નથી, કેમકે મનનો સવાલ છે. મન મનાવી લેવું જોઈએ મનને કદાચ એમ આવે કે 'એવું તે ખોટું કેમ સહન થાય ?' પરંતુ ત્યાં આ

વિચારવું કે,-

**કર્મનું કેટલું ય ખોટું કેમ સહન કરે છે ?**

સંસારી જીવન એટલે કર્મવશ જીવન છે. કર્મને આપણે પરાધીન છીએ, કર્મ આપણને પરાધીન નહિ કે આપણે જેમ ઇચ્છીએ તેમ કર્મ આપણને અનુકુળ વર્તે. એ તો કર્મ કરે તો જ થાય; એટલે આપણે જ કર્મનું નભાવી લેવું જોઈએ. જ્યારે કર્મની નિર્ધારિત અડચણો આવે જ છે, તો એની સામે કચવાટ કરવામાં આપણી જાતે દુઃખ વધારીએ છીએ. કર્મનું આપ્યું એક દુઃખ અને બીજું આપણા મનના સંતાપ કચવાટનું દુઃખ એવું ગાંડપણ શા સારુ કરીએ ?

**કર્મનાં નિશ્ચિત પરિણામ નભાવી લેતાં શીખીએ તો મનને કશું દુઃખ નહિ.**

**જો મનને દુઃખ નહિ તો કર્મનું દુઃખ દુઃખરૂપ ન લાગે.**

દુઃખ હોવું જુદી વસ્તુ છે, દુઃખ લાગવું જુદી વસ્તુ છે. મહાવીર ભગવાનને કર્મે આપ્યાં બહુ દુઃખ આવ્યા, પણ પ્રભુએ મનને દુઃખ ન લગાડ્યું, તો એ એમને દુઃખરૂપ લાગ્યા નહિ. તેથી જ બહુ દુઃખોમાં પણ પ્રભુ દુઃખી નહોતા, મનથી સુખી હતા. બસ, મનનું દુઃખ મટી જાય તો સુખ સુખ ને સુખજ છે. એટલે જ 'જયવીયરાય' સૂત્રમાં પ્રભુ પાસે જે દુક્ખક્ખઓ' માગીએ છીએ તે આ મનના દુઃખનો ક્ષય માગીએ છીએ.

**મનના દુઃખ ક્યાં ?** ચિંતા-સંતાપ વ્યાકુળતા સંકલ્પ વિકલ્પો-કચવાટ-રાગ-દ્વેષ-કષાયો અસમાધિ-દુર્ધ્યાન...વગેરે વગેરે એ મનનાં દુઃખ છે. એને ભાવ દુઃખ પણ કહેવાય...બાહ્ય પૈસાની તંગી, બીજી અડચણો ભૂખ-તરસ, વ્યાધિ પરાધીનતા અપમાન વગેરે એ દ્રવ્ય દુઃખો છે, જ્યારે આ સંતાપ-રાગ-દ્વેષ-અસમાધિ-હિંસા-જૂઠ....વગેરે એ ભાવદુઃખોનો નાશ માગીએ છીએ. એ આવી જાય પછી આપણે દુઃખી નથી ભલે બાહ્યથી ગમે તેટલી આપત્તિ વરસતી હોય.

**મેઘમુનિને મનનું દુઃખ ટળ્યું તો....**

મેઘકુમારમુનિને ચારિત્ર લીધાની પહેલી જ રાત્રે સંથારામાં બહાર જઈ આવતા મુનિઓના ચરણની રજ પડવા લાગી; સંથારો ધૂળથી કર્કશ લાગવા માંડ્યો. મનને દુઃખ થયું, વ્યાકુળતા થઈ, સંકલ્પ વિકલ્પ ઊઠ્યા. કાયાને - સ્પર્શનેન્દ્રિયને સુંવાળશના રાગમાં આ કર્કશતા તરફ દ્વેષ ઉઠ્યો, મુનિઓ ઉપર પણ સહેજ અભાવ થઈ આવ્યો. આ બધા ભાવદુઃખ, મનના દુઃખ. એથી એ દુઃખી દુઃખી થઈ ગયા. પરંતુ સવારે પ્રભુએ જ્યાં સમજાવ્યા કે પૂર્વે હાથીના ભવે એક સસલાની દયા ખાતર અઢી દિવસ સુધી પગ ઊંચો રાખી ઠેઠ ભયંકર ભૂખ-તરસ ને મૃત્યુ સુધીની ઘોર પીડા સહી એમાં લેશમાત્ર મન ન બગાડ્યું, મનને દુઃખ ન લાગવા દીધું તો અહીં મનુષ્યના



ઉચ્ચ અવતારે મુનિઓના પગની રજમાત્રમાં મનને શું દુઃખ લગાડે ? અહોભાગ્ય માનવું જોઈએ કે 'અહો ! આવા મહાન સંયમી બ્રહ્મચારીની ચરણરજ મને મળે છે ! આ મળે ક્યાંથી ? પ્રભુએ સસલાની દયાનું મહાન ફળ બતાવતાં કહ્યું,-

**'भो मेहा ! ताए पाणाणुकंपाए परित्तीकओ ते संसारो ।'**

''હે મેઘકુમાર ! તેં પ્રાણીની દયા (માત્ર) થી તે તારા સંસારને (ભવભ્રમણને) મર્યાદિત કરી દીધો. તો અહીં કષ્ટમાં પણ સાધુઓ પ્રત્યેના ભક્તિભાવથી કેવુંક મહાન ફળ પામે ? મરણાંત કષ્ટમાં પણ મનને દુઃખ લગાડી દયાના સુકૃતનો નાશ ન કર્યો કે 'હાય ! કયાં મેં આ દયા કરી, કે મારે આ દુઃખ આવ્યું ?' તો અહીં શા સારુ મનના દુઃખથી સાધુની ભક્તિ અને કર્મની નિર્જરા ભૂલે ?'' સુકૃત તો થાય જ છે યા થયું જ છે, પણ મનને દુઃખ લગાડવાથી સુકૃતનો નાશ થાય છે. દીકરાને સદ્‌બુદ્ધિથી ઊછેરવાનું સુકૃત તો થયું જ, પરંતુ પછી 'હાય ! આ ઉદ્ધતને મેં ક્યાં પોષ્યો ? એમ કરવા જાય ત્યાં સુકૃત પર દ્વેષ થયો, એ સુકૃતને બાળી નાખે.

બસ, મેઘકુમાર મુનિને આ સાંભળી મનનું દુઃખ પલાયન થઈ ગયું, કાયાને સુંવાળાશ સારી લાગવાનો રાગ ઊતરી ગયો, અસમાધિ-આર્તધ્યાન-સંકલ્પવિકલ્પો વગેરે ભાવ દુઃખ ટળી ગયા, પત્યું, હવે એ દુઃખી મટી ગયા. સાધુ તરફથી આવતાં સમસ્ત કષ્ટોની સામે બચાવ ન કરતાં સહર્ષ સહી લેવાનો અભિગ્રહ કર્યો; માત્ર ચક્ષુ ઉપરના કષ્ટના બચાવની છૂટ રાખી.

**દુઃખમાં સુખી : સુખમાંદુઃખી : મનોદુઃખ કેમ ટળે ?:-**

વાત આ છે કે મનને દુઃખ ન લગાડો, ભાવ દુઃખને જગા ન આપો, તો તમે દુઃખમાં ય સુખી; અને મનોદુઃખ-ભાવદુઃખને જગા આપો તો સુખમાંય દુઃખી, ને દુઃખમાં તો મહાદુઃખી. પૂછો,

**પ્ર.**- તો આ મનોદુઃખ-ભાવ દુઃખ કેમ ટળે ?

ઉ.- કર્મે દીધેલી આપત્તિ નભાવી લેતાં આવડે તો મનોદુઃખ ઊભું ન થાય. 'નભાવી લેવું' એટલે દીનતા નહિ કે 'હાય ! શું કરીએ ભાઈ ? દુઃખ આવ્યું છે. નભાવી લો.'

**નભાવી લેવું એટલે શાહજોગ રીતે વધાવી લેવું**

દુઃખ આવ્યું છે ? ફિકર નહિ, ચૂકવણીનો હિસાબ છે. પૂર્વે અજ્ઞાનતામાં ઊંધી રમતો કરી એના કુસંસ્કારો ઊભા કર્યા. હવે એ તો જ નાબુદ થાય કે એ રમતોનાં બંધાયેલા કર્મનાં ફળ સહર્ષ વધાવી લઈએ, ઉદાર દિલે નભાવી લઈએ. ચાર છોકરામાં હોશિયાર છોકરો સારું કમાતો હોય અને ઘરને ટેકારૂપ હોય પરંતુ

સ્વભાવનો તીખો હોય તો એ સ્વભાવ બાપ નભાવી લે છે. મન વાળી લે છે કે 'ભલે સ્વભાવનો તીખો. પરંતુ છે લાગણીવાળો મહેનતુ અને હોશિયાર, તેથી એના સ્વભાવ સામે નહિ જોવાનું, એના સ્વભાવથી કંટાળવાનું નહિ.'

બસ, આ રીતે આ જીવનમાં આપત્તિ-અગવડ આવી, તો મન વાળી લેવાનું કે

**'ભલે આ આપત્તિ-અવગડ છે, પરંતુ આ જનમ નવકાર સ્મરણ દેવદર્શન-ગુણાભ્યાસ આદિ બીજી બહુ બહુ રીતે ઉપયોગી છે.**

મહામંત્ર નવકારની આરાધના, દેવદર્શનાદિ અનંત કલ્યાણકર સાધના, વ્રત-નિયમ-તપસ્યા, મહાપાવનકારી જિનવાણીનું શ્રવણ, સર્વોચ્ચ ધ્યેય અરિહંતનું સ્મરણ ધ્યાન, ક્ષમાદિ ગુણોનો અભ્યાસ....વગેરે આ જનમમાં જ થઈ શકે છે. તેથી આપત્તિ-અવગડ સામે નહિ જોવાનું, એનાથી કંટાળવાનું નહિ. એને સહર્ષ નભાવી લેવાની.'

આમે જો નભાવી લેતાં આવડે તો આપણે કર્મે દીધેલી આપત્તિ પર રોતા બેસવાનું ન થાય, એના પર હલકા વિચારો ન આવે.

**દુન્યવી બાબત નભાવી લેતાં ન આવડે તેથી જ દુષ્ટ વિચારો આવે :-**

દુન્યવી બાબત મનમાં પેઠા પછી એના પર દુષ્ટ વિચાર કેમ આવે છે ? કારણ છે, એને નભાવી લેતાં નથી આવડતું. એટલે પછી દુન્યવી બાબત કર્મને આધીત એટલે એ નિર્ધારિત કર્મના પ્રતાપે બનવાની. તે બનવાની, પરંતુ એને નભાવી લેતા નથી આવડતું તે જીવ એના પર હાથે કરીને ખરાબ ભાવો અને પાપ કામ કરે છે. ઈર્ષ્યા, મદ, હિંસા, સંકલ્પવિકલ્પ, દુર્ધ્યાન, વગેરે વગેરે કેટલાય પાપ સેવે છે. આ બધું ભાવદુઃખ છે, ભાવઆપત્તિ છે. એ ભાવઆપત્તિ કર્મે નથી આપી, જીવ પોતે જ પોતાના અસત્ પુરુષાર્થથી ઊભી કરે છે. ત્યાં જો, પહેલાં કહ્યું તેમ, આ સુંદર જનમની સારી સારી અને અનેક વિશેષતાઓ મન પર લે, અને કર્મને પરવશ દુન્યવી બાબત નભાવી લેવાનું કરે, તો પેલાં ભાવદુઃખ ઈર્ષ્યાદિ દુષ્ટ ભાવો કાંઈ પીડે નહિ, કાંઈ મનમાં આવે નહિ.

**બસ, ભાવદુઃખ ટાળવાની આ ચાવી :-**

(૧) કર્મને આધીન બાબત નભાવી લેતાં શીખો.

(૨) જીવનની અનેકવિધ ધર્મ-આરાધનાઓ સદ્ગુણો અને સદ્વિચારોનું જ મહત્ત્વ આંકો.

(૩) 'કર્મે દીધાં દુઃખ એ દુઃખ નથી, પણ આપણા એના પર કંટાળા અને સંતાપ, છણછણાટ અને કષાયો, સંકલ્પવિકલ્પ અને દુર્ધ્યાન, એ દુઃખ છે, મહાદુઃખ



છે,' એ બરાબર ધ્યાનમાં રાખી એના અસત્ પુરુષાર્થ મારે નથી કરવા એ નિશ્ચય કરો.

આ ત્રણે મુદ્દા ખ્યાલમાં રહે તો ભાવદુઃખ એટલે કે દુષ્ટ વિચાર-વાણી-વર્તાવ કરતાં અટકી જવાય.

પેલો રાજા 'શું આ નરસિંહ પરરાજ્ય પર વિજય પામીને હવે મારો વારસદાર થાય ?' આ દુન્યવી બાબત પર ધૂંઆપૂંઆ થઈ રહ્યો છે. એને એ નભાવી લેતાં નથી આવડતું કે 'જો કર્મનો એવો જ સંયોગ છે કે આ મારી પછી રાજા થાય, તો એ મારે નભાવી લેવું વધાવી લેવું જોઈએ.

**જીવનમાં બીજું સારું કરવાનું ને સારું પામવાનું મારે ઘણું છે, તો એ નિર્ધારિત બાબતમાં અમૂલ્ય માનવસમય-શક્તિ ને મન ન વેડફું.**

ના, આ નથી આવડતું એટલે રાજા વિચારે છે કે 'હવે તો આને મારા દ્વારા મરાવવાનો નહિ, કેમકે મારાનો ભરોસો નહિ, પણ મારા છોકરાના હાથે જ ઝેર અપાવું. છોકરો ખૂબ કહ્યાગરો છે, એટલે જ્યાં મેં હુક્મ કર્યો કે અમલ; તરત જ એને ઝેર આપી દેશે.'

આ વિચાર કરીને રાજાએ તરત પુત્ર પર ચિઠ્ઠી લખી કે 'નરસિંહને બીજો કોઈ વિચાર ન કરતાં તરત વિષ આપી દેવું.'

**પુત્ર પર ઝેરદાનની ચિઠ્ઠી :-**

ચિઠ્ઠી વિશ્વાસુ માણસ સાથે કુમાર પર કુમારને જ હાથોહાથ આપવા રાજાએ મોકલી; સાથે ભલામણ કરી કે જોજે આ ચિઠ્ઠી બીજા કોઈના હાથમાં ન જાય કોઈ જાણે ય નહિ, ને કુમારને કાનમાં કહેજે કે આ ખાનગીમાં વાંચજો.' માણસ કેટલો પામર છે કે કર્મની સામે ધારણા કરે છે કે આમ જ બની જશે ! પેલો માણસ ચિઠ્ઠી લઈને ઊપડ્યો. રાજાને વિજયના સમાચાર બપોર પછી મળેલા અને તે પછી તાબડતોબ વિચાર કરીને ચિઠ્ઠી સાથે માણસને સાંજ પડતાં મોકલેલો, તેથી માણસને જતાં રસ્તામાં જ અંધારું થઈ ગયું એટલે હવે રાતમાં રસ્તામાં ગાળવા મુકામે શોધે છે.

**અનંતબળી પ્રભુનું દર્શન બળવાન પુણ્ય આપે :-**

**યક્ષ સહાયે :-**

નરસિંહનું પુણ્ય બળવાન છે, કેમકે અનંતબળી અરિહંત પરમાત્માનું શરણ લીધેલું હતું તેથી આ માણસને જોગાજોગ પેલા નરસિંહયક્ષનું જ મંદિર રાતવિસામા માટે મળ્યું ! ત્યાં જઈને એ સૂતો; થાકેલો તે ઘસઘસાટ ઊંઘી ગયો. ત્યાં યક્ષ સહેજે સહેજે દિવ્યજ્ઞાનનો ઉપયોગ મૂકી જુએ છે કે આ કોણ છે ? કેમ અહીં સૂતો છે ?

ક્યાં જઈ રહ્યો છે ?' દિવ્યજ્ઞાનથી તરત ખ્યાલ આવી ગયો કે 'આ તો અરે ! મારા પ્યાર નરસિંહને વિષ દેવરાવવાની ચિઠ્ઠી લઈ જાય છે. હાય ! એવું કેમ બનવા દેવાય ? પણ ફિકર નહિ, એની ચિઠ્ઠીમાં 'વિષ' શબ્દની જગાએ 'ઉષા' શબ્દ લખી દઉં.'

બસ, યક્ષે ચિઠ્ઠી કાઢી ચિઠ્ઠીમાં 'વિષ' કાઢી 'ઉષા' શબ્દ લખી દીધો , ને ચિઠ્ઠી માણસના ગજવામાં પાછી મૂકી દીધી. માણસ ઘસઘસાટ ઊંઘતો હતો એને આ કશી ખબર પડી નહિ; એ તો સવારે જાગી ચિઠ્ઠી કવર સલામત જોઈ લઈ ઊપડે છે, ઘોડા પર જતો હતો એટલે ઝટપટ પહોંચી ગયો, અને રાજકુમારને ચિઠ્ઠી આપી ખાનગીમાં વાંચી લેવા કહે છે.

**નરસિંહને વિષ કે ઉષા ? :-**

રાજકુમાર એકાંતમાં જઈ ચિઠ્ઠી ખોલી વાંચે છે. 'નરસિંહને બીજો કોઈ વિચાર ન કરતાં તુરત જ ઉષા આપી દેજે.' નીચે બાપની સહી છે.

આ વાંચીને રાજકુમારને ખુશીનો પાર રહ્યો નહિ. કેમકે ઉષા એની બહેન હતી, અને એ અહીં સાથે જ આવી હતી. એના મનને થયું કે 'અહો ! બાપુજી કેટલા બધા કદરદાન અને ગુણજ્ઞ ! બાપુજીએ આ ઠીક જ વિચાર્યું કે આવો પરાક્રમી અને ગુણગણનો ભંડાર નરસિંહ મળ્યા પછી હવે ઉષાને માટે બીજો વિચાર શાનો કરવાનો હોય ? નરસિંહ કરતાં બીજો મોટો રાજકુમાર પણ સારા વર તરીકે મળવાનો છે ? વળી કાંક બીજા મોટા રાજા-બાજાનું માંગુ આવે તો ક્યાં પંચાતીમાં પડવું ? એટલે ઉષાને તરતજ આને વરાવી દેવાનું ઠીક જ લખ્યું છે.'

બસ, રાજકુમારે પિતાની સમયજ્ઞતા અને કદરદાની સમજી લઈ પોતાની બેન ઉષા જે સાથે જ આવી હતી એને સ્વીકારી લેવા નરસિંહ આગળ પ્રસ્તાવ મૂક્યો.

**ચોક્ખું પુણ્ય પુણ્યના માલ પર લલચાવે નહિ :-**

નરસિંહ ચોક્ખું પુણ્ય લઈને આવેલો છે, એટલે પુણ્યના માલ પર લલચાઈ જાય એવો નથી. એ તો મેલા પુણ્યવાળાનું કામ કે પુણ્યના માલની લાલચ મોટી, ને માલ મળ્યા પર એમાં લંપટતા ભારે ! અભિમાન ભારે ! તે બિચારા મરે ત્યાં સુધી એ મહાદુર્ગુણોને છોડે નહિ. આને તો ચોક્ખું પુણ્ય છે કેમકે પૂર્વે અરિહંત પ્રભુની દર્શન ભક્તિ ચોક્ખી કરી છે. એને મુનિ મળ્યા પછી ભીખમાં મળે એના પર સંતોષ હતો, એટલે દેવદર્શન કરીને આવું કાંઈ ખાવા-પીવાનું બદલામાં જોઈતું નહોતું. આ પારખ છે,-

**પુણ્યના માલ પર લાલચુપણું કેમ ? તો કે એ પુણ્ય મેલું માટે**



**મળેલામાં સંતોષ નહિ એટલે જ ધર્મ આશંસાવાળો મેલો કરાય છે, ચોક્ખો ધર્મ કરવા મળેલામાં સંતોષ જોઈએ. ચોક્ખા ધર્મથી ચોક્ખું પુણ્ય મળે.**

નરસિંહને ચોક્ખું પુણ્ય છે એટલે રાજકુમારીની લાલચ નથી. તેથી કહે છે, 'દોસ્ત ! એ વાત બોલીશ જ નહિ. હું વણિકપુત્ર, મારી રાજકુમારી માટેની યોગ્યતા શી ? એ તો મોટા રાજા-રાજકુમારને જ દેવાની હોય !'

રાજકુમાર કહે, 'તું ભલે વણિકપુત્ર પણ તારી યોગ્યતા તો અહીં વિજયમાં પરખાઈ ગઈ છે. માટે તારે ઉષાને સ્વીકારવીજ પડશે'

તો ય નરસિંહ ના કહે છે ત્યારે રાજકુમાર કહે, 'ખેર, બાપુજીનો હુક્મ તારે માન્ય કે નહિ ?' નરસિંહને રાજાની ચિઠ્ઠીની કાંઈ ખબર જ નથી. એટલે કહે છે, એ તો માન્ય જ હોય ને ?'

રાજકુમાર કહે, 'તો લે ત્યારે, આ ચિઠ્ઠી વાંચ.' એમ કહી નરસિંહને ચિઠ્ઠી આપીને કહે 'જો આ વિશ્વાસુ માણસ ચિઠ્ઠી લઈને આવ્યો છે' નરસિંહે ચિઠ્ઠી વાંચી હવે એને બોલવા જગા જ ન રહી, ને એની સાથે રાજકન્યા ઉષાનાં લગ્ન ધામધૂમથી થયા.

રાજાની શી ધારણા ? અને કેવું બન્યું ? રાજાને મન નરસિંહને વિષ આપી દેવાની વાત હતી, તેના બદલે ઉષા આપી દેવાઈ.

**પાપીઓએ કરવા ધારેલું ઊંધુ પુણ્યવાનને સીધું પડી જાય છે.**

ધનાજીની કમાઈમાંથી મોટાભાઈ એને ભાગ પડાવવો હતો, તેથી પિતાને તંગ કરતા હતા, તો ધનાજી પહેર્યે લૂગડે પરોઢિયે ગુપચુપ નીકળી ગયા, પણ આગળ જઈને રાજ્ય અને રાજ્યકન્યા પામ્યા ! પાપીનું ધાર્યું ધર્મીને સીધું પડે.

મયણાસુંદરીની તત્ત્વવાણી પર ગુસ્સે ભરાયેલા બાપ પ્રજાપાલરાજાએ એને રખડતા કોઢિયા સાથે પરણાવી, પણ એ શ્રીપાળકુંવર નીકળ્યો. પાપી ધારે ઊંધું, પણ પુણ્યવાનને એ સીધું ઉતરે છે.

કૂરગડુ મુનિના પાત્રના કૂરમાં અભિમાનમાં ચડેલા તપસ્વી મુનિઓ થુંક્યા હતા, છતાં એ જ થુંક પર કૂરગડુ મુનિ સારી ઊંચી ભાવનામાં ચડી કેવળ જ્ઞાન પામ્યા !

અહીં રાજાને નરસિંહને વિષ દેવરાવવું ધારેલું ને એવી ચિઠ્ઠી લખેલી, પણ નરસિંહને અહીં ઉષા દેવાઈ ગઈ. હવે રાજકુમાર કહે 'ચલો પાછા ઘરે પહોંચી જઈએ.' એટલે વિજય મળ્યો ત્યાંનું રાજ્ય તો એના રાજાને આજ્ઞાંકિત બનાવી સોંપી દીધું, ને નરસિંહ સાથે આવ્યા પાછા પોતાના રાજ્યમાં ધામધુમથી પ્રવેશ કરી જ્યાં મહેલમાં જઈ નરસિંહ રાજાને પગે પડે છે ત્યાં રાજા ચોંક્યો કે આ

જીવતો ક્યાંથી રહ્યો ? શું માણસે ચિટ્ઠી દીકરાને નહિ આપી હોય ? યા દીકરાએ શું એના અમલ ન કર્યો ?'

**રાજાને પોતાની ચિટ્ઠી પર ચોંકામણ :-**

રાજા વિમાસણમાં છે, પણ ત્યાં જ રાજકુમાર પણ પગે પડીને પેલી ચિટ્ઠી રાજાને આપતાં કહે છે. 'બાપુજી ! તમે વિજય પામેલા નરસિંહભાઈની કદર ઉમદા કરી. તમારા હુક્મ મુજબ એમની સાથે ઉષાબેનના લગ્ન કરીને આવ્યા. બંનેને હવે આશીર્વાદ આપો.'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''      વર્ષ-૨૫,અંક-૧૬,તા.૨૫-૧૨-૧૯૭૬**

રાજાએ ચિટ્ઠી જોઈ, એમાં સ્પષ્ટ લખેલું કે 'નરસિંહને તરત જ ઉષા આપી દેજો.' જોતાં જ ચોંકી ઊઠ્યો કે આ શું ? મનમાં તો ઘણું ય થયું કે 'આ મેં 'વિષ' લખેલું તેની જગાએ 'ઉષા' ક્યાંથી આવી ગયું ?' પણ આ વિમાસણ કાંઈ બહાર બોલાય ? કેમકે હવે તો લોકમાં સારા દેખાવા કમને પણ વાત વધાવી લેવી પડી, અને પગે પડેલા નરસિંહ તથા ઉષાને માથે હાથ મૂકી દેખાવનું હસીને આશીર્વાદ આપવા પડ્યા. નરસિંહને કહે 'સમૃદ્ધિમાન યશસ્વી આયુષ્યમાન ભવ,' ઉષાને કહે 'અખંડ સૌભાગ્યવતી ભવ.'

**દીકરી વિધવા કરતાં રાજ્ય વારસદાર.**

નરસિંહને રાજાએ ચિરકાળ જીવવાના દેખાવના આશીર્વાદ તો આપ્યા, પણ હજી મનમાં એમ છે કે 'તું વહેલો મર.' મનને એમ થાય છે કે 'હજી કાંઈ બહું બગડ્યું નથી, આને વહેલી તકે મરાવી નાખું. દીકરી ભલે વિધવા બને એ નાનું કલંક છે, પણ ગાદીનો વારસદાર કોઈ બીજો થાય એ બહુ મોટું કલંક છે; કેમકે રાજાઓમાં ખરાબ દેખાઉં, ને ઈતિહાસમાં મારું હલકું ચિતરાય.'

**સીધી વિચારણાની અક્કલ :-**

છે ને દુરાગ્રહ ? વણેલી દોરી ઉકેલવા છતાં પણ પોતાનો વળ નથી મૂકતી. કૂતરાની પૂછડી સીધી સીસીમાં ઘાલી રાખવા છતાં પોતાની વાંકાશ નથી મૂકતી. એમ આ રાજા હજી પણ મોહમૂઢતા નથી મૂક્તો. નરસિંહને ખત્મ કરવાનો ભાવ નથી છોડતો. આ મૂઢતા નહિ તો બીજું શું છે ? મૂઢતા ન હોત તો અક્કલ હોત તો સમજવું જોઈતું હતું કે 'ચાર ચાર વાર આને મારી નખાવવાનું કરું છું, ને આ ઊલટું આગળ આગળ વધે છે ! લડાઈમાં મોકલ્યો હતો મરે એટલા માટે; તો ઊલટું વિજય પામ્યો. વિષ દેવાનું લખેલું છતાં આ મારો જમાઈ બની બેઠો, તે



પણ મારી જ ચિટ્ઠીના આધારે ! વાહ રે દૈવ ! અને મારા દીકરાના જ હાથે દીકરી દેવાઈને જમાઈ બન્યો ! તો હવે મારે સમજી લેવું જોઈએ કે આ બહુ મોટા ભાગ્યવાળો છે તો ભલે એના ભાગ્યના જોરે મારો વારસદાર થાય, ને લોકમાં હવે મારી હલકાઈ નથી થવાની કે 'જોયું ? રાજાની ગાદીએ હાલીમવાલી ચડી બેઠો ! લોકે આનો વિજય સાંભળ્યો છે, ને આ મારો જમાઈ પણ બની ચૂકેલો છે, તો ફિકર નહિ ભલે એ મારો વારસદાર થાય.

ના, આ કશું સમજવું વિચારવું નથી; કેમકે એ મોહમૂઢ બનેલો છે. બસ એક જ અંધ મોહ છે કે 'આ નરસિંહ મારો વારસદાર ન બનવો જોઈએ.'

**દુનિયામાં મોહ શું કામ કરે છે !**

મોહ એટલે ? અજ્ઞાનદશા, ઊંધી ગણતરી, મિથ્યા વિકલ્પ. આમાં પકડાયેલો જીવ અવસરે ભયંકર કૃત્ય કરી બેસે છે; ને એવું કરવાનો અવસર ન મળે ત્યાં સુધી પણ ભયંકર વિચારો કરે છે ! મિથ્યા વિકલ્પ અને ઊંધી ગણતરીનો પ્રભાવ જ એવો છે કે એની પકડ પકડાઈ એટલે ઊંધા વેતરણ થવા જ માંડવાનાં.

આજના જુવાનિયાને મિથ્યા વિકલ્પ જાગ્યો કે 'આપણી બૈરીને માતા તરફથી રોકટોક ન જોઈએ, પછી એ વિચાર નહિ કરે કે 'રોકટોક શાથી છે ?'એ તો બૈરીના ઊંધા વર્તનને સીધાં માની માતાને જ ખરાબ સ્વભાવની માનવાનો. ને માતાને લબડધક્કે લેવાનો, ને આગળ વધીને માતાથી જાુઆરું (જુદાપણું) લેવાનો.

આજના ધર્મી ગણાતા પણ ભાઈ સાથે, કાકા સાથે બીજા સગા સાથે રગડો કેમ માંડે છે ? એટલા જ માટે કે એ આવા કોઈક મોહ મિથ્યા વિકલ્પની પકડમાં છે કે (૧) 'આ મારું ખોટું ખાઈ જાય છે. યા ખાઈ જશે.' અથવા (૨)'પહેલાં તો આમની જરૂર હતી, હવે શી જરૂર છે ?' યા (૩) 'આમણે મારું બગાડ્યું' કે (૪) 'આ તો સ્વારથિયા છે' આવા આવા વિકલ્પની પકડમાં એટલે પછી રગડો-વિરોધ-દુશ્મનાવટ કરે એમાં શી નવાઈ ?

**વિકલ્પો મિથ્યા કેમ ? :-**

ખરેખર તો પોતાની જ કલ્પના ખોટી છે, કેમકે સમજે તો બહારના કરતાં આ સગાં તો વધારે નિકટના એટલે ખોટું ખાઈ જાય છે. એમ માનવું જ ખોટું છે. એમ તો બહારના કેટલાય અરે ! સાળો જમાઈ વગેરે ય ક્યાં ખોટું ખાઈ જતા નથી ? પણ એ ખોટું લાગતું નથી. અને આ નિકટના ભાઈ વગેરે માટે એવું લાગે છે ! કળિકાળની બલિહારી છે; નહિતર નિકટના માટે તો દિલ ઉદાર રહે કે 'આ તો મારું ખાવાને હકદાર છે.'

(૨) ત્યારે જે એમ માન્યું કે 'આમની હવે મારે જરૂર નથી, એ પણ માનવું

ખોટું. કેમકે (૧) એક તો પૂર્વે જરૂર હતી અને એનો લાભ લીધો, તો હવે કૃતજ્ઞતાની રૂએ તો આની પોતે કાંઈક સેવા કરવા માટે આના વિશેષ સંબંધની જરૂર છે, વળી (૨) બીજું એ, કે ભલે હવે અત્યારે જરૂર નથી લાગતી, પરંતુ આગળ પર કોને ખબર છે કે પાછી એની જ જરૂર નહિ પડે ?

**પ્ર.**- તે જરૂર પડે ત્યારે સંબંધ રખાય ને ?

ઉ.- શી રીતે સંબંધ કરાશે એ ખબર છે ? વચમાં તોડ્યું વિરોધ-અબોલાં રાખ્યા, એટલે સામાના હૈયાં તો એકવાર તો પછીથી જરૂર પડ્યે સંબંધ કરવા જતાં ચાપલુસી કેટલી કરવી પડશે ? દીનતા કેવી દાખવવી પડશે ? એના કરતાં તો પહેલાનો એનો ઉપકાર સજ્જન બની દિલમાં રાખીને કૃતજ્ઞતારૂપે સંબંધ રાખવો શું ખોટો ?

(૩) ત્યારે એમ માનવું કે 'આમણે મારું બગાડ્યું' પણ અજ્ઞાનદશા છે, મિથ્યા વિકલ્પ છે. કેમકે ખરેખર તો

**આપણું સારું કરનાર કે બગાડનાર તો મુખ્યપણે આપણાં શુભ કે અશુભ કર્મ જ છે. બીજા તો બિચારા હથોડીના હાથા જેવા નિમિત્તમાત્ર.'**

ધર્મી આત્મા જો આ નહિ જુએ તો શું અધર્મી જોશે ? શુભાશુભ કર્મ પર શ્રદ્ધા કોણ રાખે ? આર્ય કે અનાર્ય ? ધર્મી કે પાપી ? અનાર્ય કે પાપી ને કર્મની શ્રદ્ધા જ શેની ? એ તો આર્ય ધર્મી જ કર્મની શ્રદ્ધા કરનારો હોય; ને જો એ કર્મની શ્રદ્ધા કરનારો હોય તો કાંક પોતાનું બગડવા પર કર્મને દુશ્મન તરીકે દેખે ? કે ભાઈને ? બોલો, તમે ધર્મી છો ને ? તો તમારે કોઈક સગા-વહાલા સાથે વૈરવિરોધ નથી ને ? ક્યારેક તમારું બગડ્યું હશે ત્યારે તમે કર્મને જ જવાબદાર લેખી ભાઈભાંડુને બગાડનાર નથી દેખ્યા ને ? એની સાથે વેરો-આંતરો રીસામણાં નથી કર્યા ને ? કે એને જ બગાડનાર માની એને દુશ્મન લેખ્યા ? એની સાથે જીવનભરના અબોલા કર્યા ? તો પછી કર્મની શ્રદ્ધા ક્યાં હતી ?

ખબર છે શાસ્ત્ર શું કહે છે ?

**'કેવલિ નિરૂપિત સૂક્ષ્મ અરૂપી, તે જેહને ચિત્ત વસિયો રે,**
**જિનઉત્તમ પદપદ્મની સેવા, કરવામાં તે ઘણું રસિયો રે,**
**સમ્યગ્દર્શન પદ તુમે પ્રણમો.'**

'સૂક્ષ્મ' એટલે કર્મ, અને 'અરૂપી' એટલે આત્મા. એમ તો 'સૂક્ષ્મ' માં બીજું ઘણું ય આવે, દા.ત. કાર્મણ વર્ગણાની ઉપરની વર્ગણાઓ...વગેરે; તેમજ 'અરૂપી' માં ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો ય આવે, પરંતુ આપણાં ધ્યાનમાં વારે વારે લાવવા લાયક આ બે, કર્મ અને આત્મા; તેથી અહીં સૂક્ષ્મ અને અરૂપી તરીકે કર્મ



અને આત્મા લીધા. આ જેના ચિત્તમાં વસી ગયા હોય, મનમાં બરાબર ઠસી ગયા હોય, તે જ ભવ્યાત્મા જિનેશ્વરદેવના ઉત્તમ ચરણકમળની સેવા ભક્તિ કરવામાં ઘણો રસિયો હોય.

શું કહ્યું ? ભગવાનની સેવા-ભક્તિમાં રસવાળો કોણ હોય ? કર્મ અને આત્મા જેના મનમાં બરાબર ઠસી ગયા હોય તે. તમે પ્રભુની ભક્તિના રસવાળા છો ? ભક્તિ તો કરતા હશો એમાં શંકા નથી, પણ જો આ કર્મ અને આત્મા વારંવાર નજર સામે નહિ, પણ કોક માનપાન-પૈસા વગેરેના રસથી કરતા હશો. 'આ કર્મ અને આત્મા પ્રભુએ સમજાવ્યા, માટે લાવ, એ પ્રભુની ભક્તિ કરું,' એવું મનમાં નહિ આવતું હોય, અથવા 'મારા કર્મ તોડાવનાર અને મારા આત્માને મોક્ષે પહોંચાડનાર આ પ્રભુ છે, માટે લાવ, એમની ખૂબ સેવા-ભક્તિ કરું. કુટુંબની કે બીજાની ગદ્ધા-મજૂરીથી શું વળવાનું હતું ? એથી તો ભવના ફેરા વધવાના.' આવું કંઈક મનમાં આવે તો પ્રભુ ભક્તિનો સાચો રસ જાગે.

પ્રભુની ભક્તિ કરવી એ જુદી ચીજ છે, શુદ્ધ ભક્તિનો જ ભારે રસ હોવો, એ જુદી ચીજ છે. રસ હોય એ પ્રસંગોપાત્ત ભક્તિ કદાચ ન ય કરી શકે, કેમકે કર્મવશ એવા જ કોઈક સંયોગોથી બાધિત બન્યો હોય; પરંતુ અંદરમાં જિનભક્તિનો રસ એટલે એવા બાધકસંયોગો વખતે ય અંદરમાં ગડમથલ પ્રભુભક્તિ અંગેની ચાલતી હોય. બાકી તો જ્યારે ભક્તિમાં જોડાવાનું મળ્યું હોય ત્યારે તો એવો રસ જામ્યો હોય કે પ્રભુ સિવાય કુટુંબાદિ તુચ્છ લાગે, ભક્તિની સામે મોટા વૈભવાદિ વિસાતમાં ન લાગે. ત્યારે

**રસવાળી ભક્તિ ભાવભક્તિ બને; બાકી એવા રસ વિનાની ભક્તિ તો દ્રવ્યભક્તિમાં જાય.**

**રસવાળી ભક્તિ કેમ બને ?**

આ રસ સહિત ભક્તિવાળો કે ભક્તિનો રસિયો કોણ બની શકે ? તો કવિએ અહીં કહ્યું કે સર્વજ્ઞદૃષ્ટ 'સૂક્ષ્મ' કર્મ અને 'અરૂપી' આત્મા જેને મનમાં બરાબર ઠસી ગયા હોય એ. માટે જ આ વિચારવાનું છે કે પ્રભુની ભક્તિ કરીએ છીએ તો ચિત્તમાં કર્મતત્ત્વ કર્મસિદ્ધાંત વસી ગયો છે ને ? નજર સામે કર્મતત્ત્વ રમ્યા કરે છે ને ?

આ જો રમ્યા કરે તો પોતાનું કાંઈ બગડવા પર શું એમ ન થાય કે 'આ તો મારા અશુભ કર્મે બગાડ્યું, મારા ભાઈએ નહિ, સગાએ નહિ,' જો આવું મનને થાય તો પછી ભાઈ કે સગા સાથે અંટસ વિરોધ અબોલ ઊભા કરાય ? કે ઊલટું મનને એમ લાગે કે

'આ બગાડનારાં મારા અશુભ કર્મ પૂર્વભવે બીજા સાથે અંટસ-વિરોધ-અમૈત્રીભાવ કરીને ઊભા થયેલા, માટે એ દોષ ટાળવા અહીં ભાઈ વગેરે સાથે મુદ્દામ અમૈત્રી-અંટસ વિરોધ ન કરું ધરાર એ બગાડનાર દેખાતા હોય, કાંક ઉંચુનીચું-હલકું બોલી ગયા હોય છતાં એમની સામે દિલમાં વૈર-વિરોધ નહિ પણ મૈત્રી-ભાવ-સ્નેહભાવ લાવું.'

આવું કશું મનને થાય ? થાય તો તો કર્મના માર ખાતી વખતે કર્મની નવી સોટીઓ ઊભી કરાવનારા મલિન ભાવ હૈયામાં કેમ ઘલાય ? ઘાલતાં આંચકો આવે.

**ધર્માત્માને આપત્તિમાં તક :-**

ત્યારે તો આ ખૂબી છે કે ધર્માત્માને અગવડ આપત્તિ વખતે પૂર્વનાં કરેલા નરસા ભાવોને ભૂંસી સારા ભાવ કરવાની તક લાગે છે. અંટસથી બગડ્યું એ મૈત્રીભાવથી સુધારું, દ્વેષથી બગડેલું એ ભાવદયાથી સરખું કરું. ઈર્ષ્યાથી દુષ્ટ કર્મ ઊભા કરેલાં તો હવે પ્રમોદભાવથી સુધારું. ધર્માત્માપણું શામાં ? બગડવામાં પોતાના કર્મ ને જવાબદાર ગણી ભાઈ સગાં વગેરે સાથે દિલમાં જરાય દ્વેષ અંટસ વિરોધ ઘાલવાનું મન ન થાય. 'ભાઈએ નથી બગાડ્યું, મારા કર્મે બગાડ્યું છે.' એમ માની ભાઈ સાથે ન બગાડે.

ત્યારે એમ પણ ન લાગે કે આ તો બધા સ્વારથિયા છે માટે એમની સાથે બહુ મેળ-મહોબ્બત ન રાખવી કેમકે સ્વારથવશ આપણને ખાડામાં ઉતારે તો ?' આ માનવું ય ખોટું ?' કેમકે જગતમાં કોણ સ્વારથિયું નથી ? શું પોતે સ્વાર્થપ્રિય નથી ? ન હોય તો આવું કેમ લાગે કે 'સામો મને ખાડામાં ઉતારી મારો સ્વાર્થભાંગે તો ?' બીજા સ્વારથિયા, પોતે નહિ, આ અજ્ઞાનદશા છે, મોહ છે, અને એવા મોહને વશ મૈત્રીભાવ કરુણાભાવ ગુમાવી દ્વેષ અભિમાન વગેરે કષાયોમાં મરે છે, જિંદગી પૂરી કરે છે !

**મોહની પકડ ઊંધાં વેતરણ કરાવે છે.**

પેલો રાજા નરસિંહની પ્રબળ પુણ્યાઈ નથી જોતો કે 'મારા એને મારી નખાવવાના સચોટ પ્રયત્ન છતાં એ આબાદ બચી જઈ આજે ઠેઠ મારો જમાઈ બનવા સુધીની સ્થિતિએ પહોંચી ગયો છે ! ત્યારે કેટલું એનું પ્રબળ પુણ્ય ?' ના, મોહવશ આ કાંઈ જોવું નથી તેથી ઊંધા ઊંધા વેતરણમાં હવે ત્યાં સુધી પહોંચી જાય છે કે 'ભલે મારી દીકરી રાંડે, પણ આ નરસિંહને તો ખત્મ કર્યે છૂટકો. એ મારો વારસદાર શાનો થાય ? એમાં તો મારી હલકાઈ થાય ?'

કેવું વિચારી રહ્યો છે ? એને એ ભાન નથી કે 'અલ્યા ! આ તારો જમાઈ બની બેઠો એમાં હલકાઈ ન થઈ, તો પછી તારો વારસદાર બને એમાં શી



હલકાઈ ?' સંસારજ આવો ઊંધો છે કે એક બાબતમાં હલકું ન લાગવા દે અને બીજી બાબતમાં મનને હલકું લગાડે.

શબ્દમાં કૃપણતા કરવામાં હલકું નથી લાગતું ! ને પહેરવેશ વગેરે વટમાં ખામી પડે તો હલકું લાગે છે ! એટલે તો પહેરવશ વગેરે વટ જાળવવામાં ભારે ખર્ચ કરી નાખશે, પણ ધર્મમાં ખરચવાની વાત આવી ત્યાં આપવામાં અખાડા કરશે ! કેમકે એમાં ન દેવામાં કાંઈ હલકાઈ નથી લાગતી.

રાજા મિથ્યા પકડમાં નરસિંહ પોતાનો વારસદાર બને એમાં હલકાઈ જોતો, હજી પણ જમાઈ બની બેઠેલા એને મારી નખાવવાનું વિચારી રહ્યો છે, ને તે પણ 'તરત દાન ને મહાપુણ્ય' જેવું કરવાં માગે છે. હમણાં જ એ વિજય મેળવીને ને જમાઈ બનીને આવ્યો છે, તો હવે એ અહીં હવે તો જામતો જશે, પછી એનો ફેસલો કરાવવાનું મુશ્કેલ બનશે. માટે હમણાં જ આજે જ એનો નિકાલ કરાવી નાખું' એમ રાજા વિચારી રહ્યો છે. એની નરસિંહના ઘાત પર ચોંટ છે.

**જીવને આ ઉત્તમ ભવમાં કશું સારું કરી લેવાની ચોંટ ખરી ? કે નરસું વેતરવા પર જ ચોંટ ?**

**નરસાની કેવી કેવી ચોંટ ? :-**

જીવનમાં આ તપાસતા રહેવું જરૂરી છે કે મનની ચોંટ શેના શેના ઉપર લાગ્યા કરે છે ? તપાસ કરો તો ખબર પડશે કે કદાચ આત્મહિતની વસ્તુ પર ભાગ્યે જ એકાદવાર પણ મનની ચોંટ લાગતી હશે. જ્યારે પોતાના આત્માને અહિતકારી એવી દુન્યવી નાની મોટી કેટલીય વાતવસ્તુ પર ચોંટ લાગતી હોય છે. દા.ત. મચ્છર ઉડાડવા છતાં બે ત્રણ ચાર વાર કરડી ગયો, તો હવે એ ન જ કરડે એવું કરવા મનની ચોંટ લાગે છે. જમવા મોડા પડ્યા ને જમવાનું બધું ઠંડું પડી ગયું છે તો કશું ગરમ કરાવી ખાવાની ચોંટ લાગી છે. દુકાન પર ઘરાક ઓછા આવતા હોય તો વધારવા ચોંટ લાગે છે. ચોંટ લાગ્યા પછી શું શું કરાય છે એ તમે જાણો જ છો ને ?

આજના નહિ પરણેલા કેટલાય યુવાન યુવતીઓને પરસ્પર મળવાની ચોંટ લાગે છે. પછી ક્યાં મળવાનું એનું સ્થાન અજબગજબ હોય છે.

**મંદિરે પણ રૂપદર્શન-મિલનની ચોંટ :-**

અમે એક શહેરમાં હતા, ત્યાં સાંજના લોક મંદિરે દર્શન કરવા સારુ આવે એક જણને મેં કહ્યું 'અહીં સાંજના દર્શનાર્થે લોકો સારી સંખ્યામાં આવે છે. લોકની ધર્મભાવના સારી.'

મને એ કહે, 'સાહેબ ! એમાં યુવાન છોકરા - છોકરીઓ મોટે ભાગે કેમ

આવે છે ? જાણો છો ?'

'કેમ વળી પ્રભુના મંદિરે તો ધર્મભાવનાથી જ આવે ને ?'

એ કહે, 'ના રે ના સાહેબ ! આ તો કુંવારાને અહીં પરસ્પર મળવાનો સંકેત હોય છે. માટે અહીં મંદિરે આવે છે. છોકરીઓ બહાર બીજે ક્યાં જઈ શકે? ને મંદિરે આવવામાં કશી રોકટોક નહિ. એટલે અહીં મિલન સ્થાન.'

મેં કહ્યું 'જાુલ્મ ! મંદિર જેવા પવિત્ર સ્થાને આ "પેલો કહે...'...માટે આવવાનું !...કરવા માટે હોય છે.

કેવો યુગ આવ્યો છે ? વિકાસનો કે વિનાશનો ? ભયંકર આ ધંધા હોય ત્યાં વીતરાગનાં દર્શનમાં ચિત્ત શાનું ચોંટે ? કદાચ હૈયામાં સહેજ પણ વીતરાગ દર્શનની ઝાંખી અસર થઈ હોય તો પણ મંદિરમાં કે બહાર આ ગોરખધંધાની ચોંટ સાથે એ ચાલતા હોય ત્યાં એ અસર શાની ઊભી રહે ? જીવન આખું આ નાદમાં જાય ત્યાં એના ગોઝારા હજારો કુસંસ્કારોનું બંડલ લઈને જીવે કઈ ગતિમાં જવાનું ? ને ત્યાં કેવા કેવા પાપો આચરવાનાં ? કેવાં કેવાં પાપિષ્ઠ બનવાનું ? આમાં પછી મનુષ્યભવ જલ્દી મળે ? કે તિર્યંચ નરકની વિઝિટ ?

પુરુષોની આ સ્થિતિ કરાવી આપનારા કોણ ? એ ઉદ્‌ભટ છટકા વેશવાળી અને પોતના અંગોપાગ દેખાડનારી સ્ત્રીઓ જ ને ? એના નિમિત્તે જ પુરુષ ભૂલો પડે ને ? પછી ઉત્કટ કામવાસનામાં નરકની ય ગતિ સાધવાની જોગવાઈ થઈ જાય એમાં નવાઈ શી ? એવી જોગવાઈ કરાવી આપનાર નારીને જોગમાયા કહેવાય છે. ત્યારે શાસ્ત્ર શું ખોટું કહે છે 'નારી નરકની દીવડી ?'

**સારી ગુણિયલ નારી નરકની દીવડી કેમ ? :-**

**પ્ર.-** એમ તો સારી સ્ત્રીઓ ય હોય છે ને ?

ઉ.- એ સારી ગુણિયલ એટલે એનું શરીર ગુણિયલ ? કે એનો આત્મા ગુણિયલ ? આત્મા જ ગુણિયલ; પણ એનું શરીર પુરુષ માટે કેવું ? એનું દર્શનતો પછી, પણ એ શરીર જો મનમાં આવે ને ? તો ય જીવ ભાનભૂલો બની જાય.

**પ્ર.-** શરીરને ગંદકીનો ગાડવો સમજે તો ?

ઉ.- ગંદકીને ગાડવો સમજનારની નજરો જ્યાં ત્યાં અયોગ્ય સ્થાને જાય ? જતી હોય તો એ શું જોઈ રહ્યો છે ? ગંદકીનો ગાડવો ? કે ઉપરનું મજેનું અસ્તર ? ગંદકીનો ગાડવો દેખે તો એના પર નજર ઠરે ? હૈયે ટાઢક લાગે ? શી વાત કરો છો ? ગંદકીને ગાડવો માનીને પણ સ્ત્રીશરીરના અંગ પ્રત્યંગ પર મન લઈ જવા જેવું નથી. મનમાં ય એને ન ઘલાય. નહિતર મન ભૂંડા વિચારમાં ચડી જવાનું. મન પર લેવામાં આમ, પછી જોવાની વાત ક્યાં ?





સિંહ ગુફાવાસી મુનિ શું નહોતા જાણતા કે સ્ત્રી શરીર એટલે ગંદકીનો ગાડવો ? પછી ભલે રૂપરૂપનો અંબાર હોય ? જો જાણતા હતા તો વેશ્યાને ત્યાં જઈને કેમ પડ્યા ? કહો, વેશ્યાના શરીરના અંગ પ્રત્યંગ જોઈને પતન પામ્યા.

**સ્ત્રી શરીરનું દર્શન ભૂંડુ મોટા મુનિને પાડ્યા :-**

**પ્ર.-** તો શું સ્ત્રીને પુરુષ શરીરનું દર્શન ભૂંડું નહિ ? ભૂંડું હોય તો 'નર નરકનો દીવડો' એમ કેમ ન કહ્યું ?

ઉ.- બેમાં ફરક છે, સ્ત્રીના અંગેઅંગ સેક્સ છે, પુરુષનાં અંગેઅંગ નહિ. સ્ત્રીના કેશ જોઈ પુરુષને મોહ થશે, પણ પુરુષના કેશ જોઈ સ્ત્રી ને એમ નહિ થાય કે કેવા સુંદર કેશ ! અરે ! સ્ત્રીના પગનું તળિયું જોઈને ય પુરુષ મુંઝાશે, પણ પુરુષના પગનું તળિયું જોઈ સ્ત્રી નહિ મોહે. આ ફરકનું કારણ સ્પષ્ટ છે. સ્ત્રી એ ભોગ્ય છે, પુરુષ નહિ. માટે સ્ત્રીનું આખું શરીર શરીરનો અંગ-પ્રત્યંગ. એનું દર્શન ભૂંડું. ભવમાં ભટકાવે, નરકમાં પહોંચાડે !

**ડાહી સ્ત્રીની સમજ :-**

તો પછી ઉદ્‌ભટ વેશ વગેરેથી ચાહીને એ દર્શન કરાવનારી સ્ત્રીઓ ભયંકર ? એ જાતે પણ કેવાં ભયંકર પાપ બાંધે ? ડાહી હોય તો એણે સમજી રાખવું જોઈએ કે આજની દુનિયામાં મોટા ભાગના પુરુષો કામાંધ હોય છે; એને સ્ત્રીદર્શન પર ચોંટ હોય છે, દર્શનનું નિમિત્ત મળતાં એ પાગલ ! માટે એને પાગલ થવા અને નરકનાં ભાતાં બંધાવવા નિમિત્ત ન આપું નહિતર પરલોકે મારા ય વિશેષ ડુચા નીકળી જશે'

વધારે ડુચા કેમ ?

**એટલા જ માટે કે જેમ દારૂડિયા કરતાં દારૂના પીઠાવાળો વધુ પાપી છે, વેશ્યા કરતા વેશ્યાઓ પુરી પાડનાર વધારે પાપી છે. એમ પરસ્ત્રી જોનાર કરતાં એ જોનારાઓને જોવાનું નિમિત્ત આપનારી ઉદ્‌ભટ વેશવાળી સ્ત્રી વધારે પાપી છે.**

આ હિસાબે આજના સિનેમાવાળા અને સીનેમાની જાહેરાત છાપનાર કેવા પાપી બને ? કેવાં ભયંકર પાપ બાંધે ?

મનની ચોંટ ક્યાં ? એની આ વાત છે. માણસના મનની ચોંટ સ્ત્રીદર્શન પર લગાડવાના બદલે જો પરમાત્માના દર્શન પર લાગી જાય તો ? કામ જ નીકળી જાય ને ? ન્યાલ જ થઈ જાય ને ?

**પ્રભુદર્શન પર ચોંટની પરીક્ષા :-**

સ્ત્રી દર્શનની ચોંટવાળાને જેમ સ્ત્રી ગયા પછી પણ દિલમાં એનું દર્શન થયા કરે છે, ભૂલી ભૂલાતી નથી, એમ પરમાત્માના દર્શનની ચોંટ હોય તો મંદિરેથી બહાર નીકળ્યા પછી પણ દિલમાં એ દર્શન ચાલ્યા કરે, ભગવાન ભૂલ્યા ન ભૂલાય. ત્યારે જો મન આવું બની જાય કે ભગવાન દેખાયા જ કરે, તો તો પછી ભગવાનની આગળ દુનિયાનું કશું ગમે નહિ, કશું મહત્ત્વનું ન લાગે, બધી જૂઠી માયા લાગે, ગોઝારી માયા લાગે. બસ,

**આનું નામ વૈરાગ્ય કે ભગવાન કરતાં માયા કશી મહત્ત્વની ન લાગે, માયા ગોઝારી લાગે.**

**મોક્ષનો ઉપાય :-**

આ વૈરાગ્ય આવ્યો એટલે તો આત્મા ન્યાલ થઈ ગયો. કેટલાય પાપબંધ મોળા પડી ગયા; ને પછી ત્યાગ સર્વત્યાગ આવતાં વાર નહિ. તે ઠેઠ મોક્ષે જતાં બહુ વાર નહિ. મૂળ કારણ, મૂળ ઉપાય આ, કે સ્ત્રી દર્શનથી અધિક પરમાત્માનાં દર્શનની ચોંટ લગાડો.

પેલા રાજાને આ ચોંટ છે કે ‘નરસિંહને મારી નખાવું. એમાં એ જોતો નથી કે હવે તો એમ કરવામાં મારી પોતાની દીકરી જ વિધવા થાય ! એમાં જીવનભરનાં સંસારસુખ લુંટાઈ જાય !’ ના, તું ભલે રાંડ, તું ભલે જીવનભર દુઃખી થા, હું તો આને મારીશ,’ આ એક ધૂન છે. એમાં હવે જમાઈના વાંકે દિકરી પ્રત્યે ય દિલ ક્રૂર બન્યું. આનું નામ સંસાર.

**સંસાર જ એવો છે કે જે એવા સ્વાર્થની મમતા જગાવે છે કે જેવાં અવસરે નિર્દોષ ત્રાહિતને શું કે પોતાના સગાને શું, ભયંકર દુઃખ આપવાની બુદ્ધિ કરાવે, રૌદ્રધ્યાન, કાળી લેશ્યા અને ભયંકર કષાયયુક્ત દુષ્કૃત્ય બુદ્ધિ કરાવે.**

તમને આવો પણ સંસાર ગમે છે ને ? એમાં રહ્યાનો કોઈ અફસોસ અજંપો કે રુદન થાય ખરુ કે ?

**‘હાય ! આવા ગોઝારા સંસારમાંથી છોડાવી સુખદ સંયમ માર્ગ દેનારું જિનશાસન મળ્યું છતાં હું હજી આ સંસારને પોષું છું ?’**

જો સંસારવાસનું હૈયારુદન નથી તો જિનશાસન અને સંયમમાર્ગની કદર ક્યાં રહી ? એની કિંમત શી સમજાઈ ? નિખિલ વિશ્વમાં જિનશાસન અને સંયમ માર્ગની આ અમાપ કિંમત છે કે એ ગોઝારા સંસારવાસની યથાર્થ ઓળખ કરાવે અને એમાંથી છોડાવે. એ કિંમત સમજે એને માનવભવમાં સંસારવાસ પોષ્યાનાં હૈયારુદન થયાં કરે. એ ન છોડાય ત્યાં સુધી પણ પોતાના દિલમાં એવા સ્વાર્થ ન પોષે કે (૧) જે બીજા નિર્દોષને કે દયાપાત્રને દુઃખ દેનાર હોય; (૨) જે રૌદ્રધ્યાન



કાળી લેશ્યા ને ભયંકર કષાય કરાવનાર હોય.

**સંસારને અસાર ગોઝારો સમજનારો એવાં રૌદ્રધ્યાન કાળા કષાય અને જીવહિંસા પર અંકુશ મૂકનાર હોય, અમૈત્રી-ક્રૂરતા-ઈર્ષ્યા-પરતપ્તિથી દૂર જ રહેવા મથે.**

**ગોઝારા મલિન ભાવ કરાવનારો સંસાર ગોઝારો.**

‘કોની ખાતર આ ગોઝારી કાળાશ હૈયામાં ઘાલું ? કુટિલ સંસાર ખાતર ? મૂળમાં સંસાર રાખ્યો છે એ જ મારો મોટો ગુનો છે હવે એવા સંસારને પાછો સારભૂત માનું તે શું એવા ગોઝારા મલિનભાવ કરવા ?’ એમ મનને થાય.

જીવન તપાસજો કે હૈયે કેવા કેવા મલિન ભાવ જાગે છે ? જિનશાસન મળ્યા છતાં આવા મલિનભાવો કરવા છે, તો લાગે છે ખરૂં કે ફરીથી જિનશાસન મળે ?

નિઃસંકોચ કરેલા ગોઝારા મલિન ભાવથી તો ફરીથી ગોઝારા ભાવને યોગ્ય દુર્ગતિના ભવ મળે, ને એમાં જિનશાસનની પ્રાપ્તિ ન થાય.

રાજાને આ કશો વિચાર નથી, તે નિર્દોષ નરસિંહનું કાટલું કઢાવી નાખવા મથી રહ્યો છે, પછી ભલે એમ કરતાં વહાલી દીકરી વિધવા થાય એની જેને પરવા નથી, એને પરલોકના ગોઝારા ભવનો શો ભય ?

**રાજાનો પેંતરો :-**

રાજાએ નરસિંહ વિજય મેળવીને આવ્યાના દિવસે જ નરસિંહને બોલાવી કહ્યું ‘આપણા કૂળમાં રિવાજ છે કે લગ્ન કરીને પહેલી તકે રાત્રે ગામ બહાર મંદિરમાં દેવીની એકલાએ પૂજા કરવી. માટે તું આ પૂજાપો લઈને આ જ રાત્રે જઈ પૂજા કરી આવજે. નરસિંહે આદેશ સ્વીકારી લીધો, ‘ભલે જેવી આપની આજ્ઞા.’

રાજાનો આ પેંતરો છે. એણે નરસિંહના ગયા પછી શૂળી દેનારા ચંડાલોને ખાનગીમાં બોલાવી કહ્યું ‘જુઓ આજે એક રાજ્યદ્રોહીને પૂરો કરવાનો છે.’

ચંડાળો કહે ‘ફરમાવો સાહેબ ! તરત વાર કેટલી ?’

રાજા કહે ‘એ રાજ્યદ્રોહી આજે રાતના એકલો નગર બહાર દેવી મંદિરના માર્ગે દેવીપૂજાનો સામાન લઈને જવાનો છે, એવા સમાચાર મળ્યા છે. તો તમે ત્યાં એવો એ એકલો દેખાય કે તરત જ બીજો વિચાર કર્યા વિના અંધારામાં એનું કાટલું કાઢી નાખી રવાના થઈ જજો. આ તક છે એટલે રાજ્યદ્રોહીનો કાંટો ટળી જશે ને કોઈને ખબર નહિ પડે કે એને કોણે મારી નાખ્યો. જો જો આ વાત બહાર ન જાય; નહિતર કામ નહિ થાય.’

ચંડાલો સમજ્યા કે ‘આ વાત બરાબર છે, રાજ્ય-દ્રોહીને તો પૂરો જ કરી

નાખવો જોઈએ; ને વળી રાજા સાહેબ ખુદ હુકમ કરે છે તો આપણે તો હુકમના તાબેદાર, એટલે બીજો વિચાર કરવાનો હોય જ નહિ.' રાજાને કહે 'જેવો હુકમ મહારાજા સાહેબ ! ચિંતા ન કરશો. બધું પતી જશે.'

બસ, રાતના નગરની બહાર મંદિર સુધીના માર્ગની આસપાસ ઝાડીમાં આગળથી જઈને ચાર ચંડાળો મોટા ધાર કાઢેલા તિક્ષ્ણ ધારિયા લઈને છુપાઈ ગયા. અને રાહ જોઈ રહ્યા છે કે જેવો પેલો રાજ્યદ્રોહી અહીંથી પસાર થવા જાય કે તરત જ આપણે ચારે જણે એના પર ધારિયા ઠોકી દેવા જેથી એક મિનિટમાં જ કામ પતી જાય ને પછી આપણે તરત જ ઘરભેગા'.

**નરસિંહ બચી શકે ? :-**

બોલો, આ પેંતરો ગોઠવાઈ ગયો છે, ને નરસિંહે રાતે એ રસ્તે દેવી પૂજા કરવા એકલા જવાનું સ્વીકારી લીધું છે તો શું એ બચી શકે ? એને આ પેંતરાની ગંધસરખી આવવાની નથી કેમકે પેંતરો રાજા જાણે, ને પેલા ચંડાળો સિવાય આ વાત ક્યાંય બહાર જવાની નથી, ને નરસિંહને સહજભાવે દેવીપૂજાર્થે રાતના જવાનું છે પછી એ શે બચે ? પણ એ બચવાનો છે, તો શું માણસના પ્રયત્ને એ બચશે ? કે કોઈ અતીન્દ્રિય સત્તાના પ્રભાવે બચશે ?

આજે મોટર-વિમાન-અકસ્માતમાં, ધરતીકંપમાં, વરસાદની હેલીમાં, કે નદીના ઘોડાપૂર વગેરેમાં કોઈ કોઈ માણસો ન ધારી ગેબી રીતે બચી જાય છે, તે કોના પ્રભાવે ? માણસના હાથની વાત હોય ને, તો તો માણસ બચી જવા ઝાલ્યો ન રહે. બધુ કરી છૂટે એવો છે. પરંતુ શું કરે ? બચવાનું કરે છે, ને એમાં જ ફસાય છે, કારણ ? કોઈ અતીન્દ્રિય સત્તા કામ કરી રહી છે એની આગળ એનું ચાલતું નથી; અને એ સત્તાની સામે એને ડરાવનારી બીજી સત્તા કામ કરી શકે છે, એની એને ગરજ નથી.

આમાં સમજ્યા કાંઈ ?

**કર્મસત્તા અતીન્દ્રિય છે, એની સામે માત્ર ધર્મસત્તાનું ઊપજી શકે છે.**

**પણ અજ્ઞાન-મૂઢ જીવને કર્મનો માર ખાવો પાલવે; રક્ષણ આપનાર ધર્મનું શરણ નથી પાલવતું !**

**કેવી કેવી મૂઢતા ?**

અનંતાનંત કાળથી જીવની આ મૂઢતા ચાલી આવે છે, કે

કરમ કરવા માટે અડધી રાતે તૈયાર પણ ધરમ કરવા માટે દહાડે ય તૈયાર નહિ ! કેવી મૂઢતા ! કર્મ થાકેલો હશે તો ય કરશે, પણ ધર્મ તાજો-માજો હશે તો ય નહિ કરે ! કેવી મૂઢતા !



કરમ પૈસા ખરચીને ને કાયા તોડીને ય કરવા છે ધરમ મફતમાં થતો હોય આરામથી થતો હોય તો ય નથી કરવો ! છે ને ગમારપણું ?

કરમ ન કરીએ તો ઘર ન ચાલે, દુકાન ન ચાલે, એમ લાગે છે, પરંતુ ધરમ ન કરીએ તો સદ્ગતિ ન મળે, કરમનાં માર ઓછા ન થાય, સુખ ન મળે, એ નથી લાગતું !

**આપત્તિમાં બચાવ ધર્મ આપે છે; ન ધાર્યા સુખ ધર્મ દે છે.**

ઘણાં કર્મ કરનારા દુનિયામાં ઘણા છે, પણ ઘણું ધન બહુ થોડાને મળે છે, એનું કારણ શું ? કહેવું જ પડે, પૂર્વ જનમમાં એ બહુ થોડાએ સારો ધર્મ કર્યો છે માટે એનાં મીઠા ફળ અહીં બહુ થોડા જ ભોગવી રહ્યા છે. આ સિવાય બીજો જવાબ નથી.

આજના વિજ્ઞાનયુગ પાસે આનો જવાબ 'અકસ્માત્' 'ચાન્સ' એવો છે. પણ એ જવાબ છે ? 'અકસ્માત્' એટલે ન અકસ્માત્ અર્થાત્ કશા કારણથી નહિ, એમજ બની આવ્યું. આ કાંઈ જવાબ છે ? કારણ વિના કાર્ય બને નહિ. એવો સનાતન નિયમ છે,. નહિતર તો કાર્ય કારણની વ્યવસ્થા જ ન રહે. દૂધમાંથી જ દહીં બને છે, પાણીમાંથી નહિ. માટીમાંથી જ ઘડો બને છે. ધૂળમાંથી નહિ, એ શું સૂચવે છે ? ચોક્કસ કારણથી જ કાર્ય બને, એ વિના નહિ. ત્યારે 'ચાન્સ' એટલે એ સદ્ભાગ્ય કહો, તો 'અહીં નરસિંહને રાજાના ચાર ચાર વારના મારી નખાવવા પ્રયત્ન છતાં બચાવ મળી જાય છે' એની પાછળ પ્રભુનાં દર્શનથી ઊભું થયેલ પુણ્ય કામ કરી રહેલ છે.

**બચાવમાં પુણ્ય કારણ છે, પુણ્ય દ્વારા પ્રભુદર્શનનો ધર્મ કારણ છે.**

કેટલું જબરદસ્ત કારણ !

આટલું જબરદસ્ત કારણ !

આટલું જબરદસ્ત કારણ ઊભું હોય ત્યાં રાજા શું કરી શકે ? તો પણ જુઓ, અહીં હજી પણ રાજાએ નરસિંહને મારી નખાવવા તખ્તો ગોઠવી દીધો છે. એક બાજુ નરસિંહને રાત્રે દેવીપૂજા માટે જવા નક્કી કરાવ્યું છે, ને બીજી બાજુ મારાઓને 'દેવીમંદિરના રસ્તે રાત્રે જે પૂજાનો થાળ લઈને આવે એને ઝટકે ખલાસ કરવો' એમ નક્કી કરાવ્યું છે. તો હવે શું આ વખતે તો નરસિંહ ખત્મ થવાનો ને ? અતીન્દ્રિય અદૃશ્ય કારણ ન માને એ તો એમજ કે 'હા, એમાં પૂછવાનું જ શું ?' વાર છે, અદૃશ્ય જબરદસ્ત કારણ કામ કરી રહ્યું છે તેથી એમ નરસિંહ મરે શાનો ?

**નરસિંહ શી રીતે બચે છે ? :-**

જુઓ રાત પડી એટલે નરસિંહ પોતાના સ્થાનેથી પૂજાનો થાળ લઈને નીકળે છે, રસ્તે ચાલે છે એ વખતે આગળ રાજકુમાર પોતાના આવાસના ઝરુખે ઊભેલો આને જતો જુએ છે એટલે તરત એને બૂમ મારીને ઊભો રાખી નીચે આવીને પૂછે છે.-

'નરસિંહશા ! આવી અંધારી રાતે ક્યાં ચાલ્યા ? આ થાળ શાનો ?'

નરસિંહે કહ્યું 'દેવીપૂજા કરવા ?'

'તે અત્યારે ?'

'હાં, બાપુજીએ કહ્યું છે આપણે ત્યાં પહેલી રાતે દેવીપૂજા કરવાનો રિવાજ છે માટે પૂજાપો ધરી આવજે.'

રાજકુમાર કહે 'ઓહો ! દેવીને પૂજાપો જ ધરવાનો છે ને ? લાવો થાળ હું ધરી આવું છું તમે તમારે જાઓ પાછા સૂઈ જાઓ.'

રાજકુમારને નરસિંહના ગુણો, એનો સ્નેહ અને તાજેતરમાં પ્રાપ્ત કરેલો વિજય તથા અતિ વહાલી બેનનો બનેલો પતિ...એ બધા કારણથી નરસિંહ પર એટલું બધું હેત અને આકર્ષણ છે કે નરસિંહને એ અત્યારે આમ જતો જોઈ શકતો નથી, એટલે રોકે છે, કહે છે, 'દેવીને પૂજાપો ધરવાનો છે ને ? એ તો રાજકુળનો કોઈ પણ માણસ ધરે તો ચાલે, લાવો થાળ હું તમારાવતી ધરી આવું છું અને તમારા માટે દીર્ઘ આયુષ્ય સુખસમૃદ્ધિ માગી આવું છું'

અહીં નરસિંહે કહ્યું તો ખરું કે 'નાં, બાપુજીએ મને જવા કહ્યું છે એટલે મારે જવું જોઈએ, પણ રાજકુમારના આગ્રહ આગળ એને નમી જવું પડ્યું. થાળ દઈ દીધો રાજકુમારને, અને પોતે પાછો પહોંચ્યો પોતાને સ્થાને. રાજકુમાર થાળ લઈને ચાલ્યો, નીકળ્યો નગરની બહાર,

**રાજકુમાર મોતના મુખમાં :-**

ક્યાં જઈ રહ્યો છે ? મોતના મુખમાં. હવે એને બચાવ મળે કે નહિ ? અહીં એ જ કહેવું પડે કે પૂર્વભવના ધર્મનું ધર્મથી ઉત્પન્ન પુણ્યનું બળ હોય તો બચાવ મળે, નહિતર ન મળે. અહીંના બચાવ માટે આ જીવનની હોશિયારી કે પુરુષાર્થ કામ લાગે એવા નથી; સિવાય કે અહીં કોઈ એવા ઉત્કૃષ્ટ ભાવનો ધર્મ કરાય. કારણ કે શાસ્ત્ર કહે છે **'અતિ ઉગ્ર પુણ્ય (ધર્મ) કે પાપ અહીં જ ફળે છે.'** તે વિના તો પૂર્વનું પુણ્ય બચાવે. રાજકુમારનું પુણ્ય હોય તો બચે અત્યારે તો એ શુભ નિષ્ઠાથી નીકળ્યો છે. એમાં એને રાજાના પ્રપંચની ગંધ પણ નથી. ક્યાંથી હોય ? જુઓ પોતાનો બાપ પણ પેંતરાનું કહેતો નથી કે 'મારા ગોઠવ્યા છે !'

તો નીકળવું વાજબી કે નહિ ?



હા, પ્રપંચની ગંધ હોય તો જુદી વાત. તો તો એણે નરસિંહ પર પણ આફત ન આવે એ માટે પણ વિચાર કરવો જોઈએ ને એ પણ એક કર્તવ્ય છે. બાકી પ્રપંચની ગંધ સરખી ન હોય, તો તો આ વિવેક કરી રહ્યો છે તે વાજબી જ કરી રહ્યો છે.

**માણસની ફરજ કર્તવ્ય બજાવવાની છે.**

નરસિંહ ઉપરના અથાગ બહુમાનને લીધે રાજકુમાર આ કર્તવ્ય આ વિવેક સમજે છે કે 'વર્તમાન સંયોગમાં મારે નરસિંહનું આવું કાર્ય ઉપાડી લઈ એને આરામ આપવો જોઈએ,' પણ એવા નિર્જન સમયે જાતે એકલો જવામાં ભય નહિ ? ભલે હોય પણ એ તો જેવો પોતાને એવો નરસિંહને. તેથી કર્તવ્ય કેમ ચૂકાય ? વિવેક કેમ વિસારાય ?

**કર્તવ્યપાલન આડે ભયના તુક્કા નકામા :-**

કર્તવ્ય બજાવવાનો અવસર હોય ત્યાં ખોટા ભયના તુક્કા ન લગાવાય. નહિતર તો કોઈ જ કર્તવ્ય કે સારું કામ કરી શકાય જ નહિ; કેમકે બધે જ ભય વગેરેના ખોટા તુક્કા ઊભા કરી શકાય. પાછી ખૂબી તો એ છે કે સંસારનું ઘણું ઘણું બજાવતાં ભયના ખોટા તુક્કા નથી લડાવતા ? ત્યારે શું ધર્મ જ બિનજરૂરી, ધર્મ જ કશા કામનો નહિ, તે એમાં જ ભયના તુક્કા લગાવવાના ? દીકરીને તરત પરણાવી દેવી હોય તો એમાં ભય નહી રાખે કે એ રંડાશે તો ? પરંતુ દીક્ષાની તરત હા નહિ પાડે; ભયનો તુક્કો 'કદાચ ભાંગે તો ? ત્યારે શું જીવન સંસાર કાર્યોથી પાપ કર્તવ્યોથી જ ભરવા માટે છે ? ના,

**માનવજીવન સારાં કર્તવ્યોની બજવણીથી જ ભરચક ભરી લેવા યોગ્ય છે. ત્યાં ભયના તુક્કા ફિજુલ છે.**

ભેંસના ભવમાં આ સુકૃતકરણ ક્યાંથી મળવાનું ? કીડા-મંકોડાના અવતારમાં આનો લેશ પણ કયાં ? દેવના અવતારમાં ય એવા ભરચક કર્તવ્યો છે ક્યાં ? એ છે તે માવનઅવતારે સુલભ છે.

**ભરચક સત્કર્તવ્યો અને ભરચક સુકૃતો માનવભવે જ સુલભ; એથી માનવભવ દીપે અને સફળ થાય.**

મનુષ્યભવ દીપાવવો છે ? દીપાવવો હોય અને માત્ર વેપાર-ધન-ખાનપાન-મોજમજા અને જશ-માન આદિ જ ખપતા હોય તો એ મૂઢ જીવન બનશે. દીપાવવો હોય તો કર્તવ્યો સુકૃતો ભરચક કરવાની વાત રાખો રામચંદ્રજી લક્ષ્મણજી સીતા વગેરે ઉત્તમ પૂર્વ પુરુષોનાં ! જીવન જુઓ.

**રાજકુમાર પર જલ્લાદોના ઘા :-**

આપણી વાત આ હતી, - પેલા નરસિંહને રાજાએ રાતના દેવીમંદિરે પૂજાપો ચડાવી આવવાનું કહેલું, અને નગર બહાર જંગલમાં એને મારાઓ એક ઝટકે ખત્મ કરે એવો રાજાએ પેંતરો ગોઠવેલો, પરંતુ વચમાં જ રાજકુમારે, આ પોતાનો ગાઢ મિત્ર અને હવે બનેલો પોતાનો બનેવી, તે એને પાછો મોકલી પોતે જ પૂજાપો લઈ ચાલ્યો દેવીમંદિરે. જ્યાં એ નગરની બહાર જંગલમાં ચાલ્યો કે તરત ઝાડીમાંથી છૂપાયેલા ચાર જલ્લાદો ધારિયા લઈ નીકળી પડ્યા, અને અંધારું તે રાજકુમારનું મોઢું ઓળખવા ન પામ્યા. તેમ રાજાનો હુકમ તે બીજો કશો વિચાર કરવાનો નહિ હતો, એટલે ઝટ રાજકુમારના ઉપર ચારે જણાએ ધારિયાના ઘા ઠોકી દીધા. રાજકુમાર કપાઈ મર્યો. અને જલ્લાદો તરત જ ત્યાંથી ભાગી ગયા.

રાજાને એ રાતે કદાચ નિરાંતે ઊંઘ આવી હશે; નિરાંત એ કે 'ચાલો આ મારો વારસદાર થનાર નરસિંહ વાણિયાનો દીકરો આજે તો પૂરો થઈ જ ગયો હશે.' પરંતુ

**જોદ્ધા જેવા કર્મ આગળ મુડદાલ માણસનું શું ગજુ ?**

રાજાની દુષ્ટ મનસા કેવી અને કર્મ-કુદરત શું કામ કરે છે ! કેમ જાણે કુદરત માતા દયાળુ તે ચાર ચાર મૂર્ખ રાજાના દુષ્ટ પ્રયત્ન છતાં રાજાની ઉપર રહેમ કરી એને કાંઇ શિક્ષા ન કરી; પરંતુ હવે કર્મ-કુદરતે પાંચમી વારના રાજાના દુષ્ટપ્રયત્નમાં એના વહાલસોયા અને વારસદાર બનાવવા ધારેલા દીકરાને જ ઉપાડ્યો!' તે ય એવી રીતે કે રાજા આ જાણે ત્યારે એને એમ જ લાગે કે 'આ મેં જ મારા દીકરાને મારી નખાવ્યો !' એ કાંઈ મારાઓને દોષ ન દઈ શકે કે 'કેમ તમે આને મારી નાખ્યો ?' કેમકે પોતે જ હુકમ આપેલો કે 'કાંઈ પણ જોયા વિચાર્યા વિના દેવીમંદિરના માર્ગે રાતના જે નીકળે એને ખત્મ કરી નાખજો.' તેમ નરસિંહને દોષ દઈ શકે નહિ કે કેમ તેં રાજકુમારને દેવી મંદિરે જવા દીધો ?' કેમકે એમાં પોલ બહાર પડી જાય કે 'આ નરસિંહને મારી નખાવવા માટે જ પોતે પેંતરો ગોઠવેલો. આમ કુદરતે એવું સહજ સ્વભાવે બનાવી દીધું કે રાજાને એમ લાગે કે 'આ મારા પોતાના દીકરાને મેં જ મરાવી નાખ્યો.'

રાજાના પાંચમી વારના આ પ્રયત્નમાં કુદરતે એને આ આવી જાલિમ શિક્ષા કરી કે હવે રાજાને ઓરતો ન રહે કે 'મારો વારસદાર નરસિંહ શાનો થાય ? એ તો મારો એકનો એક સારો દીકરો જ મારી ગાદીએ આવે.' દીકરો મર્યા પછી આ ઓરતો રહે ? ત્યારે,

**કુદરતનો કેવો અદલ ઈન્સાફ છે !**

કુદરતનો કાનુન છે 'જીવ અને જીવાડ' એના બદલે 'જીવ અને માર'નાં



ઊંધાં વેતરણ કરે, એ એવાં કાનૂનભંજકને કુદરત સહન કરે ? પૂછો,-

**પ્ર.**- તો પછી કુદરતે બિચારા નિર્દોષ રાજપુત્રને ઉપાડ્યો એમાં એનો અદલ ઈન્સાફ ક્યાં રહ્યો ? બાપના પાપે દીકરાને ય સજા ? કુદરતનાં જ આ ઊંધા વેતરણ નથી ?

ઉ.- આનો ઉત્તર સમજવા એ જુઓ કે કુદરત શું ચીજ છે ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૫,અંક-૧૮,તા.૮-૧-૧૯૭૭**

**કુદરત એટલે પાંચ કારણોનો સમવાય છે.**

જોજો કુદરત એટલે કોઈ ઈશ્વર વ્યક્તિ સમજતા નહિ કે જે આખા જગતનું સંચાલન કરતી હોય; કેમકે એવી ઈશ્વર વ્યક્તિ માનવા જતાં આ આપત્તિ આ સવાલ ઊભો રહેશે કે તો પછી ઈશ્વરે આ બિચારા નિર્દોષ રાજકુમારને કેમ આવા ભયંકર ઝાટકે ખત્મ કર્યો ? કદાચ આના જવાબમાં કહો,

**પ્ર.**- રાજકુમારનાં પોતાનાં ય પૂર્વભવના કર્મ એવાં એટલે ઈશ્વરે માત્ર ન્યાય આપ્યો એમ કહી શકાય ને ?

ઉ.- તો તો મુખ્ય કારણ કર્મ જ બન્યું ને ? કર્મની આ તાકાત આ સ્વભાવ માનવો જ પડે ને કે એ પોતાનું ફળ દેખાડે ? ત્યાં પછી ઈશ્વરની શી તાકાત ?

**પ્ર.**- કર્મ તો જડ છે, એને કાર્યકર બનાવવા ચેતન ઈશ્વરની જરૂર પડે ને ?

ઉ.- તો પછી સવાલ એ થશે કે કર્મ તો પૂર્વ ભવથી ચાલી આવેલા હતા, તો ઈશ્વરે રાજપુત્રને એ કર્મના હિસાબે વહેલો કેમ ખત્મ ન કર્યો ? આટલો મોડો કેમ ઉપાડ્યો ? વળી સર્વશક્તિમાન ઈશ્વરે જીવને એવાં કર્મ ઊભા થવાં જ કેમ દીધાં ? કેમ એને અટકાવ્યા નહિ ? તેથી જેમ જીવનાં દુષ્કૃત્યે ઈશ્વરની દરમ્યાનગીરી વિના પોતાનો વિપાક દેખાડી શકે છે.

બાકી તો જ્યાં ઈશ્વરને કર્માધીન રહેવું પડતું હોય ત્યાં ઈશ્વરનું સ્વાતંત્ર્ય શું રહ્યું ? અને ઈશ્વરની જરૂર પણ શી ? કર્મ જેવા સ્વભાવનાં, અને જેવી કાળ સ્થિતિએ પાકવાવાળાં તે જ પ્રમાણે પોતાનું ફળ દેખાડનારાં, અને તે કાળસ્થિતિએ પાકે ત્યારે જ ફળ દેખાડનારાં હોય તેથી જ ઈશ્વર પણ એ કાળસ્થિતિ પસાર થયા વિના એનું ફળ ન નીપજાવી શકે, પછી ઈશ્વરનું સામર્થ્યેય શું અને ઈશ્વરની આવશ્યકતા પણ શી ? પેટમાં ગર્ભ, જીવનમાં જેવાં કર્મ હોય તેવા જ રૂપ રંગ-આકૃતિ-બળ વગેરે વાળો તૈયાર થાય છે. ત્યાં ઈશ્વરનું સર્જન શું ? તાત્પર્ય, કુદરત એટલે ઈશ્વર નહિ.

**પ્ર.**- ત્યારે શું કુદરત એટલે કર્મ કહેવાય ?

ઉ.- એકલાં કર્મ પણ નહિ, કિન્તુ કર્મ-નિયતિ-કાળ-સ્વભાવ અને પુરુષાર્થ, એ પાંચ કારણનો સમવાય એ કુદરત. કારણ છે. પૂછો,-

**(૨) નિયતિ -ભવિવ્યતા કેવી રીતે કારણ ?**

**પ્ર.**- કર્મને કારણ માન્યા પછી બીજા નિયતિ વગેરેને કારણ માનવાની જરૂર રહે છે ?

ઉ.- હા, જુઓ પ્રસ્તુતમાં જ રાજકુમાર પર મારાઓના ધારિયાના ઘા પડવાથી ભયંકરવેદના ઊભી થઈ, એ કુમારના પોતાના કોઈ તેવા પૂર્વના અશાતા વેદનીય કર્મથી પરંતુ એ બીજા કોઈના નહિ પણ બાપના જ ગોઠવેલા મારાઓથી કેમ બન્યું ? અશાતા વેદનીય કર્મમાં કાંઈ એવું લખાયેલું નહોતું, એવું નિર્માણ થયેલું નહોતું, કે એ બાપના જ ગોઠવેલા મારાથી અશાતા આપે. અશાતા કર્મનો સ્વભાવ તો એટલો જ કે એ પાકીને અશાતા આપે, વેદના આપે.

તો પછી આ રીતે સગા બાપની જ ગોઠવણના લીધે વેદના આવી એ શાથી ? પાછો બાપ કાંઈ વૈરી નહોતો કે પોતાના કુમારને મરાવવાની ઈરાદાથી આ ગોઠવ્યું હતું, નરસિંહને મારવા, એમાં કુમાર જ કેમ ફસાઈ પડ્યો ?

આના જવાબમાં કહેવું પડે કે

**નિયતિ જ એવી, ભવિતવ્યતા જ એવી, કે બાપ નરસિંહને મરાવવા ગોઠવણ કરે અને એમાં પોતાનો પુત્ર જ ઝડપાઈ જાય.**

**કર્મ ફળ આપે છે, ભવિતવ્યતા એ માટે ચોક્કસ અમુક જ પ્રકારના સંયોગોનું નિર્માણ કરે છે.**

જેમ અહીં રાજકુમારને અશાતા કર્મે ભયંકર વેદનાનું ફળ આપ્યું, એટલું જ કર્મનું કામ. પરંતુ એ માટે, બાપે નરસિંહ માટે મારા ગોઠવવા, નરસિંહે બહાર નીકળવું, રાજકુમારે એને જોવો, જોઈને એને અટકાવી પોતે પૂજાપો માગી લઈ ચાલવું, વગેરે ચોક્કસ પ્રકારના સંયોગો ગોઠવવા એ ભવિતવ્યતાનું કામ. બાપને સારો પુત્ર મળવાનું પુણ્ય હોય એટલે એવો પુત્ર મળી આવે; પરંતુ એમાં અમુક જ જીવવ્યક્તિ ત્યાં પુત્ર તરીકે આવીને ગોઠવાઈ જાય, એનું કારણ ભવિતવ્યતા. એમ પુત્રને સારા માબાપ પુણ્યથી મળે; પરંતુ આ જ માબાપ મળવા પાછળ કારણ કોણ ? કહો એવી ભવિતવ્યતા જ.

**(૩) સ્વભાવકારણ :-**

આમ કુદરતમાં કર્મ આવે, ભવિતવ્યતા આવે; એમ સ્વભાવ પણ આવે. કારણ કે દા.ત. કર્મે પુત્ર આપ્યો, ને ભવિતવ્યતાએ અમુક જીવને ત્યાં લાવીને



ગોઠવ્યો એટલે ગર્ભમાં પુત્ર આવી ગયો, પરંતુ હવે એ નવ મહિને જ કેમ જનમવા લાયક શરીરવાળો બને છે ? ગર્ભમાં આવી તરત ૨-૪ દિવસ કે મહિનામાં કેમ પુષ્ટ શરીર બનતું નથી ? ત્યાં સ્વભાવને કારણ કહેવું પડે. ગર્ભમાં ઉત્પન્ન થનાર શરીરના ઘડનારા ઔદારિક પુદ્‌ગલોના સ્વભાવ જ એવો કે એ ધીરે ધીરે જ શરીરને ઘડે. જીવ ગર્ભ જ ન હોય પરંતુ સંમૂર્ચ્છિમ હોય તો એના શરીરના ઘડનારા પુદ્‌ગલોનો સ્વભાવ એકાએક પુષ્ટ શરીર બનાવી દેવાનો. એવું દેવ-નાટકના વૈક્રિય શરીરના ઘડનારા વૈક્રિય પુદ્‌ગલોનો પણ એવો સ્વભાવ કે જીવ ત્યાં ઉત્પન્ન થતાની સાથે પુષ્ટ શરીર બનાવી આપે.

અગ્નિનો સ્વભાવ એવો કે એની જવાળા ઊંચી જ જાય, વળી એ બાળે. ત્યારે પાણીનો સ્વભાવ જ એવો કે એ ઠારે. આમાં કર્મ ભવિતવ્યતા નહિ પણ સ્વભાવ મુખ્ય કામ કરે છે. સ્વભાવ દોષના હિસાબે જ અભવી જીવને ગમે તેટલી ધર્મસામગ્રી મળવા છતાં ને ધર્મ પુરુષાર્થ છતાં એનામાં સમ્યગ્દર્શન નથી આવતું.

આમ કુદરતમાં કર્મ, ભવિતવ્યતા અને સ્વભાવ આવે છે, એટલું જ નહિ પણ કાળ પણ કુદરતમાં સમાય છે.

**(૪) કાળનો પણ પ્રભાવ જુઓ કેવો છે ?**

ભવી જીવને (૧) ભવિતવ્યતાએ નિગોદ અવસ્થામાંથી બહાર કાઢ્યો, અને (૨) કર્મે ઠેઠ આર્ય મનુષ્યભવ સુધી લાવી મૂક્યો, ને દેવ-ગુરુ-ધર્મની સામગ્રી પણ પમાડી. (૩) વળી એ ભવ્ય જીવમાં મોક્ષ પામવાનો સ્વભાવ પણ છે. ત્રણે ય કારણ અનુકૂળ થાય, ને (૪) એણે ધર્મનો પુરુષાર્થ પણ કર્યો. છતાં જ્યાં સુધી એ અ-ચરમાવર્ત કાળમાં એટલે કે એની સંસાર અવસ્થાના ચરમ છેલ્લા પુદ્‌ગલ-પરાવર્ત કાલની પૂર્વના કાળમાં છે, ત્યાં સુધી મોક્ષ તો શું, પણ મોક્ષમાર્ગ સમ્યગ્દર્શનાદિને પામી શકતો નથી. કારણ કાંઈ ? આ જ કે કાળ અનુકૂળ નથી. મોક્ષમાર્ગ પામવાનો યોગ્ય કાળ ચરમાવર્ત, ચરમ પુદ્‌ગલ-પરાવર્તકાળ. કાળ પાકી જાય અર્થાત્ પૂર્વના કાળ પૂરા ભરાઈ જાય પછી જ એને ધર્મ ઔષધ કામ કરે.

મુદતિયા તાવમાં શું થાય છે ? એની સાત કે ચૌદ વગેરે દિવસની મુદતનો કાળ ન મળી રહે ત્યાં સુધી ગમે તેટલી દવા ખાઓ પણ એ અંદરમાંથી હટે નહિ. એ ઔષધ કામ જ ન કરે. મોટો ધન્વંતરી વૈદ પણ હાથ ખંખેરી નાખે.

**પ્ર.**- પણ આજના ડાક્ટર ટાઈફોડ તાવની ગોળીઓથી વહેલો ઉતારી દે છે ને ?

ઉ.- જેને તાવ વહેલો ઉતારી નાખ્યો એને પૂછો તો ખરા કે હવે મોંઢું ચોક્ખું થઈ ગયું ? તાવ પૂર્વેની તંદુરસ્ત અવસ્થામાં ખાવાની જે સહજ રુચિ હતી,

મોમાં જે ચોક્ખી મીઠી અમી છૂટતી હતી, તે અત્યારે રુચિ છે ? તે ચોક્ખી છૂટે છે ? શરીરમાં સારી સ્ફૂર્તિ આવી ? કે સુસ્તી જડતા રહે છે ? ને હાડકાં કચરાય છે ? શાથી આ બધું ? તાવની પાછળના દોષ ઊભા છે. શરીરમાં મુખ્ય વાત-પિત્ત-કફની સામ્યતા; કુપિત થઈ ગયા એટલે તાવ આવ્યો તાવ કુદરત લાવે છે; એ તાવ કુપિત બનેલા વાત-પિત્ત-કફના દોષોને પકવે છે. પરંતુ એ પકવવા સમય લાગે છે. બહાર ગોળીઓના જોરથી તાવ દબાવી દીધો તેથી શું થયું ? અંદરના કુપિત દોષો તો ઊભા રહી ગયા. મુદ્દત વિના એ પાકે નહિ. આ હિસાબે સમય-કાળ એ પણ એક સ્વતંત્ર કારણ છે, 'સ્વતંત્ર' એટલે જેમ કર્મ એક અલગ કારણ, ભવિતવ્યતા એક અલગ કારણ, સ્વભાવ એક અલગ કારણ, એમ કાળ પણ એક અલગ કારણ એવી રીતે,

**(૫) પુરુષાર્થ પણ એક સ્વતંત્ર કારણ છે**

કુદરત એટલે માત્ર આ ભવિતવ્યતાદિ ચાર કારણનો સમૂહ નહિ, પણ એમાં પુરુષાર્થ ઉદ્યમ પણ સમાવિષ્ટ છે. કાર્ય બનવા પાછળ પેલા ચારની જેમ પુરુષાર્થનું પણ સ્વતંત્ર સ્થાન છે, એનો પણ અલગ ફાળો છે.

હવે પાંચે કારણ કેવી રીતે કામ કરે છે એ જુઓ. પહેલાં વિચાર્યું તેમ (૧) ભવિતવ્યતાવશ નિગોદમાંથી બહાર નીકળ્યો. (૨) સ્વભાવ ભવ્યત્વનો જેને છે એને અનાદિસિદ્ધ છે જ, નવો સર્જાતો. (૩) એવા ભવ્યને જ ચરમાવર્ત, મોક્ષે જવા પૂર્વનો છેલ્લો પુદ્ગલ-પરાવર્ત કાળ. તે કાળે ચરમાવર્ત કાળ આપ્યો; અને (૪) કર્મે મનુષ્યભવ....યાવત્ દેવ-ગુરુ-ધર્મનો સંયોગ આપ્યો; (૫) હવે આટલા માત્રથી મોક્ષ થાય ? કે મોક્ષ માટે દેવ-ગુરુ-ધર્મની-મોક્ષમાર્ગની આરાધનાનો પુરુષાર્થ કરવો પડે ? પુરુષાર્થ કરવાનો ન હોત તો તો ભગવાનને શાસન સ્થાપ્યું જ ન હોત, મોક્ષ માર્ગનો ઉપદેશ કર્યો જ ન હોત. ઉપદેશ શા માટે કર્યો ? આટલા જ માટે કે જીવો આ સાંભળીને મોક્ષમાર્ગ સાધવા ઉદ્યમી થાય, પુરુષાર્થ કરે. ભગવાને શાસન સ્થાપ્યું એમાં આ અપેક્ષિત છે કે 'જીવો સારું કાંઈક કરે, અર્થાત્ મોક્ષમાર્ગ પુરુષાર્થ કરે.'

**પ્ર.**- કેટલાક કહે છે ને કે પુરુષાર્થ ભવિતવ્યતાથી થાય છે ?

**ઉ.**- એવું કહેનારા સંસારમાં જેટલા પુરુષાર્થ કરે છે તે શું ભવિતવ્યતા જોઈને કરે છે ? 'આ પુરુષાર્થ ભવિતવ્યતા હોય તો જ થાય, માટે લાવ જોવા દે આ પુરુષાર્થની મારે ભવિતવ્યતા છે ?' એમ શું જોવા બેસે છે ? ના, ત્યાં તો સમજે છે કે 'પુરુષાર્થ તો હું કરું તો થાય, ન કરું તો ન થાય.' માટે તો પાતાનો એદી દીકરો જો એમ કહે કે 'બાપાજી ! મારે તેવી ભવિતવ્યતા નથી એટલે દુકાન



જવાનો કે નોકરી શોધવાનો પુરુષાર્થ નથી થતો,' તો શું બાપ એ ચલાવી લે ? એ તો ઝટ કહી દેશે, 'બેસ બેસ' ભવિતવ્યતાવાળા ? દેખાય છે તને ભવિતવ્યતા આંખે ? મહેનત નથી કરવી, હરામહાડકાં કરવાં છે એટલે બહાનું કાઢે છે ભવિતવ્યતાનું ?' આમ છોકરાને બાપ કહે ને ?

તો પછી અમે જો તમને ધર્મ કરવાનું કહીએ, ને તમે કહો, 'સાહેબ ! અમારી એવી ભવિતવ્યતા નથી તેથી ધર્મની મહેનત નથી થતી.' તો શું અમે તમને ન કહીએ કે 'બેસો બેસો ભવિતવ્યતાવાળા ! શું દેખાય છે તમારી આંખે ભવિતવ્યતા ? ધર્મની મહેનત નથી કરવી ધર્મ માટે હાડકાહરામ કરવા છે, એટલે બહાનું કાઢો છો ભવિતવ્યતાનું ?'

**નાનપણથી શું શીખવે ? ભવિતવ્યતા કે મહેનત ? :-**

તમે તમારા દીકરાને ઠેઠ એના બચપણથી શું શીખવો ? ભવિતવ્યતા શીખવો ? કે મહેનત ? કહો ને ? નાનો હોય અને એની પાસે તમે બહારથી તરસ્યા આવ્યા પાણી માગો, ને એ બેઠો રહી કે સૂતો સૂતો કહે 'મારે અત્યારે પાણી આપવાની મહેનતની ભવિતવ્યતા નથી. ભવિતવ્યતા હોય તો ઉદ્યમ થાય નહિ ?' તો તમે એને શું કહો? 'લુચ્ચા ! ઊઠ ઊભો થા જો, જા જો માટલા પાસે ને પવાલું પાણી ભરી લાવ જો. પછી ભવિતવ્યતા છે કે નહિ એ ખબર પડશે. સેવાની મહેનત કરવી નથી એટલે લુચ્ચાઈથી ભવિતવ્યતાનું ખોટું બહાનું કાઢે છે ?' આવું છોકરાને કહો ને ?

તો પછી જો તમે લોકો અમને એમ કહો કે 'અમારે એવી ભવિતવ્યતા નથી એટલે ધર્મ નથી કરતા ભવિતવ્યતા હોય તો ધર્મનો ઉદ્યમ થાય નહિ ?' તો તમને શું આ ન કહેવાય 'લુચ્ચાઈ રહેવા દો, ઊઠો, મંદિરે જાઓ, ઉપાશ્રયે જાઓ, ધર્મ કરવા માંડો, દાન દેવા માંડો, વ્રત-નિયમ લેતા જાઓ, તપ કરતા ચાલો, પ્રભુભક્તિ-સાધુ સત્સંગ કરતા થાઓ જુઓ જો, ભવિતવ્યતા છે કે નહિ એ ખબર પડશે. ધર્મની ગરજ જ નથી, ધર્મ કશો કરવો નથી, એટલે લુચ્ચાઈથી ભવિતવ્યતાનું ખોટું બહાનું કાઢો છો ?' આવુંય તમને કહેવાય કે નહિ ?

આ પરથી સમજાશે કે પુરુષાર્થ ભવિતવ્યતાને આધીન નથી.

**એકેક કારણ ભવિતવ્યતાથી કેવાં સ્વતંત્ર ?**

(૧) શું કાળ ભવિતવ્યતાને આધીન છે ? આ ૨૦૩૨ની સાલ છે તો ૨૦૩૩ની સાલનો કાળ શું ભવિતવ્યતા હશે તો આવશે ? કે કાળ સ્વતંત્ર રીતે આવે છે ?

(૨) શું સ્વભાવ ભવિતવ્યતાને આધીન છે ? શું ભવિતવ્યતા હોય તો જ

જીવનો ભવ્યત્વ કે અભવ્યત્વ સ્વભાવ બને ? કે એ સ્વભાવ સ્વતંત્ર ચાલ્યો આવે છે ?

(૩) ત્યારે શું કર્મ ભવિતવ્યતાને આધીન છે ? ધરાર જૂઠ બોલો, લુચ્ચાઈ વિશ્વાસઘાત કરો, જીવ મારો પણ શુ ભવિતવ્યતા હોય તો જ કર્મ ઊભા થાય ? કે પાપ કરો કે તરત કર્મ ઊભાં થાય જ ?

તો જ્યારે કાળ-સ્વભાવ કર્મ કોઈ જ ભવિતવ્યતાને આધીન નહિ, તો પછી પુરુષાર્થ શું કામ એને આધીન હોય ?

**જેમ એ કાળ વગેરે ભવિતવ્યતાના આધાર વિના સ્વતંત્ર ઊભા થયેલા, એમ પુરુષાર્થ પણ ભવિતવ્યતાના આધાર વિના સ્વતંત્ર કેમ ઊભો ન થાય ?**

જેમ કાળ એક જુદું કારણ, સ્વભાવ એક જુદું કારણ, કર્મ એ જુદું કારણ, ભવિતવ્યતા એક જુદું કારણ, તેમ પુરુષાર્થ પણ એક જુદું કારણ છે., ભલે પાંચ ભેગા થઈને કોઈ કાર્ય કરે, પરંતુ પાંચ પૈકીનું એક બીજામાંથી જન્મી આ કાર્ય કરે છે એમ ન કહેવાય. કાળમાંથી સ્વભાવ નથી જનમતો. સ્વભાવમાંથી કાળ નથી જનમતો, તો પૂછો,

**કર્મ પ્રત્યે પુરુષાર્થ કારણ નહિ ? :**

**પ્ર.**- પણ પુરુષાર્થથી કર્મ જન્મે છે ને ?

**ઉ.**- જન્મે ખરા, પરંતુ જે કોઈ એક કાર્યની વાત કરીએ, એ કાર્યની પ્રત્યે જે કર્મ કારણભૂત હોય છે તે કર્મ એજ કાર્ય પ્રત્યેના કારણભૂત પુરુષાર્થથી જન્મેલા નહિ. તો પૂર્વના કોઈ પુરુષાર્થથી જન્મેલા હોય છે. એટલે પ્રસ્તુત કાર્ય પ્રત્યે કારણમાં કર્મ સ્વતંત્ર આવે, ને પુરુષાર્થ પણ સ્વતંત્ર આવે દા.ત. વેપારથી પૈસા કમાય. ત્યાં કમાણીના કાર્યમાં વેપારનો પુરુષાર્થ કારણ છે. તેમ પૂર્વના શુભ કર્મ પણ કારણ છે ; કિન્તુ આ કર્મ કાંઈ આ પુરુષાર્થથી નથી જન્મેલા; એ તો પૂર્વના પુરુષાર્થથી જન્મેલા. બાકી પ્રસ્તુત ધનકમાઈરૂપી કાર્ય પ્રત્યે વર્તમાન પુરુષાર્થ પૂર્વોપાર્જિત કર્મ, અમુક કાળ,વસ્તુ સ્વભાવ અને ભવિતવ્યતા એમ પાંચે કારણ સ્વતંત્ર આવીને કામ કરી ગયા; પણ પાંચમાંથી કોઈ એક કારણ એમાંનાં જ બીજા કારણના આધારે જન્મ્યું એમ નહિ.

સારાંશ,કાર્ય પ્રત્યે સામાન્યથી પાંચે કારણ કામ કરે છે. એ પાંચે કારણ એજ કુદરત છે. 'કુદરતનો અદલ ઈન્સાફ છે' એટલે આ જ કે પાંચ કારણનો સમવાય યાને સમૂહનો અદલ ઈન્સાફ છે, અર્થાત્ એ યોગ્ય કાર્યને જન્મ આપે છે. એટલે હવે સમજાશે કે પેલા રાજાએ નરસિંહને ચાર વાર મરાવવા પ્રયત્ન કર્યો ત્યાં સુધી પોતાનો પુત્ર ખોવાને યોગ્ય પાંચે કારણ ભેગા મળેલા નહિ; અને પાંચમી વારના



પ્રયત્નમાં એ ભેગા મળ્યા, તેથી પોતાના ક્રોધ પોતાનો જ પુત્ર ખોવાનું કાર્ય બની આવ્યું.

પોતાના અશુભ કર્મનો ઉદય હવે જાગ્યો, એટલે પાંચ કારણ ભેગા થતા રાજાને પુત્ર ગુમાવવાનું થયું એજ કુદરતે એને સજા કરી કહેવાય. ત્યારે હવે આ પ્રશ્ન રહ્યો,-

**રાજકુમારને સજા શી રીતે ? :-**

**પ્ર.**- એમાં રાજકુમારનો શો ગુનો કે એને કુદરતે સજા કરી ?

**ઉ.**- અહીં પણ રાજકુમારને આવી કપાઈ મરવાની પીડા આવી એમાંય કુદરત એટલે પાંચ કારણ કામ કરી ગયા. એમાં અશુભ કર્મ પોતાના પૂર્વ ભવના ઉપાર્જેલા, એ અહીં ઉદયમાં આવ્યા. તે આ રીતે એટલે કે 'નરસિંહ પૂજાપો લઈ દેવીમંદિરે જવા નીકળે અને એજ વખતે કુમાર ઝરુખામાં બેઠો જોતો હોય, ને એને નરસિંહ જતો દેખાઈ જાય, તથા પોતે વિવેક કરે ને જાય...' એ બધું ભવિતવ્યતાથી બન્યું.

અશુભ કર્મમાં કાંઈ એવું લખ્યું નથી હોતું કે આ રીતે પોતાના બાપ તરફથી જ પેંતરો ગોઠવાય ને એમાં પોતે ફસાય ને પીડા પામે' ના, અશુભકર્મ તો અશાતા વેદનીય કર્મ, એમાં તો આવી અશાતાપીડા આપવી એટલું જ નિર્ધારિત હોય; એટલી જ ખાસિયત હોય; બાકી ચોક્કસ પ્રકારના સંયોગ બની આવવા એ ભવિતવ્યતાનું કામ છે. માટે સમજી રાખો કે માત્ર સુખશાતા કે પીડા અશાતા આપવાનું જ કામ પૂર્વોપાર્જિત કર્મનું છે, ચોક્કસ અમુક જ પ્રકારના સંયોગ બનાવવાનું કામ એનું નહિ.

એટલે જ જે લોકો આત્મા નથી માનતા, કર્મ નથી માનતા, એમને પૂછો કે 'અહીં બરાબર નરસિંહ ઝડપાઈ જાય એવી સ્થિતિ હતી. છતાં રાજકુમાર કેમ ઝડપાઈ ગયો ? તો એ રાજકુમારના કર્મ વિના બીજું શું સમાધાન આપી શકે ?

રાજકુમાર પોતાના તેવા કોઈ પૂર્વનાં અશુભકર્મના હિસાબે ઝડપાઈ ગયો. બાપ રાજાને રાતમાં તો ભારે નિરાંત હતી કે 'હાશ ! નરસિંહનું કાટલું નીકળું ગયું હશે હવે ચિંતા નહિ, મારા પુત્રનો હરિફ ગયો;' પરંતુ આ નિરાંત ક્યાં સુધી ? સવાર પડતાંજ લોક લોટે નીકળ્યું, તે નગર બહારદેવી-મંદિરના રસ્તા પર રાજકુમાર કપાઈ ગયેલો તે એનું લોહીલુહાણ મડદું જુએ છે, ત્યાં રાડ પડી વાયુવેગે નગરમાં અને ઠેઠ રાજાના કાન સુધી વાત પહોંચી ગઈ કે 'કોઈકે બિચારા રાજકુમારનું ખૂન કર્યું છે, ને મડદું નગરની બહાર રસ્તા પર પડ્યું છે !'

રાજા તો આ સાંભળતા જ ચોંકી ઊઠયો કે 'અરે ! આ શું ? નરસિંહના

બદલે મારો દીકરો જ મરાયો ?' પણ હજી એના મનને શંકા પડે છે કે 'કદાચ નરસિંહે કુમારના જ કપડાં પહેર્યા હોય તેથી લોક મરેલા નરસિંહને રાજકુમાર તરીકે કૂટી તો ન મારતું હોય ?'

**રાજાની પુત્રમરણ પર પોક :-**

રાજા તો સીધો ઊઠ્યો ને પહોંચ્યો નગરની બહાર ને ત્યાં ટોળે વળેલા લોકોની વચમાં જઈને જુએ છે તો મોં પરથી પરખી કાઢી ખરેખર રાજકુમારને કપાઈ મરેલો જોયો ! હવે એ ઝાલ્યો રહે ? પોતાનું કપાટ કૂટતો પોકો પોકે મૂકીને રુએ છે,-

'હાય હાય! દીકરા ! આ તને શું થયું ? હાય રે ! તું કપાઈ મર્યો ? ઓ મારા લાડકવાયા ! ઓ મારા પ્રાણ ! ઓ કુમળી કાયાના મારા લાલ ! તું ક્યાં ગયો ! આ તને શું થયું ?'

એક બાજુ રાજા આ પોકે પોકે રુએ છે, બીજી બાજુ દિવાન-મંત્રી-ખજાનચી -સેનાપતિ-ફોજદાર-નગર શેઠિયા વગેરે ત્યાં એકત્રિત થઈ ગયા છે એ બધા જુએ છે કે રાજા આમ પાકે પોકે રુએ છે, પરંતુ કેમ એમ નથી બોલતા કે 'કોણ હરામખોર પાપાત્માએ આને મારી નાખ્યો ?....એ . સિપાઈઓ ! જાઓ તપાસ કરો નગરમાં પકડી લાવો એ મારનાર પાપીને....દિવાનજી ! હમણાંને હમણાં તપાસ કરાવો, કોણ હરામીએ આને મારી નાખ્યો ?' આવું રાજા કેમ બોલતો નથી ?

બધા ય જોઈ રહ્યા છે કે રાજા આવું કાંઈ કેમ બોલતા નથી ? ત્યારે દિવાન રોતો રોતો કહે છે 'મહારાજા સાહેબ ! આ તો અતિ ભયંકર થયું. આપને તો પુત્ર ગયો. પરંતુ અમારે તો, હાય હાય ! આખી પ્રજાને ભવિષ્યનો આ મહાગુણિયલ સ્વામી ગયો !' મને, ચાલો, ખૂનીની તપાસ કરાવવા દો. એ પાપીને તો શોધી કાઢીને ભયંકરમાં ભયંકર રીતે રીબાવીને મારી નખાવવો જોઈએ....'

રાજા આ સાંભળી રહ્યો છે, મનમાં ચિંતવી રહ્યો છે કે કોણ પકડાવાનું છે ? કદાચ જલ્લાદો પકડાય અને દિવાન એને ધધડાવે, તો રિબાઈ-રિબાઈને મરવાની બીકે મારું નામ દઈ દેવાના; એટલે ખરેખર તો હું જ આ શિક્ષાને પાત્ર ગણાઉં. પણ મારે હવે છુપાવીને શું કામ છે ? કુદરતે મને શિક્ષા કરી દીધી છે પરંતુ કર્મની ઘોર નરકાગારની સજા તો મારે ઊભી જ રહી. તો હવે લોકોને મારાં કૂડાં ચરિત્ર જણાવી દઉં જેથી એમને ધડો લેવા મળે, ને મારે પાપનાં કાંઈક પ્રક્ષાલન થાય.

રાજા આ વિચારમાં છે, ત્યાંજ દિવાન બોલી ઊઠે છે,-' એય ફોજદાર જમાદાર ! હા જો કુમારસાહેબના ખૂનીની હમણાં ને હમણાં તપાસ કરો.' દિવાનને રાજાની આંતરવ્યથાની ક્યાં ખબર હતી ? પણ રાજા તરત બોલી ઉઠે છે; 'ભાઈ !



રહેવા દ્યો તપાસ કરવાની. કુમારનો ખૂની હું પોતે જ છું.'

આ સાંભળતા જ દિવાન અને સૌમાં સન્નાટો છવાઈ ગયો કે 'આ શું ? મહારાજ પોતે જ પોતાના વહાલસોયા અને લાડકવાયા દીકરાના ખૂની ? શું કાંઈ ગાંડપણ તો નથી ?'

દિવાન કહે 'મહારાજા મહારાજા ! આ શું બોલી રહ્યા છો ? શું આપે પ્રજાના સંરક્ષણ અર્થે ખામી રાખી, ને આ બન્યું એ હિસાબથી આપ આમ બોલો છો કે કુમારનો ખુની હું પોતે જ છું ?'

**રાજાનો પાપનો પ્રચંડ સંતાપ :-**

રાજા કહે, 'ના ભાઈ ! ના, એ હિસાબ નથી. પણ ખૂન બીજાનું થાય એવી મેં પેરવી કરી, ને એમાં કુમાર જ ફસાઈ પડ્યો ? તેથી હું કહું છું કે ખૂની હું જ છું.'

રાજાના દિલનો હવે પલટો થઈ ગયો છે, એના દિલમાં ઉગ્ર પશ્ચાત્તાપનો અગ્નિ સળગ્યો છે, એટલે સાચી વાત જાહેર કરીને દિલ હલકું કરવા માગે છે. વિચારે છે કે જોષીએ તો કહેલું કે આ નરસિંહ રાજા થશે, તેથી એ રાજા થાય એ કુદરતી હતું, પણ મેં કુદરત વિરુદ્ધ જઈ એને મરાવવાના પાંચ પાંચ વાર પ્રયત્ન કર્યા, પણ ચાર વાર તો કુદરતે મને માફ કર્યો. પરંતુ મેં મૂરખે હઠ પકડી, તો નરસિંહને મારી નખાવવાના આ પાંચમી વારના પ્રયત્નમાં મને કુદરતે ભારે નશિયત કરી. બિચારા રાજકુમારનો શો દોષ હતો ? છતાં મારા પાપે ગમે તે બન્યું નરસિંહને બદલે કુમાર જ દેવીમંદિરે રાતે ચાલ્યો, ને ગોઠવાયેલા મારાઓથી આ બિચારો કપાઈ મર્યો ! આ ઘોર પાપના ફળમાં હું લોકોને મારાં પાપ જાહેર કરું, ને લોકમાં મારો ફજેતો થાય એમાં તો કોઈ મોટી સજા જ નથી. આગળ મારે હવે જે નરકમાં ઘોર દુઃખ આવવાનાં છે, એની આગળ આ ફજેતો શી વિસાતમાં છે ? માટે લોકને હવે મારું કૂડું ચરિત્ર કહી દઉં.' આ ગડમથલ રાજાના મનમાં ચાલી છે,

**અંતરમાં જળતો સાચો પાપસંતાપ હોય, તો પોતાના ફજેતો-અપમાન વગેરે વિસાતમાં લાગતા નથી.**

**સાચો પાપ પશ્ચાત્તાપ આ કે જેમાં સ્વમાન હાની અપમાન નિંદા વગેરે એ જાલિમ પાપની અને પાપનાં ફળરૂપ ભવભ્રમણની ભયંકરતા આગળ વિસાતમાં ન લાગે.**

લોક આગળ તો નહિ, પણ માત્ર ગુરુ આગળ પણ પાપની આલોચના પાપનો ઇકરાર કરતાં આંચકો કેમ આવે છે ? શું પાપ ખરાબ નથી લાગ્યું ?

પાપ ખરાબ તો લાગ્યું છે, પરંતુ એનાં કરતાં સ્વમાનહાની વધુ ખરાબ લાગી છે.

મનને કેમ જાણે એમ છે કે 'પાપ પાપનાંફળ ભયંકર, પરંતુ સ્વમાનહાની એથી મહાભયંકર.' અભિમાન નડે છે. કે 'હું પાપ કહીને ખોટો કેમ દેખાઉં ?' અલ્યા પણ આ તું હલકો દેખાય એ ખોટાપણું મોટું ? કે તેં પાપ કર્યું એ ખોટાપણું મોટું ? કયું ખોટાપણું મોટું ? શું તને એમ નથી થતું કે 'અરેરે ! આ હું કેવો ખોટો, કેવો નાલાયક, કે મેં આવું પાપ કર્યું ? તું ગુરુની નજરમાં કદાચ હલકો દેખાઈશ એ કોઈ તારી મોટી નાલાયકી નથી, પરંતુ તેં આવું ગોઝારું પાપ કર્યું એ ભારે નાલાયકતા છે. ઊલટું, એની ગુરુ આગળ આલોચના-ઈકરાર કરીશ એથી પાપની નાલાયકી ઓછી થશે; ને નહિ કરે તો નાલાયકી ઓર વધશે. કેમકે એનાં શલ્ય-સંસ્કાર આત્મામાં રહી જવાથી ભવાંતરે પાપિષ્ઠતા આવશે એજ મોટી નાલાયકી આ યાદ રાખો,-

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૫,અંક-૧૯,તા.૧૫-૧-૧૯૭૭

**પાપ કરવું એ નાલાયકી; એનો ગુરુ આગળ ઈકરાર નહિ એ નાલાયકી વધી; એથી શલ્ય દ્વારા ભવાંતરે પાપિષ્ઠતા આવે એ ભયંકર નાલાયકી થઈ.**

**પાપ ભયંકર ? કે પાપનાં ફળ ભયંકર ?**

પાપનાં ફળ ઓછાં ભયંકર નથી. પાપથી, પાપ આચરવાની લહેર કરતાં, દુઃખ મોટાં આવે છે એટલું જ નહિ પણ પાપની બુદ્ધિ આવે છે; એ જીવન પાપિષ્ઠ બનાવે છે. એટલે વળી પાપાચરણ, ને પાપની પરંપરા ચાલે છે. આ બધું ભયંકર છે, પરંતુ એ શેમાંથી ? અહીં માનવ-જનમમાં મસ્ત થઈને પાપસેવ્યા એનાથી એ પાપપરંપરાદિ ઊભું થાય છે. માટે મૂળમાં પાપ ભયંકર છે.

આ એનાં જેવું છે કે સાપ ભયંકર ? કે સાપના દંશનું પરિણામ ભયંકર ? પરિણામ મોત ! એ ભયંકર તો છે જ, પરંતુ એ શેમાંથી ? સાપ અને સાપના ઝેરમાંથી; માટે મૂળમાં સાપ ભયંકર છે, 'ના, હું સાથે સાથે ખેલીશ, સાપની પાસે રહીશ, એના દંશ એનું ઝેર નહિ લાગવા દઉં,' આવું કરાય છે ખરું ? નાં, ત્યાં તો સમજ છે કે સાપ છે એટલે એમાંથી ભયાનકતાઓ સરજાવાનો મોટો સંભવ છે, માટે એની પાસે નહિ, એનાથી દૂર જ રહેવાય છે.

બસ, પાપમાં પણ એવું જ છે. પાપક્રિયામાંથી ભયાનકતાઓ સરજાય છે. માટે પાપક્રિયાથી જ આઘા રહેવું પડે; પાપની રમત જ ભૂંડી, પાપની રમત જ



ભયંકર. આપણા મનને પાપ ભયંકર લાગી જવું જોઈએ. 'પાપનાં ફળ ભયંકર' એમ બોલીએ ખરા, પરંતુ એ કાંઈ હાલ નજરે દેખાતા નથી, અને જે પાપ પ્રત્યક્ષ દેખાય છે તે કાંઈ એવું ભયંકર લાગતું ન હોય, પછી પાપથી આઘા રહેવાનું ને પાપ ન આચરવાનું શાનું બને ? માટે જ

મનને મૂળ પાયામાં ભયંકર દેખાઈ જવું જોઈએ, પાપની ભયંકરતા લાગી જવી જોઈએ. શી રીતે લાગે ?

**પાપ ભયંકર લાગે એ માટે વિચારણા :-**

પાપ ભયંકર છે એવું મનને લાગી જાય એ માટે આ વિચારવાનું કે, 'પાપનાં ફળ તો ભયંકર છે જ, એના ડરથી પાપ ન આચરાય; પરંતુ પાપની ભગવાને મનાઈ કરી છે, તે હું પાપ સેવી ભગવાનની આજ્ઞા લોપું ? જે ધર્મસ્થાનમાં ધર્મ દરજ્જામાં હું છું, એને તો પાપ કલંક લગાડે છે, તો શું હું આ વિશ્વમાં મહાદુર્લભ ધર્મસ્થાન પામ્યા પછી એને કલંક લગાડું ? ખોડ લગાડું ? હું કોનો શિષ્ય ? કોનો ભક્ત ? અમુક ગુરુનો એવા ગુરુનો શિષ્ય-ભક્ત બની પાપ સેવું તો એ ગુરુના શિષ્ય કે ભક્ત બનવાનું ગૌરવ ક્યાં રહે ? ગુરુને લાંછન લાગે. લોક કહે 'આવા ગુરુનો શિષ્ય થઈ આ પાપ કરે છે ?' વળી આટલા ઊંચા આર્ય માવનભવે માંડ આવવા પામ્યો, તે પાપને હટાવી હટાવીને આવ્યો; તો હવે વળી પાપાચરણ કરું ? માનવભવને નિષ્ફળ કરું ? સારાંશ,

**પાપ આટલા માટે ભયંકર છે કે**

(૧) પાપ જિનાજ્ઞાનો ભંગ કરાવે છે,

(૨) પાપ ધર્મસ્થાન-ધર્મ-દરજ્જાને કલંક લગાડે છે.

(૩) પાપ સારા ગુરુના શિષ્યપણાનું ગૌરવ તોડે છે; ગુરુને ય લાંછન લગાડે છે.

(૪) પાપના ત્યાગથી જ પ્રાપ્ત થયેલ જે આ આર્ય માનવભવ, એને પાપનો રાગ નિષ્ફળ કરે છે.

(૫) પાપ બીજાને ય દુઃખી કરે છે.

(૬) પાપ શાણા પુરુષોની નજરમાં અપયશ આપે છે.

આવા આવા અનર્થોના હિસાબે પાપ ભયંકર છે.

મનને જો આ લાગી જાય, તે એક વાર જ એમ નહિ, કિન્તુ વારંવાર મનને જો આવું લાગ્યા કરે, તો પાપનાં ફળ તો ભયંકર લાગે જ, પણ પ્રત્યક્ષ પાપ પણ મહાભયંકર લાગે.

**માનહાની કરતાં પાપ ભયંકર ન લાગે તો સમ્યકત્વ રહે ? -**

પાપની આ મહાભયંકરતા આગળ, ગુરુ પાસે એની આલોચના કરતાં કદાચ

હલકાઈ થઈ, સ્વમાન ઘવાયું તો એ કયું એવું ભયંકર છે ? પેલી ભયંકરતાઓ લાગતી નથી એટલે જ ગુરુ પાસે છૂપાં પાપની આલોચના નથી થતી પણ ખબર નથી કે,-

**પાપ ઈકરારમાં થતી સ્વમાનહાની કરતાં પાપ ખૂબ ભયંકર ન લાગે તો સમ્યકત્વ નહિ રહે.**

આલોચના ન કરી ને સ્વમાન સાચવ્યું તો શું પેલી ભયંકરતાઓ મટી ગઈ ? મટી ન ગઈ, ઊલટું પાપનાં શલ્ય દિલમાં સિલપેક થવાથી ભયંકરતા વધી.

સ્વમાન કેટલું ભૂંડું છે ! કોઈના આગળ જૂઠું બોલ્યા, ને પછી પેલાએ જૂઠ પકડી પાડી આપણને ખોટા ઠરાવ્યા, હવે એ આપણા પર ચડી બેસી મોટા અવાજે દબડાવે છે કે 'આવા ને આવા જૂઠાણાં હાંકો છો ?' તો આપણે શું કરીએ ? શું આપણને જૂઠની ભયંકરતા વધુ લાગીને આ હલકાઈ મામૂલી લાગે ? કે જૂઠ હલકાઈ જ વધુ ખરાબ લાગે ? આપણે એને સામે દબડાવવા જઈએ ખરા કે 'શાના આટલામાં ચડી ચડીને બોલો છો ? એટલું બધું તે શું ખોટું કરી નાખ્યું કે આટલો ગુસ્સો કરો છો ?' જૂઠ વધું ભયંકર લાગે તો સ્વમાનરક્ષા માટે આવું બચાવનું બોલવાનું ન કરાય.

પોતાના આત્માનું નિરીક્ષણ કરવાની જરૂર છે, કે 'પોતાનું માન ઘવાય, એ વધારે લાગી આવે છે ?' નોકરી કરે ત્યાં તો શેઠની ગાળ ખટકે એના કરતાં જો પોતે સામે બોલે તો શેઠ નોકરીમાંથી હેઠે ઉતારી મૂકે અને પૈસાની સારી આવક જાય એ વધારે ખટકે છે તેથી,

**નોકરી સાચવવા શેઠની ગાળને-હલકાઈને ગળી જાય છે. એમ જો પાપ વધારે ખટકતું હોય તો હલકાઈ ગળી જતાં આવડવું જોઈએ.**

જૂઠ ખટકતું હોય તો સામો એ જૂઠ પર તતડાવે એમાં મનને એવું ખોટું નહિ લગાડવું જોઈએ.

પેલા રાજાને પોતાનાં પાપ હવે ખૂબ ખટકે છે, તેથી જ લોકો નિંદા કરે, લોકની દૃષ્ટિમાં પોતાના પાપના ઈકરારથી પોતે હલકો પડે, એ ખટકતું નથી. એટલે જો કે લોક કોઈ રાજાના પ્રપંચ જાણતું નથી. છતાં રાજા પોતે પોતાના બધા પ્રપંચ લોકની આગળ ખુલ્લા મૂકવા તૈયાર થઈ ગયો છે.

**પ્ર.**- એવા ઘોર પાપ એમ તે શી રીતે જાહેરમાં બોલાય ?

**ઉ.**- રાજાના મનને હવે પોતાનાં પાપનો તિરસ્કાર એટલો બધો થયો છે તેમ પોતાના પાપી આત્મા પર ઘૃણા-જાુગુપ્સા એટલી બધી થઈ છે, કે એની સામે પોતાની લોક આગળ કશી વડાઈ જ લાગતી નથી, એક મૂરખ ગરીબ પણ



પોતાના કરતાં સારો લાગે છે. પોતાનું રાજવીપણું કશું વિસાતમાં લાગતું નથી, એક રસ્તાના ભિખારી કરતાં ય પોતાની જાત સાવ હલકી લાગે છે. રાજાના મન પરથી પોતાનું માન, પોતાની આબરુ ઊતરી ગઈ છે એટલે હવે જાહેરમાં પ્રપંચની સાચી હકીકત પ્રગટ કરતાં એને કશો જ આંચકો લાગતો નથી.

તેથી રાજાએ એકત્રિત થયેલ મંત્રીઓ અમલદારો અને લોકોને હાથ જોડી કહે છે, તે પણ પોતાને પોતાના પાપનો પશ્ચાત્તાપ પાર વિનાનો થયો છે, ને એથી ય વધુ પોતાના પાપે પોતાનો લાયક ગુણિયલ પુત્ર કોઈપણ વાંક વિના જીવતો ધારિયાના ફટોફટ પડેલા ઘાથી કપાઈ મર્યો છે, એની પોતાને ખૂબજ અફસોસી થાય છે, હૃદયે એનો ભારે આઘાત છે, હૃદય ભરાઈ આવ્યું છે, એટલે ધ્રુસકે ધ્રુસકે રોઈ પડે છે, ને રોતાં રોતા કહે છે,-

**રાજાનો જાહેર ઈકરાર :-**

'જાુઓ ભાઈઓ ! આ મારા પુત્રનો ઘાતક હું જ છું. મેં જમાઈ નરસિંહને મારી નખાવવા પેંતરો રચ્યો, તો એમાં પુણ્યવાન નરસિંહ તો બચી ગયો પણ પેંતરામાં બિચારો નિર્દોષ કુમાર જ ફસાઈ પડ્યો ! અને કપાઈ મર્યો ! કુદરત શું કામ કરે છે ! ખાડો ખોદે તે પડે. આ નરસિંહને મરાવવા ચાર ચાર વાર મેં પેંતરા રચેલા, તે કુદરતે સહી લીધા. નરસિંહને એના પુણ્યે કશી આંચ આવી નહિ, અને મને ય કુદરતે કશી શિકત આપી નહિ. પરંતુ પાંચમી વારના પ્રયત્નમાં કુદરતે મને જોરદાર તમાચ મારી, મારા પુત્રને જ ઉઠાવ્યો !''

''બન્યું આમ કે નરસિંહ જન્મીને ચારેક મહિનાનો હશે ત્યારે એનાં બાપ પુરોહિત વડે એને મને પગે લગાડવા લાવવામાં આવ્યો; ત્યાં જોષીએ ભવિષ્ય ભાખ્યું કે 'આ મારી ગાદીએ રાજા થશે; એ સાંભળી મને કલંક લાગ્યું કે આ માંગણનો છોકરો મારો વારસદાર થાય ? મેં એને મારી નાખવાનું કામ મારાને સોંપ્યું, પણ એનું પુણ્ય જોરદાર તે મરાયો નહિ, ને માળણને ત્યાં એના પુત્ર તરીકે ઊછેર્યો હશે, તે ત્રણેક વરસનો થતાં વળી માળણ એને પગે પાડવા લાવી; ને જોષીએ એને જોતાં એ જ ભવિષ્ય ભાખ્યું એટલે મેં એને ખત્મ કરવાનું કામ મારાને સોંપ્યું. એમાં ય એ ન મરાતાં શેઠનો પુત્ર બની બેઠો ! એ શેઠ પણ નરસિંહને સોળેક વરસનો થતાં એને લઈને મારી પાસે લાવ્યા. પાછી એ જ ભવિષ્યવાણી જોષી પાસેથી મેં સાંભળતાં મેં કુટિલતાથી એના પર બહુ ભાવ દેખાડી અહીં રોક્યો; અને લડાઈમાં એ મરે એ હેતુથી એને દુશ્મન રાજા સામે યુદ્ધ કરી લેવા મોકલ્યો. એમાં ય એ મર્યો તો નહિ, પણ ઊલટું વિજેતા બન્યો !''

''આમ ત્રણ ત્રણ વાર એ બચી જવા છતાં મને સૂઝ ન પડી કે 'આને

કુદરત જ બચાવી લે છે તો પછી મારે શા સારુ હવે તંત પકડી રાખવી કે આ મારો વારસદાર ન થાય ?' આ ન સૂઝતાં પુત્ર પર મેં ચિઠ્ઠી મોકલી કે 'નરસિંહને તરતજ વિષ દઈ દે જે' પરંતુ જેને રામ રાખે તેને કોણ ચાખે ? તે એમાં કોણ જાણે શો જાદું બન્યો કે ચિઠ્ઠીમાં વિષને બદલે 'ઉષા' શબ્દ જ થઈ ગયો, ને નરસિંહને મારી પુત્રી ઉષા પરણાવી દેવામાં આવી ! પરણીને અહીં આવ્યા ત્યારે ય મને સીધું સૂઝ્યું નહિ, તે નરસિંહને મેં રાત્રે દેવીના મંદિરે પૂજાપો ચડાવી આવવાનું કામ સોંપ્યું, ને બીજી બાજુ ખાનગીમાં ચંડાળોને તૈયાર કરી કહ્યું 'રાત્રીના દેવીમંદિરના માર્ગે જે માણસ પૂજાપો લઈને જતો દેખાય એને તરતજ ખત્મ કરી નાખજો.''

''પણ હે ભાઈઓ ! રામ રાખે તેને કોણ ચાખે ? આ પેંતરામાં ગમે તે રીતે પણ મારો પુત્ર જ પૂજાપો લઈને જતો હશે તે એ જ આ કપાઈ મર્યો !''

**રાજા આપઘાત કરવા તૈયાર :-**

રાજા આ બધું કહી રહ્યો છે તે ચોધાર આંસુ પાડતો અને ભાર પશ્ચાત્તાપ કરતો કહી રહ્યો છે. એ કહે છે,-

'હે ભગવાન્ ! હું કેટલો બધો અધમાધમ, કે નિર્દોષ એવા નરસિંહને મારી નખાવવા પ્રપંચ કર્યે જ ગયો ! કેટલી બધી મારી પાપિષ્ઠતા કે મારા જ પ્રપંચે વગર વાંકે આ મારા વહાલસોયા રાજકુમારનું જ બિચારાનું કરપીણ ખૂન થયું ! પ્રભુ પ્રભુ ! ક્યાં જાઉં ? કોણ મારાં પાપ ધોઈ આપે ? ઓ મારા નાથ ! મારા જેવા પાપાત્માથી ધરતી ભારે મરે છે. હું જીવવા લાયક નથી. આ કુમારને પડેલા ધારિયાના ભયંકર ઘાની સામે તલવારથી મારું પોતાનું ગળું કાપી નાખું તો ય ઓછું છે. બસ, હવે આપઘાત જ કરું.'

રાજાને પસ્તાવો એટલો બધો છે કે એ તલવાર ઉગામી આપઘાત કરવા તૈયાર થઈ જાય છે. ત્યાં મંત્રી ઝટ ઊઠીને તલવાર પકડી લે છે; કહે છે,

**મંત્રીની તત્ત્વવાણી :-**

મહારાજા ! મહારાજા ! આ શું કરો છો ? પ્રજાના વગર વાંકે આપની પ્રજાને ધણી વિનાની રખડતી કરવી છે ? લાવો, તલવાર એમ કહી તલવાર ખેંચી લે છે, ને કહે છે, 'થઈ ગયું તે થઈ ગયું, હવે ભૂતકાળ ભૂલી જાઓ. ભૂતકાળ પર રોદણાં રુએ, એ કાંઈ હવે સુધરે એમ નથી, ને ભવિષ્ય બગડે છે; કેમકે દિલ રોદણાંમાં પડ્યું એટલે ભવિષ્ય સુંદર બનાવવાનો વિચાર નથી કરી શકતો.

''એક બીજી પણ મહત્ત્વની વાત છે કે આમ આપઘાત કરી લેવા માત્રથી પાપ મરે નહિ. પાપને મારવા માટે તો કઠોર તપ અને કડક સંયમ જોઈએ



નિષ્પાપ જીવન જોઈએ.''

રાજાના ગળે આ વાત ઊતરી; અને જોગાનુજોગ એવું બન્યું કે ત્યાં કોઈ જ્ઞાની ગુરુ પધાર્યા, લોક એમનાં દર્શને ઊપડ્યું, તો હતાશ બનેલ રાજા પણ પુત્રમૃતકનું સંસ્કારકાર્ય ભળાવી ગુરુદર્શને ઊપડ્યો.

વંદના કરી રાજા ગુરુને પૂછે છે. 'પ્રભુ ! આ નરસિંહની એવી પૂર્વભવની જબરદસ્ત પુણ્યસાધના કે અહીં મારાઓ એને મરાવી નાખવાના ૫-૫ વારના સચોટ પ્રયત્ન છતાં એને કશી આંચ ન આવી ?'

જ્ઞાની મુનિ કહે છે 'રાજન ! એણે પૂર્વભવે ભિખારીપણે માત્ર વારંવાર પરમાત્મ-દર્શનની સાધના કરેલી, ને તે પણ નિષ્કામભાવે ભાવથી સાધના કરેલી. એના પ્રતાપે મોતના મુખમાં પણ એને જબરદસ્ત બચાવ અને ઉન્નતિ પ્રાપ્ત થતી ગઈ.' એમ કહીને એનો પૂર્વ ભવનો અધિકાર બતાવ્યો.

**સર્વપાપનિવૃત્તિ ને તપ એ સર્વપાપનું પ્રાયશ્ચિત્ત : રાજા મુનિમાર્ગે :-**

એ પછી તો રાજાએ પોતાના જાલિમ પાપથી છુટકારાનો ઉપાય પૂછ્યો, ને ગુરુએ હિંસાદિ સર્વપાપથી સર્વથા નિવૃત્તિરૂપ સંયમ સહિત ઉગ્ર તપને ઉપાય તરીકે બતાવ્યો. કહ્યું ગૃહસ્થ જીવનનાં સર્વ પાપોનું એ પ્રાયશ્ચિત છે, રાજાએ પછી તરતજ નરસિંહને રાજ્યગાદી સોંપી પોતે સંસાર ત્યજી ગુરુ પાસે મુનિમાર્ગ લીધો, સંયમ જીવન સ્વીકાર્યું.

આ દષ્ટાંતમાં મુખ્ય વાત આ હતી કે નરસિંહને પૂર્વ ભવનાં માત્ર પરમાત્મ-દર્શને કેવો પ્રભાવ બતાવ્યો પણ જોજો હો, એ વખતે ભિખારીપણે એની પાસે પૈસા નહોતા એટલે પરમાત્મભક્તિ વગેરે દાનધર્મ સાધવાની શક્તિ નહોતી, તેથી એણે એ સ્થિતિમાં કરેલાં પ્રભુદર્શનમાં અનેરો ભાવોલ્લાસ આવ્યો. જો પાસે પૈસા હોત, ને એ દાબી રાખ્યા હોત, તો એની મૂર્ચ્છાએ દર્શનના ભાવ પર કાપ મૂક્યો હોત. પણ ભિખારીને પૈસા નહિ એટલે પૈસાની મૂર્ચ્છા નહોતી, તેથી ઊછળતા ભાવભર્યા એના પરમાત્મદર્શન પ્રભાવક બની ગયા. એટલે તમે પૈસા કબાટમાં દાબી રાખી ભગવાનનાં કોરાં દર્શન કરી આ આશા રાખતા હો તો રાખશો મા. બાકી પરમાત્માનાં દર્શન માત્રમાં પણ અજબગજબની તાકાત છે. સાથે આ ખૂબ યાદ રાખો. -

**તન-ધનની કોઈ મૂર્ચ્છા જો તપ કે દાનની ઉપેક્ષા કરાવતી હશે, તો એ મૂર્ચ્છાનો ભાવ બીજા દર્શનાદિના ભાવ પર બ્રેક મારશે.**

નહિતર પ્રભુદર્શનના ભાવનો પ્રભાવ મોટો.

અહીં આ સવાલ છે કે,

**વડાઈ-પ્રભાવ કોનો ?**

પરમાત્માના દર્શન કરનારનો ?

પ્રભુદર્શનનો ? કે પરમાત્માનો ?

આના જવાબ ઉપર એ નક્કી થાય કે દર્શનનું ફળ આવ્યું એ એના પ્રભાવે આવ્યું, ફળ એણે અપાવ્યું. જવાબ આ છે કે મુખ્ય વડાઈ પરમાત્માની છે. દર્શન તો કેઈ દેવોનાં થાય, પણ એનાં કાંઈ એવાં ઉચ્ચ ફળ ન આવે. એ તો આ વીતરાગ જિનેન્દ્ર પરમાત્મા જ એવા છે કે એમનાં જ દર્શને એવો પ્રભાવ એમનો છે. નહિ કે દર્શનનો યા દર્શન કરનારનો. આ ખૂબ યાદ રાખવાનું,- **કોઈપણ ધર્મ કે શુભ ભાવ અરિહંતના ઉપકારથી જ.**

પેલા નંદરાજાના પુત્ર વિજયપાલે જંગલમાં વાનરનો વિશ્વાસઘાત કરેલો, એના પ્રસંગમાં 'મિત્રદ્રોહી કૃતઘ્ન વગેરે માણસ નરક સુધી જાય છે' એ વાત ચાલેલી, એમાં એ આવેલું કે માતા-પિતાના ઉપકારને ભૂલી એમનો દુશ્મન થઈ બેસનાર કૃતઘ્ન પુત્ર કેટલો નિષ્ઠુર બની કદાચ રૌદ્રધ્યાનમાં ચડી નરકનાં પાપ પણ ઉપાર્જી જાય !

એવો એ ભૂલી જાય છે કે 'ઠેઠ ગર્ભમાંથી પોતાની નાજુક કટોકટીની સ્થિતિમાં માતાપિતાના કેવા કેવા ઊંચા ઉપકાર થયેલા છે ! એ જોતાં જે પત્નીના મોહમાં પડી જઈ અને એની સેવામાં અંજાઈ જઈ માતાપિતા પ્રત્યે કૃતઘ્ન બનું છું એમાં પત્નીની સેવાની સામે માતાપિતાએ કરેલા ઉપકાર વિચારાય તો લાગે કે એ પત્નીથી અપાતી સેવા કે સુખ વિસાતમાં નથી.' પણ આ જુએ તો કૃતઘ્ન બનતો અટકે ને ?

**માતા પિતા કરતાં વિશેષ ઉપકાર પ્રભુનો :-**

આ પ્રસંગમાં એ જોયેલું કે માતાપિતાના ઉપકાર જીવ ગર્ભમાં આવ્યો ત્યારથી છે, પરંતુ જીવને આ માનવી સ્ત્રીના ગર્ભમાં કોણ લઈ આવ્યું ? અને ગર્ભમાં તો આવવા માટે સાથે બેથી નવ લાખ ગર્ભજ મનુષ્ય જીવ તૈયાર હતા; કેમકે શાસ્ત્ર કહે છે 'પુરુષ-સંયોગ વખતે સ્ત્રીની યોનિમાં બેથી નવ લાખ ગર્ભજ પંચેન્દ્રિય મનુષ્યની હત્યા થાય છે. તો એ સંહારમાંથી આપણો જ એક જીવ બચી જઈ ગર્ભમાં રહી ટકી ગયો, એ કોના પ્રતાપે ? માતાપિતાનું આપણને ન તો બીજેથી અહીં લાવવાનુ ગજું હતું, કે ન આ આ ૨ થી ૯ લાખનાં સહારમાંથી બચાવી ગર્ભમાં ટકાવવાનું ગજું હતું. ત્યાં કહેવું પડે કે આપણાં પુણ્યે આ બે કામ કર્યા, અહીં લાવવાનું અને બચાવવાનું. એ પુણ્ય પણ કોના પ્રતાપે ઊભું થયેલું ? ભગવાનના પ્રતાપે.



શેઠનો સારા સેવ્યા એટલે શેઠ બહારગામ પોતાની મોટી પેઢી પર ઊંચા હોદ્દાની ભલામણચિઠ્ઠી લખી આપે અને ત્યાં જઈ ઊંચા હોદ્દાની નોકરી મળે, નોકરીમાં મહેનત પોતાની, છતાં જે સારા પૈસા સારું સન્માન મળે એમાં પ્રતાપ પોતાની નોકરીમાં મજૂરીનો નહિ, કે પૂર્વે શેઠની સેવા કરી એનો નહિ, આ પ્રતાપ ભલામણચિઠ્ઠીનો નહિ, પણ એ લખી આપનાર શેઠનો જ મુખ્ય પ્રતાપ મનાય. એમ પૂર્વભવે ભગવાનને સારા ભજ્યા એટલે પુણ્યની ચિઠ્ઠી ફાટી, પુણ્ય ઊભું થયું, તે લઈ અહીં ઊંચા માનવ હોદ્દાની જગા મળી એમાં મૂળ પ્રતાપ પુણ્યનો નહિ, પણ ભગવાનનો જ મનાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૫,અંક-૨૦,તા.૨૨-૧-૧૯૭૭**

નરસિંહને ભાવથી કરેલા બહુ પ્રભુદર્શનના પ્રતાપે અહીં માનવભવ અને પાંચ પાંચ વાર મોતમાંથી બચાવ મળી, એને રાજાપણું મળ્યું, રાજ્ય મળ્યું, એ બધામાં મૂળ પ્રતાપ પોતાનો નહિ, કે પોતે કરેલા દર્શનનો નહિ, પરંતુ પ્રભુનો જ કહેવાય. આ બરાબર મનમાં ઠસાવાય તો ભગવાનનો ઉપકાર અહીં ડગલે ને પગલે યાદ આવે. અસ્તુ નરસિંહની કથા પૂરી થઈ.

**પૂર્વની ચાલુ નંદરાજાની કથાનો ઉપસંહાર :-**

આપણી મૂળ વાત પેલા નંદ રાજાની ચાલતી હતી, જેનો પુત્ર વિજયપાલ જંગલમાં મૂકાયેલો, અને એણે વૃક્ષ પર આશરો આપનાર વાનરરૂપના ભૂતનો વિશ્વાસઘાત કરેલો, વિશ્વાસે ખોળામાં સૂતેલ વાનરનો વિશ્વાસઘાત કરી નીચે આવેલ ભૂખ્યા વાઘના મોંઢામાં વાનરને ધકેલી દીધેલ. તેથી ભૂતે એને પાગલ કરેલો, તે રાજપુત્ર વિજયપાલ 'વિસેમિરા' 'વિસેમિરા' બોલતો વનમાં ભટકતો હતો. રાજાના સિપાઈઓ વનમાં એનો પત્તો લગાડી એને નગરમાં રાજા પાસે લઈ આવેલા. ત્યાં પણ એ માત્ર 'વિસેમિરા' 'વિસેમિરા' શબ્દ બોલતો એનો તાગ લેવા રાજાને પોતાના શારદાનંદન ગુરુ યાદ આવ્યા,-

'અરેરે ! મેં કેવી મૂર્ખાઈ કરી કે આ ગુરુએ ગમે તે રીતે પણ રાણીનાં રૂપનાં વર્ણનમાં જાંઘ પરના નિશાનનું ય વર્ણન કરવાથી એમને દુરાચારી જાણી મંત્રીને સોંપી મારી નખાવ્યા ! અહો ! જો એ મહાપંડિત અત્યારે જીવંત હોત તો આ રાજકુમારની 'વિસેમિરા' શબ્દ રટણાનો તાગ મેળવી એનું ગાંડપણ દૂર કરાવી ઠેકાણે લાવત, પણ રાંડ્યા પછીનું ડહાપણ શું કરવાનું ?'

**મંત્રીએ ગુરુને ગુપ્ત રાખેલા :-**

ખરેખર બનેલું એવું કે મંત્રીએ પહેલાં તો ના પાડેલી કે 'આવા પવિત્ર ગુરુમાં રાણી સાથે દુરાચાર સંભવતો નથી, માટે આવા કિંમતી ગુરુને ખોઈ નાખો નહિ,' પરંતુ રાજાના ધમકી ભર્યા આગ્રહને વશ થઈ કહ્યું. 'સારું ત્યારે, જેવી આપની મરજી, હું કામ પતાવી દઉં છું;' આમ વિશ્વાસ આપી એ શારદાનંદન ગુરુને પોતાના ઘરમાં ભોંયરામા સંતાડી રાખેલ.

**રાજાને ઢંઢેરો :-**

હવે જ્યારે રાજાને અત્યારે ગુરુની ખોટ સાલે છે, અને એના અભાવમાં ઢંઢેરો પિટાવે છે કે 'જે રાજપુત્રના 'વિસેમિરા' શબ્દનો તાગ મેળવી એને સ્વસ્થ કરી દેશે, એને મોટું ઇનામ આપવામાં આવશે,' ત્યારે નગરમાંથી કોઈ એને ઝીલવા તૈયાર ન થવાથી મંત્રીએ કહ્યું 'મહારાજા ! મારી પુત્રી કંઈક જાણે છે; તો આપની મરજી હોય તો એની આગળ રાજકુમારને લાવો. ને પુત્રી પડદામાં રહીને કહેવું હશે એ કહેશે.'

રાજાને આશા બંધાણી, તેથી એમ કરતાં પડદા પાછળથી શારદાનંદન મંત્રી પુત્રીની પાસે વિ-સે-મિ-રા એ દરેક અક્ષરથી શરુ થતો એકેક શ્લોક બોલાવી રાજપુત્રના 'વિસેમિરા' રટણમાંથી એકેક અક્ષર ઓછો કરાવે છે. એટલે ? પહેલા શ્લોક પછી 'સેમિરા' ની રટના રહી, બીજા શ્લોક પછી 'મિસ' અને ત્રીજા શ્લોકની બાદખાલી 'રા'નું રટણ રહ્યું. એમાં ત્રીજા શ્લોકમાં એ વાત બતાવી કે મિત્રદ્રોહી, કૃતઘ્ન, સ્તેયી-ચોરી કરનાર અને વિશ્વાસઘાતક એ ચાર યાવચ્ચંદ્રદિવાકર નરકે જાય છે. પૂછો,

**પ્ર.**- મિત્રદ્રોહ વગેરે પાપમાં નરક ?

ઉ.- એટલું સમજી રાખો કે,

**જ્યાં દ્રોહ વગેરે પાપમાં અતિ સંક્લિષ્ટ રાગ કે દ્વેષ થાય ત્યાં રૌદ્રધ્યાન આવે; ને રૌદ્રધ્યાન એ નરકની ચાવી છે.**

ચાવીથી દરવાજો ખૂલે ને રૌદ્રધ્યાનથી નરકના દરવાજા ખૂલી જાય છે. એ રૌદ્રધ્યાન રાગના અતિ સંકલેશમાં ય આવે, ને દ્વેષના અતિસંકલેશમાં પણ આવે.

નાગદત્ત શેઠનો બાપ બોકડો બનેલો, એ કસાઈ વડે બજાર વચ્ચેથી લઈ જવાતા, જાતિસ્મરણજ્ઞાન થવાથી છોકરાની દુકાન પર બચવાની આશાએ ચડી ગયો. પણ છોકરો ડંડો મારી નીચે ઉતારતાં કસાઈથી ઘરે લઈ જવાયો અને કાપી નખાયો ! બસ, કપાતાં કપાતા બોકડો છોકરા પર કે કસાઈ પર અતિસંક્લિષ્ટ દ્વેષમાં ચઢ્યો તો રૌદ્રધ્યાન લાગવાથી અહીં કપાઈ મરાતા છતાં મરીને નરકે ગયો.

અતિ ગાઢ દ્વેષ કેટલો જાલિમ ! અહી બોકડો બિચારો ક્રૂર કસાઈના છરા



હેઠળ કપાઈ ટૂકડા થઈ જાય છે, કર્મને દયા નથી ! કેમ જાણે કર્મ જીવને કહે છે,-

'એક તો ગયા ભવના ગુનાથી તું અહીં સજા ભોગવે છે, સજા ભોગવીને એ તારો ગુનો રદબાતલ થાય છે, પણ એ વખતે તું પાછો ફરીથી અતિ ગાઢ દ્વેષનો ગુનો કરે છે ? લે ત્યારે હવે એની સજામાં આ નરક પતનની સજા લેતો જા.'

**પૂર્વના ગુનાની અહીં સજા વખતે દ્વેષ એ નવો ગુનો છે. તેથી દુઃખે મરણ છતાં દુર્ગતિ ગમન !**

જીવ કેવો મૂઢ ! જીવ કપાઈ તો રહ્યો છે, એટલે હવે આ મર્યો સમજો. પછી ત્યાં જેના પર દ્વેષ કરે છે એને પોતે કશું કરી શકવાનો તો છે નહિ, ને દ્વેષ નિષ્ફળ જવાનો છે; છતાં એ કર્યા વિના જીવથી રહેવાતું નથી ! કેવી મૂઢતા !

દ્વેષના સંકલેશમાં બોકડો મરીને નરકે ગયો.

**એમ અતિરાગના સંકલેશમાં ય નરક નીપજે.**

**એના દાખલા :-**

(૧) ચક્રવર્તીનું સ્ત્રીરત્ન વિષયરાગના અતિસંકલેશમાં પડે તો છઠ્ઠી નરકે જાય છે.

(૨) મમ્મણ શેઠ ધનના અતિસંક્લિષ્ટ રાગમાં સાતમી નરકે ગયો.

(૩) તંદુલિયો મચ્છ ખાવાના અતિસંક્લિષ્ટ રાગમાં 'આ મોટા મચ્છની જગાએ હું હોઉં તો સહેજે મોંમાં આવેલા આટલા બધા માછલામાંથી એક પણ ખાધા વિના ન છોડું' એ ભાવ કરીને અંતે નરકમાં જાય છે.

(૪) વસુરાજા પોતાની સત્યવાદી તરીકેની ખ્યાતિના અતિસંક્લિષ્ટ મોહમાં જૂઠ બોલતાં, દેવે એને ઊંચા સિંહાસનેથી નીચે પટક્યો. એણે મરીને નરકમાં સિધાવ્યું. આ જ હિસાબે,

**કૂથલી જેવા નાના દેખાતા પાપમાં પણ તીવ્ર રાગ કે દ્વેષનો સંકલેશ થતા રૌદ્રધ્યાનથી નરક નીપજે.**

અતિદ્વેષની જેમ અતિરાગના સંકલેશ પણ બહુ ભૂંડા. આ હિસાબે માતાપિતાને તરછોડી પુત્ર પોતાની પત્નીમાં બહુ રાગઘેલો થયેલો નિષ્ઠુર બની જાય અને અવસરે રૌદ્રધ્યાનમાં ચડી જાય તો નરકનાં પાપ બાંધે, એમાં નવાઈ નથી. એ પ્રમાણે મિત્રનો દ્રોહ કરનારો, ચોરીઓ કરનારો. કૃતઘ્ન બનનારો, અને બીજાને પોતે આપેલા વિશ્વાસનો પોતે જ ઘાતક બનનારો પણ નિષ્ઠુર બને, રૌદ્રધ્યાનમાં ચડે, તો નરકનાં પાપ બાંધે એમાં નવાઈ નથી.

નંદરાજાને આ 'વિસેમિરા' માંની ત્રીજી મિ' અક્ષરથી સૂચિત વસ્તુ સંભળાવી;

રાજાને એને એના પાગલ થયેલા પુત્રને આ વાત ગળે ઉતરી એટલે 'મિત્રદ્રોહી' એનો પહેલો અક્ષર 'મિ', તે પણ ઊડ્યો, રાજપુત્રના હવે વિસેમિરા'માંથી રટાતા 'મિરા' 'મિરા' શબ્દમાંથી 'મિ' અક્ષર ઊડ્યો; તેથી હવે 'રા' 'રા' એટલું જ રટે છે. એટલે હવે પડદામાંથી ગુરુ શારદાનંદન વડે મંત્રીપુત્રી દ્વારા 'રા' ઊડાવવા ચોથો શ્લોક બોલાય છે.

ચોથા શ્લોકની સાથે પહેલા ત્રણ શ્લોક પણ ફરીથી સાંભળી લો. મોઢે કરવા જેવા છે. ચારેય શ્લોક દરેકનો પહેલો પહેલો અક્ષર લઈ **'વિસેમિરા'** બનેલું.

(૧) **वि**श्वासप्रतिपन्नानां वञ्चने का विदग्घता ।
अड्कमारुह्य सुप्तानां हन्तुं किं नाम पौरुषम् ॥
(२) **से**तुं गत्वा समुद्रस्य गङ्ग सागर सङ्गमे ।
ब्रह्मघ्नो मुच्यते पापैर्मित्रद्रोही न मुच्यते ॥
(३) **मि**त्रद्रोही कृतघ्नश्च स्तेयी विश्वासघातकः ।
चत्वारो नरकं यान्ति यावच्चन्द्रदिवाकरौ ॥
(४) **रा**जंस्त्वं राजपुत्रस्य कल्याणं यदि वाञ्छसि ।
देहि दानं सुपात्रेषु गृही दानेन शुध्यति ॥

ચોથા શ્લોકનો અર્થ આ છે, -હે રાજન્ ! જો તું અને રાજપુત્રના ક્લ્યાણને ચાહતો હોય, તો તું સુપાત્રોને વિષે દાન કર. (કેમકે) ગૃહસ્થ (ઘરવાસમાં રહેલો) માણસ **દાનથી** શુદ્ધ થાય છે, દોષરહિત બને છે.

## દાનધર્મ

દાન-શીલ-તપ-ભાવના એ ચાર પ્રકારના ધર્મમાં દાનધર્મ પહેલો મૂક્યો છે.

**દાનધર્મ પહેલો કેમ ? અર્થ-કામમાં અર્થ વધુ ભયંકર છે માટે**

એનું કારણ આ છે,-સંસાર અર્થ અને કામ એ બે પાપ ઉપર ચાલે છે; હિંસા જૂઠ વગેરે પાપસ્થાનકો અર્થ અને કામની ખાતર સેવાય છે. કષાયો એ બેના અંગે સેવાય છે. એ બેમાં 'અર્થ' પહેલો છે; કેમકે માણસને 'કામ' એટલે કે વિષયો અને વિષયસુખો એની મૂર્ચ્છા ઓછી નથી થતી. સંસાર ભોગવી લીધો એટલે ઘડપણે બ્રહ્મચર્ય લીધું, અને સારું સારું બહુ ખાઈ-પી-પહેરી-ઓઢી લીધું, એટલે હવે તૃપ્તિ કરીને ત્યાગ તપસ્યાના માર્ગે ચડી ગયો, સારાં ખાનપાન અને વિષયોના ભોગ એટલે કે 'કામ' પરથી મન ઉઠાવી લીધું. આમ 'કામ' કે 'કામ' પર કાબુ મેળવવા છતાં માણસને ધન-મિલકત-માન-પ્રતિષ્ઠા-પરિવાર વગેરે 'અર્થ' ઉપરથી મોહ હટતો નથી, મન ઊઠતું નથી.



આમ જીવને અર્થની લગન ભારે, એ છૂટે નહિ ત્યાં સુધી જીવનો મોક્ષ થાય નહિ, તેથી એ છોડાવવા માટે જ્ઞાનીઓએ દાનધર્મ પહેલો કહ્યો., દેખાય છે કે શીલધર્મ એટલે કે 'કામ' યાને વિષયસુખોના ત્યાગનો ધર્મ અંશે અંશે હજી આદરાય છે, આહારસંજ્ઞા પર અંશે કાપ મૂકવો ને તપધર્મ આદરવો સહેલો પડે છે, પરંતુ પૈસા છોડવારૂપ દાનધર્મ મોંઘો પડે છે.

**તપ સહેલો, દાન કઠિન : અર્થ મૂર્ચ્છામાં દેવદ્રવ્ય ભક્ષણ :-**

મોંઘા પડે છે. અરે ! ભગવાનની ભક્તિની બોલી ઊછરામણી બોલ્યો હશે તો ય એનાં નાણાં તરતજ ચુકવવાનું એને પાલવતું નથી ! જુઓ ગામેગામ પર્યુષણાની બોલીઓનાં નાણાં ક્યારે ભરપાઈ થાય છે ? ભાદરવા સુદ એકમે સ્વપ્નાદિની બોલી બોલ્યા,. તો શું એકમે જ રાત પહેલાં નાણાં ભરપાઈ ? યા બીજે દિવસે બીજની સવારે જ ચૂકતે થઈ જાય છે ? યા પ્રતિષ્ઠાદિની બોલીના નાણાં તરતજ ભરપાઈ થાય ? ન થતા હોય તો આટલા પૈસા હવે પોતાને ત્યાં દેવદ્રવ્યના નક્કી થઈ જવા છતાં વેપારમાં વપરાઈ નફો કે વ્યાજ કમાવરાવશે ને એ પોતે ખાશે ! એટલે ખબર છે ખરી કે

**બોલીનાં નાણાં ઘરે રાખી દેવદ્રવ્યનું ભક્ષણ થશે ?**

કેમ વારું બોલીનાં તરત ભરપાઈ નહિ ? કહો, જીવને અર્થની લક્ષ્મીની પ્રીતિ ભારે, એટલે એ ઝટ શે છૂટે ? અલબત્ત બોલી બોલ્યો એટલે નાણાં દેવાના તો છે, પરંતુ તરત દેવાનું કેમ નથી બનતું ? બોલી બોલીને જશ લઈ લીધો, યા ઘરનાને રાજી કરી દીધા, પરંતુ ધનનો મોહ ક્યાં છૂટ્યો છે ?

**ધન અકારું લાગે તો ધનનો મોહ છૂટે.**

**પ્ર.**- તો શું મોહ છૂટ્યા વિના બોલી બોલે ? ને મોડે મોડે પણ એનાં નાણાં દઈ દે છે ?

ઉ.- કીધું નહિ ? બોલી તો જશ લેવા, પ્રતિષ્ઠા જમાવવા, કે ઘરનાને રાજી કરવા ય બોલાય, પછી જેવી રીતે બજારમાંથી માલ લાવી મોડેથી એનાં નાણાં ચૂકવે તે કાંઈ ધનનો મોહ ઊતર્યો છે માટે નહિ, પણ માલના બદલામાં નાણાં દેવા જોઈએ નહિતર વ્યવહારમાં ભૂંડો દેખાય. આબરુ જાય, વટ-આબરુ સાચવવા માટે નાણાં મોડે પણ આપી દે છે ત્યાં કાંઈ ધનનો મોહ નથી છૂટ્યો; એમ અહીં જશ-પ્રતિષ્ઠા કે કુટુંબના રાજીપારૂપી માલ મેળવ્યો એટલે નાણાં ચુકવવા પડે. બાકી ધનનો મોહ જો છોડ્યો હોય,તો તરત ન ચૂકવી દે ?

બોલી બોલતા કયો ભાવ જોઈએ ?

બોલી બોલતાં કે ટીપમાં લખતાં આ ભાવ ક્યાં છે કે 'આ ધન મારનારું

છે, લાવ એનો મોહ છોડવા બોલી બોલું, યા ટીપમાં લખાવું એમાં 'એક પંથ ને દો કાજ થાય,' ધર્મની આરાધના થાય, અને એટલો ધનનો મોહ છૂટે આ ભાવ મનમાં આવે ખરો ?

**ધન અકારું લાગ્યા વિના ધનનો મોહ મૂકવાનું મન શાનું થાય ?**

**'ધન ભૂંડું : ધર્મ સારો'**

પૂર્વ પુરુષો મહાન કામો કરી ગયા, કારણ ? એમને મન 'ધન ભૂંડુ ધર્મ સારો' આ હિસાબ હતો; એટલે જ 'તરત દાન ને મહાપુણ્ય' નો સોદો કરી ગયા, સમજતા હતા કે તરત દાનનું મહાપુણ્ય કેમ ? એટલા જ માટે કે દાન દેવાના ભાવ જાગ્યા, હવે જો તરત દઈ દો, તે એ ઊંચા ભાવોલ્લાસમાં દીધું. પરંતુ જો દેવામાં વિલંબ કરો, તો દેવાનો ભાવોલ્લાસ ઘટવાનો. કારણ કે જીવને અર્થનો રાગ અનંત અનંત કાળ અભ્યસ્ત છે; તેથી એ રાગના માર્યા, ધન દેવાયું ત્યાં સુધી એની હુંફ રહે છે.

**ધનની હુંફ હોય ત્યાં તરત દેવાનો ભાવોલ્લાસ નહિ.**

**ધનની હુંફ હોય ત્યાં દાનની હુંફ શી રીતે લાગે ?**

**ધનની હુંફ છે ? કે દાનની ? :-**

સમ્યકત્વનું અહીં પારખું થાય છે,- જીવને પૂછો 'તને ધનની હુંફ છે ? કે દાનની ? જ્ઞાનીઓએ ધન અને વિષયોને ભૂંડા કહ્યા છે ત્યાજ્ય આશ્રવ કહ્યા છે. એ વચન પર શ્રદ્ધા છે. શ્રદ્ધા હોય તો કદાચ ધન અને વિષયો છૂટ્યા નહિ, પરંતુ એના પ્રત્યે અભાવ-ગ્લાની ભય તો જરૂર થાય. એ થાય એટલે ધન વિષયો આકરા લાગે. દાનાદિ ધર્મને તારણહાર કહ્યો છે ઉપાદેય સંવર કહ્યો છો, તેથી એના પ્રત્યે રુચિ-બહુમાન-નિર્ભયતા થાય. આ જો નથી થતું, સમ્યકત્વનો મૂળ પાયો સંવેગ-નિર્વેદ કયા ?

**સમકિતીને મન સાચી મૂડી ધનની નહિ પણ દાનની.**

**ભગવાનને માન્યા ક્યારે ગણાય :-**

અંતરને પૂછો 'કઈ મૂડી પર હાશ ! થાય છે ?' 'હાશ ! પૈસા સારા કમાયા ! સારા મળી ગયા !' એમ થાય છે, કે 'હાશ ! દાન સારું સારું કમાવા મળ્યું,' એવું થાય છે ? હવે બોલો,

ધનકમાઈ પર હાશ થાય અને દાન મનને ખૂંચે, ત્યાં સમકિત ? કે

દાનકમાઈ પર હાશ થાય અને ધન મનને ખૂંચે, ત્યાં સમકિત ? કે

સર્વત્યાગ પોતે કરનાર અને બીજાઓ પાસે સર્વત્યાગ કરાવનાર ભગવાનને તારણહાર માનવા છે તે ધનનો ત્યાગ તો દૂર રહ્યો પણ ધન કમાવા સંગ્રહવાનું



સારું માનીને મનાય ? ધનમાં હાશ અને દાનમાં હાય કરીને ભગવાનને માન્ય ગણાય ? કઈ અક્કલે આ ડિંડવાણું ?

**ધનમાં હાશ ! દાનમાં હાય ! એને સંસારનો પાયો મજબુત થાય :-**

સંસારનો પાયો અર્થ અને કામ. એમાં કામને પોષનાર અર્થ, એટલે કે ધન એ ધનમાં હાશ થાય એ તો સંસારનો પાયો મજબુત કરી રહ્યો છે. એને દાનમાં ધન છોડવાની વાત આવે એ શાનું ગમે ? એને તો દાન દેવાનું આવે ત્યાં 'હાય!' થાય છે.

શાનું એને એમ થાય કે 'હાશ ! સારું થયું કે દાન કરવાનો અવસર આવ્યો એટલું ગોઝારું ધન છૂટશે,' ત્યારે બીજો ધર્મ શીલ, તપ વગેરે કરે, પણ ધન પર આવો અથાગ પ્રેમ ઊભો રહે ત્યાં સુધી સંસારનો પાયો શાનો હચમચે ? એ નહિ, તો સંસાર શાનો દૂબળો પડે ? માટે જ ગૃહસ્થને પાયાનો ધર્મ દાનધર્મ.

**ભગવાન દાનધર્મ પહેલો કરે છે :-**

તીર્થંકર ભગવંતો ઘરવાસ છોડવો છે તો પહેલા દાનધર્મ કરે છે વર્ષીદાન કરે છે, વરસભર રોજ દાન દીધ્યે રાખે છે પછી ચારિત્ર એટલે શીલધર્મ અને સાથે તપધર્મ સેવે છે. આમ પહેલાં દાન, પછી શીલ અને તપ.

શ્રાવકને મુખ્ય ધર્મ પરમાત્માની ભક્તિ; એ ભક્તિ એટલે ભગવાન રૂપી પરમપાત્રમાં પોતાનાં કિંમતી દ્રવ્યોનું દાન; પછી ભલેને પોતાની ધનશક્તિ બહુ ઓછી હોય તો એક ઘીની બત્તી જ લઈ જઈ ઘરે, યા એક અગરબત્તીનો નાનો ટુકડો જ લઈ જઈ પ્રભુની આગળ એનો ધૂપ ઊખેવે,

'નાં, તો હું ન કરું ભગવાનને દીવા-ધૂપની શી જરૂર છે ? હું તો પ્રભુ આગળ કલાક મંજીરા વગાડીશ,' આવું કહે ત્યાં એને કહો 'અલ્યા ! તારા દીવા-ધૂપની જરૂર નથી. તો પછી તારા મંજીરા વગાડવાનીયે દનનીય પ્રભુને શી જરૂર છે ?'

**એમ ઉઠાવા કરે ત્યાં પ્રભુ સાથે પ્રીત ન મંડાય;**

કેમકે એમાં તો એણે શું કર્યું ? આ, કે 'ભગવાન તમે મને વહાલા પણ તમારા કરતાં મારું ઘી-દૂધ, મારા પૈસા મને વધારે વહાલા, તે તમારી ખાતર મારું ઘી-દૂધ મારા પૈસા ન તોડી નાખું' બોલો, આમાં ભગવાન પૈસા કરતાં ક્યાં વધુ વહાલા ? કે સમાન વહાલા લાગ્યા ? ત્યારે,

**ભગવાન કરતાં ધન વધુ વહાલું લાગે એનો સંસાર કેમ કપાય ?**

ગૃહસ્થને પૈસા વિના ચાલતું નથી, એટલે જ પૈસા પર એને જોરદાર રાગનો સંભવ છે, ને એ ધનરાગ એ મોટો રોગ છે એ જાણીને જ જ્ઞાની વૈદ્યોએ એના નિવારણ માટે ગૃહસ્થને દાનધર્મનું ઔષધ પહેલું જરૂરી બતાવ્યું. સંસારી

જીવની નાડી પરખી -

**મૂળ રોગ કયો છે ? ધનરાગનો.**

જીવ આરંભ-સમારંભો કરે છે,

વિષય વિલાસો કરે છે,

રગડા-ઝગડા, માયા-પ્રપંચ મદ-મૃષા-અનીતિ કરે છે,

આ બધું શેના ઉપર ? કહો, પૈસા પર, પૈસા ખાતર ભાઈ-ભાઈને અણબનાવ પૈસા ખાતર નોકરથી શેઠનો વિશ્વાસઘાત, શેઠથી નોકરની ચુસામણ,...પૈસા ખાતર પ્રજાહિતના હોદ્દે બેસી લાંચ-રૂશ્વત, ટેક્ષની ચોરીઓ, આવું તો કેટલું ય પૈસા ખાતર બને છે.

અરે ! છોકરો ય બાયડી પાછળ ઘેલો બનેલો માબાપથી જુદો ક્યારે રહી શકે છે ? પાસે પૈસાનું જોર હોય તો જ. હમણાં જો મૂડી-વેપાર બધું બાપના હાથમાં હોય, અને એકલા છોકરાને બજારમાં કોઈ ઊભું રાખે એમ ન હોય, તો છોકરો જુદો થઈ જુએ જો ?

**એ તો પૈસાના જોર પર જ મહાઉપકારી મા-બાપનો દ્રોહ કરવાનું કરાય છે; માટે મૂળ રોગ પૈસા છે, પૈસાનો રાગ છે.**

જ્ઞાનીઓએ આ મૂળ રોગ અર્થાત્ પાયાનો રોગ સમજીને જ એ હટાવા દાનધર્મ પહેલો મૂક્યો છે. વ્યવહારમાં ય જાતે ગમે તેવા તપસ્વી હો, ત્યાગી હો, શીલવંતા હો, પરંતુ આંગણે આવેલાની જો સરભરા ન કરો અર્થાત ઉચિત દાન-ભક્તિદાન-અતિથિ સત્કાર ન કરો તો આવનારો કશી કિંમત નહિ આંકે; ને લોક કહેશે, જોયો કંજુસ ? આમ મોટો ધર્મનો ડોળ કરે છે ને આટલી માણસાઈ નથી, આટલો વિવેક નથી કે આંગણે આવેલાનો સત્કાર કરવો !' એટલે વહેવાર પણ દાન પહેલું માગે છે, દાન પર માણસાઈ ગણે છે. બહુ થયું.

**માણસાઈ-પ્રભુપ્રીતિ-પાપમુક્તિ-કલેશ શમન વગેરે માટે સમર્થ દાન :-**

(૧) જીવને માણસાઈનું જીવવું હોય (૨) ભગવાન પર સાચી ભક્તિ-પ્રીતિ રાખવી હોય (૩)ધન મૂર્ચ્છા પાછળના ભયંકર પાપો અને (૪) રગડાઝગડાથી બચવું હોય (૫) ધર્મનો પાયો નાખવો હોય, તો જીવનમાં દાનધર્મને મહેકાવો. એક યા બીજા પ્રકારે દાન કરતા ચાલો. આ કરી જુઓ પછી અનુભવ કરજો કે એનો કેવો મજેનો આત્મિક આનંદ આવે છે.





ત્યારે જ્યાં ને ત્યાં ને વારે વારે દાનની પ્રવૃત્તિની પછીથી અનુમોદના કેટકેટલી થયા કરશે એ સમજો છો ? એની વળી અનેરી મજા છે. હૈયું ખીલ્યા જ કરે, ખીલ્યા કરે, કે અહો ! આ નાશવંત અને ષટ્કાય-સમારંભ તથા વિષય-ઉન્માદમાં જનારી લક્ષ્મીનો મારા હાથે કેવો સુંદર સદુપયોગ થઈ રહ્યો છે ! કેવા ઉત્તમ ધર્મક્ષેત્રમાં એનો વિનિયોગ થઈ રહ્યો છે !' આ તો વારંવારના દાનની અનુમોદનાની વાત છે, પરંતુ

**એક વખતના દાનની ય વારંવારની અનુમોદના હૈયું કેવુ પ્રફુલ્લિત કરે છે ! ને એનો કેવો ચમત્કારિક લાભ છે !** એ જુઓ

## ધર્માત્મા ધનસારની કથા

શાસ્ત્રમાં ધનસાર શેઠનું દૃષ્ટાન્ત આવે છે. એ સારો સુખી, સાથે એવો જ ઉદાર ગૃહસ્થ હતો, દાની હતો, ગુણવાન હતો, પરંતુ એકવાર પૂર્વના પ્રબળ અશુભ કર્મના ઉદયે પૈસા બધા ખોયા ને સાવ નિર્ધન થઈ ગયો.

**ચંચળ લક્ષ્મીનો શો ભરોસો છે ?**

આજનો તવંગર કાલે ભિખારી બની જાય ! મોટા મદાંધ રાજાઓ રાજ્યભ્રષ્ટ અને દીનહીન થઈ ગયા ! કહે છે ને કે લક્ષ્મી આવે ત્યારે તો પીઠમાં પાટું મારીને આવે, એટલે માણસની છાતી ને માથું ઊંચુ થઈ જાય છે. પરંતુ લક્ષ્મી જાય ત્યારે પેટમાં એવી લાત લગાવતી જાય છે કે એ જ માણસનું માથું ને છાતી દીનતાથી એવા નીચા કરી નાખે છે કે એની રોનક જ ખલાસ ! કદાચ જિંદગીમાં પાછો ઊંચો જ ન આવે.

**આવી ચંચળ તથા ધરખમ પાપો આચરાવનારી અને આગળ-પાછળ મદ-દીનતા કરાવનારી લક્ષ્મી ખાતર ભગવાન ભૂલવાના ? ગુરુથી ભાગવાનું ? ધર્મને વિસારે મૂકવાનો ?**

**ધર્માત્માને લક્ષ્મી જતાં ધર્મશ્રદ્ધા-સદ્બુદ્ધિ સમાધિ કાયમ :-**

પેલો ધનસાર શેઠ તો સાવધાન હતો, જૈનધર્મનું તત્ત્વજ્ઞાન પામેલો અને એનાથી ભાવિત હોવાથી લક્ષ્મીની ચંચળતાને સમજનારો, તેથી લક્ષ્મી ગઈ પણ એની ધર્મશ્રદ્ધા ન ગઈ, સદ્બુદ્ધિ ન ગઈ, ચિત્તની સમાધિ ન ગઈ. સમાધિની મોટી કિંમત છે.

**સાધુ પણ સમાધિ ગુમાવે, તો ચારિત્ર ફોંફાં.**

તો પછી શ્રાવક જો સમાધિ ગુમાવે તો એણે ગમે તેવા મોટા સંઘ કાઢ્યા

એની, કે મંદિર બંધાવ્યા એની, યા ઊંચા બાર-વ્રત વગેરે પાળવાની કેટલી કિંમત રહે ? સાગરચંદ્ર શેઠે ભાવથી જિનપ્રતિમાં ભરાવેલી, પણ પછીથી વેપાર-ધંધાની ગડમથલમાં આર્તધ્યાનમાં પડી સમાધિ ગુમાવી તો મરીને ભરુચમાં ઘોડો થયો !

ચંડકૌશિકનો જીવ સાધુ તે સારો સંયમી-તપસ્વી છતાં અતંકાળે ગુસ્સામાં ચડી સમાધિ ચૂક્યો, તો મરીને દેવ થઈ ગુસ્સાખોર કૌશિક નામનો તાપસ, ને ત્યાંથી અસમાધિમાં મરીને ભયંકર ચંડકોશિયો સાપ થયો !

**અસમાધિ ભયંકર, સમાધિ મહાકલ્યાણકર.**

ધનસાર શેઠે લક્ષ્મી ગુમાવી, પણ સમાધિ ન ગુમાવી; તે નિર્ધન થવા છતાં, ચાલ્યું, ત્યાં સુધી કોઈની આગળ હાથ ન ધરતાં પ્રસન્નતાથી દિવસો કાઢે છે, એકાંતરે ઉપવાસ કરે છે. બીજાને તો કેટલીય હાયવોય, સંકલ્પવિકલ્પો ને સંતાપ થાય, આર્તધ્યાન અહોનિશ મનને કોરી ખાય, પણ ધનસાર પ્રભુના શાસનને સમજેલો એમાંનું કશું કરતો નથી. છતાં હવે શ્રાવિકા અકળાય છે, કેમકે હવે તો રાચરચિલું બધું ય વેચતાં ખીચડાં ખૂટ્યાં.

**શેઠને શ્રાવિકાની પ્રેરણા :-**

શ્રાવિકા કહે 'આમ બેસી રહ્યે શું વળશે ?'

શેઠ કહે 'તો શું કરવું ? ચાલો પરદેશ જઈએ. ત્યાં ગમે તે મજૂરી-નોકરી કરીને જીવન નભાવશું. અહીં એમાંનું કાંઈ નહિ થાય.'

શ્રાવિકા કહે, 'પણ પરદેશમાં ય કશા આધાર વિના ક્યાં જઈ ઊભા રહેવાનું ? તમે એમ કરો એક વાર મારા પિયરે જઈ આવો, થોડું ઘણું ત્યાંથી લઈ આવો, એટલે આગળ રસ્તો નીકળશે. તમે તો મારા પિયરિયાને ઊંચે લાવ્યા છો, તેથી એ તમને તો સારો સહકાર આપશે.'

શેઠ કહે 'ભલી રે બાઈ ! આવી સ્થિતિમાં માગવા ન જવાય. તમે તો ભલીભોળી છો.

**માખીઓ ભરેલા મધપૂડાને વળગે, ખોખાને નહિ; એમ સૌ ભરેલાના સગા થાય, ખાલીના નહિ.**

શ્રાવિકા કહે, 'એ તો માખીઓ અબૂઝ છે, પણ માણસ નહિ. માણસ તો સમજદાર છે; લીધેલો ઉપકાર ભૂલે ? ને મારા બાપ ભાઈઓ તો બહુ પ્રેમાળ ને સારા સ્વભાવના છે, તમે ક્યાં નથી જાણતા ? તમે કશી ખોટી શંકા ન કરો, ને ખાસ પહોંચો ત્યાં.'

શ્રાવિકાએ એટલો બધો આગ્રહ કર્યો કે શેઠની સાસરે માગવા જવા બિલકુલ ઈચ્છા નહિ છતાં નમતું મૂક્વું પડ્યું. શ્રાવિકાએ રસ્તામાં ખાવા શેકેલી જુવારીનો



સાથવો બાંધી આપ્યો. ધનસાર શેઠ એ લઈને ઊપડે છે સસરાના ગામ ભણી.

ધનસાર ધર્મિષ્ઠ શ્રાવક છે ને ? આગલે દિવસે ઉપવાસ છે. બીજે દિન વહેલી સવારે ઘરેથી નીકળતા પહેલાં મંગળરૂપે પુરિમઢ્ઢનું પચ્ચકખાણ કરીને નવકારમંત્ર ગણી નીકળે છે.

**નીકળતાં શાના માટે મંગળ ?**

**દુન્યવી વસ્તુ માટે ધર્મ કરવા જતાં બે નુકશાન :-**

સાસરે જાઉં ને પૈસા મળવાનું કાર્ય સિદ્ધ થાય એટલા માટે મંગળ નહિ. કેમકે શેઠ એમ તો સમજે છે કે (૧) પૈસા મળવાનું તો પૂર્વનું સદ્ભાગ્ય હશે તો જ મળશે. એની ખાતર થઈને ધર્મને ન વટાવાય.

**ધર્મને અહીં વટાવી નાખતાં એ પરભવનું ન સુધારે.** અને એવી આશાએ પચ્ચકખાણ અને નવકારસ્મરણ કરીને નીકળ્યા, ને કદાચ તીવ્ર અશુભના ઉદયે પૈસા ન મળ્યા, તો તપ-પચ્ચકખાણ અને નવકારસ્મરણના ધર્મ ઉપર અશ્રદ્ધા થઈ જાય ! ને નથી ને જો પૈસા મળ્યા, તો પછી ધર્મને દુન્યવી વસ્તુ ખાતર વટાવવાની કુટેવ પડે માટે એવો ઝેરી અખતરો દુન્યવી સિદ્ધિ માટે ધર્મ સાધવવાનો નહી કરવાનો. ઝેરી અખતરો એટલા માટે કે ઈષ્ટ ન નીપજે તો ધર્મ ઉપર અશ્રદ્ધા થાય, ને નીપજે તો પાપ ખાતર ધર્મ કરવાની કુટેવ પડે.

તો પછી મંગળરૂપ ધર્મ શા માટે કરવાનો ?

**ધર્મપુરુષાર્થ ચારે ય પુરુષાર્થમાં પ્રધાન છે, માટે બધે ધર્મમંગળને મુખ્ય રાખવાનું.**

**મુખ્ય માણસને આગળ કરાય તે એના સન્માન અને આપણી શોભા માટે :-**

વ્યવહારમાં મુખ્ય માણસને આગળ કરાય છે, તે એટલા માટે નહિ કે એની પાસેથી કાંઈ લેવું છે, કિન્તુ એને આગળ કરવામાં એનું યોગ્ય સન્માન છે. અને સમૂહની શોભા છે. એમ કોઈપણ પુરુષાર્થ કરવા પહેલા ધર્મમંગળને સ્થાન આપવાનું તેમાં ધર્મનું સન્માન છે અને બીજા પુરુષાર્થની શોભા છે. શ્રી **'ધર્મ સંગ્રહ'** શાસ્ત્ર શ્રાવકને ઘરેથી આજીવિકાની ચિન્તા અર્થે નીકળતાં નમસ્કારાદિ ધર્મમંગળ કરવાનું કહ્યું છે તેમા ંઆ જ હેતુ બતાવ્યો છે કે **'ધર્મસ્ય સર્વપુરુષાર્થ પ્રધાનત્વાત્'**

**જીવનમાં ધર્મસુવાસ કેમ જામે ? :-**

જીવનમાં જો સર્વત્ર ડગલે ને પગલે આ જ આશયથી નવકાર-સ્મરણ વગેરે ધર્મ-મંગલનો પ્રવેશ થઈ જાય, તો મન પર ધર્મની સુવાસ મુખ્યપણે બેસી જાય. પછી તો અર્થ અને કામના પુરુષાર્થ પૈસા અને સુખના પુરુષાર્થ ફિક્કા પડી જાય;

એનું મહત્ત્વ જ ન લાગે. એ બધું કરાય ભલે, પણ સમાધિથી દેવદર્શન પૂજન આદિ ધર્મને સાધવા માટે થાય. મુખ્ય વાત આ, કે સર્વત્ર ધર્મને મુખ્ય માની ધર્મમંગળ કરાતું રહેવું જોઈએ.

પેલો ધનસાર શેઠ ઉપવાસ પર પુરિમઢ્ઢનાં પચ્ચકખાણરૂપી ધર્મ મંગળ આટલા જ માટે કરીને નીકળ્યો છે, ચાલતાં એક સુંદર તળાવ આવ્યું, મધ્યાહ્ન સમય થયો છે. એટલે વિચારે છે કે, 'પારણું કરું. પરંતુ આ કેવો ગોઝારો દિન કે સુપાત્રદાન કે સાધર્મિકભક્તિ કર્યા વિના મારે પારણું કરવું પડશે !' તળાવમાંથી પાણી ગળી લઈ એનાથી હાથપગ મોં ધોઈ લઈ સ્વસ્થ થઈ જ્યાં સાથવો ખાવા બેસે છે, ત્યાં એ અફસોસી નથી કે 'અરેરે ! એક વખતનો હું શ્રીમંત આજે મારે પારણે દૂધ-રાબડી-શીરો નહિ ? ને આ લુખ્ખો સાથવો પાણીથી ભીંજવીને ખાવાનો ?' ના, આ અફસોસી નથી, પણ અફસોસી આ છે કે 'અરેરે! આજે મારે પારણે સાધુ-મહાત્મા કે સાધર્મિક યોગ નહિ ?'

**ધર્માત્માને અફસોસી ધન કે સુખની કમીનાની નહિ પણ ધર્મની કમીનાની હોય.**

**ધર્મદિલની પરીક્ષા ધર્મકમીની ને પાપ-સંગની અફસોસી :-**

દિલમાં કેવી કેવી અફસોસી થાય છે એ તપાસજો તપાસતા રહેજો. તેથી ખ્યાલ આવશે કે 'દિલ ધર્માત્મા છે કે કર્માત્મા ?' અને હૈયું ધર્માત્મા બનાવવા માટે ઉપાય પણ આ છે કે

દિલને ધર્મની કમીનાની ધર્મ ગુમાવ્યાની અને પાપ ઊભા રહ્યાની અફસોસી લગાડવી. તો જ ધર્માત્મા બનાય.

સવારે મોડા ઊઠ્યાની અફસોસી શા માટે થાય છે ? સંસારમાં કામ બગડ્યા પર ? કે પ્રતિક્રમણ ગુમાવ્યા પર ? દુન્યવી કામ માટે ભગવાનના દર્શન પૂજન ઝટપટ પતાવ્યાની એટલે સ્થિરતાથી નહિ કર્યાની અફસોસી થાય ખરી ? કે ઝટપટ પતાવ્યા અને દુન્યવી કામકાજ ઠીક થઈ ગયું એનો આનંદ થાય છે ? આ આનંદ હોય અને પેલી અફસોસી ન હોય તો દિલથી ધર્માત્મા ? કે કર્માત્મા ?

ભાઈ સાથે ઝગડ્યા, કષાય કર્યો, વૈરવિરોધ કર્યો, તો પછી એની અફસોસી થાય ખરી ? કે એમાં ફાવ્યા તો આનંદ થાય ? અને ન ફાવ્યા, સામાએ દબડાવ્યા, તો એ ન ફાવ્યાની અફસોસી થાય ?

**ધર્માત્માનું દિલ આ રગડામાં ફાવ્યા ન ફાવ્યાને કોડીની કિંમતનું ગણે, અને કષાય કરવો પડ્યો એની મોટી નુકસાની સમજે, ને એની ભારે અફસોસી કરે.**

**ધર્માત્માને ને સમકિતીને શું કમાઈ લેવાનો અવસર ? :-**



ધર્માત્મા તો સમજતો હોય કે આ ઊંચા જીવનમાં ધર્મના પાયારૂપ સતત મૈત્રી ભાવ, વૈરી પ્રત્યે ય મૈત્રી ભાવ, અને ભૂલતા, કષાય કરતાં, કે જૂઠ વગેરે ચલાવતા જીવોની ભાવદયા, તથા સુખી અને ગુણી પ્રત્યે પ્રમોદભાવ તથા પરદોષનો ઉપેક્ષાભાવ જેટલા બને એટલા કમાઈ લેવાનો અહીં સોનેરી અવસર છે.

એમ ભાઈ પણ સાધર્મિક છે ને ? તો સાધર્મિક પ્રત્યે વાત્સલ્ય, એના ગુણ-સુકૃતોની ઉપબૃંહણા-પ્રશંસા, તથા શ્રદ્ધા ધર્મમાં સ્થિરીકરણ,એ સમ્યગ્દર્શનના આચારો કમાઈ લેવાનો સોનેરી અવસર છે. એ કમાવામાં કમી દેખાય ત્યાં એને પારાવાર ખેદ થાય. એમ દર્શન પૂજન પ્રતિક્રમણ આદિ અનુષ્ઠાનો અવશ્ય કરણીય છે એ કરવાનું રહી ગયું તો ખેદ થાય.

આવો ખેદ ધર્મીને હોય; અધર્મીને આવો કશો ખેદ નહિ; એને તો સારું ખાવાનું રહી ગયું, પૈસા કમ મળ્યા. વેપારનો સમય ઉપાધિમાં ચાલ્યો ગયો. ઈત્યાદિમાં ખેદ થવાનો.

**સ્થૂલભદ્રને ધર્મ કમીનો ખેદ : સુખ કમાઈનો આનંદ નહિ :-**

ધર્મીનો આ વિવેક ધર્મકમાઈમાં કસરનો ખેદ, પણ વિષય સુખકમાઈનો આનંદ નહિ, તેથી ધન વિષયોમાં કમી પડ્યાનો એવો ખેદ નહિ- એ કેટલું જબરદસ્ત કામ કરે છે !

સ્થૂલભદ્રજીને એમના પિતાના અકાળ મૃત્યુ પછી નંદરાજાએ કોશાવેશ્યાને ત્યાંથી બોલાવ્યા. એ ગયા; ને રાજા મંત્રિ-મુદ્રિકા અર્પે છે; કહે છે, 'તમે હવે તમારા પિતાજીના સ્થાને રાજયના મંત્રી થાઓ.'

સ્થૂલભદ્રજી પાછળ વાટિકામાં વિચાર કરવા જાય છે.

અહીં સ્થૂલભદ્રજીને વિચાર કરતાં, પહેલાં તો મંત્રીપણું લેવામાં કોશા વેશ્યાના ચોવીસે કલાક નિશ્ચિંત સંપર્કનાં સુખ લૂંટાઈ જતા દેખાયા. મનમાં એનો ખેદ આવ્યો કે 'હાય ! મંત્રી બનવામાં તો મોટો માથે ભાર અને અનેક કાર્યવાહીના લફરામાં જકડામણ, પછી પેલા કોશાના ચોવીસે કલાકના નિશ્ચિંત સમાગમના સુખમાં ભારે કમીના આવી જાય !' અલબત્ત આ વિષયોની કમીનો ખેદ મનમાં ક્ષણભર આવ્યો, પરંતુ વિવેકી હતા, તેથી તરતજ આગળ એમ વિચાર્યું કે-

**સ્થૂલભદ્રની વૈરાગ્યની વિચારણા :-**

'અરે ! હું પામર આ તુચ્છ સુખની કમીને રોઉં છું, પણ ભવકેદથી થયેલ મારા આત્માનાં અનંતસુખની લુંટામણને રોતો નથી ? 'મંત્રીપણું લઉં તો કોશાનાં સુખ જાય, 'એમ મનને ઓછું આવે છે; પણ કોશા-સુખમાં પડ્યો રહું એમાં અનંત મોક્ષસુખ સાધક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના રહી જાય છે.

એનું મનને લાગી નથી આવતું ?

જાુઓ સ્થૂલભદ્રજીનો કેવો વિવેક છે ! વિષયસુખની કમી પરના ખેદ પરથી તરતજ અનંત મોક્ષસુખની કમી પરના ખેદ પર ઊપડ્યા.

**વેશ્યાસુખની સાધનામાં અનંતસુખની સાધના ગુમાવું ?**

એમ વિચારી ચારિત્રની આરાધના માટે સજ્જ થઈ ગયા. ને ત્યાં જ મસ્તકના કેશનો લોચ કરી સાધુવેશ પહેરી લીધો; આવીને રાજાને પોતાની વિચારણા કહી દીધી અને, તરતજ ગુરુ પાસે પહોંચી જવા ચાલી નીકળ્યા

કેવો વિવેક ! ત્યારે વિચાર કરો કે વેશ્યાને ત્યાં રહેતાં પણ અંદરખાને દિલ અધર્મીનું હશે ? કે ધર્મીનું ? જો 'વિષયસુખ એજ જીવનસર્વસ્વ,' એમ માનતા હોત, અને આ સુખના અંધાપામાં લાખ રૂપિયાનો ધર્મ સાધવાનું ગુમાવવું પડે એનો કશો જ ખેદ ન હોત, તો મંત્રી-મુદ્રિકા જ્યારે સામે આવી ત્યારે આ ઉચ્ચ ઉમદા ભવ્ય વિચારણા આવવી સહેલી હતી ? વેશ્યાનું સુખ તો હતું જ, વધારામાં મોટા રાજ્યના મંત્રીપણાનું સુખ મળતું હોય, પછી તો ત્યાં ગિલ-ગીલિયાં થાય કે 'અહાહા વાહા ! કેવા સત્તાસુખ ભોગસુખ !' ત્યાં શું કામ ચારિત્રધર્મ ગુમાવવો પડે છે એનો ખેદ થાય ? માટે કહો, વેશ્યાના સંસારસુખમાં રહેતાં પણ અંદરખાને દિલમાં ધર્મ ગુમાઈ રહ્યાનો આછોપાતળો પણ ખેદ હશે. મહાન સમકિતી શ્રાવક શકડાલ મંત્રીના દીકરા હતા ને ? તમે ય સમકિતી શ્રાવકના પુત્ર ને ?

**તમારા સંસારી-જીવનમાં ચારિત્રધર્મ ગુમાવી રહ્યાનો ખેદ ખરો ?**

જો એ ખેદ ખરેખર હોય, તો વાત વાતમાં મદ હુંપદ આવે છે ? ઈર્ષ્યા થાય ? ચારિત્ર ન પામ્યાનો ખેદ હોય તો જરાક શી વાતમાં ગુસ્સો આવે ? તુચ્છ માનની આકાંક્ષા હોય ? કે તુચ્છ વિકથા-કૂથલીમાં આનંદ હોય ? ત્યાં તે બોલ બોલાય-સંભળાય ? વિચારો,

**જીવનમાં ટાળી શકાય એવી કેટલી ખરાબીઓ વધાવાઈ રહી છે ?**

(૧) સગાભાઈ સાથે રગડા, (૨) બીજાનું સુખ કે માન ખમાય નહિ, (૩) સહેજ વાતમાં માયા ને જાૂઠ, (૪) કેવળ દુન્યવી વાતોની જ કૂથલી, (૫) પૈસા ને પત્ની પાછળ અંધાપો,.... આવી બધી ખરાબીઓ કેમ મહાલે છે ? મૂળમાં આવા ઉચ્ચભવમાં પણ ચારિત્ર ધર્મ ન પમાયાનો ખેદ જોઈએ તે નથી. પછી ઘરે ડબા ભરેલા છતાં સાધુસેવા કે અતિથિ-સત્કારનો ધર્મ ગુમાયાનો ખેદ પણ શાનો થાય ?

**ધનસારને ખેદ દાનધર્મ ન સધાવાનો : મુનિ મળ્યા :-**

પેલા ધનસાર શેઠ સાસરે જતાં વચમાં વનમાં ઉપવાસનું પારણું કરવા ધારે છે. ત્યાં આ ખેદ અનુભવે છે કે 'અરે ! આજે સુપાત્રદાન કે સાધર્મિકભક્તિ કર્યા



વિનાજ મારે ખાવાનું ?' ભાવના બલવતી છે, તે કેમ જાણે ત્યાં સાધુને ખેંચી લાવે છે ! મુનિ ગોચરીએ નીકળેલા, તે પરામાંથી શહેરમાં અહીંથી જતા શેઠે જોયા.

એ તરતજ ઊઠી મુનિને બોલાવી લાવીને પોતે પારણા માટે સાથે લાવેલા સાથવો, બધો જ આગ્રહ કરીને મુનિને વહોરાવી દે છે; ને પોતાની જાતને કૃતકૃત્ય માને છે કે 'વાહ ! આ સાથવો પાત્રે પડ્યો તેથી હું કૃતાર્થ થયો ! પેટમાં પડતાં એ વેડફાઈ જાત.' અહીં એણે બહું ઊંચું પુણ્ય ઉપાર્જ્યું.

હવે પારણામાં પાસે શું ? કશું જ નહિ. છતાં મુનિને દાન કર્યાનો એને એટલો બધો આનંદ છે કે ઉપવાસને પારણે પણ ખાવા ટળ્યાનો કશો ખેદ નથી, તે આનંદભેર ત્યાંથી ચાલી નીકળી સસરાના ગામ તરફ પ્રયાણ કરે છે.

**ધનસાર પર સસરાની વિચારણા :-**

ધનસાર સમી સાંજે પહોંચ્યો સસરાના ગામે. બજારમાં સસરાની દુકાને જાય છે ત્યાં સસરો-સામો એને મેલાઘેલા કપડામાં અને એકલો પગે ચાલીને આવેલો જોતાં જ ખચકાયા. મનને થયું કે 'જરૂર આણે પૈસા બધા જ ખોઈ નાખ્યા લાગે છે એટલે હવે અહીં પૈસા માગવા આવ્યો છે. તો આપણે તે કેટલું પહોંચીશું ?

જમ ને જમાઈ બે ય સરખા, કદી ધરાય જ નહિ. એક વાર પૈસા આપશું તો પાછો વળી માગવા આવ્યા કરશે. આને ગમે તેટલા પૈસા આપો, પણ એને ધર્મનું ભૂત, તે દાનમાં પરોપકારમાં ઉરાડી નાખવાનો. નહિતર એટલા બધા અઢળક પૈસા એની પાસે તે એમ બધું જ સાફ શાનું થઈ જાય ? એ તો લોક વાહવાહ માટે ઉરાડ્યા હશે ધરમમાં, ને કદાચ થોડાક જ પાસે રહેતા હોય એના પર શો વેપલો ચાલે ? તે ખાધ્યે ખૂટી ગયા હશે. માટે ભાઈ ભિખારી થઈ અહીં આવતાં લાગે છે, પણ હવે આને પૈસો પરખાવા જેવો જ નથી..બોલો,

**લક્ષ્મી શું શું કરાવે છે ? (૧) અધમ વિચારસરણી જ ને ?**

ઉત્તમ પુરુષ તદ્દન નિસ્પૃહતાથી દાન દેતો હોય, પણ પૈસાના જ પૂજારી એની અનુમોદના તો દૂર રહી, પરંતુ એને લોક વાહવાહમાં ખતવે છે ! માને છે કે 'આ ભાઈ લોકની વાહવાહ લેવા ખરચે છે.' આ અધમ વિચારસરણી જ છે ને ?

**(૨) લક્ષ્મી દુઃખી સગા પર પણ કઠોરતા કરાવે છે :-**

વળી લક્ષ્મી શું કરાવે છે ? પોતાના જ દુઃખી અવસ્થામાં આવી ગયેલા સગાને જમાઈને ય એક પૈસો ન આપવાની કઠોરતા કરાવે છે. લક્ષ્મી સહજ મલક્ષયનો પાયાનો ગુણ 'દુઃખિતેષુ દયાત્યન્તમ્' એ ભુલાવે છે.

**(૩) લક્ષ્મી ધર્મ પર સૂગ કરાવે છે :-**

ધર્મમાં કોઈએ પૈસા ખરચ્યા, એની સૂગ કરીને ભવાભિનંદીપણું સિદ્ધ કરી

આપે છે; કોણ ? લક્ષ્મી.

**બોલો, લક્ષ્મી ગોઝારી ? કે સારી ?**

ભવાભિનંદી એટલે ? માત્ર ભવનો સંસારનો વિષય સાધનોનો જ આનંદી; એમાં જ આસક્ત-ચિટકાયેલો એ કદાચ ધર્મ કરે તો ય તે ભવનો આનંદ લેવા માટે. ભવાભિનંદીપણું શુદ્ધ ધર્મરસ જાગવા જ ન દે. માટે સમજો,

**ધર્મમાં રસ નહિ એ ભવાભિનંદપણું સૂચવે છે.**

ભવાભિનંદીને રસ સંસારના વિષયોનો, એની સાધનાભૂત લક્ષ્મીનો, ને તુચ્છ માનપાનનો. એ પછી શુદ્ધ ધર્મરસ શાનો રાખે ? ધર્મ કરે તો ય આ વિષયાદિ માટે. ધર્મ માટે ધર્મ કરવાનું એને શાનું આવડે ? આપણે પૂર્વે અનંતી વાર ચારિત્ર લઈ પાળ્યું, તો ય આપણે હજી કેમ રખડતા ? કહો, ભવાભિનંદી બન્યા રહીને જ ચારિત્ર પાળ્યું માટે. ચારિત્રથી પણ દેવતાઈ સુખ કે અહીં માનપાનનાં સુખ જોઈતા હતા માટે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૫,અંક-૨૨,તા.૫-૨-૧૯૭૭**

આ ધનસારના સસરા-સાળાને ધનસાર દૂરથી આવતો દેખાયો એટલે તરત જ પરસ્પર સંતલસ કરી દીધી કે આને અહીં ટકવા દેવો નથી, ને પૈસો પરખાવવો નથી. એમાં ધનસાર ત્યાં આવી પહોંચ્યો.

**ધનસારનો સાસરે આદર નહિ :-**

ધનસારને લુખ્ખા શબ્દોથી સસરો બોલાવે છે, 'આવો બેસો, કેમ આવવું થયું ?' શું ?' આવો આવો, સારું થયું તમારા અહીં પગલાં થયાં !' એવા કોઈ આવકાર નહિ; કેમ જાણે કશું માગવા આવ્યા હશે તે કેમ આવ્યા પૂછે છે !

ખાનદાન અને ઉદાર દિલનો ધનસાર સમજી ગયો કે 'અહીં આદર નથી, તેથી જે પ્રયોજને આવ્યો છું તે કહેવું નકામું છે, 'એટલે ટૂકે પતાવે છે,-'આ તો બહાર નીકળેલો, તે લાવ મળતો જાઉં' એમ કરીને અહીં આવ્યો છું. કેમ બધા સુખશાંતિમાં ? સસરો કહે 'હા, ઠીક છે. લ્યો ચાલો જમવા.' ધનસારને અનાદર જોઈ જમવાનું દિલ નહોતું, પણ ઉપવાસનું પારણં થયું નહોતું અને બીજેદિવસે સવારે જ ત્યાંથી નીકળી ઘર તરફ ચાલીને જવું હતું એટલે ભૂખ્યા પેટે પગમાં શક્તિ નહિ, તે જોઈતી હતી એટલે કમને સસરાની સાથે ચાલ્યો અને ત્યાં જમ્યો, જમવામાં ય જોયું કે 'કોઈ ખવરાવવાનો કશો આગ્રહ કરતું નથી, પ્રેમથી કોઈ પીરસતું નથી.' પરંતુ શું કરે ? પારણું કર્યા વિના ચાલે એમ નહોતું, એટલે બોલો,



એ જમવાનું અતિ જરૂરી હોવા છતાં મન એથી રાજી રાજી થાય ? જો કે અહીં તો રોટલો ને દાળ જ પીરસાયાં, પરંતુ માનો કે પકવાન્ન-મીષ્ટાનનું પણ જમણ હોય તો ય મન એમાં રાજી રાજી થાય ? ના, કેમકે નજર સામે પોતાનો અનાદર થતો તરવરે છે. બસ, આ રીતે

સંસારમાં જો કર્મ તરફથી વારેવારે અનાદર થાય છે, આપણી અવગણના થયા કરે છે, આપણે ન ધારી હોય એવી અણગમતી આપત્તિ ઉપદ્રવ ખડા કરાતા હોય પછી ત્યાં કર્મ તરફથી જરા સારું ચાટવાનું મળ્યું, સારું મકાન-કપડાલત્તા મળ્યા, એમાં રાજી રાજી થવાય ? કે મનમાં કર્મ તરફથી થતા બીજા અનાદરથી ચાલુ ઉદ્વેગ હોય ?

**સંસારનાં સુખ કેમ અસાર ? કેમ ઉદ્વેગ ભર્યા ? કહો, બીજી બાજુ કર્મ તરફથી આપણા અનાદર થાય છે માટે.**

આપણી પાસે જો આ સમજવા હૈયું હોય તો વિવેક જાગતો રહે કે 'અનાદરકારી કર્મનાં આપ્યાં સુખ નિઃસાર, માલ વિનાનાં ને જરાય આવકારવા જેવા નહિ. હંમેશા સંસારસુખો તરફ વૈરાગ્ય ગ્લાનીભાવ, ઉદ્વેગ અને ભય રહ્યા કરવા જોઈએ.

**વૈરાગ્ય રાખીને શો લાભ ? :-**

વૈરાગ્ય હોય એટલે પછી એવા અસાર સંસારસુખ ખાતર જે ધરખમ પાપો કરતા હોય એ અટકી જાય. એમ સગા-સ્નેહી સાથે એ અસાર સુખ-સુખસાધન ખાતર વૈર-વિરોધ અંટસ રાખ્યા કરતા હોય એ ન રખાય. મનને એમ થાય કે શું હું સગાભાઈ વગેરે સાથે લડું ? કોની ખાતર લડવાનું ? તુચ્છ સુખસાધન ખાતર ? ભાઈ સાથે પ્રેમભાવ, માતાપિતા તરફ કૃતજ્ઞભાવ-ભક્તિભાવ એ લાખ રૂપિયાની વસ્તુ છે; ત્યારે સુખસાધનો કોડીની કિંમતના છે. આ કાંઈ પરલોક ન સુધારે. પરલોકે સાથે ન ચાલે. ત્યારે મૈત્રીભાવ, કૃતજ્ઞભાવ-ભક્તિભાવ એ તો પરલોક સુધારે, સદ્ગતિ પ્રાપ્ત કરવામાં સહાયક થાય, અને એના સંસ્કાર પરલોકમાં સાથે ચાલે. તે ત્યાં જીવન ઉન્નત બનાવે. તાત્પર્ય,

**કર્મ તરફથી અનહદ અનાદર જોતાં એણે દીધાં સુખ-સાધન પર ઓવારી ન જવાય, રાજી રાજી ન થવાય.**

પેલો ધનસાર સાસરિયે અનાદર દેખી જમવા મળેલા પર જરાય રાજી નથી થતો. જમવાનું પત્યા પછી સસરો પૂછે છે, 'કેમ ? ક્યારે જવું છે ?'

આ કહે, 'કાલે સવારે.'

સસરો કહે, 'તો એમ કરજો ને કે સવારે વહેલી પેરોઢે જ અહીંથી નીકળી

જવાનું રાખજો, તો ઠંડે પહોરે ઘરે પહોંચી જવાશે, તડકો નહિ લાગે. '

ધનસાર કહે, 'હા, તમારી વાત બરાબર છે પરોઢિયે વહેલો જ નીકળી જઈશ.'

**સંસારના સગાં કેવાં ? :-**

સંસારના સગાં જોયાં ? સસરાને જમાઈ પર તો નહિ, પણ પોતાની દીકરી પર પણ લાગણી થતી નથી; કેમકે એ કરવામાં પોતાના પૈસા દેવા પડે, સ્વાર્થ ઘવાય છે પૈસા પર; તે એની ખાતર સગા તમને કદાચ લાગે કે 'અમારે જમાઈ આ રીતે આવે તો અમે એવું ન કરીએ,' પરંતુ માનો કે પહેલીવાર તો તમે એને આપો, પરંતુ એનું ભાગ્ય રુઠ્યું હોય તે એનાથી વેપાર કરવા જતાં નુકસાન આવે, યા ચોરી થાય, કે ધંધો જ ન મળવાથી ખાધ્યે ખૂટી જાય, ને ફરીથી આવે તો ? તમે પહેલા જેવી જ ઉદારતા કરો ? યા બીજીવાર ઉદારતા કરી, પણ એ પાછો ખાલી થઈને ત્રીજી વાર આવે તો તમારી ધીરજ રહે ? કે રોકડું પરખાવવાનું મન થાય ? અરે ! તમારી પાસે પહોંચતું ય હોય તો પણ ત્રીજી વારે ચોથી વારે ઉદારતા ન રહે ને ? કારણ તમારે સ્વાર્થ ભંગાતો લાગે છે. મનને એમ થાય છે કે 'મારી પાસે છે તે બધું શું આના માટે જ છે ? અગર હું મારું કમાઉં છું તે શું આ જમ જેવા જમાઈનું ભરણું ભરવા માટે જ કમાઉં છું ?'

તાત્પર્ય, માણસને સ્વાર્થ આગળ રહે છે, તેથી એને સાચવીને મહોબ્બતની વાત. સ્વાર્થ ન સચવાતો હોય તો મહોબ્બત ઘેર ગઈ. એમ થાય છે.

**સ્વાર્થ સાચવીને મહોબ્બત : સ્વાર્થ ન સચવાતાં વિશ્વાસભંગ :-**

સ્વાર્થનો રસ ભયંકર છે. એ સ્વાર્થ ભંગ દેખાતાં વિશ્વાસઘાત પણ કરાવે છે. આજે કેટલા પતિ-પત્નિ એવા દેખાશે કે જેમણે લગ્ન થતાં એક બીજાને જીવનભરનો વિશ્વાસ આપ્યો હોય; પરંતુ પાછળથી સ્વાર્થ ભંગાતાં, પતિએ પત્નીને કે પત્નીએ પતિને આપેલા એ વિશ્વાસનો એ ભંગ કરે છે. તમેજ તમારા જીવનમાં જુઓ, તમારા ઘરવાળાને પરણતાં પૂર્ણ પ્રેમનો અને જીવન સર્વસ્વ માનવાનો વિશ્વાસ આપેલો હશે. તો શું એનું પાલન બરાબર થતું આવ્યું છે ? પ્રેમના ટકા કપાયા નથી ? જીવન સર્વસ્વ માનવામાં ફરક નથી પડ્યો ? એવા કેટલા અવસરે એમના તરફથી બાબાનું ઉપરાણું લઈ તમારું અપમાન થયું, ત્યાં એમના પર પ્રેમમાં ફરક પડ્યો ? શાથી એમ ? તમે તમારા સ્વમાનનાં સ્વાર્થ પોષાતાં પૂર્ણ પ્રેમ એને આપી પ્રભુને બીજે નંબરે નથી મૂક્યા ?

**સ્વાર્થની માયા ભયંકર.**

એ અવસરે ભગવાનને પણ આપેલી કબૂલાત તોડી નખાવે. જમાલિએ દીક્ષા લેતાં મહાવીર પ્રભુને સર્વેસર્વા માન્ય કબૂલેલા ને ? પણ પછીથી એ કબૂલાત



ન તોડી ? દેરાસરમાં રોજ બોલો છો ને 'હું છું સેવક તારો' 'સેવા ભવે ભવે તુમ્હ ચલણાણં' 'તમારા ચરણની સેવા મારે ભવોભવ હોજો.'' આ સેવકપ્પણાની અને ભવોભવ ચરણસેવા અર્થાત આજ્ઞાપાલનની કબૂલાત શું બરાબર પળે છે ? કે જ્યાં દુન્યવી સ્વાર્થ બગડતો દેખાય, ત્યાં પ્રભુ પ્રત્યે સેવકપણાનો અને ચરણસેવાને જિનાજ્ઞાપાલનને બાજુએ મૂકવાનું બને છે ?

બધે સ્વાર્થની માયાની મોંકાણ છે,-એ જ મુખ્ય થઈ જાય છે અને બીજું બધું ગૌણ થઈ જાય છે.

**સ્વાર્થની માયા મુખ્ય થાય ત્યાં વિશ્વાસઘાત, પ્રતિજ્ઞાભંગ, જૂઠ-અનીતિ-માયા વગેરે પાપો સુલભ.**

**મોક્ષરસિક જીવ કેવો ? :-**

**પ્ર.**- જીવ માત્રને સ્વાર્થની માયા તો મુખ્ય હોય જ ને ?

**ઉ.**- ના, બધા જીવને નહિ; ભવાભિનંદી સંસાર રસિયા જીવને સ્વાર્થની માયા મુખ્ય હોય, પરંતુ મોક્ષરસિક જીવને નહિ; કેમકે એને સ્વાર્થના રસ કરતાં પરમાર્થ-મોક્ષના સાધનભૂત ધર્મનો રસ વધારે હોય છે. ત્યારે તો એ મોક્ષરસિક જીવ કહેવાય છે. સ્વાર્થનો રસ એટલે સાંસારિક સ્વાર્થનો રસ, હવે જીવ જો મોક્ષનો રસિક રસવાળો, છે, તો એને શું મોક્ષના રસ કરતાં સાંસારિક સ્વાર્થનો રસ વધારે હોય ? મુખ્ય હોય ? સંસારમાં રહેવું પડ્યું છે એટલે સાંસારિક વસ્તુની ઈચ્છાઓ છે, રસ છે. પણ અંદરખાને મોક્ષનો રસ વધારે છે. મુખ્ય છે, માટે બાહ્યમાં કામચલાઉ રસ હોય છે. પૂછો,-

**પ્ર.**- મોક્ષરસિયાને ધાર્મિક સ્વાર્થનો રસ મુખ્ય હોય કે નહિ ?

**ઉ.**- પહેલાં એ બોલો, કે ધાર્મિક સ્વાર્થ શેને કહો છો ?

**કૃતજ્ઞતા, ગુરુજનપૂજા અને પરાર્થકરણથી વ્યાપ્ત હોય એવો ધર્મ એ ધર્મ છે.**

એવા ધર્મનો રસ એ ધાર્મિક રસ છે; એનો સ્વાર્થ મુખ્ય હોવાનો કોઈ દોષ નહિ. બાકી કૃતજ્ઞતા વગેરે બાજુએ મૂકી ધર્મનો રસ રાખવા જાય એ ધાર્મિક રસ જ નથી. મહાન ઉપકારી બાપની કે માતાની બિમારીમાં એમની સેવાનો અવસર હોય, અને એ વખતે છોકરો સેવાને અવગણી નવકારવાળી લઈને ગણવા બેસી જાય, તો શું એ ધર્મ છે ? ગુરુજનની સમયોચિત સેવા અવગણીને કોઈ દાન, કોઈ જાપ, કોઈ પ્રભુ-પૂજા વગેરે કરાય, એ ધર્મરૂપ શી રીતે બની શકે ?

**લૌકિક-લોકોત્તર ધર્મ :-**

'જયવીયરાય' સૂત્રની 'લલિતવિસ્તરા' નામના વિવેચનમાં લખ્યું છે, કે ભવનિર્વેદથી માંડીને પરાર્થકરણસુધીના ધર્મ એ લૌકિક સૌંદર્ય છે,

**લૌકિક ધર્મ જેનામાં હોય એ જ લોકાત્તર ધર્મનો અધિકારી છે,**

આવું લલિતવિસ્તરામાં લખ્યું છે. ભવનિર્વેદ- ભવવૈરાગ્ય ન હોય એ મોટો યાત્રસંઘ કાઢે તો ય તે ધર્મ નહિ, એમ સાધુને પણ ગુરુજનની પૂજા ન ગમતી હોય અને શાસ્ત્ર ભણવા બેસી જાય તો એ સ્વાધ્યાય લોકોત્તર ધર્મ ન બને.

ત્યારે જો આ છ લૌકિક ધર્મ સાથે રાખ્યા હોય તો પછી ભલેને એવા ધાર્મિક સ્વાર્થનો રસ હોય, એ કાંઈ મોક્ષરસને બાધક નહિ, પણ ઊલટું સાધક જ છે, આ વિવેક ખૂબજ ધ્યાન પર લેવા જેવો છે. એક પ્રશ્ન થાય,-

**પ્ર.**- તો પછી માતા-પિતાની સેવા મૂકીને છોકરો ચારિત્ર લે, એ ધર્મ શી રીતે કહેવાય ?

ઉ.- સવાલ મજેનો છે. પંચસૂત્ર શાસ્ત્ર કહે છે કે

**છોકરો ચારિત્ર લે એમાં માતા પિતાની મોટી સેવા છે.**

કેમકે એનો આશય એવો છે કે હું ચારિત્ર લઈને પછીથી માતાપિતાને ધર્મ પમાડું, એમનું મિથ્યાત્વ હટાવું, એમનામાં સમ્યક્ત્વ-વ્રતનિયમ વગેરે,...યાવત્ શકય હોય તો એમને પ્રતિબોધ કરી ચારિત્રમાર્ગે ચડાવું. આમાં માબાપની મોટી સેવા છે, સાચી સેવા છે.

**કોઈને પણ નિઃસ્વાર્થપણે સાંસારિક સુખ-સગવડ આપવી એ નાની સેવા છે, પણ એને ધર્મ પમાડવો એ મોટી સેવા છે.**

**માબાપને ધર્મ પમાડવો એ મોટી સેવા છે.**

માબાપને દુન્યવી સુખ-સગવડ આપવામાં એમની સદ્ગતિ નક્કી નથી થતી; તેથી એ એમની ઉચ્ચ સેવા નથી. ત્યારે એમને સમ્યક્ત્વાદિ ધર્મ પમાડવામાં એમની સદ્ગતિ નક્કી થાય છે. એટલે એ જ એમની ઉચ્ચ સેવા છે. કદાચ માબાપે ધર્મ ન સ્વીકાર્યો, તો ય પુત્રે તો માબાપને ધર્મ પમાડી ઉચ્ચ સેવા આપવાનો પ્રયત્ન કર્યો જ; એટલે પુત્ર હવે ગુનાહિત નથી. સેવાનો મર્મ સમજાય તો આ વાત ગળે ઊતરી જશે કે માબાપ પુત્રની દીક્ષા પર તત્કાળ ઉદ્વિગ્ન બનવા છતાં પછીથી એ દીક્ષિત પુત્ર પાસેથી સમ્યક્ત્વ વગેરે ધર્મ પામે એ એમની મોટી સેવા થઈ.

માતાપિતા મોહથી ચારિત્રધર્મ ન લેવા દે. એ અંગે એક બીજો પણ મોટો મુદ્દો વિચારણીય છે.

**માબાપની ધર્મ વિરુદ્ધ આજ્ઞા અમાન્ય :-**

એમ તો શાસ્ત્ર-'ધર્મબિન્દુ' માં પુત્રે માતાપિતાની આજ્ઞા માનવી એ ગુણ લખ્યો. એમાં એ પણ લખ્યું કે પણ ધર્મવિરુદ્ધ આજ્ઞા નહિ માનવાની . દા.ત.



પિતા અસત્ય અનીતિથી ધંધો ચલાવવાનું પુત્રને દબાણ કરે, તો ધર્મી-પુત્રે એ આજ્ઞા નહિ માનવાની, એમ પુત્રને જિનેન્દ્ર ભગવાનની પૂજા કરવાની મનાઈ કરે, તો પુત્રે એ આજ્ઞા નહિ માનવાની. એમ વૈરાગ્યથી ચારિત્રના અભિલાષાવાળા બનેલા પુત્રને માતાપિતા ચારિત્ર લેવાની ઘસીને ના કહે તો પુત્રે એ આજ્ઞા માથે નહિ ચડાવવાની. અહીં પૂછો, -

**પ્ર.- પિતાની આજ્ઞા ન માનવામાં કેમ દોષ નહિ ?**

ઉ.- કારણ છે,-

(૧) માતાપિતાની આજ્ઞા માનવી એ ધર્મ માટે છે, એ ધર્મી પુત્રનું કર્તવ્ય છે. પરંતુ એમાં જો ધર્મનું જ ખૂન થતું હોય તો એ આજ્ઞાપાલન ધર્મ માટે ક્યાં રહ્યું ? વળી,

(૨) જિનેશ્વર ભગવાની આજ્ઞા એ સૌથી મોટી વસ્તુ છે. એ આજ્ઞાની ભંજક માતાપિતાની આજ્ઞા તો શું, કિન્તુ ગુરુની આજ્ઞા પણ માનવાની ન હોય. અહીં મનુષ્ય જનમમાં આવ્યા એ પૂર્વે કોઈક જિનાજ્ઞા પાળી હશે માટે તો આવ્યા, અને આગળ સદ્ગતિ મળશે ભવસાગર તરાશે એ પણ જિનાજ્ઞાના પાલનથી જ, તો આવી મહાકિંમતી જિનાજ્ઞા અનંત ઉપકારકારક જિનાજ્ઞાનો ભંગ કેમ જ કરાય ? એવો ભંગ કરાવનારી માતાપિતાથી જૂઠ-અનીતિ વગેરેની આજ્ઞા કેમ જ મનાય ? વળી,

(૩) બીજી પણ એક મહત્ત્વની વાત શાસ્ત્રે લખી છે, -

**ધર્મ-આરાધનાનો પુરુષાર્થ-કાળ અતિ દુર્લભ છે.**

એકેન્દ્રિયથી ચઉરિંદ્રિય સુધીના ભવોમાં અને અસંજ્ઞી પંચેદ્રિયના ભવમાં સમજવા માટે મન જ નથી એટલે ધર્મની સૂઝ જ નથી. ત્યારે સંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચના ભવોમાં જોઈએ છીએ કે પુણ્ય-પાપનો વિવેક નથી ત્યાં ધર્મારાધનાનો પુરુષાર્થ શો કરાય ? એમ, નરકના અવતારે અનંત દુઃખની સતત રિબામણ છે; દેવભવમાં ભરચક રંગરાગ છે; અનાર્ય મનુષ્યના અવતારે આત્માની ગતાગમ જ નથી, તો ધર્મની શી ગમ હોય ? આમ આ બધા જનમોમાં ધર્મ-આરાધનનો પુરુષાર્થકાળ નથી. એ ધર્મકાળ-ધર્મોદ્યમકાળ અહી આર્ય મનુષ્યના અવતારમાં મળ્યો છે. તો એ પુરુષાર્થકાળ કેટકેટલો દુર્લભ કહેવાય ?

**આવો અતિદુર્લભ ધર્મ-પુરુષાર્થકાળ અહીં મળેલો વેડફી નાખવો એ કર્મ-સત્તાનો ગુનો છે,**

એમાં મહામૂર્ખાઈ છે, મહાસાહસ છે, એ ફરીથી આવો કાળ જલ્દી ન મળે એવો કર્મનો ગુનો એટલે પછી તો ધર્મપુરુષાર્થના કાળ વિનાના અધમ ભવોમાં પૂરાઈ જવાનું થાય.

માતાપિતાની ધર્મવિરુદ્ધ આજ્ઞા માનવા જતાં ધર્મ આરાધના ગુમાવી ધર્મપુરુષાર્થકાળ વેડફી નાખી પાપ આરાધના કરી દીર્ઘકાળ અધમ ભવોમાં ભટકવાનું થાય. એવી માતાપિતાની આજ્ઞા પાળવી એ ધર્મ કહેવાય ? કે અધમ ?

જીવન જીવતાં આ વારે ને વારે યાદ કરવાનું કે

**અર્થ અને કામના પુરુષાર્થનો કાળ તો જન્મે જન્મે મળ્યો અને એ જ કામ કર્યાં, પણ ધર્મ-આરાધનાનો પુરુષાર્થ કાળ ક્યાં મળ્યો છે ?**

ધર્મ પુરુષાર્થ કાળ મળવો મહામુશ્કેલ, તે મને અહીં મળ્યો છે; તો મારે જ્યાં જ્યાં અને જે જે રીતે મન વચન કે કાયાથી શક્ય હોય ત્યાં ત્યાં ને તે પ્રમાણે ધર્મ કરી લેવાનો; અર્થાત્ શક્ય તન મન અને ધનથી વાણી-વિચાર-વર્તાવ દ્વારા ધર્મ કરી લેવાનો.

**ધર્મ આરાધનાનો પુરુષાર્થ કરવા માટે જ આર્ય માનવભવ છે.**

**વારે વારે કઈ ખણખોદ ? ચક્રવર્તીઓએ શું વિચારી દીક્ષા દીધી ? :-**

તો મનુષ્યભવ ધર્મ-આરાધનાનો પુરુષાર્થ કરવાથી જ સફળ થાય; નહિતર તો એ મળ્યો પણ નિષ્ફળ નીવડે, એળે જાય ! ને પછી તો કોણ જાણે મનુષ્યભવ ક્યારે ય મળે ? શું તમને વારે વારે મનમાં ખણખોટદ થયા કરે છે કે 'આ મારો અવતાર મળ્યો સફળ કરવા મારા વિચાર-વાણી-વર્તાવનો પુરુષાર્થ કેમ ધર્મમાં ઊતારું ?' વારે વારે આ કરો.

મોટા તીર્થંકર ભગવાનો, મોટા ભરત જેવા ચક્રવર્તી સમ્રાટો, અને મોટા શાલિભદ્ર જેવા શ્રીમંતોએ પણ મન પરથી સંસારવાસ ઊતારી નાખી તન-મન-વચન પર ધર્મ-આરાધના કેમ લીધી ? કેમ એનો જંગી પુરુષાર્થ આદર્યો ? આટલા જ માટે, કે ધર્મ આરાધનાનો પુરુષાર્થકાળ અતિ દુર્લ્લભ છે, તે અહીં મળી ગયો; અહીં સુલભ બન્યો, તો હવે એને કેમ પાપમાં વેડફી નખાય ? કેમ ધર્મ-આરાધના વિના એને એળે કઢાય ?' એ સમજીને ભગીરથ ધર્મ-આરાધનાનો પુરુષાર્થ અજમાવવાનું આરંભી દીધું.

વિચાર આ જોઈએ કે 'આવા ધુરંધર પુરુષોએ જો ધર્મ-આરાધનાનો જ પુરુષાર્થ અજમાવવાનું આરંભી દીધું. તો હું કોણ માત્ર ? કયો એવો સમજદાર કે બુદ્ધિશાળી કે પાપાચરણમાં જ બધી પુરુષાર્થશક્તિ હોમી રહ્યો છું ? મારા કરતાં તો એ તીર્થંકરભગવાન વગેરે મહાબુદ્ધિમાન, મહાસમજદાર, તો એમણે જે કર્યું એ જ મારે મુબારક એ જ મારે આદરણીય હોય.'

જો આ વિચાર જાગતો રહે તો અહીં મળેલી મહાદુર્લભ પુરુષાર્થશક્તિને પાપમાં ન હોમતાં ધર્મ-આરાધનામાં જ લગાવી દેવાનું કરાય.



વિચાર કરવાની પણ પુરુષાર્થશક્તિ છે. તો એ શક્તિને એક પણ અયોગ્ય વિચારમાં પાપના-અધર્મના કષાયોના વિચારમાં ન હોમાય. મનને એમ થાય કે 'મને મળેલી સુંદર વિચાર શક્તિ શું હું અધમ વિચારમાં ખરચું ? શું એથી પાપના વિચાર કરું ? એમ કહેતા નહિ કે -

**પ્ર.-** પણ પાપના વિચાર તો સહેજ આવી જાય છે તેનું કેમ ?

ઉ.- આવી નથી જતા; લાવીએ છીએ. આપણે મનના ગુલામ બની આપણા આત્માનું વર્ચસ્વ નથી વિચારતા; માટે મનને અધમ વિચારો કરવા દઈએ છીએ. જો આપણા આત્માનું વર્ચસ્વ સમજીએ તો દેખાય કે

**આત્માના વર્ચસ્વનું દર્શન :-**

'મારો આત્મા એટલે કે 'હું' (૧) કાયાના હાથ-પગ-માથું વગેરે અંગને અને (૨) આંખ-કાન વગેરે ઇન્દ્રિયોને પ્રવર્તાવવા સ્વતંત્ર છું, એમને ધાર્યા હલાવી શકું ધાર્યા ફેરવી શકું, ને હાલતાં ધાર્યા અટકાવી શકું છું એમ, .(૩) વાણીને પણ પ્રવર્તાવવા સ્વતંત્ર છું; ધાર્યું બોલી શકું બોલ ફેરવીને બીજી રીતે બોલ કાઢી શકું, ને બોલવાનું તદ્દન અટકાવી મૌન ધરી શકું છું એમ (૪) વિચારમાં પણ સ્વતંત્ર છું જેમ જીભ, એમ મન; જીભને ધારી ચલાવી શકું ને રોકી શકું, તો મનને પણ ધાર્યું ચલાવી શકું ને રોકી શકું. ''એટલે 'હું' સ્વતંત્ર, મનને ધારું તેવા વિચારમાં જોડી શકું.''

આ જો આપણા આત્માનું વર્ચસ્વ દેખાય, ને દિલમાં નિશ્ચિત કરીએ તો પછી 'વિચાર આવી જાય છે' એમ ન કહીએ. 'મન પોતે વિચારે છે એમ નહિ, પરંતુ આપણા મનથી આપણે જ વિચાર લાવીએ છીએ' એમ કહીએ, પછી અહીં મળેલી આત્માની દુર્લભ પુરુષાર્થશક્તિને અધમ વિચારોમાં ન ખરચીએ.

વાત આ હતી કે ધર્મવિરુદ્ધ માતાપિતાની ને ગુરુજનની પૂજા નહિ ભૂલવાની, એમની અવજ્ઞા નહિ કરવાની. તે ધર્મ ને વિરુદ્ધ ન હોય એ રીતના પૂજા-સન્માન-આજ્ઞાપાલન. મયણાસુંદરીને જાણો ને ? એણે પિતાને ન ગમતો તાત્ત્વિક ઉત્તર કર્યો પણ અવજ્ઞાથી નહિ, વિનયથી; ને ધર્મ વિરુદ્ધ કંઈ નહોતું.

બાકી આપણા ધાર્મિક સ્વાર્થમાં કૃતજ્ઞતા-વિનય-બહુમાન-ગુરુપૂજા-પરાર્થકરણ વગેરે સમાયેલા જ છે. એટલે એને ભૂલીને ધાર્મિક સ્વાર્થ ન રખાય. પતિ વ્યાખ્યાન સાંભળવા જાય, ને પત્નીને કહે 'તું ભઠિયારું કૂટ' એવો ધાર્મિક સ્વાર્થનો રસ ખોટો.

એ તો આખું કુટુંબ જિનવાણી શ્રવણનો લાભ લે એવી રીતેની ઘરકામની વ્યવસ્થા જોઈએ. એમ ન કહેતા કે

**પ્ર.-** આજના કેટકેટલાંય નિયંત્રણવાળા સંકટમય જીવનમાં એ શે બને ?

ઉ.- પહેલી વાત તો આ, કે

**'આજનું જીવન સંકટમય છે, કેટકેટલાંય નિયંત્રણવાળું છે. એ નભાવવા ધર્મ ખોવો પડે છે; એટલે આજનો સંસાર ધર્મબાધક છે.'**

એ તો નક્કી થયું ને ? તો એવો ? ધર્મબાધક સંસાર કેવો ? સારભૂત કે અસાર ? કહેશો. 'અસાર તો અમે માનીએ જ છીએ,' તો અસારને ઉપાડવો પડે,

**અસાર સંસાર પાછળ આપણું કિંમતી પુણ્ય કિંમતી પુરુષાર્થશક્તિ અને કિંમતી બુદ્ધિ બરબાદ કરવી પડે એની અફસોસી ને રુદન કેટલા ?**

**માથે પડ્યા સાળા અને ફેક્ટરીની જેમ સંસાર પુણ્યમૂડી ખાય :-**

પાડોશી આપણા કશા કામમાં ન આવતો હોય છતાં એને ત્યાં પ્રસંગે લોકવ્યવહારથી કામમાં રોકાવું પડતું હોય, તો એમ લાગે છે કે આ નકામાની પાછળ મારે આ શી લોથ ? ભાડુતી ઘર જૂનું ભાંગુ-ભાંગું હોય, ને એમાં વારે વારે રીપેરિંગમાં પૈસા હોમવા પડતા હોય તો એ કેવું દુઃખકર લાગે ? સાળો ઘરમાં આવીને પડ્યો હોય, એ એના કામકાજમાં રચ્યોપચ્યો કશા કામમાં ન આવતો હોય, અને જવાની વાત પણ ન કરતો હાય, તો એને ખવરાવવાનું કેટલું ફિજુલ લાગે ? એમાં કેવો ઉદ્વેગ રહ્યા કરે ? એમા અસાર સંસાર લાગ્યા પર પુણ્ય-પુરુષાર્થ-બુદ્ધિશક્તિ એમાં હોમવા પર દુઃખ ?

ફેક્ટરીમાં કમાણી ન થતી હોય એ માથે પડી છે એટલે એને ટકાવી રાખવા નવી નવી મૂડી એમાં હોમવી પડતી હોય તો એ હૈયાને કેવું ખૂંચે ?

એમ, આ સંસાર માથે પડ્યો છે, એમાંથી નવા પુણ્યની કશી કમાણી નથી, ને એને નભાવવા જૂનાં પુણ્યની મૂડી એમાં હોમ્યા કરવી પડે છે, તો એવો સંસાર હૈયાને ખૂંચે કે નહિ ? બોલો, સંસાર હૈયાને પ્રતિક્ષણ કોચ્યા કરે છે ? શું સંસાર નભાવવા પૂર્વનું પુણ્ય નથી ખરચવું પડતું ? ખાનપાન-કપડુંલત્તું -રાચરચિલું-ધનમાલ વટઆબરૂ વગેરે પુણ્ય ખરચાયા વિના મળે છે ?

**તો પુણ્ય ખાનાર સંસાર અસાર લાગ્યો છે ને ?**

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૫,અંક-૨૩,તા.૧૨-૨-૧૯૭૭**

**આત્મા પર સંસારના અનેક પ્રકારના નિયંત્રણો આ સંસાર અસાર નહિ ?**

મોટા કરોડપતિને ય નિયંત્રણો, એવા નિયંત્રણ ભર્યા સંસારમાં ય પાછું કેટલાય ધર્મ-આચારો-અનુષ્ઠાનો સેવાને બાધ બહોંચતો હોય, તો એવો સંસાર અસાર નથી ? એવા અસાર સંસારમાં કિંમતી પુણ્યો; પુરુષાર્થ-શક્તિ અને



બુદ્ધિશક્તિઓ વેડફી નાખવી પડે એનું રોજ રુદન ન હોય ?

હવે, શું પૂછો છો ? 'આજના નિયંત્રણભર્યા સંકટમય જીવનમાં કુટુંબ આખાને સંભળાવવાનું શે બને ?' એ જ ને ?

**નમુનેદાર કુટુંબ :-**

પરંતુ તમને ખબર છે ? દુનિયામાં એવા પણ નમુનેદાર જૈન કુટુંબ છે જેમણે જીવનપદ્ધતિ જ એવી રાખી છે કે આખા કુટુંબને સવારે નાસ્તાપાણીની ટેવ જ નહિ ! નાના છોકરાને પણ એવા સંસ્કાર કે 'સવારે ઊઠીને ખા-ખા શું કરવાનું ? સવારે ઊઠીને તો ભગવાનનું ભજન-દર્શન-પૂજન, શાસ્ત્ર ભણવાનું ભગવાનની વાણી સાંભળવાની; ખાનપાન તો તે પછી.' બોલો, આમાં આખા કુટુંબને જિનવાણી-વ્યાખ્યાન સાંભળવાની તક મળે કે નહિ ?

પુરુષોને દસ વાગે ધંધો કે નોકરીએ જવું હોય તો ય જો બેનોને વ્યાખ્યાન સાંભળવું હોય તો એ એવા હોશિયાર હોય છે કે વ્યાખ્યાન પહેલાં રસોઈ તો લગભગ તૈયાર કરી રાખી વ્યાખ્યાને જઈ શકે. ન પહોંચાતું હોય તો પણ પુરુષોએ શેઠાઈ ન કરતાં એવો સહકાર આપવાનું પાણી ભરવા કપડાં ધોવા.... વગેરેમાં સહાયક થવાનું રાખ્યું હોય, તેમજ ખાનપાનમાં એવો સંયમ કેળવ્યો હોય કે મારવાડીની જેમ 'દાલ ઔર રોટી, ઓર સબ બાત ખોટી,' પછી પહોંચી વળવામાં ક્યાં વાંધો આવે ? ઘરના વડેરાનું આ જોઈ છોકરા પણ સહકાર અને સંયમ માટે ટેવાઈ જાય. આવડે આવું બધું ? ના, અહંત્વનાં નસકોરાં ફૂલેલા રહેતા હોય, ને હાડકાં હરામ રાખવા હોય ત્યાં આ શે બને ? જીવન જીવતાં આ જ કમાવાનું ?

ખરી વાત આ છે કે ધાર્મિક સ્વાર્થ માત્ર પોતાનો ન રાખતાં કુટુંબને આશ્રિતને પણ ધર્મ-સાધના કરાવવાની તમન્ના જોઈએ. એને અવગણીને માત્ર પોતાનો ધાર્મિક સ્વાર્થ સાધવામાં આશ્રિતના હિત ચૂકાય, એનાં કલ્યાણની જવાબદારી ચૂકાય છે. ત્યારે દુન્યવી સ્વાર્થની માયામાં તો આશ્રિતના હિતની પરવા જ શાની રહે ?

**સ્વાર્થમાં અંધ અવસરે આશ્રિતનું ય વાટી નાખે છે.**

પેલા નરસિંહના પ્રસંગમાં જોયું હતું ને કે એ રાજાનો જમાઈ બની ચુક્યો હોવા છતાં રાજાએ એને પોતાનો વારસદાર રાજા ન બનવા દેવા એને મારી નખાવવાની ધૂનના સ્વાર્થમાં અંધ થઈ પોતાની દીકરી વિધવા થાય તો થાય, એની પરવા ન કરી.

ત્યારે પેલો ધનસાર જમાઈ દુઃખી હાલતમાં સાસરે આવ્યો છે., સસરો સમજી શકે કે 'એ દુઃખી તો મારી દીકરી ય દુઃખી' પરંતુ પોતાના પૈસાના સ્વાર્થમાં એની પરવા ન કરી અને જમાઈને મોં જ આપ્યું નહિ. ઘરે લઈ જઈ રોટલા-દાળ

ખવરાવી દઈ પૂછે છે,-

'તે તમે સવારે જવાના જ છો ?

ત્યાં ખાનદાન ધનસાર શું એમ કહે કે 'ના રે ના, હું તો રહેવાનો છું ? ધનસાર કહે છે, 'હાં, સવારે જવાનો છું.'

સસરો કહે, તો એમ કરજો ને, તમે વહેલી પરોઢે નીકળી જશો તો ઠંડા પહોરે ચાલવું સારું ફાવશે પછી તો ઉનાળો, છે ને ? એટલે ગરમી વધી ગયે હેરાન થવું પડશે.'

ધનસાર કહે 'તમારું કહેવું બરાબર છે.વહેલા પરોઢિયે જ નીકળી જઈશ.'

**સ્વાર્થની માયામાં કેવી અધમ વિચારણ ?**

સસરાને દીકરી સાથે છે કાંઈ લેવાદેવા ? 'હાય ! એમ એક વાર પૈસા આપું તો પછી તો જમરાજે ઘર ભાળ્યું કરી આ વારે વારે પૈસા માગવા આવે.

'ડોશી મુઆનો ભો નથી, જમ પેંધી જાય એ ભય છે' દીકરી દુઃખી થાય એમાં આપણે શું કરીએ ? નસીબ એનાં. આ જમાઈને દુનિયાનો જશ લેવા ધર્મમાં પૈસા ઉરાડવા જોઈએ તે ગરીબ થઈ ગયો હવે પાછા આપણે દઈએ તો એ કુટેવ પડેલી એટલે ધરમમાં ઉરાડી નાખે, ને પાછા ભિખારી થઈ અહીં માગવા આવે. માટે પહેલીવારે જ આંગળી ન પકડાવવી સારી, નહિતર પછી પોંચો જ પકડે.'

સ્વાર્થની માયા કેટલી ભૂંડી છે ! સામામાં અસત્ કલ્પના કરાવે છે કે 'ધર્મમાં પૈસા ઉરાડી નાખ્યા,' અરે ! એમ ઉરાડ્યા હોય તો ય ખોટું શું છે ? ઘી ઢળ્યું તો ખીચડીમાં એમ તો વેપારમાં કે બીજી રીતે આગ-અકસ્માત્ કે સરકારી નિયંત્રણમાં પૈસા ક્યાં નથી ગુમાવાનું થતું ? પરંતુ

**ધર્મ પર સૂગ છે એટલે એમાં ખરચાય એ ખૂંચે છે.**

**ધર્મ ગમ્યાની કસોટી :-**

ધરમ ગમે છે ? કે ધરમ પર સૂગ છે ? એની આ કસોટી છે, કે ધર્મમાં ધન ખરચાયું, શરીર ઘસાયું, સમય ખરચાયો, એ ગમે છે ? કે ખૂચે છે ? 'હાશ, આ ઠીક લેખે લાગ્યું' એમ થાય છે ? કે 'હાય ! ક્યાં આ પૈસા બગાડ્યા ? ક્યાં શરીરે આઘા જઈને પાછા પડ્યા ? ક્યાં આટલો બધો વખત બગાડ્યો ?' એમ 'હાય ! થાય છે ?

ધર્મ પર સૂગ હોય તો એમાં ખરચાયેલા પર 'હાય !' થાય. ધર્મ પર સૂગ... કેવું દેવાળું કાઢ્યું હશે ! ધર્મ પર પ્રીતિ હોય તો એમાં ખરચાયેલ પર 'હાશ !' થાય.

**સ્વાર્થ અને માન બહુ ભૂંડી ચીજ છે, ધર્મ સૂગ લાવે.**



પહેલાં ધર્મ પર પ્રીતિ હોય પરંતુ સ્વાર્થ ભંગ કે માનભંગ સામે આવીને ઊભો રહે ત્યારે ધર્મપ્રીતિ પલાયન અને ધર્મ પર સૂગ ઊભી થાય.

માનો કે છોકરો બાપ પર આદર-બહુમાનવાળો તો આ આમાં ધર્મની પ્રીતિ છે. પરંતુ જો છોકરાને સ્વાર્થ કે માનની લાગણી બહુ છે, તો એનો ભંગ થતાં ધર્મ પર સૂગ લાવતા વાર નહિ કરે. દા.ત. માનો કે બાપે દીકરાના સંતાનોમાં કોઈકના પર દીકરાની તોછડાઈ જોહુક્મી દેખી બાપે એને શિખામણ આપી કે આપણા આશ્રિતને ધુત્કારાય નહિ, એની ભૂલ માટે શિખામણ ઠપકો અપાય,. જરૂરી સજા કરાય, પરંતુ એને ઉતારી પાડવા કે તરછોડવા જેવું ન કરાય, આપણને છોડી એ બિચારા ક્યાં જાય ? એને પારાવાર દુર્ધ્યાન થાય ઈત્યાદિ બાપ દીકરાને સમજાવે, ત્યાં જો એને માન નડતું હશે તો આમાં માનભંગ દેખાશે ને પછી કેમ ? બાપ પર અભાવ થશે, કે 'છોકરો ચાડી ખાઈ આવ્યો હશે, તે બાપ ચડાવ્યા ચડ્યા આપણે બાપનું આદરમાન રાખ્યું એટલે જ હવે આપણને એ ડામે છે.'

શું કર્યું આ ? પોતાનું માન ઘવાયું લાગે છે ને ? બાપ તરફથી માન મળવાના કે સ્વાર્થ, 'સારા ભાઈ સારા ભાઈ' થવાનો સ્વાર્થ તૂટ્યો, એટલે હવે બાપ ખોટા લાગે છે. 'બાપનું બહુમાન રાખવું જ ખોટું' એમ એના મનને થાય છે. એ શું કર્યું ? પિતૃબહુમાનના ધર્મ પર સૂગ આવી. સ્વાર્થ ને માન ભૂંડા.

**તોછડા વર્તનમાં દર્શનાચાર ભંગ :-**

સાધુ પણ જો સાવધાન ન હોય તો ભૂલો પડી જાય. મોટા ગુરુ એનું એના શિષ્ય કે શ્રાવકો પ્રત્યે તોછડું ધુત્કારભર્યું વર્તન દેખી એને શિખામણ આપે કે 'જો ભાઈ ! આપણા તો ઉપબૃંહણા સ્થિરીકરણ, વાત્સલ્ય' એ દર્શનાચારો છે, એ પાળીએ તો સમ્યદર્શન ટકે, નહિતર નહિ. જેમ દુઃખમાં સહાનુભૂતિ એમ ભૂલમાં ય સહાનૂભૂતિથી એને સમજાવાય. તેમ એના પર વાત્સલ્ય પ્રેમ અખંડ વહેતા જોઈએ. ઓછી શક્તિવાળા પર પણ દ્વેષ-ઈર્ષ્યા-અસૂયા ન રખાય, વાત્સલ્ય જ રખાય, સહાનુભૂતિથી એને પ્રોત્સાહન અપાય, ઢીલા પડતાનું સ્થિરીકરણ કરાય. દ્વેષ કરવામાં તો ધર્મની પાયાભૂત મૈત્રી જ ગુમાવવાની થાય."

હવે જો મોટા ગુરુની આ શિખામણ પર સાધુને પોતાના માનનો ભંગ લાગ્યો. તો એને મોટા ગુરુ પર અભાવ થશે. મનને થશે કે 'આપણને દબડાવે છે, શિષ્યના ચડાવ્યા ચડે છે. આ બહુ આમન્યા જાળવવાના મહાન તારક ધર્મ પર સૂગ થઈ ! શાથી થઈ ! કહો, સ્વાર્થની માયા ગુરુ તરફ માન જ મળ્યા કરવાની આકાંક્ષા-માયા-મમતા, એટલે એનો ભંગ દેખાતાં ધર્મ પર સૂગ થઈ. ત્યારે એવા મહાન તારક ધર્મ પર સૂગ મિથ્યાત્વ લાવી કેવું ખતરનાક પરિણામ લાવે !

**જુલ્મ છે સ્વાર્થનો !**

આ કેવી મારી ધનલંપટતા ! ને કેવી મારી અધમ સંસારરસિકતા ! સંસારમાં પત્નીને સહેજ રાજી રાખવા દાગીના પર દાગીના, અને સાડીઓ પર સાડીઓમાં હજારો ખરચતાં કશું વેડફી નાખવાનું ન લાગે ! એમ મોહના ઘરના બીજા ઢગલો ખરચમાં કશું અજુગતું ન લાગ્યુ ! ને હૈયાફૂટા મને તરણતારણ ધર્મમાં ખરચ પર સૂગ ચડી ?''

આવા આવા પસ્તાવા, તે પણ હૈયાના રુદન સાથે થયા કરે. તો પેલા ધર્મ સૂગતા પાપના અનુબંધ મોળા પડે. એવું બીજા શીલધર્મ, ત્યાગધર્મ, તપધર્મ વગેરેની ઘૃણાનાં દુષ્કૃત્યનો પસ્તાવો અને રુદન થયાં કરે; તો એ પાપના અનુબંધ મોળા પડે, ને ધર્મસૂગનાં પાપ મોળાં પડે.

મનને એમ પણ થાય કે ''આ દાનાદિધર્મ તો જિનેશ્વર ભગવાનની આજ્ઞા છે, તો હું કેવો નફ્ફટ કે જિનાજ્ઞા પ્રત્યે જ મેં ઘૃણા કરી ! એમ આ ધર્મો મહાન આત્માઓએ આચરેલા છે, તો એ ધર્મની ઘૃણા કરવા જતાં મેં એ મહાપુરુષોની કેવી અવગણના કરી ! કેવા એમને મેં મૂઢ અજ્ઞાન મૂરખ લેખ્યા ! પ્રભુ ! પ્રભુ ! મારી એ ધર્મઘૃણા, જિજ્ઞાસા-બેપરવાઈ અને મહાપુરુષોની અવગણનાનાં પાપ મિથ્યા થાઓ.'' એવી સ્વદુષ્કૃત-નિંદા-સંતાપ થયા કરે ઘૃણાપાપના સંસ્કાર તોડવા આ એક ઉપાય.

**(૨) ઘૃણાપાપને તોડવા ૨ જો ઉપાય :**

**બીજાનો ધર્મ જોતાં આનંદ :-**

એ દાનધર્મની ઘૃણાં પાપનાં સંસ્કાર તોડવા માટે બીજો ઉપાય આ કે જ્યાં જ્યાં જુદી જુદી રીતનાં શુદ્ધ ધર્મ ખાતે દાન થતાં જાણવા-દેખવા-સાંભળવા મળે ત્યાં ત્યાં મનને બળાત્કારે પણ આનંદ મનાવવાનું કરાય. પૂર્વની ધર્મસૂગ છે સૂગના સંસ્કાર છે, એટલે બીજાનાં દાનસુકૃત સહેજે સહેજે નહિ ગમે, પરંતુ મન મારીને પણ એ સુકૃતો ગમાડવાનાં, મન મારીને આંતરિક આનંદ ઊભો કરવાનો, અને બીજાની આગળ એ સુકૃતની પ્રશંસા કરવાની; સુકૃત કરનારને ધન્યવાદ આપવાનો કે 'વાહ! કેવું સરસ દાન ! ધન્ય છે એ દાન કરનારને !' પૂછશો,-

**પ્ર.**- મન મારીને એ આનંદ પ્રશંસા કર્યામાં શો લાભ ?

**ઉ.**- પરંતુ તમને ખબર નથી કે અનાદિકાળથી પાપના આનંદ માણવા ટેવાયેલા જીવને પહેલ પહેલા ધર્મનો આનંદ સહેજે સહેજે નથી થવાનો; એ તો મન મારીને જ ઊભો કરવો પડે. એમ આનંદ માણતાં માણતાં એમાં પૂર્વના પાપસંસ્કાર-પાપનું બંધ તૂટીને સહજ ધર્મ-આનંદ ઊભો થાય.



છોકરાને પહેલા નિશાળે મૂકો છો ત્યાં ક્યાં એને સહેજે સહેજે નિશાળે જવું અને ભણવું ગમે છે ? પરંતુ પરાણે પણ નિશાળે જતાં જતાં અને ભણતાં ભણતાં એને સહેજે જવાનું ને ભણવાનું ગમી જાય છે ને ?

**કૃત્રિમમાંથી સહજ આનંદ :-**

મંદિરમાં ગયા, ભગવાનનાં દર્શન કરવાનું અને ગુણગાન કરવાનું સહેજે સહેજે ક્યાં ગમે છે ? જાણે કોઈ અપૂર્વ નિધાન-ખજાનો મળ્યો એવો અપૂર્વ આનંદનો ઉછાળો ક્યાં આવે છે ? ક્યાં એથી શરીરે રોમાંચ અને આંખમાં હર્ષાશ્રુ અનુભવાય છે ? છતાં મન મારીને પણ એ આનંદ અને ગદ્‌ગદતા ઊભી કરતાં પછી સહજ આનંદ આવી જાય છે. કૃત્રિમ પણ ગદ્‌ગદ અને કૃત્રિમ પણ આનંદભર્યા અવાજે સ્તવન ગાતાં ગાતાં સહજ આનંદ ને સહજ ગદ્‌ગદતા આવી જવાનો અનુભવ થાય છે. અનુભવ કરી જુઓ એટલે સમજાશે.

અરે ! લોકાચારમાં કોઈના મૃત્યુ પર ગયા, ત્યાં સહજ રુદન ન થતાં પરાણે રુદન ઊભું કરતાં પછીથી દિલ સહેજે ગદ્‌ગદ થઈ સહેજે રોવાનું બની જાય છે.

એક સારા સ્વભાવની ગુણિયલ પત્ની મરી ગઈ, એનો પારાવાર શોક છે એટલે બીજી કરેલી સામાન્ય પત્ની પર સહેજ આનંદ નથી ઊછળતો છતાં કૃત્રિમ પણ આનંદ દેખાડવો પડે છે. કિન્તુ એવો આનંદ વારે વારે દેખાડતાં પછીથી સહજ આનંદ ઊભો થઈ જાય છે. આવા તો ઘણા દાખલા.

બસ, એ રીતે બીજાના દાનાદિધર્મ પર કૃત્રિમ પણ આનંદ મન મારીને આણંદ માણતાં સહજ એવો આનંદ ઊભો થઈ જાય છે. એમ જાતે ધર્મ કરવા માટે પરાણે પણ રુચિ ઊભી કરતાં કરતાં સહજ રુચિ બની આવે છે

સારાંશ, બીજાના ધર્મ-આચરણ પર આનંદ, સ્વંય ધર્મ કરવાની રુચિ અને ધર્મસેવન પરાણે પણ કરતાં કરતાં સહજ જેવા થઈ જાય છે. એ થતાં ધર્મની સૂગ મરી પરવારે છે. ધર્મની સૂગના સંસ્કાર હટાવવા આ બીજો ઉપાય.

**(૩) ધર્મ સૂગ નિવારવા ૩ જો ઉપાય :-**

પૂર્વ ભવેથી ધર્મની સૂગના સંસ્કાર લઈ આવ્યા, પરંતુ અહીં ખૂબ સત્સંગ કરવામાં આવે, સાધુ મહાત્માનો સમાગમ વારે વારે કરવામાં આવે, એમનો ધર્મોપદેશ સાંભળવામાં આવે, એવા એવા ધર્મ પ્રેરક પુસ્તક ને એવાં તીર્થંકર ભગવાન વગેરે મહાન પુરુષોનાં સુદંર ચરિત્ર વાંચવા સાંભળવામાં આવે, તેમજ એવા ધર્મી કલ્યાણમિત્રોના જ પરિચય રાખવામાં આવે, તો એથી ધર્મ કિંમતી લાગે છે, ને એથી ધર્મની સૂગના સંસ્કાર નાબૂદ થઈ ધર્મની સૂગ મોળી પડી જાય છે. ધર્મની સૂગ ખલાસ થઈ જાય છે.

આવી રીતે ધર્મની સૂગ ઊડી ગયાના સેંકડો હજારો દાખલા મળશે. મહાન જીવોનાં ચરિત્ર જુઓ, વર્તમાનમાં મહાન ધર્માત્મા બનેલાના જાત અનુભવ સાંભળો, તો એમાં આ દેખાશે કે પહેલાં તો એમને ધર્મની સૂગ હતી, પરતં પછીથી સાધુસમાગમ થતાં ને ધર્મશ્રવણ કરતાં કરતાં ધર્મની સૂગ ઊડી ગઈ અને ધર્મપ્રીતિ જામી પડી.

**સત્સંગથી ધર્મપ્રીતિ થયાના દાખલા :-**

મુસ્લીમ બાદશાહ અકબરને પહેલાં જીવહિંસાનો ભારે રસ હતો, ત્યાં દયાની કોઈ વાત કરે તો ગમે શાની ? પરંતુ આચાર્યશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજાનો સત્સંગ મળ્યો, એમના ઉપદેશને સાંભળવાનું રાખ્યું તો પાપરુચિ ઓછી થઈ ગઈ, ધર્મની સૂગ ઊડી ગઈ, અને જીવદયા ધર્મની ભારે રુચિ ઊભી થઈ ગઈ.

નાસ્તિક પ્રદેશી રાજાને અત્યંત ભારે ધર્મસૂગ હતી, પરંતુ કેશી ગણધર મહારાજનો સમાગમ મળ્યો, ને એમની પાસે ધર્મોપદેશ સાંભળ્યો, તો પ્રદેશીરાજાને એ સૂગ મટી ગઈ અને મહાન ધર્મપ્રીતિ ઊભી થઈ ગઈ

એવું નથી કે પૂર્વેથી ધર્મસૂગ લઈ આવ્યા, તે અહીં ન મીટે, આજે પણ સારા વ્યાખ્યાતાનાં વ્યાખ્યાન સાંભળી સાંભળી કેટલાય ભવી જીવો ધર્મ પ્રત્યે પ્રીતિવાળા બની જાય છે. ધર્મની સૂગ હટાવવા સત્સંગ સત્શ્રવણ એ અદ્ભૂત ઉપાય છે.

સંસારી જીવનમાં કેટલાયના સંપર્ક કરો છો, કેટલું ય આચડકુચડ સાંભળો છો, વાંચો છો, એ ઓછું કરી ખાસ સમય કાઢી સાધુ-સમાગમ કરતા ચાલો, અને રોજ ધર્મશ્રવણ કરતા રહો, તો ધર્મની સૂગ હટી જઈ ધર્મપ્રીતિ જાગતી થઈ જશે. સંગ તેવો રંગ.

પેલા ધનસારને સસરાએ જરાય મોં ન આપ્યું, ઉપરથી ધર્મની સૂગ એવી રાખી કે એમ વિચાર્યું કે 'આ ધનસારે ધર્મમાં પૈસા વેડફી નાખીને ગરીબી નોંતરી છે; માટે એને ફરીથી પૈસા આપશું તો વળી એ પૈસા ધરમાં વેડફી નાખશે.' અસ્તુ.

ધનસાર જુદી માટીનો છે. એ જુઓ કેવી ઉત્તમ વિચારણસરણી ધરાવે છે! વહેલી પરોઢે ઊઠીને એ અંદરના બંધ બારણા આગળ કહે છે 'હું જાઉં છું.' અંદર કદાચ સસરો સાસુ જાગતા હશે તો પણ એને કશો જવાબ દેતા નથી, એટલું પણ કહેતા નથી કે 'ભલે, આવજો ત્યારે,' .આટલું કહેવાની ય વાત નહિ, પછી રસ્તા માટે ભાતું પકડાવવાની તો વાતે ય શી ?

**ઉત્તમ દિલમાં અધમ વિચાર ન આવે.**

**ધનસારની ઉત્તમ વિચારણા :-**

પરંતુ ધનસાર ઉત્તમ દિલનો છે, તેથી એના દિલને કશો ખોટો વિચાર



આવતો નથી. એ ત્યાંથી નવકાર ગણીને ઘર તરફ ચાલી નીકળે છે. રસ્તે ચાલતાં એને વિચાર આવે છે કે,-

પત્ની બિચારી ભોળી, તે મોટી આશાથી મને અહીં મોકલ્યો, હવે એને એના પિયરિયાનો વર્તાવ જાણી દુઃખ થશે. પરંતુ મારે એને સમજાવવું પડશે કે 'પિયરિયા પર દ્વેષ કરીશ ના-આપણાં પોતાનાં કર્મ જ એવાં, ત્યાં પિયરિયા ય બિચારા શું કરે ? આપણાં કર્મ સાબૂત હોય તો દુશ્મન પણ અનુકૂળ થઈ જાય; ને કર્મ દૂબળાં હોય તો વહાલા પણ વૈરી થાય.

**દુઃખમાં કર્મ જ જવાબદાર છે; ને એથી વધુ જવાબદાર આપણી પૂર્વની અવળી કરણી છે, ને જિનભક્તિની રાખેલી કસર છે.**

કેમકે પૂર્વે આપણે દેવામાં કસર રાખેલી, જિન-ભક્તિમાં કસર રાખેલી, તેથી જ એવાં કર્મ ઊભા થયા. માટે ખરો દોષ આપણા આત્માનો છે કે જેણે સુકૃતમાં કસર અને દુષ્કૃતમાં ઉદારતા રાખી. ત્યાં પછી એથી ઊભાં થયેલ અશુભકર્મ, સામાએ દેવું હોય તો ય એ કર્મ શાનાં દેવા દે ? એ આપણાં કર્મ જ એવાં કે સામાને દેવાનું મન જ ન થવા દે, વાંક એમનો નહિ, પણ આપણાં કર્મનો, કર્મ ઊભા કરનાર આપણા પૂર્વના દુષ્કૃતનો, એ દુષ્કૃત કરનાર આપણા આત્માનો જ વાંક છે.

માટે હે મહાન શ્રાવિકા ! હવે આપણું આ કર્તવ્ય બની રહે છે કે આપણે પૂર્વની ભૂલ સુધારી લેવી જોઈએ અને ખૂબ દેવું જોઈએ. પણ દેવાની સામગ્રી આપણી પાસે નથી, તેથી દાન કરતાં પણ મોટો જે સર્વત્યાગ, તે આપણે અપનાવી લેવો જોઈએ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૫,અંક-૨૪-૨૫,તા.૧૯-૨-૧૯૭૭**

વળી હે ભાગ્યવંતી ! આપણે પૂર્વભવે કરેલી જિનભક્તિની કસર, તે કસર અહીં કાઢી નાખવી જોઈએ, જેથી ભવાંતરે પાછી વિમાસણ ન થાય. એ માટે પણ સર્વાંશે જિનાજ્ઞાનું પાલન જે ઉચ્ચ કોટિની અને વિશુદ્ધ જિનભક્તિ છે, એ અપનાવી લેવા સંસારત્યાગ અને જિનાજ્ઞાવિહિત શુદ્ધ સંયમગ્રહણ-પાલન સ્વીકારી લેવું જોઈએ....'

ધનસાર આ વિચારણા કરતો પંથ કાપી રહ્યો છે.

બોલો, આમાં છે ક્યાંય અધમ વિચારણા ? ઉત્તમ દિલમાં અધમ વિચારણા ઊઠે નહિ. અધમ વિચારસરણી ચાલે નહિ. ધનસારે સારી સ્થિતિમાં આ સાસરિયાને સારો ટેકો કરી ઊંચે લાવવાનું કર્યું હશે પણ અત્યારે એમની તરફ તદ્દન રુક્ષ

વ્યવહાર અને અવગણનાના જેવું દેખાવા છતાં એને એમ નથી થતું કે 'આવા નિર્દય અને હરામી માણસોને મેં ક્યાં સહાયતા કરી ?' કેમકે

**સહાયતા કરેલી એ એક પ્રકારનું સુકૃત કર્યું, એ સુકૃત સામાની કૃતઘ્નતાના વાંકે બાળી નખાય નહિ.**

**સુકૃત કર્યાનો જો પાછળથી પસ્તાવો કરીએ તો સુકૃત બળી જાય.**

**'સુકૃત બળી જાય' એટલે ?**

(૧) સુકૃત કરીને ભવાંતર માટે ઊભા થયેલા સુકૃતના સુખદ જ સંસ્કાર બળી જાય.

(૨) એથી ભવાંતર માટે સુકૃતની શક્તિ ક્ષીણ થઈ જાય, સુકૃતની ભાવનાને તાળું લાગી જાય.

(૩) વળી, સુકૃતથી ઊભું થયેલું પુણ્ય સુકૃતના પસ્તાવાથી ક્ષય પામતું ચાલે.

(૪) સુકૃતનો પસ્તાવો કરતાં, બીજી પણ અધમ વિચારણા ચાલવા માંડે મહાન આર્તધ્યાન થાય,

(૫) જેના પ્રત્યે સુકૃત કરેલું, સુકૃતના પસ્તાવામાં એના પર ગુસ્સો રહ્યા કરે,...આવા બધા સુકૃતના પસ્તાવામાં મહાન નુક્શાનો જોતાં ! સામાંના વાંક પર પણ કોણ સુજ્ઞ સુકૃતનો પસ્તાવો કરે ? કોણ સુજ્ઞ પોતાના જ સુકૃત બાળી નાખે ? સામાના ગુનાએ આપણે મૂડી ગુમાવવાની મૂર્ખાઈ કરવી ?

ધનસાર આ સમજે છે એટલે એના મનને થતું નથી કે 'આ અભાગિયાઓને મેં ક્યાં સહાયતા કરેલી ?' વળી પોતાનાં કર્મનો , કર્મ બંધાવનાર પોતાના પૂર્વ દુષ્કૃતનો દુષ્કૃતકારી પોતાના આત્માનો જ વાંક જોતો હોય ત્યાં સામાનો વાંક પણ શાનો દેખે ? તેથી એમના પર એ લેશમાત્ર પણ ગુસ્સો શું કામ કરે ? એ સમજે છે કે

**(૧) સામાનો વાંક હોય તો ય આપણે ગુસ્સો કરવો એ આપણો નવો ગુનો છે, અને એથી પાપ બંધાય છે.**

**(૨) વળી ગુસ્સો કરવામાં આપણા અનાદિના ગુસ્સાના સંસ્કાર ગુસ્સાની પાપસંજ્ઞા દૃઢ થાય છે.**

જગતની વચ્ચે જીવન જીવતાં આડાઅવળાં વિષમ પ્રસંગો અને વિષમ સંયોગો તો આવ્યા જ કરવાનાં ત્યાં આપણે ગુસ્સાના દ્વેષથી આપણું દિલ શા માટે બગાડવું ? ખરું જોતાં તો આ ઉત્તમભવ ક્ષમાસમતા-મૈત્રીભાવ ખૂબ ખૂબ કમાઈ લેવાનો સોનેરી અવસર મળ્યો છે, તો એમાં એ જ કરી લેવું જોઈએ; ને તે આવા વિષમ અણગમતા બનાવમાં જ ખાસ કરીને ક્ષમા-સમતા વગેરે કમાવાનો અવસર



ગણાય. નહિતર સામા તરફથી સારાસારીમાં તો શી ક્ષમા કેળવવાની મળે ?

ધનસાર આ બધું સમજે છે એટલે એને સાસરિયા પર લેશ માત્ર ગુસ્સો નહિ, બલ્કે 'એમનું ભલું થાઓ,' એવી મૈત્રીનો ભાવ એના દિલમાં વહ્યા કરે છે. આમ વિચાર કરતો કરતો ચાલી રહ્યો છે. એમા મધ્યાહ્નને પેલું તળાવ આવી લાગ્યું.

**ધનસાર પથરાનું પોટલું બાંધી લે છે :-**

પાસે કશું ભાતું નથી, પણ થાક ઉતારવા એ તળાવની પાસે જઈ હાથ પગ થાક ઉતારવા એ તળાવની પાસે જઈ હાથપગ મોં ધોવે છે થોડો વીસામો કરતાં વિચાર કરે છે કે,-

'ઘરે તો જઈશ, પરંતુ ખાલી હાથે જાઉં છું એટલે બાઈ બિચારી નિરાશથઈ જશે કે હાય ! ખાલી હાથે પાછા આવ્યાં ? મારા પિયરયાં આટલા બધા નિષ્ઠુર કે એક પૈસાની ય ઓથ ન આપી ?' એમ એને મને ખાલી હાથે આવેલો જોઈ કષાય પણ થાય, માટે પ્રથમ દર્શને તો હું એને નિરાશ ન થવા દઉં; કષાયમાં ન ચડવા દઉં. એટલા માટે અહીં ગોળ ગોળ પથરા સારા પડ્યા છે, તો એનું પોટલું બાંધીને લઈ જાઉં; જેથી એને પ્રથમ દર્શને લાગે કે પિયરથી સારું આપ્યું લાગે છે. વળી આ પથરા વેપારીને જોખવા ધડા માટે કે કાટલાના માપ માટે આપીશ તો જે ૧-૨ દિવસના રોટલા નીકળ્યાં એ લાભમાં છે.'

**માનસશાસ્ત્રની પદ્ધતિ :-**

ભારતમાં માનસશાસ્ત્ર (સાયકોલોજી) અનુભવીઓના અનુભવમાં હતું. દા.ત. શોકના સમાચાર પ્રથમ તબક્કે ન કહેવાય કોઈ બિમાર વાલેસરીનાં મૃત્યુના સમાચાર શી રીતે આપે છે ? આમ, 'આ જાુઓને ભાઈની બિમારી વધી ગઈ છે. બહુ ગંભીર સ્થિતિ થઈ ગઈ છે. બધાના જીવ ઊંચા થઈ ગયા છે. કે હવે ક્યારે શું થાય તે કહેવાય નહિ...' આમ વાત લંબાવતાં સામાને લાગે કે 'ત્યારે તો આ અહીં આવ્યા એટલામાં શું ય થયું હોય ?' પછી પેલો લંબાવે 'હવે ડાક્ટર પણ કહે છે બચવાની કોઈ જ આશા નથી...' પણ તમે હવે ગભરાઈ જતા નહિ, આપણા હાથની વાત નથી...'

આમ કહેતાં સામો કહે 'એ તો બરાબર છે આમાં આપણું શું ચાલે ? પણ મને ખૂબ લાગી આવે છે.' 'લાગે તો ખરું ને આ તો તમને ૧૦ મિનિટ પહેલાંની સ્થિતિ કહી પણ પછી છેલ્લા સમાચારમાં એમનો જીવનદીપક બૂઝાઈ ગયો. આપણાં ભાગ્ય નબળા કે સારી છાયા ગઈ...'

આ શું છે ? માનસશાસ્ત્રની પદ્ધતિ.

ધનસાર એમજ વિચારે છે કે 'બાઈને પ્રથમ દર્શને નિરાશ ન થવા દઉં.

પિયરિયા પર કષાયમાં ન ચડવા દઉં' એ વિચારીને એણે પથરાનું પોટલું બાંધી એ લઈને આગળ ચાલ્યો.

**દાનનો ચમત્કાર :-**

અહીં એવું બને છે કે ધનસારે આગલે દિવસે ઉત્કૃષ્ટ ભાવથી મુનિને જે સાથવાનું દાન કરી દીધેલું, અને પછી પણ સાસરાના રસ્તે જતાં ભારોભાર અનુમોદના કરેલી કે 'હાશ ! સાસરેથી કાંઈ મદદ મળે કે નહિ, તો ય મારે તો આ સાસરે જવાનું ખરેખરું સફળ થઈ ગયું કે આવા સંયોગમાં મહાત્માને દાન દેવાનો અપૂર્વ લાભ મળી ગયો !' આ દાન અને વારવારની એની અનુમોદનાએ એવું શીઘ્ર ફળદાયી પુણ્ય ઉપાજર્યું કે અહીં હવે વનના રસ્તે ઘર તરફ ચાલતાં વનદેવતા દિવ્યજ્ઞાનથી જોઈ રહ્યો છે કે આ કોણ જાય છે ?

**દેવતાનું આકર્ષણ :-**

દેવતાએ દિવ્ય જ્ઞાનથી સમગ્ર સ્થિતિ જાણી લીધી. એના મનને થયું કે 'અહો ! કેવો ઉમદા આ ધર્માત્મા ! કે જે સાસરિયાને એણે સારી સ્થિતિમાં દીધેલું એમણે જ આજે આને કપરી સ્થિતિમાં મોં પણ નહિ આપ્યું ? છતાં આ મહાન આત્માને એમના પ્રત્યે જરાય કષાય નથી થતો. ધન્ય શ્રાવક ! એમનું કશું જ હલકું ન વિચારતાં પોતાના પૂર્વ કર્મ અને પૂર્વ દુષ્કૃતની ખામી વિચારી રહ્યો છે ! એમની જ નિંદા કરી રહ્યો છે ! અને હવે ત્યાગ અને ઊંચી જિનભક્તિની ભાવના કરી રહ્યો છે ! તો મારે આવા ઉચ્ચ કોટિના આત્માની ભક્તિ કરવી જોઈએ.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૨૫,અંક-૨૬,તા.૫-૩-૧૯૭૭**

બસ, દેવતાએ દિવ્યશક્તિથી ધનસારના પોટલામાંના પથરાને જાજ્વલ્યમાન રત્નો બનાવી દીધા.

**'દેવા વિ તં નમસંતિ જસ્સ ધમ્મે સયામણો.'**

શાસ્ત્ર કહે છે કે 'દેવતાઓ પણ તેને નમસ્કાર કરે છે જેનું મન હંમેશા ધર્મમાં હોય છે' નમસ્કાર કરે એટલે અવસરોચિત ભક્તિ પણ કરે. પરંતુ જોજો હોં, ધર્મ એ માટે કરતા નહિ; નહિતર મન પૈસામાં લાગવા જતાં શુદ્ધ ધર્મમાં નહિ રહે, ને દેવતા ભક્તિ કરવા નહિ આવે.

**'મન સદા ધર્મમાં' એટલે**

**(૧) ધર્મનાં ફળ પૈસા આદિમાં નહિ, પણ ધર્મમાં**

**(૨) ધર્મના વિરોધી કષાયમાં નહિ, પણ મૈત્રીભાવાદિમાં,**



**(૩) આપત્તિમાં ય હાયવોય-કુવિકલ્પોમાં નહિ, પણ ધર્મનું વિશેષ શરણ લેવામાં.**

આ જો સાચવો તો દેવતા તુષ્ટમાન થાય, ને છતાં એમાં વિશેષ ધર્મ તરફ દિલ ઝૂકે. અહીં જોજો દેવતા આટલો ચમત્કાર સરજે છે છતાં ધનસાર ધર્મનું આગળ કેવું શરણું વધારે છે !

ધનસાર ઘરે પહોંચ્યો. બારણામાં પેસતાં જ શ્રાવિકા પતિને પોટલા સાથે જોઈ રાજી રાજી થઈ ગઈ; કહે છે, 'પધારો પધારો, આ જુઓ તમે તો જતા નહોતા, પણ આ મેં પરાણે મોકલ્યા તો મારા બાપે તમને આ કેટલો બધો માલ આપ્યો લાવો ઉપાડી લઈ અંદર મૂકી દઉં !'

ધનસાર સમજે છે કે 'ચાલો, પ્રથમ દર્શને તો બાઈ નિરાશ-દુખિત ન થઈ. રાજી રાજી થઈ ગઈ એ સારું થયું.' એમ વિચારી પોટલું એને દઈ દે છે, કહે છે 'હમણાં છોડવાની ઉતાવળ ન કરશો. ભૂખ લાગી છે, તો પહેલાં જમાડી દો.'

શ્રાવિકાએ પોટલું અંદર ઓરડામાં મૂકી ઝટપટ રોટલા ટીપી નાખી ચણાનું વેસણ વઘારી પતિને જમવા બેસાડી દે છે; ને પોતે માલ જોવાની તીવ્ર જિજ્ઞાસાથી પતિને પીરસીને ઓરડામાં પોટલાંના માલ જોવા જાય છે. આતુરતા છે ને ? મારા બાપે શું શું આપ્યું છે, લાવ જોઉ તો ખરી.'

ત્યાં ધનસારને ફાળ પડે છે કે 'હમણાં ને હમણાં જોઈને પોક મૂકશે ! એટલે તરત બોલી ઊઠે છે 'જરા ખમો તો ખરા હવે ઘરમાં આવેલું ક્યાં જતુ રહેવાનું છે ? મને જમીને આવવા દો.'

પણ શ્રાવિકા શાની ખમે ? એણે તો ઝટ પોટલું ખોલ્યું, ને અંદરમાં ઝગમગ ચળકતાં મોટાં મોટાં રત્નો જોઈ રાજીની રેડ થઈ ગઈ, ઝટ ગાજી ઊઠી,-

'અહાહા ! આટલું બધું અઢળક ધન ?'

**ધનસાર-પત્નીનો સંવાદ :-**

ધનસાર કહે 'ધીમેથી બોલો, બહારના કોઈ સાંભળે તો સારું નહિ.' પોતે મનમાં વિચાર કરે છે કે 'આ બાઈ શું મશ્કરીમાં તો નથી બોલી રહી ? ખેર ! સારું થયું કે એણે પથરા જોઈને પોક ન મૂકી'

ધનસાર કહે 'આ શું મશ્કરીમાં બોલો છો ? પથરાને ધન કહો છો ?

શ્રાવિકા કહે 'પથરા શાના ? આ જુઓ તો ખરા કે પથરા છે કે રત્નો ? એમ હું કાંઈ આવે સમયે મશ્કરીમાં બોલું ?

ધનસાર ઝટપટ જમવાનું પતાવી અંદર આવીને જુએ છે તો ખરેખર મોટાં મોટાં રત્નો જ છે ! ઝગારા મારતા ! ને મોટા રાજા પાસે ન હોય એવાં ! એના

મનને થાય છે કે 'મેં તો પથરા જ બાંધેલા, પણ પુણ્યે એને રત્નો બનાવી દીધા લાગે છે. ગમે તે કોઈ દેવતાએ આ કર્યું લાગે છે.'

શ્રાવિકા કહે 'હેં મારા બાપુજીએ આટલું બધું ધન આપ્યું ?'

ધનસાર કહે,'આ બોલતા પહેલાં એટલું તો વિચારો કે તમારા બાપુજીને ત્યાં આવાં રત્નો હોય ? મોટા રાજાને ત્યાં આ ન મળે, પછી તમારા બાપુજી પાસે હોવાની શી વાત ?'

શ્રાવિકા પૂછે, 'તો તમે આ ક્યાંથી લાવ્યા ?'

ધનસાર કહે 'તમને કહું, પણ તમે તમારા પિયરિયા પર ગુસ્સો નહિ કરો ને ?'

'ગમે તે કહો ને ? જે કહેશો એ સંસારની જ ઘટના ને ? **સંસાર એવો જ છે, એમાં ગુસ્સો શું કરવાનો ?'**

ધનસાર કહે 'જુઓ ત્યારે અહીંથી હું નીકળ્યો...' એમ શરૂ કરી ઠેઠ પથરાની પોટલી બાંધી ચાલ્યો, ઘરે આવ્યો, ત્યાં સુધીની બધી હકીકત કહી; એમાં પોતાને પાછા વળતાં ઉત્તમ વિચારધારા ચાલી તે બધી પણ કહી પછી કહે છે.-

'જુઓ, એ મુનિના દાનનો પ્રભાવ કહો, કે પૂર્વના પુણ્ય જાગ્યાનો પ્રભાવ કહો, પણ કોઈ દેવ-પ્રયોગે પથરા જ રત્ન બની ગયા એ હકીકત છે. પરંતુ હવે ધ્યાન રાખજો કે ન તો આના પર રાગ-આસક્તિ-મમતા થાય, કે ન તો પિયરિયા ઉપર દ્વેષ કે ગ્લાની થાય. ત્યાંથી પૈસા ન મળ્યાં એ આપણા અશુભ કર્મનું કાર્ય છે ને અહીં રત્ન મળ્યા એ આપણા શુભ કર્મનું કાર્ય છે.  કર્મ કરે તે થાય; એમાં આપણું કોઈ સ્વાતન્ત્ર્ય નથી, કે આપણી કોઈ સંપત્તિ નથી, આપણી સંપત્તિ તો અનંતજ્ઞાન-દર્શન અને વીતરાગતા છે. એને કર્મસત્તાએ આવરી દીધી છે. માટે આપણું કામ કર્મસત્તાને ફગાવી દઈએ આપણી સંપત્તિને પ્રગટ કરવાનું છે. બોલો, હવે શું કરવું છે ?

શ્રાવિકા કહે, 'આટલી મોટી સંપત્તિ મળી છે, તો એનાથી મંદિર-પોષધશાળા-યાત્રાસંઘ-ઉપધાન વગેરે ધર્મનાં કાર્ય કરતા રહીએ ને ?'

**સંપત્તિ ને ઘરવાસમાં કેટલાં પાપ ? :-**

ધનસાર કહે એ તો તમારી સારી વાત છે, પરંતુ

(૧) આ જંગી સંપત્તિનો પરિગ્રહ રાખી બેસીએ ત્યાં સુધી એનો ભારી રાગ તથા મમતા રહે એનું શું ? શાસ્ત્ર કહે છે **'પરિગ્રહ ભારભર્યા પ્રાણી, પામે અધોગતિ દુઃખ ખાણી.'** વળી

(૨) વિષયવિલાસ તથા ષટ્કાયજીવ સમારંભનાં ઘોર પાપો ઊભાં રહે તેનું શું ?



(૩) ઘરવાસમાં પાપોની અવિરતિનાં ઘોરપાપ સમય સમય બંધાતા રહે તેનું શું ?

(૪) વળી ધનના પ્રેમથી ભગવાનનો પ્રેમ ને ધર્મનો પ્રેમ મોળો રહે એનું શું ?

(૫) સંપત્તિની પાછળ ક્રોધ- અભિમાન-માયા-લોભ વગેરે કષાયોનાં પાપ કેટલા બધાં કરવા પડે ?

(૬) ઘરવાસમાં સંપત્તિ-સુખ-સગવડ જેટલા મેળવતા જઈએ એટલી પુણ્યની મૂડી ખાલી થતી જાય અને બીજી બાજુ પાપની કચરાની ભરતી થયે જાય એનું શું ?

(૭) સાધુજીવનમાં જે ઉત્તમ દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્ભેળ સાધના થાય. અને જેના માટે જ આ એક માત્ર મનુષ્યભવ છે, એ બધું આરાધવાનું ઘરવાસમાં રહ્યે ગુમાવવા પડે એનું શું ?

માટે હે ભાગ્યવંતી ! આનો બધો વિચાર કરો. લાખો શું કે કરોડો શું, પૈસા પર મોહિત ન થઈ જાઓ કેમકે એ બધું આપણી આંખ મીંચ્યે ઊડી જવાનું છે. અને જીવને પાપનાં પોટલાં બંધાવી પરલોકમાં રવાના કરનારું છે, તો એવા ઊડી જનારા અને પાપનાં પોટલાં બંધાવનારા પૈસા ખાતર ઉત્તમ દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનાની સોનેરી તક જતી કરવી છે ?

બીજી એ પણ વાત છે કે શું તમને તમારા પિયરિયાના રુક્ષ વ્યવહાર પરથી સંસારનું માપ કાઢતા નથી આવડતું ? એ તો ઉપકારી, કે આપણને સંસાર ઓળખવાની તક આપી. માટે ભૂલા ન પડો. તમારા પોતાના માનેલા પિયરિયારૂપી સંસાર તરફથી અપમાન-અનાદર મળ્યા પછી પણ તમને સંસાર પર ફિટકાર નથી છૂટતો ? તે હજી પણ સંસારનાં ઠીકરા ચાટતા બેસી રહેવું છે ?

ધનસારે શ્રાવિકાને એવી તત્વસમજ આપી કે શ્રાવિકાની આંખ ખૂલી ગઈ

એ કહે છે, 'બરાબર, બરાબર, તમે કહો છો એ  સત્ય છે. આ તો હું ખોટી મોહમાં પડી ! રત્નોનું પોટલું જોઈને ભૂલી પડી ગઈ ! તો હવે આપણે ચારિત્ર લેવાની તૈયારી કરો, તમે મને ખરેખરા કલ્યાણમિત્ર મળ્યા.'

શ્રાવક-શ્રાવિકાનો સૂર થઈ ગયો; બંને જણ હવે વહેલી તકે સંસાર-કારાગારમાંથી છૂટી ચારિત્ર લેવા માટે ઉત્સુક બની ગયા પરંતુ આ ક્યારે બન્યું ? ધનસારે ચકચકતા લોભામણાં રત્નોની સામે પોતે સાસરામાં અનુભવેલ સંસારનું દુઃખદ અને અપમાનજનક સ્વરૂપ નજરમાં રાખ્યું ત્યારે; એ રાખીને વૈરાગ્ય ઝળહળતો જગાવ્યો ત્યારે

શું તમારે જીવનમાં એવા કોઈ વિષમ પ્રસંગ નથી બન્યા ? બન્યા હશે, પરંતુ એમાંથી ધડો તારવવાનું આવડવું જોઈએ.

**જીવનમાં કેટલાય દોષો એવા છે કે એનાં ખોટાં પરિણામના ધડા (દાખલા) વિષમ પ્રસંગોમાંથી મળી રહે છે.**

પછી બાહ્ય એ પ્રસંગો આપણા પોતાના જીવનમાં બન્યા હોય કે બીજાનાં જીવનમાં બનેલા આપણને જોવાં કે સાંભળવા મળ્યા હોય; પરંતુ એમાંથી ધડો લેવો હોય, શિખામણ તારવવી હોય તો તારવી શકાય છે. દા.ત.

કોઈએ પૈસાનું કે બીજી બાબતનું ખૂબ અભિમાન રાખ્યું, ઘમંડ રાખ્યો, અને પછી એવી વિષમ ઘટના બની આવી કે અભિમાન પલાયન ! અને દીનતા આવી ગઈ છે ને એવા એક વખતના શ્રીમંત, પણ આજે ગરીબ બની ગયેલા ? અથવા મીસા હેઠળ પકડાઈ ગયા ? કે કાયદાની આંટીઘુંટીમાં આવી ગયા ? છે ને આવા ? શું એના પરથી અભિમાન ન કરવાનો ધડો ન તારવી શકાય ? અરે ! પૈસા બધા જ ઊભા છે. પણ વહાલામાં વહાલી હોશિયાર પત્ની મોટી વયે મરી ગઈ અને છોકરાઓને કે પુત્રવધુને પનારે પડ્યાં ? યા એકનો એક હોશિયાર દિકરો મરી ગયો, ને બધો કારભાર માથે પડ્યો ? યા એની વિધવા પત્નીનાં આક્રંદ જોવાના આવ્યા ? અથવા છતે પૈસે કોઈ ટી. બી; લકવો, કેન્સર જેવો રોગ કે અકસ્માતમાં અંગ વિકલતા આવી ગઈ ? આવું ને આવું બની આવે છે ને ?

માણસને ધડો લેવો હોય તો આ અસાર સંસારમાં એવા કેટલાય અજુગતા પ્રસંગ જોવા મળે છે.

**અભિમાન તૂટ્યાનું દૃષ્ટાંત :-**

એક ભાઈ માબાપને સામાન્ય શક્તિવાળા ભાઈઓની સાથે દેશમાં મૂકી સકુટુંબ મુંબઈ જેવા મોટા શહેરમાં ઊપડ્યા. સારું કમાય છે, પણ પોતાના અને પત્ની-પુત્રના વટબંધ જીવન જીવવામાં કમાણી ખરચી નાખે છે. ને દેશમાં માબાપનો સહારો કંઈ મોકલતા નહિ. એમાં બન્યુ એવું કે એને કોઈ એકાએક વ્યાધિ ઊપડી આવી, એ ત્રણ દિવસમાં તો ભાઈ ઊપડ્યા પરલોકની મુસાફરીએ ! હવે એની લહેર ઉડાવનારી પત્ની અને નાના પુત્રો શું કરે ? થવું પડ્યું દેશ ભેગા, અને વહુને શરણું લેવું પડ્યું સસરાનું !

બોલો, આ ઉપરથી ધડો લઈ શકાય ને કે ધણી ને મોહિત કરી દઈ માબાપથી જુઆરું કરવું, જુદા દૂર જઈ રહેવું ને લહેર કરવી એ ખોટું છે ?

**સંસારમાં કેવી આફત ? :-**

નીકટના સગા ભાઈ-કાકા વગેરે સાથે રગડો માંડી બેસનારને અવસરે એ ભાઈ-કાકા વગેરને વળગતા જવું પડે છે ને ? પ્રસંગ જ એવો બની ગયો હોય તે શું કરે ? છોકરીને કોઈ ઉપાડી ગયું અને પોલિસ ખાતાથી તપાસ કરાવવી છે,



પણ પોતાને નહિ ને ભાઈને એ ખાતામાં લાગવગ છે. તો શું કરે ? ભાઈને શરણે જવું પડે ને ? એમ છોકરો કોઈ કાયદાની ચુંગાલમાં ફસાઈ પડ્યો, એને છોડાવવા માટે લાગવગ જોઈએ, અને તે લાગવગ કાકા કે ભાઈની પહોંચે છે તો શું કરે ? ભાઈ સામે અભિમાન રાખેલું શું કામ લાગે ? હવે તો એ ભાઈને જ આજીજી કરીને એ કામ કરાવવું પડે ને ? તો શું આ પરથી ધડો ન લેવાય કે 'ભાઈ કે કાકા વગેરે સગા સંબંધી સાથે રગડો માંડવો ખોટો ?' તો રગડો બંધ કરાય ને ?

આમ અભક્ષ્ય ખાતાં, રાત્રિભોજન કરતાં, બહુ વિલાસ કરતાં નુકશાનમાં ઊતરી જનારાને જોઈ શું ધડો લેવાય કે 'આ ખોટું, તો એનો ત્યાગ થાય કે નહિ ?'

**સંસારની પ્રવૃત્તિમાં કડવા અનુભવ કોને નથી થતા ?**

**ધનસારનો સંસારત્યાગ :-**

સગાસ્નેહીનું સો દહાડા સાચવવા છતાં ૧૦૧મેં દહાડે એ બગડતું દેખાય છે, તો શું એમ ન થાય કે 'આ રાગ કરવા ખોટા ?'

ધનસારે શ્રાવિકાને આ બતાવ્યું કે 'તમારા પિયરિયાનું ઘણું ય સાચવવા છતાં જુઓ એમણે મોં ન આપ્યું.

માટે સંસારના ચેતન કે જડ પદાર્થ પર રાગ કરવો વિશ્વાસ કરવો ખોટો. જ્ઞાનીઓ સંસાર પર વૈરાગ્ય કરવાનું કહે છે તે સંસારની વિશ્વાસઘાતિતા સમજીને જ કહે છે. પછી એવા સંસારનો ત્યાગ કરવો શું ખોટો ?

બસ, ધનસાર અને એની પત્નીએ સંસારત્યાગ કરી સંયમ-જીવનનો માર્ગ લેવાનું નક્કી કર્યુ, અને સંપત્તિનો સદ્વ્યય કરી નાખી સદ્ગુરુ પાસે ચારિત્ર લઈ લીધું.

ધનસારના જીવનમાં મુખ્ય વાત આ જોવાની હતી કે એણે કપરી સ્થિતિમાં મુનિને જે એકજ વાર દાન કરીને એની વારંવાર અનુમોદના કરેલી એકજ વારનાં દાન અને અનુમોદનાએ ચમત્કારિક ફળ દેખાડ્યું ત્યારે અનેક વારનાં દાન ને એની વારંવારની અનુમોદનાનાં અથાગ ફળનું પૂછવું જ શું ?

પેલા નંદરાજાને પડદામાંથી પંડિત શારદાનંદન આ કહી રહ્યો છે કે ગૃહસ્થને દાનધર્મ મુખ્ય છે દાનથી એનાં કેટલાયં પાપ ધોવાઈ જાય છે. પૂછો,-

**પ્ર.-** તો પછી માણસ પાપો કરતા રહે, અને દાન કરતો રહે તો શું શુદ્ધ થઈ જાય ને ? દાનથી પાપ ધોવાઈ જતા હોય તો તો પાપ કરવામાં વાંધો શો ? પછી ધર્મથી એ ધોવાઈ જાય.

ઉ.- એમ પાપો ન ધોવાય; કેમકે

**જેણે પાપ કરવામાં વાંધો ન માન્યો એનું તો હૃદય જ નિષ્ઠુર-કાળું થઈ ગયુ. કાળા હૃદયથી કરેલા પાપ તીવ્ર કર્મ બંધાવે.**

એમ તીવ્ર પાપકર્મ તો વિના-સંકોચ અને હૃદયના રાજીપાથી ઊભા કરતો ગયો; એ કાંઈ એની સામે દાન કરવા માત્રથી ન ધોવાય. 'પાપ કર્યે જઈશું અને દાનથી ધોઈ નાખીશું,' એમ માનનારે પહેલું તો પાપની સૂગ જ કાઢી નાખી પછી એ દાન કરશે એમાં જેટલો ઉલ્લાસ હશે એના કરતાં પાપો કરવામાં ઉલ્લાસ ભારે મોટો રહેવાનો. વ્યવહારમાં જુઓ, માણસ એમ વિચારે કે 'કાયદાનો ગુનો કરો પછી દંડ ભરી આવશું, તો ત્યાં શું ઉલ્લાસ દંડ ભરવામાં બહુ રહેતો હોય ? કે ગુના કરવામાં ? કહેવું પડે કે ઉલ્લાસ ગુના કરવામાં પારાવાર હોય; અને દંડ ભરવામાં તો ઉલ્લાસ એટલા પૂરતો કે ગુનાની મોટી સજાથી છૂટી જવાય છે. ગુના કરવામાં પારાવાર ઉલ્લાસ પણ એટલા માટે વર્તી રહ્યો હોય છે કે એ ગુનાથી ધન બહુ મળે છે,' એમ દેખાય છે અને ધનને જીવ સર્વેસર્વા માને છે. પછી એ ગુનાની સજાથી છૂટવા થોડું ધન દંડમાં નાખી આવે ત્યાં બહુ ઉલ્લાસ શાનો હોય ? એમ,

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૫,અંક-૨૭,તા.૧૨-૩-૧૯૭૭**

**'પાપ કર્યે રાખો, પછી દાનથી પાપ ધોઈ નાખશું,' એને ગુના કરી દંડ ભરનારની જેમ પાપાચરણમાં જ ભારે ઉલ્લાસ હોય, દાનધર્મમાં નહિ.**

પાપાચરણમાં અનહદ ઉલ્લાસ પણ એટલા માટે કે 'એથી બહુ સંપત્તિ અને સુખ મળે છે,' એમ માને છે, ને સુખ-સંપત્તિ એને પારાવાર આનંદ ઉલ્લાસ હોય છે. આ જોતાં,

**તીવ્ર ઉલ્લાસથી સેવેલાં પાપો મંદઉલ્લાસથી કરેલા ધર્મથી શે ધોવાય ?**

**તીવ્ર ઉલ્લાસથી કરેલો ધર્મ જ તીવ્ર ઉલ્લાસથી કરેલાં પાપને ધોઈ શકે.**

હવે જીવનમાં વિચારી જુઓ કે સંસાર ચલાવતી વખતે ઉલ્લાસ કેટલો બધો હોય છે ! અને ધર્મ કરતી વખતે ઉલ્લાસ કેટલો ? વહાલી પત્નીનું રૂપાળું મુખ જોતાં આનંદ-ઉલ્લાસ કેટલો ? અને ભગવાનનું મુખ જોતાં આનંદ કેટલો ? પૈસા લઈ આવતાં આનંદ કેવો ? અને પૈસા દાનમાં છોડતાં કેટલો ? જમણ જમતા આનંદ કેવો ? ને તપસ્યા કરતાં આનંદ કેટલો ? જો ધર્મનો આનંદ સામાન્ય કોટિનો છે, તો એનું કારણ શું ? આ જ કે ધન વગેરે પાપનો આનંદ બહુ છે. એટલે જ.

**ધર્મ કરાય છે, પરંતુ પાપમાં વાંધો નથી લાગતો; ને એ મિથ્યાત્વ છે.**

**માટે જ ધર્મ કરવાની પહેલી શરત આ છે કે પાપ ભૂંડો માનો પાપમાં આનંદ નહિ, અફસોસી રાખો.**



**પાપમાં રસ એને ધર્મમાં રસ નહિ; રસ નહિ ત્યાં વેઠ :-**

કહો છો ને ? કે ધર્મમાં રસ નથી આવતો. કયાંથી આવે ? પાપનો ભારે રસ હોય, પાપ સેવવામાં આનંદ ઉલ્લાસ હોય, ત્યાંસુધી ધર્મમાં રસ ન આવે. વાતોચીતો, કૂથલી, ને ગામગપાટાનો રસ હોય એને પ્રતિક્રમણમાં રસ ન આવે. એટલે તો કદાચ પ્રતિક્રમણ કરશે તો ય એ પૂરું થતાં જ વાતચીતો શરૂ કરી દેશે. પાછો માનશે કે 'આમાં મન ફોરું થાય છે !' એ સૂચવે છે કે એને પ્રતિક્રમણમાં મન ભારે થઈ ગયું ! શ્રમિત થઈ ગયું તેથી હવે વાતોચીતોથી એને ફોરું કરવાનું મન થાય છે !

જેમાં મન ભારે થતું હોય, એમાં રસ નહિ અનુભવેલો એ સૂચિત થાય છે. બાઈને ધણીના બે સગાનું રાંધતાં-કરતાં મન ભારે થઈ જાય છે. એને એમ લાગે છે કે 'મારે કેટલી વેઠ કરવાની ?' કેમકે એને એમા રસ નથી. પરંતુ એ જ બાઈને પોતાના ચાર પિયરિયા સગાનું રાંધતાં-કરતાં મન ભારે નથી થતું; કેમકે એમાં મનને રસ નથી, આનું કારણ કૂથલી વાતોમાં કે સાંસારિક ઈષ્ટ કાર્યોમાં રસ છે, આનંદ ઉલ્લાસ છે.

આ જ વાત છે, -પાપના રસ અને આનંદ ઉલ્લાસ હોય ત્યાંસુધી ધર્મમાં એ ન જાગે, માણસને જીવનમાં ધનનો બહુ રસ હોય છે તેથી દાનનો રસ નથી આવતો. અરે ! શીલધર્મ-તપધર્મમાં ય એટલો રસ નથી અનુભવી શકાતો. પ્રશ્ન થાય,

પ્ર.- પૈસાનો રસ હોય એમાં શીલ-તપમાં રસનો શો વાંધો આવે ?

ઉ.- વાંધો આ રીતે આવે છે,

**કોઈ પણ ધર્મનો રસનો પાયો વૈરાગ્ય છે. પૈસાના તીવ્ર રસવાળાને શીલધર્મ પણ કેમ નહિ ? :-**

વૈરાગ્ય વિનાનો ધર્મ એ ધર્મ નહિ; એવા વૈરાગ્ય વિનાના ધર્મમાં શુદ્ધ ધર્મરસ નહિ. અનંતીવાર ચારિત્ર સુધીના ધર્મને સેવ્યા. પરંતુ એ નિષ્ફળ કેમ ગયા ? કારણ, મૂળ પાયામાં વૈરાગ્ય નહોતો 'સંસારસુખ મીઠા; એ ધર્મથી મળે; માટે ચારિત્ર ધર્મનાં પણ કષ્ટ ઉઠાવી લો.'- આવી સમજથી ચારિત્ર લીધાં અને સારાં પાળ્યાં. આમાં સંસાર-સુખ પર વૈરાગ્ય ક્યાં આવ્યો ? તીવ્રરાગ આવ્યો. તેથી તો એના માટે ચારિત્રનાં કષ્ટ ઉઠાવ્યાં પછી સુખ મળ્યાં, પણ પાયામાં વૈરાગ્ય તો હતો જ નહિ, એટલે એ સુખમાં સારી રીતે રાચ્યા માચ્યા, એવા લીન બની ગયા કે બીજી કાંઈ શુધબુધ જ નહિ. જાણે એકેન્દ્રિય જેવા ગાઢ મૂર્છિત. પરિણામ ? એકેન્દ્રિયાદિ ભવોમાં ભટકતા થઈ ગયા. ભલે ને અનંતાનંતકાળમાં અનંતીવાર

ચારિત્ર લીધાં ને પાળ્યાં પરંતુ વૈરાગ્ય વિના જ; એટલે એનાં પરિણામમાં તો મળેલાં સુખમાં બેભાન જ ને ? અને પછી એકેન્દ્રિયાદિ ભવોમાં ભટકવાનું જ ને ? મોક્ષ શાનો થાય ? માટે જ કહો, જેને તીવ્ર ધનરાગ છે, એ શીલ પાળે, તપ કરે તે પણ ધન માટે; તેથી ત્યાં ખરેખર તો શીલ-તપ પર રાગ નહિ, પણ એથી નીપજતા ધન પર જ રાગ છે.

**ધર્મના પાયામાં વિષય-વૈરાગ્ય જોઈએ.**

**વૈરાગ્ય નહિ ત્યાં ધર્મ નહિ.**

હવે જો પૈસારૂપી વિષય પર અનહદ રાગ છે, એથી જ જો દાન ગમતું નથી, દાન પર રુચિ નથી થતી, દાન ન દેવા પર અફસોસી નથી થતી, મન જો મનાવી લે છે કે 'દાનથી જ તરાય એવું કાંઈ નહિ, શીલ અને તપથી ય તરાય,' તો આમાં શું આવ્યું ? દાનની ઉપેક્ષા-બિનગણતરી રાખી, દાનધર્મને બદલે પાપપૈસા પર તીવ્રરાગ રહીને પૈસા સંઘરી રાખવામાં કશો વાંધો ન લાગ્યો; એવો પૈસા-વિષય પર અનહદ રાગ રહ્યો, એટલે વૈરાગ્યના ફાંફા. પછી વૈરાગ્ય વિનાના શીલધર્મ અને તપધર્મ એ શુદ્ધ ધર્મ શી રીતે બને ? વૈરાગ્ય વિનાનો તો કોઈ પણ ધર્મ એ ધર્મ જ નહિ.

અહીં સવાલ થાય,-

**વિષયો ભૂંડાં, માટે શીલ ? ખાવું ખોટું માટે તપ :-**

**પ્ર.**- ભલે પૈસા વહાલા લાગ્યા એટલે દાન નથી કરતો પરંતુ શીલ પાળે છે એટલે વિષયસંગ તો ભૂંડા લાગ્યા જ હોય; એમ તપસ્યા કરે તેથી આહાર વિષય ભૂંડો લાગ્યો જ હોય, તો ત્યાં એટલા વૈરાગ્યવાળા તો શીલ-તપ બન્યા ને ? પછી એ ધર્મ કેમ નહિ ?

ઉ.- અહીં હૈયું તપાસવાની જરૂર છે કે એમાં વિષયો ખરેખર ભૂંડાં લાગ્યા છે ખરા ? તપ કરતી વખતે શું ખાવું ખરેખર ખોટું લાગ્યું છે ? શું મનને એમ થાય છે કે 'અરે ! આ વિષયસંગ અને આહારસંજ્ઞાથી તો ભવભ્રમણ ચાલે છે તો ક્યાં સુધી જનમ-મરણ કર્યા કરવાના ? લાવ, વિષય-સંજ્ઞા આહારસંજ્ઞાનો ત્યાગ કરી શીલ પાળું, તપ કરું, જેથી ભવભ્રમણ મીટે.' શું આમ વિષયો અને આહાર ભૂંડા લાગી શીલ-તપ ન આચરું તો ભવાંતરે રખડી પડું; ને એ આચરું તો પરભવે સારું પામું' એવું મનને થાય છે ? આવું થતું હોય તો એમાં પરભવે નરસું મળે, દુઃખ મળે એ ભૂંડું લાગ્યું, પરંતુ વિષયસુખ-આહારસુખ ક્યાં ભૂંડા લાગ્યા ?'

**જો સંસાર સરજનાર વિષયો અને આહાર સુખ ભૂંડાં તો એ સુખસર્જક પૈસા કેવા ? :-**



વસ્તુસ્થિતિ એ છે કે જો ભવભ્રમણ યાને ભવમાં સંસરણ-સંસાર જ ભૂંડો લાગ્યો છે, ને તેથી જ એ સરજનારા વિષયો અને આહારસુખ ભૂંડા લાગ્યા છે, તો પછી એ વિષયસુખ-આહારસુખ ભૂંડા લાગ્યા છે, તો પછી એ વિષયસુખ-આહારસુખ સરજનાર પૈસા કેમ ભૂંડા ન લાગે ? એ લાગે તો દાનનો રસ કેમ ન હોય ? કદાચ તીવ્ર દાનાંતરાયના ઊદયે દાન ન દઈ શકે એ બને, પરંતુ ત્યાં દાન ન દઈ શકવા પર પારા-વાર ખેદ હોય, માથું પછાડતો હોય કે 'કેવો હું અભાગિયો કે મોકો છતાં દાન નથી દઈ શકતો ? દાન ન દેવા પર પણ ખેદ અને ધન પર પણ પારાવાર દુઃખ કે 'અરેરે ! મૂર્ચ્છા કરાવનાર આ પૈસા કેવા ગોઝારાં ! એ મને કેવી દીર્ઘ દુર્ગતિમાં ભટકાવશે !' સમજી રાખો,-

**પ્ર.**- વિષયો પર વૈરાગ્ય અને ધન પર રાગ હોય એમ ન બને ?

**ઉ.- વૈરાગ્ય સમ્યકત્વની જેમ વિભાજિત નથી, પરંતુ એક અખંડ અવિભાજ્ય-ભાવ છે.**

જેમ સમ્યકત્વ એટલે સમગ્ર જિનવચન પર શ્રદ્ધા, સમગ્ર નવે ય તત્ત્વની શ્રદ્ધા પરંતુ એમ નહિ કે થોડા જિનવચન પર શ્રદ્ધા એટલે થોડું સમ્યકત્વ; 'નવમાંથી થોડા તત્ત્વની શ્રદ્ધા એટલે થોડું સમ્યકત્વ,' એવું નથી. અભવી-દુર્ભવી જીવ દેવતાઈ સુખ માટે ચારિત્ર લે છે ત્યારે એનામાં મોક્ષ સિવાય આઠે તત્ત્વની શ્રદ્ધા છે, છતાં એનામાં એટલું સમ્યકત્ત્વ નથી ગણાતું; એનામાં તો પૂરું મિથ્યાત્વ જ ગણાય છે. ભગવાનનાં ક્રોડો વચન પર શ્રદ્ધા હોય પણ, માત્ર એક વચન પર શ્રદ્ધા ન હોય તો ય શાસ્ત્ર ત્યાં મિથ્યાત્વ કહે છે. સમ્યકત્વ નહિ. માટે તો મહાવીર ભગવાનનો શિષ્ય જમાલિ પ્રભુનું એક જ વચન ઉત્થાપીને મિથ્યાદૃષ્ટિ બન્યો અને ડૂબ્યો. સમ્યકત્વ એક અવિભાજ્ય ગુણ છે.

**સમ્યકત્વ અવિભાજ્ય કેમ ? :-**

એટલા માટે તો શાસ્ત્રે કેવળજ્ઞાન સિવાય બીજા ઠેઠ અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન સુધીના સમ્યગ્જ્ઞાનના વિષય તરીકે જગતના કુલ જ્ઞેય પદાર્થના અનંતમા ભાગને જ કહ્યો, પરંતુ સમ્યગ્દર્શનનો વિષય જગતના સમસ્ત જ્ઞેયને ગણ્યા. જેમ કેવળજ્ઞાનનો વિષય ત્રણે ય કાળના સમસ્ત દ્રવ્યો અને સમસ્ત પર્યાયો, એમ સમ્યકત્વનો વિષય પણ એટલો બધો જ. કેવળજ્ઞાનીને જેમ જોવામાં એક પણ પર્યાય બાકી નહિ, એમ સમકિતની ને સદ્દહવામાં અર્થાત્ શ્રદ્ધા કરવામાં ત્રણે ય કાળનો એક પણ પર્યાય બાકી નહિ.

**કેવળજ્ઞાનીએ જ્ઞાનથી જોયેલા ત્રણેય કાળના સમસ્ત દ્રવ્યો-પર્યાયો પર સમકિતીને શ્રદ્ધા હોય, હોવી જ જોઈએ.**

એમાંના એક પણ પર્યાય ઉપરે ય જો શ્રદ્ધા ન હોય તો સમ્યક્ત્વ નહિ. આમ,

જેમ સમ્યક્ત્વ એક અવિભાજ્ય અખંડજ ગુણ છે, એમ વૈરાગ્ય પણ એક અવિભાજ્ય અખંડ ગુણ છે.

એટલે જગતના અમુક વિષયો પર વૈરાગ્ય અને બીજા વિષયો પર વૈરાગ્ય નહિ, એવું ન બની શકે. જેમ શ્રદ્ધા એટલે બધા જ ઈન્દ્રિય-વિષયો પર વૈરાગ્ય. સ્ત્રી પર વૈરાગ્ય, મેવા-મીઠાઈ પર વૈરાગ્ય, એમ પૈસા પર પણ વૈરાગ્ય.

**વૈરાગ્ય વિનાનો ધર્મ નહિ.**

એટલે શીલ-તપ આચરો, પણ જો પૈસા પર પણ વૈરાગ્ય ન હોય તો શીલધર્મ પણ ધર્મ ન બને, તપ પણ ધર્મ ન બને.

સંસારનું બધું જ અસાર લાગે, તુચ્છ લાગે, સારભૂત નહિ, માલવાળું નહિ, આત્માને માટે હિતકર નહિ. સંસારનું બધું જ ભલું નહિ, પણ ભૂંડું લાગે, એ વૈરાગ્ય; પછી પૈસા હો, વેપાર હો, વાડી બંગલો હો, પરિવાર-પ્રતિષ્ઠા હો, કે સત્તા-સન્માન હો, બધુ જ ભૂંડું. સંસારનું જે કાંઈ મનગમતું હો, એ બધું જ ભૂંડું લાગે એનું નામ વૈરાગ્ય.

**પાયામાં વૈરાગ્ય કેમ જરૂરી ? :-**

આ વૈરાગ્ય પ્રથમ પાયામાં જરૂરી એટલા માટે છે કે એ થવા પર જીવ પછી દોષો અને પાપો સેવતાં આંચકો ખાય છે, ને ધર્મનું શરણું લે છે. લોભ-ગુસ્સો-અભિમાન-ઈર્ષ્યા વગેરે દોષો નિઃસંકોચ નિર્ભયપણે કેમ સેવાય છે ? સંસારના વિષયોની ખાતર, વિષયોને માલવાળા મહત્ત્વના માન્યા છે માટે-એમ, હિંસા જૂઠ અનીતિ વગેરે પાપો શા માટે આચરે છે ? સંસારની સારભૂત માનેલી વસ્તુ ખાતર આવા દોષો અને પાપ-દુષ્કૃત્યો સેવરાવનાર સંસારના વિષયો છે, એ સારા કહેવાય ? એ સારા મનાય કે ભૂંડા મનાય ? ધર્મ કરતો હોય છતાં આ ભૂંડા ન માન્યા હોય, તો પાપસેવન નિઃસંકોચ ચાલુ; ત્યાં ધર્મ કર્યો શાનો કહેવાય ?

મહાન આત્માઓએ મોટા રાજ્ય અપ્સરા-શી રમણીઓ, મોટી સમૃદ્ધિઓ કે માતા-પિતા વગેરેના વહાલ કેમ એક પલકમાં પડતા મૂકી સંસારમાંથી નીકળી ગયા ? ને ચારિત્ર લઈ લીધું ? આટલા જ માટે કે એ બધું રાગ-દ્વેષ-મોહ-માયા વગેરે પાપો સેવરાવનારું હોઈ ભૂંડું લાગ્યું માટે.

**મોટા ચક્રવર્તી વગેરેએ વૈરાગ્ય વધવા પર પલકમાં બધું છોડ્યું.**

સગર-સનત્કુમાર વગેરે ચક્રવર્તીઓએ છ ખંડનાં સામ્રાજ્ય-સત્તા, નવવિધાન-ચૌદરત્ન અને એક લાખ બાણું હજારનું અંતઃપુર, બધું જ પળવારમાં મૂકી દીધું ! શાલિભદ્રે નિત્ય નવી આવતી દેવતાઈ ઝવેરાત વગેરે માલ ભરી નવાણું પેટીઓ



કાચી સેકંડમાં છોડી દીધી, ૩૨ યુવાન રમણીઓ અને વહાલસોયી ભદ્રામાતાને ક્ષણવાર વહેતા મૂક્યા, જંબુકુમારે ૯૯ ક્રોડ સોનૈયાની સંપત્તિ એક તણખલાની જેમ પલકમાં તરછોડી દીધી.

આ બધું કેમ છોડ્યું ? કહો, એ બધું રાગાદિ દોષો અને હિંસાદિ પાપો આચરાવનારું દેખ્યું માટે. એ બધું આત્માનું ભલું કરાવનારું નહિ, પણ આત્માનું ભૂંડું કરાવનારું દેખ્યું માટે છોડ્યું. માતાને ય છોડી. માતા ઉપકારી અને ગુણિયલ તરીકે સારી; પરંતુ આપણને પોતાને એના પર મોહ-મમતા થાય તેથી ભૂંડી.

**વિષયોમાં આ ભૂંડાપણાની દૃષ્ટિ એનું નામ વૈરાગ્ય.**

એ ઉત્કટ જાગે ત્યારે ભૂંડા એ વિષયોનો સર્વ ત્યાગ કરી સર્વથા નિર્દોષ-નિષ્પાપ સેવાય, અને સર્વત્યાગની તાકાત ન હોય, તો કમમાં કમ રાગાદિ દોષો અને હિંસાદિ પાપો પર અંકુશ મૂકાય.

મૂળ પાયામાં વૈરાગ્ય અર્થાત્ જગતની વસ્તુમાં અસારતાનું ભૂંડાપણાનું દર્શન હોય તો દોષ-દુષ્કૃત્યોથી બચવાનું મન થાય, એ સેવતાં હૈયામાં કંપ થાય, ગ્લાની રહે.

**સંસારના પદાર્થોમાં ભૂંડાપણાનું દર્શન રહે ત્યારે જ પરમાત્માની સાચી ભક્તિ થાય.**

**પરમાત્માની સાચી ભક્તિ આ કે જગતનું બધું બેકાર માની પરમાત્માને જ એક તારણહાર દેખી એમનું શરણ લેવાય. એમને ભજાય.**

**અંતે જેને ભજો, એની ભક્તિ થઈ.**

પછી ભલે પરમાત્માનું માત્ર નામસ્મરણ કરો, તો પણ એ એમની સાચી ભક્તિ છે. બાકી પૈસા સારા માન્યા પત્ની તારણહાર માની, તો પછી મોકો દેખીને પરમાત્માને હીરાના હાર ચડાવો તો ય એ સાચી ભક્તિ નહિ બને; કેમકે એમાં તો એ કરીને સારા માનેલા પૈસા-પત્ની વગેરે બધું તાજું લીલુંછમ રાખવાની ગણતરી હશે. એટલે ખરેખર તો ભક્તિ આ બધાની થઈ ગણાય. અંતે જેને ભજો એની ભક્તિ કરી કહેવાય. પ્રભુને ભજીને ય અંતે પૈસા વગેરેને ભજવાનું કર્યું, તો ખરેખર ભક્તિ તો પૈસા આદિની જ કરી ગણાય ને ?

**સર્વતોમુખી વૈરાગ્ય આટલા માટે જરૂરી છે કે પછી એકાન્તે પરમાત્માની ભક્તિ થાય.**

જો વૈરાગ્યમાં કમીના રાખી, જગતના એકાદ પણ વિષયને સારો માલદાર લેખ્યો, તો પરમાત્માને ભજતાં ય દૃષ્ટિ એ માલદાર માનેલા વિષયને લીલોછમ રાખવા પર જશે. એટલે અંતિમ ભક્તિ પરમાત્માની નહિ, પણ એ વિષયની થઈ ગણાશે.એટલે જ આ વાત છે કે

પૈસા પર વૈરાગ્ય નહિ એટલે પ્રભુભક્તિમાં છતે પૈસે દાન દેવાનું મન નથી થતું. પ્રભુની ભક્તિમાં ધન ખરચવાનું ન કરતાં માત્ર મંજીરા વગાડી પ્રભુભક્તિ કરવી છે, અને 'પ્રભુભક્તિમાં પૈસા ખરચવાની કશી જરૂર નથી,' એમ માનવું છે, તો ત્યાં પ્રભુના પ્રેમ કરતાં પૈસાનો પ્રેમ ઉપરવર રહેવાનો, દિલ પૈસાને વધારે ભજવાનું. ત્યાં ખરેખર પ્રભુભક્તિના વાંધા; કેમકે વૈરાગ્યના વાંધા.

**સાચી પ્રભુભક્તિ વૈરાગ્ય માગે છે; ને**

**સાચો વૈરાગ્ય પૈસા વગેરે સમસ્ત વિષયોમાં અસારતાનું-દોષકારિતાનું પાપકારિતાનું ભુંડાંપણાનું દર્શન માગે છે.**

**શું ?** પૈસા વગરે દુન્યવી પદાર્થો બધા અસાર દોષો સેવરાવનારા, પાપો કરાવનારા, આત્માનું ભૂંડું કરનાર દિલને આવું દર્શન થાય તો વૈરાગ્ય થયો ગણાય.

રાજા શ્રેણિકને આ દર્શન હતું. એટલે આમ એક રત્નકંબળ લેવા માટે સવાલાખ સોનૈયા વેડફી નાખવાની તૈયારી નહિ, તેથી આમ એ પૈસા પર રાગ ખરો કિન્તુ સાથે વૈરાગ્ય હતો; પૈસા પર ઉપલકિયો પ્રેમ હતો ને પ્રભુ મહાવીર ભગવાન ઉપર અત્યંત પ્રેમ હતો, તેથી પ્રભુની સુખશાતાના સમાચાર સાંભળતાં રોમરાજી ખડી થતી અને એ સમાચારના લાવનારને ભારે વધામણીદાન દઈ દેતા; પૈસામાં ભૂંડાપણાનાં દર્શન વિના આ બને ! 'પ્રભુ સારા, પૈસા ભૂંડા,' આ દૃષ્ટિ હોઈ પ્રભુભક્તિમાં પૈસા રેલાવતા રહેતા.

ગૃહસ્થને પૈસા વિના ચાલતું નથી, છતાં એવાં પણ પૈસા પર વૈરાગ્ય હોય પૈસામાં ભૂંડાપણાનું દર્શન હોય, અને એટલે જ દાન હોંશે હોંશે કરાતું હોય, ત્યાં એવા જોરદાર શુભઅધ્યવસાય જાગે કે એથી કેટલાય અશુભકર્મોનો પાપનો ઉચ્છેદ થઈ જાય. માટે કહો,

**પૈસાની ગાઢ મૂર્ચ્છાનું બીજા શુભ ભાવ પર નિયંત્રણ છે :-**

પૈસાને બહુ વહાલા કરીને બીજી બાજુ સારું શીલ પાળે, વ્રત નિયમ આચરે, સારી તપસ્યા કરે તો પણ એમાં એવા પ્રબળ શુભ ન જાગે કે જે ઢગલો પાપનો ઉચ્છેદ કરે કારણ, એ શુભ ભાવ પર પેલી પૈસાની ગાઢ મૂર્ચ્છાના ભાવનું નિયંત્રણ હોય છે. તેથી જ શીલ પાળવા ને તપ કરવા પર ઉજમણું કરવાની વાત આવી તો એમાં અખાડા કરશે, 'એની શી જરૂર છે ?' એમ કહેશે. કેમકે શીલ-તપ કરતાં ય અધિક વહાલા પૈસા ખરચવા નથી. અરે ! કોઈ શીલવાન કોઈ તપસ્વીની ભક્તિ કરવાનો મોકો આવશે, તો એ કરવાનું એને નહિ પાલવે. 'અલ્યા ! પણ તું શીલ-તપનો બહુ આદર કરે છે ? તો પૈસા ખરચી એનાં સન્માન કર ને ?' ના, આમાં તો એને એમ લાગે છે કે 'આમાં નકામા પૈસા શું કામ વેડફી



નાખવા ?' કોણ મનાવે છે આ ? ધર્મ કરતાં પૈસા પર ગાઢ રાગ.

**(૧) પૈસા કેમ ભુંડા ? :-**

**લક્ષ્મી ગોઝારી છે. એ જીવને ધર્મ સારો લાગવા છતાં ધર્મનાં સન્માન ન કરવા દે.**

ત્યારે કહો જો, જે પૈસાની ગાઢ મૂર્ચ્છા ધર્મનાં સન્માન ન કરવા દે, દેવ-ગુરુ-ધર્મનાં સન્માન ન કરવા દે, કરવાના ભાવ પણ ન જાગવા દે, મનને ઊલટું એમ મનાવે કે 'આની શી જરૂર છે ?' એ ધન અને ધન-મૂર્ચ્છાના ભાવ કેવા રાક્ષસી ? કેવા દેવ-ગુરુ-ધર્મ-સંઘ સાધર્મિક પ્રત્યેનાં બહુમાન-સન્માનના ભાવને ખાઈ જનારા ? કેમ આમ ? કહો

પૈસા પર વૈરાગ્ય નથી માટે. 'પૈસા ભૂંડા કે અવસરોચિત દેવ-ગુરુ-ધર્મનાં સન્માન ન કરવા દે,' એવું પૈસામાં ભૂંડાપણાનું દર્શન નથી માટે.

**(૨) પૈસા ભુંડા કેમ ?**

પ્રેમ પાત્રમાં એ ભરપૂર ખરચાઈ ભવની બેડી રૂપ મોહને મજબૂત કરે છે. એવું પૈસામાં ભૂંડાપણાનું દર્શન નથી.

**(૩) પૈસા ભૂંડા કેમ ?**

વિષયભોગમાં ભરપૂર ખરચાઈ એ ભવમાં ભટકાવનારી ભોગવાસનાને દૃઢ કરી આપે છે' એવું પૈસામાં ભૂંડાપણાનું દર્શન નથી. તેથી વૈરાગ્યના ફાંફા છે.

**(૪) પૈસા ભુંડાં કેમ ?**

એ સાચવી રખાઈ ભારે મમત્વ-આસક્તિ કરાવી દુર્ગતિ-પ્રવાહના પાતાળ કૂવામાં ઉતારી દેનારી જાલિમ પરિગ્રહસંજ્ઞાને વજપાય કરે છે,'- આવું પૈસામાં ભૂંડાપણાનું દર્શન નથી, માટે વૈરાગ્ય નથી.

એટલે જ અવસરોચિત અને શક્ય એવા પણ દેવ-ગુરુ-ધર્મનાં સન્માન નથી કરવા.

ત્યારે એની સામે જો દાનવૃત્તિને ખૂબ ખીલવે ને દેવ-ગુરુ-ધર્મનાં સન્માનમાં પૈસાને વારે ને વારે રેલાવે, તો કેટલા બધા શુભ ભાવ હૈયે ઉછળ્યા કરે ? મનને એમ થાય કે 'વાહ ! કેવા તન-મન-ધનના વ્યયથી મને આ ભગવાન ભજવાના મળ્યા ! પહેલું તો આ વીતરાગ ભગવાન તથા સુસાધુઓ અને જૈનશાસન મળવા જ મુશ્કેલ. આજના કરોડો મનુષ્યોમાંથી કેટલાને એ મળ્યા છે ? એ મને મળી ગયા ? અને એમની ભક્તિમાં મારી નાશવંત ને ભૂંડી લક્ષ્મી લેખે લાગી ભલી થાય છે ? અરે ! આટલા પૈસા અહીં ખરચાયા ન હોત તો એ (૧) કેવા ષટ્કાયજીવ-સંહારમાં જાત ? (૨)કેવા સ્વજનમોહ અને વિષય ભોગને પોષત ? (૩) સચવાઈને એ કેવી પરિગ્રહ મૂર્ચ્છાને દૃઢ કરત ?

**ભલું થજો પ્રભુનું કે આ બધા જાલિમ પાપોથી બચી જવાનો અને યોગ્યનાં સન્માન કરવાનો આ મહાન દાનધર્મ બતાવ્યો !'**

આવું મનને થાય ત્યાં એ સ્વજનમોહ-વિષયભોગ જીવહિંસામય આરંભ સમારંભ અને પરિગ્રહવૃત્તિ પ્રત્યે ઘૃણાના શુભ ભાવને પોષે છે ! ઉપરાંત યોગ્યનાં ઉચિત સન્માનના કેવા સુંદર શુભભાવને પોષે છે !

આ શુભભાવો પાપોનો ક્ષય કરે એ સહજ છે. માટે પેલા શારદાનંદન પંડિતે પડદામાંથી જે કહ્યું કે ગૃહસ્થને દાનધર્મથી જબરદસ્ત પાપક્ષય થાય છે, એ યુક્તિ યુક્ત છે.

આ વિચારણામાં જે વાત આવી કે યોગ્યતાનાં ઉચિત સન્માન કરવા જોઈએ,

**એ યોગ્યના ઉચિત સન્માન કરવાનો શુભ ભાવ એ એક ઊંચી કોટિનો શુભ ભાવ છે. કદાચ તીર્થંકરપણાનું ય પુણ્ય લાવી આપે.**

**વીસસ્થાનકની આરાધનામાં એના ઊંચા સન્માન આવે :-**

આનું કારણ એ છે કે જુઓ અરિહંતપદ આદિ વીસસ્થાનકની આરાધના તીર્થંકરપણાનું પુણ્ય ઊભું કરી આપે છે. એમાં અરિહંત આદિની આરાધના શી રીતે થાય ? કહો એની આગળ માત્ર પૈસા જ શું સંસારનું બીજું બધું ફીકું લાગે, તુચ્છ લાગે, અને એ અરિહંત વગેરે પર એટલું બધું અથાગ બહુમાન હોય કે એની સેવા-આરાધના-સન્માન કરવામાં મારાં તન-મન-ધન બધુંજ તોડી નાખું' એવી હૈયા થનગનાટ હોય, 'એ કરવાના મારા અહોભાગ્ય ક્યાંથી !' એમ

**એ અરિહંત આદિની સેવા-ભક્તિ-સન્માન કરવા માટે તન-મન-ધન તોડી નાખવામાં અહોભાગ્ય માને.**

**અરિહંત બનવા અરિહંતનાં સન્માન જરૂરી.**

ત્યારે શું તીર્થંકરપણાનું પુણ્ય સસ્તું છે તે એમજ મળી જાય ? અરિહંત બનવું છે ને અરિહંતની પાછળ સઘળું ન્યોછાવર કરવાની તૈયારી જોઈએ છે; એમ એટલા તીર્થંકરપણાના ઉચ્ચ પુણ્યને માટે તીર્થંકરદેવના સન્માન કરવાનો ઊંચો-ઉત્કૃષ્ટ ભાવ જોઈએ છે, તો એથી નીચેના પુણ્ય માટે દેવ-ગુરુ-ધર્મનાં સન્માન કરવાને એથી નીચેની કોટિનો ય ભાવ તો જોઈએ ને ? કે પૈસાના મોહમાં એ સન્માન ન કરવાનો ભાવ ચાલે ? યાદ રાખજો,-

**'દેવ-ગુરુ-ધર્મ-સંઘ-શાસ્ત્રનાં સન્માન ન કરીએ તો ચાલે' એ ભાવ એ ગુનો છે, એમાં મિથ્યાત્વ છે.**



કેમ ગુનો ? ગુનો એટલા જ માટે કે દેવ-ગુરુ આદિને પૂજ્ય તો માન્યા, 'પૂજ્ય એટલે પૂજા-સન્માનને યોગ્ય,' પરંતુ પછી 'સન્માન કરીએ તો ચાલે એવો ભાવ રાખવો છે, તો એ ઢોંગધતુરો થાય. પછી એ અવસરોચિત એમનાં સન્માન નહિ કરે, ને પાછો માનશે કે આમાં પૈસા ખરચવાની શી જરૂર છે ? ન કરીએ તો ચાલે ! એટલે ? પૂજ્યનાં સન્માન એ કર્તવ્ય પરંતુ એને અ-કર્તવ્ય માનવાનો. આ મિથ્યાત્વ છે, કર્તવ્યને અકર્તવ્ય, અકર્તવ્યને કર્તવ્ય માનવું એ મિથ્યાત્વ છે. વળી કર્તવ્ય ન બજાવ્યાનો એને લેશમાત્ર ખેદ નથી, ઊલટું ડહાપણ લાગે છે કે 'ફોગટ પૈસા બગડતા બચાવ્યા !' એટલે મિથ્યાત્વ ગાઢ બને છે. તો આ શું ઓછો ગુનો છે ?

રાજાને પૂજ્ય માનતો હોય, પરંતુ રાજા આવે એટલે ઊભો ન થાય, એમની પાસે જતાં હાથ ન જોડે, પાછો બીજાને કહેતો હોય કે 'ઊભા ન થઈએ તો ચાલે, હાથ ન જોડીએ તો ચાલે,' એ જો રાજાના જાણવામાં આવે તો એનો કેવો ગુનો ગણે ? કહો, રાજાના શિસ્ત-વિનયને મહત્ત્વનું ન માનનારો જરૂર પડ્યે એને જેલમાં બેસાડી દે, અથવા બીજી મોટી સજા કરી નાખે.

મહારાણી વિક્ટોરિયાનો રાજ્યાભિષેક અહીં પણ ઉજવાયો. વાઈસરોય એના પ્રતિનિધિ તરીકે દિલ્હીના સિંહાસને બેઠો છે, અને દેશભરના રાજાઓ સલામી આપવા આવ્યા છે. એકેક રાજા વાઈસરોય પાસે આવી સલામી ભરી જાય છે. એમાં એક ફસ્ટ કલાસ સરકાર પણ ગયેલ, તે વાઈસરોયને સલામી ભરી તરત ત્યાંથી પૂંઠ વાળી પાછા ફરવાનું કરે છે. શું સમજીને પૂંઠ ? આજ કે 'અહીં વાઈસરોય એટલે મહારાણી એ પૂજ્ય,એમને સલામી તો ભરવી જોઈએ, પરંતુ એમને પૂંઠ બતાવીને ય પાછા ફરીએ તો ચાલે.' આ ગુનો કર્યો તો સજા કેવી થઈ ?

વાઈસરોય આ જોતાં જ પૂછ્યું 'Who is that stupid ?'
Sir the king of first class state,
Raja....'
'Is it so ? Get him descend to second class.'
શું કહ્યું ? 'આ મૂર્ખ કોણ છે ?'
'સાહેબ ! એ ફસ્ટકલાસ રાજયના રાજા છે.'
'એમ છે ? એમને સેકન્ડકલાસમાં ઉતારી નાખો.'

વાઈસરોયની માત્ર પૂંઠ કરીને ચાલ્યા એટલું સન્માન ન સાચવ્યું, તો શું પામ્યા ? દરજ્જો ઊતરી ગયો

**પૂજ્યનું સન્માન ન સાચવવું એ ગુનો છે.**

તમે રસ્તે ચાલતાં જિનમંદિર પાસેથી જતા હો, અને કમમાં કમ મનમાં પણ

'નમો જિણાણં' ન બોલો, નમસ્કાર ન કરો, તો એ જિનેશ્વર ભગવાનનાં સન્માનનો ભંગ છે, એ ગુનો છે.

સવારના જાગતાં જ 'નમો અરિહંતાણ' અરિહંતોને નમસ્કાર કરવાનું આ પણ એક કારણ છે કે દિનપ્રારંભે બીજી વસ્તુનાં સન્માન કરતા પહેલાં અનન્ય ઉપકારી અને સર્વોત્તમ પૂજ્ય અરિહંતનું ઉચિત સન્માન કરવું. એ ન કરો, ને જાગ્યા બરાબર મગજમાં બીજા ત્રીજા લફરા લાવો તો એ ગુનો છે.

**અયોગ્યનાં સન્માન કરવા એ ગુનો છે. પરંતુ યોગ્યનાં સન્માન ન કરવા એ મોટો ગુનો છે.**

**પૂજ્યની પૂજા ભૂલનારના લવારા :-**

કારણ સ્પષ્ટ છે- અયોગ્યનાં સન્માન કરવામાં કોઈ લોભ-લાલચનો દોષ પોષાય છે ને બીજાને ધડો ખોટો મળે છે. પરંતુ યોગ્ય પૂજ્યનું સન્માન ન કરવામાં અભિમાન પોષાય છે, ગુણની ઉપકારીની અવગણના થાય છે. અભિમાન અને ગુણીની અવગણના એ પેલા લોભ લાલચ કરતાં મોટો દોષ છે. લોભ-લાલચવાળો કદાચ મિથ્યાદેવ ગુરુને માનશે પૂજશે, પણ એમનું સન્માન નહિ ચૂકે, ત્યારે અહીં સુદેવ-ગુરુને માનવા છતાં જો અભિમાન અહંત્વમાં તણાયો, તો એમનાં ઉચિત અવસરે ઉચિત સન્માન નહિ સાચવે. પૂજ્યનાં સન્માન ભૂલનારો ઊલટું માનશે કે ''સવારે જાગતાં તરત જ અરિહંત નમસ્કાર ન કર્યો તો શું થઈ ગયું ? લફરામાં ભૂલીય જવાય. રસ્તે જતાં મંદિર આગળ 'નમો જિણાણં' ન બોલાય તો શું થઈ ગયું ? પછી ઠાઠથી દર્શન-પૂજા કરીએ છીએ ને ? પ્રભુભક્તિમાં આપણાં દ્રવ્યનું દાન ન કર્યું એમાં શું બગડી ગયું ? બીજી ભક્તિ વ્રત નિયમ તપસ્યા કરીએ છીએ ને ?...''

આ બધું શું છે ? ગાઢ અહંત્વ અને મિથ્યાત્વનું નાટક. અહંત્વ વશ નમસ્કાર તો ચૂકે છે, પણ ઉપરથી એ ન કરીએ તો ચાલે એવા મિથ્યાત્વના ભાવને પોષી રહ્યો છે ! પૂજ્યનું અવસરોચિત સન્માન ન કરવામાં આમ અહંત્વ અને ગાઢ મિથ્યાત્વની વિટંબણા છે.

બાપની આમ તો પગચંપી કરતો હોય, પરંતુ ચારની વચમાં બેઠો હોય ત્યાં બાપ આવે ત્યારે ઊભો ન થાય, એ નર્યું અભિમાન છે, પૂજ્યની અવગણના છે. પાછો વળી એ પોતાના અવિનયનો બચાવ કરે કે ઊભા ન થઈએ એમાં શું થઈ ગયું ? એ અવશ્ય કર્તવ્યની અવગણના છે. આમ પૂજ્યનું અવસરોચિત સન્માન ન કરવામાં અહંત્વ મિથ્યાત્વ વગેરે જટિલ દોષ પોષાય છે.

સન્માનને અયોગ્યનું સન્માન કરો એ નાનો ગુનો કિન્તુ સન્માનને યોગ્યનું



સન્માન ન કરો એ મોટો ગુનો.

રાજ્યદરબારે જાઓ, ત્યાં હવાલદારને પગે પડવા જેવું નહિ, પણ કદાચ પડો તે એમાં બહુ અજાગતું ન દેખાય; પરંતુ અંદર જઈ રાજાને પગે ન પડો અને અક્કડ ઊભા રહો, તો એ મોટો ગુનો ગણાય.

તમારા વ્યવહારમાં જુઓ,-કોઈ માણસ પત્નીને પગે લાગતો હોય તો એ કેવો લાગે ? પત્ની કાંઈ એવી સન્માનને યોગ્ય નથી. માટે એ અજુગતું કહેવાય પરંતુ અક્કડતાથી માતા પિતાને પગે ન પડે એ મોટો ગુનો છે, વધારે અજુગતું છે., પત્નીને પગે પડવામાં મોહનું પોષણ છે, પરંતુ માતાપિતાદિ પૂજ્યનું પગે ન પડવામાં અનાદર અને અભિમાન છે. અપૂજ્ય પર મોહ કરતાં પૂજ્ય પર અનાદર અને જાતનું અહંત્વ એ મોટો દોષ ગુનો છે.

**મૂર્તિ કેમ સન્માનને યોગ્ય ? :-**

ખુદ માતા પિતાનો અનાદર જ શું, પરંતુ એમના આસનનો અનાદર આસનને લાતે ફગાવવું, એ પણ મોટો ગુનો છે. નાદાન છોકરો એમ કરતો હોય તો મોટો ભાઈ એને તમાચ મારીને કહે છે,- મૂરખ ! બાપુજીના આસનને લાત મારે છે ?' એથી આગળ, બાપુજીના ફોટાને નાદાન છોકરો અવજ્ઞાથી પછાડતો-ફેંકતો હોય તો મોટો ભાઈ એને ધીબે છે. કેમ વારું ?

શું બાપુજીનાં આસન અને ફોટો એ બાપુજી છે ? નાદાન ભાઈ દલીલ કરે કે 'આ તો ચીંથરું ને કાગળ છે, એમાં બાપુજી આવી ગયા ? એનાં સન્માન શા?'

તો પિતૃભક્ત મોટો ભાઈએ ચલાવી લે ? કે કહે 'બીજા ચીંથરા-કાગળ જુદા, આ બાપુજીનાં આસન અને ફોટો એ જુદા. આ તો પૂજ્ય કહેવાય, સન્માનને યોગ્ય કહેવાય, અનાદરને યોગ્ય નહિ. આના અનાદર એ બાપુજીનો અનાદર છે ?

બસ, આ જો સમજાય તો પરમાત્માની મૂર્તિ અંગે પણ સમજાય. 'પ્રભુની મૂર્તિ એ પ્રભુ નથી, પાષાણ છે' એમ કહેનાર અબૂઝ છે. નાદાન છે, પ્રભુનો અનાદર કરનારો છે, ને સન્માન યોગ્યનો અનાદર કરવો, સન્માન ન કરવાં એ મોટો ગુનો છે.

**'પ્રભુ તો ભાવના ભૂખ્યા છે' એમ કહેનાર લુચ્ચા છે. :-**

એટલે હવે એમ ન કહેતા કે 'જિનમૂર્તિ ન માનીએ, ન પૂજીએ, એટલું ઓછું પુણ્ય મળે, પણ એમાં પાપ શું ?' પાપ એ રીતે કે યોગ્યના સન્માન ન કરવાં એ મોટો ગુનો છે, માટે એ પાપ છે. માટે જ આજે પ્રભુદર્શનથી પતાવનારા જે એમ કહે છે કે 'પ્રભુ તો ભાવના ભૂખ્યા છે, એમને પૂજાની શી જરૂર છે ?' એ મોટો ગુનેગાર છે, કેમકે એ મહાસન્માનને યોગ્ય પૂજાનો અપલાપ કરી મહાન

અનાદર કરી રહ્યા છે.

'પ્રભુ તો ભાવના ભૂખ્યા છે' એમ કહી પૂજા ટાળનારા લુચ્ચા છે., કેમકે સંસાર-વ્યવહારમાં એમ નથી કરતા. 'પત્ની તો મારા અંતરના પ્રેમની ભૂખી છે, એને એ પ્રેમ આપવાનો, પણ સારી સાડી ને સારા દાગીના આપવાની શી જરૂર છે ?' આ બધું લાવી આપું, તો જ મારા દિલમાં એના પર પ્રેમ ગણાય એને મેં પ્રેમ આપ્યો ગણાય.' આવું સમજનારો પ્રભુની સાથેના વર્તાવમાં કશું પ્રભુને ચડાવ્યા વિના ભાવ આપ્યો મનાવે તો શું એ લુચ્ચાઈ નથી ?

એટલા જ માટે આ ખૂબ ધ્યાનમાં રાખો કે

**પ્રભુની પૂજામાં આપણી શક્તિ ગોપવ્યા વિના આપણું જેટલું કિંમતી દ્રવ્ય ચડાવીએ એટલો આપણે પ્રભુને ભાવ આપ્યો ગણાય.**

**પત્નીના પલ્લે એવું પ્રભુના પલ્લે કેમ નહિ ? :-**

મંદિરમાં કોઈકે અર્પેલા દૂધ-ઘી અગરબત્તી-ચંદન-અંગલૂછણા-કેશર વગેરેથી પૂજા પતાવવાનુ શીખ્યા છો ને ? એમાં હૈયામાં પ્રભુ પ્રત્યે પ્રેમ-બહુમાનના ભાવ રહે ?' મારાં ઘી-દૂધ વગેરે મારે ખાવાનાં, પ્રભુને એમાંથી ટીકો !' એમ કરનારને પ્રભુ પ્રત્યે પ્રેમ છે ? પત્ની પ્રત્યેના પ્રેમને વશ કિંમતી દ્રવ્યો પત્નીના પલ્લે પાડનારો અહીં કેમ કિંમતી દ્રવ્યો પ્રભુના પલ્લે નથી પાડતો ? કહો પ્રભુ પર એવો પ્રેમ નથી માટે. એમ કહેતા નહિ કે -

**પ્ર.**- પત્ની તો એ સાડી વગેરેની ભૂખી છે, પણ પ્રભુ ક્યાં ભૂખ્યા છે ?

**ઉ.**- જરા એ તપાસો કે પત્નીને સારું સારું ધરો છો એ પત્ની ભૂખી છે માટે ? કે તમારા દિલમાં પ્રેમ ઉછળે છે માટે ? જો માત્ર પત્નીની ભૂખ કારણ હોય, તો તો પાડોશણ પણ એની ભૂખી છે, તો એને કેમ ધરતા નથી ? કહો, પાડોશણની ઉપર અમારા દિલમાં એવો પ્રેમ નથી માટે નથી ધરતા.' અને કોઈક કોઈક માણસ પાડોશણને કિંમતી વસ્તુઓ ધરતો હોય તો લોકો વહેમાય છે કે એના દિલમાં આ પાડોશણ પર પ્રેમ લાગે છે. મૂળ વાત આ, કે સંતોષી પત્ની સાડી વગેરેની ભૂખી ન હોય તો પણ પત્ની પ્રત્યે પ્રેમ ઊછળે છે માટે પ્રેમના પ્રમાણમાં પત્નીને કિંમતી દ્રવ્ય ધરાય છે. તો પછી પ્રભુ પર આપણા દિલમાં પ્રેમ ઊછળતો હોય તો પ્રભુની આગળ આપણાં કિંમતી દ્રવ્યો ધરાય નહિ ?

ઘરે સ્નેહી આવે, એ કાંઈ ચા-પાણીનો ભૂખ્યો નથી,છતાં તમારા દિલમાં એના પર સ્નેહ છે એ પેલાની આગળ ચા-પાણી ધરવાનું કરાવે છે. તમારી ગેરહાજરીમાં સારા સ્નેહી ઘરે આવ્યા ને ઘરવાળાએ ચા-પાણી ન ધર્યા એવી તમને જો પછીથી ખબર પડે તો એ ઘરવાળાની ભૂલ લાગે છે, એમણે ગુનો કર્યો લાગે



છે. કારણ ? સમજ છે કે

**સન્માનપાત્રનું યોગ્ય સન્માન ન કરવું એ ગુનો છે.**

**પ્રભુપૂજા સ્વદ્રવ્યથી નહિ એ ગુનો :-**

બસ, આ જ હિસાબે પ્રભુનું સ્વદ્રવ્યથી સન્માન ન કરવું એ ગુનો છે. પૂજા એ સન્માન છે એટલું સમજી રાખો તો પ્રભુ જેવા સર્વોચ્ચ પરમપુરુષનું સન્માન-પૂજા સ્વશક્તિ મુજબના સર્વોચ્ચ દ્રવ્યથી કરવાનું મન થશે; ને એ ન કરો તો ગુનો દેખાશે. પછી પ્રભુની પ્રક્ષાલનળીમાં પોતાના દૂધની દધૂડી મૂતરાવીને 'મેં સ્વદ્રવ્યથી પૂજા કરી' એવો સંતોષ માનવાનું નહિ કરાય. પરંતુ,

**પ્રભુને સન્માનયોગ્ય માન્યા પછી શક્તિ છતાં ઠીક દ્રવ્યથી પ્રભુનું સન્માન ન કર્યું તો એ ગુનો લાગશે.**

માનો કે બહાર ગામથી ગામમાં તમારા સારા સ્નેહી આવ્યા, તમે ગામમાં નહોતા, પણ તમારા ઘરવાળાએ એમને ઘરે તેડી વેઠ માની રોટલી-દાળ-ભાત-શાક જમાડ્યા; તમને ઘરે આવ્યા પછી ખબર પડી, તો શું તમે સંતોષ માનો ખરા કે ચાલો ઠીક થયું સ્નેહીની સરભરા-સન્માન પત્નીએ કરી લીધા ?' કે એના બદલે પત્નીનો ગુનો લાગે ? ગુસ્સો આવે ને સંભળાવી દો ખરા કે 'ભાનભૂલી ! તારા સગલા આવ્યા હોત તો એને રોટલી જમાડત ? કે શીરો પૂરી ?'

વાત આ છે ઉચ્ચ સન્માન યોગ્યનું શક્તિ ગોપવ્યા વિના એવું સન્માન ન કરાય તો એ ગુનો છે. આ જ હિસાબે ગૃહસ્થ જો દેવ-ગુરુ-સંઘ-સાધર્મિક વગેરેનું યથાશક્તિ યોગ્ય સન્માન ન કરે, આવશ્યક દાન ન કરે, પછી એ શીલ-વ્રત-નિયમ વગેરે ધર્મ કરતો હોય છતાં ગુનેગાર છે. ત્યારે.

**એ સન્માનનો દાનધર્મ નિઃસ્વાર્થભાવે સાચવે એના ભાવ ઊંચા છે.**

કેમકે એણે આ સમજી રાખ્યું છે કે સન્માન યોગ્યનાં ઉચિત સન્માન કરવાં જ જોઈએ. આ સમજ ન હોય અને જે એવું સમજી બેઠો હોય કે 'સન્માનાર્હનું સન્માન ન કરીએ તો ચાલે, વાંધો નહિ,' એના ભાવ કઠોર, નિષ્ઠુર, અને ઘમંડભર્યા તથા શાસ્ત્રવિરુદ્ધ છે. પછી આવા ભાવવાળો શીલ પાળે, તપ કરે, વ્રત નિયમ કરે, એની કિંમત શી ?

દિલમાં 'સન્માનયોગ્યનું સન્માન ન કરીએ તો ચાલે' એ કેવો ભાવ છે ? સન્માનયોગ્યની પ્રત્યે અનાદરનો જ ભાવ ને ?

**સન્માનયોગ્યની પ્રત્યે અનાદરનો ભાવ કોઈ પણ ધર્મસ્થાનકને દિલમાં બેસવા દે ખરો ?**

પ્રભુભક્તિ-સાધુસેવા-સાધર્મિકભક્તિ-જ્ઞાનભક્તિ વગેરેમાં ઉદારતા ન રાખતાં

કૃપણતા કરાય ત્યાં આ ખ્યાલ હોય છે ખરો ? કે 'હું સન્માનયોગ્યનું ઉચિત સન્માન ન કરીને અનાદર કરી રહ્યો છું.'

એથી ઊલટું, 'મારે સન્માનયોગ્યનું ઉચિત સન્માન કરવું જ જોઈએ' એવો ભાવ દિલમાં રખાય એ કેટલો સુંદર ભાવ છે ! એવા ભાવવાળો દાન દેવામાં તો કસર નહિ રાખે, પણ શીલ-વ્રત-નિયમ નથી કરી શકતો !' શીલ-વ્રતાદિ વિના ચાલે એવું એ હરગીઝ નહિ માને ; કેમકે સન્માનયોગ્યનું સન્માન કરવામાં માનનારો એવી શીલસંપન્ન, વ્રતધારી, તપસ્વી જ્ઞાની વગેરે વ્યક્તિને સન્માનયોગ્ય માની એમનું સન્માન કરનારો હોય છે. .

ત્યારે, પેલો, શીલ-વ્રત-નિયમ વગેરે કરનારો પણ કૃપણ તો 'સન્માનયોગ્યનું સન્માન કર્યા વિના ચાલે' એમ માનતો થકો બીજા શીલ વ્રતાદિ સંપન્નનું સન્માન નહિ કરે; અને એમ એમના શીલ-વ્રતાદિ પ્રત્યે એવા બહુમાનવાળો નહિ હોય. એ તો કહેશે 'ભાઈ ! એમનાં શીલ-વ્રતાદિ સારા, પણ તેથી ફોગટ રૂપિયા ભાંગીને એમનાં સન્માન કરવા પડે એવું કાંઈ નહિ' આમ રૂપિયા ઉપર બહુમાન એવું સન્માનયોગ્યનાં સન્માન પર નહિ. માણસથી હજી સન્માનમાં ખરચાય નહિ એમ બને, પરંતુ માન્યતા તો 'સન્માન કરવા યોગ્ય જ છે' એવી હોવી જોઈએ ને ? પરંતુ કૃપણતા અને પૈસા પર અત્યંત પ્રીતિ એ માન્યતા નથી રાખવા દેતી.

દાન અને કૃપણતા વચ્ચેનો આ મોટો તફાવત બહુ સમજી રાખવા જેવો છે જેથી એવી કૃપણતા ગાઢ ધનપ્રીતિમાં ફસાવવાનું થાય. 'સન્માનયોગ્યનાં ઉચિત સન્માનને ન કરીએ તો ચાલે' એવી મિથ્યા માન્યતામાં ફસાવાનું ન થાય; એમ ફસીને 'બીજા શીલ-વ્રતાદિ ધર્મ ધનથી સન્માનયોગ્ય જ છે એવું કાંઈ નહિ' એવા મિથ્યા લેખમાં ફસાવાનું ન થાય.

વાત આ છે કે 'સન્માનયોગ્ય ઉચિત સન્માન કરવા જ જોઈએ, છતી શક્તિએ ન કરીએ તો ગુનો છે,' આ ભાવ ઉમદા ભાવ છે. એવા ઉમદા ભાવથી શીલવાન તપસ્વી જ્ઞાની વગેરે બધે સન્માનમાં દાન કરતો રહે તો એથી વળી ઉમદા ભાવ ખૂબ વધે છે. ને એમાં આત્માના કેઈ પાપો ને દોષો નાશ પામે છે. કારણ કે એમાં શીલ-તપ-જ્ઞાન વગેરે પ્રત્યે આદર બહુમાન પોષાય છે.

માટે જ પેલા નંદરાજાને પડદામાંથી ગુરુ શારદાનંદન મંત્રીપુત્રીની પાસે બોલાવે છે કે **'गृही दानेन शुध्यति'** ગૃહસ્થ દાનથી શુદ્ધ થાય છે. રાજકુમારે જંગલમાં ઝાડ પર એના વિશ્વાસે એના ખોળામાં માથું મૂકીને સૂતેલા વાનરને નીચે વાઘના મોંઢામાં હડસેલી મૂકવાનું ઘોર વિશ્વાસઘાતનું પાપ કરેલું ને ? એ પાપની શુદ્ધિ કરવા માટે રાજાને ઉપાય તરીકે દાન બતાવવામાં આવે છે,-



**'राजंस्त्वं राजपुत्रस्य कल्याणं यदि वाञ्छसि ।**
**देहि दानं सुपात्रेषु, गृही दानेन शुध्यति ॥**

'હે રાજા ! જો તું રાજપુત્રનું કલ્યાણ ઈચ્છતો હોય તો તું સુપાત્રોને વિષે દાન દે. ગૃહસ્થ માણસ દાનથી શુદ્ધ થાય છે.' અહીં દાનથી શુદ્ધિ બતાવી, તપથી, નહિ; એ શું સૂચવે છે ? એમ કહેતા નહિ,-

**પ્ર.-** શાસ્ત્ર તો કહે છે ને કે **'કર્મ ખપાવે ચિકણાં ભાવમંગળ તપ જાણે ?'** તો અહીં દાન કેમ આગળ કર્યું ?

ઉ.- વાત સાચી છે કે

**ભાવમંગળરૂપ તપ કર્મનો નાશ કરે; પરંતુ તે તપ શુદ્ધ દિલે થાય તો જ ભાવમંગળ બને અને કર્મ ખપાવે.**

દિલ શુદ્ધ રાખવા માટે, - 'યથાશક્તિ ધન ખરચીને પણ સન્માનયોગ્યના ઉચિત સન્માન કરવા જ જોઈએ, એવી માન્યતા સચોટ હોવી જોઈએ, એના બદલે જો 'પૈસા તો મારા બહુ સારા; તે કાંઈ આવાં સન્માન કરવામાં ન બગાડું બાકી તપ ખૂબ કરું,' આવી માન્યતા હોય, તો તો એ તપના ભાવમાં ઝેર પડ્યું, તપના ભાવને એ ઝેર ચોક્ખા ન રહેવા દે. એ એવાં તપને ભાવમંગળ ન બનવા દે. એ તો પૈસાને બહુ સારા માનીને કદાચ તપથી ય સારા પૈસાની આશા રાખતો હોય ! એવો ધનનો ઉદ્દેશ એ મલિન આશય મલિન અધ્યવસાય છે ત્યાં વિશુદ્ધ અધ્યવસાય ક્યાંથી રહે ? ભાવમંગળ એટલે તો વિશુદ્ધ અધ્યવસાય, વળી સન્માન યોગ્યનાં સન્માન કરવામાં પૈસા ખરચવા પડે એને પૈસા બગડવાનું માને એ પણ મલિન આશય છે મલિન અધ્યવસાય છે. એ બેઠો હોય ત્યાં પછી ભલે ને તપ કરે, કિન્તુ વિશુદ્ધ અધ્યવસાય ક્યાંથી લાવે ? ત્યાં ભાવમંગળ ક્યાંથી બને ?

મનને ઓળખી લેવા જેવું છે. ન ઓળખીએ તો આપણું જ મન ચૂપકીથી આપણને ખોટા આશયમાં ઘસડી જાય અને ઉપરથી મનાવે કે 'હું તો ધર્મનો પ્રેમી છું, માટે તો તપ કરું છું,' મનને આ રીતનું ઓળખવાનું કે એ આવા વિચાર તો નથી રાખતું ને કે 'સન્માન-યોગ્યનાં સન્માન કરવામાં ખોટાં પૈસા શું કામ બગાડવા ?' આમ જો સન્માનયોગ્યનાં સન્માન વગેરે ધર્મ કરવામાં ખરચાતા પૈસાના બગડયાનું માને તો મન મિથ્યાત્વ વાસિત છે.

**સન્માનયોગ્યનાં સન્માનરૂપી ધર્મમાં પૈસા ખરચ્યા એ બગડ્યા એમ માનવું એ મિથ્યાત્વ છે; મિથ્યા માન્યતા છે.**

સંસારના મોહ પોષવામાં અને ષટકાય જીવસંહાર કરવામાં ખરચેલા પૈસા લેખે લાગ્યા માનવું છે, ને ધર્મમાં ખરચેલા પૈસા બગડ્યા માનવું છે, એ શું સૂચવે

છે ? સંસારની બાબતો પ્રત્યે પ્રેમભાવ અને ધર્મ પ્રત્યે વૈરભાવ કે ઓરમાયો ભાવ જ ને ? કે બીજું કાંઈ ? તપ પણ ભાવમંગળ બને, શીલ પણ ભાવમંગળ બને, કિન્તુ ક્યારે ? આશય-અધ્યવસાય શુદ્ધ નિર્મળ રાખો ત્યારે; એમાં મિથ્યા માન્યતાનો કચરો ન ભેળવો ત્યારે, 'સન્માનયોગ્યનાં સન્માન ન કરીએ તો ચાલે, એ કરવા જઈએ તો ઊલટું એમાં પૈસા બગડે.' આ આશય એ કચરો છે. એ કચરો હટાવવા માટે દાનથી સન્માન કરવાનું બહુ જરૂરી છે. એ કરતાં કરતાં રસ આવવાથી પેલા મલિન આશયનો કચરો હટે.

એટલે શારદાનંદન ગુરુ રાજાને કહે છે,'રાજપુત્રનું કલ્યાણ ઇચ્છતો હોય તો સુપાત્રોને વિષે દાન દે. દાનથી ગૃહસ્થ નિર્મળ થાય છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૫,અંક-૨૯,તા.૨૬-૩-૧૯૭૭**

**ગૃહસ્થને ઘર રાખીને બેઠેલાને દાનથી કચરા સાફ થાય.**

**સુપાત્રમાં દાન એટલે સન્માન :-**

અહીં 'સુપાત્ર' શબ્દ મૂક્યો, એનો અર્થ 'સન્માનને પાત્ર જીવો, સન્માનને યોગ્ય જીવો.' એમને દાન કરવું એટલે શું એ સુપાત્રો ભિખારી ગરીબડા છે તે એમને દેવું ? ના, દાન કરવું એટલા માટે પરમાત્મા એ શ્રેષ્ઠ સુપાત્ર-સત્પાત્ર પરમપાત્ર હોવાથી એમને લાખ રૂપિયાનો હાર કે મુગટ ચડાવ્યો એ પરમપાત્રમાં ઊંચુ દાન કર્યું અર્થાત્ પરમપાત્રનું ઉચ્ચ સન્માન કર્યું કહેવાય.

જોજો એમાં પણ પ્રભુ પાસેથી કાંઈ પડાવવાનો આશય ન હોવો જોઈએ, કે દુનિયામાં જશ-વાહવાહ માન પ્રતિષ્ઠા લેવાનો મલિન આશય ન હોવો જોઈએ.

**પ્રભુનાં સન્માનમાં કયો આશય રાખવો ? :-**

આશય એક જ, - 'પરમાત્મા ઈન્દ્રોને પણ પૂજ્ય છે, તેમજ આખા જગતને પોતાનાં ગુલામ બતાવનાર જે રાગાદિ, જે કામ-ક્રોધ-લોભાદિ, એના વિજેતા બની વીતરાગ સર્વજ્ઞ બનેલા છે, માટે પ્રભુ ઊંચા સન્માને યોગ્ય છે. પ્રભુની પ્રભુતા વીતરાગતા-સર્વજ્ઞતા ઉચ્ચ સન્માને યોગ્ય છે. એનાં સન્માન કરતાં કરતાં આપણને એ પ્રભુતા મળે.'

આટલો શુદ્ધ આશય રાખવો એ પણ પ્રભુનું સન્માન છે. પૂછો -

**પ્રભુ પ્રત્યે ઉંચો ભાવ એ સન્માન શાથી ? :-**

**પ્ર.**- આટલા આશયમાં પ્રભુનું શું મોટું સન્માન કરી નાખ્યું ?

**ઉ.**- મોટું સન્માન આ કર્યું કે પરમાત્મા અંગે આવો ભાવ રાખનારો પછી



શક્તિ હશે તો ધનવ્યયથી સન્માન કર્યા વિના નહિ રહે. એ ધનવ્યય કરાવનાર મૂળમાં આ જબરદસ્ત ભાવ છે માટે એ પણ સન્માન રૂપ છે. વળી પ્રભુને યથાર્થરીતે સ્વીકાર્યા એ પણ એમનું સન્માન છે.

મોટો દિવાન કે નગરશેઠ પણ ભરી સભામાં સમ્રાટ રાજાને દિલનો એમ ભાવ બતાવે કે 'આપ સાહેબ મહાન વિજેતા છો, સમયજ્ઞ પ્રજાના હિતવત્સલ છો' તો એટલામાં ય રાજા માને છે કે 'આણે મારું સન્માન કર્યું, ગૌરવ કર્યું, સભામાં બેઠેલા પણ એ જ સમજે છે. દિવાને કે નગરશેઠે આમાં શું મોટું કરી નાખ્યું ? ક્યાં મોટો મોતી માણેકનો થાળ મૂકી નજરાણું કર્યું ? નથી કર્યું છતાં રાજાના યથાર્થ ગુણ સ્વીકારી દિલનો જે ભાવ આવ્યો, એ પણ રાજાનું સન્માન છે. એમ,

**પરમાત્માને એમની વિશેષતા અંગે આપણા દિલનો એવો ભાવ આપીએ એ પ્રભુનું સન્માન છે.**

પ્રભુને આપણા દિલનો ભાવ આપવામાં શું કરવાનુ હોય ? આ, કે પ્રભુની વિશેષતાઓને યથાર્થ સ્વીકારી એના અંગે 'ઓહો કેવી વિશેષતા ! અહો અહો આવી ઉચ્ચ વિશેષતાઓ ? ધન્ય ધન્ય પ્રભુ !' એવો દિલમાં અહોભાવ પ્રગટાવવાનો એવો અહોભાવ કે એની સામે જગત તુચ્છ લાગે, જગતની સાહ્યબી કે પરિવાર વિસાતમાં ન લાગે.

ત્યારે પ્રભુની વિશેષતાઓમાં આ પણ એક વિશેષતા છે કે 'અરિહંતપ્રભુ અચિંત્ય પ્રભાવવાળા છે, એથી એમનો આપણા પર આપણું બધું સારું થવામાં સર્વતોમુખી અનન્ય ઉપકાર છે, એવા ઉપકારી બીજા કોઈ નથી.' એટલે હવે સમજાશે કે જો પ્રભુની આ વિશેષતા દિલથી સ્વીકારીએ અને એના પ્રત્યે અહોભાવ પ્રગટાવીએ કે 'અહો ! અરિહંત પ્રભુ કેવા અચિંત્ય પ્રભાવી ! અહો ! એ કેવા જગતના ને મારા અનન્ય ઉપકારી ! તો એમાં પ્રભુને દિલનો ભાવ આપ્યો કહેવાય, ને એ આપીને પ્રભુનું સન્માન કર્યું કહેવાય. માટે કહો, -

**પ્રભુનો અચિંત્ય પ્રભાવ માન્ય કરી એના પર અહોભાવ કરાય એ પ્રભુનું સન્માન છે.**

અરિહંતપ્રભુ સર્વોચ્ચ સન્માનપાત્ર છે. એમને દિલનો આ ભાવ આપવો એ એમનું સન્માન કર્યું ગણાય.

એટલે હવે સમજાશે કે અરિહંતપરમાત્માને માત્ર ઉચ્ચ ગુણોવાળા માનીએ એટલેથી બસ નથી, પરંતુ એમને અચિંત્ય અનંત પ્રભાવવાળા અનંત ઉપકારવાળા પણ માનવા જ જોઈએ. આપણને એક સારો ભાવ જાગે, કાંઈપણ નાનું ય સારું કાર્ય, અને ! સારો વિચાર કરીએ....યાવત્ મોટું ચારિત્ર પાળીએ, એ બધું અરિહંત

પ્રભુના પ્રભાવે જ થાય છે. એમ, અહીં સારા મનુષ્યભવથી માંડી બધી વાતની પુણ્યાઈ મળી સુખ-સગવડ મળી, એ બધું પણ પૂર્વના અરિહંત-ઉપકારથી બન્યું, એવી પણ પાકી માન્યતા પાકી શ્રદ્ધા જોઈએ. સારું મળવામાં કે સારું થવામાં ડગલે ને પગલે લાગ્યા કરે કે 'પ્રભુ ! તારો મારા પર કેટલો બધો અથાગ ઉપકાર કે મને આ સારું અનુકૂળ મળી આવે છે ! સારું બની આવે છે ! આમાં મારું શું ગજું છે ? તું જ સારું અપાવનાર છે, સારું કરાવનાર છે.' દિલનો આવો ભાવ અરિહંત પ્રભુને આપીએ, એ પ્રભુનું સન્માન કર્યું ગણાય. આ સન્માન કરીએ તો કૃતજ્ઞ ગણાઈએ અને જો ન કરીએ તો ગુનેગાર ગણાઈએ,

**અવસરે યોગ્યનું સન્માન ન કરાય એ ગુનો :-**

વ્યવહારમાં શું બને છે ? દીકરો બાપના માટે એવો ભાવ રાખે ને અવસરે અવસરે કહી બતાવે કે 'આપનો-બાપુજીનો મારા પર અથાગ ઉપકાર છે. મારું શું ગજું ? એમનાથી જ હું જન્મીને મોટો થયો, હોશિયાર થયો, અને અત્યારે બધું કરી શકું છું; બધું એમના ઉપકારથી જો આવો ભાવ આવે તો તો જાણે બાપનું સન્માન કર્યું ગણાય; ને જો ન આવે, ઉપકાર માનવા તરફ બેપરવા ઉદાસીન રહે, ઊલટું એમ માને કે 'બધું મારી પુણ્યાઈ અને મારી હોશિયારીથી થયું,' તો એ સન્માનયોગ્ય પિતાનું સન્માન ચૂકવાથી ગુનેગાર છે એમ અરિહંત પ્રભુના ઉપકારને પ્રસંગે પ્રસંગે ન મૂલવીએ, એમના દિલને કૃતજ્ઞતાનો ભાવ ન આપીએ, તો એમનું સન્માન ચૂક્યાના ગુનેગાર બનીએ છીએ.

**યોગ્યનું સન્માન કરવાના લાભ :-**

ત્યારે, સન્માન યોગ્યનું ઉચિત સન્માન કરતાં રહેવામાં લાભ ઊંચો છે, (૧) મન પ્રસન્ન બને છે, (૨) પ્રશાંત બને છે, (૩) અહંભાવ તૂટતો આવે છે, (૪) કૃપણતા કપાય છે. (૫) મન અને ધન પાત્રે પડે છે. અને (૬) જીવનમાં ઉલ્લાસ વધતો રહે છે. જીવન જીવવાની મજા આવે છે, બધું જ સન્માનાર્હનાં તન-મન-ધન-વચનથી ઉચિત સન્માન કરતા રહેવાથી બને છે. પછી એમાં ઉચ્ચ ગુણો-ઉચ્ચ ઉપકારોભર્યા અરિહંતદેવથી માંડી નાનો ગુણિયલ બાળ પણ સન્માનનો વિષય બને.

સન્માનયોગ્ય આત્માનું વિચારથી સન્માન કરવામાં મન નિર્મળ બને છે, વાણીથી સન્માન કરવામાં જીભ નિર્મળ બને છે, અને નમસ્કાર આદિ કાયિક સન્માનક્રિયાથી સન્માન કરવામાં કાયા પવિત્ર બને છે. એમ કહેતા નહિ કે

**પ્ર.-** જો સન્માનયોગ્યનું દા.ત. તપસ્વીનું વિચારથી સન્માન કરતાં જો મન નિર્મળ બનતું હોય તો ખાવકલાને દેખી એના પર અભાવ નહિ આવી જાય ? અને એમાં મન નહિ બગડે ?



ઉ.- અહીં એટલું જોવાનું છે કે તપસ્વીનું વિચારથી સન્માન કર્યું એટલે કેવો વિચાર કર્યો ? વિચાર આવો કોઈક આવે કે 'અહો ! ખાનપાનમાં રીબાઈ રહેલા બિચારા અમારા જેવા જીવોની કેવી દુર્દશા ! ત્યારે આ ભાગ્યવાન તપ કરી કેવી સુંદર દશાને પામે છે ! જનમને કેવો ધન્ય કરી રહ્યા છે !' હવે આમાં જુઓ કે તપની અનુમોદનાની સામે ખાનપાનમાં રિબાઈ રહેલાને બિચારા લેખ્યા, એનો અર્થ એ, કે એમના તરફ કરુણા ભાવના થઈ, એ થઈ એમાં એમને દયાપાત્ર લેખ્યા, પરંતુ અભાવપાત્ર નહિ, તિરસ્કાર યોગ્ય નહિ, દુર્ભાવ કરવા જેવા નહિ પછી અભાવ શેનો થાય ? મન શાનું બગડે ? દયા-કરુણાં ચિંતવતામાં તો મન બગડતું નથી, સુધરે છે.

**ગુણીનું વિચારથી સન્માન કરવામાં અવગુણીની ગર્ભિતપણે દયા આવે છે, તિરસ્કાર નહિ,**

**અવગુણીના તિરસ્કાર વખતે ગુણી પર સન્માન કેમ ન રહે ? :-**

જો અવગુણીનો તિરસ્કાર કરવા જઈએ, તો બીજી બાજુ ગુણીનું હૃદયથી સન્માન નહી થઈ શકે, એનું કારણ એ છે, કે દિલમાં પેલા તિરસ્કાર ભાવથી એક પ્રકારની આગ ઊભી થઈ જ્વલન ઊભું થયું એવા જળતા દિલમાં ગુણીનું સન્માન એટલે આલ્હાદભાવ શી રીતે ઊભો થઈ શકે ? માતા જો ઓરમાયા દીકરા પર દાઝી રહી હોય છે તો એ વખતે પેટના દીકરાની ઉપર આલ્હાદ નથી વરસાવી શકતી. જ્વલનનો સ્વભાવ જ એવો છે કે દિલ ગરમાગરમ બનાવી દે. ત્યાં આલ્હાદની સૌમ્ય-શીલતા આવવી મુશ્કેલ. મંદિર કે ઉપાશ્રય આગળ પ્રભાવના વહેંચતાં ત્યાં જો જૈનેતર બાળકો લેવા આવ્યા અને જો એમના પર તિરસ્કાર બતાવ્યો,-'માળા ભિખારડાઓ ! તમે કેમ અહીં લેવા આવ્યા ? તમારા બાપનું અહીં શું દાટ્યું છે ?' તો એ વખતે શ્રાવકભાઈને પ્રભાવના દેતાં એવો આલ્હાદનો ભાવ નહિ આવે; કેમકે દિલ પેલા તિરસ્કારમાં જળતું છે. પૂછો,-

**પ્ર.-** તો પછી હિંસાદિ દોષ પર તિરસ્કાર હોય ત્યાં અહિંસાદિ ગુણ પર પ્રેમ પણ શી રીતે આવી શકે ? અથવા એમ જ કહો ને કે ગુણ પર પ્રેમ કરવાનો, પણ દોષ પર દ્વેષ નહિ કરવાનો ?

ઉ.- એવું નથી. ગુણી અને અવગુણી, તથા ગુણ અને અવગુણ એ બે વચ્ચે ફરક સમજી લો. ગુણની સામે અવગુણ પ્રતિપક્ષી છે, વિરુદ્ધ છે.એટલે જો ગુણ પર સદ્ભાવ છે તો સહેજે અવગુણ પર અભાવ રહેવાનો. સત્ય ગમે છે એટલે જૂઠ નથી ગમતું. દયા ગમે છે એટલે હિંસા નથી રુચતી.

**ગુણ-અવગુણ પરસ્પર વિરોધી છે માટે ગુણ ગમે તો અવગુણ ન ગમે. પરંતુ**

**ગુણી અવગુણી પરસ્પર વિરોધી નથી.**

ગુણી રહેતો હોય ત્યાં અવગુણી પણ રહેતો હોય એવું બને. બાપના બે છોકરામાં એક ગુણીયલ ને બીજો અવગુણી હોય છતાં બંને એકજ ઘરમાં રહે છે. કેટલીક વાર એવું પણ બને છે કે અવગુણી ગુણિયલને કહે છે 'મને તારો ધરમ નથી ગમતો પણ એટલા કારણથી આપણે જુદા થવું નથી. તું તારે પોતે ધર્મ કર, પણ મને ધર્મનો આગ્રહ ન કરીશ બાકી આપણે સંપીને રહેવાનું છે. બે ભાઈ જ શું, બે ભાગીદાર પણ એવા હોય છે - એક ધર્મની રુચિવાળો, બીજો રુચિ વિનાનો છતાં બંને સંપીને દુકાન ચલાવે છે. તાત્પર્ય, ગુણી-અવગુણી ધર્મી-અધર્મી પરસ્પર વિરોધી નથી, જ્યારે ગુણ-અવગુણ એ તો પરસ્પર વિરુદ્ધ છે. માટે,

**ગુણ પર પ્રેમ અને અવગુણ પર દ્વેષ જોઈએ. પરંતુ ગુણી પર પ્રેમની સાથે અવગુણી પર દ્વેષ-તિરસ્કાર ન કરાય.**

અસ્તુ. વાત આ હતી કે સન્માનયોગ્યનું ઉચિત સન્માન કરવું જ જોઈએ. એ તન-મન-ધનથી કરવા જતાં દિલમાં વિશુદ્ધ ભાવો જાગે છે, ને તેથી કેટલાય અશુદ્ધ ભાવોનો નાશ થાય છે. માટે પેલો પંડિત શારદાનંદન પડદામાંથી નંદરાજાને કહે છે.

**'દેહિ દાનં સુપાત્રેષુ, ગૃહી દાનેન શુધ્યતિ.'**

'હે રાજન્ ! તું રાજકુમાર વતી સુપાત્રોને દાન દે, અર્થાત સન્માનયોગ્યનાં ધનથી સન્માન કર. ગૃહસ્થ દાનથી શુદ્ધ થાય છે'

**રાજકુમારનું ગાંડપણ દૂર :-**

જ્યાં આ રાજપુત્ર વિજયપાલે સાંભળ્યું ત્યાં એ જે 'વિસેમિરા' ના રટણમાંથી એકેક શ્લોકે એના પહેલા અક્ષર મુજબ એકેક અક્ષર ઓછો થતાં થતાં, ત્રણ શ્લોકથી 'વિ' 'સે' 'મિ' આ ત્રણ અક્ષર ઓછા થઈ હવે એને જે એટલું 'રા' 'રા' નું રટણ હતું, તે પણ આ શ્લોક 'રાજંસ્ત્વં રાજપુત્રસ્ય કલ્યાણં યદિ વાઞ્છસિ....' બોલતાં એનાં પહેલા અક્ષર મુજબ એને 'રા'ની રટણા પણ બંધ થઈ ગઈ; અને હવે ડહાપણથી બધું બોલવા લાગ્યો.

રાજકુમાર બાપને પૂછે છે 'આ બધું શું છે ? આપણે કેમ અહીં બેઠા છીએ ?'

રાજા સમજી ગયો કે હવે એનું ગાંડપણ દૂર થઈ ગયું છે. એટલે એને કહે છે 'અહીં આપણે વાત કરવા આવ્યા છીએ. વાત થોડી બાકી છે તે જરા તું સાંભળ. પછી આપણે વાતચીત કરશું' રાજાને ડર છે કે 'હમણાં તત્કાલ ખુલાસો કરતાં કદાચ કુમાર પાછો પાગલ થઈ જાય તો ?' એટલે ટૂંકે પતાવે છે.

**રાજાને મંત્રીપુત્રી માટે આશ્ચર્ય :-**

રાજા હજી સુધી એમજ સમજે છે કે 'પડદામાંથી મંત્રીપુત્રી જ આ શ્લોકો



બોલીને રાજપુત્રની રટણાને ક્રમશઃ ટૂંકાવતી ગઈ' તેથી એને આશ્ચર્ય થયું કે આને આ 'વિસેમિરા' ની રટણાનું રહસ્ય શી રીતે જણાવ્યું ? એટલે હવે પૂછે છે,-

''તમને આ 'વિસેમિરા'નાં રહસ્યની શી રીતે ખબર પડી ?''

**રહસ્યનો ઘટસ્ફોટ :-**

''જેવી રીતે જીભ પરના શારદા સરસ્વતીના પ્રસાદથી રાણીના સાથળમાંના ચિહ્નને કહ્યું, તેવી રીતે આ 'વિસેમિરા' ના રહસ્યને કહ્યું, એમ સમજી લો.''

**शारदायाः प्रसादेन यथा राश्युरुचिह्नोक्तिः ।**

**विसेमिरा रहस्योक्तिर्विज्ञातां यथैव हि ॥**

રાજા આ સાંભળતાં જ ચોંક્યો ! એના મનને થયું કે ''હેં ત્યારે આ બધું શું શારદાનંદન ગુરુ જ બોલી રહેલ છે ? કેમકે એ કહે છે ને કે 'રાણીનું ચિહ્ન જેવી રીતે કહ્યું,' તો એ કહેનાર તો ગુરુ જ હતા, તો પછી આ કહેનાર પણ ગુરુ જ હોય. ગુરુ સિવાય બીજો કોઈ નહિ. ત્યારે મેં તો ગુરુને દુરાચારી સમજી મરાવી નાખવા સોંપેલા, તે શું મરીને હવે અહીં દેવ થઈને આવ્યા ? કે મંત્રીએ ખરેખર મરાવી નાખેલ જ નહિ ? લાવ પૂછવા દે''

રાજા પૂછે છે 'હેં ત્યારે શું આ રહસ્ય ખોલનાર તમે મારા ગુરુ શારદાનંદન જ છો ?'

ત્યાં તરત જ પડદો ખેંચી લેવાયો અને રાજાએ સામે બાજોઠ પર બિરાજમાન એ જ ગુરુને દેખ્યા. દેખતાં જ ક્ષોભ પામી ગયો, એને ભારે શરમ લાગી ગઈ. તરત હાથ જોડીને ક્ષમા માંગતા કહે છે.-

**રાજા ક્ષમા યાચે છે. :-**

'ગુરુજી ! ગુરુજી ! માફ કરો માફ કરો, હું કેટલો મૂઢ અને અજ્ઞાની કે આપે તો રાણીના સૌંદર્યનું વર્ણન કરતાં સાથળમાંના ચિહ્નને સરસ્વતીના પ્રસાદથી કહેલું, તે હું મૂર્ખ સમજ્યો નહિ, ને મેં તમને દુરાચારી માની લીધા, અને આપના અગણિત ઉપકારને વિસારી સત્તાના મદના નશામાં આપને મરાવી નાખવાનો મંત્રીને હુકમ કર્યો ! કેવો હું નિર્લજ્જ ! કૃતઘ્ન ! અબૂઝ ? ભલું થજો મંત્રીનું કે એમણે પોતાના જાનના જોખમે આપને ગુપ્તપણે સાચવ્યા. બાકી હું તો મહાઘાતકી તે આપને ય મરાવવાનું ગોઠવ્યું, ને આપ મર્યા હોત તો આ રાજકુમારનું ય કોને ખબર શું થાત ? ક્ષમા કરો ક્ષમા કરો !

રાજાને પસ્તાવાનો પાર નથી; વિશેષ તો આવા સરસ્વતીના લાડિલા વિદ્વાન અને ઉપકારી ગુરુના ઘાતનો પ્રયત્ન એને બહુ સાલે છે.

રાજાનો આ પસ્તાવો જોઈ અહીં જુઓ ઉદાર મનસ્ક ગુરુ શારદાનંદન રાજાએ

પહેલા કેવું પોતાની હત્યાનું ફરમાવેલું, એ ભૂલી જાય છે, અને એને કહે છે,-

'મહારાજા ! હવે એ બધું ભૂલી જાઓ, જેનું છેવટે સારું તે સારું. આપના પછી જે મોટું રાજ્ય સંભાળનાર રાજકુમાર છે,. એને પાગલતામાંથી મુક્ત થવાયું એ મોટી સુખદ વસ્તુ બની આવી બસ, એના સામે જોઈ આનંદિત થાઓ, બાકી જીવ અજ્ઞાન અને મોહવશ અકાર્ય કરી બેસે છે એમાં એ પરાધીન છે. પણ એવી અજ્ઞાન-મોહની પરાધીનતાવશ કરેલાં અકાર્યો કેટલા યાદ કરવા ? અને એનાં રોદણાં કેટલા રોવાં ? એ રોવાથી લાભ શો ? ઊલટું-

**પાપનાં એકલાં રોદણાં રોવામાં (૧) આપણાથી બનેલા અને (૨) બીજાઓએ કરેલાં સુકૃતની અનુમોદના કરવાનો અવસર એળે જાય છે, એ ગુમાવવાનું થાય છે.**

**એમ માત્ર રોદણાં કરવામાં (૩) હવેથી પાપ ન કરવાનો નિર્ધાર દૃઢ કરવાનું, તથા (૪) નવાં સુકૃતની ભાવના કરવાનું ગુમાવાય છે.**

કેમકે રોદણાંમાં રોકાઈ ગયું, તે બીજું સારું શી રીતે ચિંતવી શકે ?

માટે હવે **'ગતં ન શોચ્યમ્'** ગઈ ગુજરી ભૂલી જાઓ અને રાજકુમારને આગળ વધારવાનું જ વિચારો

ગુરુ શારદાનંદન આ હિતોપદેશ ક્યારે કરી શક્યા ? પોતે રાજાના મોટા પણ અપરાધની પોતાના ચિત્તમાં ગાંઠ ન બાંધી રાખી ત્યારે. આ સૂચવે છે કે બીજાના હિતૈષી બનવું હોય તો એની ભૂલની અભિમાનથી ગાંઠ ન બાંધી રાખો, બંધાઈ ગઈ હોય તો છોડી નાખો.

તો જ સામાના હિતનું વિચારી શકાશે, કહી શકાશે.

અહી રાજાનો જેવો તેવો ગુનો નહોતો. ગુરુ શારદાનંદને સીધા મારી નખાવવાનો જ આદેશ કરેલો ! તે પણ પોતે ખોટી દોષની કલ્પના કરીને, છતાં ગુરુએ ગાંઠ ન રાખી કે 'આ રાજા તો મને મારી નખાવવાનું કહેનારો,' નહિતર અત્યારે તો રાજા નમી પડ્યો છે, માફી માગે છે, છતાં હવે એને કોઈ ટોણો મારવાની વાત નહિ. સત્ત્વહીન હોય, ક્ષુદ્ર દિલનો હોય એ તો સંભળાવી દે કે 'લ્યો માથું વાઢી નાખ્યા પછી માફી માંગવા નીકળી પડ્યા છે !

**સત્ત્વહીનતા સામાના અપરાધને, એ અપરાધ સુધરી જવા છતાં ભૂલવા દેતી નથી.**

**સામાના અપરાધને ભૂલી જવા માટે સત્ત્વ જોઈએ,**

**કુમારપાળનું આ સત્ત્વ :-**

રાજા કુમારપાળ ગુરુનું અપમાન કરનાર પોતાના બનેવી રાજા અર્ણોરાજની સામે લશ્કર લઈને લડવા ગયા. ત્યારે એમને ખબર નથી કે લશ્કર અને અમલદારોને



અર્ણોરાજે ફોડી નાખ્યા છે, એટલે જ્યાં સવાર પડતાં જ રાજાએ લશ્કરને હુકમ કર્યો કે 'ઊઠાવો શસ્ત્રો અને દુશ્મનના લશ્કર પર તૂટી પડો, 'ત્યાં લશ્કર શસ્ત્ર ઊઠાવે જ શાનું ? એ તો શસ્ત્રોને એમજ હેઠા રાખીને સ્થિર ઊભું છે ! હાથી પર બેઠેલો રાજા ચોંક્યોં ! મહાવતને પૂછે છે કે 'આમ કેમ ?'

મહાવત કહે છે 'નામદાર ! લશ્કર ફૂટી ગયું લાગે છે. કેમકે આ અર્ણોરાજ મહા ખેલાડી છે, એમે કપટ કર્યું લાગે છે; બધાને પોતાની તરફ કરી લીધા લાગે છે.

'તો આપણું કોણ ?'

'હું અને આ હાથી.'

રાજા કુમારપાળ કહે 'ફિકર નહિ, એકદમ જ ચલાવ હાથીને, ને એકદમજ સીધો અર્ણોરાજના હાથી પર હલ્લો કરાવ. જરાય વિલંબ ન કરીશ.'

મહાવતે ચલાવ્યો હાથીને, પણ ત્યાં જ સામેથી સિંહનાદ થતાં હાથી પાછો પડે છે. હવે શું થાય ? શું ગભરાઈ જાય રાજા કે 'હાય ! હાથી ય મુડદાલ થઈ ગયો ! હવે શું કરીશું ? ના, એમ જો ગભરાઈને હિંમત હારી જાય તો ઉપાય ન સૂઝે અને જોમ ઊતરી જાય.

**હિંમત હારવાથી ઉપાય નથી સૂઝતો, ને જોમ નષ્ટ થાય છે.**

એટલે તો હિંમત હારેલા માણસો સાચા ઉપાયને બદલે હાયવોયમાં પડી દીનહીન બને છે અથવા ખોટી ધુંઆપૂંઆ કરે છે રોષમાં ચડે છે. જેમતેમ લવારા કરવા માંડે છે. અને એવા ખોટા ઉપાય કરે છે કે એમાં ઊંધું વેતરાય છે. ગમે તે બન્યું પણ હિંમત શા માટે હારવી ? કરોળિયાને નજર સામે રાખો. ૫-૭ વાર એ ઊંચે જાળું બાંધવા પ્રયત્ન કરતાં નીચે પછડાય છે, છતાં એ હિંમત હારતો નથી; તો એ ફરી ફરી પ્રયત્ન કરવાના અંતે જાળું બાંધી દે છે.

કેટલાય માણસો તપનો ૨-૩ વાર પ્રયત્ન કરતાં પાછા પડે છે ત્યારે હિંમત હારી જઈ હવે તપની માંડવાળ કરે છે. શા માટે હિંમત હારવી ? કહે છે ને કે 'આશા અમર છે.' અલબત સાંસારિક પદાર્થોની આશામાં મરવું ખોટું કેમકે એક તો એક એ આશા-તૃષ્ણા આત્માનો દુર્ગુણ છે, રાગને પોષે છે, એની પાછળ બીજા અનેક દુર્ગુણો અને દુષ્કૃત્યો ઊભા કરે છે, ને જેથી ભવના ફેરા વધે છે. દુર્ગુણ - દુષ્કૃત્યોની એની પરંપરા ચાલે છે. માટે કહો,-

**જગતના પદાર્થોની આશા-તૃષ્ણા રાખવી ખોટી.**

(૧) પહેલું કારણ આ કે એની પાછળ રાગાદિ દુર્ગુણોને હિંસાદિ દુષ્કૃત્યો ઊભા થઈ ભવાંતરે એની પરંપરા ચાલે છે.

(૨) બીજું કારણ એ છે કે જગતના પદાર્થોની આશા તૃષ્ણા રાખવામા

કોઈકની ગુલામી કરવી પડે છે; અને

(૩) ત્રીજું કારણ એ છે કે જગતના પદાર્થો નાશવંત હોઈ એ નાશ પામતાં આશાલુબ્ધ જીવને શોક દુઃખ થાય છે.

**'આશા દાસી વશ પડ્યા, તે જન જગકે દાસ'**

**આશા રાખવામાં ગુલામી કેવી રીતે ? :-**

આમ તો આશા દાસી છે, આપણે રાખવી હોય તો રાખી શકીએ, ,ને ન રાખવી હોય, કાઢી મૂકવી હોય તો કાઢી મૂકી શકીએ. ત્યારે તો નસીબવંતા પણ પુરુષો અમુક કમાઈ કરીને હજી ધંધો ભારે કમાણી આવે એવો છતાં ધંધાથી નિવૃત્ત થાય છે.

**મહાન શ્રાવક વેણીભાઈ :-**

મહેસાણા શ્રેયસ્કર મંડલ સ્થાપનારા મહાન શ્રાવક વેણીભાઈ એકવાર મુંબઈ ખાંડ બજારમાં ગયા. વેપારીએ પૂછે 'કેમ શેઠ ! અહીં આવવું થયું ?'

વેણીભાઈ કહે 'ભાઈ ! ખીચડું ખૂટ્યું તે લેવા આવ્યો છું.'

વેપારીઓ કહે 'ઓહો શેઠ ! એટલા માટે તમારે અહીં સમય બગાડવાનો હોય ? તમે તમારે સંઘસેવાના મહાન કાર્ય કરતા રહો છો તે તમે તમારે કરો, અમે દુકાનમાં તમારો આની અડધી આની ભાગ નાખી દઈ છીએ, એટલે તમારે ખીચડીની ચિંતા નહિ રહે'

શું વેણીભાઈ કબૂલ કરી લે ? ના. એ મહાન શ્રાવક સમજે છે કે આ તો હરામનું લેવાનું ગણાય, ભીખ માંગીને લેવાનું ગણાય ને હું ધર્મનાં કામ કરું છું એના બદલામાં મેળવવાનું થાય . એટલે ને એ વેચવાનું ગણાય, ભીખનું લેવામાં શ્રાવક લાજે,

**ભીખ માગવામાં શ્રાવકનો ધર્મ લાજે.**

**હરામનું લેવા ખાવામાં હાડકાં હરામ થાય.**

**ધર્મને અહીં જ વેચવામાં પરલોક માટે પુણ્ય રહે જ નહિ. .**

**ધર્મ પચ્યો કોને કહેવાય ? :-**

અહીં તો વેપારીઓ પોતાની ખુશીથી વેપારમાં વેણીભાઈનો ભાગ રાખી લેવાનું કહે છે, છતાં મહાન શ્રાવક વેણીભાઈ એની ઘસીને ના પાડે છે. ધર્મ પચ્યો કોને કહેવાય ? આશા-તૃષ્ણામાં મરીને ધર્મને વેચે નહિ એને, હરામનું ખાવાનું મન ન થાય એને એટલે જ થોડું પણ હરામનું ખાવાનું મન થતું હોય તો સમજી રાખવું પડે કે ધર્મ કરીએ છીએ ખરાં, પણ ધર્મ પંચતો નથી.





**ધર્મ પચે તો તો મોં પર ખોટી આશા-તૃષ્ણા-સ્પૃહાના ત્યાગની લાલીમા ચળકી ઊઠે,**

ધર્મને વેચ્યા વિના ધર્મ મૂડી સલામત રહ્યાની લાલિમા ચળકી ઊઠે. વેણીભાઈમાં આ લાલિમા છે, એટલે વેપારીઓને ભાગીદારી રાખવાની ના પાડતાં કહે છે, 'જુઓ મારે એવો ભાગ રખાવવો નથી, પરંતુ તમે મને વેપાર આપજો, હું તમારો માલ લઈશ વેચીશ એના પર મને દલાલી ખટાવજો'

વેપારીઓએ કબૂલ કર્યું, 'વેણીભાઈને સોદાં આપે છે, વેણીભાઈ લે-વેચ કરે છે, એમાં જરાય વચમાંથી ગાવલી ખાવાની વાત નહિ. વેપારીએ જે ભાવે વેચવું છે, એ જ ભાવ ઘરાકને કહેવાનો; ને ઘરાકને જે ભાવે ખરીદવું છે એજ વેપારીને બતાવવાનો, માત્ર દલાલી ઠરાવી હોય તે લેવાની. આમ વેણીભાઈ લે-વેચ કરતા ગયા, અને વેપારીઓના ચોપડે એમની દલાલી જમા થતી ચાલી.

એકવાર વેણીભાઈ વેપારીઓ પાસેથી કેટલી દલાલી જમા થઈ છે એનો આંકડો માંગે છે. વેપારીઓ હિસાબ ગણીને રૂા. આઠ હજારનો આંકડો કહે છે.

ત્યાં જ વેણીભાઈ ચોંકી ઊઠ્યા ! કેમ ચોંક્યા ? 'હાય ! મારી ગણતરીએ અઢાર હજાર જોઈએ, ને આ લોકો હજી આઠ જ હજાર બતાવે છે ?' એવી ચોંકામણ નહિ, પરંતુ 'હાય ! મારે તો માત્ર રૂપિયા ચાર હજારનો ખપ હતો, ને આ બમણા બતાવે છે ?' એવી ચોંકામણ થઈ. આમાં ચોંકામણ શી । 'ચારને બદલે આઠ હજાર કમાયા તો લાભમાં જ છે ને ? ચાલોને બે પૈસા ધરમમાં વધારે ખરચી શકાશે.' મનને આવું જ થાય ને ? પણ ના, એ તો ધર્માત્મા વેણીભાઈ, જૈનશાસનને પામેલા. તે સમજે છે કે

**હૈયામાં ધર્મ ઊલસાવવો હોય તો દુન્યવી ચીજના આશા-મમતા કરમાવવી જ જોઈએ,**

**હૈયે ધર્મ ઉલસાવવાનું મન થાય તો જ ધર્મપરિણામ પામ્યો ગણાય.**

જો પરિગ્રહની લાલસા અને મમતા નિઃસંકોચ વિકસાવવાનું જ કરાય, વધાર્યે રાખવાનું જ કરાય, તો એનો જ રાગ રહેવાથી ત્યાગ વૈરાગ્યમય જૈનધર્મ હૈયામાં વિકસે શું ? વસે જ નહિ. સમજી રાખો કે

**જૈનધર્મ દુન્યવી પદાર્થો પર વૈરાગ્ય અને પદાર્થોના ત્યાગ સાથે સંલગ્ન છે.**

જો જીવનમાં આ નથી, તો ફરિયાદ કરાય કે 'ધર્મક્રિયા કરીએ છીએ ખરા, પણ એમાં રસ કેમ નથી આવતો ?' ક્યાંથી આવે ? ધર્મક્રિયા ત્યાગ વૈરાગ્યથી

વણાયેલી હોય તો એમાં રસ આવે પરંતુ દુન્યવી પદાર્થ પૈસાટકા-પરિવાર, ઘર-દુકાન વેપાર, માનપાન-કીર્તિ વગેરે પર વૈરાગ્ય નથી, ભારે રાગ છે. શક્ય થોડો પણ ત્યાગ હોંશે કરવાનું રાખ્યું નથી, હોંશે હોંશે ભેગું કરવાનું ને ભોગવવાનું જ રાખ્યું છે. ક્યારેક ત્યાગ દાન કરે છે તો એવી હોંશ નથી જેવી લેવા ભોગવવામાં છે, આવા દુન્યવી વસ્તુના ચિકણા રાગ હૈયે વ્યાપેલા હોય ત્યાં ત્યાગ-વૈરાગ્યમય જૈનધર્મ પર રાગ ક્યાંથી ખપે ? એમાં રસ શી રીતે આવે ?

માટે જોજો, ધર્મમાં એવો રસ નહિ આવતો હોય તો હૈયું કોઈ ને કોઈ દુન્યવી ચીજવસ્તુ પર નિઃસંકોચ લાગેલું હશે આસકત હશે, એમાં હુંફ અને નિરાંત અનુભવતું હશે. 'હુંફ' એટલે હાશ' અને આશ્વાસન,- 'હાશ ! આ વસ્તુથી મને સારી અનુકૂળતા છે.' 'નિરાંત' એટલે શાંતિ,- 'હાશ ! આ મળી એટલે સંતાપ ગયો, ચિંતા ટળી, હવે વાંધો નહિ, નિશ્ચિતતા થઈ.' આમ દુન્યવી પદાર્થ પર હુંફ અને નિરાંત લાગે એને રસ એમાં જ રહ્યો, ધર્મમાં રસ ક્યાંથી આવે?

**શ્રાવકને હુંફ અને નિરાંત શેમાં હોય ! પૈસામાં કે ધર્મમાં ?**

શું શ્રાવકને પૈસા સારા મળ્યા એટલે એમ લાગે કે 'હાશ ! હવે ફિકર નહિ, જીવનમાં સારાં આનંદ મંગળ કરી શકાશે,. અન લોકની વચ્ચે વટથી જીવી પણ શકાશે ?' શું પૈસા પર એને આ હુંફ હોય ? શું એને આ નિરાંત હોય કે 'હાશ ! હવે ગરીબી ગઈ દુઃખના દહાડા ગયા, શ્રીમંતોની સામે ગરીબડા દેખાતા હતા તે ટળ્યું ?' આવી હુંફ અને નિરાંત તો સૂચવે છે કે એણે આ જીવનમાં ધનને જ મહત્વ આપ્યું. 'ધન નથી તો કાંઈ નથી ને ધન છે તો બધું જ છે,' એવી માન્યતા ધર્માત્માની હોય ? કે અધર્મીની હોય ? આસ્તિકની હોય ? કે નાસ્તિકની ?

**આત્માને મુખ્ય માને તે આસ્તિક; આત્માનો હિતકર ધર્મ વધતાં ખુશી થાય તે આસ્તિક.**

આત્માને મુખ્ય માન્યો પછી આત્માનું ધન ધર્મ એને મુખ્ય ધન માની ધર્મ સારો વધ્યો તો એના પર એને હુંફ અને નિરાંત થાય. મનને એમ થાય કે 'હાશ ! ધર્મ વધ્યો એટલે હવે દેવ-ગુરુની કૃપા મળશે, સુસંસ્કારની મૂડી વધશે, પરભવે સદ્‌ગતિ સુલભ બનશે. આવી એને હુંફ હોય; તેમજ એને નિરાંત થાય કે 'ચાલો,. ધર્મ વધવાથી એટલા પાપ ઓછા થયા, એટલી કુસંસ્કારની મૂડી નહિ વધે, દુર્ગતિ આઘી રહેશે.'

પૈસા વગેરે દુન્યવી વસ્તુ પરની હુંફ નિરાંત, અને ધર્મગુણો-સુકૃતો પરની હુંફ-નિરાંત, એ બંને વચ્ચે મોટો ફરક છે. એ હુંફ અને નિરાંત લાગે એવા માનસ



વચ્ચે ય મોટું અંતર છે.

**ધર્મશ્રદ્ધાના યુગમાં અચાનક સુકૃતમાં ઝંપલામણ :-**

પૂર્વના ધર્મશ્રદ્ધાના યુગમાં ધર્મવલણવાળાં એવાં માનસ રહેતાં કે એથી ધર્મ કર્યા પર માણસને હુંફ રહેતી કે 'હાશ ! ચાલો એટલો ધર્મ કમાયા.' દાનનો સુકૃતનો લાભ મળ્યો, સારું થયું.' એમ બિલકુલ સુકૃતની કલ્પના ય નહિ, ને અચાનક સુકૃતનો મોકો સામે આવી ઊભો તો સુકૃતમાં ઝંપલાવી દેવાતું. શું ધર્મમાં હુંફ લાગ્યા વિના આ બને ?

**રાણકપુર-પ્રતિષ્ઠામાં મારવાડી :-**

જાણો છો ? છેલ્લી રાણકપુરમાં પ્રતિષ્ઠા વખતે એક મારવાડી શી રીતે અચાનક દ્વારોદ્‌ઘાટની મોટી બોલી બોલ્યો ? ઘરેથી એ પોતાની આખી મૂડી રૂપિયા ૧૩ હજારની લઈને નીકળેલો. શા માટે ? એ વાંઢો હતો તે કન્યા ખરીદવા માટે જ આ રૂપિયા લઈ નીકળેલો. 'ગમે તે રીતે મૂડી આખી ખરચી નાખીને પણ કોઈની કન્યા પરણી લઉં. ઘર મંડાશે તો પછી બધું સારું થઈ રહેશે. મહેનત કરતા આવડે છે તો રોટલો તો ગમે તે રીતે ઊભો કરી લઈશ, આ હતી એની નેમ.

બોલો, આમાં એ હુંફ નિરાંત શામાં સમજી રહ્યો છે ? પત્ની પરણી લેવામાં છતાં એનું માનસ ધર્મના વલણનું હતું, એટલે અહીં રાણકપુર પ્રતિષ્ઠા પ્રસંગ પર આવતાં સુકૃતનો મોકો દેખ્યો તો મન લલચાયું. પણ જુએ છે તો, પ્રતિષ્ઠા તો થઈ ગઈ છે તો હવે કોઈ કાયમી નક્કર લાભ મળે ? માનસ ધર્મનું હતું તેથી અહીં મોકો દેખી ધર્મમાં હુંફ દેખે છે.'હાશ ! ધર્મ કમાવાનો મળે તો પૈસા મારે લેખે લાગે.'

આ માનસ હતું એટલે જયાં ત્યાં હવે છેલ્લો ચડાવો પ્રતિષ્ઠાના બીજે દિવસે મંદિર દ્વારોદ્‌ઘાટન કરવાનો બોલાવા માંડ્યો, એટલે એમાં ઝુકી પડયો કેવો ઝુકી પડ્યો ? ચડાવો વધતાં વધતાં રૂા. બાર હજારે પહોંચ્યો તો તેર હજારનો આંક બોલતાં એ અચકાયો નહિ ! સામેથી રૂા. પંદર હજાર બોલાયા, તો હવે શું કરવું? કશું જ નહિ, એ બોલ્યો. 'સોળહજાર' ક્યાં પહોંચ્યું ? પાસે રૂપિયા તેર જ હજાર છે, છતાં એના પર ત્રણ હજાર વધારીને બોલે છે !

કયા સંયોગમાં આ ? કુલ મૂડીથી પોતે કન્યા લેવા નીકળ્યો છે, એ સંયોગમાં ! હવે એનાથી પ્રભુ મંદિરના દ્વારોદ્‌ઘાટનનો ચડાવો લેવો છે. કેવા માનસ પર આ બની શક્યું હશે ? માનસ આ જ કે સંસારની મોહમાયામાં બેઠા અર્થ-કામની લાલચ થતી હોય, એમાં કાંઈક હુંફ પણ લાગતી હોય, છતાં ધર્મનો સુકૃતનો મોકો દેખાય ત્યાં દિલ-માનસ એના તરફ ઝુકાવવાળું; એની વિશેષ હુંફવાળું કાયમી હુંફવાળું અર્થની એટલે કે ધનની કે દુન્યવી સુખની હુંફ કાયમી ન પહોંચે પૈસા

સારા કમાઈ પડ્યા, મનને હુંફ લાગવા જાય કે 'હાશ ! ઠીક કમાઈ ગયા, ચાલો નિરાંત;' પરંતુ પછી જેમ જેમ એમાંથી ખરચાતા જાય,તેમ તેમ દિલને ખટકો થયા કરે કે 'અરે ! આ હવે ઓછો થતા જાય છે !' ત્યાં ક્યાં રહી હુંફ ? એમ કામની એટલે સુખની હુંફ પણ કાયમી નહિ, રસ-પુરીનું ભોજન મળ્યું ટેસથી જમ્યા, હુંફ વળી કે 'હાશ ! આજ જમણ હાઈક્લાસ મળ્યું ! ખરી મજા આવી.' પરંતુ એ હુંફ કેટલે પહોંચે. નવી ભૂખ ન લાગે ત્યાં સુધી. કકડીને પછી ભૂખ લાગી એટલે સારું ખાવાની ચિંતા ઊભી થઈ ત્યાં પેલી હુંફ ગઈ.

**અર્થ અને કામની હુંફ તકલાદી.**

**ધર્મની-સુકૃતની હુંફ કાયમી.**

ભગવાનની સુંદર ભક્તિ કરી, નવાં તીર્થના પ્રભુનાં દર્શન કર્યા, હુંફ વળે 'હાશ ! દુનિયાની કાળઝાળ જંજાળમાંથી છૂટી આ કેવી સુંદર ભક્તિ મળી ! કેવાં કેવાં સુંદર દર્શન મળ્યાં !' હવે આ હુંફ શું ઊડી જવાની છે ? ના, જ્યારે જ્યારે ભક્તિ કરવા મળેલી ! કેવાં સુંદર પ્રભુદર્શન મળેલાં !' તો એમ કહેતા નહિ, -

**પ્ર.**- તો શું સારી ધનકમાઈ કે સારા જમણ વગેરેની એવી યાદ કરીને હુંફ ન વળે ?

ઉ.- ના, એમાં તો પછીથી થતો ખરચાઈ ગયાનો સંતાપ પેલી કમાઈની હુંફને ખાઈ જાય છે. ફરીથી ખાવા-ભોગવવાની ચિંતા પેલા પૂર્વના સુખભોગની હુંફને ખાઈ જાય છે. મનને એમ થાય છે કે- પેલું કમાયેલા તો ખરા, પણ હાય ! ખરચાઈ ગયું ! 'પેલું જમણ સારું પણ હાય ! હવે પછી ભૂખ કકડીને લાગી. હવે સારું ખાવાનું પાછું કરવું પડશે !' આમાં ક્યાં રહી હુંફ ! ચિંતા ખાઈ ગઈ એને. ત્યારે ધર્મમાં સુકૃતમાં એવું નથી; કેમકે સુકૃત કરેલું ખરચાઈ જતું નથી, નષ્ટ થતું નથી. જ્યારે એને યાદ કરો ત્યારે આવો આનંદ હુંફ,-'હાશ ! પેલું સુકૃત સારું થઈ ગયું ! તપ સારો થઈ ગયો!' માટે તો કહેવાય છે. -

**સુકૃત કર્યું એકવાર, પણ એને જ્યારે યાદ કરો ત્યારે આનંદ-અનુમોદના અને નવી પુણ્યવૃદ્ધિ, દુષ્કૃત-પાપ કર્યું એક વાર પણ જ્યારે એને યાદ કરી એની અનુમોદના કરો ત્યારે ત્યારે નવી નવી પાપવૃદ્ધિ-અશુભ કર્મવૃદ્ધિ**

**સંસારમાં 'પડ્યા પર પાટુ' જેવો માર :-**

'હાશ ! પૈસા સારા કમાઈ પડ્યા ! હાશ ! બંગલો સારો બંધાઈ ગયો !' આવું જ્યારે જ્યારે યાદ આવી હુંફ લાગે, આનંદ આવે ત્યારે ત્યારે નવાં નવાં પાપકર્મ બંધાયા જ કરે. સંસારના અંગોનો આ કેટલો બધો જુલ્મ ! વિષને વધાર્યા કરવાનું ? પડ્યા પર પાટુ મારમાર કરે તો વાગવાનું દરદ કેટલું બધું વધે ? સંસાર



આટલા માટે પણ ગોઝારો છે કે એમાં જીવ બિચારાની ઉપર 'પડ્યા પર પાટુ' જેવો માર લાગ્યા જ કરે છે. પાપકાર્ય કર્યા પર તો પાપકર્મ બંધાઈ માર ખાવાનો; એટલું જ નહિ પણ હવે એની વારંવાર સ્મૃતિ કરી કરી ખુશી અનુભવી-અનુભવી નવાં નવાં પાપ બાંધી એના ય માર ખાવાના.

કેમ ? આવા સંસારમાં હુંફ છે ને ? પૈસાની અને સંસારસુખની હુંફ સારી ને ? મોહનો નશે આ ગાંડપણ કરાવે છે છતાં જીવ ગમારને આની ગમ પડતી નથી; આની અફસોસી પણ નથી ! 'ધુતારા સંસારથી હું ચોક્ખો લુંટાઈ રહ્યો છું એવું એને ભાન નથી થતું. મલેચ્છ સંસારથી હું કપાઈ રહ્યો છું એવું એને થતું નથી ! કોણ એને સમજાવે ?

**જૈન ધર્મ જ સુખ અને સાધનની વારંવાર યાદમાં નવા નવા પાપબંધની આ સૂક્ષ્મતા બતાવે છે.**

એવો રુડો જૈનધર્મ મળવા છતાં સમજ નહિ. તો પછી બીજે ક્યાં સમજ મળવાની ?

પૈસા વગેરેની હુંફ કાયમી નથી, ધર્મની હુંફ કાયમી છે. બોલો,

**હુંફ ધર્મની રહે છે ? કે પૈસાદિની ? એના પર 'આપણો આત્મા ધર્માત્મા છે કે પરમાત્મા ?' એનું માપ નીકળે.**

પેલા મારવાડીને ખરી હુંફ ધર્મની લાગી, તેથી કન્યા ખરીદવા માટે લઈ નીકળેલ કુલ તેર તેર હજાર રૂપિયાની મૂડી અહીં ધર્મનો મોકો મળી આવતાં મંદિર દ્વારોદ્ઘાટનનો ચડાવો લેવા માટે સોળ હજાર રૂપિયા સુધી બોલે છે !

સોળ હજારથી હવે આગળ વધનાર કોઈ નીકળ્યું નહી. એટલે હવે આને આદેશ આપવો જોઈએ. પરંતુ આનાં કપડાં દેદાર અને નવજીવાન નાની વય જોઈ આદેશ આપતાં ખચકામણ થઈ. એટલે આ મારવાડી ભાઈ તરત સમજી ગયો. એ સભાની વચમાં કહે છે,-

**મારવાડીના હૃદયોદ્ગાર :-**

'જીઓ શેઠ ! હું મારી કુલ મૂડી રૂપિયા તેર હજાર લઈ કન્યા શોધવા નીકળ્યો છું. દહેજ આપીને પણ જો કન્યા પરણવા મળે તો મારું ઘર મંડાય, ને પછી તો લોકમાં આબરૂ વધવાથી, પછી બધે પહોંચી વળીશ. આ મારો ઈરાદો હતો, પરંતુ અહીં આવ્યા પછી આ લહાવો જોયો, મનને થયું કે આ દુન્યવી કન્યા કરતાં આ ધર્મરૂપી કન્યા મહાકિંમતી છે, મહા હિતકારી છે. દુન્યવી કન્યાથી કઈ સદ્ગતિ મળે ? કે કઈ ભવની ભાવટ ભાંગે ? ત્યારે આ ધર્મનો લહાવો લેવાથી તો સદ્ગતિ મળે, અને દુઃખદ જનમ-મરણની પીડામાંથી છૂટવા આગળ વધાય. તેથી આ ચડાવો

બોલ્યો છું. અલબત હાલ મારી પાસે રોકડા તેર હજાર રૂપિયા છે,. તે હું હમણાં જ આપી દઈશ. બાકી બાકીના ત્રણ હજાર હું કમાઈને વહેલી તકે ભરી દઈશ એવી ખાત્રી આપું છું. તમને વિશ્વાસ પડતો હોય તો આદેશ આપો.'

નવજવાનના બોલમાં કેટલી બધી ધર્મસુવાસ ભરી છે ! એની હુંફ અને નિરાંત કયાં લાગી। પત્ની કરી લેવામાં નહિ, પરંતુ ધર્મ કરી લેવામાં. 'ચાલો પત્ની મળી જાય છે ? નિરાંત થઈ' એમ નહિ, પણ 'હાશ ! ચાલો આવો પ્રભુભક્તિનો મહાન લહાવો મળશે ? વાહ ! નિરાંત થઈ હાશ ! 'બધી મૂડી ખરચીને આ સુકૃત થાય છે. તો એ તો મહાકન્યા મળી ! જેની અનુમોદનાનો આનંદ જીવનભર ચાલશે !' આ હુંફ અને નિરાંત હોય ત્યાં દિલ કોનું ? પાપનું ? કે ધર્મનું ? ગૃહસ્થને મન પત્ની એટલે તો કેટલી બધી જરૂરી વસ્તુ લાગે ? છતાં એના મોહ મૂકી ધર્મને વળગે ત્યાં દિલ કેટલું બધું ઊંચું ધર્મનું હોય ? એમાં પાછી આખી મૂડી દઈ દેવાની !

**જુદા જુદા પ્રસંગે ધર્મનું દિલ કેવું ? :-**

તમે જાત માટે વિચારો કે આખી મૂડી નહિ, પરંતુ એનો થોડો હિસ્સો ખરચી દુન્યવી સ્વાર્થનું કામ કરવાનું મન થયું, અને ત્યાં કોઈ ધર્મ પ્રસંગ આવી પડ્યો, તો આવો વિચાર આવે ખરો કે 'હાશ ! આ મોકો ઠીક આવ્યો. દુન્યવી કામ કરતાં આ તો કેઈ ગુણું ઊંચુ ધર્મકાર્ય ! લાવ, પૈસા આમાં જ લેખે લગાડું, નિરાંત.' થાય છે આવું ? ન થતું હોય તો દિલ પાપને બદલે ધર્મનું બનાવી, એકાદ વાર કરી જુઓ આ, પછી જોજો એનો આનંદ કેવો આવે છે ! એ વળી કાયમી થશે.

તપમાં પણ આ લાગુ કરી શકાય. શરીરને સારું ખાઈને આનંદ ઊભો થાય છે, ત્યાં કોઈ પર્વ તિથિનો મોકો આવ્યો, ત્યાં શું આ વિચાર આવે ખરો કે 'હાશ! આ ઠીક પર્વતિથિ આવી.

**ખાઈ ખાઈ નાશવંત શરીરને તગડું રાખવાનાં કાર્ય કરવા કરતાં મારા અવિનાશી આત્માને પુષ્ટ કરનાર સરસ તપધર્મનું ઊંચું કાર્ય કરવાનો આ કેવો સુંદર મોકો !!**

શરીરને ખાનપાનમાં રગડવા કરતાં તપસાધનામાં લેખે લગાડું. નિરાંત-આવું થાય છે ખરું ? ન થતું હોય તો દિલ ધર્મનું બનાવી મન મારીને પણ ૪-૫ પર્વતિથિ આ ભાવનાથી સાચવી જુઓ. પછી જોજો એનો આનંદ કેવો આવે છે ! એ આનંદ વળી કાયમી ! કેમકે પછીથી જ્યારે જ્યારે યાદ કરો 'વાહ સરસ તપ' થતો રહ્યો ! ત્યારે ત્યારે આનંદનો અનુભવ.

એમ શીલધર્મમાં દા.ત. આંખના દુન્યવી સારા વિષય જોવા હોય તો સામે



છે છતાં આંખને અટકાવી એ ન જોયા. એના દર્શન રોકી લીધા, અને એની હુંફ તથા નિરાંત અનુભવ્યા કે 'વિષય જોયા હોત તો તત્ક્ષણ આનંદ,પછી એ આનંદ ડૂલ; એના કરતાં હાશ ! ઠીક થયું આ જોવાનું છોડ્યું સુંદર ત્યાગધર્મ શીલધર્મ આરાધવા મળ્યો !' એવું સ્પર્શનેંદ્રિય વગેરે બીજી ઇન્દ્રિયોના સુંવાળા વગેરે વિષયોને મોકે મોકે સ્પર્શ સુંઘવા-ચાખવા-સાંભળવાનું છોડ્યું, તો ત્યાં શીલધર્મ સાધ્યાનો આનંદ ઊભો થશે, ને પાછળથી 'પેલો ત્યાગ ઠીક થયો !' એવા વારંવારના સ્મરણમાં વારંવાર આનંદ અનુભવાશે. માત્ર આમાં એ ત્યાગ કરતાં 'હાશ ! ઠીક મારે પ્રભુની આજ્ઞા મુજબ ત્યાગધર્મ-શીલધર્મ આરાધવા મળે છે ! નિરાંત મારે, પાપદર્શનની બલા ટળી ! એવી હાશ અને નિરાંતની અનુભૂતિ થવી જોઈએ. બોલો, મોકે મોકે વધુ કે થોડા ધનત્યાગ-વિષયત્યાગ-આહારત્યાગરૂપ દાન-શીલ-તપ કરવા તરફ મન જાય છે ? ત્યાં હાશનો અનુભવ દિલમાં કરાય છે ?

જો આમ મોકે મોકે થોડા પણ દાનનો તપ શીલનો પ્રયત્ન ન કરાય, ને એમાં 'હાશ' નો અનુભવ ન કરાય એની સામેના ધનરાગ-ખાનપાન-વિષયોની બલા ટળ્યાની નિરાંત ન વળાય, તો પછી, વિચારો કે, કોઈ તેવા અવસરે દુન્યવી બહુ ઉપયોગી માનેલ કાર્યને છોડી મહાદાન કરવાનું જોમ, એમ મહાન તપ કરવાનું જોમ તથા મહાત્યાગ કરવાનું જોમ તથા મહાત્યાગ કરવાનું જોમ ક્યાંથી આવશે ?

પેલા મારવાડીમાં રૂપિયા તેર હજારથી કન્યા પરણી લાવવાનું બહુ જરૂરી કામ છોડી રૂા. ૧૬ હજારથી બોલી બોલાવાનું જોમ આવી જાય છે; અને જ્યાં એણે ખુલાસો કર્યો, તેમજ રૂા. તેર હજાર રજુ કરી દીધા, બાકીના ત્રણ હજાર એની નેકી પર ભરોસો પડવાથી એને દ્વારોદ્‌ઘાટનનો આદેશ આપવામાં આવ્યો ત્યાં એને ભારે હાશ થઈ, નિરાંત થઈ 'હાશ ! તુચ્છ વસ્તુ પત્નીને છોડી પ્રભુભક્તિના આવા સુંદર સુકૃતમાં મારા પૈસા લેખે લાગ્યા ! નિરાંત થઈ કે આ પૈસા પાપમાં જતાં અટક્યા !'

**ધર્મને દિલનો કરવા આ સરસ ઉપાય કે ધર્મમાં 'હાશ' અને નિરાંતનો અનુભવ કરવો.**

કોઈને અપ્રિય બોલ કહેવાનું મનમાં આવી ગયું હોય ત્યાં આપણા દિલની શાંતિ માટે એક મીઠો બોલ કહીને પણ એમાં હાશ અનુભવીએ એ પ્રિય વચનનો ધર્મ દિલથી થયો ગણાય. ગુસ્સાના અવસરે શાંતિ-ક્ષમા રાખીએ ને એમાં હાશનો અનુભવ થાય એ દિલનો ધર્મ ગણાય. એક નવકારવાળી ગણીને ય 'હાશ ! આ પ્રમાદમાં જતો ઠીક આમાં લેખે લાગ્યો ! હાશ પ્રભુનું ઠીક નામસ્મરણ થયું ! એ હાશ લાગે, 'મારા જીવને આની જ ઓથ છે, ભવિષ્યમાં આ જ જવાબ આપશે' એમ હુંફ

અનુભવાય તો એ દિલથી ધર્મ થયો. એમ પ્રભુભક્તિ કરીને 'હાશ ! પાપકાર્યથી બચીને પરમ ઉપકારી ભગવાનની ઠીક સેવા થઈ !' એવો હાશનો અનુભવ થાય, જીવન સુકૃતભર્યું કરવામાં હુંફ લાગે, તો એ દિલનો ધર્મ થયો ગણાય.

અલબત્ત, આ આ ધર્મમાં કોઈ દુન્યવી વસ્તુની આશંસા ન જોઈએ; નહિતર તો દુર્ભવી જીવ પણ ધર્મમાં હાશ તો અનુભવે કે 'હાશ ! ધર્મ ઠીક થયો !' પરંતુ એની સાથે શું છે ? બીજી હાશ કે 'હાશ ! ચાલો આનાથી પૈસાટકા, માન વડાઈ-વાહવાહ સારી મળશે ! પરંતુ આવી હાશ શી કામની ?

**ધર્મ કર્યામાં હાશ લાગે એ મનુષ્યજનમ સફળ થવા બદલ અને જિનાજ્ઞા-પાલન તથા પાપકચરા દૂર થવા બદલ લાગવી જોઈએ.**

બસ, નિરાશંસભાવે નાનો મોટો ધર્મ કરતા ચાલો અને એમાં હાશ હુંફ અનુભવો, તો ધર્મ દિલનો થવા લાગે. આ ક્યારે બને ? દુન્યવી પદાર્થની બહુ આશા ન રાખવામાં આવે તો. એ માટે સમજી રાખવાનું કે,-

દુન્યવી પદાર્થની બહુ આશા તૃષ્ણા શી કરવી ? કેમકે

(૧) દુન્યવી પદાર્થો કાયમી હુંફ આપતા નથી,

(૨) દુન્યવી પદાર્થો આપણાં કર્મને આધીન છે.

કર્મ કૂડાં હોય તો આશા નિષ્ફળ જાય છે.

(૩) દુન્યવીની બહુ આશામાં ને હુંફમાં તણાયા ધર્મની આશા-તમન્ના રહેતી નથી. એથી માનવજનમમાં જ સાધી શકાય એવી કેટલીય ધર્મસાધનાઓ ને સુકૃત સાધનાઓ સુલભ છતાં ગુમાવવાનું થાય છે,

પેલા વેણીચંદભાઈને વેપારીઓએ કુલ આઠ હજાર રૂપિયાની એમની દલાલી થઈ ગયાનું કહ્યું. એ ચોંકી ઊઠ્યા કે 'અરે ! મારે તો માત્ર ચાર હજારનો ખપ હતો ને આઠ હજાર થઈ ગયા !' અરેકારો થયો, અફસોસી થઈ, હાશ ન થઈ, હુંફ ન લાગી કે 'ચાલો ઠીક થયું' ડબલ સમય નિરાંત રહેશે ? કેમ આ નહિ? કહે, એમને અલ્પ-પરિગ્રહ ધર્મમાં હાશ લાગતી હતી એ અધિક પરિગ્રહના પાપની હુંફ.

**શ્રીમંતની હુંફ, ધર્મની હુંફ :-**

હુંફ એટલે શું એ સમજો છો ? ગરીબ માણસને જો કોઈ શ્રીમંત માણસે કહી રાખ્યું હોય કે 'તમારે ક્યારે ય પૈસાની બાબતમાં મુંઝાવું નહિ. જરૂર પડે ત્યારે મને જરા ઈસારો કરી દેવો કામ થઈ જશે.' તો ગરીબ માણસને આની હુંફ રહે છે કે 'ફિકર નહિ, મારે આ જબરી ઓથ છે. આનાથી ક્યારેય ય કશું અટકવાનું નહિ.' એમ ધર્મની હુંફની જબરદસ્ત ઓથ છે. એ મને નીચે પડવા દે નહિ, મારે ધર્મની જબરદસ્ત ઓથ છે. એ મને નીચે પડવા દે નહિ. મારે કશું, અટકે નહિ.'



મોટા વેપારીએ કોઈ નાના વેપારીને કે દલાલને કહી રાખ્યું હોય કે તમારે જ્યારે જરૂર પડે ત્યારે ઉધાર માલ લઈ જવો. તે પણ પડતર ભાવે આપીશ ? તો એની નાના વેપારીને હુંફ રહે છે. એ હુંફ ઉપર ધમધોકાર વેપાર ચલાવ્યે જાય છે. એમ ધર્મની હુંફ હોય એને ધર્મનાં કાર્ય ધમધોકાર ચાલે છે વેણીભાઈને આ ચાલતું હતું.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૫,અંક-૩૧,તા.૯-૪-૧૯૭૭**

અલ્પ પરિગ્રહ અર્થાત્ પરિગ્રહ સંજ્ઞા પર કાપ એ ધર્મ; પરિગ્રહ પર સંયમ એ ધર્મ; અને પરિગ્રહ પાપનું મનને માપ જ નહિ એ અધર્મ. વેણીચંદભાઈને પરિગ્રહ પાપની હુંફ નહિ, પાપ પરિગ્રહ સંયમના ધર્મની હુંફ હતી, તેથી ચારના આઠ હજાર ભેગા થઈ ગયાનું જાણતા જ ભડકી ઊઠ્યા ! ધર્મની હુંફ હતી, તેથી ધર્મ ઊલંઘાતાં ભડક્યાં. પરિગ્રહની હુંફ હોત તો ખુશી માનત કે 'ચાલો ચાર હજાર જોઈતા હતા એના બદલે આઠ હજાર જડી પડ્યા.' આ હુંફ હોત તો તો વેપાર ચાલુ રાખત, મનને એમ થાત કે 'વાહ! વેપારીઓ ઠીક મળ્યા છે. વગર જોખમે આપણને સારું કમાવી દે છે. આમ ને આમ ચાલવા દે ત્યારે સારી કમાઈ થઈ જશે.'

પરિગ્રહ પાપની હુંફ નહિ, એટલે આવો વિચાર જ નહિ. એમ જો ભડક લાગી 'હાય ! પરિગ્રહ બેવડો થઈ ગયો ?' એટલે વેપારીઓને કહે છે 'બસ, હવે મારે દલાલીનો ધંધો બંધ. લાવો દલાલીની રકમ અને હું ઘર ભેગો થઈ એકલો મારી ધર્મની સંસ્થા જ સંભાળું.

હવે ખૂબી જાઓ. ખાંડ બજારમાં એક મોટી કંપનીને વેણીચંદભાઈની પ્રામાણિકતા અને સંતોષની ખબર પડી એટલે એ વેણીભાઈને બોલાવી મોટી ઓફર કરે છે કે 'શેઠ ! તમે બજારમાંથી સાવ ચાલ્યા શું જાઓ ? તમે આવો અમારે ત્યાં ભાગીદારીમાં, ભલે તમારા ધર્મનાં કાર્ય કરતા રહેજો, ને ફાવે ત્યારે દુકાન પર આવજો.'

શેઠ કહે 'ભાઈ ! એ વ્યાપારનાં પાપ શા સારુ માથે લઉં ? મારે ખાવા કેટલું જોઈએ ? ને આવા જંગી વેપારનાં પાપ માથે વહોરું તો કદાચ પૈસા તો મળે, પણ એ અંતે ચાલ્યા જવાના, ને મારે જંગી વેપારનાં અને પરિગ્રહનાં મોટા પાપનાં પોટલા લઈ દુર્ગતિમાં ભટકવું પડે.'

બોલો, પરિગ્રહનો આવો ભય લાગે ? પરિગ્રહ એ મોટુ પાપ લાગે ? એથી ભવમાં ભટકવું પડે સંસાર ભ્રમણ વધી જાય, એવી બીક લાગે ? જૈનધર્મનો મર્મ પામ્યા હોય એને આ ભય લાગે, એને પરિગ્રહ વેપાર એ મોટાં પાપ લાગે.

વેણીચંદભાઈને કંપનીવાળાઓ કહે 'તો શેઠ ! એમ કરો, બજારમાં માત્ર એક કલાક આવી અમારી દલાલી કરી જજો. તમે ભાગ્યશાળી છો એટલે તમારે અહીં કલાકો નહીં બગાડવા પડે, અને મોટા સોદામાં દલાલી સારી કમાઈ જશે. અહીં માત્ર એક કલાક આંટો ખાઈ જાઓ એમાં તમારો તમારાં ધર્મનાં કાર્ય નહિ બગડે.'

શેઠ કહે 'ભાઈ ! મારે પહેલું તો પરિગ્રહ વધે એજ મોટું અધર્મનું કાર્ય છે; એ ક્યાં માથે વહોરું ? ધર્મનાં કાર્ય તો માત્ર પુણ્ય આપીને બેસી રહે; પરંતુ આવા અમર્યાદિત પરિગ્રહ અને બિનજરૂરી વેપારધંધાનાં પાપ તો પરભવે મારી ખબર લઈ નાખે. એ કાંઈ પેલા ધર્મનાં કાર્યથી માફ ન થાય. તેમ એવા વેપાર ધંધા અને પરિગ્રહનો રસ મને દેવ-ગુરુ-ધર્મ પર એવો રસ પણ ન આવવા દે.'

બસ, કંપનીવાળો ચૂપ થઈ ગયો. વેણીભાઈ દલાલી ધંધો બંધ કરી મહેસાણા-સંસ્થાના અને સંઘના કામકાજમાં ગુંથાઈ ગયા. એમને ધર્મની જ હુંફ રહેતી એનું આ પરાક્રમ હતું કે લક્ષ્મી સામેથી આવે છે છતાં એમને જોઈતી નથી, ખપતી નથી.

**ધર્મની જ હુંફવાળો આવતી લક્ષ્મીને ના પાડવાનું આત્મ પરાક્રમ કરી શકે.**

આ તો સામેથી આવતી ઓફરને ઈન્કારે છે, પરંતુ જેને અલ્પપરિગ્રહ-પરિગ્રહસંયમના ધર્મની હુંફ નથી રાખવી અને પરિગ્રહ પાપની હુંફ રાખવી છે, એ તો ઊલટું મોટી કંપનીઓ કે વેપારીઓમાં દલાલી શોધતા ફરે છે, એ માટે કેટલીય ચાપલુસી અને જૂઠ પ્રપંચ વગેરે કરતા રહે છે. એમાં એવા ફાવતા નથી તો ય જપ્યા નથી રહેતા, આશામાં ને આશામાં ત્યાં આટાં ફેરા કરતા રહી જીવનનો અમૂલ્ય સમય બરબાદ કરે છે. અને અમૂલ્ય ધર્મની તક વેડફી નાખે છે.

**ધનની પરિગ્રહની હુંફ ભૂંડી. ખોટી આશામાં ખોટા દોડાવે. અમૂલ્ય સમય અને ધર્મની તક વેડફી નખાવે.**

ધનની પરિગ્રહની આશામાં જો જાતે દોડવાનું હોય, તો પછી સામેથી ધનકમાઈની ઓફર આવતી હોય તો એને ઈનકારવાનું જીગર કયાં ? કૌવત ક્યાં ? એ તો જેને પરિગ્રહની હુંફ નહિ પણ ધર્મની જ હુંફ હોય એ જ આ જીગર અને કૌવત ધરાવી શકે, એમ ન કહેતા કે,

**પ્ર.**- સામેથી આવતા વેપારની ના પાડવી એમાં માયકાંગલાપણું નથી ?

**ઉ.**- ના; એમાં જ ખરું કૌવત છે. માયકાંગલાપણું તો ઓછા ધનની બીક રાખવામાં, અને 'આગળ પર સારા પૈસા વિના શું થાય ? એ ભય રાખવામાં છે. તેથી જ એવી ઓફર વધાવી લઈ એમાં શક્તિનો દુરુપયોગ કરવામાં છે. માયકાંગલાપણું છે જાુઓ દા.ત. દેવતા પાસે અથાગ દિવ્યશક્તિ છે કે જેનાથી હજારો માણસોને મારી શકે. હવે બોલો એનું કૌવત શામાં ગણાય ? દિવ્યશક્તિનો



ઉપયોગ કરી માણસોને માર્યે રાખવામાં ? કે એ શક્તિનો ઉપયોગ ન કરતાં માણસોને અભયદાન દેવામાં ? શક્તિનો ગેરુપયોગ કરી માણસોને માર્યે રાખે તો કૌવતવાળો ગણાય ? કે માયાકાંગલો ? આજ વાત છે,

**પરિગ્રહ વધારવાની શક્તિ છતાં, ન વધારે એજ કૌવતવાળો છે, વધારે એ સત્ત્વહીન છે.**

પરિગ્રહ એ પાપ છે. પરિગ્રહની શક્તિ એટલે પાપની શક્તિ. એનો ઉપયોગ કોણ ન કરે ? અર્થાત-શક્તિ પહોંચે એટલે પરિગ્રહ ભેગો કરવાનું કોણ ન કરે ? કહો, જેને ધર્મની હુંફ રહેતી હોય અને જે સાત્ત્વિક હોય.

**ધર્મની જ હુંક રહેતી હોય એ જ પાપની શક્તિનો ઉપયોગ ન કરે. અને જેને પાપની ભડક હોય એને જ ધર્મની હુંફ રહે.**

વેણીચંદભાઈ શેઠને પરિગ્રહ પાપની ભડક હતી, તેથી જ પરિગ્રહસંયમના ધર્મની એમને હુંફ હતી. આવું બધે લાગુ પડે. દા. ત. ખાવું એ પાપ એની ભડક હોય એને ત્યાગ-તપના ધર્મની હૈયે હુંફ રહે. 'હાશ ! એક ટંક ખાવાનો ત્યાગ કર્યો તો એટલા પાપથી બચ્યો અને એટલા ત્યાગ ધર્મની કમાણી થઈ.' 'પરસ્ત્રીદર્શન હાથવેંતમાં છતાં એને ત્યાગ કર્યો તો હાશ ! પાપથી બચ્યો અને એટલી શીલધર્મની કમાણી થઈ' પાપની ભડક જોઈએ, તો જ આવી ધર્મની હુંફ રહે.

આજે આ વાત ગળે ઊતરવી મુશ્કેલ થઈ પડી છે. પાપની ભડક, પાપનો ભય, એ કેમ જાણે મોટા ખૂનરેજી જેવા પાપના જ હિસાબે રાખવાનો ! બાકી સેંકડોગમે પાપનો ભય જ ઊડી ગયો. માકણ-મચ્છર કરડે છે માટે ઝટ ડી.ડી.ટી. ત્યાં ક્યાં એ વિકલેન્દ્રિય જીવોની ઘોર હિંસાના પાપનો ભય રહ્યો ? લિવર નબળું છે માટે ઝટ લિવર એકસટ્રેક્ટ; ક્યાં એ બનાવવામાં માછલાં વગેરે પંચેન્દ્રિય જીવોની થયેલી ઘોર હિંસાનું પાપ લાગવાનો ભય રહ્યો ?

નિરોધ-નસબંધીની સગવડ થઈ પછી અબ્રહ્મ સેવનનાં પાપનો ભય ક્યાં ? અરે ! વ્યભિચાર-દુરાચારનો ય ભય ક્યાં ?

**સિનેમામાં બે મહાપાપ :-** સિનેમાની સગવડ થઈ, ટેસથી જોવા ગયા ત્યાં ડોળા ફાડીને પરસ્ત્રીદર્શન કરવામાં મહાપાપનો ભય ક્યાં રહ્યો ? પાપનો ભય પાપની ભડક નથી માટે તો સિનેમામાં ઉદ્ભટ વેશવાળી પરસ્ત્રીનાં અંગોપાંગ ડોળા ફાડીને હોંશે હોંશે જોવાય છે ! બીજું, ચિત્રપટના દંગા-લડાઈ વગેરેમાં ન ગમતા પક્ષને મારી નાખવાના ભયંકર વિચાર નિર્ભીકપણે કરાય છે ! ભાન છે ખરું કે આ તો ખાલી છાયા-ચિત્ર પરનું, લેવા દેવા વિનાનું રૌદ્રધ્યાન છે ? એ સીધાં નરકનાં જ પાપ બંધાવશે ? ના, આ કશું ભાન જ નથી, વિચારવું જ નથી. કેમકે

પાપની ભડક જ નથી.

**ઉદ્ભટ વેશમાં સ્વ-પરને પાપ :-**

જમાનાવાદના ઉદ્ભટ વેશે સ્ત્રીઓને ઉઘાડા માથાં, ઉઘાડાં બદન શિખવ્યાં, 'હાય ! આમાં શીલનાં ભંગનું પાપ લાગે !' એવો પાપનો ભય કયાં રહ્યો ? તેમજ એ જોનારા બિચારા દુનિયાના પામર જીવોને પરસ્ત્રી રૂપદર્શનનાં ઘોર પાપ લાગે ! એવો પોતાના નિમિત્તે સામા જીવને પાપો લાગવાનો ભય પણ ક્યાં રહ્યો?

કાળ જ કોઈ ભયંકર આવી લાગ્યો છે તે પાપની ભડક જ ઉરાડી દીધી !

**આજે પાપની ભડકની શી વાત, પાપને પાપ માનવાનું ય ઊડી ગયું !**

ધંધા અંગે રાત્રે ખાવું પડે છે, ત્યાં રાત્રિભોજનના મહાપાપનો ભય રહ્યા કરે ? કે પછી એ મહાપાપ હોવાનું જ લાગતું નથી ? એમાં બહુ પાપ શું, એમ લાગે છે ? કોઈ કહેતો આવે તો ઊલટું સામે બચાવ કરવાનું મન થાય, કે 'અરે આજે મોટાં પાપો કેવાં ચાલે છે ? એની આગળ રાત્રિભોજન એ કોઈ એવું મોટું પાપ જ નથી' એ જ સમજીને ને ? ત્યાં એ પાપની ભડક રહી ? અફસોસી રહી ? કે 'હાય ! શ્રાવકના અવતારે રાત્રિભોજનનું મહાપાપ મારે કરવું પડે ? ના, આપણે રાત્રિભોજન ત્યાગનો નિયમ નથી એટલે ઠીક ધંધો સચવાઈને રાત્રે જમી શકાય છે; રાત્રે બહાર નીકળ્યા યા રાત્રે ઘરે સ્નેહી આવ્યા . તો એમની સાથે ચા-પાણી કરી એમનું મોં સચવાય છે,' આવી પાપની હુંફ રહે છે ! રાત્રિભોજન ત્યાગનો નિયમ ન હોવાનો આનંદ રહે છે !

બોલો હવે, પાપની હુંફ હોય એને ધર્મની હુંફ શાની રહે ? એને તો ઊલટું ધર્મની ભડક લાગે ! એને એમ થાય કે 'રખેને સાધુમહારાજ પાસે કોઈ બાધા-નિયમમાં પકડાઈ ન જઈએ !' પરિગ્રહપાપની ભડક જ નહિ એવાને 'રખે ! કોઈ ધર્મની ટીપ વખતે આપણે ન પકડાઈ જઈએ !' એમ ધર્મની ભડક-ભય લાગે છે.

**પરિગ્રહપાપની ભારે હુંફ છે તેથી જ દાનધર્મની ભડક છે.**

**ઊંચા આર્ય માનવ અવતારે ધર્મની હુંફ શોભે ? કે પાપની ?**

અવળી ગંગા ! આવા આર્યમાનવ-અવતારે ધર્મની હુંફ જોઈએ કે 'હાશ ! ચાલો સુકૃત કમાવાનો અવસર મળ્યો.' અને પાપની હુંફ 'હાશ ! ધર્મમાં ન ફસાઈ જતાં પૈસા બચ્યા કે કામ લાગશે !' જૈન અવતારે અવળી જ ગંગા છે ને ? મમ્મણ શેઠે પૂર્વભવે દાન દીધા પછી 'હાય ! આ લાડવો ક્યાં વહોરાવ્યો ? મારે ખાવા રહ્યો હોત તો કેવી મજા આવત !' એમ પાપની હુંફ રાખી તો અંતે શું પામ્યો?

**પાપની ભડક અને ધર્મની હુંફ વિના જૈન ધર્મ હૈયે નહિ અડે.**

હૃદયમાં જૈનધર્મની સ્પર્શના કરવી છે ? 'અહો મને કેવો સરસ જૈન ધર્મ



મળ્યો !' એવી જૈનધર્મ પામ્યાની અનુમોદના કરવી છે ? તો મનમાં આ લાવો કે 'હાશ જૈનધર્મે કેવા કેવા નાના પણ પાપની ઓળખ આપી ! કેવી એની ભયાનકતા બતાવી ! કે મને એથી બચવાનું મળે છે. વાહ ! પાપના ત્યાગરૂપ દાન-શીલ-તપ ભાવનાનો કેવો સરસ ધર્મ કરવાનો મળે છે !' પાપની ભડક અને ધર્મની હુંફ ઊભી કરો તો જૈનધર્મનો મહિમા સમજાય, હૈયે જિનશાસનની સ્પર્શના થાય.

**વેણીચંદભાઈએ ચાલુ દલાલી ધંધો બંધ કર્યો :-**

પેલા વેણીચંદભાઈ શેઠને પરિગ્રહ પાપની ભડક હતી તેથી ચારના આઠ હજારની પોતાની દલાલીની રકમ સાંભળતાં ભડકી ઊઠ્યા 'હાય ! બમણો પરિગ્રહભાર ? બસ હવે દલાલીધંધો બંધ' એ કમાઈ લઈને દલાલી ધંધો છોડી થયા ઘરભેગા. મોટી કંપનીવાળાની સહેલાઈથી મોટી દલાલી કમાઈ લેવાની ય ઓફર ઠુકરાવી દીધી.

**પરિગ્રહની સૌથી મોટી લાલચ, માટે દાન ધર્મ પહેલો :-**

ગૃહસ્થને પરિગ્રહની લાલચ મોટી રહે છે તેથી એને દાનધર્મની પહેલી આવશ્યકતા બતાવી. પેલો શારદાનંદન પંડિત રાજાને એ કહી રહ્યો છે કે 'ગૃહસ્થ દાનધર્મથી શુદ્ધ થાય.

**દિલથી દાન દે એમાં દાન કરાવનાર યાચક સારો લાગે અને પૈસા રાખી મૂકવા ભૂંડા લાગે.**

**પૈસા ભૂંડા લાગે તો જ વૈરાગ્ય સાચો જાગે.**

**એ વૈરાગ્યપૂર્વકના દાનમાં કેટલાય દોષો ધોવાઈ જાય.**

**વૈરાગ્ય વિનાના ધર્મથી દોષો ન ધોવાય.**

વેપારી ઘરાકના ભારે કડવા બોલની સામે ઘણી ય ખામોશ-ક્ષમા રાખે છે. પણ તેથી કાંઈ આત્માના દોષો ન ધોવાય. દુન્યવી લાલચથી શંખેશ્વર દાદાની ભારે આંગી-પૂજાનો ખર્ચ કરે, પણ તેથી અંતરના દોષો ન ધોવાય.

શારદાનંદનપંડિતના મંત્રીપુત્રી દ્વારા અપાયેલા ચાર બોલ ઉપર કેવો ચમત્કાર ! રાજકુમાર જે જંગલમાંથી શોધી લાવવામાં આવ્યો ત્યારે 'વિસેમિરા' 'વિસેમિરા' એવા ચાર અક્ષર રટતો હતો તેમાંથી પેલીના એકેક શ્લોક પર એકેક બોલ પર એકેક અક્ષર ઘટતો ગયો અને અંતે ચોથા બોલ પર 'રા'નું રટણ પણ બંધ થયું, રાજકુમારનું ગાંડપણ મટી સ્વસ્થતા આવી ગઈ, એટલે રાજા વિસ્મય પામ્યો અને પડદાની અંદરની મંત્રીપુત્રીને પૂછે છે. 'આ તમે કેવી રીતે જાણ્યું કે કુમારને આના લીધે ગાંડપણ છે ?'

ત્યાં પંડિત કહે છે,-'જીભ ઉપર માતા સરસ્વતીના પ્રસાદથી જેવી રીતે

રાણીની જાંઘ પરના ચિહ્નને કહ્યું તેવી રીતે આ કુમારના ગાંડપણના નિવારક કારણને કહ્યાં.'

**રાજાના પારાવાર પસ્તાવાની વિચારણા :-**

આ સાંભળતાં જ રાજા ચોંકી ઊઠ્યો ! એના મનને થયું કે 'અરે ! રાણીના શરીર પર ચિહ્નને તો શારદાનંદન ગુરુએ જ કહેલું, તો શું આ પણ એ જ ગુરુએ કહ્યું ? ત્યારે મેં નાલાયકે તો ગુરુને મારી નખાવવાનું કરેલું, તો શું ગુરુ જીવતા છે ? ખરેખર એમના વિના કોઈ આ ભેદ કહી શકે નહિ. અહો ! ત્યારે તો પહેલાં પણ એમણે સરસ્વતીના પ્રસાદથી જ રાણીનું ચિહ્ન કહેલું, કિન્તુ નહિ કે દુરાચારી હોવાથી, તો મેં કેવી જૂઠી કલ્પના કરી ! અને એ જૂઠી કલ્પના પર મોતની સજા ફરમાવવાની કેવી ભયંકર ભૂલ કરી નાખી ! મોતની સજા કોને ? ગુરુને ? આ કરાવનારું રાજ્ય સંપત્તિનું અને રાજાપણાનું અભિમાન છે. ધિક્કાર પડો એવી રાજ્યસંપત્તિને ને રાજાપણાને કે જે આવાં ઘોર પાપ કરાવે ! એક ગરીબની ઝુંપડી સારી કે આવાં ઘોર પાપ તો ન કરાવે. એથી ય આગળ સર્વત્યાગ સારો કે જેમાં પછી કોઈ જ પાપ કરવાનાં રહે નહિ એટલા જ માટે સંન્યાસ-ધર્મની બલિહારી છે કે જેમાં નિષ્પાપ જીવન જીવવા મળે.'

રાજાને પોતાના પાપ પરના પારવાર પસ્તાવા પર રાજ્યાદિ સંસાર પર વૈરાગ્ય જાગી ગયો, અને સંન્યાસધર્મની ચાહના ઊભી થઈ. એ ઝટ પૂછે છે,-

**રાજા અને ગુરુના પરસ્પર બોલ :-**

'શું ત્યારે આપ મારા શારદાનંદન ગુરુદેવ મારા સદ્ભાગ્યે જીવંત છો ? મારો ધન્ય અવતાર, ધન્ય ઘડી !'

મંત્રીએ હવે અવસર જોઈ તરત પડદો ખેંચી લીધો અને ત્યાં મંત્રીપુત્રીની બાજુમાં પંડિત શારદાનંદન ગુરુને જોતાં રાજાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં, બે હાથ જોડીને બળતા દિલે ગુરુની ક્ષમા માંગે છે, અને પોતાના ઘોર પાપ પર આંસું સારે છે. ગુરુ એને આશ્વાસન આપે છે કે 'હવે રુઓ નહિ જેનું છેવટે સારું તે સારું આ નિમિત્તે તમને ગુરુ પ્રત્યેના દિલના ભાવ વધી ગયા, એ સારું જ છે.' જુઓ,

**ગમે તેવા પ્રસંગમાંથી સારું લેવું હોય તો લઈ શકાય છે.**

રાજા કહે 'ના, એટલું જ નહિ, હવે તો રાજવી સંસાર છોડી સંન્યાસ જ લેવા ધારું છું. ગુરુના કરેલા ભયંકર દ્રોહનું બીજું પ્રાયશ્ચિત્ત હોય નહિ; તેમજ

**મનુષ્યજન્મ પાપ પોષવા માટે નહિ, પણ પાપ છોડવા માટે જ હોય.**

તેથી મારે હવે સંયાન્સધર્મ લેવો, એજ શ્રેયસ્કર છે, એ જ મારે નિર્ધાર છે. આપ મને આશીર્વાદ આપો; ને મંત્રીશ્વર ! મને સંમતિ આપો; તથા રાજપુત્રના



રાજ્યાભિષેકની તૈયારી કરો.'

પંડિત અને મંત્રી જુએ છે કે મહારાજાની વાત ખોટી નથી. તેથી એના હિતૈષી તરીકે એમની ભાવનામાં સંમત જ થઈ જવું જોઈએ. બંને જણ રાજાની વાત વધાવી લે છે. અંતે રાજપુત્રને રાજય ગાદી ભળાવી નંદરાજા સંન્યાસ લઈ લે છે.

રાગદ્વેષ વગેરેને ચિત્તસંકલેશ કેવા ભયંકર છે એ આમાંથી જોવા મળે છે. નંદરાજાને ગુરુ પરની દુરાચારની જૂઠી કલ્પનામાં ગુરુ પ્રત્યે દ્વેષ ને સંકલેશ થયો તો ઝટ દિવાનને હુકમ કર્યો કે 'ગુરુને મારી નખાવો.' આવા દ્વેષના સંકલેશમાં રૌદ્રધ્યાન આવે છે, અને એ વખતે કર્મ કેવા બંધાય ? નરકગતિનાં કર્મ 'અટ્ટેણતિરિયગઈ, રુદ્દઝાણેણ ગમ્મઈ નરય' એમ શાસ્ત્ર કહે છે. આર્તધ્યાનથી તિર્યંચગતિમાં જવાય, અને રૌદ્રધ્યાનથી નરકમાં જવાય છે.

**દ્વેષનો સંકલેશ રૌદ્રધ્યાન કરાવી નરક સુધી લઈ જાય છે.**

ત્યારે આજે સ્વાર્થની જોરદાર માયામાં સામા તરફથી કાંઈક આડું અવળું બન્યું તો એ જીરવવાનું સત્ત્વ કેટલું ? એવું સત્ત્વ નહિ એટલે દ્વેષ ક્રોધ સળગતાં વાર નહિ પછી એનો સંકલેશ ચિત્તને પકડી જ લે છે અરે ! પોતાને અંગત કશી લેવા દેવા નહિ, એવા દેશના અને જગતના બનાવો છાપામાં વાંચીને દ્વેષના સંકલેશ જાગતાં ક્યાં વાર લાગે છે ? તેમ આજના સ્ત્રીઓના ઉદ્ભટ વેશના જમાનામાં એનાં ભરપૂર દર્શન રાગના સંકલેશ કેટલા ? ખાલી રૂપાળા અંગોપાંગ જોઈ ખુશી થયાં મળવાનું કાંઈ નહિ, પણ સિનેમામાં દિલની ચોંટથી ડોળા ફાડી તાકી-તાકીને જોવામાં અને ખુશી ખુશી થવામાં રાગ ને સંકલેશ કેવો ભારી ? સંકલેશ એટલે ચિકણો પરિણામ. જીવ એમાં તન્મય એકાકાર થઈ ગયો હોય, પછી દ્વેષ હોય કે રાગ. એમાં એકાકારતા એવી કે ક્ષણભર માટે બીજું બધું ભૂલી જાય. રાગ દ્વેષની એકાકારતામાં પાપનો પરલોકનો કશો તીવ્ર સંકલેશ કહેવાય, રાગ-દ્વેષના સંકલિષ્ટ પરિણામના વિચાર જ નહિ, એ કહેવાય. આર્ય માનવભવે આ એટલે એના ગાઢ કુસંસ્કારો આત્માની અંદર સીલપેક થતા જાય, ને એ પાપિષ્ઠ ભવો આપ્યા કરે.

**સંકલેશનાં આજનાં સાધનોથી બચો :-**

ત્યારે તમને ખબર છે કે ચક્રવર્તીની પટ્ટરાણી આવા રાગના તીવ્ર સંકલેશમાં ય રૌદ્રધ્યાનમાં ચડી નરકનાં પાપ ઉપાર્જે છે ? 'તીવ્ર દ્વેષમાં નરકમાં પાપ બંધાય પણ તીવ્ર રાગમાં નહિ,' એવું નથી. એમાં ય નરકનાં પાપ બંધાય છે. માટે જ રાગના સંકલેશ હાલતા ને ચાલતા જગાવનારા આજના કાળનાં સાધનોથી બહુ ડરવા જેવું છે. માટે જ એવા રાગના સંકલેશ એટલે કે પાપની નિર્ભયતા સાથે કરાતી રાગની

એકાકારતાને જગાવનાર આજના સાધનોથી જેટલા આઘા રહ્યા એટલા બચ્યા; નહિતર તો મોત છે. એવું જગતનું સારું લાગતું જોવાથી કે એનું સાંભળવાથી પણ આઘા રહેવા જેવું છે, કેમકે એમાં ઝટ રાગના સંકલેશ જાગી જાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૫,અંક-૩૨,તા.૧૬-૪-૧૯૭૭**

આ માટે મનને સમજાવી દેવા જેવું છે કે 'ધ્યાન રાખ, તને લાગશે કે જરા જોઈ સાંભળી લીધું કે કાંક પાસે વસાવી લીધું અને ખુશી થાય, એમાં શું બગડી ગયું ? પરંતુ સામાન્ય નહિ, કિન્તુ ભયંકર બગડી જાય છે.

**દુનિયાનું જરા જોયાની ખુશીમાં શું શું બગડે ? :-**

(૧) પહેલું તો ઝેરી રાગનો સંકલેશ પોષાય, ને એનો પછી પસ્તાવો ય થવો મુશ્કેલ. મનને ભાગ્યે જ એવું થાય કે 'અરેરે ! આ મેં ફોગટ રાગ ક્યાં કર્યો ?' ત્યારે જેનો પસ્તાવો નહિ, એ પાપરૂપ પણ શાનું લાગે ? અને પાપ પાપરૂપ ન લાગે, અકર્તવ્ય ન લાગે, તો મિથ્યાત્વ જડબેસલાક બેઠેલું હોય. દુનિયાનું જરા જોવામાં ઠેઠ મિથ્યાત્વે પહોંચાય આ ઓછું ભયંકર છે ?

**સર્વ પાપનો શિરોમણિ મિથ્યાત્વ છે.**

**મિથ્યાત્વ પર જ સત્તર પાપસ્થાનકને લીલા લહેર.**

માટે તો એને સત્તરની ઉપર મથાળે છેલ્લું અઢારમાં પાપસ્થાનક તરીકે ગણાવ્યું છે. બોલો, દુનિયાનું જરા જોવામાં અને જોઈને ખુશી થવામાં કેટલું ભયંકર બગડે ? મિથ્યાત્વને એ પોષતું રહે. મિથ્યાત્વ છે એટલે ગમતા પર જે રાગ-રતિ વગેરે થાય, એને ખોટા ન માનવા દે. 'જરા રાગ કર્યો, ને એમાં રતિ-આનંદ માન્યો એટલામાં શું બગડી ગયું ?' એમ મનાવે. એમાં મિથ્યાત્વ ઔર પુષ્ટ થાય. હમણાં જો મિથ્યાત્વને ફગાવી દેવાય ને, તો તો પછી સમ્યક્ત્વના પ્રકાશમાં રાગ-રતિ-લોભ વગેરે બધાં પાપસ્થાનકને ખોટાં માનવાનું ભયંકર માનવાનું, અકર્તવ્ય માનવાનું કરાય, પછી એ રાગાદિને નિઃસંકોચ અને નિર્ભયપણે કરાય નહિ. રાગ પૂર્વાભ્યાસવશ થઈ તો જાય, પણ એ કરતાં સંકોચ રહે, બેફામ રાગ ન થાય, તેમ ભય રહે કે 'આવા પુદ્ગલ-રાગ કરી કરીને મારું શું થશે ?' આ સંકોચ અને ભયના લીધે આપણું ચાલે ત્યાં રાગને દબાવતા રહેવાય.

**ધનદત્ત શેઠે રાગને કેવો દાબ્યો ? :-**

ખબર છે ને પેલા પરિગ્રહ પરિણામ વ્રતધારી ધનદત્ત શેઠને રત્નનો ચરુ (કળશ) સામે આવતાં શું થયું ? શેઠ નદીના કિનારેથી પસાર થઈ રહ્યો હતો.



એમાં વરસાદથી ભિંજાઈ ગયેલી એક ભેખડ શેઠના થોડાં ડગલાં આગળ જ તૂટીને પડી નીચે. એના ધબાકા પર શેઠને ઝટ 'નમો અરિહંતાણ' યાદ આવી ગયું. મનને થયું કે 'હાશ !' દેવગુરુની કૃપાએ બચી ગયો. ઘરેથી કામના લીધે ઝટ નીકળી જવું હતું, પરંતુ નીકળતાં નમસ્કારાદિ મંગળ કરવા થોભ્યો એટલો આ અહીં મોડો પડ્યો તો ભેખડ સુધી પહોંચ્યો નથી ને ભેખડ તૂટી પડી. વહેલો થયો હોત કદાચ હું નીચે ને માથા પર તૂટતી ભેખડ જ આવી જાત ! માથું ફૂટી મરત ! ચાલો મરતાં બચી ગયો જીવી ગયો તે અધિક ધર્મ સાધવા માટે.'

**બચી ગયા તે ધર્મ કરવા :-**

કેવી સુંદર પ્રેરણા આ પ્રસંગમાંથી લીધી !

'અકસ્માતમાંથી બચી જીવી ગયો તે અધિક ધર્મ કરવા માટે.' આ પ્રેરણા પછીથી મગજમાં રમતી રહે, તો જીવનમાંથી કેટલાય પાપ અને પ્રસાદ ખંખેરી નાખી અધિક ધર્મમાં લાગી જવાય. જોજો અહીં શેઠને આ પ્રેરણા થોડાં જ ડગલાં આગળ કેવી કામ લાગે છે ? આપણને આ મનમાં રમતું રહેવું જોઈએ. કે દા.ત. 'મારે રસ્તે ચાલતાં મોટી ટ્રક લગભગ ચાર આંગળના અંતરે જ ઝડપથી દોડી ગઈ એ અકસ્માતથી બચી જીવી ગયો છું, પાપ વધારવા નહિ, ધર્મમાં પ્રમાદ કરવા નહિ. મરી જ ગયો હોત તો પછી ધર્મ કરવાનો અવકાશ જ ક્યાં રહેત ? મૃત્યુ એ તો મહાપ્રમાદ; ત્યાં પછી ધર્મ કરવાને અવકાશ જ નહિ. તો મૃત્યુની પહેલા તો ધર્મને અવકાશ છે, ત્યાં પ્રમાદ શા માટે કરું ?' આ પ્રેરણા મગજમાં રમતી રહે તો પ્રમાદને ભગાડી મૂકાય, પાપો ઓછા કરવાનું કરાય, અધિક ધર્મમાં લાગ્યા રહેવાય. જે ધર્મ કરતાં હોઈએ એમાં અધિક ઉછરંગથી મન લગાવાય.

મોટા રાજાએ, લડાઈમાં હારતા તો આ વિચારતા કે લડાઈમાં હાર્યો પણ કપાઈ ન મર્યો. જીવતો રહી ગયો, ને હવે સર્વપાપનો ત્યાગ કરવા માટે જ જીવતા રહી ગયો છું, તો હવે એ જ કરું અને ચારિત્ર લઈ લઉં ! એમ વિચારી ત્યા જ ચારિત્ર લઈ લેતાં. શ્રીપાળકુમારની સામે કાકા અજિતસેન હાર્યા. તો ત્યાં જ એમણે ચારિત્ર લઈ લીધું. રાવણની સામે લંકાનો રાજા બની બેઠેલ વૈશ્રવણ હાર્યો તો ત્યાં યુદ્ધભૂમિ પર જ સંસાર ત્યાગ કરી ચારિત્ર લઈ લીધું .

**અનાથી-નમિ રોગમાંથી બચ્યા તો :-**

સતત આ યાદ રહી જવું જોઈએ કે અકસ્માતમાંથી રોગમાંથી જીવતો રહી ગયો છું તો પાપ છોડવાને ધર્મ સાધી લેવા માટે. આનાથી રાજકુમાર અને નમિરાજા દાહજ્વરના મહારોગમાંથી ઉગરી ગયા તો રોગ મટતાં જ તરત ઊઠીને સંયમપંથે ચાલી નીકળ્યાં. ત્યારે અભાગી કંડરિક મુનિ રોગમાંથી ઊગરી ગયા તો આ ન

વિચારી શક્યા કે 'રોગથી ઊગરીને જીવી ગયો તે પ્રમાદ છોડી અધિક સારુ સંયમ પાળવા માટે.' તે તો ઊલટું પ્રમાદમાં પડ્યા, રોગ મટી શક્તિ આવવા માટે લીધેલ અનુકૂળ રસમય પદાર્થોની આસક્તિમાં પડ્યા ને એ માટે ચારિત્રથી પડી રાજા થયા. પણ રાજા બની તરતજ સારું સારું આરોગવામાં પડ્યા, ને બે જ દિવસમાં મરીને સાતમી નરકે ગયા. 'ચાલો રોગમાંથી ઊગરી ગયો, તો હવે લીલા લહેર કરી લઉં,'-

**લહેર કેટલા વરસની ? કશું જ નહિ, બે દિવસની જ લહેર, પરિણામ ? અસંખ્ય વરસની નરક વેદના !**

જગતમાં જુઓ, બે જણ રોગ-આપત્તિથી બચી જીવી ગયા તો એક જણ ધર્મમાં લાગી પડવા માટે માને, અને બીજો વિષયોની લહેરમાં એટલે કે પ્રમાદમાં પડી જવા માટે માને, એ બેના અંતર તપાસજો કે એકને ધર્મમાં ચડી કેટલી ઉન્નતિ થઈ, ને બીજાને પ્રમાદમાં પાપમાં પડી કેટલી અવનતિ થઈ !

**રાજા સહસ્રાંશું,** જુઓ, 'જીવતો રહ્યો છું તે ધર્મ કરવા માટે,' એ ભાવના કરે છે તો કેવા સંયોગ લોભામણા છતાં આત્મ પરાક્રમ સાધે છે !

રાજા સહસ્રાંશુંને રાવણ જીત્યો છે બધા પકડીને પોતાના છાવણીમાં લઈ આવ્યો છે. બરાબર એ જ વખતે સહસ્રાંશુંનાં પિતા વિદ્યાધરમુનિ આકાશમાંથી ત્યાં ઊતરી આવ્યા રાવણ ઝટ ઊભો થઈ ગયો અને મુનિના પગમાં પડીને નમસ્કાર વંદના કરે છે. એ વખતે મુનિ રાવણને ઓળખ આપે છે કે 'સહસ્રાંશ અમારો સંસારિપણાનો પુત્ર છે.'

**રાવણની ઉત્તમતા : ગુરુ બહુમાન કેવું ! :-**

આ સાંભળતાં જ રાવણને શરમ લાગી ગઈ કે 'અરે ! આ મેં શું કર્યું ? મુનિ તો મારા બાપ જેવા. અને એમનાં પુત્ર તે મારા ભાઈ જેવો. એની સામે મેં લડવાનું કર્યું ? રાવણને પસ્તાવો થયો તરત જ કહે છે,-

'અરે ! આ શું ? ભાઈ ! આ તો મને ખબર જ નહિ કે તું ગુરુમહારાજનો પુત્ર છે.

'ભાઈ સહસ્રાંશુ ! માફ કરજે મારા અભિમાનને કે મેં તને વિટંબણા આપી. હું તારી સાથે લડ્યો ! મને તારી ઓળખ જ નહિ. ગુરુનો પુત્ર એટલે સગા ભાઈ જેવો. આજથી તું મારે વિભીષણ અને કુંભકર્ણ બે સગા ભાઈ ઉપર ત્રીજો સગો ભાઈ છે. જા, મારા એક પ્યારા ભાઈ તરીકે તારું રાજ્ય સુખેથી ભોગવ.'

રાવણની કેવી નમ્રતા ! કેવી ઉદારતા ! મુનિ પ્રત્યે કેટલું ઊંચું બહુમાન કે એમનો સંસારીપણે પુત્ર એ મારા સગા ભાઈ જેવો ! સહસ્રાંશુ રાજાની ઉદ્ધતાઈ



સમજી એની સાથે રાવણ લડ્યો હતો. એ એની ઉદ્ધતાઈ અને પોતાનું અપમાન મુનિ પ્રત્યેના બહુમાન આગળ ભૂલી ગયો. વિસારી મૂક્યા. ત્યારે એ મુનિ-બહુમાન કેટલું બધું ઊંચું ! એ બહુમાનની કદર કેવી ઊંચી કે હમણાં થોડી વાર પહેલાં મોટા દુશ્મન માનેલા અને હરાવેલા સહસ્રાંશુ રાજાને હવે સગા ભાઈ તરીકે અપનાવી લે છે, અને ક્ષમા માગી રાજ્ય પાછું સુપરત કરે છે ! કેટલી વાત પર ? હેં ? આ સહસ્રાંશુ મારા ગુરુનો પુત્ર ?' એટલી જ વાત પર ને ?

**તમને ગુરુ પર બહુમાન છે ?:-**

તમે ય સાધુ પર ગુરુ પર બહુમાન ધરાવો છો ને ? તો શું મનને એમ થાય છે કે 'હેં આ પરદેશી સાધર્મિક મારા ગુરુને વંદનાર્થે આવેલા છે ? મારા ગુરુના ભક્ત એ તો મારા સગા ભાઈથી અધિક, લઈ જાઉં એમને મારા ઘરે અને સગા ભાઈથી અધિક તરીકે એમની ભક્તિ કરું.' શું મનને આવું થાય છે ? ના, સાધર્મિક એટલે ધાડપાડુ લાગે છે. રખેને એમને મોં આપીએ તો ઘરે લઈ જવા પડે ! ને ઘરે આવે એટલે આપણા ઘરે ધાડ જ પડે !' કેમ જાણે સાધર્મિક આપણા ઘરે જમી જાય એટલે આપણા આખા કોઠાર જ સાફ થઈ જાય ! આપણે લૂંટાઈ જ જઈએ !' આવું જ કાંઈક મનને બેઠું છે એટલે જ તમે સાળા-સાળી જમાઈ-એમના છોકરા-છોકરી બધાને જમાડનારા, પણ તમને સાધર્મિકને જમાડવાનું ખપતું નથી ! પેલા મહિનો ચોંટ્યા રહે છતાં એ ધાડપાડુ નહિ; સાધર્મિક બે દહાડા જમવાના હોય તો ય ધાડપાડુ.

મૂળ વાત તો આ છે, - સાધુ પર, ગુરુ પર એવું બહુમાન નથી. પણ જેને દેવાધિદેવ ઉપર બહુમાન ન હોય એ ગુરુ પર બહુમાન ક્યાંથી લાવી શકે ?

**પ્રભુ પર બહુમાન છે ? :-**

બોલો જો, ઘરે કોઈ ટાણાં પર પૂજારી યાદ આવે ? કહી દો ખરા ? કે 'તું મારા તારણહાર ભગવાનની પૂજા-સંભાળ કરનારો એટલે મારા કુંટુબી સ્નેહી જેવો આજે જમવા આવી જજે. યા તારે ઘરે બધા ખાય એટલી મીઠાઈ લઈ જજે.' આવું પૂજારીને કહો ખરા ? ભગવાનની એણે સુંદર આંગી કરી તમને ભાવોલ્લાસ વર્ધક પ્રભુદર્શનની એણે તક આપી, તો એની કદર કરો ખરા !' 'હેં ! મારા પ્રભુની આટલી સુંદર આંગી તેં રચી ?' એમ પ્રભુ પ્રત્યેના બહુમાનથી એના હાથમાં પાંચની નોટ પકડાવી દો ખરા ? કહો તે પાંચ રૂપિયાની ક્યાં માંડો છો ? એક રૂપિયો પણ, અરે ! અડધો રૂપિયો ય આપવાની વાતે ય ક્યાં છે ? અરે ! પોતાનો નહિ પણ ધરમના ખાતામાંથી આપવો પડતો હોય તો વાણિયાભાઈને ભારે પડે છે.

**મૂર્તિ-દાગીના કરનારને કેમ સચવાય ? :-**

કારીગરો પાસે દેરાસરનાં કામ શી રીતે કરાવાય છે ? ચિંગુસાઈથી ને ? કારીગરોનાં હૈયાં દુભવીને ને ? કે એને રાજી કરીને ? શાસ્ત્રે મૂર્તિના મંદિર કાર્યના ભાવ ઠરાવવાની એટલે કે કસી કસીને ભાવ ઠરાવી કારીગરનું હૈયું નિચોવીને કામ લેવાની ના પાડી છે. કારણ ? આજ કે એવા કારીગરના દુભાયેલા ભાવ કામમા ઊતરે, તેથી એ કામ ભવ્ય જીવોને આકર્ષણ કરનારું ન થાય, ભાવોલ્લાસ પ્રેરનારું ન બને, પ્રભુનું કામ કરનાર કારીગરના હૈયાં દુભવવામાં પ્રભુ પર આપણું બહુમાન જ ન ગણાય.

વ્યવહારમાં જુઓ,

**બહુમાનના વ્યવહારું દાખલા :-**

સારું ખટાવનાર શેઠ પર બહુમાન હોય છે, તો એના છોકરા શું, એના નોકરને પણ સારો સાચવી લેવાય છે, બૈરી પર બહુમાન છે, તો બૈરીના પિયરિયાને કેવા સાચવી લેવાય છે ? તો પછી જો પ્રભુ પર ખૂબ બહુમાન છે, તો પ્રભુના પૂજારી કારીગરો વગેરેની સારી સરભરા ન થાય ? પણ મૂળમાં 'મારા પ્રભુ' એવું મમત્વ જ હૈયામાં ઊછળતું ન હોય, પછી બહુમાનની વાતે ય શી ?

**દેવ ગુરુનું હૈયે મમત્વ ઊછળવા પર જ સાચું બહુમાન ઊછળે છે.**

મમત્વથી 'આ મારા પોતાના' એવી આત્મીયતા કેળવી હોય તો પછી એમના ઉપકાર અને એમની વિશિષ્ટતા પર હૈયું ઓવારી જાય. હૈયે ખુબજ બહુમાન ઊછળે. પણ વાંધા જ આ છે કે 'છોકરો મારો, બૈરી મારી, શેઠ મારો,.....' એવા મમત્વ અનુભવાય છે, ને એ પોતાના આત્મીય જન લાગે છે. એવું દેવ-ગુરુ-સાધર્મિક પ્રત્યે 'દેવ મારા, ગુરુ મારા સાધર્મિક મારા' એવું મમત્વ ક્યાં અનુભવાય છે ? ક્યાં પોતાના આત્મીય જન લાગે છે ? ત્યારે,

**પાયામાં શીખવા જેવું આ છે કે દેવ-ગુરુ-સાધર્મિકમાં જ સાચું મમત્વ અનુભવાય.**

એમાં જ સાચું જ મમત્વ એટલે દુન્યવી સગા-સ્નેહીમાં સાચું મમત્વ નહિ. ઠીક છે, આ જનમમાં એમનો પ્રાવાસિક ભેટો થઈ ગયો સંબંધ બની આવ્યો, અને એમની સાથે આ જનમ પૂરતું કામચલાઉ સહવાસ છે, એટલે વ્યવહારિક મમત્વ રહે એટલું જ, બાકી દિલ તો સમજતું હોય કે આ બધા ખરેખર મારા નથી. કેમકે,

**દુન્યવી સગા પર મમતા કેમ ખોટી ? :-**

(૧) આ જનમમાં અંતે ને પછી આ કોઈ આપણી સાથે નથી. મૃત્યુમાંય સાથે નહિ, અને પરલોકમાં ય સાથે નહિ. ગાડીમાં મળેલો પ્રવાસી આપણે ગાડી-એથી ઊતરતાં ય સાથે નહિ અને ઊતરીને આગળ ગામડે જતા ય સાથે નહિ; તો



એને ટ્રેનપ્રવાસ દરમ્યાન ક્યાં દિલથી 'આ મારો' એમ મમતા કરાય છે ? વળી

(૨) સગાં ને વહાલાને આપણી પાસેથી સુખનાં સાધનો જોઈએ છે તેથી આપણી પુણ્યની મૂડી ખલાસ કરવામાં તૈયાર, પણ આપણી પાપની મૂડી ઓછી કરવાની તો વાત નહિ ઊલટું એને પાપરાશિને વધારવામાં પ્રેરક બને છે ! તો એ આપણા આત્મીયજન શાના ?

**નાસ્તિક-આસ્તિક વચ્ચે ભેદ :-**

નાસ્તિકને તો આત્મા માન્ય જ નહિ માત્ર શરીર માન્ય, એટલે એને પરભવ માનવાનો નહિ, કેમકે શરીર કાંઈ પરભવે જતું નથી. તેથી નાસ્તિકને તો માત્ર આ ભવ જ જોવાનો રહે. એ હિસાબે એને સગાવહાલા સુખ દેનારા અને હિતૈષી દેખાય. પરંતુ પોતાના શરીરથી જૂદા પોતાના આત્માને માનનારો આસ્તિક તો જુએ છે કે આ વિશ્વમાં મારો આત્મા ક્યાંયથી ભમતો ભમતો પૂર્વે પુણ્ય કમાઈને અહીં આવ્યો છે, અને હવે પછી અહીં ઉપાર્જેલા પુણ્ય-પાપ પ્રમાણે પરભવ જવાનો છે.

**અહીંના સગાવહાલા પુણ્ય-પાપ કમાઈમાં શો ફાળો આપે છે ? એ આસ્તિકને જોવાનું રહે.**

ત્યાં સ્પષ્ટ દેખાય છે કે સગાવહાલાને આપણી પાસેથી સુખને સુખનાં સાધન જોઈએ છે. એમાં એમને સુખ આપવાનું ક્યારે બને ? એમની સાથે આપણે વિષય-રંગરાગ ખેલીએ તો બને, આપણે એ રંગરાગ ખેલવામાં નકરા પાપની કમાઈ થાય. ત્યારે સગા-વહાલાને સુખના સાધન પૂરા પાડવા આપણે આપણું પુણ્ય વટાવીને પૈસા કમાવવા-સાચવવા પડે. એ કમાઈમાં કેટલાંય પાપસ્થાનક સેવવાં પડે, કષાયો કરવા પડે, આમ સગાવહાલા ખાતર એક બાજુ આપણું પુણ્ય ભોગવાઈ ભોગવાઈ ને ખલાસ થતું આવે, ને બીજી બાજું પાપસ્થાનક સેવવાથી પાપના ભાર વધતા જાય. સગાવહાલાનો ફાળો પુણ્યહાનિ અને પાપવૃદ્ધિમાં જ થયો ને ?

પુણ્ય વટાવતું જાય, ને પાપ ભાર વધતા જાય આ બધું કોની પાછળ ? કોની ખાતર ? કહો, સગા ખાતર નહિ, તો આપણા પુણ્યનો ખુરદો બોલાવે અને આપણને પાપની કોઠી ભરાવે એ સગાવહાલા આપણા કહેવાય ? એમનાં પર મમત્વ ?

(૩) આપણા ખરેખર હિતૈષી તો દેવ-ગુરુ-ધર્મ, જે આપણી પુણ્યકોઠી ભરતા રહે, અને પાપનો ક્ષય કરાવતા રહે. આપણા પૂર્વ પુણ્યને વટાવીને લાવેલા પૈસા જો મોહથી સગા-સ્નેહીને પલ્લે પાડ્યા તો પૂર્વનું પુણ્ય તો ગયું, વધારામાં નવા પાપની ભરતી કરી આપે ! પરંતુ જો દેવ-ગુરુ-સ્નેહીને પલ્લે પાડ્યા તો નવા

ભરચક પુણ્યની ભરતી કરી આપે ! તો આપણા ખરા સ્નેહી કોણ ? વહાલા - વહાલેસરી ? કે દેવ-ગુરુ-ધર્મ ?

**ધર્મસેવાનો અમૂલ્ય જીવનસમય કોણ ખાઈ જાય છે ? :-**

(૪) આવા પણ સાચા સ્નેહી જે દેવ-ગુરુ-ધર્મ, એમને ભુલાવનારા છે જો દુનિયાના સગા વહાલા; બોલો, એમના સિવાય બીજા કોણ દેવ-ગુરુ-ધર્મની ભરપૂર સેવાના અહીં મળેલા અમૂલ્ય સમયને ખાઈ જાય છે ? દેવ-ગુરુ-ધર્મનો સમય ખાઈ જનારા આ જ અહીંના સગાવહાલા ? કે બીજુ કોઈ ? નાની ઊંમરમાં ગુરુનો સંયોગ મળ્યો, કદાચ વૈરાગ્ય જાગી ગયો અને ચારિત્રધર્મની સેવામાં બધો જ જીવનસમય સોંપી દેવા મન કર્યું. તો એની આડે કોણ આવવાનું ? આડોશી પાડોશી કે રસ્તે જનારા નહિ, પણ માતાપિતા જ. એકલા જ હતા, મંદિરમાં અઢી કલાક ભગવાનની ભક્તિ કરતા હતા, પરંતુ પરણ્યા, પત્ની ઘરે લાવ્યા, હવે પેલી ભક્તિનાં કલાક વધવાના ? ઘટવાના ? કોણ એ તારક ભક્તિનો કિંમતી સમય ચોરી લે છે ? પત્ની જ ને ?

દુન્યવી સગા પર મમત્વ કેમ ખોટું ? કેમ કરવા લાયક નહિ ? આવા જ બધા કારણોએ. આ બરાબર સમજીને જો દેવ-ગુરુ પર સાચું મમત્વ જાગે, તો જ એમના પર બહુમાન ઊછળતું થાય; અને બહુમાન ઊછળતું થયા પછી એમની સાથે સંબંધિત વસ્તુ દા.ત. મંદિર ઉપાશ્રય પર મમતા રહેઃ અને એની પાછળ ભોગ અપાય; જિનમંદિર એટલે સંઘનું નહિ પણ આપણું પોતાનું લાગે; મંદિર-ઉપાશ્રયનો માણસ એ આપણો માણસ લાગે; સાધર્મિક એ આપણા સાચા સગા લાગે; ને એ બધાની પાાછળ સારો ભોગ અપાય.

**સગા-સ્નેહી પર મમત્વનાં ૫ નુકસાન :-**

આ કર્યા વિના છૂટકો જ નથી. દુન્યવી રાગ પરથી હૈયાનું મમત્વ નહિ ઉઠાડાય તો (૧) એમની પાછળ આપણી પુણ્યમૂડી હિસાબ રાખ્યા વિના સફાચટ કરાશે, અને (૨) હિસાબ વિનાનાં ત્રિવિધ પાપાચરણ પાપ-વિચારો-પાપવાણી-પાપપ્રવૃત્તિ કરાયે જશે, જેથી ભરચક પાપકમાઈ થશે. તેમજ (૩) દેવ ગુરુ ધર્મનું મમત્વ અને એમના પર બહુમાન નહિ જાગે. ને (૪) એથી નિઃસ્વાર્થભાવે એમની તારક ભક્તિ નહિ થાય, તથા (૫) એ દ્વારા પરલોક સદ્ધર નહિ કરાય

**રાવણનું ગુરુ પર બહુમાન કેવું ? :-**

રાવણને ગુરુ પર આ મમતા હતી, બહુમાન હતું તેથી દુશ્મન માની હરાવેલો અને પકડી આણેલો રાજા સહસ્રાંશુ 'એ ત્યાં આકાશમાંથી ઊતરી આવેલા ગુરુ-મુનિનો સંસારિપણે પુત્ર છે' એમ જાણતાં જ એને બંધનથી છોડી એના પર



પોતાના અભિમાનભર્યા ક્ષમા માગીને એને ગુરુપુત્ર એટલે સગા ભાઈ તરીકે અપનાવી લે છે. અને એને કહે છે 'જા તારું રાજ્ય સુખેથી ભોગવ.' ગુરુ પરનું બહુમાન શું કામ કરે છે ? ત્યારે,

**બહુમાનના પ્રતિકરૂપ આવાં કાર્ય કર્યા વિના હૈયામાં બહુમાન ખરેખર વસે ખરું ?**

શ્રેણિક રાજાને મહાવીર ભગવાન પર ઊછળતું ખરેખરું બહુમાન હતું તો ભગવાનની સુખશાતાના સમાચાર લાવનારને વધામણીદાનથી નવરાવી દેતા તેથી જ કહો કે અંતરમાં ભગવદ્-બહુમાન વધતું જતું. તમારે દેવાધિદેવ અને ગુરુ પર બહુમાન લાવવું ને વધારવું છે ? તો એવા બહુમાન પ્રેરક કામો કરતા રહો. અસ્તુ અહીં એક પ્રશ્ન થાય, -

**પ્ર.-** ત્યાગી મુનિ અહીં પુત્રની ઓળખ કરાવવા કેમ આવ્યા ? શું પુત્રને રાજ્ય પાછું અપાવવા ?

**ઉ.-** ના, પુત્રના ઉદ્ધાર માટે આવ્યા. મુનિ રાવણની ઉત્તમતા જાણે છે, ને આ પ્રસંગ પરથી પુત્ર બોધ લે એવો શાણો હોવાનું સમજે છે, તેથી મુનિ અહીં આવ્યા છે. પુત્ર સહસ્રાંશુ બોધ લે એવો છે એના પર તો આપણી વાત છે.

સહસ્રાંશુને રાવણે રાજ્ય સોંપી કહ્યું છે કે 'તું મારા એક પ્યારા સગા ભાઈ તરીકે સુખેથી રાજ્ય ભોગવ,' આમાં માથું વાઢીને પાઘડી પહેરવાની વાત નથી, પણ રાવણની નમ્રતા-ઉદારતા-ઉત્તમતા છે કે ગુરુના પુત્ર તરીકની જાણ થતાં જ એની ક્ષમા માગે છે, ને સગા ભાઈ તરીકે અપનાવે છે ! રાવણનું દેવ ગુરુધર્મ પર કેટલું ઊંચું બહુમાન છે કે એમાંથી એના જીવનમાં અવરનવર ઉત્તમ કાર્યવાહી નીપજે છે.

**દેવગુરુધર્મ પરનાં ખરા બહુમાનમાંથી અનેકવાર ઉત્તમ કાર્યવાહી નીપજે છે.**

રાવણની ઉત્તમતાને નહિ સમજનારા અજ્ઞાનતાથી રાવણને દુષ્ટ નાલાયક તરીકે ચિતરે છે. જૈન રામાયણનો અભ્યાસ કરો તો એમાંથી રાવણની ઉત્તમતા પ્રસંગે પ્રસંગે ઝળકતી દેખાશે. અહીં એ બધા પ્રસંગો જોવાનો અવસર નથી. અહીં તો આટલી વાત છે કે રાવણ ગુરુ ઉપરના બહુમાનથી સહસ્રાંશુની ભૂલ ભૂલી જઈ પોતાની ભૂલ જોતો સહસ્રાંશુની ક્ષમા માગે છે, ને એને સુખેથી રાજ્ય ભોગવવા કહે છે. પણ સહસ્રાંશુ વૈરાગ્યથી ના પાડે છે. કેમ ના ?

**સહસ્રાંશુને વૈરાગ્યના કારણ :-**

(૧) સહસ્ત્રાંશુ એક તો એક જુએ છે કે 'આ સંસારની કેવી કુટિલતા કે એણે એકવાર તો મને મહા પરાક્રમી તરીકે રાવણના લશ્કરને જીતવાનું દેખાડ્યું,

ને બીજી વાર તો મને રાવણના જ હાથે સજ્જડ હાર દેખાડી ! તો આવા કુટિલ સંસારમાં હવે શું બેસી રહેવું ?'

(૨) સહસ્રાંશુ બીજું એ જુએ છે કે પિતામુનિ અહીં આવ્યા, અને એમના મુનિપણાના ગુરુપણાના હિસાબે જ રાવણમાં આ નમ્રતા-ઉદારતા આવી, તો રાવણ જેવો જ્યાં ઝુકી પડે એ મુનિપણું મૂકી રાવણ જેવાના દાસ બનાવનાર સંસારને શું વળગી રહેવું ?

(૩) સહસ્રાંશુ ત્રીજું આ જુએ છે કે 'રાવણ સાથેનાં યુદ્ધમાં હું ખપી ન જતાં જીવી ગયો તે હવે જીવતા રહી જવાનું શા માટે ? શું કરવા માટે ? પાપ નહિ ધર્મ કરી લેવા માટે. મરી જ ગયો હોત તો ધર્મ ક્યાં કરવા પામત ?'

બસ, આવા વૈરાગ્યભર્યા વિચારો પર સહસ્રાંશુને સંસાર પરથી આસ્થા ઊઠી ગઈ, એ તરત રાવણને કહે છે, 'ભાઈ ! હવે રાજ્યથી સર્યું. પિતાજી મુનિ સામેથી પધારી ગયા છે તો હવે હું એમના પગલે પગલે ચારિત્ર લઈ આત્માનું કલ્યાણ સાધીશ.

**આ ઊંચી માનવ જિંદગીમાં જીવનભર સંસાર જ પોષવાનો હોય, તો પછી પશુભવ કરતાં અહીં શી વિશેષતા ? આત્માનું કલ્યાણ ક્યારે કરવાનું ? માનવભવ સિવાય બીજે ક્યાં કરવાનું ?**

રાવણ સહસ્રાંશુની આ ઉચ્ચ ભાવના જોઈ એને વળી વધુ નમી પડે છે; હાથ જોડી કહે છે, -

સહસ્રાંશુ ! ધન્ય છે તમારી આ ઉત્તમ વિચારસરણીને ! અમે હજી મોહમાં રુલીએ છીએ. અમે એવા અજ્ઞાન પામર છીએ; ત્યારે તમે ઉત્તમ આત્મકલ્યાણ સાધી લેવા તૈયાર થયા છો એ તમારી સજ્ઞાનતા છે. તમે ધન્ય પિતાના ધન્ય પુત્ર છો.

બસ, સહસ્રાંશુ પૂર્વ સંકેત મુજબ તરત દશરથના પિતાને (અનંતરથને) પોતાનો દીક્ષા લેવાનો નિર્ણય કહેવરાવે છે, કેમકે બંનેને કરાર છે કે 'એક જણ ચારિત્ર લે ત્યારે બીજાએ પણ ચારિત્ર સ્વીકારી લેવું એટલે હવે આમને દીક્ષાની તૈયારી હોય તો પેલાને એની જાણ કરી દેવી જોઈએ જેથી એમને ખબર પડતાં એ કરાર મુજબ સંસારમાંથી ઊભા થઈ જાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૨૫,અંક-૩૨,તા.૩૦-૪-૧૯૭૭**

ખૂબી કેવી થઈ કે દશરથના પિતાને જ્યારે આ સમાચાર મળે છે એ વખતે પુત્ર દશરથની ઉંમર માત્ર એક વરસની છે. તો શું કરવાનું ? કશું જ નહિ, આ



તો ભગવાન ઋષભદેવનો ઈક્ષ્વાકુવંશ છે જે અસંખ્ય રાજાઓ ચારિત્રપંથે ચડી ગયાથી ગૌરવંતો છે. ત્યાં બધાને બધી વાતે થોડી જ અનુકૂળતા હોય ? એ તો સંસારમાંથી નીકળી જવાનું તે નીકળી જવાનું. બાળ પુત્ર દશરથને ગાદીએ બેસાડી એના વતી વિશ્વાસુ મંત્રીઓને રાજ્ય ચલાવવાનું ભળાવી રાજા અનંતરથ ચારિત્રમાર્ગે નીકળી પડ્યા. અહીં સહસ્રાંશુ પણ પુત્રને ગાદી સોંપી ચારિત્ર લઈ લે છે.

**કોઈ અનિષ્ટમાંથી જીવી ગયા, જીવતા રહી ગયા, તે પાપ પોષવા નહિ, પણ પાપથી છુટાછેડા લઈ લેવા માટે.**

એમ જ મરી ગયા હોત તો આ પાપ-જીવનથી છૂટાછેડા મળતે ? પણ મરવા છતાં ય પાપથી છૂટાછેડા ક્યાં મળવાના હતા ? એમજ મરી ગયા હોત તો પછી ધર્મ ક્યાં મળવાનો હતો ? માટે 'બચી ગયા રહી ગયા, તે ધર્મ સાધી લેવા માટે.' આ હિસાબ પર સહસ્રાંશુ રુડું રાજ્ય છોડી ચારિત્રધર્મમાં લાગી ગયા.

**ધનદત્ત શેઠને રાગનો ભય :-**

પેલો ધનદત્તશેઠે પોતે જરા દૂર છે ને આગળ ભેખડ તૂટી પડે છે એ જોતાં એના મનને એમ થાય છે કે 'હાશ ! ઘરેથી બહાર નીકળતાં નમસ્કારાદિ મંગળ કરવા રહ્યો એનો આ રુડો પ્રતાપ કે અહીં ભેખડના મારથી બચી ગયો આ બચ્યો તે ધર્મમાં વધુ સ્થિર થવા માટે.' આ એમની વિચારણાનો તરતમાં પ્રભાવ કેવો પડ્યો કે પોતે આગળ વધી જ્યાં પેલી ભેખડ તૂટી પડી છે એ તરફ જરાક નજર નાખે છે ત્યાં અંદર દિવાલની માટીમાં રત્નનો ચરુ (કળશ) દેખાયો તો એનો લેવાનો લોભ ન કરતાં તરત ત્યાંથી નવકાર યાદ કરતો આગળ ચાલી કાઢે છે કેમ વારુ ? ભય છે કે

'રખે ને રત્નો જોતાં રાગસંકલેશ ઊઠે તો ?'

**દુનિયાનું જોવામાં શું બગડી જાય ? :-**

**તંદુલિયા મચ્છને એથી નરક :-**

શેઠ ભેખડના મારથી બચી ગયો છે તે બચવાનું ધર્મમાં દૃઢતા વધારવા માટે સમજે છે, એટલે અહીં રત્નો જોવા ય શાના ઊભા રહે ? જોવામાં શું બગડી જાય ? આ, કે જગતનું મનોહર જોવામાં રાગના સંકલેશ ઊઠે, ને એ ઊઠ્યા પછી આરંભ પરિગ્રહની બુદ્ધિ જાગે.

તંદુલિયો મચ્છ આમ જ મરે છે. પોતાની આંખે મોટા મગરમચ્છના મોંઢામાં પાણીનાં મોજાં સાથે નાના નાના કેટલાય માછલાં પેસતા ને પાણી બહાર નીકળવા સાથે નીકળી જતા જુએ છે. આ જગતનું જોયું ને ? જોયાનું ઝેર ચડ્યું. તંદુલિયામચ્છને રાગનો સંકલેશ ઊઠ્યો, 'અહાહા ! કેટલા બધાં મફતમાં મળતાં માછલાં ! કેવાં

સરસ !' કેવા સરસ !' રાગના સંકલેશની પાછળ લોભસંકલેશ ઊઠ્યો, - 'કેવો મૂરખ આ મગરમચ્છ કે આ બધાને ખાધા વિના જ એમ જ જવા દે છે ? હું એની જગાએ હોઉં તો એક પણ ન છોડું, બધાં જ ખાઈ જાઉં' છે ને લોભ-તૃષ્ણાનો સંકલેશ ? કોઈ હદ હિંસાની ? ના,

**રાગસંકલેશ-લોભસંકલેશ ચીજ જ એવી છે કે એમાં આરંભ પરિગ્રહપાપની કોઈ હદ જ ન રહે.**

માટે જ રાગસંકલેશ જગાડતા પહેલાં જ ચેતવા જેવું છે. પરંતુ જગતનું ગમતું જોયા કરો તો રાગ સંકલેશ જાગ્યા વિના રહે શાનો ? માટે જગતનું જોતા પહેલાં પણ ચેતવા જેવું છે. જગતનું ગમતું સામે આવે ત્યાં જ ચોંકી ઉઠાય સાવધ બની જવાય કે 'રખેને આના તરફ રાગસંકલેશ જાગવાનો, ને એ જાગતાં જ વિષય-આરંભ પરિગ્રહની બુદ્ધિ જાગવાની.

**પરસ્ત્રીદર્શન ૩ કુબુદ્ધિ :-**

પરસ્ત્રીદર્શનને કેમ ત્યજવાનું કહ્યું છે ? આટલા જ માટે કે પરસ્ત્રી જોતાં જ રાગસંકલેશ કામરાગ જાગવાનો, ને એ જાગવા પર પરિગ્રહબુદ્ધિ વિષયબુદ્ધિ સળવળવાની. મનને થશે કે 'આવી રૂપાળી મને મળી હોત તો કેવું સારું !' આ પરિગ્રહ બુદ્ધિ 'આને ભોગવવાની કેવી લહેર !' આ વિષયબુદ્ધિ. પછી કદાચ બળ હોય તો એને કબજે કરવા મોટી લડાઈ ખેડવાની ય બુદ્ધિ થાય, એ મહાઆરંભબુદ્ધિ.

**રતિસુંદરી મહાસતી** સારી રૂપાળી રાણી તે એ ધ્યાનમાં આવતાં મોટા રાજાએ આ મહાસતીના નાના રાજાને કહેવરાવ્યું કે આ તારી રાણી મને સોંપી દે, નહિતર યુદ્ધ માટે તૈયાર થઈ જજે ! કેવી ગોઝારી બુદ્ધિ ! તે આટલી બુદ્ધિ કરીને એ અટક્યો નહિ, પણ યુદ્ધ કરવા આવ્યો, લડ્યો ને બળના જોર પર નાના રાજાને ખત્મ કરી એની આ રાણી રતિસુંદરીને ઉપાડીને પોતાની રાજધાનીમાં ચાલ્યો ગયો.

રાગસંકલેશ કેટલો ભયંકર છે કે ઊઠતાં કારમી વિષય-આરંભ-પરિગ્રહપાપની બુદ્ધિ કરાવે.

આજના પરસ્ત્રીઓ જોયા કરનારા અને એના સિનેમા ચિત્રપટો જોનારા કેવા રાગસંકલેશમાં નહિ પડતા હોય ? અને એની પાછળ કેવી કેવી કુબુદ્ધિ નહિ કરતા હોય ? પરસ્ત્રી જ શા માટે,

**જગતનું કાંઈ પણ મનગમતું જોવામાં ગોઝારો રાગસંકલેશ થવાની મોંકાણ છે. તેથી પેખણાં એ અનર્થદંડ.**

માટે તો શ્રાવકને ખેલ તમાશા-લડાઈ, બજાર પ્રદર્શન-નાચ વગેરે વગેરે જોવાની મનાઈ છે, એ બધા અનર્થદંડના કારણ છે. 'અનર્થ' એટલે જેમાંથી કશો



અર્થ ન સરવાનો હોય, જીવન જીવવા માટે કશું જરુરી ન હોય, એને જોવા કરવાથી આત્મા દંડાય, ગાઢ કર્મબંધથી બંધાય. એટલે જ સારા શ્રાવક બહાર નકામું ફરવા જતા નહિ.

બગીચામાં ફરવા ગયા, તો બગીચાની શોભા જોઈ શું થવાનું ? રાગનો સંકલેશ; તે એવો કે બગીચાના ઝાડ-પાન-ફૂલ અને એના સુઘડ રસ્તા વગેરે જોઈ આનંદ થવાનો, એટલે કે એની પાછળ થયેલા મહાઆરંભ સમારંભોની અનુમોદના થવાની. બગીચામાં ફરવા જઈ અને એ જોઈ શું કમાયા ? ત્યાં એ વનસ્પતિકાય જીવોની દયા આવવાની છે ? દયા હોય તો એ જોવા જ શું કામ જાય ? ના, 'વનસ્પતિ એટલે જાણે જીવ જ નથી ! કુદરતનું સૌંદર્ય છે,' એવી જાણે માન્યતા પર ત્યાં ફરવા જવાનું અને એ જોઈ જોઈ રાજી થવાનું કરાય છે ! વધારામાં, બીજાની આગળ પેટ ભરીને એના ગુણગાન પ્રશંસા કરાય છે, 'કેવો સરસ બગીચો ! કેવા સુંદર છોડ ગોઠવ્યાં છે ! રસ્તા કેવા સરસ બાંધ્યા છે !....' આ શું છે ? દિલમાં જાણે અફસોસી જ નથી કે 'હાય ! કેટલા બધા આરંભ સમારંભ ! જીવોના કેવા કચ્ચરઘાણ ! ક્યાં આના પર રાગ અને આની પ્રશંસા કરવામાં પડ્યો !'

**અર્થદંડમાં અફસોસી, પણ અનર્થદંડમાં નહિ, આ જ મુશીબત છે.**

જીવનજરૂરી પાપોમાં હજી મનને અફસોસી થશે, દા. ત. 'હાય ! કેવો પાપમય ઘરવાસ કે ઘર-દુકાન વગેરેમાં ષટ્કાય જીવોની હિંસા કરવી પડે છે. પાપ પરિગ્રહ રાખવો પડે છે !' પરંતુ જીવન જીવવાને બિનજરૂરી અનર્થદંડનાં પાપ પર અફસોસી નથી થતી ! નહિતર એ હોંશે હોંશે કરે શું કામ ? આની ભયંકરતા સમજો છો ?

**જો પાપ પર અફસોસી ન જાગે અકર્તવ્યબુદ્ધિ ન રહે તો મિથ્યાત્વ આવે.**

**અર્થદંડ-અનર્થદંડનો વિવેક :-**

ત્યારે શું મિથ્યાત્વને ખેંચી ચલાવનાર અનર્થદંડના પાપ હોંશે સેવવાનાં ? એવું નથી કે અનર્થદંડનાં પાપ ન કરે તો જીવન જીવવાનું અટકી પડે છે. અર્થદંડના પાપમાં એવું છે, દા.ત. શ્રાવકથી ભીખ તો મંગાય નહિ, હવે જો આજીવિકા પૂરતું ધંધો નોકરી ન કરે તો રોટલા શી રીતે ખાય ? ન ખાય તો જીવન જીવવાનું અટકી પડે. એમ ચૂલો-ઓલો ન કરે તો ય એવું થાય. રોગમાં દવા ન કરે તો ય કામ અટકી પડે. ચારિત્ર લેવાની શક્તિ નથી, બ્રહ્મચર્ય પાળવાની શક્તિ નથી, ને લગ્ન ન કરે તો સદાચાર પાળવો મુશ્કેલ બને છે. માટે લગ્ન કરવાં પડે છે. એવું છોકરા-છોકરીનાં જીવનમાં છે. એટલે એને ન મને પણ પરણાવવા પડે છે. આમ લગ્ન જાતે કરવા તથા આશ્રિતના કરાવવાનું અર્થદંડમાં જાય છે.

પરંતુ બીજાનાં લગ્નમાં રસ લઈ દોડાદોડી કરવી એ ક્યાં પોતાને જીવન ટકાવવા જરૂરી છે ? માટે એ અનર્થદંડ છે. શું એ ન કરે તો પોતાનું જીવન અટકી પડે છે ? 'અરે ! કોઈ ત્રાહિતનાં લગ્ન થાય છે ત્યા ં'વાહ ! આણે લગ્ન હાઈકલાસ ઉજવ્યા ! મૂરતિયાને કન્યા સારી રૂપાળી અને શ્રીમંત ઘરની મળી ! કે કન્યાને મૂરતિયો સારો રૂપાળો શ્રીમંત મળ્યો !' આવી પ્રશંસા-અનુમોદના ક્યાં જીવન ટકાવવા જરૂરી છે ? કશું જ નહિ, માટે એ અનર્થદંડ છે. બોલો બચો છો આ પાપથી ?'

નિંદા, વિકથા એટલે રાજકથા, દેશકશા, સ્ત્રીકથા, ભોજનકથા એ અનર્થદંડના પાપ છે. એ ન કરીએ તો કાંઈ જીવન અટકી પડતું નથી. બીજાનું ઘસાતું ન બોલો, એમાં જીવન ક્યાં અટકી પડે છે ? એમ દેશકથા રાજ્યકથા ન કરો, કે 'અમેરિકા બહુ સમૃદ્ધ દેશ, જર્મની બહુ બાહોશ દેશ...' વગેરે દેશકથાની વાતો ન કરો, એમ સ્ત્રીઓની કે ભોજનની વાતો ન કરો, એમાં જીવન કયું અટકી પડે છે ? કશું જ અટકી પડતું નથી. માટે એ અનર્થદંડના પાપ છે.

**અનર્થદંડનાં પાપ પ્રાય : હોંશે હોંશે થાય છે,**
**માટે અર્થદંડ કરતાં એ ભયંકર :-**

હવે વિચારો, કે શું આવાં પાપ હોંશે હોંશે થાય છે ? કે અફસોસી પૂર્વક થાય છે ? જો અફસોસી સાથે થતાં હોય કે 'હાય ! ક્યાં મારે આ કોઈની નિંદા કરવી પડે છે ! ક્યાં બીજાનું ઘસાતું બોલવું પડે છે !' એવી અફસોસી થાય છે ખરી ? થતી હોય તો વારે વારે ચાહીને વિકથા કરે ? હોંશે હોંશે કરે ? હોંશે હોશે કરે છે મારે માટે એ અર્થદંડ કરતાં ભયંકર છે.

જો મુનિ પણ ધ્યાન ન રાખે તો એ ય આ પાપમાં લપસી પડે. મુનિને ત્યાં જો અફસોસી હોય તો એ નિંદા-વિકથાનું પાપ કરે જ શું કામ ? જીવન જીવવા માટે એ કાંઈ ઉપયોગી નથી. નિંદા-વિકથાદિ કરવા માટે કોઈ બાંધી મારતું નથી કે 'તારે આ પાપ કરવા જ પડશે' માટે એ અનર્થદંડના પાપ છે.

**અનર્થદંડનાં પાપની પ્રશંસા એ અનર્થ દંડનું પાપ :-**

ત્યારે વૈરાગ્યકારક સંયોગો આપવા છતાં એને ચારિત્ર લેવાની ભાવના ન થઈ, હવે જો બાપ એને પરણાવે નહિ, તો લોકવ્યવહાર એને ચૂંટી ખાય છે, તેમ છોકરી ઉંમરમાં આવી ગયેલી હોઈ જો સદાચાર માર્ગે ન જોડી દેવાય તો અનાચારના માર્ગે જવા સંભવ છે. એટલે એનાં જ લગ્ન કરાવવાનું પાપ અર્થદંડ છે. એમ કહેવાય કે પુત્રની સદાચાર રક્ષાનો અને લોકવ્યવહારનો બાંધી માર્યો એ એવું પાપ કરે છે. માટે ત્યાં સુધી એ અર્થદંડ. પરંતુ પછીથી એનાં ગુણગાન કરવાં કે



'લગ્નબહુ સારાં ઉજવાઈ ગયા ! દીકરાને કન્યા સારી રૂપાળી મળી ગઈ ! કન્યાને મૂરતિયો સારો ભણેલો મળી ગયો !' આવી આવી પ્રશંસા કરવી એ શું જરૂરી છે ? એ ન કરો તો જીવન ક્યાં અટકી પડે છે ? માટે પોતાને ત્યાંના પણ એ લગ્નાદિ પાપની પ્રશંસા એ જીવનમાં બિનજરૂરી પાપ છે, તેથી એ અનર્થદંડનું પાપ છે.

આવા અનર્થદંડનાં પાપ ઘણાં; દા.ત. પોતાને ત્યાંના પણ ઘર-રસોઈ વગેરેની પ્રશંસા, -'ઘર સારું બંધાઈ ગયું ? રસોઈ સરસ બની ગઈ ! કપડાં સારાં ધોવાઈ ગયા !....' વગેરે, એ પ્રશંસા જીવન જીવવા માટે ઉપયોગી નથી. એના વિના કાંઈ જીવન અટકી ન પડે; યા એ પાપપ્રશંસા કરવા કોઈ બાંધી મારતું નથી કે 'તમારે આ પ્રશંસા કરવી જ પડશે.' એમ કહેતા નહિ, કે

**પ્ર.-** રસોઈની પ્રશંસા ન કરીએ તો ઘરવાળાને એમ લાગે છે કે આમને અમારાં કામની કદર જ નથી એટલે પ્રશંસા કરવી પડે ને ? તો એ અનર્થદંડ શાનો ?

**ઉ.-** પહેલાં મનમાં એ તપાસો કે રસોઈ એ પાપકાર્ય લાગે છે ? કે ધર્મકાર્ય ? શું મનને એમ થાય છે ખરું કે 'મારે આ ઘરવાસમાં રહ્યા જાતે રસોઈ કરવામાં યા મારા નિમિત્તે રસોઈ થવામાં કેવો અસંખ્યા સ્થાવર જીવોનો સંહાર થઈ રહ્યો છે ! એ જીવોએ બિચારાએ અમારું શું બગાડ્યું છે ? કશું જ નહિ, છતાં

**'નિરપરાધી એ અસંખ્ય જીવોને મારીને અમારે જીવવાનું ?'**

દિલને આ આઘાત લાગતો હોય, આ ખટકો થતો હોય તો પછી એ રસોઈ વગેરેનાં ગુણગાન કરવાનાં હોય ? રસોઈ વિના જીવન ટકે એવું નથી તે તો ઘરવાસનું સંસારી જીવન; બાકી સંસારત્યાગી સાધુજીવન તો એ જીવસંહારમય રસોઈ વગેરે કર્યા-કરાવ્યા વિના ટકે જ છે ને ?

એટલે પહેલું તો મનને એમ થયા કરે કે 'કેવો આ પાપભર્યો ઘરવાસ ! ધિક્કાર છે મારી મોહમૂઢ દશાને કે હું ઘરવાસને પાપભર્યો છતાં પકડી બેઠો છું ! હવે એ નથી છોડતા ત્યાં સુધી આ રસોઈ વગેરે જીવ સંહારમય પાપકાર્ય વિના જીવન ટકે એવું નથી તેથી એ કરવાં પડે છે. એટલા માત્રથી એ જીવસંહારનાં કાર્ય કાંઈ ધર્મ કાર્ય નથી બની જતાં ? પાપ તે પાપ જ.'

આ ખટકો હોય તો પછી એનાં ગુણગાન કઈ જીભે થાય ? કદાચ ઘરવાળાનું મન સાચવવા ક્યારેક પ્રશંસા કરવી પડે તો શાની પ્રશંસા કરાય ? કેવી રીતે કરાય ? અને કરીને વાતનો વળાંક ક્યાં લઈ જવાય ? એ બધું વિચારવા જેવું છે. અળગતે બહારથી પ્રશંસા કરવી પડતી હોય ત્યાં અંતરમાં પારાવાર ખેદ હોય. શું વારે વારે એમને એ કહ્યા કરવાનું ? કે 'તમે રસોઈ સારી કરો છો ! કપડાં સારા ધુઓ છો ! ઘર સારું સાફસુફ રાખો છો....' આવું જ કહ્યા કરવાનું ? બીજી કોઈ

વાત જ કરવા જેવી નથી ?

**પાપ પ્રશંસાને બદલે ગુણપ્રશંસા એ વિવેક :-**

ખરી વાત તો એ છે કે પ્રશંસા કરવી જરૂરી હોય તો ય પાપકાર્યની પ્રશંસા ને બદલે સામાના સેવા-ગુણની પ્રશંસા હોય,-'તમારો સેવાભાવ કેટલો બધો છે કે આ બધાં કાર્ય કષ્ટ લઈને કરી રહ્યા છો !' આ ગુણ પ્રશસા એ વિવેક છે; પાપપ્રશંસા એ અવિવેક છે. જીવન માનવનું જીવીએ છે ? કે પશુનું જીવન ? બેમાં ફરક આ છે કે પશુ જીવનમાં વિવેકનો વિચાર જ નથી. માનવજીવનમાં વિવેકનો વિચાર છે. વિવેકનો ઉપયોગ છે. અહીં વિશિષ્ટ બુદ્ધિશક્તિ મળી છે, તો વિવેકથી વિચાર કરવામાં એનો ઉપયોગ ન હોય ?

**માનવની માનવતા એ કે ડગલે ને પગલે વિવેક વિચારે ને વિવેક વાપરે.**

**'વિવેક' એટલે** સાર-અસાર ની વહેંચણ; કાર્ય અકાર્ય, કર્તવ્ય-અકર્તવ્યનો વિભાગ; પ્રશંસનીય-અપ્રશંસનીયનો ખ્યાલ; હિતકારી શું, અહિતકારી શું, એની સાવધાની. માનવબુદ્ધિ મળી છે, તો આ વિવેક અર્થાત્ આ વહેંચણ-વિભાગ-સાવધાનીનો વિચાર જોઈએ, અને એ વિવેકનો અમલ કરવો જોઈએ. સમજી તો લીધું કે 'આ આ સારભૂત અને પેલું અસાર,' પણ પછી અસારને છોડે નહિ, ને સારભૂતને પકડે નહિ, અરે ! સારને છોડીને અસારને પકડતાં મનમાં ગ્લાની ય ન અનુભવતો હોય કે 'અરે ! આ માનવ ખોળિયે હું આ શું કરી રહ્યો છું ? એની એને શરમ પણ ન આવતી હોય, તો સાર અસાર સમજ્યો શું ? વાસ્તવમાં સમજ્યો જ નથી, વિવેક પામ્યો જ નથી.

**વિવેક કમમાંકમ આટલું તો કરાવે જ કે અસારને અકર્તવ્યને અહિતકરને સેવતાં મનમાં ભારે ગ્લાની-ભય-શરમ-સંકોચનો અનુભવ કરાવે.**

તો જ એ વિવેકનો સાચો વિચાર છે એમ કહેવાય. સમ્યગ્દષ્ટિ આત્મામાં જિનવચનની શ્રદ્ધાથી વિવેક પ્રગટે છે. સારા દેખાતા પણ સંસારને અસાર લેખી એના સંપર્કમાં ગ્લાની અનુભવે છે. માટે જ અસાર એવા સંસારના આરંભ સમારંભનાં પાપ કર્યાની ઘરવાળાને ઉત્સાહિત કરવા પ્રશંસા કરવી પડે તો પણ મનમાં તો એની ગ્લાનિ જ અનુભવતો હોવાથી બને ત્યાં સુધી એવી પ્રશંસાને ટુંકાવી નાખે, અને પાપકાર્યની પ્રશંસાને બદલે એમાં તરવરતા સામના ગુણની પ્રશંસા કરે.

વાત આ છે કે જીવન નભાવવા ચૂલો-ઓલો ઘર-દુકાન વગેરે સંભાળવા જરૂરી હોય એ બને, પરંતુ એની પ્રશંસા ચોવટ-કૂથુલીની કશી જરૂર નથી. એના વિના જીવન ન ચાલે, ને અટકી પડે એવું નથી. માટે એ અનર્થદંડનું પાપ છે.એવાં જ બીજાં પાપ છે હાસ્ય-મશ્કરી-કૌતુક-સિનેમા-લડાઈ-તમાશો વગેરે વગેરે. આ



બધાં અનર્થદંડના પાપ.

પેલા ધનદત્ત શેઠ આ સમજે છે કે મારે પરિગ્રહ પરિમાણવ્રત છે, સામે રત્નનો ચરુ ધન ઘણું, એના વિના જીવન ન નભે એવું નહિ, માટે એનો લોભ એ અનર્થદંડની વસ્તુ છે. અરે ! એની સામે જોવું એ પણ અનર્થદંડ ગણાય. એની સામે પણ ન જોવાય; નહિતર કૌતુકથી જોવા જતાં કૌતુક અને પછી એના પર રાગ સંકલેશ થાય એ મહા અનર્થદંડ નીવડે. એમ કહેતા નહિ.

**પ્ર.-** જરા જોઈ લઈએ પણ રાગ ન કરીએ તો શો વાંધો ?

**ઉ.- જો જોયા પછી રાગ ન કરવાની તાકાત છે, તો પછી એ મફતિયું ન જોવાની તાકાત નથી ?**

જોઈ લેવાનું કામ જ શું છે ? ખરી વાત એ છે કે જગતનું નવું નવું જોવાનો અંતરમાં રાગ છે, માટે જ એવું જોવા આંખ ફરી વળે છે. ધનદત્ત ચરુ જોતાં જ મૂઠી વાળીને દોડે છે, કેમકે ભય છે, 'રખે ને રાગ-સંકલેશનું અનર્થદંડનું પાપ ચોંટે તો ?' અને એમ કરીને ઘરે પહોંચી ગયા પછી હાશ અનુભવે છે, ખુશી થાય છે કે 'હાશ ! મહાપાપથી બચ્યો !'

બોલો જૈન ધર્મ એનાં હૈયામાં કેવો પરિણામ પામ્યો હશે ? દુનિયાનું મફતનું જોવા જતાં તમને ભય લાગે ?

**અનર્થદંડનો ભય નહિ, તો જૈન ધર્મ હૈયે પરિણમવો મુશ્કેલ.**

જીવન જીવવા માટે જરૂરી પાપ એ અર્થદંડ, પણ બિનજરૂરી પાપ એ અનર્થદંડ. આત્મા અને પરલોકને માનનારને તો પાપમાત્રનો ભય હોય છતાં જીવન જરૂરી પાપકર્યા વિના ચાલતું નથી એટલે શું કરે ? લાચાર છે. પણ લાચારીથી કરવા પડતા પાપનો ભય જરૂર હોય. એટલે જ એને એમ લાગ્યા કરે કે 'અરે ! આ જીવોના આરંભ-સમારંભમય સાંસારિક કાર્યો અને પરિગ્રહ તથા દુન્યવી સુખોની આસક્તિનાં ને કષાયોનાં પાપ મારે કરવા પડે છે મારું શું થશે ?' આવો ભય હોય એટલે જ એને એમ ઝંખના થયા કરે કે, 'કયાં સુધી મારે આ ચલાવવાનું ? ક્યારે આનાથી છૂટું ! મારી કેવી કમનસીબી કે આ પાપ કરવા પડે છે !'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૫,અંક-૩૪,તા.૭-૫-૧૯૭૭**

**શ્રાવકને અર્થદંડનાં પાપમાંય આવી લાચારી હોય,** ત્યારે અર્થદંડના પાપની આવી લાચારી હોય, એ લાચારીથી સેવતો હોય, એને અનર્થદંડના પાપ સેવવાની હોંશ જ શાની હોય ? અર્થદંડના પાપોનો પણ ભય હોય એ શું અનર્થદંડના

પાપમાં નિર્ભય હોય ? જો એમાં નિર્ભય હોય તો એણે જૈનધર્મ શું અપનાવ્યો ? જૈનધર્મને એ શું સમજ્યો ?

**જૈનધર્મ પાપત્યાગ પર બહુ ભાર મૂકે છે. માટે જ ત્યાગ ન થઈ શકે ત્યાં લાચારીનો ભયનો અનુભવ જોઈએ.**

જીવનમાં પરમત્માભક્તિ-સાધુ-સેવા, દયા-દાન-પરોપકાર જરૂર લાભદાયી છે, એ કરવા જ જોઈએ, પરંતુ પાપત્યાગ પણ એટલા જ જરૂરી છે. કદાચ ત્યાગ ન થઈ શકે તો પણ પાપનો ભય પાપની અરુચિ અને પાપ કરવા પડે એમાં લાચારીનો અનુભવ તો જોઈએ જ. બારીકાઈથી જોઈએ તો દેખાય કે પ્રભુભક્તિ વગેરે ધર્મની પાછળ પણ પાપત્યાગનો ય હેતુ છે.

વિવિધ પ્રભુભક્તિ આદિ ધર્મોમાં પાપત્યાગ અંતર્ગત છે. દા.ત. પરમાત્મભક્તિમાં શા માટે જોડાવું ? તો કે એટલો સમય આરંભ વિષય-પરિગ્રહનાં પાપથી બચાય. જેને વિશેષ પ્રકારે પરમાત્મભક્તિનાં કાર્ય કરવાનાં છે નહિ, એ આ પાપત્યાગથી શી રીતે બચવાનો ?

**મૂર્તિપૂજાનું મહત્વ : ૩ પાપત્યાગ :-**

એટલે જ સમજાશે કે મૂર્તિપૂજાનું કેટલું બધું ઊંચું મહત્વ છે ! મહત્વ આ, કે એ પૂજામાં લાગે એને એમાં ધન ખરચવું પડે, અભિમાન બાજુએ મૂક્વું પડે અને પૂજાની પ્રવૃત્તિ ખાતર એટલો સમય આરંભ-વિષય-પરિગ્રહપાપની પ્રવૃત્તિ બંધ રાખવી પડે....'ના, પૂજામાં પાપ છે' એમ કરી 'હું તો માળા ગણું, સામાયિક કરું' એવું રાખે, એ પરિગ્રહ પાપ શી રીતે ઓછું કરવાનો ? દયા-દાનમાં ખરચવા જાય, પરંતુ એ તો સામાન્ય જીવોમાં ધન ગયું; કિન્તુ પરમાત્મા જેવા સર્વોચ્ચ પાત્રમાં ધન ક્યાં ગયું ?

**નંદીષેણ- સેચનકમાં ફરક માત્ર પાત્રદાનથી :-**

તમને ખબર છે નંદીષેણ અને સેચનક હાથી વચ્ચેનો તફાવત કેમ પડ્યો ? એક રાજકુમાર મનુષ્ય, ને બીજો રાજાથી પોષાયેલ તિર્યંચ પશુ. આ તફાવત કોણે પાડ્યો ? કહો, સુપાત્ર સંયમી સાધુ-સાધ્વીમાં દ્રવ્યવ્યય અને સામાન્ય જીવોમાં દ્રવ્યવ્યયે.

બનેલું એવું કે સેચનક હાથીના જીવે પૂર્વ માનવભવે ઘરે સંસારી બ્રાહ્મણોને જમાડેલા અને નંદીષેણના જીવ શ્રાવકને પૂર્વ માનવભવે એ જમણવારની વ્યવસ્થા સાચવ્યા પર એ પત્યા પછી એને મળેલ વધેલા માલથી નગરમાંથી શોધી લાવીને સાધુ-સાધ્વીની ભક્તિ કરેલી, ક્યાં આરંભ વિષયોમાં પડેલા મનુષ્યો ? અને ક્યાં સંસારત્યાગી અહિંસા-સંયમ-તપની જ સાધનામાં લાગેલા આત્માઓ ? આ સંયમીઓને દીધેલાં દાને આ કામ કર્યું કે એણે આત્મામાં સંયમની અનુમોદના અને સંયમની ભાવનાના સંસ્કાર નાખ્યા. જેથી નંદીષેણના ભવે રાજાશાહી સુખો ફગાવી



દઈ સંયમમાર્ગે ચડી જવાનું સુલભ બન્યું. કહો, સામાન્ય જીવોને દાન કરવામાં આ સંયમની અનુમોદના અને સંયમના સંસ્કાર ક્યાંથી લાધે ?

**ભિખારી કરતા પ્રભુને દીધામાં શો વિશેષ લાભ ? :-**

**ઊંચા પાત્રમાં દાન ઊંચા ગુણની અનુમોદના અને ઊંચા ગુણના સંસ્કારનો લાભ આપે છે.**

માટે જ 'પ્રભુને ધરવા કરતાં ભિખારીને આપવું શું ખોટું ?' આવું કહેનાર અબૂઝ છે. અને ખબર નથી કે પ્રભુને ધરવામાં એની જ ઊંચી ગુણ-અનુમોદનાનો લાભ અને પરમાત્મભાવના આકર્ષણનો તથા એના સુસંસ્કારોનો ઉચ્ચ લાભ જે મળે એ ભિખારીને દેવામાં નહિ મળે. ત્યારે, સુસંસ્કારો તો પરભવે બહુ ઉપયોગી છે જીવનમાં એનાથી મહાઉન્નતિ સધાય છે.

**જેવો સંસ્કારનો પાવર તેવી અહીં સહજ વૃત્તિ-પ્રવૃત્તિ થાય.**

ચંડકોશિયા સાપને ગુસ્સાના સંસ્કાર જોરદાર હતા તો એની મનોવૃત્તિ એના સપાટામાં આવેલા જીવોને ઝેરથી મારી જ નાખવાની રહેતી, અને પ્રવૃત્તિ પણ એવી જ થતી. કેઇક ત્યાં મડદાં પાડેલા, આ કઈ કોઈકના એને ખીજવ્યા પર નહિ, સતાવ્યા પર નહિ. કિન્તુ સહજ ભાવે જ; કેમકે ગુસ્સાના કુસંસ્કાર જોરદાર હતા. એવા જોરદાર કે એમાં પછી શિક્ષણની ય જરૂર નહિ કે 'આવી રીતે સામે કોઈ આવે એને જીવતો નહિ રાખવાનો પણ મારી જ નાખવાનો.' આવું શિક્ષણ મળ્યા વિના જ પોતાને સહજભાવે મારી નાખવાની વૃત્તિ થતી, એ પૂર્વના ગુસ્સાના જોરદાર સંસ્કારના પ્રતાપે.

માણસને ઉંમરમાં આવતાં ધાતુઓ વિકસી ઊઠે છે એટલે કેમ સહજભાવે કામવૃત્તિ થાય છે ? કારણ આ જ કે એને કામના સંસ્કાર કામની વાસના જોરદાર છે. કામસંસ્કાર અનંતકાળના દઢ કરેલા છે. એ કેમ સહજભાવે કામ-વૃતિ ન જગાવે ?

**પ્ર.**- ત્યારે કોઈ વિરલ માણસોને એવી સહજવૃત્તિ નથી થતી એવું પણ દેખાય છે; એનું કારણ શું ?

ઉ.- કારણ આ, કે એ જીવે પૂર્વ ભવે સંયમ-બ્રહ્મચર્ય ધર્મનું મન મારીને પણ સુંદર પાલન કરી અનંતકાળના દઢ બનેલા કામસંસ્કારને મોળા પાડ્યા છે. વ્રત લઈને આ કામ કરે છે ને કે એ કામવૃત્તિ અને વિષયસેવન તરફ ઘૃણાની દૃષ્ટિથી જુએ છે, એને ભારે બિભત્સ અને જંગલી રમત તરીકે માનવને ન છાજતી પશુક્રિયા તરીકે દેખે છે, અને એથી જ સંયમ-બ્રહ્મચર્યના પાલનમાં આત્માની શોભા-સુંદરતા સમજે છે. એનાથી બ્રહ્મચર્યના સુસંસ્કાર ઊભા થાય, દઢ થતા જાય અને કામના કુસંસ્કાર મોળા પડતા આવે, એ સહજ છે.

**વ્રતધર્મનો વિરતી ધર્મનો આ પ્રભાવ છે કે એ ગુણના સંસ્કાર ઊભા કરે,**

**દૃઢ કરે, અને અનાદિના દોષના સંસ્કારને મોળા પાડે, એનું જોર ઓછું કરે.**

અલબત વ્રતપાલન દોષની અત્યંત ઘૃણાથી થાય, અને ગુણની સુંદરતામાં મન મહેકાવીને વ્રતપાલન થવું જોઈએ. નહિતર એક બાજુ તો પોતે બ્રહ્મચર્યવ્રત પાળે અને બીજી બાજુ 'છોકરા કે છોકરીને સારી રૂપાળી કન્યા કે મૂરતિયો મળ્યો!' એવો આનંદ માને એને કામવાસનાના સંસ્કાર શી રીતે મોળા પડે ? એમ કહેતા નહિ કે

**પ્ર.**- તો શું છોકરાને રૂપાળી કન્યા પરણાવીને પેટ બાળે ?

ઉ.- હા, પોતાના અત્યંત પ્રેમપાત્ર આશ્રિત પુત્રને અનંત કલ્યાણસાધક સંયમ ધર્મમાં ન જોડાતાં ભવવર્ધક વિષયસેવનની પશુક્રિયામાં જોડવામાં નિમિત્ત બનવું પડે છે એનો એને ભારે ખેદ હોય. અલબત એ પુત્ર ઉપર ઘૃણા ન કરે, પરંતુ એ જે અબ્રહ્મસેવન કરશે એના પ્રત્યે તો ભારે ઘૃણા હોય જ. તેથી જ કામક્રીડા વધુ જોરદાર કરવામાં નિમિત્તભૂત સુંદર કન્યા મળ્યાનો આનંદ શાનો હોય ? સ્વાભાવિક છે કે કન્યા સારી રૂપાળી છે માટે કામક્રીડાઓ વિશેષ પ્રવર્તવાની, દા.ત. એની સુંદરતા વારે વારે જોવાની રહેવાની, અને એમાં રાજી-રાજી થવાની કામક્રીડા ચાલવાની.

માટે જ આ ફલિત થાય છે કે સુંદર રૂપવાળી કન્યા મળ્યાના આનંદમાં ગર્ભિતપણે હૈયે કામક્રીડાની સુંદરતા વસી છે ઘૃણા નહિ.

**પ્ર.**- તો આવું તો સહેજે થાય છે, તો કેમ બચાય ?

ઉ.- ત્યાં વિવેક વાપરો, એવું મનમાં ઊઠવા જાય કે તરત આ વિચાર કરો કે 'અરે ! હું શાના રાજીપામાં પડ્યો ? અલબત્ત છોકરો પરણ્યાથી હવે અનાચારના માર્ગે નહિ જાય એટલું સારું થયું, પરંતુ હવે એ જેટલું સમય પાળે એટલું સારું કેમકે વિષયક્રીડા ભૂંડી.' આમ બીજાની પણ કામક્રીડા પર ઘૃણા થાય તો જ પોતાનું બ્રહ્મચર્ય પાલન સુસંસ્કાર નાખે અને પોતાના અનાદિના કામસંસ્કાર મોળો પડતા આવે.

વાત આ છે કે,

**સારું કાંઈ પણ કરવું છે, તો નરસાની ઘૃણા જોઈએ; તો જ સારાના સુસંસ્કાર પડે.**

એટલા માટે તો સુકૃત-અનુમોદના કરવાની કહી તે દુષ્કૃતની ગર્હા સાથે કરવાની કહી. મહામુનિઓએ કરેલા જે સર્વત્યાગની અનુમોદના કરીએ, એમાં આરંભ ત્યાગ, પરિગ્રહત્યાગ, વિષયત્યાગ વગેરે આવે. એની સામે આરંભ-પરિગ્રહ-વિષયો વગેરેનાં સેવન એ દુષ્કૃત છે. એ આરંભહિંસા આદિ દુષ્કૃતો પ્રત્યે ઘૃણા હોય તો જ એના ત્યાગરૂપી સુકૃતની સાચી અનુમોદના થાય. સર્વત્યાગી સાધુ મહારાજને વંદના કરીએ એ પણ વંદના સાચી ત્યારે જ ગણાય કે હિંસાદિ પાપભરેલા સંસાર પણ ઘૃણા હોય. કારણ ? આ, કે

**'વંદના' એટલે વંદનીયની ઉત્કૃષ્ટતા ને આપણી અપકૃષ્ટતા દેખાડનારી ક્રિયા.**



જેને વંદન કરીએ છીએ એ આપણા કરતાં ઉત્કૃષ્ટ અર્થાત્ ચડિયાતા છે એવું એમને હાથ જોડી મસ્તક નમાવવાની આપણી ક્રિયાથી જણાઈ આવે છે. આ ચડિયાતાપણું એમના ગુણો અને સુકૃતોથી છે એટલે એમને વંદના કરીએ છીએ એમાં એમણે પાપોના પાપભર્યા ઘરવાસના ત્યાગરૂપી સુકૃત કર્યાથી એમને ચડિયાતા માનીએ છીએ. આમાં 'આ ત્યાગરૂપી સુકૃત સારું' એવી અનુમોદના ગર્ભિત છે. એવી અનુમોદના હોય તો જ વંદના એ ખરેખર વંદના કહેવાય; નહિતર તો દેખાવમાત્ર. એટલે,

**વંદનામાં વંદનીયતા સુકૃતની અનુમોદના ગર્ભિત છે. એમ, દુષ્કૃતની ઘૃણા પણ ગર્ભિત છે.**

આરંભ-પરિગ્રહાદિ પાપભર્યો ઘરવાસ ખરાબ લાગે તો જ એનો ત્યાગ સારો લાગે; ને એ ત્યાગ સારો લાગે તેથી જ ત્યાગીને વંદના થાય. આ ઉપરથી સમજાશે કે જેને સંસાર પર ઘૃણા હોય એ જ સાધુને સાચી વંદના કરનારો ગણાય. એટલે હવે એમ કહેતા નહિ, કે-

**પ્ર.**- સાધુને વંદના કરવા માટે સંસાર પર ઘૃણાની શી જરૂર ?

ઉ.- જરૂર આટલા માટે છે કે સાધુને વંદના કરવી છે એ એમને સારા માનીને; અને એમનામાં સારાપણું આજ છે કે એમણે પાપભર્યો સંસાર છોડ્યો છે. હવે જો આપણે સંસારને સારો માનીએ છીએ, ખરાબ નથી માનતા તો એના ત્યાગને સારો શી રીતે માન્યો કહેવાય ? જો ત્યાગ સારો નહિ તો ત્યાગી શાને સારા ? સારા તરીકે એમને વંદના શાની ? સાધુને વંદના એ સારા છે માટે સાધુ સારા એટલા માટે છે કે એમનામાં પાપસંસારનો ત્યાગ એ સારાપણું છે. હવે પાપસંસાર ખરાબ નથી લાગતો તો એનો ત્યાગ એના ત્યાગી સારી શી રીતે લાગ્યા ગણાય ?

ત્યારે બોલો, સાધુને વંદના તો કરો છો, પણ પૈસા અને સંસાર સુખો ખરાબ લાગે છે ? એમ કહેતા નહિ, કે

**સાધુને વંદના કરવી એમાં પૈસા અને સંસારસુખ ખરાબ લાગવાનું શું કામ?**

કામ આ જ, કે એમને વંદના આટલા જ માટે કરાય છે કે એમણે પૈસા અને સંસારસુખોનો ત્યાગ કર્યો છે. એ ત્યાગ સારો છે માટે એમને વંદના છે, તો પૈસાદિનો ત્યાગ સારો માનવાની પાછળ પણ પૈસા અને સંસારસુખ ખરાબ માનવાનું હોવું જ જોઈએ. એ ખરાબ માનવાની સાથે એના પર ઘૃણા જોઈએ.

'પૈસા અને સંસારસુખ ખરાબ' એવું ખરેખર માનવાનું એને કહેવાય જ્યાં એના પ્રત્યે ઘૃણા હોય.

**પૈસા અને સંસારસુખ પર ઘૃણા એટલે વૈરાગ્ય.**

શું વૈરાગ્ય એટલે ?

વૈરાગ્ય એટલે રાગનો અભાવ નહિ. રાગનો અભાવ એટલે તો વીતરાગતા. એ આવવાની બહુ વાર છે.

**સાધનાના છેલ્લે પગથિયે વીતરાગ અવસ્થા છે; ત્યારે સાધનાના પહેલે પગથિયે વૈરાગ્ય છે.**

**વૈરાગ્ય હોય તો જ ધર્મની સાધના વાસ્તવિક ગણાય,**

દાન કરો, શીલ પાળો, વ્રતનિયમ કરો, ત્યાગ તપસ્યા આચરો, પ્રભુભક્તિ કરો. જાપ-સાધના કરો, સાધુસેવા કરો; એ બધીય ધર્મસાધના છે. પરંતુ એના પાયામાં વૈરાગ્ય જોઈએ. વૈરાગ્ય એટલે પૈસા અને સંસારસુખો પ્રત્યે અંતરમાં ગ્લાની-ખટકો ઘૃણા જોઈએ. પૈસા પર રાગ થાય, પરંતુ અંતરમાં ભય લાગે, ખટકો થાય કે આ હું કોના પર રાગ કરી રહ્યો છું ? આ પૈસા ભયરૂપ લાગે એ વૈરાગ્ય. પ્રભુને પૂજવા છે તો હૈયામાં આ વૈરાગ્ય જોઈએ.

**પ્ર.**- પ્રભુભક્તિ કરીએ એમાં વૈરાગ્યની શી જરૂર ?

**ઉ.**- વૈરાગ્ય નહિ હોય અર્થાત્ પૈસા અને સંસાર સુખ પર ઘૃણા-નફરત નહિ હોય, તો એ બહુ વહાલા લાગશે એટલા પરમાત્મા વહાલા નહિ લાગે. માટે તો સારાં પ્રભુ પૂજવા મળતાં, યા પ્રભુદર્શન મળતાં ભક્તિમાં પૈસા જતા નથી કરાતા. કેમકે જાણે ‘ભગવાન તમે વહાલા, પણ તમારા કરતાં મારા પૈસા, મને બહુ વહાલા. એટલે તમારી ભક્તિમાં પૈસા ન તોડી નાખું.’ આ આંતરિક વલણ રહે છે ! માટે તો આજે દેખાય છે કે,

**પૈસા માટે પ્રભુનો પૂરો ઉપયોગ થાય છે, પણ પ્રભુ માટે પૈસાનો પૂરો ઉપયોગ નહિ !**

કેમકે પાયામાં વૈરાગ્ય નથી, પૈસા પર ઘૃણા નથી પણ હાર્દિક વહાલ છે.

સારાંશ, પૈસા પર વૈરાગ્ય નહિ, ઘૃણા નહિ, એટલે એ બહુ વહાલો લાગે; ને તેથી ભગવાન એવા વહાલા ન લાગવાં દે. ત્યારે ભગવાન જો એવા વહાલા નહિ, તો ભગવાન પર ભક્તિ શાની આવે ?

**વૈરાગ્ય વિના કોઈ જ દાનાદિ ધર્મ સાચો ન આવે.**

**પાપ ખરાબ લાગે તો જ ધર્મ સારો લાગે :-**

સમજી રાખો, પૈસા એ પાપ છે, દુન્યવી સુખ એ પાપ છે, ને દાન-શીલ વગેરે એ ધર્મ છે. પાપ ખરાબ લાગે તો જ ધર્મ સારો લાગે. પાપ પર ઘૃણા હોય તો જ ધર્મ પર સાચી પ્રીતિ થાય. જીવ સંસારમાં બેઠો છે એટલે એને પૈસા ગમે, સુખ ગમે, એ બને; પણ અંદરખાને સાથે જ એના પર કચવાટ હોય, નફરત હોય, ઘૃણા હોય એનાથી પરલોક બગડવાનો ભય હોય. વૈરાગ્ય આટલું માગે છે,-



પૈસા અને સંસારસુખ પર કદાચ રાગ થતો હોય એમ બને છતાં એની પ્રત્યે ઘૃણા-કચવાટ-ગ્લાની હોવી જોઈએ. પાયખાને જવું પડે છે એમાં એની ઈચ્છા છે, ને પ્રવૃત્તિ ય છે, છતાં એના પ્રત્યે કેવી ઘૃણા હોય છે ! બસ, અર્થ અને કામ ઉપર, ધન અને વિષયસુખ ઉપર એવી ઘૃણા જરૂરી, પછી એની ઈચ્છા ય થતી હોય અને એમાં પ્રવૃત્તિ ય થતી હોય.

**શાલીભદ્ર-ધનાજીના હૈયાં :-**

શાલિભદ્ર-ધનાજી જેવામાં અંદરખાને આ ઘૃણા હતી તેથી મોકો આવતાં એ ક્ષણમાં સુખોમાંથી ઊભા થઈ ગયા. જો આ ન હોત તો માતાનો સહેજ બોલ મળે કે ‘મારા લાલ ! શ્રેણિક એ કરિયાણું નહિ. પણ તારા મારા અને મોટા મગધદેશના માલિક રાજા છે’ એટલા બોલમાં સંસારમાંથી ઊભા થઈ જવું સહેલું છે ? એમ પત્નીનો બોલ મળે કે ‘‘તારો ભાઈ કાયર, તે વૈરાગ્ય થયા પછી એકેક પત્ની છોડે છે ? એમ બોલવું સહેલું છે પણ કરવું કઠીન છે.’’ આટલા બોલ પર સંસારમાંથી ઊભા થઈ જવું સહેલું છે ? પણ અંતરમાં વૈરાગ્ય ઝળહળતો હતો.

સર્વત્યાગની વાત તો પછી, પણ શાલિભદ્ર રોજે રોજ આગલા દિવસની નવાણું પેટીના માલનો ત્યાગ કરતા; રોજની દેવતાઈ નવાણું પેટીનો ઝવેરાત જરિયાન કપડાં વગેરે માલ બીજે દિવસે કૂવામાં પધરાવી દેવરાવતા. અંદરખાને ધન ઉપર ઘૃણા ન હોય તો આ વિરાટ સંપત્તિનો રોજે રોજ ત્યાગ કરવો સહેલો છે ?

ધનાજી કરોડોનુ ધન કમાઈ લાવ્યા છે, પણ એ જ રાતના મોટાભાઈઓ ખાનગીમાં પિતાજીને એ મિલકતના ભાગ પાડી આપવા સતાવી રહ્યા છે. એ જાણી ધનાજી રાત પૂરી કરવા ન રોકાયા, ને વહેલી પરોઢે ઊઠીને પહેર્યે લૂગડે ઘર છોડી પરદેશ ચાલી નીકળ્યા ! અતંરમાં મિલકત પર ઘૃણા વિના આ કરોડોનું ધન પડતું મૂકી ચાલી નીકળવું સહેલું છે ? ભાઈઓ ઝગડો કરે છે, અન્યાયી રીતે ભાગ માગે છે એટલા ખાતર થઈને ક્રોડોનું ધન છોડી દેવાય ? છોડી દઈને પરદેશ ચાલી નીકળ્યા ? તે પણ પત્નીને ય પડતી મૂકીને ? પત્ની ય પાછી કોણ ? ધનાઢ્ય શાલિભદ્રની બેન ! શી રીતે છોડી ગયા ? કહો મૂળ પાયામાં મનને દુન્યવી ધન અને સુખની એવી કિંમત નહોતી અંદરખાને ‘ધન એટલે કુછ નહિ કે જે ભાઈઓના મનને કલેશ આપે.’ એવો ભાવ હતો.

આજે ભાઈ ભાઈમાં ઝગડા શાથી છે ? મૂળ પાયામાં મનને ધનની ભયંકરતા નથી લાગતી ધનની બહુ કિંમત લાગે છે, ધન પર ઘૃણા નથી એ ઘૃણા હોય તો શું મનને એમ ન થાય કે,

**‘આ પાપ પૈસા ખાતર સગા ભાઈ સાથે ઝગડું ?’**

આજે બાપથી દીકરો જાુઆરું કરે છે. કેમ વારું ? પત્નીને મા સાથે બનતું નથી

એટલે. અહીં મૂળ પાયામાં સંસારસુખ પ્રત્યે ઘૃણા નહિ એટલે બહુ માનેલા એ સુખની ખાતર ઉપકારી મા-બાપની સેવા ફગાવી દે છે. સુખ પર અંદરખાને ઘૃણા હોય તો મનને શું એમ ન થાય કે 'આ તુચ્છ સુખ ખાતર ઉપકારી માબાપને છેહ દઉં ?'

સત્તા-સન્માનના સુખની ઘૃણા નથી એટલે તો એ સુખ ખાતર આજે કેટકેટલા ધૂમ પ્રપંચ ચાલે છે ! કેવા ક્રૂર કરતૂતો કરાય છે ! ઇંદિરાએ મીસ લગાડી ભારતના ક્રીમ નેતાઓને કેમ જેલમાં બેસાડી દીધા હતા ? સત્તાનાં સુખ પર એને ઘૃણા નહોતી માટે.

ત્યારે રામચંદ્રજીને સત્તાનાં સુખ પર અંદરખાને ઘૃણા હતી તો હકની રાજ્યગાદી માટે ઝગડો ન ઉઠાવ્યા, ઊલટું ભરતને રાજ્યનું પિતાનું વચન બરાબર પળાય એ માટે, પોતાની ત્યાં હયાતીમાં નાનો ભાઈ ભરત ગાદી સ્વીકારતો નહોતો એટલે, પોતે વનવાસ માંગી લીધો.

આ જ વાત છે,-

જીવનમાં મૈત્રી સહાનુભૂતિ પરોપકાર વગેરે ગુણો સાચા લાવવા હોય તો પાયામાં આ ધન-સુખ-સન્માન વગેરે પર ઘૃણા લાવો. જોશો તો દેખાશે કે બીજા સાથે વૈર-વિરોધ કેમ થાય છે ? પોતાની કોઈ દુન્યવી વસ્તુ સામાએ બગાડી છે, નષ્ટ કરી છે, લૂંટી છે, યા પોતાનું માન એનાથી ઘવાયું છે માટે આવી દુન્યવી વસ્તુનાં કારણે વૈર-વિરોધ થાય છે. માટે જ, જો એ દુન્યવી વસ્તુ પર જ ઘૃણા હોય તો મનને થાય કે 'આ પાપવસ્તુ ખાતર શા સારુ મૈત્રી ગુમાવી વૈર-વિરોધ કરવા ?

**ધર્મીને દુન્યવી સુખ સન્માન તો રોગીને કુપથ્ય જેવા છે,**

ડાહ્યો રોગી કુપથ્યને ઝેર સમજતો હોય છે તેથી કદાચ એ સેવવાની ઇચ્છા થયા કરે તો એના પ્રત્યે એને ઘૃણા હોય છે. કદાચ એ સેવે તો ય અંતરમાં એને કચવાટ-વસવસો હોય છે કે આનાથી કેવું નુકસાન થશે ! સંસારનાં સુખ-સન્માન પ્રત્યે આવી ઘૃણા હોય આવો કચવાટ-વસવસો હોય કે આનાથી મને કેવું નુક્સાન થશે !

**હૈયામાં આ ઘૃણા હોય તો પછી જીવન-સુધાર સહેલો.**



"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૫,અંક-૩૪,તા.૭-૫-૧૯૭૭

# શ્રાવક ધર્મનું મહત્ત્વ શાથી ?

**જિનશાસન એટલે નિર્ગ્રન્થ પ્રવચન :-**

અનંતજ્ઞાની ત્રિલોકનાથ ભગવાન શ્રી તીર્થંકરદેવ શ્રાવક-ધર્મને શાથી મહત્ત્વ આપે છે ? શું એનાથી સીધું મોક્ષમાં જઈ શકાય છે ? ના, મોક્ષમાં સીધા પહોંચાડનાર તો એકમાત્ર સાધુ ધર્મ, મુનિમાર્ગ છે, માટે તો જૈનશાસનનું બીજું નામ નિર્ગ્રન્થ પ્રવચન છે, કેમ કે નિર્ગ્રન્થ પ્રવચન એટલે નિર્ગ્રન્થની પ્રધાનતાવાળું, અર્થાત્ બાહ્ય આભ્યન્તર ગ્રન્થ રહિત, પરિગ્રહ રહિત એવા મુનિઓના માર્ગની પ્રધાનતાવાળું પ્રવચન, શાસન, તીર્થ. એ તીર્થને કરનાર તે તીર્થંકર. મુનિમાર્ગ એ મોક્ષનો સીધો રસ્તો છે, જિનશાસને સીધો મોક્ષમાર્ગ બતાવવો છે, એટલે મુનિમાર્ગને જ સીધો મોક્ષમાર્ગ જોઈ મુખ્ય પણે મુનિમાર્ગનો ઉપદેશ એ કરે છે.

**નિષ્પાપ જીવન વિના મોક્ષ નહિ :-**

સર્વજ્ઞ શ્રી જિનેશ્વર ભગવાન પોતાના જ્ઞાનમાં જુએ છે, કે સર્વથા નિષ્પાપ જીવન બનાવ્યા વિના આ સંસારના બંધનમાંથી છૂટી શકાય નહિ, અને મોક્ષ થાય નહિ. એટલે જ પ્રભુને પૂછો કે સીધા મોક્ષમાં લઈ જાય એવો ધર્મ કયો ? તો એ જ કહે છે કે સાધુધર્મ, મુનિધર્મ; કેમ કે એમાં જ સર્વથા નિષ્પાપ જીવન જીવી શકાય છે. ઘરવાસમાં એ સ્થિતિ નથી કે સંપૂર્ણ નિષ્પાપ જીવન જીવી શકાય. ઘરવાસનું જીવન એટલે બંધનોવાળું જીવન છે, એમાં કોઈ ને કોઈ પાપો આચરવાં જ પડે છે. પછી ત્યાં પાપમાત્રથી રહિત દશા ક્યાંથી હોય ? અને પાપ ઊભાં હોય છતાં મોક્ષે સીધા જઈ શકાય એ ત્રણ કાળમાં બને એવી ચીજ નથી. જીવના માથે સંસાર પાપના લીધે જ ઊભો છે. એવા પાપને સર્વથા ટાળ્યા વિના સંસાર શી રીતે ટળી શકે ? ઘરવાસમાં તો કોઈ ને કોઈ પાપ રહેવાનાં, જ્યારે મુનિમાર્ગમાં તદ્દન નિષ્પાપ જીવન હોય છે માટે એ સંસારનો અંત લાવી મોક્ષમાં પહોંચાડી શકે છે.

**સંસારનું મહાપાપ અસંયમ :-**

જૈનશાસન ઠેઠ મોક્ષે પહોંચાડી શકે એવા ધર્મનો ઉપદેશ કરે છે, અને એવા ધર્મ તરીકે માત્ર સાધુધર્મને, એટલે કે સંયમમાર્ગને જ ફરમાવે છે, એ સિવાય મોક્ષ મળી શકે જ નહિ. સંસારની જડ અસંયમ છે. સંસારની ચાવી અસંયમ છે. સંસારમાં અસંયમ એ મહાપાપ છે; એ હોય ત્યાં સુધી સંસાર હોય જ, મોક્ષ નહિ. માટે તો સાધુના પ્રતિક્રમણ સૂત્રમાં સંગ્રહ બતાવતાં એક પાપ તરીકે અસંયમ

બતાવ્યું '**एगविहे असंज मे**' કહ્યું. પાપોને સંક્ષેપમાં એક જ પ્રકારે બતાવવા હોય તો આ શબ્દ છે, 'અસંયમ.' એ થોડો પણ છે તો પૂર્ણ સંયમ નથી, અને તેથી મોક્ષ થઈ શકે નહિ. ઘરવાસના જીવનમાં, શું કહી શકશો, કે અસંયમ નથી ? ના, નહિ કહી શકાય. ચૂલો-પાણિયારું, વેપાર-રોજગાર, માલ-મિલકત, બધે જ અસંયમ ભારોભાર ભરેલો છે; એટલે સર્વથા સંયમ એમાં શક્ય જ નથી. પછી ત્યાંથી સીધો મોક્ષ શી રીતે પામી શકાય ? અહીં પ્રશ્ન થશે,

**પ્ર.- તો ગૃહિલિંગે સિદ્ધ થયાનું શાસ્ત્ર કહે છે તેનું કેમ ?**

ઉ.- વાત સાચી છે, પણ ઝીણવટથી જુઓ કે ગૃહિલિંગે સિદ્ધ કહ્યા છે, કિન્તુ ગૃહવાસે સિદ્ધ નહિ. ગૃહિલિંગે એટલે ગૃહસ્થવેશે કેવળજ્ઞાન પામ્યા કહ્યું પરંતુ ઘરવાસ સેવતાં છતાં પામ્યા એમ તો નથી કહ્યું ને ? બેમાં શો ફરક છે ? એ જ કે ઘરવાસ સેવે છે ત્યાં તો અસંયમનું સેવન છે, અને અસંયમથી કેવળજ્ઞાન મળે જ નહિ. અનંતા તીર્થંકર ભગવાનો થઈ ગયા અને અનંતો કાળ વહી ગયો પણ બધાએ જ આ કહ્યું છે કે 'કોઈ કાળમાં બન્યું નથી અને બનવાનું નથી કે અસંયમથી મોક્ષ મળે.' એટલે ઘરવાસથી મોક્ષ મળી શકે જ નહિ. છતાં કોક જીવને એવું બને છે કે એ ગૃહસ્થ વેશમાં હોય અને અંતરથી વિશુદ્ધ ભાવનાના બળે અસંયમથી તદ્દન નિરાલો થઈ જાય, અસંયમને અર્થાત્, ઘરવાસને હૈયાના ભાવમાંથી સર્વથા દૂર કરી દે, તો વેશ ગૃહસ્થનો છતાં કેવળજ્ઞાન પામી જાય. એટલે ત્યાં અસંયમ મૂક્યું એનો અર્થ જ એ કે 'હું ઘરવાસી છું,' મારું આ કુટુંબ-ઘર, મારી આ માલ-મિલકત, વગેરે ઘરવાસનો ભાવ મનથી વોસિરાવ્યો, અસંયમનું બંધન સર્વથા મનથી ઉતારી નાખ્યું ત્યારે વીતરાગ કેવળજ્ઞાની બન્યા. ગૃહિવેશ તો રહ્યો, પણ તે બહાર કાયા ઉપર રહી ગયો, પરંતુ આત્મા ઘરવાસમાંથી, ઘરવાસનો ભાવ જે અસંયમ, તેમાંથી બહાર નીકળી ગયો.

એટલે વાત આ છે કે અસંયમ ટાળ્યા વિના અને સર્વથા સંયમ અપનાવ્યા વિના મોક્ષ મળી શકે જ નહિ. સાધુ જીવનમાં જ એ શક્ય છે, માટે જીવને સાધુમાર્ગ એ જ સીધો મોક્ષમાં પહોંચાડી શકે. એટલે પ્રશ્ન આ રહે છે કે,

**તો પછી શ્રાવક ધર્મનું મહત્ત્વ શાથી ?**

એનો ખુલાસો એ છે કે આટલી ચર્ચાથી સમજી શકાશે કે જો ગૃહસ્થ ધર્મમાં સર્વથા અસંયમ ટાળવાનું નહિ સહી, પરંતુ અંશે અંશે ય અસંયમ ટાળી શકાય, અંશથી પણ સંયમમાં આવી શકાય તો એ એક વાર પૂર્ણ સંયમમાં પહોંચવા માટે ઉપયોગી છે, અને સાથે એટલા પ્રમાણમાં જીવને અસંયમ નિમિત્તે કર્મબંધથી બચાવનારું છે, માટે એ દૃષ્ટિએ ગૃહસ્થ ધર્મ ઉપયોગી છે.

**ચૈતન્ય લગભગ લુપ્ત જેવું છે :-**



અહીં અસંયમ તરીકે અને સંયમ તરીકે શું લેવાનું એ સમજી રાખવા જેવું છે, જેથી ખ્યાલ આવે કે આત્માનું ઉત્થાન કરવું હોય તો શું શું કરવું જોઈએ, ભૂલશો નહિ કે અનાદિ અનંત કાળથી આપણો આત્મા અધોગતિની ખીણમાં પડેલો છે. એનો જે ખરેખર આત્મસ્વભાવ અર્થાત્ ચેતન તરીકેનું જે વૈશિષ્ટ્ય, એ અસંયમથી લુપ્ત જેવું છે.

**પ્ર.-** એમ તો ઠેઠ એકેન્દ્રિય જેવી અવસ્થામાં પણ આહારાદિ-સંજ્ઞા જાગ્રત છે; બેઇંદ્રિય અવસ્થાથી માંડીને એનામાં વ્યક્ત જ્ઞાનમાત્રા પણ છે, અતિ અલ્પાંશે પણ સુખ-દુઃખનું સંવેદન છે; અને આ સંજ્ઞા, જ્ઞાન, સંવેદન એ ચેતનની વિશેષતા છે. જડમાં કોઈ સંજ્ઞા, જ્ઞાન, કે સુખ-દુઃખનું સંવેદન નથી, અવ્યક્ત રૂપે પણ નથી, કેમ કે એનામાં જડતા છે, ચૈતન્ય નથી, આ વિશેષતાઓ ચૈતન્યના ઘરની જ છે, તે દૃષ્ટિએ જીવની ત્યાં ય વિશેષતા છે. તો પછી જીવ તરીકેનું વૈશિષ્ટ્ય લુપ્તપ્રાય શી રીતે કહેવાય ?

**જ્ઞાનમાં તપારો ડહોળ, મેલ ન જોઈએ.**

ઉ.- આનો ખુલાસો એ છે કે જીવનું અસલી વૈશિષ્ટ્ય શુદ્ધજ્ઞાન અને નિર્ભેળ અપરિમિત અનંત સુખનો અનુભવ છે. એ શુદ્ધ જ્ઞાન એટલે બસ જાણવાનું, પણ જરાય સાથે ઊંચા નીચા નહિ થવાનું.

સૂર્યના તડકામાં ઊભા રહેવું ગમે છે કે ચંદ્રના પ્રકાશમાં ? શિયાળામાં તો માંહીથી ઠુંઠવાઈ રહ્યા હો એટલે સૂર્યના તડકામાં રહેવું ગમે એ જુદી વાત. પરંતુ મધ્યમ હવામાનમાં શું ગમે ? ચંદ્રના પ્રકાશમાં રહેવું ગમે છે. કેમ વારુ ? કહો, સૂર્યનો પ્રકાશ તમતમતો લાગે છે. પ્રકાશ વધારે છે, ભરચક છે, છતાં એ તમતમતો છે, માટે આદરણીય નથી લાગતો. એમ જ્ઞાન પ્રકાશ પણ રાગ-દ્વેષથી તમતમતો હોય, તો એ આદરણીય નથી.

પીવાનું પાણી કયું સારું માનો ? એકદમ સ્વચ્છ કે ડહોળું મટોડાવાળું ? તદ્દન સ્વચ્છ. પેલું તો કલુષિત લાગે છે. તો પછી એ જ રીતે સમજો કે સ્વચ્છ જ્ઞાન એ સારું છે, ડહોળું જ્ઞાન નહિ, રાગદ્વેષથી મિશ્રિત જ્ઞાન નહિ.

કોઈને ત્યાં મળવા ગયા, એનો નાનો બાબો છે, રૂપાળો દેખાવડો દડા જેવો છે, હવે એ નાકમાંથી નીકળેલા લીંટ લબરકાથી, મોંમાંથી નીકળેલ થૂંક-લાળથી અને હાથેથી ફેંદેલી વિષ્ટાથી ખરડાયેલો હોય તો એ હાથમાં લેવો ગમે ? કે તાજો જ નવરાયેલો ચોખ્ખો હોય એ ગમે ? કેવાને બાથમાં લેવાનું મન થાય ? ચોખ્ખાને જ ને ? તો પછી જ્ઞાન પણ રાગદ્વેષથી ખરડાયેલું ગમે કે તદ્દન સ્વચ્છ શુદ્ધ જ્ઞાન ? હૈયામાં કેવું જ્ઞાન ભેટાડવું ગમે ? કયું જ્ઞાન સારું ગણાય ?

બસ ત્યારે, આ વાત છે કે જ્ઞાન શુદ્ધ-સારું તે જ, કે જે રાગદ્વેષથી તમતમતું

ન હોય, રાગદ્વેષના ડહોળવાળું ન હોય, રાગદ્વેષ વડે ખરડાયેલું ન હોય. રાગદ્વેષનો તપારો, ડહોળ કે મળ, એ તો Foreign matter પરદેશી માલ છે, આત્માના કે જ્ઞાનના ઘરની વસ્તુ નથી જડ કર્મપુદ્ગલના ઘરની ચીજ છે, એનાથી ખરડાયેલું જ્ઞાન તોફાન મચાવે છે, જીવને પોતાને ઊંચોનીચો કરે છે અસ્વસ્થ વિહ્વળ બનાવે છે. માટે જ એ જ્ઞાનરૂપ હોવા છતાં જીવનું અસલી વૈશિષ્ટ્ય ન કહેવાય. એવા કલુષિત જ્ઞાનવાળી દશા એ જીવની પતિત અવસ્થા છે, મેલીદાટ સ્થિતિ છે.

હવે તપાસો ઇન્દ્રિયોથી જ્યારે કાંઈ પણ જણાય અથવા મનમાં જ્યારે કાંઈ વિચાર આવે છે, ત્યારે સાથે રાગ યા દ્વેષ, યા મોહ, યા ગ્લાનિ કે હર્ષ રહે છે કે નહિ ? આ એટલા માટે તપાસવાની વાત છે કે ખ્યાલ આવે કે રાગ-દ્વેષ અને હર્ષ-ઉદ્વેગને આપણે કેટકેટલા ધૂમ પ્રમાણમાં કરીએ છીએ ? જાણે શ્વાસે શ્વાસે કેવા વણીએ છીએ ?

**ઇન્દ્રિયોના અનુભવમાં રાગદ્વેષનું મિશ્રણ :-**

આ બરાબર તપાસવા જેવું છે કે જે કાંઈ આપણે જોઈએ છીએ, સાંભળીએ છીએ કે વિચારમાં લાવીએ છીએ એની સાથે જ રાગ યા દ્વેષ, રુચિ યા અરુચિ જોડાય છે કે નહિ ? એવું બીજી ઇંદ્રિયો એનો વિષય પકડતી હોય. દા.ત. કાંઈક ખાધું-પીધું, સૂંઘ્યું કે સ્પર્શ કર્યો, ત્યાં પણ રાગ યા દ્વેષ, રુચિ યા અરુચિની છાંટ લાગે છે કે નહિ ? એ તપાસ આ રીતે થાય કે ત્યાં એ વિષય ઇષ્ટ યા અનિષ્ટ લાગે છે ખરો ? અંદરનું મન વિકસ્વર અથવા કરમાયેલું બને છે ખરું ? ભલે ને સહેજ પણ બને, પરંતુ બને છે કે નહિ ? અથવા મનને સારું યા નરસું લાગે છે ખરું ? અલબત્ત બીજા કોઈ વિચારમાં હોઈએ અને જોયું ન જોયું કરી ચાલીએ, ખાસ ખ્યાલ ન કરીએ કે આ વિષય શો છે કેવો છે, ત્યાં રાગ-દ્વેષનો સવાલ ન હોય; છતાં ખ્યાલપૂર્વક જ જે જોવાનું, સાંભળવાનું કે વિચારવાનું ચાલી રહ્યું છે એમાં હર્ષ યા ઉદ્વેગ ભેગા ભળેલા છે કે નહિ એ જોવાનું. આમ જો જાંચ કરીશું તો દેખાશે કે એમાં લગભગ રાગ-દ્વેષ સાથે જ સંકળાયેલા છે.

**રાગ કે દ્વેષ વિનાનું દર્શન આવડે છે ક્યાં ?**

હૈયાને એવું બનાવી દીધું છે કે એને વાતવાતમાં રાગ-દ્વેષ કરવા જોઈએ છે; કેમ કે ઇંદ્રિયો અને મન મળ્યાં છે એટલે કંઈ ને કંઈ જોવા, સાંભળવા...કે છેવટે વિચારવા જોઈએ છે; અગર ઇંદ્રિયોના સામે આવી જાય તો જોવાઈ-સંભળાઈ જાય છે, સૂંઘાઈ-સ્પર્શાઈ જાય છે, વગેરે; અને જીવ ત્યાં અનાદિથી સારી રીતે અભ્યસ્ત કરેલો રાગ-દ્વેષ અને હર્ષ-ખેદને સાથે જ મેળવી દે છે, પાછો આ જીવનમાં બાળપણથી એનો અભ્યાસ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ એ રાગાદિ વધુ પુષ્ટપણે ખીલી ઊઠે છે. આ શું માનવ જીવન ? કે પશુ જીવન ?



**રાગાદિની અસરોનો ઢેર :-**

ત્યારે વિચારવા જેવું છે કે આ એક જ જીવનમાં જોરશોરથી રાગાદિ કર્યે જઈએ, ને તે પણ ભરચક પ્રમાણમાં, તો શું એમ લાગે છે કે એની અસરો નાખ્યા વિના એ પસાર થઈ જાય છે ? ના, જરાય નહિ, એ તો એની અસરોનો આત્મા પર ઢેર કરે છે. અથવા એમ કહો કે પૂર્વ પૂર્વની અસર એટલે કે વાસના-સંસ્કારને ઉત્તરોત્તર સેવાતા રાગાદિ પુષ્ટ, વધુ પુષ્ટ કરતા જાય છે. પુષ્ટ બનેલા એને પછી તોડવાનું કામ બહુ કઠિન પડે છે ! માટે તો જુઓ છો ને કે નાની ઉંમરવાળાને ધર્મોપદેશની જેવી અસર થાય છે, જેટલી સહેલાઈથી થાય છે, તેવી અને તેટલી સહેલાઈથી મોટી ઉંમરવાળાને અસર નથી થતી. શું કારણ છે ભાઈ ? કહેવું પડશે કે આ જીવનમાં નાનડિયાએ રાગદ્વેષને જ એટલા પુષ્ટ નથી કર્યા; તેથી મોટેરા કરતાં એને એ રાગાદિ વાસનાઓ દાબવી સહેલી હોય છે. તો બોલો હવે શું ધાર્યું છે ? જિંદગીના છેડા સુધી આ રાગાદિને પુષ્ટ જ કર્યે જવા છે કે મોળા પાડવા છે ? મોળા પાડવા હોય તો કોઈ યોજના છે ?

**રાગાદિમાં સુખ કેમ નહિ ?**

રાગાદિને પુષ્ટ કર્યે જવાનું ફળ તો અહીં પણ અનુભવી રહ્યા છો, તો વિચારો પરલોકમાં કઈ દશા ? અહીં એથી સુખનો અનુભવ ને આત્મહિતના વિકાસનો અનુભવ તો નથી ને ? ના, એમ સમજતા હો કે અમે જેમ જેમ રાગ, દ્વેષ, હર્ષ, ઉદ્વેગ, રુચિ, અરુચિ વધુ કરીએ છીએ તેમ વધારે સુખનો અનુભવ કરીએ છીએ, વધારે આત્મહિત વિકસતું દેખાય છે, તો તો જુદી વાત; પરંતુ એમ કહી શકો એમ નથી. કેમ કે તો પછી સુખીને રોદણાં હોય ? સંતાપ હોય ? હાયવોય હોય ? ચિંતાની આગમાં સળગવું પડે ? ના, છતાં પ્રત્યક્ષ દેખાય છે કે જ્યાં ક્યાંક રાગ કર્યો યા અરુચિ કરી કે એની પાછળ જો બીજા ધ્યાનમાં ન ગયા તો એ રોદણું, સંતાપ, હાયવોય, ચિંતા, અજંપો, વગેરેમાંનું કંઈક ને કંઈક લાગુ થયું જ છે ! બજારમાં સારી કેરી, કપડું કે બીજું કાંઈ સારું દેખ્યું. રાગ ઊઠ્યો, તો એની પાછળ 'આ લઈએ તો સારું' એવો અજંપો, કે 'પણ ભાવ બહુ મોંઘો' એવું રોદણું યા 'કંઈ નહિ,' જીવન આપણું આવા સુંદર ભોગ વિના જ જવાનું ? એવો સંતાપ, અથવા હાય ! આજ સરકારે ટેક્ષો નાખી નાખી કેવી મોંઘવારી કરી દીધી છે ! આ જ ! મારું પેટ ક્યાં પચાવી શકે છે ?' એવી કોઈ હાયવોય ઊભી થઈ જતાં વાર લાગતી નથી. ત્યારે નરસું દેખ્યું તો દ્વેષ, અરુચિ ઊભા થઈને ય એ જ રોદણાં હાયવોય, સંતાપ કે ચિંતાની લોથ માંડે છે. શું આને સુખ કહેવાય ? ધંધા ધાપામાં ઇષ્ટ અનિષ્ટ કેટલુંય સામે આવે છે, ત્યાં રાગ, દ્વેષ ઊભા કર્યા કે એની પાછળ ઉન્માદ, રોદણું વગેરે જગાડું છે ને ? ક્યાં આ નથી ? સંસાર

વ્યવહારનાં કેટલાંય ક્ષેત્રોમાં, અરે ! કહો કે ઠામઠામ આ અનુભવ છે કે રાગ, દ્વેષ ઊભા કર્યા કે એની પાછળ ઉન્માદ, કરમાવાનું, રોદણું, હાયવોય, ચિંતા-સંતાપ-અંજપો, લાગુ જ છે !

**જીવ છતાં ચૈતન્ય નષ્ટ કેમ ? :-**

આપણે એ વિચારી રહ્યા છીએ કે આત્માએ પોતાનું ચૈતન્ય લગભગ ગુમાવ્યું છે, કેમ કે એ જડના જ્ઞાનમાત્રમાં રાગ-દ્વેષ ભેળવી જડવત્ બની ગયો છે. વિશેષાવશ્યક ભાષ્યની ટીકામાં આ સ્પષ્ટતા કરી છે કે નયવિશેષના હિસાબે મિથ્યાત્વમાં અટવાતો જીવ અજીવ જેવો છે, આનું કારણ આ જ છે કે રાગ-દ્વેષની આંધળી પરવશતામાં એણે પોતાના સહજ ચૈતન્યને લગભગ નષ્ટ કરી દીધું છે.

એનો પોતાનો સહજ અવાજ કોઈ નથી, રાગ-દ્વેષાદિ જેમ ધુણાવે એમ એ ધૂણે છે, એનું શીખવ્યું બોલે છે. રાગાદિનો અવાજ એ પોતાનો અવાજ !

**વર્ચસ્વ આપણું ! :-**

ભાવ સમજાય છે ? વર્ચસ્વ આપણું કે આપણા શુદ્ધ જ્ઞાનાદિનું નહિ, ! એ હોત તો તો કોરું વસ્તુ-દર્શન કરી ઉદાસીનભાવે તટસ્થભાવે ચાલતી પકડત, જરાય બીજી ત્રીજી અસરમાં ન મુકાત. જરાય વિકૃત ન થાત ! જ્ઞાનની શક્તિ છતાં અજ્ઞાની ન બનત ! એટલે ? એ જ કે વસ્તુ દર્શનમાં એના ઊંડાણ સુધી પહોંચત ! ઉપલકિયું-ઉપલકિયું જોઈ ક્યાંક ફસાઈ ન મરત. ઊંડાણતા અજ્ઞાની ના રહેત. આ આપણું વર્ચસ્વ.

**વર્ચસ્વ રાગાદિનું :-**

પરંતુ રાગદ્વેષના વર્ચસ્વ નીચે કામ કરતા હોવાથી શુદ્ધ જ્ઞાન કરતાં નથી આવડતું. મેલું અને ઉપલકિયું જ્ઞાન કરીએ છીએ, અને આટલામાં જ ફસી મરીએ છીએ ! વસ્તુમાં ઊંડાણ સુધી જોવા જતા નથી, છતી જ્ઞાન-શક્તિએ રાગદ્વેષની પરાધીનતાના કારણે વસ્તુ સ્વરૂપના અજ્ઞાની રહીએ છીએ, ઉપલકિયા જ્ઞાન ઉપર અસર લઈએ, વિકૃત યાને વિકારી બનીએ છીએ પછી એ વિકારની અસર નીચે કાં ઊંધું વેતરણ ઊંધી પ્રવૃત્તિ કરીએ છીએ અગર આગળ ચાલીએ છીએ તો ય જૂની વિકારી દશાને મજબૂત કરીને ! જેથી ભવિષ્યમાં એના પ્રત્યાઘાત વધુ ખરાબ પડે છે ! આમાં ક્યાંય આત્માનું પોતાનું વર્ચસ્વ રહ્યું ? ના, રાગદ્વેષ અને વિકારની અસરોનું વર્ચસ્વ જામ્યું ! સમજાય છે આ બધું ? એક દાખલો લો એથી સમજાશે.

**રાગદ્વેષથી વર્ચસ્વ ગુમાવ્યાનો દાખલો :-**

ધારો કે નજર સામે કોઈ બંગલો આવ્યો, સારો છે એટલે રાગ, આકર્ષણ ઊઠ્યું. 'વાહ કેવો સુંદર !' પછી એની અસર નીચે બંગલાનું અધૂરું જ્ઞાન કરીએ છીએ, ઊંડાણમાં જતા નથી, એ જોવા નથી બેસતા કે દેખાવમાં સારો ભલે





લાગ્યો, એના માલિકને લહેર કરાવનારો લાગ્યો. પરંતુ લહેર કરતાં ચિંતા મોટી કરાવે છે, અવસરે આકુળવ્યાકુળ કરે છે, શોક-ઉદ્વેગ થવામાં મોટું નિમિત્ત બને છે, અનેક જાતના રાગ-દ્વેષાદિ તથા ગર્વ-મદ-જૂઠ-પ્રપંચ વગેરે દોષો સેવરાવે છે. મહાપાપ બંધાવે છે, પરિણામે સંસારમાં વધુ ભટકતો કરી દે છે.' આવું કશું જોયું નહિ. છતી જ્ઞાનશક્તિએ અજ્ઞાનતા રહી, આ એક વર્ચસ્વ ગુમાવ્યું.

બીજું એ ગુમાવ્યું કે ઉપલક્રિયા સારાપણાના ખ્યાલ નીચે ખીલ્યા, હર્ષ થયો, કદાચ એના માલિક પર ઈર્ષ્યા થઈ, પોતાને ન મળ્યો એનો સંતાપ બળતરા થઈ,... આ બધો પોતાના આત્મામાં વિકાર ઊભો કર્યો. પછી કાં તેવો બંગલો મેળવવા યોજના ઘડી એમાં અનેક પ્રપંચ વગેરે કુપ્રવૃત્તિ ઊભી કરી. અથવા પહોંચ નહોતી એટલે કોઈ યોજના વગેરે ન કરતાં આગળ ચાલ્યા, પરંતુ પેલા વિકારની અસર સાથે લીધી અને જીવનો પુદ્ગલનો રંગ મજબૂત કર્યો, રાગ-હર્ષોન્માદ વગેરેની જૂની વિકૃત અવસ્થાને દૃઢ બનાવી ! આવું કરી કરીને આ જીવનમાં એક એવી સત્ત્વહીનતા ઊભી કરી કે પછી જરા જરામાં રાગ-દ્વેષને હર્ષ-ઉદ્વેગમાં ફસાયા; વારંવાર એનાં સ્મરણ, વિચારો વગેરેએ મનનો કબજો લીધો. આ બધું શું છે ? શુદ્ધ આત્માનું વર્ચસ્વ ખત્મ, અને રાગાદિની અસર નીચે તથા અંતે કર્મસત્તાના વર્ચસ્વ નીચે કચરાયેલા રહેવાનું કર્યું. આ એક બંગલાના દર્શનની જેમ બીજા કેઈ દર્શન, કેટલુંય શ્રવણ, તેમજ રસના વગેરે ઈન્દ્રિયોથી કરાતા કેઈ જ્ઞાન પાછળ રાગ-દ્વેષ ને હર્ષ-ઉદ્વેગનાં તોફાન કેટલાં ? વિકારો કેટલા ? અજ્ઞાન કેટલાં ? આ બધું જરા ખ્યાલમાં લાવી જુઓ તો ચોંકી ઊઠશો !

સાથે આ બધી અસરો અને વિકારો લીધાના ભાવી પ્રત્યાઘાત કેવા પડવાના એ પણ વિચારી જુઓ. નાનપણથી છોકરાને માએ રોટલી સાથે એક જરાક ગોળની ટેવ પાડી હોય છે ને તો એથી છોકરામાં ગળ્યા પ્રત્યે રાગ એટલો દૃઢ થયો હોય છે કે પછી તો જાણે ગળ્યું એ ગળ્યું બાકી બધું બળ્યું, ગળ્યાનો લાલચુડો, મેવા મીઠાઈનો લંપટ બની જાય છે. એની પાછળ અવસરે અવિવેક, પ્રપંચ, અનીતિ, જૂઠ, લડાઈ-ક્લેશ-કંકાસ, ઈર્ષ્યા વગેરે કેટલુંય તોફાન ચાલે છે. આ તો અહીંના ખરાબ પ્રત્યાઘાતો, પરંતુ પરલોકમાં એથી ય ખરાબ પરિણામ ! કદાચ ગળ્યાના રસદાર સ્વાદ વખતે પરભવનું આયુષ્ય બંધાઈ ગયું તો કોઈ હલકા તિર્યંચ પશુ વગેરેનો કે કદાચ કીડા મંકોડા યા એકેન્દ્રિયપણાનો જ અવતાર આવીને ઊભો રહે છે. કર્મ જાણે કહે છે 'જાઓ ખંડવાના ઘઉંનો શીરો કે બાસમતીના ચોખાનો દૂધપાક બહુ ગમ્યો ને ? તો જાઓ કોઈ ખેતરમાં પાકરૂપે !'

**કર્મના દુઃખ કરતાં કલ્પનાથી દુઃખ વધારાય છે :-**

જીવનમાં તપાસશો તો દેખાશે કે કર્મે આપ્યા દુઃખ કરતાં આપણી મનઃકલ્પના,

માનસિક ધોરણ અને હૃદય દ્વારા આપણે જ વધારી મૂકેલું દુઃખ ઘણું મોટું બની જાય છે. નોકરે બે દિવસ હડતાલ પાડી. ઘરમાં કામ કરવા નથી આવવાનો તો કર્મે કષ્ટ આવ્યું. પરંતુ હવે એના પર વિકલ્પો ચાલે કે 'હાય ! આ નોકર તે કેવો ? આજકાલના નોકરો કેટલા હરામી થઈ ગયા છે ? આ તે શી રીતે નભે ? છતે પગારે આવું કરે ? લુચ્ચાઓ મનમાં શું સમજતા હશે ? શું મફત બફત કામ કરે છે તે આટલા પજવે ?...' જુઓ કેટલો બધો આવેશ ચઢ્યો છે ? કેટલી બળતરા અનુભવાઈ રહી છે ? શું આ દુઃખ વધાર્યું કે ઓછું કર્યું ? કામ તો કુટુંબના માણસો વહેંચી લેવાના છે, કામ થવાનું જ છે, અટકવાનું નથી. બાકી એમાં જે ઓછી વત્તી તકલીફ પડશે તે ય વેઠવાની તો છે જ. પરંતુ બે દિવસ સુધી વારે વારે નોકરને યાદ કરી કરી માનસિક સંતાપ-બળતરા આવેશમાં દુઃખ જાતે વધારી મૂકવાનું થાય છે.

**ડાહી વિચારણા :-**

ત્યાં જો જરાક એમ વિચારે કે 'હશે, જાતે નભાવી લઈશું. કુટુંબીઓને આ નિયમે થોડું સ્વાશ્રયી બનવાનું થશે. અને નોકર બિચારો ઘણી સેવા આપે છે, આપી છે, સંયોગવશ એય આમ કરે તો આપણે તો દયા જ રાખવાની. આપણી જાતને આપણે મોટા માનીએ છીએ તો મોટાનાં તો દિલ મોટાં હોય, ઉદાર હોય, સહિષ્ણુ અને ખામોશવાળાં હોય તો આપણે તેવા જ બનવાનું.' આવી કોઈ વિચારણા રાખે તો ઊલટું દુઃખ હળવું જઈ જાય. કર્મ જાણે કહેતું હોય કે 'હું તને ઘણું દુઃખ આપું' અને આપણે હોશિયારીથી એના દુઃખના ટકા જ કાપી નાખીએ !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"      વર્ષ-૧૦,અંક-૪૪,તા.૪-૮-૧૯૬૨**

હવે વિચારો પેલી દ્વેષ-આવેશની સ્થિતિ અને આ દયાખામોશની સ્થિતિ, બેમાં કેટલો બધો ફરક પડ્યો ? બહુ ભારે ફરક ને ? હવે તપાસો કે એ તફાવત કોણે પાડ્યો. કહેશો માનસિક ધોરણ જુદાં હતાં એટલે ભેદ પડ્યો પરંતુ પ્રશ્ન તો આ છે કે એ મનનાં ધોરણમાં તફાવત પાડનાર કોણ ?

**દ્વેષ-આવેશ કે દયાખામોશ શાના લીધે :-**

અહીં આપણી રાગદ્વેષના પ્રત્યાઘાતની વાત આવીને ઊભી રહે છે. પૂર્વે બહુ બહુ સેવેલા રાગદ્વેષ અને હર્ષશોકે ઉત્તરોત્તર એવી અસરો આત્મા પર નાખી છે કે એ અસરોના પ્રત્યાઘાત આવા આવા પ્રસંગે પડ્યા વિના રહેતા નથી, નોકર પ્રત્યે એટલો બધો દ્વેષ, આવેશ, સંતાપ કોણે કરાવ્યા ? સંયોગનું બહાનું કાઢશો નહિ, કેમ કે એના એ જ સંયોગમાં દ્વેષ વગેરેને બદલે ખામોશ, ઉદારતા, પ્રેમ,



અને શાન્તિ રાખનારા ય હોય છે ને ? બોલો છો ખરા કે 'શું કરીએ ? દ્વેષ ને સંતાપ કરવો થોડો જ ગમે છે ? પણ નોકર એવું કરે ત્યાં શું થાય ?' પણ આ માત્ર બોલવાનું છે, વસ્તુસ્થિતિ જુદી છે. પૂર્વે બહુવાર, હજારોવાર રાગદ્વેષના અભ્યાસ કર્યા છે, તેથી એની જે અસરો પડી છે, સંસ્કાર દઢ થયા છે એના આ પ્રત્યાઘાત છે કે ધોરણ જ ઊંધાં ! પ્રસંગ પર રાગદ્વેષ ને હર્ષશોકની અસર નીચે વર્તાય છે.

**પ્ર.-** તો તો પછી હવે અમારે સુધરવું હોય તો શેં સુધરાય ? કેમ કે પેલી અસરોના પ્રત્યાઘાત તો પડતા રહેવાના !

ઉ.- સુધરવું હોય તો જરૂર અવકાશ છે, ઉપાય છે, પરંતુ પહેલાં એ તો કહો કે પૂછવા ખાતર પૂછો છો કે સુધરવાની તાલાવેલી જાગી છે ખરી ? જુઓ ઢોંગ નહિ કરતા, અંદર દિલને પૂછી જો જો કે,

- પ્રત્યાઘાત એટલે રાગદ્વેષનાં પુનરાવર્તન પસંદ નથી ને ?
- ન કરવાં પડે તો સારું એમ લાગે છે ?
- આ રાગદ્વેષ કે હર્ષશોક જરાય કરવા જેવા નથી, ઝેરી છે, વિટંબણા છે, આવું બધું લાગે છે ખરું ને ? જો લાગતું હશે તો તો સુધરવાની ઈચ્છા સાચી ગણાશે. શબ્દે શબ્દ તોલજો,

'રાગ-દ્વેષ અને હર્ષશોક 'ઝેર' છે, અમૃત નથી, શા માટે ઝેર વારેવારે ખાયા કરું ? 'એમ' રાગદ્વેષ અને હર્ષશોક 'વિટંબણા' છે, સ્વસ્થતા નથી, ટાઢક નથી, તો શા સારું એવી વિટંબણા વારંવાર ભોગવ્યા કરું ?' આ યાદ આવ્યા કરવું જોઈએ.

**પ્રત્યાઘાત નિવારવાનો ઉપાય :-**

દિલને જો લાગતું હોય કે 'વાત સાચી છે, રાગદ્વેષના સંસ્કારોની અસર પડવાથી જીવનના અનેક પ્રસંગો ક્લેશમય બની જાય છે, તેથી એવી અસરો ન પડે તો બહુ સારું,' તો એનો ઉપાય છે. ઉપાય આ, કે કર્મ અને વાસનાના ઉદયને આત્મવીર્યની સહાય ન દો. મનોયોગ, વચનયોગ કે કાયયોગની કોઈ સહાય ન આપો.

એટલે શું ? આ, કે કર્મનો કાળ પાકે એટલે એટલે એ ઉદયમાં આવે છે. એમ, વાસના, સંસ્કારને જગાડનારું નિમિત્ત મળે અટલે એ જાગ્રત થઈ જાય છે. એનું ફળ,-અંતરમાં ધુંધવામણ, ઊંચા નીચા થવાનું ઊભું થઈ જાય છે. પણ આ તો અંદરખાને થવાની વાત થઈ. હવે જીવ પછી એના ઉપર મનોયોગથી ખોટા વિચારો કરવા લાગે છે, ને વચનયોગની મદદથી ગમે તેમ બોલવા માંડે છે, આગળ વધીને કાયયોગની સહાયથી ભમર ચઢાવવા લાગે છે. આ વિચાર-વાણી-વર્તાવ કરાવનારા મન-વચન-કાયાના યોગ પણ કર્મને આધીન છે એમ કહેતા નહિ.

કેટલાકો કહે છે 'શું કરીએ ? અમારાં કર્મ એવાં છે અટલે એવા વિચારો આવે છે, એવી ભાષા બોલાઈ જાય છે, એવો વર્તાવ થઈ જાય છે કર્મ હોય તેવા જ વિચાર-વાણી-વર્તાવ થાય ને ?'

**કર્મ ક્યાં સુધી કારણ ? :-**

પણ આ સમજણ યોગ્ય નથી; કેમ કે કર્મે તો અંદર ધુંધવામણ ઊભી કરી એટલું જ, અંદરમાં ઊંચા-નીચા કર્યા એટલું જ, પછી જીવ પોતાનું વીર્ય સ્ફુરાયમાન કરે છે અને એની સહાયથી મન, વાણી કે કાયાની ક્રિયા ઊભી થાય છે; એનું જ નામ મનોયોગ-વચનયોગ-કાયયોગ, એ જ વિચાર-વાણી-વર્તાવ આ વીર્ય જીવનો સ્વભાવિક ગુણ છે. કર્મનાં આવરણ દૂર થવાથી તેટલા તેટલા પ્રમાણમાં વીર્ય-શક્તિ પ્રગટ થાય છે પછી જ્યારે જ્યારે જીવ એને સ્ફુરાયમાન કરે ત્યારે ત્યારે એ વીર્યપુદ્‌ગલના સહાયથી યોગ રૂપે કાર્યકર બને છે. વીર્યના બળ ઉપર મનના પુદ્‌ગલના સહારાથી વિચાર કરતો, ભાષા પુદ્‌ગલના સહકારથી બોલતો, અને કાયા-ઇન્દ્રિયો-ગાત્ર વગેરેના ટેકાથી વર્તાવ કરતો બને છે. પણ ત્યાં મૂળમાં જીવની પોતાની મનસૂફીની વાત થઈ. પોતાનું વીર્ય મન-વચન-કાયાના પુદ્‌ગલમાં જો જોડે તો જ વિચાર-વાણી-વર્તાવ પ્રવર્તે.

નિર્ધાર કરો કે મારે પુદ્‌ગલને વીર્યની સહાય નથી કરવી, તો પેલા કર્મનો બળાત્કાર નથી કે અયોગ્ય પ્રવૃત્તિ કરાવે; તેમ એકલા પુદ્‌ગલનું કાંઈ ગજું નથી કે સીધા વિચારરૂપે બની જાય, ભાષણરૂપે નીકળવા માંડે, કે વર્તાવરૂપે ચાલુ થઈ જાય. બનતું હોય તો તો મડદામાં એ બધું બનવા જ લાગે ને ? પરંતુ ત્યાં જીવ નથી, એટલે એનું વીર્ય સ્ફુરાયમાન નથી, તેથી એકલું પુદ્‌ગલ એમ ને એમ પડી રહે છે. એમ ઊંઘમાં જીવ તો છે, પરંતુ એ નિદ્રા-દર્શનાવરણ કર્મના ઉદયથી ઘેરાયેલો છે, તેથી વીર્ય ફોરવી શકતો નથી, એટલે પણ પુદ્‌ગલ બિચારા એમને એમ પડી રહે છે. એટલે વાત આ છે કે તમે તમારું વીર્ય સ્ફુરાયમાન કરો પછી જ વિચાર-વાણી-વર્તાવ પ્રવર્તવા માંડે.

**મોહનીય કર્મના ઉદયને નિષ્ફળ કરી શકાય :-**

હવે જુઓ કષાય-મોહનીય કર્મે અંદરખાને તમને ઊંચાનીચ કર્યા, સળવળાટ કર્યો. એમ રાગદ્વેષની વાસના નિમિત્તવાળી જાગ્રત્ થઈ, એથી અંતરમાં ધુંધવામણ ઊભી થઈ, પરંતુ હવે જો આત્મવીર્ય ન સ્ફુરવા દો, વીર્યની સહાયથી કૂદતા મન-વચન-કાયાના યોગને પ્રવર્તવા ન દો, અર્થાત્ તેવા વિચાર-વાણી-વર્તાવ પ્રવર્તવા દો નહિ, તો કર્મના ઉદયની પેલી અંદરની ધુંધવામણ સફળ નહિ થાય, નિષ્ફળ જશે. સફળ નહિ થવાથી કર્મ ખલાસ થતાં કે વાસના મોળી પડતાં ઘસારે પડતાં, ધુંધવામણ ઓછી થઈ જશે. એ તો ધુંધવામણને અનુકૂળ અનુકૂળ વિચારો કર્યે



જાઓ છો એટલે પછી એનું પૂંછડું લાંબું ચાલે છે, ભાષામાં અને કાયિક પ્રવૃત્તિઓમાં ઊતરે છે, મોંની રેખાઓ બગડે છે, આંખ ઊંચી થઈ જાય છે, શરીર ધમધમે છે, કંપે છે, કદાચ લાત, પ્રહાર વગેરે સુધી પણ પહોંચી જાય છે. પરંતુ બધું મૂળમાં આત્મવીર્યની સહાયથી ! માટે જો નિર્ધાર કરો કે કષાય-રાગદ્વેષ ઉપર એને પોષતા લાંબા લાંબા વિચાર નથી કરવા, એને અનુકૂળ શબ્દો નથી બોલવા, મોં નથી બગાડવું, તો રાગદ્વેષની અસરોના પ્રત્યાઘાત તેવા નહિ પડે. આમાં કદાચ એમ પણ બને કે એ રોક્યા રોકાતા નથી, તો બીજો ઉપાય એ, કે એની સામે બીજા જ સદ્‌વિચાર વગેરેનું વીર્ય સ્ફુરાયમાન કરવું પડે.

હીરો હીરાને કાપે; કાંટો કાંટાને કાઢે; એમ સદ્‌વિચાર-સદ્‌વાણી-સદ્‌વર્તાવ એ મલિન વિચાર-વાણી-વર્તાવને અટકાવી પૂર્વની કુવાસનાઓને કાપે છે.

**કર્મના ઉદયને વીર્યની સહાય ન દેવી એટલે ? :-**

આ રીતે, સમજાશે કે, પૂર્વે સેવેલા રાગદ્વેષના પ્રત્યાઘાતને નિર્બળ કરી શકાય છે. એની બહુ વાસના અને અસરો હોવાથી એ અંતરમાં રાગદ્વેષ-હર્ષશોકની ધુંધવામણ કરે એટલું જ, પણ આત્મવીર્યની સહાય ન દેવાથી અર્થાત્ એને મળતા વિચારો ન લંબાવવાથી, તેમ વાણી-વર્તાવ ન કરવાથી એનું બહુ ઊપજતું નથી. વીર્યની સહાય ન દેવી એટલે કે અસત્ વીર્ય સ્ફુરવા ન દેવું. એ માટે સત્ વીર્ય ફોરવવાની જરૂર પડે. જેમ કે, 'મને ભલે અંતરમાં ગુસ્સો ઊઠ્યો છે, પરંતુ તેથી હવે સામા પ્રત્યે દ્વેષના, કે સામાની હલકાઈના વિચારો હું કરવાનો નથી; એમ, મારી નુકસાનીના ઉદ્વેગના કે નષ્ટ વસ્તુના રાગના વિચારો નહિ જ કરું. તો ગુસ્સાની મુદ્રા કે બોલવાનું ય શા માટે કરું ?' આવા પ્રકારની નિવૃત્તિનું વીર્ય સ્ફુરાયમાન રાખવું પડે. પ્રવૃત્તિની જેમ નિવૃત્તિનું પણ વીર્ય છે. આ કરવાથી રાગદ્વેષાદિના સંસ્કાર નિર્બળ બને છે.

આપણી વાત એ ચાલતી હતી કે જ્ઞાન રાગદ્વેષના તપારાવાળું, રાગદ્વેષ-હર્ષશોકના ડહોળા કે મેલવાળું, શું સારું છે ? ના, ત્યારે શું એવું જ્ઞાન ગમે ? સુબુદ્ધ હોય એને ન જ ગમે. કેમ ? કારણ કે એવા જ્ઞાનના એ રાગદ્વેષ-હર્ષશોકાદિની મુખ્યતા થઈ જાય છે, એથી શુદ્ધ ચૈતન્યને બદલે જડતા સ્ફુરાયમાન રહે છે. એટલે જ જીવ ચેતન છતાં જડ જેવો બની જાય છે. શુદ્ધ સ્વતંત્ર આત્મસ્વભાવ અર્થાત ચેતન તરીકેનું વૈશિષ્ટ્ય ત્યાં લુપ્તપ્રાય રહે છે. એને તો રાગદ્વેષાદિ અને કર્મના વર્ચસ્વ નીચે કચરાયેલા રહેવાનું, એ વર્તાવે એમ વર્તવાનું ! કાળી પરાધીનતા ! ઓછા જુલ્મ છે આ ? હજીય ક્યાં સુધી આ ચલાવ્યે રાખવું છે ? આ ખૂબ યાદ કર્યા કરો કે રાગદ્વેષ અને હર્ષશોકના પ્રત્યાઘાત મહાભયંકર છે, માટે એના પર અંકુશ જરૂરી છે.